કીસમતનો ફેર.

A. D. K.

કીસમતનો કેહેર

અને

ચમત્કારીક ભેદ!

(પારસી સંસારની એક વીચીત્ર વાર્તા.)

રચનાર—*A. D. K.*

"રેદ હાઊસ"ના કર્તા.

છપાવી પ્રકટ કરનાર,

મેહેર દાવરની કું૦

માપલા બીલડીંગ, બોરા બજાર, કોટ, મુંબઈ.

મુંબઈ:

જમશેદજી નસરવાનજી પીતીત પારસી ઑરફનેજ

કૅપતન પ્રીંટીંગ વર્કસ.

૧૯૦૦.

કીંમત રૂ. ૧॥.

પીટીટ ખાનદાન

પોતાના બુઝોરગ મુરબ્બી

સખીવજુદ શેઠ

સર દીનશાહ માણેકજી પીટીટ બેરોનેટ સાહેબ

ને શુભ પગલે ચાલી

પારસી સાહીત્ય અને પારસી લેખકોને

સદા મદદ કરેછે

તે ભલાં અને સખી ખાનદાનના એક નબીરા

શેઠ જેહાંગીર બહમનજી દીનશાહ પીટીટને

લાયક લેખકોને ઘટતું ઉત્તેજન આપવાની

તેમની ઉલટભરી અને સ્તુતીપાત્ર કાળજીના

હેસાનમંદ આભારમાં

આ અદના પુસ્તક

મોહટાં માન સહિત અર્પણ કરૂંછું.

A. D. K.

સાંકળ્યું.

કીસમતનો કેહેર

અને

ચમત્કારીક ભેદ!

પ્રકરણ ૧ લું.

શરૂઆત.

Within this awful volume lies
The Mystery of mysteries.—*Sir W. Scott.*

"કેમ દીકરા એરચ, પેલી દરબીની સોરતીનું શું પરીણામ આવ્યું? આજના ન્યુસમાં તે વીષે તેં કાંઇ વાંચ્યું કે?"

"હજુર કાંઇ બરાબર વીગતવાર બીના પ્રગટ થઇ નથી, બાવાજી."

ઉપલું બોલનાર કોઈ બે શખસ હતા. તેઓ માંહેલા એક ઉમરે પુગેલા પારસી શેઠયા હતા, જ્યારે બીજો એક ગબરૂ નૌજુવાન હતો.

આપણી વાર્તાનો પહેલવેહેલો દેખાવ વાલકેશ્વર ખાતે શરૂ થાયછે.

વખત સમી સાંજનો હતો. દુન્યાને રોશનીનો બખશનાર આફતાબ જાણે આખા દહાડાની રંજથી થાકી ગયો હોય તેમ આકાશમાં આથમતી વખતે ધીમે ધીમે મુસાફરી કરતો નઝરે પડતો હતો, અને પોતાના ગુંબજમાંથી થઇને કોઈ વળી બીજી દુન્યાને પોતાના ઝલકાતના તેજથી પ્રકાશીત કરવાની તૈયારી કરતો હતો. ઝાડના પાંદડાં આખો દીવસ હાળી રહીને હવે જાણે કે સુર્યની ગેરહાજરીમાં ગમ ખાતાં હોય તેમ ઝુમી પડયાં હતાં. પક્ષીઓ પોતપોતાનાં સુંદર માળામાં જવાની પુર ઉલટમાં આમતેમ ઉડાઉડ કરી રહ્યાં હતાં. પશ્ચીમ તરફની હંમેશની ઠંડી લેહેકી ફુંકવી શરૂ થઇ હતી, અને તેવી ખુશનુમાં હવા ધોરવાની ઇચ્છાથી ઘણાઓ વાલકેશ્વરને દરયે કીનારે ફરવા ઉતરી પડયા હતા. તેઓમાં તે તરફનાં પારસી શેઠયાઓમાં જાણીતા થયલા શેઠ રૂસતીમશાહ હીરામાનેક પણ કીનારેના એકાદ બાંકપર એક જવાન શખસ સાથે વાતો કરતા બેઠા હતા જે આપણે આ પ્રકરણની શરૂઆતમાં જોઇ આવ્યા.

"પણ બાવાજી, હું તમોને એક બાબદ સંબંધી ખુલાસો પુછવા માંગુંછું. સોરતીની વાત હાલ તુરત બાજુએ રાખો, અને મારા સવાલનો મેહેરબાનીની રાહે ખાતરીપુર્વક જવાબ આપી મારા મનની ભ્રાંતી દુર કરો તો સારૂં."

"વળી આજે એ શું. વારૂ ચાલ બોલ, તું શું કેહેવા માંગેછ?"

"તમે મારી આગળ વારંવાર બોલતા હતા કે તું કાંઇ મારૂં ખરૂં ફરઝંદ નથી, પણ તું તો મારો કરી લીધેલો બેટો છે. પણ ત્યારે મારાં ખરાં માબાપ કોણ હતાં તે વીષે હું જ્યારેબી તમુને પુછતો હતો ત્યારે તમે મને ઉડાવ્યાજ કરતા હતા. તેટલા માટે હવે

હું તમારી પાસે એટલુંજ માંગું છું કે મને હવે વધુવાર ના ઉડાવો."

"મારેથી તે વાત તુંને હમણાં કેહેવાએ નહીં, એરચ."

"પણ તેનું કાંઇ કારણ?" એરચે પુછ્યું.

"તેનું કારણ એજ કે તું જ્યારે બરાબર ૨૩ વરસનો થાય ત્યારેજ જેટલી વીગત હું જાણું છું તેથી તુંને વાકેફ કરવો એવા મને સોગંદ મળ્યા છે. તોપણ જેટલું હું જાણુંછું તેથી કંઇ એ બાબદપર જાણવા જોગ અજવાળું પડનાર નથી. હજુર તો તુંને આવતા મારેસપંદ રોજે ૨૨ મું વરસ ઉગશે, જેથી કરીને હવે બાકીનો વખત ગયા બાદ સઘળી વાતનો ખુલાસો થઇ શકશે.

"પણ બાવાજી, એવા કફોડા સોગંદ તમુને કોણે આપ્યા, અને તેવા સોગંદ લેવાની કાંઇ જરૂર?"

"કોઇ પણ ચોક્કસ શખસની રૂબરૂ એવા સોગંદ મને લેવા પડયા નથી. પણ એક ચોક્કસ દસતાવેજ મારફતે તે મને મળ્યા છે." રૂસતીમશાહે ખુલાસો કર્યો.

"ત્યારે શું તે ભેદ તમે મને હમણાં તો નહીંજ કેહેવાના કે?" એરચે નીરાશ થઇ પુછ્યું.

"નહી દીકરા, તે હમણા તો નહીંજ કેહેવાએ." રૂસતીમશાહ મકમપણે બોલ્યા.

"ત્યારે તો જેમ તમારી મરજી," એરચ બોલ્યો, "પણ ચાલો હવે ઘરે જઇએ. પેસી, શીરીન, આપણી વાત જોતાં હોશે."

એટલું બોલી એરચ રૂસતીમશાહ સાથે હાથમાં હાથ ભેરવી એક ભપકાદાર બ્રુમ નજદીક આવ્યો, અને બંને જણ પોતાને બંગલે ઉપડી ગયા.

"કાંએ બાવાજી, એટલું મોડું કેમ થયું?" એરચની સાથે રૂસતીમશાહ જેવા દીવાનખાનામાં દાખલ થયા કે એક નૌજુવાન નાજનીને ઉપર મુજબનો સવાલ કર્યો. તે કોઇજ નહીં પણ રૂસતીમશાહની બેટી શીરીન. વાત દરમ્યાન શીરીન વીશેનો જે ઇસારો એરચે કર્યો હતો તે એજ શીરીન.

"ઘણું મોડું થયું નથી, દીકરી," રૂસતીમશાહ મમતાથી બોલ્યા, "પણ ચાલ હવે રતનફુઇને કહીને જમવાનું તૈયાર કરાવો. નવલાને કેહ કે હવે તેબલ બીછાવે. પણ વારૂં પેસી આવ્યો કે?" રૂસતીમશાહે પુછ્યું.

"હા બાવાજી, એ ત્યારનો આયોછ." શીરીને જવાબ દીધો.

"ચાલો તારે તો ઠીક થયું." એટલું બોલી રૂસતીમશાહ તેમજ એરચ પોતપોતાનો પોશાક બદલી જમવાના ઓરડામાં ગયા.

રૂસતીમશાહની આગળી તેમજ હમણાંની કારકીરદીનું કાંઇક બ્યાન આ જગ્યાએ આપેલું પ્રસંગોપાત થઇ પડશે.

રૂસતીમશાહના વડીલો અસલવારેના માતબર પારસી વેપારીઓમાં મોટા મરતબો ધરાવી ગયા હતા. પૈસા ટકાની બાબદમાં પુરા તાળેવંત હોઇને સખાવત કરવાના પુન્યવાન કામ પાછળ તેઓ સારી જેવી રકમો આપતા રહ્યા હતા, અને તેમ કરીને પોતાની કોમ વચ્ચે તેઓ સારી ઇજત ભોગવી ગયા હતા. હીંદુસ્થાનનાં ઘણાંક મુખ્ય શેહેરોમાં તેઓ મોટી મોટી વેપારી પેહેડીઓ સ્થાપી ગયા હતા, અને સઘળા ઊંચ દેશી વેપારીઓ ઉપરાંત ચહડતી પંકતીના યુરોપીઅન વેપારીઓમાંબી તેઓ બહુ માનભર્યો દરજ્જો ભોગવી ગયા હતા. અને તેવો દરજ્જો આજની ઘડી સુધી જાળવી રાખવાને તેઓના હાલના વારેસ રૂસતીમશાહ શેઠ શકતીવાન નીવડયા હતા. રૂસતીમશાહના બેહેસ્તી બાવા નાદરશાહ તેમના પાછળ બે દીકરા અને બે દીકરી મેળી મરણ પામ્યા હતા. એઓમાં રૂસતીમશાહ વડા હતા. નાનો ભાઇ જમશેદ આજ વરસો થયાં બાપીકો બંગલો છોડી ગયો હતો. ઘણું ખરૂં બનેછે તેમ લગ્ન સંબંધી ખટપટને લીધે આવું પરીણામ આવ્યું હતું. નાદીરશાહની મરજી જમશેદને તેની ફુઇની એક દીકરી નામે આલાંમાએ સાથે પરણાવ-

વાની હતી. હવે જમશેદને એ ગોઠવણ પસંદ હતી નહીં. તે પોતાની મરજીની બાનું સાથે જોડાવા ઈછતો હતો. નાદીરશાહ આથી ઘણા રીસે ભરાયા, બાપ દીકરા વચ્ચે જબરૂં કચ-ડાયું અને સેવટે જમશેદ બંગલો છોડી ગયો. નાદીરશાહને આથી ઘણો સંતાપ ઉપજવા સાથે તેમના બેહેન વીરબાઇજીનેબી જબરૂં દુઃખ લાગ્યું, અને આલાંમાયને એકાદ બીજા ધન્યવાન વેપારીના દીકરા જોડે પરણાવી. જમ-શેદે તેના હાથની માંગણી ના પાડી તેથી આલાંમાએ તેને ઘણો ધીક્કારતી હતી. જમ-શેદના બંગલો છોડી જવા પછી નાદરશાહ ગુજર પામ્યા, અને તેમની બોહલી માલ મીલકતના વારેસ હાલના રૂસતીમશાહ થયા. રૂસતીમશાહે પોતાના ભાઇનો પત્તો મેળવવા માટે ઘણી શોધ કરી, પણ તેમનું આજ સુધી કાંઇ વળ્યું ન હતું. ત્રીસ વરસની વયે રૂસતીમશાહ, નવરોજી ચીનાઇ નામના એક વેપારીની દીકરી નામે નાજાંમાએ સાથે પરણ્યા હતા. બે વરસ પછી તેમનાં વડાં બેહેન સુનામાએ મરણ પામ્યાં હતાં, તેમને પેટે માત્ર એકજ ફરઝંદની વૃદ્ધી થઇ હતી જેનું નામ પેસી હતું. અને તેને તેઓએ લાડમાંને લાડમાં ઉધાર્યો હતો. પોતાની માના મરણ પછી પેસીને પોતાના માસી રતનબાઇ ને આશરે જવું પડયું હતું, જેમણે તેને વધારે લાડ લડાવ્યો. પણ બીજાં ત્રણ વરસ પસાર થયા બાદ કમનસીબે રતનબાઇના ખાવંદને એકાએક માથે લોહી ચહડી જવાથી તેમણે ઝટ પ્રાણ છોડયો એટલે રૂસતીમશાહની ખા-હેશથી તેઓ પેસીને લઇને પોતાના બાપીકે બંગલે રેહેવા આવ્યાં હતાં. રતનબાઇને હવેથી આપણે રતનફુઇને નામે ઓળખીશું.

[illegible]સતીમશાહની પરણેલી જીંદગી સઘળી [illegible] જોકે સુખી નીવડી હતી, તોપણ એક [illegible]મદની ન્યુન્તાને લીધે તેઓએ તે સુખ પુરણ માન્યું નહીં. તે ન્યુન્તા ફરઝંદના [illegible]ખ સંબંધી હતી. નાજાંમાએ સાથે લગન [illegible]ને પાંચ વરસની લાંબી મુદત પસાર થવા પામી યાને રૂસતીમશાહની ઉમર લગભગ જ્યારે ૩૫ વરસની થવા આવી હતી તોપણ તેમને ત્યાં એક પણ ફરઝંદની પ્રાપ્તી થઇ ન હતી, અને તે સબબથી તેઓ પોતાને પુરા સુખી માનતા હતા નહીં.

એક દીવસ તેઓ એકલા પોતાની ગાડીમાં બેસી ચેનીરોડને દરીયે કાંઠે સહવારને પોહર ફરવા ગયા હતા. તેમને ચાલવાનો બહુ શોખ હતો, તેટલા માટે પોતાની ગાડી રસ્તે ઉભી રખાવી દરયે કીનારે ખુશનુમા હવા ધોરતા હતા, અને કોઇ કોઇ વખત તો ધ્યાનમાં ને ધ્યાનમાં કીનારેના એકાદ પથરપર લાંબો વખત બેસી રહી ખુદરતી રચનાપર ઘોર કરતા હતા. જે વખતે રૂસતીમશાહ એકલા ફરવા ગયા હતા એવું જે આપણે હમણાં જોઇ ગયા તે વખત બહુજ રળીયામણો હતો. રાબેતા મુજબ તેઓ એક બે માઇલ ચાલ્યા પછી એકાદ પથ્થર પર બેઠા, અને ફરઝંદની વૃદ્ધી સંબંધી પોતાની કમ ભાગ્ય હાલતપર બલાપો કરવા લાગ્યા, અને ખોદાતાલાએ તેમને આટલું બધું સુખ આપ્યા છતાં માત્ર એક ફરઝંદના સુખથી શું કામ મોહતાજમંદ રાખ્યા હશે તે વીશે વીચાર કરવા લાગ્યા. વીચારમાં અને વીચારમાં વખત પસાર થઇ ગયો તેનું પણ તેમને ભાન રહ્યું નહીં. આખરે જ્યારે તેઓ પથ્થર પરથી ઉઠી પોતાની ગાડી તરફ જવાનું કરતા હતા તેવામાં તો એક ફાટે તુટે હાલની સ્ત્રી તેના હાથમાં વરસ એકની ઉમરના એક બાળક સાથે તેમની સામે કાંઇ મદદ માંગતી આવી ઉભી, અને બે પળમાં તો રૂસતીમ-શાહની ભારે અજાયબી વચ્ચે તે કીનારેની રેતીપર ફસડાઇ પડી અને ધીમે સાદે રડવા લાગી! આવો દેખાવ જોઇ રૂસતીમશાહ તો અચરત થઇને પથ્થર પર બેસીજ રહયા, અને તે સ્ત્રીની અજબ જેવી વર્તણુકનો ભેદ તેઓ સમજી શક્યા નહીં.

"કાંએ બાઇ, તું શું કામ રડે છે?" આખરે તેઓએ તેને નરમાશથી પુછ્યું.

તેમના આ સવાલે તેને ઠીક સધ્યારો આપ્યો, અને તે રડતી બંધ પડી.

"શેઠ સાહેબ," તે પોતાની આંખ લુંછી નાખતાં બોલી, "મારો હેવાલ પુછો તો મને પુશકળ હાડમારી ખમવી પડીછ."

"પણ તારા હાથમાં આ સુંદર બાળક કોણનું છે ?" રૂસતીમશાહે પુછયું.

"એ નાવારેસ બાળકને લીધેજ હું મારી હાલની હાલતે પોહચી છું. એને સાથે લેઇને હું લગભગ એક વરસ સુધી ફરીછ પણ હજુર સુધી એનું કોઇબી સગુંવાહલું મલી નથી આયું.

"ત્યારે એ બાળક તુંને પેહેલવેહેલું કયારે અને કયાંથી મળી આવ્યું ?"

"એ એક કાહણીની વાત છે ને તે હું તમુને ટુંકમાં સમજાઉંછ." તે બોલવા લાગી "મારૂં ઘરબાર રાવલપીંડી ખાતે હતું. એક દીવસ રાતને વખતે જ્યારે હું મારા ઘરમાં એકલી બેઠી હતી, તેવામાં એક અજાણી બૈરી મારા ઘરમાં એકાએક દાખલ થઇ, ને મારા પગ નજદીક આ બાલકને મુકયું. જે દેખાવ જોઇ હું તો હેબતાઇજ ગઈ; કારણકે એ બાલક તે વખતે ઉમરે બહુ થોડા દીવસનું માલમ પડતું હતું. તે બૈરીની આવી નહીં સમજ પડે એવી ચાલ વીષેનો મેં તેને તરત ખુલાસો પુછયો, ને મારા જેવીના ઘરમાં તેવી હાલતમાં એ બાલક લાવી મુકવાનું કારણ માંગ્યું. તે બાઇએ આ ઉપરથી કહ્યું કે આ બાલકને લેઇ તું રાવલપીંડી અત્તરઘરી છોરી જા, ને પછી મારા હાથમાં એક સારી જેવી રકમ સેરવી દીધી, ને વધારે એમ બોલી કે તું ફરીથી રાવલપીંડી આવતી ના. તેનું આવું અચરત ઉપજાવનારૂં બોલવાનું સાંભળીને હું તો ગાભરીજ પડી ગેઇ. પણ તે બાઇએ તો મારી પાસે તરતજ જે તે જવાબ માંગ્યો. પણ તે વખતે હું એટલી બધીતો ગાફેલ બની ગેઇ હતી કે થોડીક પળ સુધી તો મેં તે બાલક તરફથી બાઇ તરફ અને બાઇ તરફથી બાલક તરફ જોયા કીધું, હું ભારે અંદેશામાં પડી ને શું કરવું તે મને સુજ્યુંજ નહીં. મારી આવી હાલત જોઇ તે બાઇ મને ધીરજવંતા સખુનમાં કેહેવા લાગી કે કંઈ નહીં તું બીહ ના. ને પછી વળી પોતાની આગલી માંગની વીશેની મને યાદ આપી ને રડવા લાગી ને ઘણુંજ દયામનું મોહતું કીધું, તે જોઇ મારી શુધ ઉઘડી. હું કયાં ને કેવી હાલત વચ્ચે હતી તેનું મને ભાન આવ્યું. ને કંઈબી આગલો પાછલો વીચાર કરયા વગર મેં તે બાઈની માંગણી કબુલ કીધી ! પછી તો તે ઘણી ખુશી થયલી દેખાઇ ને મને ફરીથી કહ્યું કે કે તું પાછી રાવલપીંડી આવતીજ ના. વળી તે એમ બોલી કે આ બાલકના ભરનપોશણ માટે તુંને જો પૈસાની વધુ જરૂર પડે તો રાવલપીંડીની પોસ્ત આફીસમાં ફ. ક. ને લખ્યાથી જોઇતી મદદ તુરત મળશે. ને જતી વખતે તે મને એક કાગજ્યું આપતી ગઇ જે તેના ગીયા પછી મારે વાંચવું. ને આગલ ચાલતાં તેજ પ્રમાણે ચાલવું એવું વચન તે મારી પાસથી લેતી ગેઇ. ત્યાર પછી તે મારૂં મકાન છોડી ગઈ, શું કરવું ને આવી હાલત વચ્ચે કયાં જવું તેની મને સમજ પડી નહીં. મેં ચાહ્યું કે તે બાઇને પાછી બોલાવું ને તેનું બાલક તેને પાછું સોંપી દેઉં, પણ હું બાહર જઇ જોવા જાઉંછ તો અંધારામાં કોણ જાણે તે કયાં ગેપ થઇ ગેઇ તેની મને ખબર પડી નહીં. મેં હવે જોઈ લીધું કે આ મેં ભયંકર ભુલ કીધી હતી, કશી પણ પુછપરછ કરયા વગર તે બાળકને મારે હવાલે લીધું હતું. તે પેલી બાઇનુંજ હતું કે કોઇ બીજાનું હતું તે વ-ટીક પુછવાની મેં દરકાર રાખી નહીં, તે માટે હું બહુ પસ્તાઇ, પણ તે વખતે હું પુછું કયાંથી ? તે બાઇએ મને પોતાના બોલવાથી એવી તો ગભરાવી નાખી હતી કે હું તો બેફામજ થઇ ગેઇ હતી, અને તેવી બેફામીમાંજ તેની ગમે તેવી અણઘટતી માંગણી પણ હું કબુલ કરી બેઠી હતી. મેં એટલે સુધી ગફલત ખાધી હતી કે તે બાઇનું ઠેકાણું

વટીક મારીથી પુછી નહી લેવાયું. તે માત્ર ફ. ક. કરીને પોતાનું ઠેકાણું આપી ગેઈ હતી. પણ એટલા બે વગર સમજના બોલ પરથી હું તેનું નામ નીશાન જાણીજ કેમ શકું? પણ હવે એ તો જે વાત બની તે બની, તેપર અફસોસ કરવામાં મેં સાર જોયો નહી. મારો ખાવંદ કેટલાંક વરસનો મરણ પામેલો હોવાથી, ને મારે પેટે કંઇબી ફરઝંદ ન હોવાને લીધે હું ઘેરમાં એકલીજ રેહેતી હતી, ને લોકને ત્યાં કામ કરી માંરૂ ગુજરાન ચલાવતી હતી. ખોદાની મેહેરબાનીથી મારે ત્યાં આ નધારેલું બાલક આવેલું જોઇ, મેં તેની સાથે તેજ શેહેરમાં રેહેવાનો ઠેરાવ કીધો. પણ તરતના જનમેલાં બાલકને જોઇ મારા વીશે લોકમાં હજાર ચકચાર જાગે ને વલી પેલી બાઇને આપેલું વચન તોરવું પરે તેથી કરીને મારો વીચાર ફેરવવાની મને દુઃખદાયક ફરજ પડી. મારૂં ચીત જરા ઠેકાણે આવતાં મેં તે બાલક તરફ જોયું. તે એક ખુબસુરત છોકરો હતો, ને તેને એક ઉંચી રેશમી શાલમાં વીંતાલેલું હતું. તેનો અતી સુંદર ચેહેરો જોઇ હું મનમાં બરાપો કરવા લાગી કે કોણ એવાં કમબખત માબાપ હોશે કે આવો બેટો પારકે હાથ મેલી જાએ! ને મને તે બાઇની ચાલપર પછીથી જબરો ધીક્કાર છુટયો. મેં એ બાલકને એક હેતવંતી ચુમી લીધી કે એ બીચારાંએ પોતાની બલુ આંખ ઉંગાડી, ને ધીમે સાદે રડવા માંડયું. મેં એને મારા હાથમાં લઈ મારી છાતી સાથ ચાંપ્યું ને એનાં શરીરની બારીકીથી તપાસ લેતાં મને માલમ પડયું કે તેના જમના હાથ ઉપર ખભાંની સેહેજ નીચે એક લાંબો કસબી બાલ આવેલો હતો જેથી મેં ધારયું કે આગલ ચાલતાં એ બાળક ભાયગશાલી નીવડે ખરૂં. એ બાળક તે વખતે તરતનું જન્મેલું કરીનેબી આઠ એક દહાડાની ઉમરનું હોશે. હવે રાતોરાત તેને લઈને હું એકલી બાઈ જાત કાં જાઉં તેની મને સમજ પડી નહીં. પણ શેહેરમાં સહવારને પોહર મારા વીશે રખે અનેક જાતની ચકચારને જનમ મલે તેજ વીચારે મને તો ગભરાવી મારી, ને તે માટે તે શેહેર જલદીથીજ છોડી જવાનો મેં ઠેરાવ કીધો, ને પેલા આપેલા પૈસા સાથે પેલું કાગજને બીજી જરૂર જોગી ચીજો લઇ તે ઘર હું સદાનું છોડી બહાર નીકળી.

ત્યાર પછી તો હું ઘણી જગ્યાએ ગઇ હોઇશ પણ તે બધાનો હેવાલ કહી હું તમુને કંટાલો આપવા માંગતી નથી, પણ તમારે આટલું જાણવું અગતનું થઇ પડશે કે આખરે જ્યારે પેલી બાઇએ આપેલી રકમ ખુટી ત્યારે મેં તેના કેહેવા પ્રમાણે ફ. ક. ને રાવલપીંડીની પોસ્ટ આફીસમાં લખ્યું, ને જવાબ માટે રાહ જોતી બેઠી, આઠ દીવસ ગયા તોબી જવાબ નહી મલ્યો એટલે ફરીથી લખ્યું ને મારાં આગલાં કાગજની યાદ આપી, પણ તેનોબી જવાબ નહી મળતાં બે મહીના સુધી મેં ઉપરાસાપરી કાગજ લખ્યાં કીધાં. એમ કર્યા છતાંબી મને કંઇજ ખબર જ્યારે મળી નહી ત્યારે થાકીને લખવાનું મુકી દીધું. ત્યાર પછી બીજું એક વરસ હું મુંબઈ ખાતે ભટકી, ને કોઇ કોઇ શેઠયાને મદદ માટે અરજ કીધી, પણ તેઓએ મને ઠગારી જણાવી કહાડી મુકી ને આખરે જ્યારે મારૂં કંઇજ નહી વળ્યું ત્યારે આખરે મેં આએ બાલકને એના તકદીરપર છોડી જીવપર કરવાને મક્કમ વીચાર કરી હું અહીયાં આવી, પણ તેવામાં તો મારી નજર તમો સાહેબપર પડી એટલે એક છેલ્લી કોશેશ તરીકે આ બાલકને લઇ તમારી આગલ આવીછ. હવે તમે એ કોમળ બચ્ચાંપર દયા લાવી તમારે આશરે લેવો તો હું તમારો આભાર નહી ભુલીશ. એ બાલક એક અમીરી ખાનદાનનું ફરઝંદ લાગેછ, ને તેવું ફરઝંદ ભટકતી જીંદગી ગુજારે એ જોઈ મને મોટો અફસોસ ઉપજેચ." અને અહીયાં તે સ્ત્રીએ પોતાનું બોલવું ખતમ કર્યું હતું.

રુસતીમશાહે તેનો હેવાલ બહુ ધીરજથી

અને શાંતીથી સાંભળયો હતો ને તેનાપર દયા લેવાનું તેમણે વાજબી વીચારયું હતું.

"વારૂં પેલું કાગજયું કયાં છે?" તેમણે એકાએક પુછયું.

"તે મારી પાસે પડેલું છે." એમ કહી તેણે એક જુનું ખખ થઇ ગયલું કાગજયું તેમના હાથમાં મેળયું. અને તેમણે તે હોંસભર નીચે મુજબ વાચ્યું હતું:—

"જેના હાથમાંથી આ બાલક આવે તેને ગંભીર કસમ આપવામાં આવે છે કે એ બાલક જ્યારે ઉમરે પુગી ૨૩ વરસની વયે પોંહોંચે ત્યારેજ તે કેવા સંજોગો વચ્ચે મલી આવ્યું હતું તે વીશેની તેને ખબર કરવી. આ સોગંદ પ્રમાણે જે કોઈ નહી ચાલશે તે કંગાળ અને દુ:ખી થઇ મરશે. એ બાલક એક ધન્યવાન પારસીનું ફરઝંદ છે એમ જાણવું:—ફ. ક.

આ તે કાગજ હતું. અને તેની ભેદી મતલબ રૂસતીમશાહ સમજી શકયા નહીં. તોપણ ભવીસ્યમાં તેનો કદાચ ખપ પડે કરીને તેમણે તે સંભાળથી પોતાનાં ગજવામાં મેલ્યું હતું.

વધુ લંબાન ન કરતાં હું કમાં આટલુંજ કેહેવું બસ થઇ પડશે કે રૂસતીમશાહ તે બાળકને પોતાને બંગલે લાવ્યા હતા. તે વખતે તેની ઉમર બે વરસની હતી. તેમણે તેનું નામ એરચ કરી રાખ્યું હતું પણ તેના આવ્યાથી રૂસતીમશાહની સંસારી હાલતમાં એક ભાગ્યશાલી બનાવ બન્યો. તેમને ત્યાં એક પુત્રીની કરમ બખશેશ થઇ. અને તે જોઇ તેઓ નેહાયત ખુશી થયા હતા પણ તેવી ખુશાલીમાં તેમને એક વીગ્ન નડયું. તેમના ધણીયાણી અચપુચ ગુજરી ગયાં! તોપણ તેઓ ધીરજ રાખી બેઠા. અને આજ સુધી એરચ અને તેમની બેટી શીરીનનાં સુખમાં પોતાનું સુખ માનતા હતા.

પ્રકરણ ૨ જું

એરચ અને શીરીન.

બીજે દીવસ એરચ અને શીરીન બાગમાં બેસી પોતપોતા વચ્ચે કાંઇ વાતો કરતાં નજરે પડતાં હતાં.

શીરીનની વય ૧૯ વરસની હતી. તે એક અતી ખુબસુરત અને જોબનનાં બહારમાં ખીલી નીકળેલી નૌજુવાન અબલા હતી. તેના ગોલાબી રોખશાર ઉપર પુરતી તનદરોસ્તીનાં ચીન્હો સાફ માલમ પડી આવતાં હતાં. તેનું કદ જોકે એક સ્ત્રીની સાધારણ ઉંચાઇ કરતાં સેહેજ નીચું હતું, તોપણ તેથી કરીને તેની ખુબસુરતીમાં લેશ ભાર પણ ઘટાડો થતો ન હતો. નાક અણીયાળું હોવા સાથ તેના હોથ પરવાળાં સરીખા હતા. આંખ ઝીણી અને તેજી હતી, અને તેમાંથી ખુશાળીની લાગણીઓનો પલકારા વારંવાર દેખાતા હતા. શરીરનો બાંધો મજબુત હોવા ઉપરાંત તેના સઘળા સ્નાયુઓ રગડાયલા માલમ પડતા હતા. અને ખરેખર, શીરીન બહુ મેહેનતુ હતી. આજ કાલની ઘણીક પારસીઓની હાંદ પીંજર જેવી છોકરીઓની માફક તે કાંઇ આયાસી ન હતી. પણ ઘરનું જે રીત સરનું અને તેને બરનું જે કામકાજ હોય તે પુર ઉલટથી આતોપવામાં તે સામી મોજ માની લેતી હતી. સઘળી રીતે જોતાં શીરીન તદન સુખી હતી. રૂસતીમશાહનો બી પોતાની આ એક પુરી મા વગરની બેટીપર અનહદ પ્યાર હતો, અને શીરીન બી પોતાની સારી વર્તણુક અને તાબેદારીથી તે પ્યારને લાયક નીવડી હતી. શીરીન બહુ ભોલી અને ભલી હતી. તે હદ બહાર ભોલી હતી અને તેવી ભોલાઇનો લાભ કોઇ પક્કા આદમીને લેતાં વાર ન લાગે એમ આપણે જાણવું જોઇએ. ખાલી તેંહેકરાઇ અને ખોટી મગરૂરી સરખું શીરીનમાં જરાએ દીઠામાં આવતું

ન હતું. પોતે લખપતીની એકપુરી બેટી હોવાથી તે ચાહે તેવી મોજ શોખ ભોગવી શકે, પણ ભોલી શીરીનનો ખવાસ એવો હતોજ નહીં, અને તેમ કદીબી બનવા નહીં પામે તે તપાસવાની રૂસતીમશાહેબી ઘટતી સંભાળ રાખી હતી. પોતાની એકપુરી દીકરી સમજી તેમણે કાંઇ તેને હદ બહારનાં ખોટા લાડથી છગાવી મેળી ન હતી. ઘટતી માયા મોહબત અને જોઇતો ધાક તહરાસ રાખવા સાથે તેમણે તેને કેળવણીના મીઠાં ફળ ચખાડવાથી બીલકુલ પછાત રાખી ન હતી. સ્રીને તેના સંસાર વેહેવારમાં આગળ ચાલતાં કામમાં આવે એવી ઘરઘતુ કેળવણી આપ્યા ઉપરાંત મધયમસરની અંગ્રેજી કેળવણી આપવા પાછળ પણ તેમણે પોતાનાં ફુરસદના વખતનો ઉપ્યોગ કર્યો હતો. અને વાંચનાર, તેનું પરીણામ કેવું આવ્યું? પરીણામમાં શીરીન ખરી રીતે કેળવાવી જોઇએ તેવી એક સ્રી બની. તનદરોસ્તીને હાનીકારક મોજમજાહમાં પોતાના બાપની દોલત બીજી ઉડાઉ છોકરીઓની માફક વેરવાને બદલે તે તેનો બહુ રૂડો ઉપ્યોગ કરતી હતી. ખરા મોહતાજમંદોને તેઓની લાગણી જરાએ દુઃખવ્યા વના તે છુપી રીતે જોઇતી મદદ કરતી હતી, અને તેવું પરમાર્થી કામ કરવામાંજ તે જાણે જીંદગીની સઘળી મોજ મજાહ ભોગવતી માલમ પડતી હતી. અને વળી ભલો એરચ કે જેને તે બચપણથીજ ચાહતી આવી હતી, તે તેના એવાં કામમાં તેને જોઇતી મદદ આપતો હતો. ટુંકમાં શીરીનની ખુબસુરતી જેમ બહારથી મન મોહક લાગતી હતી, તેજ પ્રમાણે તેની અંદરખાનેની ખરી ખુબસુરતી પણ તારીફ લાયક હતી, યાને જેમ શીરીન એક ચેહેરે નમુન બાનુ હતી, તેજ માફક તે ખરી ભલા ખવાસની એક ભોલી અબલા હતી.

એરચની ઉમર ૨૨ વરસની હતી. તે એક ઉચી પેશાનીનો અબરૂ જવાન હતો. તેના માબાપ કોણ હતાં એ વાત આજ સુધી અંધારાંમાંજ રહી હતી. તોપણ તેનો દેખાવ એવો તો દબદબા ભરયો લાગતો હતો કે કોઇ પણ અજાણો શખસ તેને એક કુલવાનનું ફરઝંદ વગર શકે ધારી શકે. રૂસતીમશાહે એનું પગલું બહુ શુભ ગણ્યું હતું; કારણ કે એને નાદીર હોલમાં લાવ્યા પછીજ તેમને ત્યાં શીરીનનો જન્મ થયો હતો, અને તેટલા માટે તેઓ તેનાપરબી એકસરખોજ પ્યાર રાખતા હતા, અને વેપારને બરની ઘટતી તાલીમ તેમણે તેને આપી હતી, અને પોતાની પેહેડીમાં માત્ર સતર વરસની ઉમરથીજ રાખ્યો હતો. અને તેના પરીણામ તરીકે એરચ આટલી ઉમરમાંજ ઘણો બાહોશ નીકળ્યો. અને પેહેડીનું સર્વે કામકાજ તે આસાનીથી ચલાવતો હતો. રૂસતીમશાહબી પોતાના કામકાજનો અખત્યાર લાયક હાથમાં મેળાયલો જોઇ ઘણા ખુશી થતા હતા, અને જુવાન એરચને વેપારી મંડળમાં આગળ પાડવાને તેઓ પોતાથી બની શકતી મેહેનત લેતા હતા. એરચ સ્વભાવે બહુ રાંક અને માયાલુ હતો, અને સઘળાં સાથે એકસરખી સલુકાઇથી વરતતો હતો. તે બહુ પ્રમાણીક હતો, અને જોકે તે નાહનપણથીજ વેપાર વણજમાં પડયો હતો તોપણ તે સઘળી રીતે જોતાં વેપારીના કાવાદાવાથી તદન અલગ હતો, અને તેના સંબંધમાં આવતાં સઘળાં એકે અવાજે તેની આવી ઉમદા ખાસ્યતની તારીફ કરતા હતા. બીજા સઘળા ગુણ જોડે એરચમાં એક ખાસ ગુણ હતો. તે એકવચની આદમી હતો, અને પોતાનો કોલ તે કદીબી તોડતો હતો નહી ને ભલા એરચને એ પોતાનો ઉમદા ખવાસ ભારી પણ પડી જાય તેમાં નવાઇ નહી, એ બીના વાંચનારે ખાસ કરી ધ્યાનમાં રાખવી. તે શીરીનને અસલથીજ ચાહતો હતો, અને હમણાં તે ચાહે પાક પ્યારનું મજબુત રૂપ પકડયું હતું. પણ અજબ જેવું છે કે એમાંથી એકે બી પોતાનો પ્યાર આજસુધી જાહેર કર્યો ન હતો.

શીરીન અને એરચ વીશે આટલું બોલી તેઓની વાતપર આપણે જરાક ધ્યાન પુગાડયે.

"કેમ એરચ ડીયર, ત્યારે તેં બાવાજીને ગઇ કાલે પુછી જોયું હતું કે ?" શીરીને પુછ્યું.

"હા વાહલી, મેં તે વીશે પુછી જોયું હતું, પણ એવણે તો હંમેશનો ઉડાવનારોજ જવાબ આપ્યો." એરચ બોલ્યો. "અને કહ્યું કે તું જ્યારે બરાબર ૨૩ વરસની ઉમરનો થશે ત્યારે હું જે જાણુંછ તે તુને કેહેવસ."

ત્યારે તો હવે એટલો વખત ધીરજ ધર. આટલાં બધાં વરસ ગયાં તો હવે માત્ર એક વરસ જતાં કેટલોવાર ?"

"તે બધું તો ખરૂં, પણ સઘળો વખત કાંઇ એકસરખી રીતે પસાર નથી થતોની. એક વરસની મુદતમાં તો કાંઇ તરેહવાર ફેરફાર થઇ જાએ."

વાંચનાર, આતો માત્ર એરચની એક અટકલ હતી, પણ તે શું આગળ ચાલતાં ખરી પડશે ?

"પણ આપણા બાવાજીને માન આપી ચાલવાની આપણી ફરજ છે, એટલે તેમનું હર પ્રકારનું કેહેણુ આપણે માન્ય કરવુંજ જોઇએ." શીરીન બોલી.

"હાજતો પ્યારી, તેમ નહી કર્યે તો તેમના તરફ નાફરમાન થયલાં કેહેવાઇએ." પણ સંભાળ એરચ! રૂસતીમશાહનું બધુંજ કેહેણુ સ્વીકારવાનું તારી સરજતમાં નથી !

"પછી, પેલો ગરીબ પારસી આવ્યો તો જો ડીઅર, "શીરીન બોલી.

"હં, હં તે જાણીને ઘણો ખુશી છું. અને તેં તારા હંમેશના સ્વભાવ મુજબ તેને મદદ કરીજ હશે.

"હા, પણ બીચારો બહુજ જઇફ અને મુફલેસ હતો. અને મેં તેને પેટ પુરતું જમવાનું આપી જોઇતી મદદ આપવાનું કહી ખુશી વચ્ચે વીદાય કર્યો."

"પણ એમ કરતાં વખતે કોઈ હરામખોર ફાવી નહી જાય હં, ઘણી વખત વળી એમબી બને છે કે આપણે અજાણપણામાં હરામખોરોનેજ મદદ કર્યે છીયે, જ્યારે ખરા મોહતાજમંદ તો બીચારા રહીજ જાયછે."

"તેબી ખરીજ વાતતો વાહલા, પણ એ પારસી કાંઈ તેવો હતો નહીં."

"અને હું તારા આવા ભલા કામ માટે તુને મારા તરફથી મોટી શાબાસી આપુંછ." એરચ હસીને બોલ્યો.

"તે માટે હું તારો ઉપકાર માનુંછ ડીયર, પણ એવી રીતની શાબાસીની મને જરાએ જરૂર નથી, અને મને કોઇબી એવી શાબાશી આપે એમ હું ઇચ્છતી પણ નથી. કારણ કે એક નેક કામ કર્યાથી જે મોટો સંતોશ અને ખુશાલી આપણને ઉપજે છે તેજ આપણે મનસે મોટામાં મોટી મુબારકબાદી માની લેવી એઇએ. તેટલામાટે, બહારની શાબાશી કરતાં અંદરખાનેની આપણા અંતકરણનીજ શાબાશી હું તો લાખો દરજ્જે ચહડતી ગણુંછું."

"ખરેખર શીરીન, તારૂં બોલવું તદન વાજબી છે." એટલું બોલી, એરચ અને શીરીન બંગલામાં ગયાં.

પણ તેઓના ગયા બાદ તરતજ એક જુવાન તેઓના બાંક નજદીક આવી લાગ્યો.

"વાહ, એ હરામખોરો શું ધંધો લઇ બેઠાંછ." તે પોતાના મનસે બોલવા લાગ્યો, "કોણના બાપની દીવારી! જાણે એ પોરયાનુંજ ઘેરબાર. વાહ, એબી નફ્તાઇજતો! પણ એનો અટકાવ થવોજ જોઇએ. હરામને પૈસે ઇજારડા પીજારડાને ઘરમાં ઘાલતાં શું એ લોકોને શરમ નથી આવતી? ને વરી એ એરચ તો કેઠો કોઇ જબરો ઉડાઉગીર માલમ પડેછ. આપુણે તો બા એના ઢંગ કંઈ સારા લાગતા નથી, પારકે પૈસે દીવારી એને કરતાં ઘણી આવરેછ. ને વરી એ લુચ્ચો શીરીનની સાથેનો સાથે ફરેછ એ વાતબી આપણને તો કંઇ ઠીક નથી લાગતી. એ ભીખારડાનું આ બંગલામાં કામજ શું છે. કોણ જાણે રૂસતમશાહેબી એને કેઇ ઘેરમાંથી ખોદી કહાડયો. પણ એ પોરયાને હવે કંઇબી કરીને

બહારતો કાહડવોજ જોઇએ, તેમ કરવા શીવાએ આપરૂં કંઇ વળે નહીંતો. નહીંતો એ સેતાન જાણે મારા કામની વચ્ચે ધરીધરી આવ્યા કરવાનો, પણ વરી મારી કુમકે રતનપુઇ છે એટલે આપરૂં કામ આસાનીથી પાર પડવાનું, રતનપુઇબી પેહેલાંથીજ એ પોરયાની "અગેનરત" છે, ને મામાની નજરમાં હું વહાલો દેખાવું તે માટેબી એવણુની ઉલટ ઘણી છે એટલે એવણુ તરફથી તો આપણુને મોટો ટેકો મળવાનો, અરે પણુ હા ખરા! બાબન જેવા પીરો મારી કુમકે છે તો પછી બંદાને બીહવાનું સાનું! જોઇએ તો ખરા, અજમાએસ તો કરી જોઇએ, એમાં આપણું ગીયું શું, પાસો સવલો પડયો તો પછી વાહવાજી વાહવાજતો, પછી તો ખોદાની મરજી."

અને થોડા વખતમાં તે પણુ બંગલામાં ગયો.

પ્રકરણુ ૩ જું.

(હરીફાઇની શરૂઆત! અદેખાઇનો આતશ!)

Vice is a monster of so frightful mien,
As, to be hated, needs but to be seen;
Yet seen too oft, familiar with her face,
We first endure, then pity, then embrace

Pope, Essay on Man.

રૂસતીમશાહના બેહેન રતનપુઇની વય આશરે પંચાવન વરસની હતી. પાતરીસ વરસની ભર જુવાન ઉમરે તેમના ધણી ધનજીશાહ જેઓ મુંબઇમાં એક વકીલ તરીકે ધંધો ચલાવંતા હતા તેમના મરણુથી આપણે જાણ્યે છીયે, તેમ રતનપુઇને પેસી સંગાત પોતાના ભાઇને ત્યાં આવી રેહેવું પડયું હતું. ધનજીશાહ વકીલ પોતા પાછળ એ પૈસાનો જીવ મેળી ગયલા હોવાને લીધે રતનપુઇ કાંઇ છેક ખાલી હાથે ભાઇને ત્યાં ન આવ્યાં હતાં. રતનપુઇ કરકસર કરવા સંબંધી કાંઇ અજબ જેવો નીયમ પાળતાં હતાં. પોતે જીવે અરધી નહીં ખાતાં પેસીને વારંવાર સેંકડો રૂપીયા તેવણુ આપતાં હતાં. અને ખરૂં કહીયે તો રતનપુઇનો પેસીપર બહુ પ્યાર હતો, પણુ શીરીન અને એરચ તેમને ગમતાં હતાં નહીં. પેસીના માર્ગમાં તેઓ તેમને એક પીડા અને નડતળ સમાન લાગતાં હતાં. તોપણુ રતનપુઇ જરા ઠાવકાં હતાં. બહારથી તો તેઓને ચાહવાનો ખાલી ઢોંગ કરતાં હતાં, પણુ અંદરખાનેથી તેઓ તરફ કોઈ પણુ રીતની ભલી લાગણી ધરાવતાં હતાં નહીં. પોતાના પેસીને રૂસતીમશાહની નજરમાં સારો દેખાડવાને તેવણુ પોતાથી બનતું કરતાં હતાં. ટુંકમાં રતનપુઇની રીતભાત અને ચાલચલણુ કોઈ પણુ રીતે વખાણુવા લાયક હતાં નહીં. બહારથી તેવણુ શાંત સ્વભાવ ધારણુ કરી ફરતાં હતાં, પણુ બાતેનમાં તેઓ કાંઇ જુદીજ લાગણી ધરાવતાં હતાં.

પેસી રતનપુઇનો બહુજ માનીતો અને લાડકવાયો હતો. પણુ એવા હદબહારના લાડનું પરીણામ કેવું આવ્યું? હદ બહારના લાડથી અને કોઇના પણુ ધટતા આંકુંશ વગર પેસી સદંતર બગડી ગયો હતો. તેની ઉમર ૨૭ વરસની હતી, અને એટલી વયમાં તો તેણે કાંઇ સેંકડો જાતની અનીતીમાં પોતાના હાથ ખરડયા હતા. બહારની ચેહેરાની ખુબસુરતીને જો એક ગુણુ તરીકે ગણુવામાં આવે તો તે સીવાએ બીજા કોઈ પણુ રીતના વખાણુવા

લાયક ગુણ પેસીમાં હતા નહીં. તે એક અતી ખુબસુરત જવાન્યો હતો, અને તે સબબથી પોતાના સઘળા મોજીલા મીત્રોનો તે માનીતો થઇ પડયો હતો. રૂસતીમશાહ તેને કોઈ કોઇ વાર તેની અનીયમીત ટેવોને લીધે ઠપકો આપતા હતા, પણ પેસી આટલે સુધી બગડી ગયો છે તે વીશે તેઓ કાંઈ પણ જાણુતા ન હતા. રતનપુઇબી કોઇ વેળા તેને શીખામણ આપતાં હતાં. પણ સાંભળે કોણુતું? શરૂઆતથી ખરાબ સંગતમાં પડેલો એટલે કોઇ પણ રીતની નસીયત તેના ધ્યાનમાંજ કેમ ઉતરે? માબાપો પોતાના બચ્ચાં પર પેહેલાંથીજ ઘટતો તહરાસ રાખ્યા વગર તેઓને બેસમજપણે ખોટો લાડ લડાવે છે, અને તે લાડના સ્વભાવીક પરીણામ તરીકે જ્યારે તે બચ્ચું આગળ ચાલતાં મોટી ઉમરે પુગી બગડી જાય છે ત્યારે માબાપની આંખ જાણે ઉઘડે છે અને પોતાના બચ્ચાંને સુધારવાના ઉપાયો તેઓ લેવા માડે છે. પણ એવા ઉપાયો માહેલો એક પણ આપણે જાણીયે છીયે તેમ કારગર નીવડી શકતો નથી. પેહેલાં હદબહાર છુટ આપ્યા પછી કોઇનેબી એકદમ આંકોશમાં કદીબી રાખી શકાય નહી અને પેસીના બાબમાં બી તેમજ બનવા પામ્યું હતું. પેસી રતનપુઈના બોલવાને જરાએ મચક આપતો ન હતો. તેની જીંદગીજ રખડેલ હતી. તેનાજ જેવા લફંગાઓની તે દોસ્તી કરતો હતો અને તેઓ જેમ ચલાવે અને જેમ હુલકાવે તેમ તે કરતો હતો. અનીતીને ઉત્તેજન આપનારી મોજ મજાહમાં તો તે હંમેશા ચકચુર રેહેતો, અને ગેરકાયદેસરની મંડળીમાં સામેલગીરી ધરાવી લોકોને લુટવાનો તે ધંધો લઇ બેઠો હતો. તે એક કપટી અને કીનાખોર માણુસ હતો, અને જેબી શખસ તરફ તેનો કીનો ઉશકેરાતો તે કેમે કરી દપત પડતો ન હતો. એવી રીતે, તે બદ સંગતમાં પેહેલે ધરથીજ ફ્રશી પડેલો હતો, અને સર્વે જાતની બદીઓના મજબુત કાબુ હેઠળ હોવાથી તે સદંતર બગડેલ અને છકેલ થઇ ગયો હતો. અને એવી રીતના બગાડાનું મુખ્ય સાંધન પૈસા તો તેને રતનપુઇ પાસેથી વારંવાર મળતા રેહેતા હતા, અને રતનપુઇબી આંધળેપણે તેને જે જોઇએ તે કહાડી આપતાં હતા, પણ પૈસાનો વારેવાર તેને શું કામ ખપ પડતો હતો તે પુછવાની તેમનામાં હીંમત ન હતી. પણ તેવણુ વળી પુછીને કયાં ઉભા રહે? કોઈ પણ રીતની શીખામણુ આપતી વખતે પેસી તો નફ્તાઇથી તેમની સામે થતો હતો અને ઘણું થાય તો જીવપર કરવાની ધમકી આપતો હતો, જેથી કરીને રતનપુઇ દબી જતાં હતાં, અને તેવે વખતે ચુપકીદી અખત્યાર કરવા સીવાએ તેમની પાસે બીજો કાંઇ પણ રીતનો ઉપાય રેહેતો ન હતો. અને એવી રીતે જોતાં, પેસીની બદીઓને તેમના તરફથી આડકતરૂં ઉત્તેજન મળતું રેહેતું હતું, અને તેથી કરીને પેસી વધુ અને વધુ બગડતો જાય તેમાં નવાઇ શી? બગાડાનું મુળ સાંધન પૈસા, બીજું તો માથે નહીં કોઈનો ધાક તહરાસ, અને ત્રીજું લફંગા મીત્રોની સંગત એ ત્રણે સાંધનો ગમે તેવા માણુસની નીતી ખરાબ કરવા માટે પુરતાં હતાં.

એક સાંજે રતનપુઇ અને પેસી કાંઇ વાતો કરતાં બાગમાં બેઠાં હતાં.

"જુઓની, રતનપુઇ," પેસી બોલ્યો. "શીરીન ઘેરમાં શું શું કારૂં ઘોરૂં કરેછ તે બધું મેં સાંભળી લીધુંછ."

"તે વરી શું વાત છે, દીકરા?" રતનપુઇએ વળી કાંઇ નવું જાણવાની હોંસથી પુછયું, "કાંઇ ચોરી લુચ્ચાઇની વાત તો નથીની?"

"વળી તેતુંજ છે તો શીરીન કેની તે કોઇ છજારડા પીજારડાઓને ઘેરમાં આવવા દેએછ, ને તે લોકને સારી પેઠે જમારી ને વળી સારી જેવી પૈસાની રકમ આપેછ. એ શું કંઇ સારી વાત છે? એમતો મામાની દોલત સપાટામાં ઉડી જશે।"

"સારૂં થયું તે મને કહ્યું, પેસી પણુ સુવો પેલો એરચબી એમાં સામેલ ખરો કે વારૂં?"

"તારે, એતો પેહેલો."

"ઠીક તારે, હું લાગ આવતાં એ વાત ભઇને કાને નાખસ."

"પણ, એ પોરયાપર મામાનું હેત ઘણું છેની." પેસી ચીરડાઇને બોલ્યો, "આપણી વાત એવણ માનશેજ કેમ?"

"વળી તારે બીજો ઉપાય તે શું કરે, તુંજ કેહેની."

"એને ખરતો કરયા વગર કાંઇ મારૂં કામ સરે નહીં. એક વખત એ નડતલ દુર થઇ તો પછી મનેબી કાંઇ થોડો લાભ નથી જો, ફુઇજી." પેસી મોઢું મલકાવી બોલ્યો.

"તે વળી તુંને તો લાભ થાયજ તો. પછી ભઇને કેહીને તારૂં શીરીન સાથેજ ગોઠવી દેઊંની એટલે પંચાતી ઓછી, ને પછી વળી આએ બધી માલ મીલકતનો વારેસ તું નહી તો બીજો કોણ?"

"ખરેખર, ફુઈ," પેસી હોંસભર બોલ્યો, "પછી તો વરી કંઇ ઓરજ વાત."

"પણ તારે એટલું બધું સુખ જોઇતું હોય તો તું સીધો સીધો ચાલની" રતનફુઈ તક સાંધીને બોલવા લાગ્યાં, "સારાં સોહજ લઇને ફરની કે પછી ભઇબી જરા વીચાર કરે. તે દારેબી એવણ મારી આગલ તારૂંજ ભાષણ ચલાવતાથા, ને મેંજ વળી એવણને કંઇ કંઇ સમજાવ્યું ને કહ્યું કે એ તો હોય જરા નાદાન છે તેટલા વારનો પછો એવણ બોલ્યાજ નહીં ને મુગા રહ્યા. તેથી જો હવે તું તો દારેવારેનો થયો, ને આએ લેતો કે પાંચ બચ્ચાંનો બાપ થવો જોઇએ, તેને બદલે એમ ગલીએ ગલી ભટકવાનું તે કંઈ સારૂં કે? મુંવું શું, ઘરયે ઘરયે મનેબી તુંને કે-હેતાં લાજ આવેછ. હવે જરાક તો ડાહપણ પકડીને ચાલ. મુવા પેલા કેહે તેમ———"

"બસ કરો, ફુઇ, બસ કરો," પેસી વચ્ચે બોલી ઉઠયો, "વળી આજે એ શું બકબ-કારો? મેં એવી તે શું ચાલ ચલાવી કે મામા તમારી આગલ ભાષણ કરેછ?"

"એવણનું કેહેવાનું એમ કે તું તારી રજ-રવાની ટેવ છોડી દે. મુંવું એમ તે કાં સુધી ચાલ્યા કરશે?" રતનફુઇ જરાક ગુસ્સો કરી બોલ્યાં.

"વારૂં ચાલો, હોસે, એતો તમારા લોકનું પીજન ને રદનપાતલો પુરોજ નથી થવાનો" પેસી બોલ્યો, "ને વારૂં, ફુઇ, હું તમુંને એમ પુછું કે એ પોરયાને કયારેકનો મામાએ અંહીં રાખ્યોછ?" પેસી એ વાતની વળણ ઝટ ફેરવી નાખી.

"જો સાંભળ, એક દાહડે એવણ કેડે ફરવા ગીયાતા ત્યાંથી એ પોરયાને વરસેકની ઉમરનો લઇ આયા ને એના આયા પછી થોડે વખતે શીરીનનો જનમ થયો, તેથી એનું પગલું બહુ સબકતું ગનાયું, ને તે દાહડેથી એની ઉપર તો ભઈ ઘણોજ પ્યાર રાખવા લાગ્યા તે આજની ઘરી સુધી. પડી સમજ હવે."

"ઠીક છે ત્યારે, આપણેબી એનો જલદી-થીજ નીકાલ કરશું." પેસી બોલ્યો, "પણ વારૂં એના માએ બાપ કોણ હતાં તે મામા જાણેચ કે?"

"તે મને શું ખબર જે તું મને પુછેછ."

"કંઇ નહી વારૂં, એક ગમ હુંબી છેઉં હં, રતનફુઇ બીજું કંઇ નહીં, મારૂં મન બસ જરા ફરવું જોઇએ, પછી હુંબી કંઈ જોવું નહીં તો જોઇએ હવે એ પોરયો અંહી વધારે દાહડા કેમ કહાઢેછ." પેસી એટલું બોલી બંગલામાં ગયો, અને રતનફુઇ એ-ખલાં પડી કાંઇ વીચાર કરવા લાગ્યાં.

ઉપલી વાતચીતપરથી વાંચનારે જોઈ લીધું હશે કે બીજા પ્રકરણને છેડે એસ્ચ અને શીરીનના બાંક પાછળથી જે શખસ બહાર નીકળી આવી પોતાને મનસે બોલ્યો હતો તે કોઈજ નહીં પણ લુચ્ચો પેસી હતો.

પ્રકરણ ૪ થું.

(ચાંદરણી રાતનો અજાયબ જેવો અનુભવ.)

What man so wise, what earthly wit so rare,
As to descry the crafty, cunning train
By which deceit doth mask in visor fair,
And seem like truth whose shape she can feign?—*Spenser.*

Ah, that deceit should steal such gentle shapes,
And with a virtuous vision hide deep vice!—*Shakspeare.*

એકાદ ચાંદરણી રાતને સમયે પેસી પોતાની માનીતી "ડફરીન કલબ"માં જવા બંગલેથી નીકળ્યો. વખત સુમારે આઠ વાગતાનો હતો. તે અતી ઘણાં ફેશકી પોશાકમાં સજ થઇ નીકળ્યો હતો. ચેહેરે તો તે ખુબસુરત હતોજ તેમાં વળી તેને મનથી ફાંકડો પોશાક તેની ખુબસુરતીમાં વધારો કરનારો થઇ પડતો હતો. પગમાં ચળકતાં રસીઅન લેધરનાં સુઝ, તાઇટ તટરબંધ શોભીતું ઉંચો ફ્લેનલનું પેટલુન અને ટુંકા કોટ અને માંથે મોગલ કેપ સાથે પેસી ખરેજ બહુ રૂપાળો લાગતો હતો. વળી તેના આવા ભપકાદાર પોશાકની સુંદરતામાં ગળે બાંધેલા કોલર અને બદીયાને લટકાવેલા સોનાના છેડા સાથના નાના ઘડીયાલથી ઓર વધારોજ થતો હતો. તેના પોશાકનો છેલ્લો શણુગાર આંખે પેહેરેલો આઇગ્લાસ હતો કે જેના વગર પેસીને ઘડીભાર ચાલતું ન હતું. એવી રીતે, પેસી આજે કાંઈ ભારે ઠાઠ સાથેજ નીકળ્યો હતો. કોઇ પણ જવાન અબલા તેનો આવો મનમોહક ચેહેરો જોઈ તેનાપર મોહી પડે તો તેમાં અજાયબ થવા જેવું હોયજ નહીં.

પણ પ્રીય વાંચનાર, પેસીના જેવા બહારથી ફાંકડો અને સુંદર દેખાવ રાખી ફરનારા પણ બાતેનમાં બુરી મતલબ રાખનારા માણુસો આપણને કેટલા બધા મળશે! મોટી દલગીરી અને ભારે અફસોસ વચ્ચે આપણુને જોવું પડેછે કે હદ બહારના લાડથી બગડી ગયલા જુવાન્યાઓ હમણાં હમણાં કાંઈ ઘણોજ શરમીંદગી ઉપજાવનારો ધંધો લઇ બેઠા છે. તેઓ કદાચ એમ સમજતા હશે કે જે જે બદીઓમાં તેઓ છુપી રીતે ગરકાવ છે તેની ખબર બીજાઓને પડતીજ ન હશે. પણ નહીં, તેઓ જે રીતનો અનીતીવાન ધંધો ચલાવે છે તે એક ઉગાડો ભરમ છે, અને ખુલ્લી આંખે જોનારાઓને તે સાફ દેખાઇ આવે છે. પણ આ તો પેસી જેવા અભણ અને હદ બહારના લાડથી બગડી ગયલાઓની વાત આપણે જોઇ. પણ જેઓ પોતાને કેળવાયલા અને ભણેલામાં ખપાવાનો દાવો કરેછે તેઓ જ્યારે આવી રીતની અનીતીમાં ફસી પડેછે તો પછી તેનું કેમ? એબી વળી આ દુન્યાની એક તાસીરજ તો! ભણેલા ડુબે તો પછી અભણ ડુબે તેમાં નવાઇ શી વારૂં?

પેસીની ડફરીન કલબ ગ્રાંટ રોડની નાટકશાળા નજદીકનાં એકાદ મકાનમાં આવેલી હતી. ત્યાં બીરાજતા સભાસદોની ચાલચલણુનું વરણુન કરવાની કાંઇ જરૂર છે વારૂં? ટુંકમાં આટલુંજ કહીશું તો નહીં ચાલશે કે તેઓ સઘળા પેસીની માફક એક યા બીજી તરેહની બદીમાં ગરક હતા?

કલબમાં જઇશું, ત્યાં જરાક બેઘડી જીવને રમાડવા બીલીઅરદની બાજી ખેલશું, અને પછી આપણા બીરાદરો સાથે ખુશ ટોલટપ્પા કરી એકાદ વીસ્કીની બાટલી ગતાવશું,— એવા એવા આનંદ ઉપજાવનારા વિચારો કરતો ફરતો પેસી લગભગ નાટકશાળા નજદીક આવી પોહચ્યો, અને કલબનું મકાન જેમ જેમ નજદીક આવતું ગયું તેમ તેમ

તે પુર હોંસમાં આવી ઝડફે પગલે ચાલવા લાગ્યો. પણ સામેથી એકાદ ઉંગાડી ફાઇટિન ધસારાબંધ પોતા તરફ આવતી તેણે જોઇ. બહુ અસાધારણ ઝડફે તે ગાડી દોડી આવતી તેને માલમ પડી. પણ એક બે પળમાં તો તે પેસીની નજદીક આવી પુગી અને તેને જોડેલો ઘોડો પેસીના પગનીજ આગળ એકદમ ફસડાઈ પડયો, અને ઘોડાવાલો સપાટાબંધ કોચબાક્ષપરથી ઉછલાઈ રસ્તામાં ફીંકાયો, અને ગંભીર ઇજા પામ્યો! પણ વાંચનાર, આવી રીતનો અકસ્માત બનેલો જોઈ પેસી શું કાંઈ પણ મદદ કર્યા વના ચાલી ગયો? તે ખરેખર ચાલી જતે, પણ નહીં. ગાડીમાં એક નોજુવાન અબલાને બેહેલી જોઈ તે અટકી ગયો, અને એક પણ પળ ખોહયા વગર ફસડાઈ પડેલા ઘોડાને ગાડીથી તુરત છુટો કરી નાંખ્યો અને પછી પેલી ખુબસુરત જવાન બાઇને ગાડીમાંથી બહાર લાવ્યો. અકસ્માતથી તે બહુ ગાભરી બની ગઈ હતી, પણ પેસીએ તેને હીંમત આપી.

"કાંઈ નહીં, બેહેન, ગભરાવાનું કાંઈબી કારણ નથી. જોકે તમારો ઘોડો લગભગ બેશુદ્ધ થઇ ગયો છે, અને ઘોડાવાલાનેબી સખ્ત ઇજા થઇ છે, તોપણ તમારે ફકર કરવી નહીં." એમ કહી તુરતા તુરત તો તે બાનુંને એકાદ નજદીકની પારસીની દુકાનપર ખુરસી આપી બેસાડી અને ત્યાર પછી ઘોડાને અને ઘોડાવાલાને પોલીસની મદદથી આસ્પીતાલમાં મોકલી આપી તે ઉતાવળે પગલે પેલી બાઇ પાસે પાછો આવ્યો. "જી, તમારૂં રહેવાનું મકાન અંહીંથી કેટલેક દુર છે?" પેસીએ તે બાઇને પુર નમનતાઈથી પુછયું.

"અંહીંથી ઘણું દુર નથીજી. કામા બાગની નજદીક અમારો રેહેવાનો બંગલો આવેલો છેજી." તે બાઇએ શરમાલ ચેહેરે સભ્યતાથી જવાબ આપ્યો. એટલું બોલી તે દુકાનની બહાર નીકળી, "ને જી, મારી ગાડીનેબી કોઇ પાસે મારે બંગલે મોકલી આપશો તો મોટો ઉપકાર થશે."

"તેમ કરવા માટે હું તમારા બંગલાનું ઠેકાણુંજ માંગુંછ." પેસી બોલ્યો. આ ઉપરથી તે બાઇએ એક કાગજના ટુકડા પર પોતાનું સરનામું લખી આપ્યું, જે પેસીએ લીધું, અને થોડાક હેલકરી શોધી કહાડી તે સરનામા પ્રમાણે તે ગાડી તે બાઇને બંગલે મોકલી આપી. તેમ કર્યા બાદ તે પાછો તેની પાસે આવ્યો.

"હવેજી, કાંઈ બીજી વધારે ફરમાસ છે?" પેસીએ પુછયું, "હોય તો બેલાશક ફરમાવો. એમાં શું? એકએકને મદદ કરવાની તો આપણ જરથોસ્તીઓની ફરજ છે."

"મોટી ખુશીથી મને જો મારે બંગલે પુગારશો તો મોટી મેહેરબાની." તે બાનું જેની ઉમર ભાગ્યે ૨૦ વરસની હશે તે બોલી. "હું તમોને મારા બાવા સાથે ઓળખાણ કરાવસ, ને તમે જરૂરની વખતે બાઈ માણસને મદદ કીધી તે જોઇને તેવણ ઘણાં ખુશી થશે."

તે અબલાની મોહ પમાડનારી ખુબસુરતીથી પેસી જેટલો અંજાઈ ગયો હતો, તે કરતાં વધારે તો તેની ભપકાદાર ગાડીથી અંજાઈ ગયો હતો; અને પોતાની કલબમાં ન જતાં તે તેનીજ સાથે તેને બંગલાવેર પુગાડી આવવા ખુશીથી તૈયાર થયો.

"તમારૂં નામ જાણવાની રજા આપશોજી," રસ્તે ચાલતાં પેસીએ શરૂઆત કરવા માંડી.

"જી, મારૂં નામ ગુલબાઇ છે," તે જરાક શરમાઇને બોલી. "અને મારા બાવાનું નામ નશરવાનજી બેલા પતેલ છે. કદાચ તમે એવણને સારી પેઠે ઓળખતા હશે."

"અરે વળી નશરવાનજી બેલા પતેલ નામથી કોણ અજાણ્યું હોય? અને તમે તેવણનાં બેટી થાઓ છો તે જોઇ હું ઘણો ખુશી છું."

"અને વારૂ તમારૂં નામ શું?" ગુલબાઇએ પુછયું.

"બંદાનું નામ પેસતનજી છે, જી." પેસીએ જવાબ આપ્યો.

પણ તેટલામાં તો ગુલનો બંગલો આવી લાગ્યો, અને તેઓની વાત અંહીં બંધ પડી.

"કાંએ દીકરી આજે કાંઇ ચાલતી આવી? ને વારૂં એટલું બધું મોડું કાંએ થયું?" ગુલ પેસી સાથે જેવી ઓટલાપર આવી લાગી તેવી કોઈ ઉમરે પુગેલા પુરૂસે ઉપર મુજબ પુછ્યું "ને આએ તારી સાથે જવાન ગ્રહસ્થ કોણ છે?" તેઓએ પેસી તરફ જોતાં પુછ્યું.

"સાહેબ તમારી બેટીની ગાડીને ગ્રાંટરોડ નજદીક એક ગંભીર અકસ્માત નડ્યો." ગુલ જવાબ આપે તે અગાઉ તો પેસીજ બોલી ઉઠ્યો, "તમારા ઘોડા તથા ઘોડાવાલાને ઇજા થવાથી તેઓને હોસપીતાલમાં મેં મોકલી આપ્યાછ, તમારી ગાડીબી હમણા મજુરો લઇને આવતા હશે, ને આએ તમારી બેટીને રાત પરી એખલી સમજી હું બંગલા સુધી પુગાડવા આવ્યો છું." એટલું બોલી પેસી નમીને ચાલી જતો હતો, પણ નશરવાનજીએ તેને તેમ કરતો અટકાવ્યો. "ઉભા રહો ભાઈ, એટલી બધી ઉતાવળ કરવાનું શું કામ? વારૂં ભાઇ તમારૂં નામ તો મને કેહેશો?"

"મારૂં નામ પેસતનજી."

પેસીએ ગુલને જરૂરને વખતે આપેલી મદદથી નશરવાનજી બહુ ખુશ થયા, અને પેસીનો તેવણે મોટો ઉપકાર માન્યો, અને રાતે પોતાની સાથેજ જમવાની તેને અરજ કરી જે પેસીએ પેહેલાં તો ભારે આનાકાની સાથે ના પાડી પણ અંતે ખુશીથી સ્વીકારી.

"વારૂં સાહેબ તમે કયાં રેહોછો, અને તમારાં માબાપ કોણ?" જમતી વખતે નશરવાનજીએ પુછ્યું હતું.

"સાહેબ, હું મારા મુરબ્બી મામા રૂસતીમશાહ હીરામાણેક સાથે તેમના વાલકેશ્વરના નાદીર હોલમાં રહું છું, ને મારા માબાપ ઘણુંકનાં મરણ પામ્યા છે." પેસીએ જવાબ દીધો.

"તમોએ મારી દીકરીને જરૂરની વખતે મદદ આપી તે માટે હું તમારો ફરી એકવાર ઉપકાર માનું છું."

"અરે સાહેબ કાંઇ નહીરે, એમાં શું મોટી વાત? મારી જગ્યાએ કોઈ બીજો હોતે તો તેબી એજ માફક વરતતે તો વળી મેં તેથી વધારે શું કીધું?"

ત્યાર પછી થોડીક ઉરાન તુરાન વાતચીત કરી તેઓ જમી ઉઠયાં, અને પેસી નશરવાનજી અને ગુલને શેકહેંદ કરી તેઓથી ખુશાલ હૈડે છુટો પડયો. નશરવાનજીએ તેને અવારનવાર તેમને બંગલે આવવાની અરજ કરી હતી, અને પેસીએ તે મોટી ખુશીથી બાહલ રાખી હતી.

પણ નશરવાનજી અને તેમની બેટી ગુલ સાથે આવી ન ધારેલી રીતે ઓળખાણ પડયાથી પેસીની ખુશાલી હદ વીનાની થઈ રહી. નવો બીલ્લુ અને તે પણ સદ્દર બીલ્લુ હાથ લાગ્યો છે, એમ તે પોતાને મનસે વીચારવા લાગ્યો. તેમના કહયા મુજબ તેમને બંગલે અવારનવાર જયા કરવું, અને પછી લાગ આવતાં તેમની બેટીના હાથની માંગણી કરવી એવો ઠેરાવ તેણે હમણાંથીજ કરી રાખ્યો. ખરેખર પેસીને તો આ ન ધારેલી સોનાની ચલ્લી હાથ લાગી હતી!

નશરવાનજીને બંગલેથી નીકળી તે પાધરો પોતાની કલબમાં જ્યારે આવ્યો ત્યારે બરાબર દશનો અમલ થયો હતો. એવી રીતે અકસ્માત થયા પછી બે કલાક પસાર થઇ ગયા હતા. પણ એટલાજ વખતમાં, તેના નશીબનું ચક્કરબી કેવું ફેરવાઇ ગયું હતું!

પ્રકરણ ૫ મું.

(ભપકા પર લોભાઈ!)

"Sigh no more,......Sigh no more,
Men were deceivers ever;
One foot in sea, and one on shore,
To one thing constant never.—*Shakspeare.*

નશરવાનજી બેલા પટેલ કામા બાગ નજદીકના એકાદ કુશાદે બંગલામાં રેહેતા હતા. જાતી મેહેનત અને ખંતથી વધેલા પારસી વેપારીઓ માહેલા તેઓ એક હતા. તેઓના બાપ ફરદુનજી મરતી વખતે પોતા પાછળ ઠીક પુંજી મેલી ગયા હતા, જે નશરવાનજીએ પોતાની વેપારી કુનેહ કળાથી મોટાં પ્રમાણમાં વધારી દીધી હતી.

લગભગ ૪૫ વરસની ઉમર દરમ્યાન તેમને ત્યાં માત્ર એકજ ફરઝંદની વૃદ્ધી થઇ હતી, અને તે ગુલ હતી. ગુલ જ્યારે પંદર વરસની ઉમરની થઇ ત્યારે નશરવાનજીના ધણીઆણી બચુમાએ મરણ પામ્યા હતાં. તેમના અકાળ મરણથી નશરવાનજીને મોટો ગમ લાગ્યો હતો, અને ત્યારથી તે આજ સુધી તેવણે મોજ શોખ અને બહાર ફરવું હરવું સમુળગું છોડી દીધું હતું. નશરવાનજીનો તેમની બેટી ગુલપર બહુ પ્યાર હતો, અને તેને તેઓ જરાએ વીહીલી મુકતા ન હતા, ગુલ કોઈ કોઇ વખત પોતાની માસીને બંગલે તેમને મલવા જતી હતી, અને જે રાતે તેની ગાડીને અકસ્માત થયો હતો ત્યારે તે પોતાની માસીને ત્યાંથીજ પાછી ફરતી હતી. એવી રીતે જોતાં છેલ્લાં પાંચ વરસ સુધી ગુલ તદન એકાંતવાસમાં રહી હતી, અને દુન્યાનાં લુચ્ચાઇ લફંગાઇભરયા કારભારથી તે અજાણી હતી.

નશરવાનજીનો બંગલો રોનકદાર ઢપે બાંધવામાં આવ્યો હતો. બંગલાની આસપાસ એક કમપાંઉંદ આવેલો હતો, જેની ચોમેર પથરની દેવાલ ભરી લેવામાં આવી હતી. આગળી બાજુએ માત્ર એકજ દરવાજો હતો જેમાંથી કમપાંઉંદમાં દાખલ થવાનું હતું. એ દરવાજા આગળથી બે ફાંટા નીકળેલા હતા જે પાછા બંગલાના વરંડા નજદીક જઇને મળતા હતા, એટલે કે દરવાજા અને બંગલાની વચ્ચે એક સુંદર કયારો આવેલો હતો જેની વચમાં એક નાનો ફુવારો ઉડતો હતો. આખો બાગ તરેહવાર જાતના નાના મોટાં ઝાડોથી અને ઝાડનાં સુશોભીત કુંડાઓથી ભરપુર દીસતો હતો. બાગમાં એવી તો ઉત્તમ પ્રકારની સફાઇ જાળવવામાં આવતી હતી કે એક સુકું પાંદડું વતીક જમીનપર પડેલું નજરે પડતું ન હોતું. નશરવાનજી ઝાડપાનના ઘણાજ શોખીન હતા, તેટલામાટે બાગમાં ઝાડ પાનની તેવણ ખાસ દેખરેખ રાખતા હતા, અને તે સબબથી તે બાગ રંગબેરંગી અને જાતજાતના સુગંધી ફુલો માટે આસપાસનાઓમાં પ્રખ્યાત થઇ પડયો હતો. બંગલો નશરવાનજીના બાપદાદાને લગતો હોવાથી જોકે અસલી ઢપે બાંધેલો હતો, તોપણ તે રોનકદાર લાગતો હતો. તેની ત્રણે બાજુએ ઓટલો આવેલો હતો. આગળા ઓટલાપર દાખલ થતાં દીવાનખાનું નજરે પડતું હતું, જે દીવાનખાનું છોડી એક લાંબી ચાલ મારફતે બાજા ઓરડામાં જવાતું હતું. એ ચાલની જમની બાજુએ ત્રણ અને ડાબી બાજુએ બે ઓરડા આવેલા હતા. જમની બાજુનો પેહેલો ઓરડો નશરવાનજી પોતાના બેદરૂમ તરીકે વાપરતા હતા, અને તેની પાસે ગુલનો ઓરડો હતો. બાકીના ઓરડા બીજા કામકાજ માટે વપરાસમા આવતા હતા. ઘરનો કારભાર આસીદોશાં નામે એક બુઝરગ બાઇ ચલાવતાં હતાં. તેઓ ગુલનો જન્મ

થયાની આગમચના ત્યાં રહ્યાં હતાં. આસીદોશાં સ્વભાવે માયાળુ અને રાંક હતાં, અને ગુલ મા વગરનું બચ્ચું હોવાથી તેઓ તેને બહુ ચાહતાં હતાં. આસીદોશાં પર નશરવાનજીનો પુર વીસવાસ હતો, અને દોશાંબી પોતાના શેઠ અને તેમની બેટીનાં કામકાજ સંબંધી ભારે કાળજી ધરાવતાં હતાં.

પોતાની ગાડીને થયલા અકસ્માતથી તો ગુલ પોતાને ફાયદેોજ થયલો સમજવા લાગી. તેમ થયાથી તો તેને પેસી જેવા ફાંકડા જવાન સાથે ન ધારેલી ઓળખાણ થયલી જોઇ તે બહુ હરખાવાં લાગી, અને વળી વધારે ખુશી થવાનું કારણ તો તેને એ મળ્યું કે પેસીની રીતભાત અને ગ્રહસ્થાઇ અદબઅદાથી તેના બાપબી આનંદ પામ્યા હતા, અને અવારનવાર તેમને બંગલે આવજાવ કરવાની તેને અરજ વતીક કરી હતી.

પણ પ્રીય વાંચનાર, ગુલ પેસી તરફ કેવા પ્રકારની લાગણી ધરાવતી હતી? તેની બોલવાની સફાઇથી તે માત્ર ખુશજ થઈ એટલુંજ કે તેથી એ કાંઇ વધારે? વાંચનારને વધુવાર શકમંદ ન રાખતાં આ જગ્યાએ જણાવવાનું ઠીક થઇ પડશે કે દુન્યાના કારબારથી બીન અનુભવી ગુલ પેસી જેવા જમાને ખાધેલ ઢોંગી જવાન પર પેહેલીજ નજરે મોહી પડી હતી ! તે તેનો મનમોહક, રૂપાળો ચેહેરો જોઇ અજાયબીથી ગરકાવ થઇ ગઇ હતી. તે તેનો ભભકાદાર પોશાક જોઇ અંજાઇ ગઇ હતી. તેની બોલવાની સીફત અને ઝબાનની લેહેઝત પર ખુશખુશ થઇ ગઇ હતી. ટુકમાં પેસીના બાહારથી ચળકતા દેખાવે તેના મનપર જબરી અસર કરી હતી, અને તેવી અસરના ખુદરતી પરીણામ તરીકે તે તેની સઘળી ઢોંગી રીતભાત પર લોભાઇ પડી હતી.

આવા બહારના ભપકાદાર દેખાવપર ગુલ જેવી કેટલી બધી અબલાઓ ભોલવાઈ જતી હશે ? પણ દુન્યાજ એવી છે તેને આપણે શું કરયે વારૂં ? કેટલાકો હાલમાં ચાલતા જમાનાને સોનેરી કહે છે, કેટલાંક રૂપેરી તો વળી કેટલાક લોખંડી કહે છે. પણ આપણે આ જમાનાને એક એવું નામ આપશું કે જે સરવેને કબુલ રાખ્યા વગર છુટકો નથી. હાલમાં ચાલતા જમાનાને જો આપણે સુંદર પોશાકના જમાનાની ઉપમાં આપ્યે તો તેમ કરવામાં શું આપણે ખોટા ગણાઇશું ? નહીં. આજે ભપકાદાર પોશાકમાં સજ થઇ આપણે શું મંડળીમાં માન નથી મેળવતા? અલબત મેળવ્યે છીયે. તે વખતે આપણી બદી તરફ કોઇબી નેગાહ પોંહચાડે છે? જરા એવો લઈ ચલાઉ પોશાક પેહેરીને કેડે ગયા તો આપણુ સાથે કેવે ઠંડેપણે કામ લેવામાં આવે છે? બસ આજે તો ભપકાદાર પોશાક અને તાજીમ તવાજાભરયો દેખાવજ માણુસ જાતપર ધારેલી અસર ઉપજાવવાને કામે લાગે છે. બીજી કોઈ પણ ધીરજ તરફ આજે દુન્યા જોતી નથી. માણુસના સદગુણ યા લાયકાત તરફ આજે થોડાજ જણ ધ્યાન પુગાડે છે. એક માણુસ વીશે પુછપરછમાં પુછપરછ જો કરવી હોય તો બસ એજ કે, "એની પાસે પૈસા છે કે ? એ દમામથી ફરે છે કે ? બસ આનો જવાબ જો સંતોશકારક મળ્યો તો પછી તે માણુસની ચાલચલણની પરીક્ષા ખલાસ ! એબી જમાનાનો એક ઢંગ ! એબી કલજુગનો એક રંગ ! આવો મામલો જ્યારે ચાલે, અને દુન્યાને પોતાનું સાધુપણું દેખાડનારાઓ જ્યારે ઉભઇ જાય, ત્યારે માણુસ તેવા સાધુઓની ભોલવનારી ઠગાઇને ઝટ આધીન થઇ જાય તેમાં ઝાઝી નવાઇની વાત નથી તો. અને તેમાં ગુલ જેવી ભોલી અને બીન અનુભવી છોકરી પેસી જેવા મીઠા ઠગની ભોલવનારી ઠગાઇથી જો લલચાઇ જાએતો તેમાં જરાકબી અજાયબ થવા જોગ છે વારૂ ?

———

પ્રકરણ ૬ ઠું.

સીફતથી બીછાવેલી જાલમાં દોડી આવતી માછલી.

A hypocrite is the worst kind of player, by so much that he acts the better part; which has always two faces, oftentimes two hearts; that can compose his forehead to sadness and gravity, while he bids his heart be wanton and careless within, and in the meantime laughs within himself to think how smoothly he hath cozened the beholder.—*Bishop Hall.*

પેસી પોતાની કલબમાંથી બહુ મોડી રાતે નાદીર હોલમાં પાછો ફર્યો હતો, અને જતાંનેવાર ગુપચુપ ઉંગાઇ ગયો હતો, અને સહવારે બહુ મોડેથી ઉઠયો હતો.

ગઇ રાતે બની ગયલા બનાવપર વીચાર કરતો તે રતનફઇના ઓરડામાં બેઠો હતો. ગુલાં જેવી ખુબસુરત અને તવંગર નાર સાથે તેને અજાયબ જેવા સંજોગો વચ્ચે ઓળખાણ પડી ગઇ હતી તે માટે તે બહુજ મલકાવા લાગ્યો. પોતાના મામાની બેટી શીરીનનો હાથ મેળવવા તે ઇંતેજાર હતો ખરો, તોપણ ગુલ જો વધારે સેહેલાઇથી મળી શકે તો તે તક ખોહવી નહીં એવો તેણે ઠેરાવ કર્યો. પણ તે શું હમણાં શીરીનને ચાહતો હતો? નહીં. તે તો માત્ર તેના પૈસા લેવા તળપી રહયો હતો. પણ ત્યારે તે શું ગુલને ચાહતો હતો? નહીં. તે લુચ્ચો પૈસા સીવાએ બીજી કોઇ પણ ચીજને ચાહતો નહતો. ગુલ એક ભોલી છોકરી હતી તે તેણે તેની સાથની થોડીક વાતચીત દરમ્યાન જોઇ લીધું હતું, અને તેની ભોલાઇનો બની શકે એટલો લાભ લેવાનો તેણે ઠેરાવ કર્યો હતો.

આખો દીવસ તેણે ગુલ અને તેના પૈસાનોજ વીચાર કર્યો, અને સાંજ પડતાં તે તેને ત્યાં જવા નીકળ્યો.

નશરવાનજી દીવાનખાનામાં બેસી તે દીવસનું એકાદ વર્તમાન પત્ર વાંચતા હતા તેવામાં પેસી ત્યાં આવી લાગ્યો.

"સાહેબ મેહેરબાન, નશરવાનજી શેઠ." તે વાંકો વળી બોલ્યો.

"ઓહો," નશરવાનજી તેને પોતા સામો આવી ઉભેલો જોઈ બોલ્યા, "હું ન્યુસ વાંચતો હતો એટલે મારૂં કાંઈ ધ્યાન નહીં હતું જો, માફ કરજો, હં, પણ આ ખુરશી પર બેસોની, ઉભા શું કામ રહયા?"

પેસી તેમના કેહેવા મુજબ અદબઅદાથી ખુરશીપર બેઠો.

પણ ગુલ કયાં હતી? તેને સારૂં તો પેસી અહીં આસમાસ આવ્યો હતો. તેનો સુંદર ચેહેરો નેહાલવાની મતલબથી તો તે નશરવાનજીને મળવા આવ્યો હતો.

પણ ગુલ આજે બંગલામાં હતીજ નહીં. તે બહાર ગઈ હતી, તે આજે જરૂર રેહેતે, કારણકે પેસીના આવવાની તેણે આશા રાખી હતી. પણ તેના માસી એકાએક માંદા પડી જવાથી ગુલને સહવારનું ત્યાં જવું પડયું હતું, અને ત્યાંથી રાત થયા સુધી પાછી ફરે એમ હતું નહીં.

"સાહેબ, તમારાં બેટી કાંઈ અંહી નજર પડતાં નથી?" પેસીએ આમતેમ જોતાં પુછયું.

"એ આજે સહવારની એના માસીને બંગલે ગેઇચ, તે વખતે રાત થતાં પાછી આવશે."

"કાંઇ નહીં જી" પેસી બોલ્યો.

"પણ પેશતનજી શેઠ, તમે કેઇ આફીસમાં જાઓચ?" નશરવાનજીએ પુછયું.

"જી, અમારે ઘરનીજ આફીસ છે. હું મારા મામાનો મદદનીશ છું. "પેસીએ નારયું હાંકયું, "અને વેપારની હું તેમના હાથ તળે તાલીમ લેઉંછું. આખો વખત મને બહારગામ ખાતેનાં કાગજ પત્રોના જવાબ લખવા

પડેચ, અને એમ કહોની સાહેબ, કે મારા મામાના ઓહલા વેપારનો સઘળો અખત્યાર મારેજ હાથ છે." પેસીને આડીખાડી કાંઈ નડીજ નહીં !

"પણુ ચાલો સાહેબ, જરા બહાર લતાર મારવા નીકળી પડયે."

"નહીંજી, માફ કરો, હું કેઠે જતો આવતો નથી." નશરવાનજી બોલ્યા, "જ્યારથી મારી ગુલની માય મરણુ પામીચ ત્યારથી મને દુન્યાની સર્વે ચીજ ઝેર સમાન લાગેચ, અને કેઠે ફરવા હરવા જવા ગમતું નથી, કોઈ કોઈ વખત મને મારા કામકાજ સંબંધી બહારગામ જવું પડેચ, પણ તેબી હવે હું બંધ કરવા માંગુચ. અને મારો વેપાર કોઈ બીજાના હાથમાં સોંપી દેવાનો મારો વીચારછે."

"બરાબર છે સાહેબ, જ્યારે તમારાથી નહીં બની શકે ત્યારે નકામી જંજાલયત શું કામ કરવી જોઇએ ? અને તે કરતા ખોદાઓતાલાની બરકત તમારે ત્યાં છે એટલે હવે રીટાયરબી થાવો તો શું છે ? પણ ચાલો સાહેબ, હવે હું રજા ચાહુંચ, હજુર તો મને પેહેડીપર જવું છે ને ત્યાંથી રાતે દશ વાગે છુટકો થાયચ કે અગ્યાર વાગે તે તો સાહેબ જાણે."

"અરે પણુ શુ ઉતાવળ પડીચ તમે આબ્યા શું અને જવા શું માગોચ ?" નશરવાનજી પેસીને બેસવાની બોહસ કરતા બોલ્યા.

"પણુ સાહેબ, મારે વખતસર બંગલે જવું જોઇએ, નહીંતો બધાં મારી વાત જોએ, અને મારા મામાનો ઠપકો મારે સમજવો પડે." પેસી પોતાની ગટમાં લોટતાં બોલ્યો.

"ત્યારે તો જેમ તમારી મરજી, પણુ વળી આવતા રેહેજો હં. ઘર તમારૂંજ છે. અને તમારી વાતચીતથી મારો જીવ જરાક લગાર ખુશ થાયચ." નશરવાનજીએ એમ કહી પેસીને શેકહેંદ કરી, અને એવી રીતે પોતાની વર્તણુંક બાબેનો સારો વીચાર તેમના મન પર ઠસાવી તે ઉહાઉગીર બંગલામાંથી બહાર પડયો.

કમપાંઉન્ડ ઓળંગી રસ્તે આવતાં કોઈની ગાડી તેના ભણી આવતી નજરે પડી. અને તે લુચ્ચાની બેહદ ખુશાલી વચ્ચે તેને માલમ પડયું કે તેમાં ગુલ બેઠી હતી. ગુલ અને પેસીની નજર સામાસામી મળી, અને ગુલે ગાડી ઉભી રખાવી.

"ઓહો, પેસતનજી, મારે બંગલે જઈ આયા શું ?" ગુલે સવાલ કરયો.

"હા તમારેજ બંગલેથી હમણાં આયો." પેસીએ જવાબ દીધો.

"હું આજે જરૂર રેહેતે પણ બીચારાં મારાં માશી એકાએક સીક પડી ગીયાં તે મને જવું પડયું. બાવાએ તમુને કહ્યુંબી હોસે."

"હા. તેવણે મને જતાંનેવાર કહ્યું. પણ કાંઇ નહી તેનું શું છે. તમારી મેહેરબાની છે તો હું અવારનવાર આવતો જતો રેહેવસ." એમ કહી પેસી છુટો પડયો, અને ગાડી કમપાંઊંદમાં વળી.

પેસીને મનસે તો જાણે કહારૂનનો ખજાનો હાથ લાગ્યો હતો. "તારે આજના દેખાવ પરથી તો એમ ઠરી શકે," તે રસ્તે જતાં પોતાને મનસે બોલવા લાગ્યો, "કે એ છોકરીની આપણી ઉપર કાંઇ ખાત્તી મીઠ્ઠી નજર ખરી. વરી છેબી બહુ ભોલી જો, તેથી એને ફાંડામાં ઉતારતાં વારબી નહી લાગે તો. સાથે લાગી વરી દુન્યાની કાંઇ મોજ મજાહબી ભોગવેલી હોય એમ લાગતું નથી. બાપબી કેહો સક્કઇ ગંદેરી મુવેલો છે. બુઢયા ઓરતની માફક ઘેરમાં ભરઇ રેહેચ. પણુ તેથી શું થયું, પૈસા છે કેની ! આપુને કાં બીજી ચીજ જોઇએચ કે તેની વાત. પણુ બીચારી એ છોકરીને બી એકાંતવાસમાં રાખી મુકેલી લાગેચ. બીચારી વાતબી કરેચ તે કાંઇ બીહ બીહને ને વળી ઢાંખરો તો મારા બોલવા પર ભોલવાઇજ ગીયો, ને આપણે બી કંઇ છટરાક હાંકવામાં બાકી નહી રાખ્યું તો, ને એવણની નજરમાં મોટા વેપારી ઠરયા. પણુ વેપાર શાંનો તે તો ભરમમાંજ હં ! મજેના ડાહયા ડોરા થઇ ગીયા, જાને હેદરાબાદના

નવાબ તો! ને બીચારા બુઢ્ઢાજી બી તે જોઇ ખુશ ખુશ થઇ ગીયા, ને ઘેરે આવતો જતા રેહવાનું ઇજન કર્યું. ચાલો, વરી એ બી આપણા લાભનીજ વાતતો. ખોદાની મરજી એમ હોસે તો એમ આપણી કાં ના છે. અરે બસ એક વખતે જો એ બુલબુલ હાથ લાગ્યું કેની તો પેસી બચ્ચાનો જીવડો તો હરખાઇ હરખાઇ જાએ. ખરે એ ગુલતો આસમાની હુર કરતાં બી આલે છે. કેવો એનો રૂપાળો ચેહેરો! અને એના જેવી પરીની આપણા જેવા છેલ છબીલા પર પસંદગી ઉતરી એ તો કંઇ મારા મોટાં કીસમતને ભાયગ!"

એવા એવા વીચારો કરતો પેસી બંગલે પુગ્યો. રાતે ઉંઘતી વખતે બી તેને બસ ગુલાંનાજ સ્વપ્ના આવ્યા અને સહવારે ઉઠતાંને વાર બી બસ તે તેનોજ વીચાર ચલાવવા લાગ્યો.

એવી રીતે તે પોતાના ઓરડામાં બેઠો હતો ને નવલા બબરચીએ તેને નામનું એક કાગળ તેને લાવી આપ્યું.

"એ કોણ આપી ગીયું, નવલા?" પેસીએ પુછ્યું.

"એ તો હવારને પોર જરા બાગમાં લીલી ચાહે લેવા ગેલો કેની તે કોઇ ઘોરાવાલા જેવો આપી ગેલો. મેં પુછ્યું કીહાંથી લાયો તો કેહેજે નહીં કેહેવાએ. બાઇ હાએબે તેમ કરવા ના કહેલું. જો હહરીનો, વરી બાઇ હાએબે ના કહેલું! હેઠનું નામ તો કહે નહીં ને કેહે જે કે બાઇ હાએબનો ઘોરાવાલો થાઉં. તે ગીયો કે હું લઇને આ તારી પાહે આયો. હવે હમજ્યો." નવલો પોતાની ગામડેની ભાશામાં જેવું તેવું બોલ્યો.

"વારૂં ઠીક છે, જા નવલા, હવે તારે કામે જા." પેસીએ તેને કહ્યું, પણ નવલો ગયો નહીં.

"પણ એ બાઇ હાએબ કોન?" તે ઉભો રહી પુછવા લાગ્યો, "એ કેઇ બાઇ હાએબ હાથે વેહવાર રાખવા માંડેલો. કાંઇ હમજ પરે. પેલા તારા મામા ને ખબર પરી તો પછી જોઇ લેઓ!"

"પણ મારી વાતમાં પડવાની તુંને શું જરૂર, નવલા?" પેસી ગુસ્સાભર બોલી ઉઠયો.

"લે જો, હું વરી તુંને ઓરખતો નહીં હોવું તેમ. મેં તુંને લઇ કરીને આટલું હરીખું પુછ્યું તેમાં તારૂં નખ્ખોડ તે હું વરી ગીયું." નવલો ખભરયો.

"ચુપરાઓ! યુ દેમ, બ્રુત, દફર!" પેસી હવે ઉખડયો, "નીકલ અંહીંથી યુ સુવ્વર, રાસકલ, નહીં તો લાત મારીને દાંત તોરી પારસ તારા મનમાં તું સમજેચ શું?"

"જો બચ્ચા, મોનું હંભાલજે હં." નવલોબી કાંઇ ખાંડયો જાએ કે, "દેમને બુત કોનને કેતો છે, હં? પોતે નવી નવી બાઇ હાએબ હોધી કારતો ફરે ને બીજાને ગાર દએ. ફરીથી કંઇ બોલ્યો કેની તો દપ દેતી કે બતરીહીજ તોરી પારા, હમજેલો કે? કમબખતીએ ઘેર ઘેરયું હોય તો એવું ફાતું ફાતું બકજે. મારો હહરો વરી લાત મારપા નીકલી પએરો, જો!" એમ બોલી નવલો ખભરાતમાં ને ખભરાતમાં ઓરડો છોડી ચાલી ગયો. આ તે શેઠ અને ચાકર વચ્ચેનો વેહવાર!

તેના ગયા પછી પેસીએ તે કાગજ તપાસ્યું તો તેને તેની ભારે ખુશાલી વચ્ચે માલમ પડયું કે તે નશરવાનજીને ત્યાંથી આવેલું હતું. તે તેણે ઝટ ઉખેડયું અને નીચે પ્રમાણે વાંચવા લાગ્યો.

મેહેરબાન ભાઇજી પેસતનજી,

જત લખવા અરજ એ છે કે આવતી પરમદીને મારી બેટી ગુલની વરસ ગાંઠનો મુબારક દીવસ હોવાથી તમોએ મેહેરબાની કરી મારે બંગલે સહવારથી પધારવાની તસ્દી લેવીજી.

લા૦ દુવાગીર,

નશરવાનજી બેલાપટેલ.

તા૦ ૨૩ મી દાસેમ્બર ૧૮—

આ તે કાગળ હતું. પેસીની ખુશાલીનો તો કાંઇ પારજ ન રહયો. તેની મતલબ તો જેમ બને તેમ નશરવાનજીના ઘરમાં મજબુત પગપેસારો કરી તેમની બેટી ગુલને હાથ કરવાની હતી. અને પોતાની તે મતલબમાં પાર પાડવા માટે તેને હવે ઝાઝી મુશકેલી નડે એમ તેને લાગ્યું નહીં. ચીઠ્ઠી પરથી તેણે સાફ જોઇ લીધું કે તેના પર નશરવાનજીની ખાસ મેહેરબાની ઉતરી હતી, અને ગુલ સાથે મેલાપ કરવાની તેવણ તેને આ જાણે એક તક આપતા હતા. વળી તેવણે તેને સહવારથી પધારવાનું ઇજન કર્યું હતું, તે વાતથી તેને મનથી તેના લાભનીજ હતી.

પ્રકરણ ૭ મું.

પાપી ગરદન આસપાસ વીંતળાયલા નાજુક હાથ.

Did you never observe the narrow intellect flashing from the pure eyes of a clever rogue? How clearly his paltry soul sees the way to his end! He is the reverse of the blind, but his pure sight is taken into the service of evil, and he is dangerous in proportion to his intellect.—*Plato.*

વખત સુમારે સાંહજના છ વાગતાનો હતો. તે સાંહજ ખરે રળીઆમણી હતી. સુર્યનાં કીરણનું તેજ ધીમેધીમે ઓછું થતું હતું. આકાશમાં પશચીમ ભણી ધીમેધીમે લાલી પથરાતી જતી હતી. વાદલાંઓ એક પછી એક ઉત્તર તરફ કુચ કરતાં નજરે પડતાં હતાં, અને જાણે તે જોઈને રંગબેરંગી પક્ષીઓબી પોતપોતાના માલામાં જવાની ઉડાઉડ કરી રહ્યાં હતાં. આકાશમાં ઝળઝળ થતા રંગ પ્રકાશી રહ્યાથી માહસાગરનાં પાણીનો રંગ પણ અવારનવાર બદલાયા કરતો હતો, ટુકમાં ખુદરતનો દેખાવ સાંહજને છેડે કાંઈ ઓર મધુર અને મોહ પમાડનારો લાગતો હતો.

આવે વખતે સંખ્યાબંધ બડેખાંઓ પોતાના મનને રાહત આપવા ઠકી વાલકેશ્વરને દરયે કીનારે ફરવા નીકળી પડયા હતા. તેઓમાં અતી એશકી પોશાકમાં સજ થયલા એક પારસી જુવાન્યા તરફ આપણે આપણી નજર ફેરવયે. તે ખુબસુરત જવાન પોતાની સાથે એક રૂપાળી અબલાને લઇ કીનારા તરફ ધીરે ધીરે ચાલતો નજરે પડતો હતો. તેઓ એક મેક સાથે બહુજ વાહાલથી વાતો કરતાં જણાતાં હતાં.

"કેમ બેહેન ગુલ, આ તરફનો દેખાવ કેવો મજાનો લાગેચ." પેલો જવાન્યો જે કોઇજ નહીં પણ પેસી હતો તે બોલ્યો.

આજે સહવારથી તે નશરવાનજીના ઇજનને માન આપી તેમને ત્યાં ગયો હતો, અને તેની હાજરીથી જેમ તેવણને મોટી ખુશાલી ઉપજી હતી તેમ ગુલાં બી કાંઇ તેથી થોડી નહીં હરખાઈ. આખો દીવસ તો હસી ખુશીથી વાતો કરવામાં પસાર થઇ ગયો હતો, અને પેસીની ફુરતાજ ભરી વાતો પર ગુલ વધુ ભોલવાઇ હતી. સાંહજને છેડે ગુલે બહાર ફરવા જવાની ખાહેશ બતાવી હતી. નશરવાનજી પોતે આવી શકે એમ હતું નહીં. પણ ગુલને રાજી રાખવા તેવણે તેને પેસીની સાથે પોતાની ગાડીમાં દરયે કીનારે ફરવા મોકલી હતી. અને તેથી પેસીને તો વધારે ફાવતું પાયું હતું.

"કેમ ગુલ, શું વીચાર કરેચ? દેખાવ રળીઆમણો લાગેચ કેની?"

"હા, ભાઇ પેસી, અંહીનો દેખાવ તો ખરેજ મજાનો લાગેછ." ગુલે હસીને જવાબ દીધો.

"અને હું ધારુંચ કે આટલાં આટલાં

વરસ સુધી એકાંતવાસમાંજ રહયા પછી આવી જાતનું ફરવા હરવાનું ઘણુંજ પસંદ આવતું હોસે." પેસી બોલ્યો.

"એમતો મારાં માયજીની હયાતી દરમ્યાન મેં ઘણી બી મજાહ ભોગવેલી, તોપણ આટલા લાંબા વખતના એકાંતવાસ પછી તે બધું મને એક પછી એક યાદ આવેચ તારે મને મોટી ખુશાલી લાગેચ અને જો ભઇ અકસ્માત વેલા તમારી મુલાકાત નહીં થતે તો આવી રીતનું ફરવાનું મને કદીબી મલ તે નહીં. ઘોડો પડી ગીયો તેથી તો મને ફાયદોજ થયો. તે વખતે તમે મને મદદ કરવાને હજુર તો ચાર પાંચ દીવસ બી થયા નથી તેટલામાંજ તમે તમારા મલતાવડા સ્વભાવથી મારા બાવાજીના માનીતા થયાચ તેથી હું કંઇ થોડી ખુશી નથી થઈ." ગુલ હરખભર બોલી.

પણ વળી ઠાવકા પેસીબા કાંઈ તે સાંભળી ઓછા હરશીત ન થયા. પોતાના ભોલાપણામાં તે જે કાંઇ બોલતી હતી તેમાંનો દરએક હરફ તે જમાને ખાધેલને તેની મતલબ પાર પાડવામાં કેવો કામે લાગતો હતો તેની તે ગરીબ કુમારીકાને કયાંથી ખબર હોય? ગુલને ક્યાંથી ખબર હોય કે જે શખસ પર તે મોહી પડી હતી તે એક આપ મતલબી, લોભી પુરૂશ હતો?

"આજે બાજી અજમાવવાનો સારો ચાન્સ છે." પેસી પોતાને મનસે બોલ્યો, "ભલા ભલાને મેં રમારી દીધા છે તો પછી આવી ભોલીભટાક કુમારીકાને જીતી લેતાં કેટલીવાર? આવીજા જોઉં બાબન, તું તારી બાજીમાં જીતેચ કે હું? અરે પણ પેલી! કાંય નહીં, યાર તેબી તાહરે નસીબે તેવીજ મળીચ! બસ પૈસા, પૈસા, પૈસા "અને આ છેલ્લા શબ્દો પેસી ગુલ સાંભળે તેમ બોલી ઉઠયો!

તેને ઉપર મુજબ શુરમાં આવીને બોલતો સાંભળી ગુલ ચોંકી. તે પણ કાંઇ ઉંડો વીચાર કરતી ચાલતી હતી, પણ ઉપલા બોલો એ તેને બીદાર કરી, અને તે પણ એકાએક બોલી ઉઠી, "કેમ દીઅર મે—કેમ કેમ પે-પેસીબા, શું છે?"

પેસી પણ પોતાની આવી હદબહાર ઉલટ માટે દલગીર થયો, અને પોતે ભાન ભુલી જઇ વાટેલા ભાંગરા માટે પસતાવા લાગ્યો. પણ તેણે તુરત જવાબ આપ્યો, "શું તમે પૈસા, પૈસા માટે પુછોચ? શું દુન્યા છે. બેહેન, કે ખુદરતે આવા આવા સુંદર સુંદર દેખાવો આદમ જાતને બખશયા છતાં તેની ખુબીની વખાણ ગાવાને બદલે બસ આજના જુવાન્યાઓ તો પૈસા, પૈસા, ને બસ પૈસા પરજ મરી રહયા છે! પણ તેઓ જાણતા નથી કે પૈસા કંઇ સાથે બાંધી નથી લઇ જવા. પેસીએ વાત જબરી ફેરવી તોલી.

"તમે મારા બાવાના મતને ઘણાં મળતા આવોચ." ગુલ હરખાઇને આ મવાલીની વખાણ કરતી બોલી, "તેવણ તો ખુદરતનો દેખાવ જોવા બેસે તાંથી ઉઠેજ નહીં. મોટી મોટી કીંમત આપીને એવણ ખુદરતના દેખાવોના પીકચરો ખરીદયા જાય છે, જેનો સંગ્રહ તમોએ અમારા બંગલામાં જોયો બી હોસે."

"વારૂ ગુલ તમુંને સુનાની જણસ વીશેની કાંઈ પારખ ખરી કે? આ નાની લોકેટ છે તેનો ઘાટ કેવો છે? એ તમુંને કંઇ પસંદ આવેચ વારૂ?" એમ કહી પેસીએ વાત ફેરવી નાખી પોતાના ગજવામાંથી એક સુંદર નાની લોકેટ કહાડી તે ગુલને તપાસવા આપી.

પોતે એક ઝવેરી હોય તેમ ગુલ તે ચીપી ચીપીને બારીકીથી જોવા લાગી, અને હસીને બોલી ઉઠી.

"એવી સરસ લોકીટ તો મેં આજે પેહેલીજ વખત જોઇ. ઘણુંજ નાદર નંગ છે. એ કીયા ઝવેરીએ બનાવી? મારા બાવા મને જરૂર એવી અપાવસે. ઉપર મોનોગ્રામ સૌ છે. તમારાં બેહેન બેહેન છે કે, આવી સરસ લોકીત ખરે તમે તેવણુનેજ ભેટ કરો બીજા કોણને?"

"નહીં ગુલ, તમે ભુલ કરોચ. એ કંઇ

મેં મારી બેહેન માતે લીધી નથી. એ તો, માફ કરજો હં કે, પણ મેં મારી ભવીશની મોહરદારને ભેટ કરવા લીધી છે." એટલું બોલી તેણે ગુલ તરફ બારીકીથી ટીકીટીકીને જોયું અને તેણે શું જોયું? ગુલનાં મોહડાં પર ઉંડી નાસીપાસીની નીશાન પ્રકટી રહેલી તેણે દીઠી. તે લોકેટથી જાણે તે કમકમતી હોય તેમ ગુલે તે તરતજ પેસીને સ્વાધીન કરી દીધી. દાવકો પેસી આ જોઇ મુંછમાં હસ્યો, અને બોલ્યો, "કેમ કંઇ વીચારમાં છેઓ? કાંઇ જીવ બીવ ફરેચ?"

ગુલે તરતજ જવાબ આપ્યો, "નહીંજી, કંઈ નહી" અને તરતજ પાછી વીચારમાં પડી.

ત્યારપછી બન્ને જણ એકાદ નજદીકના બાંકપર બેઠાં. અને ત્યારપછી પેસીએ ગુલને પાછું પુછ્યું, "નહીં ગુલ એમ લોકઇ નહીં ગણવી. તમારા મનમાં જે કાંઇ હોય તે કેહો ફરમાવો હું બજાવવા તૈયાર છેઉં.

ગુલ જરાક ઉશકેરાઇને બોલી, "હું વીચાર કરૂંચ કે એવી ભાયગશાલી નાર તે કોણ હોસે કે—પણ નહીં, હુંબી શું એમ ખોટા ખોટા વીચાર કરૂંચ" અને અંહીં ગુલ હસી પડી. પણ તેનું હસવાનું કાંઇ ખરાં અંતકરણનું ન હતું. તેણે તો માત્ર હસવાનું ડોળ ઘાલ્યું હતું. પણ તેમ કરી તે પોતાની કાંઇ મતલબ સાચવવા માંગતી હતી એમ વાંચનારે ન સમજવું. પણ તે વખતે તેના મનમાં કાંઇ અજબ પ્રકારના વીચારો આવવા લાગ્યા. તે લોકીટ તેની ભવીશની મોહરદારને ભેટ આપવા ખરીદી છે એમ પેસીને બોલતો તે સાંભળી શકી નહીં. તે સાંહજનો ખુશનુંમા દેખાવ જે તે થોડાજ વખત અગાઉ નેહાલતી હતી તેજ દેખાવ હવે તેને કરડવા આવ્યો. પવનની ઠંડી લેહેકી જે તેના મનને રાહત આપતી હતી તે હવે તેને જાણે સોયની માફક ભોકાવા લાગી, ખરેજ તેની છાતીમાં અગ્ન બળતી હોય એમ તેને હવે લાગ્યું. અને વાંચનાર, તે અગ્ન શાંની હતી? તે અગ્નનું ખરૂં કારણ તો અદેખાઇ હતી, અને અદેખાઇનો આતશ તેના જીગરમાં સલગી ઉઠયો હતો.

ગુલ હસી પડયા પછી તરતજ ઉઠી અને બોલી, "ચાલો હવે ઘેર જવું જોઇએ. બાવા વાર જોતા હોસે."

ગુલ જ્યારે વીચારમાં હતી ત્યારે પેસી શું કરતો હતો? તે પોંહચેલ બુધ્ધીના માણસે તુરતજ પારખી કાઢયું કે ગુલનું હસવાનું માત્ર બહારનુંજ હતું. તેના મનમાં શું વીચારો આવતા હતા તે જોઇ લેતાં તેને વીલંબ લાગ્યો નહીં. અને હવે તેણે પોતાની ફત્તેહ સંપુરણ થયલી જોઈ. તોપણ જાણે કાંઇ જાણતો ન હોય તેમ તે ગરીબ નારને તવળાવતો બોલ્યો.

"નહીં, ગુલ, એમ કંઇ ઘેર જવાસે નહીં. તમારાં મનમાં જેબી હોય તે કેહી દેઓ." અને અંહીં તેણે ગુલનો હાથ પકડી બેસાડી અને તરતજ પાછો બોલી ઉઠયો, "લેઓ વારૂ, તમે નથી કેહેતાં તો હું કેહું કે તમારા મનમાં શું છે તે. તમારા મનમાં, માફ કરજો હં કે, પણ બોલ્યા વગર ચાલતું નથી, કે અદેખાઇ ઉભરી આવીચ. કેમ ખરૂં કે ની? તમુને આએ લોકેટ ઘણી ગમેચ, ને એ તમે બીજીના હાથમાં જવા દેવા માંગતાં નથી; પણ લેઓ એ લોકેટ હું તમુને તમારી સાલગરીની મુબારકબાદીમાં ભેટ કરૂંચ." એમ કહી પેસીએ તે લોકેટ તેની તરફ ધરી, પણ તે તેનો સ્વીકાર ન કરતાં બોલી,

"નહીં, મારા મનમાં કાંઇ એવું છેજ નહીં, ને તમારી આવી ભેટ હું ઉપકાર સહીત ના પાડુંચ. રખે કોઇ બીજી અબલાને ગેર ઇનસાફ થાય."

"ગુલ," પેસી હવે તકોર કરી બોલ્યો, "મારી ગરીબ તરફની આવી નજીવી ભેટ તમે કબુલ રાખતાં નથી તેથી હું ઘણોજ દલગીર છેઉ. અને તે કરતાં એ લોકીટ મેં કાંઈ બીજી અબલાને માટે લીધીજ નથી."

"તમે હમણાંજ મને કહ્યું કે એતો તમે તમારી ભવીશની મોહરદાર માટે લીધી છે, ને

હવે એમ મશકેરી શું કરોચ?" ગુલ જરાક ગુસ્સે થઈ બોલી,

પેસીએ હવે પોતાનો સાદ ફેરવી નાખ્યો અને ધીમેથી બોલ્યો, "ગુલ, તે ખરી વાત છે. અને મારી પ્યારી ગુલ, તે મારી ભવીશની મોહરદાંર કોઇજ નહીં પણ મારાં બુલબુલ તે તુંજ છે! લે હવેબી એ કબુલ રાખશે કે નહીં? તેં તારો મોનોગ્રામ ઉપર કોટરેલો નહીં જોયો?"

ઉપલા સખુને ગુલપર જાણે વીજલીક અસર ઉપજાવી! તેણે તે લોકીટ અતીઘણી આતુરતાથી પેસીના હાથમાંથી ઝુંતાવી લીધી, અને તે લુચ્ચાની પાપી ગરદન આસપાસ પોતાના નાજુક હાથ વીંતાળીને તે ઠગના પાપી મુખ તરફ જોઇ બોલી, "ડીયર, તારે મને અમથી તવલાવી કાંએ? અરે પણ હુંબી કેવી આંધરી બની ગઇ કે ઉપર મારો મોનોગ્રામ બી નહીં જોયો! ડીયર તમે મને આજે તદન સુખી બનાવીચ."

"તે માટે ખુદાનો ઉપકાર માન, વાહલી. પણ ચાલ હવે આપણે બંગલે જઇએ અને આજના આજ તારા બાવાની રજા માંગીયે, અને તેમના આશીરવાદ લઇએ."

અને ત્યાર પછી બન્ને જણ પોતાની ગાડી જે દુર ઉભી હતી ત્યાં આવ્યાં, અને બંગલા ભણી હંકારવા માંડયું.

પ્રકરણ ૮ મું.

પેસી એક જમાને ફીલસુફ!

"Know then thyself, presume not God to scan;
The proper study of mankind is man."—*Pope.*

"Our wisest creeds
Are but the lisping of a prattling child
To spell the infinite."—*Prof. Blackie.*

બીજેજ દીવસ પેસી સાંહજના પાંચ વાગ્યા પછી નશરવાનજીને બંગલે જવા નીકળ્યો. તેની ધારણા ખોટી પડી નહતી. તેણે હવે નક્કીપણે જાણ્યું કે ગુલ તેને ખરેપણે ચાહતી હતી, અને તેટલા માટે હવે તેણે પોતાની ફત્તેહ સંપુર્ણ થયલી જોઇ લીધી.

પોતે ગુલને કેટલાં અનહદ પ્યારથી ચાહેછે, અને તેના સુખ માટે તે કેટલો આતુર છે તે તેને નજરોનજર દેખાડવા માટે તેણે કેવી હીકમત ભરી યુકતીનો ઉપયોગ કરી તે ભોલી અબલાને ઠગી હતી તે બીના તો આપણે ગયાં પ્રકરણમાં જોઇ ગયાં. નશરવાનજીનું ફરઝંદ માત્ર ગુલજ હતી, અને તેટલા માતે તેવણ પોતાનું સઘળું તેનેજ આપી જશે એમ તે જાણતો હતો, અને તેટલા માતેજ ગુલનો હાથ મેળવવા તે પેહેલે ઘરથીજ તતપર થઇ રહયો હતો.

પેસી જ્યારે દીવાનખાંનામાં દાખલ થયો ત્યારે તેણે નશરવંનજીને અવસ્તાના પવીત્ર કલામ પઢતા દીઠા.

"આવો પેસી બા," નજદીકમાં ગુલ બેઠી હતી તે પેસીને આવકાર દેતા બોલી, "બાવાજી જરા ભણવા બેઠાચ તે ઓએ ઉઠશે. કંઇ નહીં, તમે બેસો." અને નશરવાનજીએબી જરા પેસી તરફ નમીને ડોકું ધુનાવ્યું.

"તમારા બાવાજી ભણવા બેઠાચ ને તમે કાંએ નહીં બેસતાં?" પેસીએ પુછ્યું.

"હું હમણાંજ ભણી ઉઠીચ." ગુલે જવાબ દીધો.

"હું જાણીને ઘણો ખુશી છેઉ કે તમેબી એમ બંદગીમાં મશગુલ રેહો છો. ખરેખર ભણવા ગણવાનું તો માણુસ જાત માટે એક આશીરવાદ સમાન છે. અને જે પોતાના પેદાંના કરનાર પરવરદેગારને ભુલે તેના જેવો

બુરો કોઇ નહીં." પેસી અતી ઘણો ગંભીર ચેહેરો કરી બોલ્યો. જાણે જમાને ફીલસુફ!

થોડે વારે નશરવાનજી પોતાની બંદગીમાંથી ફારેગ થઇ પેસી પાસે આવી બેઠા.

"કેમ પેસીબા, કાંઇ સાંહજને છેડે આવવું પડયું? ભલા માણુસ, સહવારથી આવ્યે કેની? હમણાં પાંચ તો વાગવા આવ્યા અને એ વખતે તો તમારા જેવા જુવાન્યાઓનો ફરવા જવાનો વખત." નશરવાનજી બોલ્યા.

"સાહેબ, તમે માનતા હોયતો માનજો કે મને એક ઘરીની ફરસુત નથી મળતી. પેહેરીનું કામકાજ હમણાં તો એટલું બધું વધી પરયુંચ કે એખલે હાથે બધી ગમ પોંચી વલવાનું બહુ મુશકેલ થઇ પરેચ. ને આએ જરારતી તમારેતાંબી આંઉંચકેની તે એ તો તમારી સાથ જરા મોહબત લાગીચ કરીને, બાકી આપણે તો ના કેઠે જવું કે ના કેઠે આવવું. આપણી પેહેરી ભલી કે ઘર ભલું." પેસી ગંભીર મોં કરી બોલ્યો.

"એતો જોવોની બા, વેપારનું કામ એવુંજ હોય. કામબી કરીએ, ફરીએબી, બંદગીબી કરીએ, બધુંજ તો. હું જાણીને ખુશી છું પેશીબા કે આજના જવાનીઆઓ માફક કાંઠે તમારા વીચાર બંદગી વીરૂધ નથી."

"મને મારા વેપારની આતલી રોકાણ છે તોબી એતો કંઇબી કરીને આપણાં ધરમને સારૂં તો વખત ફાજલ પારવોજ જોઇએ. અને સાહેબ, આએ અવસ્તા બાજુએ રેહેવા દઇ સમજ પડે એવી ભાશામાં તમે બંદગી કાંએ નહીં કરતા?"

"ત્યારે તો તમે અવસતાના ભેદી કલામો નહીં પણતા હશો?" નશરવાનજીએ શકમંદ થઇ પુછયું.

"ખરૂં કહું તો હું તો સાહેબ, ગુજરાતી ભાશામાંજ સમજ પરે એવી રીતે બંદગી કરવાનું પસંદ કરૂંચ." પેસી બોલ્યો.

"એ સઘળી એની ખુબી વીશે બે સમજ પણાની અસર છે. આપણા પાક, અસલી, અને અતી મોતેબર અવસતાના ભેદી કલામો પડતા મુકી ગુજરાતી ભાશામાં બંદગી કરવી એ અવસ્તાના જોડી કહાડનાર ફીલસુફને અપમાન કરવા જેવું છે એટલુંજ નહીં પણ તેવી અનઘટતી રીત અખત્યાર કર્યાથી માણુસ જાતની ખાલી હેંકરાઇ અને હલકાઇ સાફ માલમ પરી આવેછે. જરાક રતી લખત વાંચતાં આવડયું અને જરાક સરીખી સત્તા હાથમાં આવી તો માણુસના મગજમાં તુંદઇ ઝટ વાસો કરેછે પણ તેને આધીન થવાનું, એક ડાહયા આદમીનું કામ નથી." નશરવાનજી ઉશકેરાઇને બોલ્યા.

"પણ સાહેબ, તારે તો તમે ગુજરાતી ભાશાને અપમાન કરોચ, અને એ ભાશા જાણે કચરા જેવી હોય તેમ ગણોચ." પેસી પોતાની સુફયાની "લોજીક" ચલાવતો બોલ્યો.

"એવું બેઉડુ મત ધરાવવામાં તમારી મોટી ભુલ છે, પેસીબા.ગુજરાતી ભાશાને હું કંઈ કચરા સરખી ગણતોજ નથી. પણ સાહેબ, આ નીયમ તમે કેમ ભુલી જાઓછો કે લાયક ચીજને તેની લાયકાતનુંજ માન મળવું જોઈએ? દરેક ભાશા તરફ હું માનની નજરથી જોઉંછુ. ગુજરાતી સંસ્કૃતમાંથી નીકળેલી એક નાની ભાશા છે. પણ આપણી અવસતાની ભાશા કાંઇ તેવી નથી. ગુજરાતી કરતાં તો શું પણ સુધરેલી આલમના પંડીતો અને વીદવાનોના વજન પામેલા મત મુજબ આખી દુન્યાની બીજી સઘળી ભાશાઓ કરતાં એ આપણા પવીત્ર અવસ્તાના કલામો ચઢયાતા છે. એ કલામોમાં એવોતો ગુપ્ત અર્થ સમાયલો છે, અને એટલી બધીતો ભેદી વાતો અંદર આવી ગયલી છે કે તેને પોહચી વળવાને જ્યારે તે ફીલસુફોના ફીલસુફ ફાવ્યા નથી ત્યારે આપણા જેવા ટુંક ભંડોળ્યાઓ તે વીશેની સઘળી સમજણ આપવાનો ફાંકો કેમ રાખી શકયે? એવા ઉત્તમ કલામોનો અનાદર કરી જેઓ બીજી ભાશામાં બંદગી કરે છે તેઓને કદાચ ખબર નહીં હોય અને હોય તોપણ તેની દરકાર કરતા નહીં હોય કે એ કલામોતો કાંઇ ઓરજ ખુબી ધરાવે છે."

"પણ સાહેબ, તમે ગુજરાતી ભાસાનો હર પળે ઉપયોગ કરતા જાઓચ, અને માત્ર ભણતીજ વખતે તે તમારી નજરમાં કેમ હલકી પડેચ તેની મને મુદલ સમજ પડતી નથી." પેસી પોતાની "લોજીક"થી હરખાતો હોય તેમ બોલ્યો.

"તમે કહોછો તે સઘળી ખરી વાત છે. પણ એનો ઉપયોગ કર્યા વગર આપણને ચાલે એમ નથીની. વેપાર વગેરે બીજા તરેહવાર જાતના વેહેવારોમાં એક બીજા સાથે સંબંધ પડયો એટલે સૌને સેહેલાઇથી સમજવાને બની આવે એવીજ ભાશા વાપરવી જોઇએ, અને તેમ જો નહીં કરીએ તો આપણા કામ કાજમાં મોટી ખલલ પડે. પણ એવી રીતની અડચણ કાંઇ આપણને અવસતાના બાબમાં ખમવી પડતી નથી. ભણતી વખતે આપણને કોઇ હરકત કરવા આવતું નથી. તે વખતે કાંઇ આપણને પરજાત સાથે વાત કરવી પડતી નથી, પણ આપણા પરવરદેગાર સાથે છુપી ગુફ્તેગો કરવી પડેચ. એક ભાશાનો તરજુમો કરતાં તમોને આવડે નહીં, તે છતાં તેને તાણી તોડી હજારો ભલતાજ અર્થ ઉઠાડો તો તેમાં સરતાપા બેવકુફાઇ સીવાય બીજું શું હોય?"

"પણ બાવાજી, ત્યારે અગ્રેજ લોકો કાંએ પોતાને સમજ પરે એવી ભાશામા બંદગી કરતા હોસે." ગુલ કે જે આટલો વખત સઘળી તકરાર ધ્યાનથી સાંભળતી હતી તે હવે બોલી.

"અસલ એ લોકનું "બાઈબલ" કેઇ ભાશામાં હતું તે તું જાણોચ, દીકરી?" નશરવાનજીએ પુછયું.

"હા બાવાજી, લેતીન ભાશામાં હતુ, અને તેનો એ લોકોએ તરજુમો કીધો, ને તેજ માફક આપણેબી કાંએ નહીં કર્યે?"

"વારૂ, એ લોકોએ બાઇબલનો પેહેલવેહેલો લેતીન ભાશામાંથી તરજુમો કર્યો, અને ત્યારપછી બીજા ઘણાક વીદવાનોએ એનું ભાશાંતર કર્યું, અને એ પ્રમાણે આજે બાઇબલનો ઘણા જણાંએ તરજુમો કર્યો છે. હવે એ સઘળા તરજુમા એક બીજાથી અર્થમ જુદા પડે છે કે નહીં તે આપણે તપાસવું જોઇએ. તમે કહોની પેસીબા કે એ લોકો તરજુમાની બાબદમાં બધાજ જુદા પડેચ?"

"તે વીશે બે મત છેજ નહીં." પેસી એ નશરવાનજીના મતને અનુસરતો જવાબ આપવા માટે ઉપલા વાકયમાં કાસર પતાવી, કે જેનો અર્થ બે રીતે થઇ શકે.

"પણ ત્યારે આપણા અવસતાની બાબદ માંતો વાત તદન જુદીજ છે. દાખલા તરીકે આપણી "અશેમવોહુ"નો પચ્ચીસ જણ પચ્ચીસ રીતનો અર્થ ઉઠાડે છે. ત્યારે હવે તે લોકોમાંથી કોણનો તરજુમો ખરા તરીકે કબુલ કરવો એ વાત મુકરર કરવી કાંઇ સેહેલ કામ નથી. તેટલામાટે તો બેહેતરજ કે આપણા અસલ કલામોનેજ વળગી રેહવું. તમે લોકો અશેમ વોહુની માત્ર બે લીતી માતે જુદા પડો તો પછી આખી અવસતામાટે તો કાંઈ હજાર જુબેસ ચલાવો. એક કેહેશે કે મારો તરજુમો ખરો છે, અને બીજો કેહેશે કે મારો ખરો છે. અને વળી કોઇ આજનો તુંક બંડોલ્યો તમોને આવીને પુછશે કે મારો તરજુમો ખોટો છે એ તમે જાણ્યું કેમ? અને ખરેખર સંપુર્ણ જ્ઞાનની ગેરહાજરીમાં ખરૂં શું અને ખોટું શું તે આપણે આજ સુધી જાણતા નથી, અને એમ વગર જાણવે ખાલી બકબકારો કરયામાં કાંઇ વળ્યું નહીં. તમે સઘળા વીદવાનો એકત્ર થાઓ, એ બાબદ એવી છે કે સેંકડો વરસ એની ઉપર વીચાર ચલાવવો જોઇએ, અને પછી એકમત થઇ અમારી પાસે આવો, એટલે તે ઉપર કાંઇબી વીચાર થાય. પણ એ કામ કાંઇ જેવું તેવું નથીની. એ કામ માતે તો ખરા ફીલસુફ અને બહુજ ઉંચી મગજ શકતીને પુગેલા કાબેલમાં કાબેલ વીદવાનોની જરૂર છે, અને તેવા જ્યાં સુધી નહીં મળે ત્યાંસુધી આપણે થોબવું જોઇએ. પણ હમણાં તમે તરજુમાની વાત તો બાજુએજ મેલો. આપણા અવસતાની મુખ્ય ખુબી સામાં સમા-

ચલી છે? એ કલામો દીલ લગાડી જો ભણ્યા હોય તો તેથી શું અસર થાય છે તેનું કાંઇ કોઇને ભાન છે? જુઓની પેસીબા, એ આજ કાલના વીદવાનો તો તરેહવાર વાતો કેહેશે. અને તેવી વાત ભલેને કહે. આપણે કાંઇ એ લોકની બધીજ વાત ખરી તરીકે માની લેવાને બંધાયલા નથી. એક ખરો ડાહપણવાલો આદમી હશે તે કોઇ પણ રીતની વાતપર ભોલવાઈ નજતાં શાંતપણે સો વખત વીચાર કરશે, અને સાધારણ અક્કલ પ્રમાણેજ ચાલશે."

"પણ ચાલો બાવાજી, એ તકરારી સવાલ પડતો મેલો, એનો તો સહવાર પરસે તોબી નીકાલ નથી થવાનો" ગુલે સુચવ્યું.

"હા સાહેબ, હવે એ વાત જવા દેઓ, ને મારે તમુંને એક અરજ કરવી છે તે સાંભરો" પેસી બોલ્યો ?

"બોલોની સાહેબ, તમારી શું અરજ છે?" નશરવાનજીએ પુછ્યું.

"સાહેબ હું એમ ધારૂંચ કે તમે જરા બાહર ખુલ્લી હવામાં ફરહર નથી કરતા તેથી એમ તો તમારી દેહ લઠડી જશે. કલાક બે ફરવા ફરવા ગીયા તો જરા જીવ વેરાઇ જાએ ને આએ તમારાં ગુલનેબી એ મોજમહજા-થી સદંતર અલગાં રાખ્યાંચ તે જોઈને મને મોતી દલગીરી લાગેચ. જરા એને દુન્યાનો અનુભવ તો આપો." પેસી મીંઠો મસકલો થઇ બોલ્યો. જાણે તે તેઓની કેવી એક દયા ખાતો હોયની તેમ!

"તમારૂં કેહેવું તદન વાજબી છે, પેસી બા. પણ મેં જેમ તમોને અગાઉબી કહયું તેમ મને હવે દુન્યાની મોજ મજાહ અકારી થઇ પડીચ."

"એતો સાહેબ, તમારા ધણીઆનીની જુદાઇનો ગમ તમને લાગતોજ હોસે તો, પણ તે વાતે તમારા જેવા સમજુ પુરૂશ બાકુકનો બરાપો કરે એ લગાર અજાયબીની વાત છે. મારૂં માનોતો સાહેબ જરા રતી ફરવા હરવા-માંબી ધ્યાન રાખો તો સારૂં.

"હા બાવાજી, પેસીબાનું કેહેવું તદન વા-જબી છે. એમ ઘેરમાં બેસી જુરયામાં મુવું વલ્યું શું?" ગુલ બોલી.

"પણ બહાર જવા આવવાની હું તુંને કયાં મના કરૂંચ. એમતો તું તારી માસીને ત્યાં અવારનવાર જાયચ કે ની?"

"હવે એ બધી વાત પરતી નાખો, ને સાહેબ મારી અરજપર ધ્યાન આપો," પેસી બોલ્યો, "આવતા શનીવારે રાતે "દગા કીસીકા સગા નહીં" નામનો નવો ઉરદુ ખેલ ગ્રાંટ-રોડની નાટકશાળામાં થનાર છે. લોકો એ ખે-લની બહુ તારીફ કરેચ, ને એ નાટક જોવા હું પોતે જવાનો છેઉં; વાસ્તે મારી તમો સા-બને એક અરજ છે કે તમારી બેટી સાથે તમેબી તે રાતે જરૂર ચાલો. સારાં સારાં ગા-યણો સાંભળવાથી તમારા જીવને ઠીક રાહત મલશે."

"હા જુઓ બાવાજી, આપરે જરૂર જઇશું. છેલ્લી વખતે માયજી સાથે જે ખેલ જોવા ગ-યલાં ત્યારના આપરે નથી ગયાં. તેથી પેસી-બાની અરજને માન આપી જરૂર જવું જોઇ-એ." ગુલ અતીઘણી હોંસમાં આવી બોલી.

"નહીં દીકરી, મને હવે નાટક ફાટક કાંઈ પસંદ નથી. એવા ફેસતા જોવામાં કાંઇ આ-પણી શોભા નહીં. ને તે કરતાં હમણાં મારો જીવ એવોને એવો તે મને કંઈ આવવા ગમે નહીં, અને પેસીબા જોઓની, મારા બોલવાને કાંઇ અપમાન તરીકે ગણતા ના, પણ હમ-ણાંના નાટકો વીશે મને જરાબી સારો વીચાર નથી." નશરવાનજી જરાક હસીને બોલ્યા.

"પણ સાહેબ, માત્ર પાંચજ વરસની વાત પર તમે એ નાટકો હોંસે હોંસે જોતા હતા અને વખાણ કરતા હતા, ને અજાયબ જેવું છે કે એટલા વખતમાંજ તમારૂં મત ફેરવાઈ ગીયું." પેસી બોલ્યો.

"હવે જોઓ બાવાજી, એમનો બોલ કબુલ કરી તમે આવવા કેહો." ગુલ કાલાવાલા કરતી બોલી, "મારોબી જીવ ઘેરમાંને ઘેરમાં એમ ગુંગલઈ ગીયોચ."

"નહીં દીકરી હું તો કદી આવવાનોજ નથી. તું જોઇએતો પેસીબા સાથે જજે, "મને કાંઇ વાંધો નથી, બાકી મારે સારૂં તો બોલતીજ ના."

"નહીં સાહેબ, તમોને આવવુંજ પરસે. એમાં શું છે?" પેસીબી સાથે લાગો બોંહસ કરવા લાગ્યો.

"બસ પેસીબા, તમે મારી ગુલને નાટક બતાવી લાવશો તે જાણે મેંજ જોયો બરાબર. તમે શનીવારે જરૂર આવજો, ને એને દેખારી લાવજો."

વાહ! પેસીને તો જેવું જોઇતું હતું તેવુંજ મળી ગયું! હવે તો જરાક પ્યારની એ વાતો ખુલાસાથી થઇ શકશે!

"એબી એક મારા બુલંદ નસીબનીજ વાત તો!" તે મનસે બોલ્યો અને ત્યાર પછી મોટે સાદે. "ઠીક છે સાહેબ, જેવી તમારી ફરમાસ. પણ સાહેબ, તમેબી આવો તો ઘણું સારૂં."

"નહીં પેસીબા, તેમ નહીં બની શકશે." નશરવાનજી બોલ્યા. ત્યાર પછી પેસીને નશરવાનજીને ત્યાંથી જમીનેજ જવાની "ફરજ" પડી હતી,

એવી રીતે લુચ્ચો પેસી પોતાની ચાલચલણનો બહુ સારો ખ્યાલ નશરવાનજીના મનપર ઠસાવી તેમના ઘરમાં મજબુત પગ પેસારાનું મંડાણ કરી શનીવારે આવવાનું કહી જઇ તેમનાથી છુટો પડયો.

વાંચનારે જોયું હશે કે નશરવાનજી જેવા અનુભવી પુરૂશોબી પેસી જેવા મીઠા ઠગની ફોસલવની પર ભોલવાઇ જાય છે. પણ એમાં ઝાઝી નવાઇની વાત નથી. એ તો હરામખોરોનો ધંધો લોકોને ઠગવાનોજ હોય છે. જેઓ કોઇ રીતે બીહતા નથી, અને ખોદાનો ડર જેઓને હોતો નથી, તેઓ પોતાની મતલબ સારવામાટે દુન્યાંબી ઉંધી વાળવાને ચુકે નહીં. "મુરદાં બેહેસ્ત જાઓ કે દોજખ, બસ આપરે તો ખાવાના ને ફરવાના!" એજ તેઓનું મુળતત્વ હોય છે પણ આખરે તેનો નતીજો તેઓ કેવો પામે છે તે તો જ્યારે તેમનો દહાડો ભરાઇ જાય છે ત્યારેજ તેઓને માલમ પડે છે.

પ્રકરણ ૯ મું.

અચાનક મેલાપ! ગંભીર ભેદ!

Oh Heaven! that such companions thou wouldst unfold
And put in every honest hand a whip
To lash the rascals naked through the world!—*Shakspeare*

પોતાની થયલી ફતેહ પર બહુ મળકાતાં પેસીએ નશરવાનજીને ત્યાંથી નીકળી નાદીર હોલ ભણીનો રસતો લીધો હતો. તે હવે પોતાને બહુજ ભાગ્યશાળી માનવા લાગ્યો. આજે બુધવારની રાત હતી, અને શનીવારને હવે કાંઇ ઘણાં દીવસ બાકી હતા નહીં. પેસીનો ઇરાદો તો માત્ર ગુલનેજ નાટકશાલામાં લઇ જવાનો હતો. પણ વાંચનારે જોઇ લીધું હશે તેમ નશરવાનજીને પોતા સાથે આવવાની તેણે બોંહસ કરી હતી તે તો ફકત ખાલી ઢોંગ. તે જાણતો હતો કે તેવણે દુન્યાની સઘળી મોજમજાહ તજી દીધી હતી, અને તેની પુર ખાતરી હતી કે તેઓ તેની માંગણી કદીબી કબુલ રાખવાના નથી. અને તેટલા માટેજ તેવણને બોંહસ કરવામાં તેણે કોઇ પણ રીતનુ નુકશાન જોયું નહીં. નશરવાનજીએ પોતાને માટે સાફ ના પાડી તે માટે તો તે ખુશીજ થયો, પણ જ્યારે તેવણે ગુલને તેની સાથે લઇ જવાનું આગળ વધીને કહ્યું ત્યારેજ પેસીએ પોતાની ફતેહ સંપુર્ણ થયલી

જોઇ. નશરવાનજીનો તેના પર હવે પુર ઇતબાર બેસી ગયો હતો તે માટે હવે કાંઇ પણ શક હતો નહીં.

વખત નવ વાગતાનો હતો. રાત ચાંદરણીના ઠંડા તેજથી પ્રકાશીત થઇ રહી હતી. આવે વખતે એકદમ બંગલે ન જતાં ચરનીરોડને દરીયે કીનારેથી થઇ જવાનો પેસીએ વીચાર કરયો. તેટલા માટે વાલકેશ્વર જવાનો રસ્તો તેણે છોડી દીધો, અને ગ્રાંટરોડ થઇ ચરનીરોડના બાગમાં તે જઇ બેઠો, અને બનેલી વીગત પર વીચાર કરવા લાગ્યો. એવા વીચારમાં તે ગુંતાયલો હતો કે કોઇએ પીઠ પાછળથી આવીને તેની ગરદન મજબુત પકડી. પેસીએ તુરત પાછળ ફરીને જોયું, અને સેહેજ ચોંકયો !

તે અજાણ્યા શખસની ઉંમર આસરે ૩૦ વરસની હતી. તેનો બાંધો બહુ મજબુત લાગતો હતો, અને આંગે કદાવર માલમ પડતો હતો. તેના બાળ રેશમ જેવા નરમ અને શોભાયમાન હતા. જાણે ગામમાં હજામજ ન મળતા હોય, અને તેને લીધે હજામત કરાવવાનું ના બન્યું હોય તે બીના તેની દહાડી મુંછ, માથું, વગેરે પર વધી ગયલા બેસુમાર બાલ પરથી સાફ માલમ પડી આવતી હતી. આંખના ભમર કમાનદાર હતાં, અને ગુંચ્છાથી તેનું આખું મોહડું ભરાઇ ગયું હતું. તેનો પેહેરવેશ પણ ચીહડયો હતો. એક ફાટોટુટો સફેદ દગલો, પાટલુન અને પગમાં ગોઆનીશ સપાટ સાથે તેનો પોશાક ખતમ થતો હતો. નફટાઇ અને બેશરમપણાનાં ચીન્હો તેના મોહડાં પર સાફ દેખાતાં હતાં, તોપણ તેનો ચેહેરો કાંઇક ખુબસુરતીની ગવાહી આપતો હતો.

"કેમ બાબન, ઘણે મહીને કાંથી મળ્યો ?" પેસીએ તેને પુછ્યું, "ને આએ તારો અવતાર શું ? તું મને છેલ્લાં મળ્યો તારે તો સારી હાલતમાં હતો, ને હમણા એમ એવી કંગાલ્યતમાં કેમ આવી પડયો ?"

"પણ જોની પેસી." તે બાબન બોલ્યો, "તું છેલ્લો મને મળ્યો તારે તેં કહ્યુંતું કે ચાર પાંચ દાહડા રહીને પેલાં કામના તારા પૈસા હું આપસ. ને તે ચુકવવા માટે વરી તેં આએજ જગ્યા નક્કી કીધેલી. પણ ચાર પાંચ દાહડાના ચાર પાંચ મહીના ચાલી ગીયા ને તારો તો કંઇ પત્તોજ નહીં મળે, ને તેને લીધે પછી હું કંગાલ નહીં થઇ જાઉ તો બીજું શું ?"

"જોની બાબન દોસ્ત મેં તુને પૈસા આપવા કેહેલા ખરા, પણ પછીથી તો મારો હાથ બહુજ ભીડમાં આવી ગીયો. તારા જેવા તો ઘણાને આપવાનું એટલે પછી તુંબી જોશે કે હું એખલો તે બધે કેમ પુગી વરૂં." પેસી પોતાનો બચાવ કરતાં બોલ્યો.

"પણ તારે પેલા બધા રૂપ્યા તો મારા એખલાની મદદથી મલ્યાતા, ને તેમાંથીજ તું મને બીજા વધારે આપવાનો હતો, તે બધાનું તેં શું કીધું ?" જાણે શેઠ વાણોતર પાસે હીસાબ માંગતો હોય તે ઢપે બાબને પુછ્યું.

"તું માનતો હોય તો માનજે બાબન કે—

"પણ પેસી અંહીં આગળ બોલતો અટકી ગયો. તેણે પોતાની આસપાસ કોઇની રાહ જોતો હોય તેમ નજર ફેરવી.

"શું છે, પેસી, આગલ બોલતો કાંએ નહીં ?" બાબન જેની નજર પેસીપરજ હતી. તેણે તેને ગુચવાડામાં પડેલો જોઇ પુછ્યું.

"કંઇ નહી રે," પેસીએ જવાબ દીધો, એ તો રખે કોઇ આપરી પછવાડે ભરઇને આપરી વાત સાંભળે તેથી મેં આસપાસ જોયું. નહીં અંહીં કોઇ દીસ્તું નથી આવી વખતે અહીં આવેબી કોણ? તોપણ ખુદા ખાતર તું હલ્લુ બોલ."

"પણ ચાલની તારે તું ભાસી મરની કે તેં સઘળા રૂપ્યા કાં ઉડાવ્યા? મને એમ રવરતો રાખતાં શું તુંને શરમ નહીં આવી ?" બાબન ઉશકેરાઈ જઈ બોલ્યો.

"તું માનતો હોય તો માનજે, બાબન કે મારી પાસે હમણાં એક પૈ સરીખીબી નથી. હું શું કરૂં, વખત ઘણોજ બારીક આયોછ,

ને હમણાં હમણાં જરાક બીલ્લુ સપરાવવાનું બજાર બી નરમ છે. છેલ્લો શેકાર હાથ લાગો તેજ, તારપછી એકબી બાજી હજુર સુધી સફળ થઇ નથી." પેસી સોખઇથી બોલ્યો.

"પણ તું એમ આરોઆરો કાં ફાટેચ? પુછું તેનોજ જવાબ આપની. છેલ્લા શેકારનાંજ રૂપ્યાનું તે શું કીધું? શું મને કંઇ તું અનગર સમજેછ?" બાબન મોટે સાદે બોલ્યો.

"લે જો, એતો હવે કંઈ ધીપર ચહરયોછ. લે તારે હવે સાંભળ મેં રૂપ્યાનું શું કીધું તે. જુગાર રમયો ને બીજી મોજ મજાહ કીધી તેમાં ઉડી ગીયા. વરી ઉતાબી કેટલા જે તું મને એમ દમ આપી હીસાબ પુછેચ." પેસી તો હવે નફ્તાઈની હદ ઓળંગી ગયો.

પણ બાબન તે કેમ તામોશ કરી શકે? તેબી તેના જેવોજ; હજુર બે ચાસની ચહદે પણ ઉતરે નહી.

"વાહરે લાલજી ભટાક! તુંબી મને કેઠો જબરો મવાલી મલ્યો." તે એકદમ પોકારી ઉઠયો, "કામ કરાવા આવો તારે અમારા જેવાની પાસે, ને મજાહ મારવાની હોય તારે ચાર પાંચ મહીના સુધી જાને કે ગેપની ગોરીજ લાગી જાએ. એવા તો તમે સફઈ સાણુગોરા! અરે વાહરે ચોટ્ટે ખુશાલ, શું ધંધો માંડી બેઠોછ? તારા જેવા બદમાસ તો વરી થોડાજ હોસે. પણ બચ્ચા હું કંઈ તુંને છોડસ નહીં. હવે તું મને કેહેવા શું માંગેછ? આજે ચાર પાંચ દારા સુધી તો મેં પેત પુરતું ખાધુંબી નથી, ને આએ મારાં કપરાં બી તદન ચીંદરયા થઇ ગીયાંછ. મારા પેટમાં હવે આગ બરેછ. હું હવે તદન અરધી વગરનો થઈ ગીયોછ. વાસ્તે પેસી બચ્ચા, જો તું આજે મને નહીં આપસે તો હું જરૂર તારો જાન લેવસ, ને અંહીંથી જીવતો જવા દેવાનો નથી." અને અંહીં બાબને અતી ઘણી ઉશકેરાયલી હાલતમાં વીકાલ ચેહેરે પેસીનું ગલું મજબુતીથી પકડયું!

પેસી તો થોડીક પળ સુધી ઠઠરીજ ગયો! બાબનનો વીકાળ ચેહેરો જોઈ તેના પેટમાં ફાલ પડી. તોપણ હુશયારી રાખી બાબનનો હાથ ઝટકાવી નાખી તે બોલ્યો.

"એ આજે એમ શું ઢોંગ લેઇ બેઠોછ, બાબન? આટલા દાહડાની દોસતી શું ધુરમાં નાખવા કરેછ કે?"

"પણ તારે મારી પાસે કામ કરાવીને તેનું દામ કાંએ નહીં આપે? વરી તારી મોટી દોસતીબી આવી કેની તે મને દમ આપેછ. તારી દોસ્તી ગેઈ જાહનમમાં. મારા રૂપ્યા લાવ પેહેલે."

"કાંએ વરી છેકજ બોહનીપર આવી જાયછકે? ને તે કરતાં મેં શું તુને કંઇજ નહીં આપ્યું કે? તુને પેહેલે બસો આપ્યા તે શું કંઇ થોરા પરયા?" પેસીબી જરા દમ કસીને બોલ્યો.

"પણ વરી તું સતી સાનો થાયછ?" બાબન ભવાં ચહડાવી બોલ્યો." એક રાતની અંદર જુગારમાં ને બીજી બધી રીતે હજારો રૂપ્યા ઉડાવતાં તુને શું શરમ નથી આવતી? તું વીચાર કર, બેઅદબ, કે મારા જેવાને તે બસો રૂપ્યા કયાં સુધી ચાલે? તોબી શું કરૂં, નાચારીએ તે પરબી પાંચ મહીના કાહરયા, ને અંતે જારે આએ આખર આવી રેહીછ તારે મને આપ્યા વગર તારો છુટકો નથી. ને તારી પાસે આજે લેવા વગર હું જનાર નથી. નહીં તો પછી મારા હાથમાંબી ઉપાય છે, હં. તારો બધો ભરમ ફોરી આપતાં મને કંઇ વાર લાગવાની નથી. સાથે લાગો હું ફસસ તો ફસસ, પણ મને મારી દરકાર નથી. બોલ તારો શું જવાબ નહીંતો કે હમનાં ને હમણાં પેલી રાતની કુવાવાલી વાત——"

"ચુપ, ખુદા ખાતર, ચુપ!" પેસી તેના મોહડાંપર હાથ નાખી બોલ્યો, "જરા ઠંડો પર, બાબન આજે કંઇ તને થયુંછ શું? કંઈ સમજ પરે. વારૂ કંઇ નહીં, પણ તું ધીરો થા, હું તુંને આપશ નહીં તો કાં જવસ. જો સાંભળ, આજે બે પાંચ દાહડા થયા મારી પાસે

એક ગુલેગુલાબ આયુંચ. માલ સધ્ધર છે, બચ્ચા, ને બાપથી ભાભરભુચા જેવો છે. બીચારામાં કંઇ રામ નથી. થોડા દાહડામાં બે ચોખા છંતર્ઈ જશે. પછી તો તું માંગસે એટલા આપશ. એક જરા થોડા દાહડા થોભી જા-યની, દીકરી, તો બધું થાય. હું તો તુને પેહેલેથીજ એ સારી ખબરની વધામની આપવાનો ઉતો, પણ તુંજ એમ ધોરે ચહરીને આયો તેવું પછી હુંબી શું કરૂં? પણ ચાલ હવે, એતો હોય. બે બોલ એમ કે બે બોલ તેમ. એમાં થયું શું. તું કંઇ કોઇ છે? હમણાં જરા ગુસ્સે થઇને બોલસે, નેવરી કાલે તો મારી મદદે આવીને વરી ઉભો રેહસે." પેસીએ બાજી સદંતર ફેરવી તોલી.

અને બાબનપર તેના બોલવાની ચમતકારીક અસર થઈ. તે જરા ઠંડો પડયો, અને પેસીના મોં સામુ જરાક હસીને બોલ્યો.

"વારૂં ચાલ, હવે એ તો જે થયું તે થયું. એ તો મારાં કમનસીબની વાત ની, એતો વરીતું ખાવાનો હોસે તે તેં ખાધાં. હવે હુંબી શું કરૂં? પણ જો ફરીથી સંભાળીને ચાલજે ને જે હોય તે રીતસર આપી દેજે. પન હુંબી હવે એમ ઊધારસુધાર કરવાનો નથીની. તારી પર હવે વીસવાસ મુકાય નહીં. એતો જે હોય તે હવે તાંને તાંજ ભાગલા પારી દેવાના. વરી તારી વાત કોણ જોએ. પણ વારૂ, એ તો બધું હવે થયું, પણ તું એ ગુલેગુલાબને વરે શું બોલેચ? કંઇ વીગતવારે બોલની કે સમજ પરે. એમ ભરમમાં બોલે તે હું શું સમજું વારૂં? આ ઉપરથી પેસીએ બેલાપતેલની ગુલ સાથના પોતાના સંબંધ વીશેની સઘળી વીગતથી બાબનને જાણીતો કર્યો.

"અને જો બાબન, આવતા શનીવારે રાતે તો અમે લોક નાટકમાં જવાના છઇએ. એ શું કંઇ મારી જેવી તેવી ફતેહ? બચ્ચા મજાહ પડસે, તુંબી આવજે. મારી ગુલને જોવી હોય તો, જો બાબન, તું તે રાતે જરૂર આવજે. એમાં શું? એક રૂપ્યો કવરો કરવાનો. ને પછી તો તુંને ને મને દીવારીજ છે કેની.

"પણ તું મને ફોકટની આશા આપીને ઠગતો તો નહીં હોય?" બાબને શકમંદ થઇ પુછયું.

"અરે નહીં રે બાબન દોસ્ત, હું શું કામ જુઠું બોલું? તેબી વરી તારા જેવા વફાદાર દોસ્ત આગલ નહીં, નહીં, તેમ કદી બને નહીં. હું તુંને સાચુંજ કેહુંછ ને તે કરતાં તારી ખાતરીજ કરવી હોય તો તું નાટકમાં આવજેની. પછી તો કંઇ છે? તુંને બીજું શું જોવુંચ? મારી ગુલ જોવીછ કેની? બસ, તારે તે રાતે આવીને ખાતરી કરી જોવી.

"પણ વારૂ તું મને નાટકમાં આવવા કહેછ ને મારી પાસે તો એક ફુટી બદામ નથી. તેનું કેમ?" બાબને પુછયું.

"પણ તેનું શું થયું! નાટકમાં જવાનું તે શું મોટી ભારી રકમ જોઇએ?"

"પણ તું જોતો નથી? મારાં કપરાં તો જો. શું હું એવો કપરે આવું કે?"

"પણ વારૂં તેથી તું કેહવા શું માગેછ પેસીએ પુછયું.

"તે એમ કે મારીથી કંઇ આવે કપરે નાટકમાં અવાય નહી. મને તો સોજ્જાં કપરાં જોઇએ. ને તે માટે મને આજે એક સારી જેવી રકમ મલવીજ જોઇએ, કે જેથી કરીને વરી કંઇ નવાં કપરાં લેઉં. હવે આએ વખત મારવારીનો હફતો નહીં ભરશું એમાં શું છે, થોડા દાહડા સાહુકારી મેહેલમાં મેજબાનીએ ઉતરી પરસું. મરને મારવારી જાહનમ કાંએ નહીં જાએ. આપરે શું મજાહ નહીં કરયે? ચાલ હવે વેકી જા દીકરી ને હમણાં તો બસ મને સો આપસે તો તેથી બી સંતોસ પકરસ."

"તે મારી પાસે હમણાં કંઇ એટલા બધા છે નહીં. લે, આએ તારા નસીબનાજ કેદા પચાસ રૂપ્યા પાટલુનના ગજવામાં વરી રહેલા તે જોઇએ તો લે. પછી સૌ થઇ રેહેસે." એમ કહી પેસીએ પાટલુનના ગજવામાંથી

એકાદ પચાસની નોટ સેરવી કહાડી, અને તે જોઇ બાબનની આંખ ખુશાલીથી ચમકી, અને બોલ્યો.

"લાવ, વરી એટલા બી પાંચ દીવસ!" એમ કહી બાબને તે નોટ બહુ હોંસભર પેસીના હાથમાંથી જાણે ઝુંટાવી લીધી.

"ને જો, હવે નાટકમાં આવવાને ભુલતો ના, હું." પેસી બોલ્યો, "ને ચાલ, હવે મને મારે બંગલે જવા દે.

"જાની, તે મારી કાં ના છે. હું તો ગમે તાં સુવસ. મારૂં થોરૂં કંઇ ચોક્કસ મકાન છે." બાબન બોલ્યો. પેસી ત્યાર પછી તેનાથી છુટો પડયો, અને પછી બાબન બી બાગ છોડી કેઠે ગેપ થઇ ગયો!

પણ, વાંચનાર, શું આ બન્ને જણની વાત છુપીજ હતી? તેઓ શું એમ ધારતા હતા કે તેઓની આ ઠગબાજીભરી વાત કોઇએ સાંભળીજ ન હશે? નહીં તેઓની વાત એક ત્રીજો જીવડો સાંભળતો હતો. તેઓના ગયા પછી તે તુરત પોતાને મનસે બોલવા લાગ્યો, "અરે ખોદા! આ મેં શું સાંભળ્યું? કેવાં તરકત? કેવાં કાવતરાં! હા, શું લુચ્ચાઓ આ જગતમાં ફાવી જશે? શું તેઓ પોતાનો આ શરમીંદગીભરયો ધંધો ચલાવ્યા જશે, અને ભોલાં લોકને ફુસલાવતા રેહેશે? પણ એ પેસી એવો હતો એ તો મેં આજે જાણ્યું. મેં એને આજેજ એના ખરાં રંગરૂપમાં જોયો! એના દોસ્તો કેવા! એ કેવી મંડલીમાં ફરેછ? બધો ભેદનો ભંડાર! જબરો ઉઠાઊગીર, જુગારી! અને પેલી રાતની કુવાવાલી વાત! તે વળી કેવી હશે! તે સાંભળતાંને વાર તો એ ગભરઇજ ગયો. પણ પેલી ગુલ કોણ. એ ગરીબ કુમારીકા કોણ હોસે? લુચ્ચો? તેનો હેવાલ બહુ ધીમેથી બોલ્યો. માટે તેને કાંઇબી કરીને બચાવવી તો જોઇએ. કાંઇ નહીં બચ્ચા. પેસી હું બી જોઉંછ કે તું કેમ ફાવેછ." એટલું બોલી તે શખસ પણ બાગ છોડીં ચાલી ગયો!

પ્રકરણ ૧૦ મું.

રતનફુઇનો "નામચીન" ભાણેજ!

"મરે રાતનું તોફાન જબરૂં જો. નુસમાં લખેછ કે બતેલાપર બતેલા ઉંધા વરી ગીયા"

રવીવારની સહવાર હતી, અને રતનફુઈ ઉપલા સખુન પોતાના ભાઈ પ્રત્યે બોલ્યાં એરચ અને શીરીન પણ દીવાનખાનામાં બેસી કાંઇ વાંચતાં માલમ પડતાં હતાં.

"હા બેહેન, તોફાન જબરૂં તો ખરૂં." રૂસતીમશાહ બોલ્યા.

"ને મરૂં મારો પેસીબી રાતે આપરી સાથે નહીં જમ્યો તે મારો જીવ બરીબરી ગીયો કે રાતપરી મરૂંએ તોફાનમાં કાંહ હોસે." ફુઈ બોલ્યાં.

"અરે પણ વળી એ કીયે દહાડે બધાં સાથે બેસીને જમેચ કે તમોને એની એટલી દયા આવેછ?" રૂસતીમશાહે ગંભીરાઇથી પુછ્યું. "એણે તો બસ કલબે કલબ ભટકવાનું માંડયુંછ. પણ એ કાંઈ મને સારી નીશાણી માલમ પડતી નથી. એનો બધો વખત એ ફરીફરીને ગુમાવી નાખેછે તેથી કાંઈ એને ફાયદો થવાનો નથી."

"જોવોની ભઈ, તમે તો મારા પેસતન પર અમસથકા રીસે ભરાઓચ. એ તો જીભરૂં સમજુ ને સાન સલુકવારો છે, પણ મુવા એના કેઠા દોસદારોજ ખરાબ છે તે બધાઓએ એને એવો કરી નાખ્યોછ. મુવો પેલો બમનુ ફમનું કોન તે તે મુવો એને ઘણો હુલકાંવેચ." રતનફુઈ પેસીનો જુઠઠો બચાવ કરતાં બોલ્યાં.

"પણ ત્યારે એ પોતે તેવો નઠારો હોસે એટલેજ ખરાબ સંગતમાં પડેછ કેની. એનામાં જો અક્કલજ હોય તો કદીબી એવી

ભુંડી ટેવને વશ નહીં થાય "રૂસતીમશાહ બોલ્યા.

"હા બાવાજી, તમારી તદન વાજબી છે." એરચ બોલ્યો, "આપણે જો ખરાબ સોબતમાં પડયે તોજ આપણને બગડવાની ધાસ્તી રહે."

"હા, હવે તું ઘણો શાનપતનો ભરેલો છે તે હું જાનું છ. પતાલ પાણી ચલાવીને બોરી કોરડી ને કોરડી રાખતાં કાંહથી શીખી આયો?" રતનફઇ એરચનું બોલવું તામોશ કરી શકયા નહીં.

પણ એટલામાં તો ભોગજોગે પેસીજ ત્યાં આવી લાગ્યો.

"કેમ પેસી, તું ગઇ રાતે છેક બાર વાગી જવા પછી ઘેરે આવ્યો તેનું કારણ શું?" રૂસતીમશાહે ગુસસે થઇને તેને પુછયું.

"હું કલબમાં ગયલો તે જરા મોડું થયું. પેસી પોતાનું સર નીચે નમાવી બોલ્યો. તે એક બડો હાવકો ઉદાઉગીર હતો. રૂસતીમશાહ નજદીક તે કોઇ દીવસબી શેખી કરતો નહીં.

"પણ તું આએ કાંઇ પેહેલીજ વખત મોડો આવ્યો એમ નથીની. લગભગ મહીનાના ત્રીસે દહાડા તું એમ કરે છે, અને એમ બહાર શું કામ રખડે છે તેની મને જરાએ સમજ પડતી નથી."

"પણ મામાજી, હું બહાર રખડતો નથી. હું તો પેલી આબરૂદાર ડફરીન કલબમાં જાઉંછ. તે કલબ વીશે લોકોનું તો બહુ ઉંચું મત છે, ને ત્યાં સીવાએ હું બીજે કોઇ ઠેકાણે જતો નથી." અને વાંચનાર, પેસીનું બોલવું ખરૂં હતું. દફરીન કલબ જે લોકો તેના કારભારથી અજાણ્યા હોય તેઓમાં એક આબરૂદાર મંડળ તરીકે લેખાતી હતી; કારણ કે, તેમાં જે બદીઓ ધમધુમકાર ચાલતી હતી તે એટલી તો છુપી હતી કે થોડા સીવાએ તેની ખબરનો એક ઝાંખો અંઉશ પણ બીજા બહારનાઓની જાણમાં કદીબી આવવા પામતો નહીં.

"પણ મેં તુંને પેહેલાંથીજ ના કહેલું કેની કે તું કોઇબી કલબમાં નહીં જાએ."

"હા મામાજી, તમે કહેલું હતું."

"તારે પછી મારી વીરૂધ્ધ થઇને તું શું કામ જાયચ?"

"હું જરા મારો જીવ વેરવા જાઉંચ, પણ હવે મારી ભુલ થઇ. હવેથી હું નહીં જવસ, ને તમે કેહશો તેમ ચાલસ, મામાજી." પેસી બહુજ નમનતાઇથી બોલ્યો.

"હવે કેવો ડાહયો દીકરો લાગો." રતનફઇ બોલ્યાં, "ભઇને કેહું કે મારો પેસતન તો ઘણો સમજુ છે, ને હવે હરગીજ થઇને એ ખરાબ રસતે જશે નહીં. ને જો, હવે તું પેલા મુવા બમનની દોસ્તી બોસતી મુકી દેજેને મામાજી પરથી ઓવરાઉં તે એવણ કેહે તેમજ ચાલજે. સમજયો કે?"

"હાજી. હવે મેં મારી ભુલ જોઇચ, ને હું તમે લોકો કેહેશો તેમજ ચાલસ."

"ઠીક છે, ત્યારે તેમ કરશે તેમાં તું કાંઇ કોઇને ઉપકાર નહીં કરવાનો. સારી રીતે ચાલશે તો તેમાં તારાજ લાભની વાત છે. ચાલો બેહેન, હવે નાસ્તાની તૈયારી કરો, તેટલાં હું ભણી લેઉં!" એટલું બોલી રૂસતીમશાહ ઉઠયા.

તેજ દીવસના અરસામાં રતનફઇએ પેસીને તેની કફોડી ચાલ માટે ઠપકો આપવા પોતાના ઓરડામાં તેડયો હતો.

"જો પેસી, હવે હું તુંને કેની તે સાફ કેહી મુકુચ કે તારા એવા ઢોંગ ધતુરા છોડી દે. છેકજ એમ પવારે જાયચ તે કંઇ સારૂં નહીં. મામાજીએ આજે શું કેહેયું તે તેં સાંભરયું કે? જોયું કે ની, એવણ તારાથી તદન કંતાલી ગયલા લાગેચ." રતનફઇએ શરૂ કર્યું.

"કંતારી ગીયાચ તેનું મને શું? વરી તમે તમારો કુઠલો કરવા મને બોલાવ્યો કે? તે શું હું કંઇ નાદાન બચ્ચું છેઉં, કે તમે લોક મને એમ ધમકાવ્યા કરોછ? વાહ, જાને કે જાંહસુધી હું અખારા કરૂંછ તાંહસુધી, કેમ?" પેસી તુડાઇથી બોલ્યો.

"એ તો હરવાયો વલી ફાતો. તારા બોલવાના સકાર બરેરે. તું બોલેચ તે કંઈ સમજેય ? મુવો તો જે એના મોનામાં આવેચ તે બકેચ. મુવા ભામતાઓ સાથે ફરીને બધો બગરી ગીયો. બાકી તું એમ સાંમા સાંમા જબાપ કીયે દારે કરતોતો ?" રતનફુઇ ચીરડાઇને બોલ્યાં.

"જોજો, હં ફુઈ ! તમે બોલો તો સંભાલીને બોલજો. અમારા દોસ્તારોને જો——"

"હેં શું બોલ્યો ?" પેસીને આગળ બોલતો અટકાવી તેવણ વચ્ચે બોલી ઉઠયાં, "એ તું એમ બીવરાવેચ કોનને ? શું હું કાંઈ તારા કરતાં નાંહ્લી છેઉં કે ? તુંને પાલી પોસીને મોટો કીધો તેનો આએ ગુન વારેચકે ?"

"તો વરી એતો તમારીજ કેલવની કેની ?" પેસી નફટાઇથી બોલ્યો, "શું હું કંઈ લુચ્ચો નીકરયો ? કોઇની ચોરીઓરી કીધી ? કોઇને મારયોફારયો ? તારે તમે આજે એમ ખાલી પટપટારો શાનાં કરોચ ? એ બધી તમારી શીખામન તમારીજ પાસે રાખો. એ તો તમારાં બૈરાંઓના રડનપાટલા અમારા જોવાને નહીં જોઇએ. સમજ્યાં કે ફુઈ ?"

"ચપ મુવા નફટ ! વરી છેકજ ચાલ્યો કે ? એ બધું કોણને બોલેચ ? એ બધુ કોણને જોઇને ? મુવા પેલા બમનનાંજ કારસ્તાન. એવા એવાતો મુવા કોણ જાણે કેટલા બધા હોસે."

"જોઓ ફુઇ, તમે એમ જોયા જાણ્યા વગર ના બોલો. મારા કેવા કેવા દોસ્તારો છે તેની તમુને શું ખબર ? તમે નાહકનાં બકબકારો કરી મારૂં એમ ભેજું ના દુ:ખાવો. મારા દોસ્તારોનો મોભો શું, તે લોકની આબરૂ કેવી તેનું તો જાને કે તમુને કંઈ ભાનજ નહી મલે."

"તો જોઉં મુવા બોલીમરની કે હુંબી તો જાણું કે તું કોન કોનની ઓર સાંવેચ." રતનફુઈ ખભરીને બોલ્યાં.

"તારે બોલું કે ? જોઓ વરી ગભરાઈ ના જતાં હં." પેસી પોતાની માસીના ચેસ્તા કરતો બોલ્યો, "લેઓ તારે હવે સાંભળો. પેહેલે તો પેલા નવલશાહ વકીલનો ભઇ દારબશાહ બીજો તો આપરા મેહેલાશાહ દાકતરનો વડો છોકરો જાંહગીર ત્રીજો તો પેલા માનેકજી વાડયાનો નબીરો દીનશાહ. અરે, એવા એવા તો કંઇ એટલા બધા છે કે હું ગણવા બેસું તો તમે વરી હબતઇજ જાઓ. જોઉં બોલોની હવે એ બધા કેવા છે ?" પેસીએ મો મલકાવી પુછયું.

"પણ હવે બધું તે મને પુછીને શું કરેચ. તારા મામાનેજ કાંએ નહીં કેહ્યું કે તેવણનાં દેખતાં મને બી જરા શોભા લાગતે. પણ જો હવે થયું તે થયું. હવે તારી બધી એવી સોખઇ છોરી દે ને સીધ્ધે રસ્તે આવી જા. તારા મામા તો આજકાલ તારા મુરંબી કેહેવાએ ને તેથી એવણને તો માન આપીનેજ ચાલવું જોઇએ. ને આજે વરી તું એવણ આગલ ડાહયો થઇ ગીયો તે બી સારૂંજ કીધું."

"અરે લેઓ એ તો વરી તમારી શરમ કરી ગીયો, કે તમારી આપેલી કેલવણીને ઝાંખ લાગે નહીં. બાકી એ બુઢા દાહરૂસની હું કંઇ દરકાર કરૂં કે ? વાહ, મોટા મુરંબ્બી મુરંબ્બી બનાવી દીધા ! મને એટલું બધું કેહેવાની એવણને સત્તાજ શું ! શું હું કંઇ એવણને મનસે નાદાન બચ્ચું છેઉં કે ? હજારોને નવારયાચ તેમાં એવણનાં શું ભાર ?"

"એ તો વરી પાછો ચાલ્યો. કોણ જાને વરી શું ભુત ભરાયો. એ મુવો નહીં સુધરે તો. પણ મુવા ઉખરા, પછી એવું બોલીને ઉકરડે પરસે કે ? મારૂં શું જાયચ ? મુવા તુનેજ ભારી પરસે. જો તું રવરી નહીં જાય તો પછી મને પુછજે." રતનફુઇ ભારે ખીજવાતમાં આવી બોલ્યાં.

"વરી તે કેમ ? એમાં રવરી સાનું જવાનું. શું હું કંઇ નાગો ભુખો છેઉં કે ?"

"પણ તે નહીં કાંએ રવરી જાએ ? પછી તારા મામા બી તો જોસે કેની કે તું કેવો બેખત પોરયો છે તે પછી શીરીનનો હાથ તું મેલવી ચુકો, સમજ્યો કેની."

"પણુ તે શું ગામમાં એખલી શીરીનજ છે કે? એવી કુંજરી સાથે પન્ને બી કોણુ? કોઇ ખરો કમબખતજ હોય કે એવી ટોક પોતાને ગરે ઓરવે."

"એ તું શું બકેચ?" રતનફુઇ અજા-યબી વચ્ચે બોલી ઉઠયાં, "મુવાનું કંઇ ખસી ગીયુંચ, શું? હવે નાખે છભ લગાડવાની છોરી દેની, ને એટલીજ દુવા માંગની કે શીરીન તુંને કબુલ કરે."

"અરે વાહરે ફુઇ, તમે બી શું એવી બેહુંદી વાત કરોછ! જાને મને છોકરીઓની પારખજ નહીં હોયની! શું મને કંઇ બુબખ સમજેછ? તેમ કરવામાં તમારી મોટી ભુલ છે."

"લે, વરી આએ તો કોઇ પારખનું પુછ-રૂંજ નીકરી આયું." રતનફુઇ જરાક હસીને બોલ્યાં, "પણ ચાલ હવે એવા ઢોંગ ધતુરા છોરી દે ને જરાક સરખી રીતે વાત કર."

"હું તમુને સાફ કેહુંછ કે હું કંઇ મશ-કરી નથી કરતો જે છે તે મેં તો તરને ફર કેહી દીધુંછ. હવે તમારે જોઇએ તો માનો યા ના માનો."

"એ આજે કંઇ તુંને થયુંછ શું? કંઇ સુધબુધ ઠેકાણે છે કે નહીં? તેં શું તરને ફર કેહ્યું? જરા બોલતો ખરો."

"કે મને એ ચીબી ચીબાવલી છોકરી જોઇતીજ નથી. બસ હવે સમજ્યાં?"

"તારે શું તારો વીચાર શીરીન સાથે પનવાનો નથી?" રતનફુઇએ જરાક ગંભી-રાઇથી પુંછયું.

"અરરર, તમે તો મારૂં માથું ખાઇ જાઓછ! બસ મેં તમુને કેહયુંછ તે બધું ખરૂં છે." એટલું બોલી પેસી ત્યાંથી ઉઠીને ચાલી જવાનું કરતો હતો, પણ રતનફુઇએ તેને અટકાવતાં કહ્યું.

"પણ શું આવી છોકરી તારા હાથમાંથી જવા દેએછ? તું જાનેછ કે એ છોકરીનાં કેરે કેરે ઠેકાણેનાં સારા માંગના મેં કેવી કેવી તાલથી પાછાં ફેરવ્યાંછ તે? જે વીશેની તો એના બાપને બી મેં ખબર પરવા દીધી નથી. એ બધું કોણુને વાસ્તે? ફકત તારેજ વાસ્તે. તેથી જો જરા હું કેહુંછ તે સાંભર. એના ચેહરા તરફતો જરા નજર કર, કે જાને કે મરૂં મારા ભઇને તાંહ એક આસમાનની પરીજ ઉતરી આવીછ. ને વરી તારા મામાની દોલતનો તેં કંઈ ખ્યાલ કીધો?

"બસ, બસ, હું તમારૂં ભાસન નથી સાંભળવા માંગતો. મને હજુરતો બધું કામ છે, ને તમે શું નકામા તાહેલાં કરવા પરયાંછ. એ તો તમારા લોકનો એવો—"

"જો વરી મોટો લવંગની લાટીએ જવાનો છે તે. વરી મુવો કોઇ સોલો, દોસો વાત જોતો હોસે." રતનફુઈ તેને આગળ બોલતો અટકાવી બોલ્યાં. "તારે તેં મને તે દારે શું કેહયુંતું? તે આટલા વારમાંજ ભુલી ગીયો કે? તે દારે તો એમ કેહેતોથો કે શીરીન મલે તો બેહેસ્તનું સુખ તારે શું હવે મુવા દોજખમાં પરવાનો છે કે મર મુવા મોચીને બાન્ને. મુવો વરી એનાં કરતાં તે કેવીક ખુબસુરત લાવવાનો છે."

"હેં, શું બોલ્યાં ફુઇ? હા! હા! હા!" પેસી હસી પડયો, "આજે કંઈ ભતરીજીની ઘણીજ સવારત કરવા નીકલી પડયાંચ તે શું છે? જોઓ તો ખરાં કે સેવક થોરા દારામાં એવી તો ગુલે ગુલાબ લાવેચ કે તમેબી જાને દાંતમાં આંગલી પકરસો કે આએ શું વરી સમજ્યા કે?

"કોઇ રસ્તે ફરતી ભીખારડીને ઉંચકી લાવે તેજ તો. ને પછી બેઉ જન પાંખલી વરગી કાટલી લઇને ભીખ માંગવા જજો. બરયા તારા બોલવાના સકાર જો હું તુંને સાફ કેહી મુકુંછ કે એવું કંઈ કારૂં ધોરૂં કીધુચતો પછી તુંને મારી સીરીપર પગ મુકવા દેવાની નથી."

"અરે વાહરે, જાને કે તમારૂંજ ઘેર તો! પન સાંભરો, તમે કેહોચ તેમ પાંખરી પક-રીને ભીખ માગવા તો નહીં પન મારી ગુલે ગોલાબની નાજુક બગલમાં હાથ ભેરવી એ

ઘોરાની ગારીમાં ફરવા જવસ. પછી તમે તો ઠગાઇને જોયાજ કરશો જો. કોન જાને મારી ગુલ હમણાં—

ચપ મુવા નફટ !" એટલું બોલી રતનફુઈ ખાસરં લઇને ઉઠયાં, "હવેથી શીરીન સીવાએ જો બીજી કોઇનું નામ દીધુંચ તો તારી વાત તું જાણુજે.

"પણુ જરા ઠંડા પરો. ફુઇને હું કેહુંછ તે જરાક ધ્યાનથી સાંભરો" અને અંહીયાં પેસી પોતાની જગ્યાપરથી ઉઠયો અને લગભગ રતનફુઇની પાસે આવી બહુ ધીમે સાદે બેલાપટેલની ગુલ વીશેનો સઘળો ખુલાસો કર્યો અને ત્યારપછી બન્ને જણુ કાંઈ મસલહત કરી ઉઠયાં.

પ્રકરણ ૧૧ મું.

ગભરાત અને પુઠ.

Men conceive they can manage
Their sins with secrecy; but they
Carry about them a letter, or
Book rather, written by God's
Finger, their conscience bearing
Witness to all their actions.—*Thomas Fuller.*

"દીઅર પેસી. એ પેલો કોઇ ભામટો જેવો પારસી તારનો આપરીજ સામે તગર તગર જોયા કરેછ તેથી બા મને તો કંઇ ફકર લાગેચ."

દેખાવ ગ્રાંટરોડની નાટકશાળાનો હતો અને ઉપલા સખુન બેલાપટેલની ગુલ પોતાના હવે પછી થનારા ખાવંદ પેસી તરફ ફરી બોલી હતી.

વખત સનીવારની રાતનો હતો. લગભગ દસ વાગતાનો અમલ થવા આવ્યો હતો. પેસી અંતે પોતાની ધારેલી મકસદમાં ફાવ્યો હતો અને ગુલને સાથે લઇ આજ રાતરે નાટકશાલામાં આવવાને ફતેહમંદ નીવડયો હતો. વળી તેની મોટી ખુશાલી વચ્ચે તેને જેવું જોઇતું હતું તેવુંજ મળ્યું હતું, કારણ કે નશરવાનજી પોતે તેઓ સાથે આવ્યા ન હતા. તોપણ, પેસીએ છેલ્લે છેલ્લે બી પોતાનું સાધુપણું બતાવવા માટે તેમને બોહસ કરી જોઇ હતી. અને તે જાણુતો હતો કે તેમ કરયાથી તેને ખોહવાનું કાંઇ પણ હતું નહીં; કારણકે તે જમાને ખાધેલને ખબર હતી કે જેણે વરસો થયાં દુન્યાની સઘળી મોજ મજાહનો ત્યાગ કર્યો હોય તે કદીબી નાટકશાળા જેવાં મકાનમાં આવે નહીં. પણુ વાંચનાર, અજબ છે કે તેઓએ ગુલને પેસી જેવા લફંગા સાથે મોકલી !

આજ રાતનો ખેલ હમણાંનોજ નવો કહાડેલો હતો, અને તે લોકનું ધ્યાન ખેંચી રહયો હતો. "દગા કીસીકા સગા નહીં !" એવું ખેંચાનકારક નામ ખેલને આપવામાં આવ્યું હતું. નાટકશાળાને બહારથી તેમજ અંદરથી ભભુકદાર રોશનીથી અને સુંદર ચીનાઇ ફાનસોની તોરણુથી દીપાયમાન કરવામાં આવી હતી.

આપણે ઉપર જોઇ ગયા તેમ વખત સુમારે દસ વાગતાનો હતો. ખેલ તો નવ વાગતેનો શરૂ થઈ ચુકયો હતો, અને તેનો પેહેલો અંક પુરો થવા આવ્યો હતો.

"પન એ મુવો પેલો ભામતા જેવો પારસી હોશે કોન. તમે જરા જોઓ તો ખરા, પેસીબા જોઓ, અહીંથી બરાબર સીધું ગેલેરીની પછવારે જુઓ. મુવો થાંબલા પછવાડે ભરાઇને ટીકેચ." ગુલ ફરી એકવાર બોલી.

"પન તાંહતો થાંબલોજ દેખાયચ. તું ભામટા જેવો કેહેચ તેતો કોઇ મારી નજરે પ—

રતું નથી." પેસી કે જે ગુલ સાથે ઓરકેસ્ત્રા સ્તોલસમાં બેઠો હતો. તેણે પોતાની પીઠ ફેરવી ગેલેરી તરફ જ્યાં ગુલે આંગલી કરી તે તરફ જોતાં બોલ્યો.

"પન એ થાંબલાની પછવારેથીજ જોએચ. એ મુવો ચીમઈ ચીમઈને જોએચ." ગુલ બોલી.

આ ઉપરથી પેસી પોતાની જગ્યા ઉપરથી ઉઠયો અને ગુલે બતાવેલી જગ્યા તરફ ફરી એકવાર નજર કરી, પણ તે તરફ તો તેણે થાંબલા સીવાએ બીજું કશુંએ દીઠું નહીં.

"મને તો કંઇ દેખાતું નથી, દીઅર." તે પોતાની જગ્યા પર બેસતાં બોલ્યો.

પણ થોડેજ વારે ગુલ પાછી બોલી ઉઠી, "જુઓ, જુઓ, એ મુવાએ હમનાં વરી પાછું જોયું, ને દપ દેતો કે ભરઇ ગીયો.

"અરે એ તો તારો ખાલી વેહેમ છે, દીયર થાંબલાનો ઓરો દેખાતો હોસે. ને તે કરતાં ભલેને જોય. આપરૂં શું ગીયું? તું તાંહ ધ્યાન ના આપ, પ્યારી."

પેસી બોલ્યો.

ત્યાર પછી પેહેલો અંક ખતમ થયો, અને દસ મીનીતના વીસામાનો પડદો પડયો. હાઉસ થોડાક વખત માટે વીખરાવા માંડયું અને તેની વચમાં પેલો "ચીમાઇને જોનાર" બી કયાં ચાલી ગયો તેની ખબર ગુલે તે તરફ ધ્યાન આપ્યા છતાંબી પડી નહીં. એ શખસ કોણ હતો તે વીશે તો પેસીને અત્યાર અગાઉની ખબર હતી. તે કોઇજ નહીં પણ તેનો દસ્તમીત્ર બાબન એમ તેણે તુરત માંની લીધું હતું. પણ તે વીશે ગુલને અજાણીજ રાખવામાં તેણે ખાસ ! ડાહપણ વાપરયું હતું. વાંચનાર સારી પેઠે જાણે છે તેમ તેણે બાબનને નાટકશાળામાં આવવા કહ્યું હતું, અને આખરે તે આવ્યો હતો તે જોઇ પેસી ખુશીજ થયો હતો: કારણ કે ગુલનો ચેહેરો બતાવવાની તેને ખાસ ઉલટ હતી, અને તેની ચીમાઇને જોવાની મતલબ કાંઇજ નહીં પણ પોતાની ગુલનો મનમોહક સુંદર મુખરોજ નેહાલવાની હોવી જોઇયે, એમ તેણે વીચારયું હતું. અને એથી કરીને તેને કાંઈ થોડી ખુશાલી ઉપજી નહીં; કારણ કે બાબન સાથના તેના મેલાપ દરમ્યાન ગુલની ખુબસુરતીની તેણે બહુ તારીફ કરી હતી, અને તેની સુંદરતા જોઇ તે હમણાં અજબ થઇ ગયો હશે તે માટે તેને બેવડો હરખ ઉપજ્યો.

"દીયર ગુલ, તું અંહીંજ બેસજે, હં. તારે સારૂં જરા રાસબરી આઇસ લાઉંચ." એટલું બોલી પેસી પોતાની જગ્યા ઉપરથી ઉઠયો.

"પણ જોઓ જલદી આવજો, ઓએ લેતો કે બીજો અંક શરૂ થશે."

પેસી પાધરો નાટકશાલાને લગતા "રીફ્રેશમેંટ બાર"માં ગયો, અને પોતાની મોટી ખુશાલી વચ્ચે તેણે બાબનને ત્યાં બેઠેલો જોયો.

"ઓહો, માકુ, તું અંતે આયો ખરો." પેસી બોલ્યો. તે બાબને બીજાઓનાં દેખતાં ઉપલેજ નામે બોલાવતો હતો, અને બાબનબી જાહેર મંડળોમાં પારસી વેશે ફરતો હતો.

"અરે વરી તારા હુકમનો અનાદર કેમ થાય?" માકુ ઉરફે બાબન બોલ્યો.

"ચાલ, એ તો વારૂ હોસે. પણ આએ મારે હાથનો એક પેગ લે, અને ચાલ જરા અંહીં આવ તારી સાથે બે બોલ વાત કરવીચ."

બાબન ઝટ તાબે થઇ "રીફ્રેશમેંત બાર-માંથી બહાર નીકળયો, અને પેસી તેને લઇને એકાદ એકાંત જગ્યાએ ગયો.

"વારૂ તું કેઇ સીટ પર બેઠોચ?" પેસીએ પુછ્યું.

"ગેલેરી પરની–પણ કાંએ વારૂ?"

"પણ તારે તું મારી ગુલ તરફ ટીકી ટીકીને કાંએ જોતો તો? ભલા માણસ એમ ચીમઇને જોવાનું શું કામ? થાંબલા પછવારે જગ્યા લેવાનું કંઇ કામ?"

"અરે નહીંરે મેં તો તારી દીલબરને ખુલ્લે ખુલ્લી રીતે તારી સાથે બેઠેલી જોઇ–

થાંભલો શું ને વાત શું ? તેં બી કંઇ આજે વધારે પીયચોય કે ?"

" અરે ચાલ હવે, પેતરા કરવાના મુકીદે, ને ચાલ મારી સાથે સ્તોલ્સમાં આવ કે હું મારી ગુલ સાથે તારી ઓળખાણ કરાઉં. અરે પણ ખરેખર, રાસબરી આઇસનું ગલાસ લેવાનું તો ભુલીજ ગીયો." એમ કહી પેસીએ ઝડપમાં એકાદ ગલાસ લઇ લીધું, અને બન્ને જણુ ઓરકેસ્ત્રામાં આવી લાગ્યા.

"લે દીયર, જલદીથી પીજા, ગુલના હાથમાં ગલાસ આપતાં પેસી બોલ્યો. " અને આએ મારા ઘણુંજ ફાસ્ત ફ્રેંડ ખાનબહાદુર માનેકજી વકીલ—તારી સાથે એમની ઓરખાન કરાવવામાં મને મોટી ખુશાલી ઉપજેચ." એટલું બોલી પેસીએ બાબન સાથ ગુલની ઓળખ કરાવી.

" તમારી ઓરખાન માટે મને બહુ મોટું માન છે, બાનુ" બાબન ગુલ તરફ નમીને બોલ્યો.

" તમારો મોટો ઉપકાર થયોચજી." ગુલ શરમાલ ચેહેરે બોલી.

પણ એટલામાં તો તમાશગીરોના ભારે હરખ વચ્ચે પડદો ઉંચકાયો અને બીજો અંક ભજી બતાવવો શરૂ થયો.

" ચાલો, મી૦ પેસતનજી, હવે મને જવાની રજા આપો." બાબન બોલ્યો.

" અરે હવે અમારીજ સાથે બેસોની, માનેકજી શેઠ." પેસી બાબનને આંહસ કરતાં બોલ્યો.

"નહીં. મેની થેંકસ. પણ ગેલેરીપર મારો બીજો મીત્ર 'હોરમજશાહ બારીશટર મારી વાત જોતો હોસે." એટલું બોલી બાબન ત્યાંથી ચાલી ગયો.

" એ, એવણુ ખરેખર વકીલ છે કે એવણુની અટક વકીલ ?" બાબનના ગયા પછી ગુલે પુછ્યું,

"અરે તારે તું શું ખાનબહાદુર માનેકશાહ વકીલને ઓરખતી નથી કે ? વકીલ તરીકેની એવણુની કાબેલ્યત માટે તો એવણુને સરકાર તરફથી આએજ વરસ ખાનબહાદુરનો ખેતાબ મલ્યોચ. આજે એવણુનાં કરતાં વધારે બાહોશ વકીલ કોન છે ? ઉમર તો કંઇ ઘણી નથી, પણ પૈસા તો ખુબ જમાવ કીધાચ, હં. પણ જરાક ચીસો છે. ને એવણુ કેઇ કોરટમાં કામ કરેચ તેની તુને ખબર છે ?"

" વરી પોલીસ કોરટમાં હોસે." ગુલે અટકલ કરી.

" નહીં દીઅર, તું ભુલેચ. હાઇ કોરટ સીવાએ એવણુ બીજી કોઈબી કોરટમાં ઉભા રેહેતા નથી."

"વાહ તારે તમારાબી બધા મોટા મોટા દોસતારો છે કે ?" ગુલે હરખમાં આવી પુછ્યું.

" અરે તારે શું હું કંઇ જેવો તેવો આદમી છેઉં કે ? પણ વારૂ ગુલ, ગેલેરીપરના થાંભલા આગલ હવે કંઇ નજરે પરેચ કે ?" પેસીએ પુછ્યું.

આ ઉપરથી ગુલે તે તરફ જોયું. પણ તેની નજરે તે વખતે કાંઇબી પડયું નહીં.

" હવે તો કોઇબી ટીકી ટીકીને જોતું નથી." ગુલ બોલી.

પણ વાંચનાર, ગુલને ટીકનાર જો બાબન હોય તો તેને તે તેના પોશાક પરથી અથવા તો જરાક હીલચાલ પરથી થાંભલા પછવાડે ભરાયલા શખસ તરીકે શું પીછાણી નહીં શકી ? પણ થોઓ ! એમાં કાંઇ ભરમ છે !

" મેં તો તુંને અસલથીજ કેહ્યું કે એતો તારો વેહેમ છે." પેસી બોલ્યો.

એવી રીતે, બીજો અંક પણ ખતમ થયો. અને દસ મીનીટના વીસામા બાદ ત્રીજો અને છેલ્લો અંક શરૂ થયો, પણ આ છેલ્લો અંક આગળના બે કરતાં વધારે ખેંચાનકારક હોવાથી પેસી અને ગુલ તે ચીત દઇ જોવા સાંભળવામાં ગુતાયાં. આ અંક વધું ખેંચાનકારક હોવાનું કારણ એ હતું કે નાટકમાં રજુ થતા પાત્રો માહેલા કેટલાક ચોક્કસ શખસોએ એકાદ તવંગર વેપારી પાસેથી કેટલાક હજાર રૂપ્યા કહડાવી તે પાછા ફેરવવાની સાફ ના

પાડી બેઠા હતા, અને તેઓને પકડાવવાની અને ઇનસાફની દેવડીએ ચહડાવવાની ધમકી જ્યારે તે વેપારી તરફથી આપવામાં આવી ત્યારે તે લુચ્ચાઓએ તેનું છુપીથી કાટલું કહાડવાનો પાપી મનસુબો કરી એકાદ દીવસે તેના પૈસા ચુકવી આપવાનું કહી તેને એક ચોક્કસ એકાંત જગ્યાએ બોલાવ્યો હતો જ્યાં તેઓએ તે નીરદોશને ઠારકરી તુરતાતુરત તેનો નીકાલ કરી નાખ્યો હતો. નાટકના સાર પ્રમાણે, તેઓનું પાપ થોડી મુદત સુધી તો છુપું રહ્યું. હવે બન્યું એમ કે આ લુચ્ચાઓની ટોલીમાં એકમેક વચેજ વાંધો પડયો, અને ચોક્કસ સંજોગો બનવાથી તેઓનું કાવતરૂં કેવી રીતે પકડાઇ આવવા પામ્યું હતું અને તેની ઘટતી શજા તે ખુનીઓને કેવી રીતે થતી હતી,--એ સઘળું આ ત્રીજા અંકમાં ભજી બતાવવામાં આવતું હતું. પેસીએ પેહેલા બે અંકપર કાંઇ ઝાઝું ધ્યાન આપ્યું ન હતું. પણ અજબ જેવું છે કે આ છેલ્લા અંક તરફ તેનું ધ્યાન વીશેશ ખેંચાયું. પેલા લુચ્ચાઓની ટોલીએ તે વેપારીને કેવી પ્રકારે લુટયો હતો, અને પછી દાગાથી તેને કેવી રીતે ઠાર કરયો હતો અને પછી તેના શરીરનો કેવી રીતે નીકાલ કરી દીધો હતો, એ બધું તેને અજબ ખેંચાનકારક લાગ્યું, અને તે દરમ્યાન તેના ચેહેરાપર એટલાબધા તો વીચીત્ર ફેરફાર થતા હતા કે આખરે જ્યારે તે ઘણીજ સાવચેતીથી રચાયલું કાવતરૂં કેવી તરાહથી પકડાઇ આવવા પામ્યું તે ભાગ હજુર તો પુરેપુરો ભજી બતાવવાનો હતો તેટલામાં તે એકાએક ચોંકયો! તેનો ચેહેરો તદ્દનજ ફીકકો મારી જઇ તેપરનો જરારતી રતાશ વીજલીને વેગે ઉડી ગયો! આ જોઈ ગુલ તો ગભરાઇ ગઇ! ગુલે વીચાર કીધો કે આ કમકમાટ ઉપજાવનારો છેલ્લા ભાગે પેસી પર જબરી અસર કરેલી હોવી જોઇએ, અને તેથી તે ભોલી અબલાએ ધારયું કે તેનું હૈયું ત્યારે કેટલું બધું પોચું હોવું જોઇએ, અને તે કેવાં નરમ દીલનો આદમી હોવો જોઇએ.

"કેમ દીઅર પેસી, શું છે?" આજુબાજુના ન સાંભળે તેમ તેણે હલ્લુથી પુછયું. અને પેસીનો હાથ પોતાના હાથમાં લીધો.

અને ત્યારેજ પેસીને પોતે કેવી હાલતમાં હતો તેનું ભાન થયું.

"કંઇ નહીરે દીયર," તે તરતજ બોલી ઉઠયો, "એતો આવો નાપસંદ દેખાવ જોયાથી મારી લાગણી જરા કચવાઇ. ને તેથી કરીને મારો જીવ જરા ડોહવાવા લાગો. પણ ચાલ દીયર, હવે ઘેર જતે." તેણે સુચવ્યું. અને એટલું બોલી બન્ને જણ જવા ઉઠયાં.

પણ વાંચનાર, પેસીએ પોતાના ઘભરાતનું ગુલને જણાવેલું કારણ શું ખરૂં હતું? આવા દેખાવથી તેનું દીલ દુઃખાએ એટલીબધી કોમળ લાગણી તે શું ધરાવતો હતો? તેનું દીલ શું એટલું બધું પોચું હતું કે એક નાટકનો કલ્પીત ભાગ જોવાથી તેનો જીવ ફરી આવે? નહી. તેવું તો કશુંએ હતું નહી. પેસીની અત્યાર સુધી કારકીરદી વીશે આપણે જે બીના જાણ્યે છીયે તેપરથી એવાં અનુમાનપર આપણાથી આવી શકાએ નહીં. પેસી જેવા સખ્ત દીલના આદમી પાસેથી નરમ લાગણીઓની આશા રાખી શકાએ નહી. તે લુચ્ચો હાજર જવાબીમાં ખબરદાર હોવાને લીધે ગુલને ખોટું કહી ઉડાવી હતી, જ્યારે તેના ચોંકવાનું ખરૂં કારણ તો કાંઇ બીજુંજ હતું જે તે પોતેજ જાણતો હતો.

જેવો ગુલ સાથે તે ઓરકેસ્ત્રામાંથી બહાર નીકળ્યો તેવો તે પોતાના મનસે બબડયો. "આજે હું આવો બીહકણ કેમ બની ગયો? હું કશાંથી ડરૂં નહી તે આવા ખાલી દેખાવથી બીધો! તેબી વરી મારી ગુલનાં દેખતાં! એબી કંઇ અજબ વાત આજે બની ગઇ!"

તેઓ તરતજ પોતાની ગાડી તરફ આવી લાગી બંગલા તરફ હંકારી ગયાં.

તમાશગીરોનું ધ્યાન નાટકના તખતાપર એટલું બધું તો રોકાઇ ગયલું હતું કે ફકત એક જણ સીવાએ કોઇનું લક્ષ પેસીના ઘભરાત તરફ ખેંચાયું હતું નહીં. ફકત એ એકજ

શખસે પેસીના મોહડાપર થતા તરેહવાર ફેરફાર જોયા હતા, અને છેલ્લે સરવાળે જ્યારે પેસીને ફીકકો પડી ગયલો તેણે દીઠો હતો ત્યારે તે બેહદ અજાયબ થયો હતો. અને જેવો પેસી ગુલ્લને લઇને બહાર નીકળ્યો કે તેણે પણ પોતાની બેઠક છોડી, અને એક ભાડેની વીકતોરયા કરી તેઓની ગાડીની પુઠ પકડી!

પ્રકરણ ૧૨ મું.

કાર્દની અજબ કરામત.

And yet divine justice will have its full tale of intended stripes, taking so many off from the back of the deceived, and laying them on the shoulders of the deceivers—*Thomas Fuller.*

"તમે કહો છો તે ખરી વાત છે. તમારી ચીઠી મને હાથો હાથ પુગાડવામાં આવી હતી અને તે ધ્યાનથી વાંચ્યાબાદ હું એવાં અનુમાનપર આવ્યો છું કે તેપર એકદમ ભરૂશો મેળી શકાએ નહીં."

"પણ સાહેબ, મેં તમોને મારા પ્રમાણીક વીચારો વીશે તે કાગજમાં પુરતી ખાતરી આપી છે. તે શખસપર મને કાંઇ વેર નથી લેવું. મેં પુરતો દરયાફત કરયા પછીજ એ પગલું ભરયું છે."

ઉપલી વાતચીતમાં પેહેલા બોલનાર નશરવાનજી બેલાપટેલ હતા. તેવણ પોતાના ખાનગી ઓરડામા બેઠા હતા અને એક ગબરૂ જવાન સાથે કાંઇ વાતો કરતા હતા. તે જવાન જરાક ઉસકેરાયલી હાલતમાંજ હતો અને નશરવાનજી પ્રત્યે તે બોલ્યો તે સઘળું પુર ગંભીરાઇથી બોલ્યો હતો.

"તે ખરૂં છે, શેઠ." નશરવાનજી તે જવાન ગ્રહસ્થને સમજાવતાં બોલ્યા." તમારી નીસ્તા ગમે એટલી ભલી કાં ન હોય તોપણ આજના વખતમાં એક આદમી પોતાની મતલબ સાચવવા કેવાંકેવાં કાવતરાંનો ઉપયોગ——

"પણ સાહેબ, હાલના દાખલામાં મારી તેવી મતલબ છેજ નહી. હું તમોને ખાતરી આપું છું કે એ બાબદમાં મારો જરાકબી લાભ સમાયલો નથી." પેલો જવાનયો તેમને આગલ બોલતાં અટકાવી બોલ્યો, "અને તે કરતાં હું કેવી કીસમનો આદમી છું તે તમારે જાણવુંજ હોય તો લેઓ આએ મારા નામનો કારદ." એમ કહી તેણે પોતાના નામનો એક કારદ નશરવાનજીના હાથમાં આપ્યો જે તેવણે વાંચ્યા વગરજ પોતાના ગજવામાં મેલી દીધો.

"પણ સાહેબ, ત્યારે તમારી આવવાની મતલબ શું છે, તે મને તમે ટુંકમાંજ જણાવો." નશરવાનજીએ સુચવ્યું.

પેલો જવાન પોતાની ખુરશી નશરવાનજી નજદીક ખસેડી બોલ્યો, "પેસી નામના જે જવાને તમારા મકાનમાં આજ કેટલાક દીન સુધી મજબુત પગપેસારો કરયો છે તેને આજે હું લાંબો વખત થયો સારી પેઠે પીછાણું છું. અને એ આદમી કેટલી બધી હદસુધી બગડેલ અને અનીતીવાન છે તેની મને પકી ખબર છે. તેટલા માટે, સાહેબ, હું તમારા તેમજ ખસુસ કરીને તમારી બેટીના લાભ માટે એટલીજ સુચના માનપુરવક કરવા માગું છું કે એને તમારા ઘરમાં વધુવાર આવતો જતો બંધ કરવો. મને ખબર પડી છે કે એ તમારી બેટીના હાથની માંગણી કરી ચુકેો છે, અને તે સ્વીકારવામાં તમોએ એક બહુજ ભુલભરયું પગલું ભરયું છે. તોપણ હજુર ઘણું મોડું નથી થયું." તે જવાન ઉપલા શબ્દો બહુજ અસરકારક ઢબે બોલ્યો, અને નશરવાનજી તેના એવા બોલવાપર થોડોક વાર તો વીચાર કરતાજ બેઠા.

પણ વાચનાર, આ વળી પેસીનો હરીફ કોણ નીકળી આવ્યો? એ વળી કોણ કવાબમાં હાડકું નડવા આવ્યું? પણ પેસીએ પોતાની ભવીસ્યની મોહરદાર ગુલ વીશેની સઘળી વાતચીત એક જણ સીવાએ બીજા કોઇ પણ આગળ કહી ન હતી. અને તે એક જણ તો તેનો ઇશી મીત્ર પેલો બાબન–ત્યારે નશરવાનજી સાથે વાત કરનાર આ જુવાન કદાચ બાબનજ કાં ન હોય!

પેલા જવાનના બોલવાથી નશરવાનજીના મનમાં તરેહવાર વીચારો આવવા લાગ્યા. કાંએ નહી તે તેવણને અદેખાઇનો મારયો બોલવવા આવ્યો હોય? પેસી સાથે તેને કાંઇ બી અદાવત છે નહી એવું તેનું બોલવું હતું, તોપણ તેની અંદરખાનેની મતલબ તેવણ કેમ પારખી શકે? તેને પેસી સાથે છુપી અદાવતનો કાંઇજ સબબ ન હોય એમ તેવણ નકીપણે તો માનેજ નહી. પેસીએ તેમના મનપર પોતાની ઉમદા વરતણુંક બાબેનો અચ્છો છાપ બેસાડયો હતો. અને તેટલા માટે તેની વીરૂદ્ધતામાં જતી એક પણ વીગત તેવણ એકદમ માન્ય કરી દએ એ દેખાઇતી રીતેજ અસંભવીત હતું, વાંચનારાં સમજી ગયાં હશે તેમ તેવણને આએજ જવાન તરફથી એક ચીઠી મળી હતી જેમાં પેસીની ચાલનો બહુ હલકો ચીતાર આપવામાં આવેલો જોઇ તેવણ અંદેશામાં પડયા હતા. તોપણ તેપર એકદમ અમલ ન કરતાં પુરતી તેહકીક કરવાનો તેવણે ઠેરાવ કરયો હતો, તેટલામાં તો તેમને આજે આ અજાણ્યો જુવાન્યો આવી મળ્યો હતો.

"તમારા બોલવા પરથી મને એમ લાગેચ, સાહેબ, કે એ પેસી સામે તમોને કોઇએ ભમાવેલા છે. તોપણ હવે તમોએ આટલી બધી મેહેનત વગર સ્વાર્થેજ લીધી છે એમ જ્યારે તમે કહોછો ત્યારે હુંબી બન્ને બોરદનું સાંભળ્યા પછી નક્કી સેવટ પર આવીશ. બેઊ બાજુની હું ધીરે રહીને તપાસ કરીશ, અને ત્યાર પછીજ મને જે વાજબી લાગશે તેપર અમલ કરીશ."

"તમારો એ શુભ વીચાર જાણીને હું ઘણો ખુશી છું, સાહેબ. તોપણ મને કહયા વગા ચાલતું નથી કે આ બાબદનો જેમ તેમ ઊતાવળે છેડો લાવેલો સારો. નહીં તો કે એ પેસી જો તમારાં બેટીના મન પર મોહબતની અસર ઊપજાવશે, તો પછી તેનું બહુજ માથું પરીણામ આવ્યા વના રેહેનાર નથી."

"મારા જવાન ગૃહસ્થ. તમે મી૦ પેસીને નાહેકનો ગેરઇનસાફ કરો છો–તમે એવણને જેવા ચીતારોછો તેવા એવણ મારી નજરો નજર સાબેત થાએ નહીં ત્યાં સુધી તો હું એમને કાંઇબી કરી શકનાર નથી. તમારી આજની મુલાકાતથી હું ભારે ગુચવાડામાં આવી પડયો છું, અને તે ગુંચવાડો દુર કરવા માટે મારે ઉતાવળેથી કામ લેવું જોઇએ નહી."

પણ, વાંચનાર, નશરવાનજી ગુંચવાડામાં આવી પડે તેમાં કાંઇજ નવાઈ નથી. પેસીની ખરી બદ ચાલની ખબરની ગેરહાજરીમાં તેવણ તેના વીશે આવો ઉંચો અભીપ્રાય બાંધે એ સ્વાભાવીકજ છે. અને વળી પેસી જેવા ચોત્તે ખુશાલો આજે મંડળીમાંબી કેવા સફાઇથી "ગ્રહસ્થો" તરીકે પસાર થઈ જાયછે! વાંચનારાંઓ, આએ વાંચી ચેતજો ! આજે જમાનો સદંતર બદલાઇ ગયો છે! ભપકાપર કદીબી ઇતબાર રાખતા ના! બહારનો ઠઠેરો જોઇ દબરી જતા ના! અને ફુરતાજ ભરયાં બોલવાપર કદીબી ભોલવાતા ના! પણ અંદરખાનેની બારીકેબારીક વીગતો મેળવવાની કોશેશ કરજો. તેમ કરવામાં વખતનો ભોગ આપવો પડશે, પણ એ વખતજ ઘણાંક ભરમ ભરયાં ભોપાલાં બહાર પાડશે!

"પણ સાહેબ, તમે એના ધંધા વીશે વાકેફ થયા છો કે વારૂ?" તે જવાને સવાલ કર્યો–આબી કોઇ પેસીનો જબરો હરીફ!

"સાહેબ કોઇબી શખસ વીશે તમે ઉતાવળે મત બાંધશો નહી. એ પેસીબા વીશે જ્યાં છે ત્યાં તમોને કોઇએ ભમાવેલાજ લાગે છે. નહીંતો કે તમો આવા કઢંગા સવાલ પુ-

છતે નહીં. એવણુના સંબંધમાં હું આજ જેટલો વખત થયો આવ્યોછું તેટલા વખતમાં મેં એમની ચાલચલણુની તપાસ કરી છે. તમે એવણુનો ધંધો જાણુવા માગોચ તો લેઓ હું કેહું. એવણુ એમના મામાની પેહેડીપર મદદનીશ છે."

"નશરવાનજી શેઠ, તે જવાન હવે ઘણાજ દમામદાર અવાજે બોલ્યો. "તમારા ઘરસંસારની બાબદમાં વગર બોલાવવે તેડવે હું પડયો છું તે માટે હું તમારી દરગુજર ચાહું છું. કારણુ કે તેમ કરવાનો મને બીલકુલ હક નથી. પારકી પંચાતીમાં પડનાર આદમીનું માનવું હંમેશાં મુશકેલ થઇ પડે છે, અને તેવો આદમી કાંઇ ભલુ કામ કરવા જતાં વળી ખતા પણુ ખાય છે. તોપણુ મને ખરી વાત કહ્યા વના ચાલતું નથી. હું કહેવાને ઘણો દલગીર છું કે એ લુચ્ચા પેસીએ તમોને સાબુત છેતરવા માટે પોતાનું સાધુપણું બહુ સફાઇથી વાપરયું છે, અને તે અંતે પોતાની મતલબમાં ફાવ્યો છે તે જોઇ મને ભારે અફસોસ છુટે છે. તેના બહારના ભપકાભર્યા દેખાવે તમારૂં તેમજ તમારાં ભોલાં બેટીનું દીલ જીતી લીધું છે. પણુ સાહેબ, હું તમોને ખરી મનશનીથી કહું છું કે એ શખસ અંદરખાનેથી તદન મેલો છે. અને તમારી બેટીને એવા કરપીન શખસને હવાલે કર્યા પછી,જાણુજો, સાહેબ, કે તમારો પસતાવો હદ વનાનો થઇ પડશે."

વળી પાછા નશરવાનજી વીચારમાં પડયા. તે જવાને જાણે તેવણુને હેબતાવી મેલ્યા હતા. તેવણુ પોતાની એકપુરી દીકરી ગુલને બહુ ચાહતા હતા, અને તે એક કરપીનને હાથ જાએ એ ખ્યાલેજ તેમને ઘભરાવી નાખ્યા. તેવણુ તે અજાણ્યા જવાનના ચેહેરા પર ટગર ટગર જોવા લાગ્યા. તેવણુ મનસે બોલવા લાગ્યા કે, "આ જવાન વયનો શખસ જોકે મને અજાણ્યો છે તોપણુ એની બોલવાની ઢપ પરથી મને માલમ પડે છે કે એનું દીલ ભલી લાગણીઓથી ભરેલું હોવું જોઇએ. નહી, પણુ એ પોતેજ કહેચ તેમ બહારના દેખાવ પર ભુલવું ન જોઇએ. એ અદેખાઇનો માર્યોજ કાંએ નહીં એમ કરતો હોય? પેસી કાંય નહી ઊમદા ખવાસનો હોય? અને કોઈને ખાતર નહીં તો હું ઇચ્છુચ કે મારી ભલી બેટીને માટે તેમજ હોય. પણુ નહીં. આ જવાન શખશબી પોતાની ખરી લાગણીઓ રજુ કરતો હોય એમ સાફ મને માલમ પડેછે." એવા ઉલટા સુલટી વીચારો નશરવાનજીના મનમાં આવ્યા કીધા, અને હવે આગળ શું કરવું તે તેમને સુજયું નહીં. પેલો જવાન પણુ ચુપજ બેઠો અને નશરવાનજીને તેમના ખ્યાલમાં જરાએ ખલલ કરી નહીં.

"તમારા બોલવા પર હું ધ્યાન આપીશ" અંતે તેવણે ચુપકીદી તોડી, "અને પુરતી જુસતેજુઇ કર્યા બાદ હું નક્કી નીવેડાપર આવીશ."

"તમારો કીમતી વખત રોકવા માટે હું દરગુજર ચાહુંચ પણુ હવે મને જવાની રજા આપો" તે જવાન હવે પોતાની બેઠકપરથી ઊઠતાં બોલ્યો અને નશરવાનજી તેને પોતાનો હાથ આપતાં બોલ્યા.

"હા સાહેબ, તમે હવે સીધારો. તમે કેહોચ તેમ મારો વખત જોકે રોકાયો છે તોપણુ તમારૂં કેહેવું જો મને પાછળથી ખરૂં માલમ પડશે તો તમારો કેટલે બધે દરજજે આભારી રહીશ તે હું અટકલી શકતો નથી, તોપણુ મારી એકપુરી દીકરી માટે ઇચ્છુંચ કે કાંઈ નહીં તો તમે ભુલાવો ખાતા હોવો. પણુ હું તમોને એક અરજ કરૂં છું કે આ બાબદ કોઈ બીજાને કાને પડવા દેવી નહીં. પણુ સાહેબ આ વાતચીતમાં તો હું તમારો કાર્દ વાંચતાંબી ભુલી ગયો." એમ કહી તેવણે તે જવાનને આપેલો કારદ ખીસામાંથી બહાર કહાડી વાંચ્યો. વાંચતાં તો માત્ર એક પળ પણુ લાગી નહીં. પણુ એ એકજ પળમાં નશરવાનજી શેઠના ચેહેરાપર કાંઈ અજાયબ જેવો ફેરફાર થઈ ગયો! તેવણુ બેહદ ખુશાલીમાં આવી ગયા! તે જવાનને તેવણે ઓલખ્યો હોય એમ સાફ માલમ પડયું અને વળી વધારે ઓચંબો

ઊપજાવવનારી બીનાતો એ કે તેવણે તેને આં-હસ કરી બેસાડયો. અને બીજો અરધો કલાક તેની સાથે કાંઈ મસલહત ચલાવી, અને ત્યાર પછી તે બેઊ જવાન બેલાપટેલ હોલ-માંથી બહારે નીકળ્યો! પણ વાંચનાર, ત્યારે પેસીનો હરીફ અંતે ફાવ્યો ખરો! પણ જેવો તે બંગલાના કમપાઊંડની બાહર આવ્યો કે તેની નજર લુચ્ચા પેસીપર પડી! અને પેસીએ પણ તેને જોયો! પણ અજબ જેવું છે કે બન્ને જણ કાંઈબી બોલ્યા વગર પોતપોતાને રસ્તે ચાલતા થયા.

પ્રકરણ ૧૩ મું.

જુઠું તે કયાં સુધી તકે?

He who tells a lie is not sensible how great a task he undertakes; for he must be forced to invent twenty more to maintain one.—*Pope.*

પેસી નશરવાનજીને ત્યાં બહુ પળોટાઇ ગ-યલો હતો, અને ગુલેબી તેની સાથે પ્રીતી બાંધી હતી તે બીના આપણે જાણી ગયા છીએ.

છેલ્લાં પ્રકરણમાં બનેલાં બનાવને લગભગ એક અઠવાડયાંની મુદત પસાર થવા પામી હતી, અને તે દરમ્યાન આ વારતાના સંબં-ધમાં કાંઇબી જાણવા જોગ બનવા પામ્યું ન હોતું. ત્યાર પછીના દીવસે એક બનાવ બન્યો જેની અસરથી એ વારતામાં એક નવો સફો ઉમેરાયો.

નશરવાનજી અને પેસી દીવાનખાનામાં બેસી કાંઈ વાતો કરતા હતા. તેવણ આજે કાંઇ ઓરજ મીજાજમાં હતા. ખુશાલીની લાગણી તેમના મોહડાં પર સાફ પ્રકટી રહી હતી.

"કેમ પેસીબા, હવે મારી ગુલ સાથે સ્યાદી કરવાનો કયારે વીચાર છે?" નશરવા-નજીએ પુછ્યું.

આ તો દરદીને ભાવતું વૈદે ફરમાવ્યું.

"તે તો સાહેબ, હવે તમારી મરજી પર આધાર રાખેચ. પણ સાહેબ, તમે કેહો તો કાલે-વરી એવો સબકતો દારો ક્યારે છે," પેસી હદબહાર ખુશાલીમાં આવી જઇ બોલ્યો.

"મારો બા હવે જેમ બને તેમ એ વા-તનો જલદીથી નીકાલ કરી નાખવાનો છે. મારી નજરો નજર એ તમારી સાથે સુખમાં રહે એવી મારી ઇચ્છા છે અને તેથી હું વ-ધારે ઢીલ કરવા માંગતો નથી." નશરવાનજી બોલ્યા.

"લાખ રૂપ્યાની વાત, સાહેબ!" પેસી પોકારી ઉઠયો.

"અને વળી એને આટલી મોટી ઉંમર સુધી મારે ધરે રાખવાનો વીચારબી નથી. અને તેટલા માટે એ તમારી સાથે પરણીને સુખમાં રહેતો મારે માથેથીબી એક ભાર ઓછો થાએ."

"અરે સાહેબ, એમાં ભાર જેવું શું છે. તમારા જેવા સમજુ અને અનુભવી પુરૂશને મોહને આવા સખુન સાંભળી હું અચરત થાકોંચ. તમારી ગુલ તમારે ત્યાં રહી કે મારે ત્યાં એ બધું સરખુંજ તો."

વાંચનાર, વળી આ ક્યાં પીડા? પેસી તો ખાસ્સો નશરવાનજીનો ધર-જમાઇ થવા માં-ગતો હતો, અને તેવણ તો તેને ગલે "ટોક" ઓળઘવા માંગતા હતા! પણ વળી "ટોક" ની સાથે થોડાક લાખ રૂપ્યા મલે તો સઘળી મુશકેલી દુર થઇ જાએ એમ પેસીને લાગ્યું.

"પેસીબા, તમે મારૂં સાંભળીને અચરત થયા તેથી મને મોટી અજાયબી લાગેચ. કાર-ણ કે તમારી ઉત્તમ ચાલ ચલણ વીશે મેં આજ સુધીમાં જેટલું જાણ્યુંચ તેમજ સાં-ભળ્યુંચ તે પરથી તો હું એવાં અનુમાન પર આવ્યો છું કે તમે ધણાજ સ્વતંત્ર સ્વભા-

વના આદમી છેઓ, અને તે તમારા ઉમદા સ્વભાવને અનુસરીને, પરણ્યા પછી મારી ગુલને તમો ઘડીભરબી મારે ત્યાં રેહેવા દેશો નહીં. અને વળી જ્યાં સુધી હું જાણુંચ તેમ બીજા હરામખોર પારસીના પોરયાઓની માફક પારકે પૈસે દીવાલી કેમ કરવી તે તમે મુદ્દલ જાણતાજ નથી.”

નશરવાનજીને ઉપર મુજબ બોલતાં સાંભળી પેસી તો વીચારમાં પડયો! તેની ચાલચલણ વીશે નશરવાનજીને આટલું બધું ઉંચું મત હતું એ તો તેણે આજેજ જાણ્યું. નશરવાનજી શેઠ તેના હાથ પર કેટલે દરજ્જે ઠગાયા હતા તે તેણે આજે ખુલ્લી રીતે જોઇ લીધું, પણ પેસીએ વીચારયું કે જોકે આ સઘળી બાબદ તેની વર્તણુકનો સારો ખ્યાલ લઇ જવાનેજ કામે લાગતી હતી, તોપણ તેથી કાંઇ તેને અંગત લાભ થવાનો જરાએ સંભવ હતો નહીં. આવી ઉમદા ખાસ્યતતો તેના જેવાને ભારી પડી જાએ તે દેખઇતુંજ હતું. કારણ કે તેણે પોતાની ફત્તેહનો પાયો નશરવાનજીની દોલત પર રચ્યો હતો. અને તેવણે તો તેને એક સ્વતંત્ર પુરૂશ તરીકે ઠોકી બેસાડયો હતો. એ કાંઇ પેસી જેવાને પરવડે નહીં. ગુલને પરણીને તે નાદીર હોલમાં જાયજ કેમ–આ વાતમાં રૂસતીમશાહની રજા તો તેણે લીધીજ ન હતી. અને તેટલા માટે ગુલને અને તેને એક પળભાર પણ ત્યાં રેહેવું ભારી પડે એમ પેસીએ વીચારયું હતું. અને વળી ગુલને પરણ્યા પછી નાદીર હોલમાં રેહેવાનો તો તેનો વીચારજ ન હતો. આપણે ઉપર જોઇ ગયા તેમ તે તો નશરવાનજી શેઠનો ઘેર–જમાઈ થવા માંગતો હતો, અને તેમ જો બની શકતું ન હોય તો તેમની દોલતના જોરે જુદો રેહેવાનો વીચાર હતો. પણ નશરવાનજીના મતે તેના આ બન્ને વીચારો ભાંગી પડયા હતા. પોતાને એક સ્વતંત્ર પુરૂશ તરીકે જ્યારે નશરવાનજી તેને ઓળખતા હતા તે બીના તે જો ના પાડે તો તેની આબરૂ જાએ, અને વળી તેમના બોલવાને જો પોતા તરફથી જરાક બી વજન મળે તો લુચ્ચા પેસીને સારી પેઠે ખબર હતી કે તેને ભારીજ પડી જાએ. કારણ કે એક સ્વતંત્ર સ્વભાવનો આદમી પોતાના સસરાની દોલત તરફ ઝાંખીને જોય પણ નહીં. આવી રીતે જોતાં, પેસી ગુંચવાડામાં આવી પડયો. તેનો હાલ સુડી વચે સોપારીના જેવો થઇ ગયો. અને તેમની સાથે હવે કેવી ઢપથી વાતચીત કરવી તે તેને સુજ્યું નહીં.

તોપણ વાંચનાર જાણે છે તેમ તે પકકો હતો, પ્રપંચી હતો, અને વળી સાથે લાગો મીઠાસવાલો હતો એટલે તેના જેવો આદમી નશરવાનજી જેવા ઠગાયલા પુરૂશને હાથે હારી ખાય એ વાત બનવા જોગ હોયજ નહીં.

વળી કાંઇ બીજી યુકતી અજમાવવાનો તેણે ઠેરાવ કર્યો, અને તેમાં તે કેટલે દરજ્જે ફાવે છે તે હેઠળની વધુ વાતચીત પરથી વાંચનારને સાફ માલમ પડી આવશે.

“સાહેબ,” તે બોલ્યો, “તમે કહો છો તે વાત તદન સાચી છે. આજ કાલના પારસીઓના હરામખોર પોરયાઓની રીતભાત મને મુદ્દલ પસંદ નથી. છોકરીઓનાં માએ બાપો પાસે આજે હજારો રૂપ્યા કહડાવવાનો જે નીચ ધંધો એ લોકો લઇ બેઠા છે તેને હું મારાં ખરાં અંતકરણથી ધીક્કારૂં છું. તો પણ મારા સ્વભાવને અનુંસરીને કાંઇ હું તમોને એકદમ ખરાબ લગાડવા માંગતો નથી. તમારી દીકરી તમારૂં એખલુંજ ફરજંદ છે, અને તેના લાભ માટે તમે જેટલું કરો તેટલું થોડું છે.”

“તમે એમ ગોલગોલ બોલોચ તે હું સમજી શકતો નથી, અને જો સમજી શકતો હોવું તો તે આ સીવાએ કાંઇજ ન હોય કે તમેબી એ પાંચ હજાર મારી પાસે માંગોચ. કેમ ખરૂં કેની?”

આએ! કાંહ પેસીની કમબખ્તી લાગી! નશરવાનજી એમ સાવચેત કીયે દહાડેથી થઇ ગયા?

"અરે નહીંરે સાહેબ, એવો હલકો વીચાર મારા મનમાં દાખલ થયોજ નથી."

"ત્યારે તો સાહેબ, તમારા મનની જે કાંઇ વાત હોય તે ખુલ્લે ખુલ્લી કહી દો કે જેથી કરીને કેટલીક વાતનો ખુલાસો હું પણ તમારી સનમુખ કરી દઉં." નશરવાનજી બહુ ગંભીર અવાજે બોલ્યા.

પેસી તેમના બોલવાનો ભરમ બીલકુલ સમજી શકયો નહીં. તેવણ તેની નજદીક શું ખુલાસો કરવા માંગતા હતા. તે તે જાણી શકયો નહીં.

"તમારૂં બોલવું મને બહુ ભરમભર્યું લાગેચ, સાહેબ, અને તમો મારી આગલ શું ખુલાસો કરવા માંગોચ તે હું સમજી શકતો નથી. અને તમે મારૂં મન ખુલ્લું કરવા કેહોય તે મારૂં મન તો સદાનું ખુલ્લું છે."

"ત્યારે તો પેસીબા, હું તમોને એટલુંજ પુછવા માંગું છું કે તમે મારી બેટી ગુલનો હાથ કબુલ કરો છો કે નહીં?"

"એવો સવાલ તમારે પુછવોજ નહીં જોઇતો હતો. તમારી બેટીને આપેલો કોલ કોઇપણ સંજોગ વચ્ચે તોડું એવો હું માણસ નથી."

"તે સાંભળીને હું બહુ ખુશી છું, પેસીબા પણ તમે મારી બેટીને પરણ્યા પછી મારેજ ત્યાં રાખવાની ભલામણ કરો છો તે બીના મને સલ્લાહકારક લાગતી નથી. તેટલા માટે એ તમારેજ ઘર શોભે; એમ તો મારે ત્યાં કોઇવાર આવે જાય તેનો મને કશોએ વાંધો નથી. પણ મારી ગુલ પરણ્યા પછીબી મારેજ ત્યાં પડી રહે તે મને ઠીક લાગતું નથી. કેમ મારૂં બોલવાનું તમોને વાજબી લાગેચ કે નહીં?"

પેસીએ હવે સાફ જોઇ લીધું કે નશરવાજીનો વીચાર તેને તેમના ઘરમાં જમાઇ તરીકે રાખવાનો હતો નહીં. તેવણ તો પોતાની દીકરીને પરણાવ્યા બાદ ઘરમાં રાખવાજ માંગતા હતા નહીં. ત્યારે હવે કરવું કેમ? ગુલને પરણ્યા બાદ કયાં લઇ જવી? નાદીર હોલમાં તો લઇજ નહીં જવાએ ત્યારે જુદું ઘેર કોણને પૈસે માંડે? અને વળી નશરવાનજી પાસે હાથ ઓરવા જતાં પોતાની સ્વતંત્રાને ઝાંખ લાગે તેનું કેમ? 'આએ કયાં પીરા નરી!' પેસી મનની ભારે ગુંચવણ વચ્ચે વીચાર કરવા લાગ્યો, 'આપરે તો આપરીજ ઘોર ખની! એ બુઢાને આજે એ શું સુજ પરયું હોસે! આપરે તો એની દોલત પર ઇમારત બાંધેલી, ને એ તો આજે કાંઇ હજાર હીલ્લાં બાહનાં કાહરેચ. પણ એમાં શું! કાંઇ નહીં, વગર પૈસે પરણશું. પછી બી તો એ ધાંખરો આપવાનોજ કેની? એ જવાનો કયાં છે? શું પોતાની દીકરીને ઓવાર નીવાર કરી મુકશે?"

"તમારા બોલવાને હું મારી તરફથી દીલોજાની ભરયો ટેકો આપુંચ, અને તમે જેમ ફરમાવશો તે માફક હું ચાલશ."

"ઠીક ત્યારે તો, હવે મારૂં આએ બીજું કેહેવાનું છે તે સાંભળો." નશરવાનજી દમામદાર અવાજે બોલ્યા, "આજે પારસીઓના બાબમાં જેવી રીતના લગન થાય છે તેથી તદન જુદીજ રીતે હું મારી બેટીના લગન કરીશ. તે એમ કે મારી તરફથી જે ઘટતો બસો પાંચસોનો ખરચ કરવો જોઇશે તે હું કરીશ, અને તમો સાહેબને જે ઘટારત લાગે તે તમે કરજો. એ સીવાએ બીજું વધારે મારેથી કરી છુટાવાતું નથી તે તમારે જાણવું જોઇએ."

"પણ સાહેબ, તમારા ખાનદાનના નામ પ્રમાણે તમારે ખરચ કરવોજ જોઇએ. હું કાંઇ કોઇબી રીતે રીતનો ભુખો નથી. પણ હું તો એટલુંજ જોવા ઇચ્છુંચ કે ખાનદાનની સોભા સચવાએ—બાકી એકબારગી તમે મારા નામપર લાખ બે લાખ કરીબી આપશો તો તે તમારી બેટીનાજ લાભમાં થવાનું કેની?" પેસી હસતાં હસતાં બોલ્યો.

"અરે નારે પેસીબા, હું તો તમોને પેહેલેથીજ ચેતાવું તો સારૂં કે લાખ બેલાખ તો શું પણ હજાર બેહજાર કરવાનીબી મા-

રામાં શકતી નથી. એમાં શું તમારી બાજુ સલામત છે તો મેહેનત કરી તમે લાખને બદલે કરોડબી પેદા કરશો, અને તેબી વળી મારી દીકરીનાજ લાભમાં થવાનું કેની?"

"હું તો અમથો હસુંચરે, સાહેબ, હું કાંહ તમોને દબાન કરૂંચ." પેસી પોતાનો ગુસ્સો જેમતેમ દાબતાં હસતું મોહ રાખી બોલ્યો "એક અરધીબી લેયા વગર તમારી બેટીને હું આજે પરણુનાર તૈયાર છું. પછી કાંઇ છે?" પછીથી તો દોલત મલવાનીજ.

"એ તમારો વીચાર કેની બહુજ નેક છે. પણ વળી હું તમારી પાસે બીજું એ જાણુવા માંગુંચ કે મારી બેટી તમારી સાથે સુખમાંજ રેહશે તેની સાબેતી શી?"

"એટલે સાહેબ? એ તો તમે મને અપમાન ભર્યો સવાલ પુછો છો. શું હું તમારી બેટીને દુ:ખમાં રાખીશ? શું હું તેને ભુખે મારીશ?" પેસી જરાક ઉસકેરાઇ બોલ્યો.

"અરે, સાહેબ, હું તેમ કેહેતોજ નથી. મારી દીકરી ભુખે મરે કે દુખી થાય તે સવાલ છેજ નહીં. હું તો એક દુન્યાદારીનો જે રીતસરનો સવાલ પુછવાનો છે તે પુછુંચ. ટુંકમાં, લેઓની પેસીબા, હું તમોને એમ પુછુંચ કે તમારી મહીનાની આવક કેટલી છે?"

"પણ સાહેબ, તે બધી વાત હમણાં પુછવાની શું જરૂર? એ પરથી તો એમ દેખાયચ કે મારી પર તમારો વીસવાસ નથી."

"તેમ છેજ નહીં. તમારી ઉપર જેટલી બેદરકારીથી મેં ભરૂસો મેળવ્યો છે એટલો આજ સુધી મેં બીજા કોઇપર બી મેળવ્યો નથી. પણ વારૂ તમારી ખરી આવક કેહેવા વીરૂદ્ધ તમારે શું વાંધો છે? તમે મને કહેલું છે તે યાદ છે કે તમે તમારા મામાની પેહેડી પર વડા મુનીમ તરીકે કામ કરો છો, અને તેટલા માટે તમોને મહીને દહાડે ઓછામાં ઓછા પાંચસો રૂપ્યા તો મળતાજ હશે."

પેસી સમજી શકયો નહીં કે આગળ ચાલતાં આ વાતચીત કેવું રૂપ પકડશે. નશરવાનજીએ તો હદ કરી. તેવણુ તો ખુને ખુનેનો હીસાબ માંગવા લાગ્યા તે પેસીને કેમ પાલવે?

"હું તમોને અરજ કરૂં છું સાહેબ કે એવી લાંબી ખટપટમાં પડવા હું ચાહતો નથી. તમારી બેટી સુખમાં રહે એટલે બસ. મારી આવક જાણુવાની તમોને કશીબી જરૂર નથી."

"અરે વાહરે, પેસીબા! ત્યારે લગ્ન એક કેટલી મોતેબર ચીજ છે તે તમે સમજતાજ નથી. જમાઇ કેવો છે તેની બારીકે બારીક વીગત મેળવવાની એક બાપની ફરજ છે, અને તે ફરજમાં હું પછાત પડવા માગતો નથી."

"પણુ સાહેબ તમે જાણોચ તો ખરા કે હું મારા મામાની પેહેડી પર વડો મુનીમ છું. એ કરતાં વધારે જાણુવાની તમોને કાંઇજ જરૂર નથી."

"તે વાત પણુ મારે કબુલ! ચાલો તમારી આવક જાણુવાની હું હોંસ રાખતોજ નથી. પણ તમારા મામાની પેહેડી પર વડા મુંનીમ તરીકે તમેજ છેઓ કે કોઇ બીજા તે વીશે મારે જાતે ખાતરી કરવી જોઇશે. અને વળી લગ્ન માટે તમારા મામાને મળીને તેમની પરવાનગી મેળવવી પડશે. તમો કેહેતા હોવો તો હું એઓ પર કાગળ લખું, નહીં તો તમે પોતે મને મેળાપ કરાવો. કેમ, હવે એ વાતમાં તો તમોને કાંઇ વાંધા જેવું લાગતું નથીની?"

"પણુ સાહેબ, એ તો મારા જેવા ગ્રહસ્થની આબરૂ સાંમે હુમલો કરેલો કેહેવાય."

"એક ખરો ગ્રહસ્થ હોય તે ઉપલી બાબદમાં જરાએ વાંધા જેવું જોય નહીં, અને તે તમોને ખરાબ લગાડનારૂં લાગેચ તે જોઇ હું બહુ અજાયબ થાઉંચ."

"ચોક્કસ સબબો સર મારા મામા સાથે મને કચડાયલું છે, અને તેથી એવણુ મારાં એ લગનની વીરૂદ્ધજ મત આપશે. અને તેથી એવણુની પરવાનગી માગેલી ફોકટ."

પણુ વાંચનાર, પેસીના ઉપલા શબ્દો સાં-

ભગી નશરવાનજીમાં બહુજ અજાયબ જેવો બલકે ચોંકાવનારો ફેરફાર થઇ ગીયો. ગુસ્સાથી તેમનું મોહ વીક્રાળ અને આંખ લાલચોલ બની ગઇ, અને તેમાંથી જાણે કે આતશના ચમકારા ઉડવા લાગ્યા. તેવણે પેસી તરફ થોડીક પળ તો ધારી ધારીને જોયા કરયું. અને પેસીબી આવો દેખાવ જોઇ ગભરાઈ ગયો. નશરવાનજીનો ચેહેરો જોઇ તેના દીલમાં બીહક પેઠી–તે ધાસ્તીથી ધ્રુજવા લાગ્યો, અને તેની જબાં બંધ થઇ ગઇ!

"સાહેબ!" નશરવાનજી હઠરાવી નાખનારા અવાજે બોલ્યા, "તમે હડહડતા જુઠદા છો! મને ઠગવામાં તમે આજ સુધી ફાવ્યા છો! પણ હવે તેનો છેડો આવ્યો છે! બીજું કાંઇપણ બોલ્યા વગર હું તમોને હુકમ કરૂં છું કે આ મારૂં મકાન હમણાં ને હમણાં એકદમ છોડી જાઓ!"

"પણ સાહેબ હું—"

"તમારા જેવા સાથે વાત કરવાને હું હવે બહુજ બેઆબરૂ ભરયું સમજું છું. તમે એકદમ જાઓ! અંહીંથી દુર થાઓ! નહીં તો મને સખ્ત ઉપાય લેવા પડશે."

આતો ધરતીકંપ થયો! પેસી તો ઉજ્જો પુની જેવો થઇ ગયો. તેનાથી તો એક હરફ વટીક બોલાયો નહીં!

પણ વાંચનાર, તે શું બેસી રહયો? હા તે બેઠો. પોતાની આબરૂનો જવાબ માંગવા બેઠો.

"તમે મને વગર કારણે અપમાન કીધુંચ."

"પણ મારા સાહેબ, તમોને એમ હરામના પૈસા પર કુદી પરણવા માંગતા શરમ નહીં આવી? ઘેર–જમાઇ શાંના થવા નીકળ્યા? જાઓ, મારા સાહેબ, હજુર બી અંહીંથી ગુપચુપ ચાલ્યા જાઓ, નહીં તો હું ખાતરીથી કહુંચ કે તમોને ધક્કા મરાવીને હું બહાર કહાડીશ."

પણ એટલે સુધીની તેમને ફરજ પડી નહીં. પેસી નીચી મુડીએ તેમનો બંગલો તુરત છોડી ગયો.

એવી રીતે એમ કહો કે પેસી બેલાપટેલ હોલમાંથી ખસ્તો થયો. પણ એ સઘળી બાતમી નશરવાનજીને લાવી આપનાર કોણ? ત્યારે પેસીના હરીફે અંતે નશરવાનજી પર અસર કરી ખરી. પણ ત્યારે તે હરીફ શું તેમની ગુલને પરણવા માંગતો હતો? પણ વળી નશરવાનજીએ ચુહલામાંથી નીકળી પેનામાં પડવા સરખું તો કામ ન કરયુ હોય?

પ્રકરણ ૧૪ મું.

એ હરીફ કોણ?

પેસીને તેની ભારે નામોસી વચ્ચે પોતાના બંગલામાંથી બહાર કહાડી નશરવાનજી પોતાની બેટીના ઓરડામાં ગયા.

"કેમ બાવાજી, આજે કાંઈ દલગીર દેખાઓચ." ગુલે પુછ્યું.

"તું તો ગાંડી છે, દીકરી. દલગીરી શાંની ને ગમગીની શાંની?"

વાંચનારને કેહેવાની કાંઇબી જરૂર ન હોય કે પેલો ભેદી માણસ નશરવાનજી સાથે વાત કરી ગયો હતો, તેમજ પેસી સાથે તેમને આજે પંચાતી થઇ હતી, એ બીનાથી ગુલ તદન અજાણી હતી. પણ હવે જ્યારે તે પોતાના બાપને મોહડેથી સઘળી હકીકત સાંભળશે ત્યારે તે ગરીબ અને ભોલી કુમારીકાને કેટલું દુ:ખ ઉપજશે?

"પણ તમારો ચેહરો જરાક ચીંતાતુર દેખાયચ." ગુલ ફરીથી બોલી.

"તે હવે ગમેતે હોય પણ આજસુધીમાં

જે સઘળું બનવા પામ્યુંચ તેથીતો સામો મને ફાયદો થયોચ, અને તેનો સૌથી વધુ લાભતો તુંનેજ મલ્યોચ."

"બાવાજી તમારૂં ભેદભર્યું બોલવું હું સમજી નહી શકતી."

"ત્યારેતો, દીકરી, મારી એક અરજ છે તે સાંભળ."

"તે શું છે, બાવાજી?"

"તે એટલીજ કે આજથી તારે પેસીનું નામ ન લેવું."

આ સાંભળતાંનેવાર ગુલતો તદન બેફામ જેવી થઈ ગઇ—તે શું સ્વપનો જોતી હતી? પેસીને તો તે ખરાં દીલથી ચાહતી હતી, અને તે તો તેનો અતીત્રણો માનીતો હતો, અને તેનુંજ નામ આજથી ન લેવું એ તેનાથી કેમ કરી ખમી શકાય, બલકે સાંભળી વટીક શકાય?

"તમે આજે એમ શું બોલોચ, બાવાજી?" તેણે હરનફાડ થઇ પુછ્યું, "તમે મારી મશકરીતો નહી કરતા હોવો?"

"નહીં દીકરી." નશરવાનજી ગંભીરાઇથી બોલ્યા. "મને એવી પ્રકારની ધાતકી મશકરી કરવાની શું જરૂર હોય? હું જે કહું છું તે સઘળી ખરી વાત છે, અને પેસી સાથનો સઘળો સંબંધ આપણને છોડવો પડવાનો."

"પણ તેનું કાંઈ કારણ? એના વગર તો હું એક—અંહી તે નીરદોશ અબલા અચકી ગઇ અને વધુ બોલી શકી નહીં.

"તેનું કારણ એજ કે પેસી એક હડહડતો જુઠ્ઠો નીકળ્યોચ. એ બધી લાંબી વાત બનેલી છે, દીકરી. હમણાંતો સઘળો વીગતવાર ખુલાસો કરવાની મને ફુરસદ નથી તોપણ બની ગયલી સઘળી વીગતથી તું જ્યારે વાકેફ થશે ત્યારે આવી રીતનો હુકમ કરવાને હું કેટલો બંધો વાજબી છું તે તુંને ખુલ્લી રીતે માલમ પડશે."

એટલું બોલી તેવણ પાછા દીવાનખાનામાં ગયા, અને એક ચીઠ્ઠી ઝડપમાં ચીત્રી કહાડી, ઘોડાવાળાને તેડી તે તેના હાથમાં આપી કોઇ ચોક્કસ ઠેકાણે પોંહચાડી આવવાનું તેને કહ્યું.

"જો, હાથો હાથ આપજે હં. અને તેવણ નહીં મલે તો ચીઠ્ઠીજ પાછી લાવજે."

"વારૂ છાબ," એટલું બોલી ભાન્યો ચાલતો થયો.

ભાન્યાના ગયા બાદ તેવણ આજે બનેલી બાબદપર વીચાર કરવા લાગ્યા. પેસી તેના ખરા રંગ રૂપમાં આજે જણાઇ આવ્યો તે માટે જોકે તેમને સંતોશજ ઉપજ્યો તોપણ તેમને ઠગવામાં તે લુચ્ચો આજસુધી ફાવ્યો હતો તે જોઇ તેમને ભારે દલગીરી ઉપજી. તેની રીતભાત. અને ગૃહસ્થાઇ અદબ અદાથી તેવણ ખુશ થઇ ગયા હતા, અને તેની દફાંસમારૂ વાતચીતથી તેવણ ભોલવઇ ગયા હતા. તોપણ આટલું થયા છતાંબી પેલા ભેદી પુરૂશની મદદથી તેવણ કાંઇપણ રીતનું દુઃખદાયક પરીણામ દુર કરવાને શકતીવાન થયા તે માટે તેમને કાંઇ થોડી ખુશાલી ઉપજી નહીં.

પણ તેથી ઉલટું, ગુલ તો ખરી બીનાથી અજાણી હોવાને લીધે સામી દુઃખી થઇ હતી, તેમજ પોતાના બાપની આજની કાંઇ વીચીત્ર વર્તણુંકથી તે ભારે ગુંચવાડામાં આવી પડી હતી. પેસી તેને ખરી મોહબતથીજ ચાહે છે એમ તે ભોળી અબળા હજુસુધી જાણતી હતી. "પેસી મને કદીબી બેવફા નીવડે નહી." તે મનસે બોલવા લાગી. "એ મને કદીબી તજી જાએ નહીં. એ એવો છેજ નહીં. જાંહ છે તાં બાવાને કોઇએ ભમાવેલા લાગેચ. બાકી એવણે કહ્યું કે પેસી જુઠો નીકળ્યો તે માનીજ કેમ શકાય? એ શું જુઠું બોલ્યો? એતો કાંઇ બહુ ભેદભરી વાત લાગેચ. પેસીના કોઇ દુશ્મને આએ કારૂ ધોરૂ કીધેલું લાગેચ. પછી તો ખરી વાત ખુદાને ખબર."

એવા એવા વીચારોમાં તે હતી તે દરમ્યાન નશરવાનજી દીવાનખાનામાં બેશી શું કરતા હતા તે હવે આપણે જોઇએ.

જોકે તેમના હાથમાં એક ચોપડી હતી, તોપણ તે વાંચતા વાંચતા દેખઈતી રીતે કંટાળી ગયલા લાગતા હતા. તેમનું સઘળું ધક ધ્યાન બારણાં આગળ હતું, અને કોઇના આ.

વવાની વાટ જોતા હોય તેમ તેમના આતુર ચેહરાપરથી સાફ માલમ પડી આવતું હતું. ભાન્યાને ગયાનેબી લગભગ એક કલાક થઇ ગયો હતો. આખરે તેવણુ પોતાની ખુરશીપરથી ઉઠયા, અને ઓટલાપર ગયા કે બાગના દરવાજામાંથી એક જવાનને અંદર આવતો તેમણે દીઠો. જોકે વખત સુમારે રાતના સાત વાગતાનો હતો, તોપણ દરવાજાપર લટકાવેલાં ફાનશની રોશનીને લીધે તે શખસને તેમણે તુરત ઓળખ્યો. અને તેઓ તુરતજ ઓટલાપરથી ઉતરી નીચે બાગમાં આવ્યા, અને તે જવાનને અધવચે મળ્યા.

"આવો સાહેબ, તમોને મારે લીધે બહુ તસ્દી પડેછ તે માફ કરજો, હં." તેઓ તે જવાનને જોશબંધ શેકહેંડ કરતાં બોલ્યા, "હું ધારૂંચ કે મારી ચીઠ્ઠી તમો સાહેબને હાથોહાથ પુગાડવામાં આવી હશે." અને એટલામાં તો તેઓ બંન્ને જણ દીવાનખાનામાં આવી લાગ્યા.

"મારા કામસર હું બહાર જતો હતો તેવામાં મને તમારી ચીઠ્ઠી મળી, અને જોકે તે ટુંકમાં લખેલી હતી તોપણ અંતે તમારી બાજી સફળ નીવડી હતી તે શોધી કહાડતાં મને વાર લાગ્યો નહીં. પણ વારૂ સાહેબ, કાંઇ હુકમ?" તે જવાને પુછ્યું.

આ જવાન પેલા ભેદી પુરૂશ સીવાય બીજો નવો કોઈજ નહીં એમ વાંચનારને કેહેવાની ખાસ જરૂર હોય નહીં.

"હુકમ જેવું કાંઇ નથી સાહેબ. પણ હું એટલુંજ તમોને પુછુંચ કે રૂસતીમશાહ હીરામાણેકની પેઢીપર વડા મુનીમ તરીકે તમેજ કામ કરો છો કે કોઇ બીજા."

"રૂસતીમશાહની પેઢીપર હું કોઈ પણ રીતે એક નોકરની હાલતે કામ કરતો નથી.

વાંચનાર, આખરે આ હરીફ કોણ નીકળ્યો? કોઇજ નહીં પણ એરચ! પણ શું એરચ શીરીનને પડતી મેલી ગુલ સાથે પરણવા માંગતો હતો?

વાંચનારને આ બધી વાત ગુચવણ ભરી લાગશે ખરી, પણ આગળ શું આવે છે તે વીગત ધ્યાન દઇ વાંચસે તો સઘળી ગુચવણ દુર થશે.

"વારૂ સાહેબ, પણ હવે તો તમારી ખાતરી થઇ કેની કે એ પેસી કેવી ચાલચલણનો આદમી છે તે. તમે સેહેલાઇથી જોઇ શકશો કે એની અંદર મને કોઇ રીતનો અંગત લાભ નથી. એક ભોલી કુમારીકા આવા ઉઠાઉગીરને હાથ જાએ તે હું જોઇ શક્યો નહીં, અને તેમ થતું અટકાવવાની મતલબથી મેં, આ પગલું ભર્યું, અને તેમાં આખરે મને ફત્તે મલી તેમજ તેથી તમોને ફાયદો થયો તે જોઇ હું બહુ ખુશી છું."

"તે માટે તમારો ઉપકાર હું કદીબી ભુલીશ નહીં. તમોએ એક બહુ જોખમ ભર્યું કામ માથે ઉઠાવવાની હીંમત કરી એ તમોને કાંઈ થોડી શોભા આપનારી વાત નથી. તમોએ એક એવું ભલું કામ કીધુ છે કે જેની યાદ હું મારી જીંદગીના છેડા સુધી કરતો રહીશ. પણ હું તમોને પુછતાં ભુલીજ ગીયો કે મારી દીકરી સાથે એ પરણવા માંગતો હતો તે વાત તમે કેમ જાણી?" નશરવાનજીએ ઉલટભર પુછ્યું.

તેને માટે મને જરાક લંબાન જવું પડશે તેથી વળી કોઇ બીજી વખતે એ વાતનો ખુલાસો થઇ રેહેશે. ચાલો સાહેબ, હું હવે રજા ચાહુંચ." એટલું બોલી એરચ ઉઠયો.

"અરે બેસો, જમીને જજો, સાહેબ." નશરવાનજી આંહસ કરતાં બોલ્યા.

"મોટી ખુશીથી તેમ કરતે, સાહેબ, પણ તમારે જાણવું જોઇયે કે હજુરતો મારાં કામ સર મારે જવાનું છે, એટલે તમારી માંગણી હું ઉપકાર સહીત ના પાડું છું."

"ત્યારે તો હું તમોને રોકી શકતો નથી. પણ વળી આવજો, હં." એટલું બોલી નશરવાનજી તે જવાનથી છુટા પડયા.

પ્રકરણ ૧૫ મું.

કીનાની શરૂઆત!

Envy, eldest-born of hell, embrued
Her hands in blood, and taught the sons of men
To make a death which nature never made.—*Bishop Porteous.*

નશરવાનજીને બંગલેથી ફજેટ થઇને પાછું ફર્યા બાદ પેસીની હાલત કેવી હતી તે હવે આપણે તપાસ્યે,

પોતાપર આવી પડેલી મુશ્કેલી કેટલી ગંભીર પ્રકારની હતી તે હવે તેણે ખુલ્લી રીતે જોઈ લીધું. પણ તેણે ધારયું કે જ્યાંસુધી કોઇ બીજા શખસે નશરવાનજીના કાન તેની સામે ભંભેરયા ન હોય ત્યાંસુધી તેવણ તેની ચાલચલણપર જરાકબી શક લઇ જાય નહીં. આજસુધી તેમણે તેનાપર ભરૂસો મેલયો હતો, અને તેની સાથે ઠંડેપણે વર્તવાનું તેમને કારણ મળેલું હોવુંજ જોઇએ પણ તે કોણના તરફથી? બાબન સીવાએ કોઇ બીજા આગળ તો તેણે ગુલની વાત વીશેનો એક હરફ વટીક કહ્યો હતો નહીં. તે જાણતો હતો કે બાબન લુચ્ચો હતો. તેને ખબર હતી કે તે જરાકમાં ફસાવી મારે એવો હતો. પણ નહીં. બાબન એટલી બધી હીંમત કરે નહીં. તે ગમે તેવો લુચ્ચો કાંએ નહીં હોય તોપણ તે તેને ફસાવી શકે નહીં. તેનો શક એરચપરતો ઉશકેરાયલોજ હતો. કારણકે નશરવાનજીના બંગલામાંથી બહાર આવતાં તે બંનેની નજર એકમેકપર પડી હતી. પણ તેને માત્ર નક્કી એટલુંજ કરવાનું હતું કે એરચને એ સઘળી બાતમી મેળવી આપનાર કોણ શખસ હોવો જોઇએ. એરચતો તેની વાતથી તદન બીન માહીતગાર હતો. ત્યારે કોઈ બીજા તરાહીત આદમી તરફથી તેને ખબર પડયા વના તે નશરવાનજીને ત્યાં કેમ જઇ શકે? તેટલા માટે તેનો મુળ શક બાબનં પ્રત્યે ઉશકેરાયો, અને પોતાની સંપુર્ણ ખાતરી કરવા માટે તે એરચને તેની પેહેડીપર મળવા જવાનો વીચાર કરી ઘરની બહાર નીકળ્યો.

નશરવાનજીને ત્યાંથી હડધુત થઇને આવ્યો તેથી તેને કાંઇ થોડું દુઃખ લાગ્યું નહીં. હવે તેની પુરતી ખાતરી થઈ ચુકી કે તેની સઘળી દગાઇ તેમની નજદીક પ્રકટી નીકળી હતી, અને તેમના સમક્ષ તે પોતાના ખરાં રંગરૂપમાં જાહેર થઇ ગીયો તે માટે તેને કાંઈ થોડો ચચરાત લાગ્યો નહીં. પાસું એકાએક તેની ધારેલી યોજનાની નીશફળતામાં કેવી રીતે ફેરવાઇ ગયું તેની તેને સમજ પડી નહીં. તેનો ગુસ્સો ખુદ એરચ કરતાં બાબન તરફ વધારે ઉભરી નીકળ્યો હતો. રખેને તે લુચ્ચાએ સઘળી વાત જાણી લઇ તેનો પોતાની તરફેણમાં ઉપ્યોગ કરી લીધો હોય.

એરચ તરફ તો તેનો શક મજબુતજ હતો. વાંચનારને જાણવું અગત્યનું થઇ પડશે કે એરચ અને પેસી જોકે એકજ બંગલામાં સાથે રહેતા હતા તોપણ તેઓ વચ્ચે વાતચીતનો વેહેવાર ઘણોજ હદસરનો હતો. જરૂર જોગાં કામની વાતચીત સીવાય બીજો કોઇપણ રીતનો સંબંધ તેઓ વચ્ચે હતો નહી. પેસી કેવી ચાલચલણનો આદમી છે તે વાત કાંઇ એરચથી અજાણી ન હોતી.

પણ હવે તો તે લુચ્ચાની નાઉમેદીનો પારજ ન રહયો. તેની નીરાશી હદ વનાની થઈ પડી. તેની લાગણીઓ પળેપળ ફેરવાવા માંડી. તે કાંઈ ગુલને ચાહતો ન હતો. આપણે જાણ્યે છીયે તેમ તેતો તેની દોલતનો તલબગાર હતો, અને માત્ર દોલતજ મેળવવા માટે ગુલ કરતાં જો કોઇ વધારે સારો બીલ્લુ તેને મનસે મળતે તો ગુલને છોડી દઇ તેને પકડતે. અને એજ પ્રમાણે ગુલને પરણુવાની તે જ્યારે અણીપર હતો ત્યારેજ બાજી તેના હાથમાંથી છટકી જવા પામી હતી તે જોઇ તેને ભારે ખી-

જવાટ લાગ્યો. પોતાના જેવા ઉપર-નશરવાનજીને સંપુર્ણ સ્નેહ મળેલો જોઇ તે બહુજ મુંઝાયો. તેની આજસુધીની કારકીરદી દરમ્યાન કોઇ વખતબી તેને હમણાના જેવી ભારે નીરાશીનું દુઃખ ભોગવવું પડયુ ન હતું.

આવી દયાજનક હાલત વચે તે પેહેડીએ આવી લાગ્યો અને એરચને મળ્યો. તેને એમ ઓચીંતો આવેલો જોઇ એરચે અજાયબ થઇ પુછયું, "કેમ પેસી, આજે તુંને કાંઇ આફીસમાં આવવું પડયું? કેમ જરૂરનું કામ છે શું? પણ તુંને મળવુંચ કોણને!"

"તુંનેજ. જરાક જરૂરનું કામ છે."

"લે ચાલ જે કેહવું હોય તે ટુંકમાં જલદી જલદી કહી દે; કારણકે મારો વખત ઘણો કીંમતી છે."

"હા વરી, તુંને તો હંમેસનુંજ કામ છે તે હું જાણુંચ." પેસી ખીજવાઇને બોલ્યો, "પણ જો એરચ, તે દહાડે તું નશરવાનજીને બંગલે જઈ મારે વીશે તેમને શું શું જુઠું સાચું સમજાવી આવ્યો?"

"હવે તું બધું જાણે છે ને ડાહ્યો થઇને પુછવા શાનો આવ્યો?" એરચ બોલ્યો.

"પણ તુંને એટલું બધું કરવાની જરૂર શું? તું જાણેચ કે મેં તારી સાથે કોઇ દહાડો આડી ચાલ ચલાવી નથી, ત્યારે પછી તું મને એમ શું કામ સતાવેચ? સેહેલ સુતે રહેવામાં આપુને બેઉને ફાયદો છે તેથી હવે મેહેરબાની——"

"બસ કર, પેસી!" એરચ વચ્ચે બોલી ઉઠયો, "હું એવું તારૂં લંબાન પીજન માંગતો નથી. તું અહીંથી જા, મને કામ છે."

"એટલે, શું તું મને દમ બમ ભરાવેચ કે?" પેસી આટલો વખત ઠંડો હતો તે હવે ગરમ થઇ બોલી ઉઠયો.

"હું તુંને કોઇપણ રીતનો દમ ભરાવતોજ નથી; કારણકે તારા જેવાને દમ આપવા જતાં મને મારી પોતાની આબરૂ ખોહવી પડે."

"ત્યારે તું શું મને કાંઇ હલકો બલકો સમજેચ કે? તું શું જોઇને એવું બોલ્યો? મને એક હરફ વટીક કેહેવાની તારી તાકાટ શું? હું જાણુંચ કે તું મારા મામાનો લાડકો છે, પણ તેથી હું કંઇ બીહી જવાનો છે?" પેસી હવે વધુ અને વધુ ઉશકેરાતો ગયો.

"હું એમ કેહેતોજ નથી કે તારો ખવાસ હલકો નથી. અને વળી એટલુંતો યાદ રાખજે કે આજસુધીમાં જેટલી વીગત હું તારા વીશે જાણુંછું તેપરથી તારી ચાલ વીશે ઉંચુ મત બાંધવાનું મને એક પણ કારણ મળતું નહીં." એરચ બોલ્યો.

"તારી ફીલસુફી હવે બંધ કર. અદેખાઇનો માર્યો તેં જે જુઠું સાચું લોકોને મારા વીશે સમજાવ્યુંચ તે કંઈ હું ભુલનાર નથી. મારા મારગમાં નાહકનો ખતરો તું નાખી આયોચ, ને તે વાત કબુલ કરવાને બદલે મને તું શીખામણ આપવા નીકળ્યોચ. એવી રીતે મારી બદગોઇ કરીને જોઉંચ કે તું કેમ ફાવેચ."

"મેં તારી અદેખાઇ કરી કે બદગોઇ કરી, તે ગમે તે તું વીચાર. તેની સાથે મને જરાકબી કામ નથી. અને તે કરતાં તું તારા જીવનેજ પુછ કે તે દાહડે નાટકમાં તું ફગલાઇ કેમ ગયો. નાટકની વાતબી મને ખબર છે. હવે બસકર. ખાલી બકબકારો કરી મારો વખત ના રોક. જા, હવે તારે જોઇયે તે કરજે."

નાટકનું નામ સાંભળતાંજ પેસીના મનપર કાંઇ અજબ જેવી અસર થઇ. હમણાં સુધી તે એમ સમજતો હતો કે એરચ જે કાંઇ બોલતો હતો તે કોઇને મોંહડે સાંભળેલી વાત હશે. પણ તેમ તો હતું નહીં. એરચ બધી નજરે થયેલી વાત બોલતો હતો તે તો એરચના મનપર એવું થસાવવા માંગતો હતો કે પારકે મોહડે તેણે જે કાંઇ વાત સાંભળી હતી તે તદન ખોટી હતી, પણ તેણે હવે જોયું કે તે હવે તેમ કરવામાં ફાવી શકનાર નથી. તેણે હવે ખુલ્લે ખુલ્લી રીતે એરચ સાથે કજ્યો કરવાનો ઠેરાવ કર્યો.

"એરચ, આજથી હું તુંને મારો કટ્ટો વૈરી

ગર્યુંચ. તેં મને છેરીને ખુદ સેતાનને જાગ્રત કીધોચ. મારી વચ્ચે આવ્યાથી શું પરીણામ નીપજેચ તે હવે તું જોશે. આજથી તું તારી સંભાલમાં રેહેજે. આટલી ઉમર દરમ્યાન મેં કાંઇ હજાર પરાકરમ કર્યાંચ તો તેમાં તારા જેવા તચકરાના મને શું ભાર. પેસી બચ્ચો પોતાનું વેર કેમ લેશે તે હવે તું સારી પેઠે જોશે. તુંને હું જંપીને બેસવા દેનાર નથી. તું મારાથી હજારો ગાઉને છેટે હશે તોપણ હું તુંને દુઃખ દેવા વના રેહેનાર નથી, અને લાગ આવતાં બચ્ચા યાંદ રાખજે કે હું તારૂં લોહી પીવશ, લોહી !" આટલું બોલતાં પેસી એટલો બધો તો ઉશકેરાઇ ગયો કે તેના આંખના ડોલા લાલ થઇ આવ્યા, અને જાણે તેમાંથી આતશ નીકળવા માંડયો. તે પાછો વીકાળ ચેહેરે બોલ્યો, "પણ વારૂ તું મને એટલુંજ કેહ કે મારા ભેદની ખબર તુને મારા કોઇ દોસતદારે કહી કે ?"

પેસીને હદબહાર ઉશકેરાયલી હાલત વચ્ચે બોલતો સાંભળી વાંચનાર સમજશે કે એરચ પણ ઉશકેરાઇ ગયો હશે. પણ નહીં. એરચ ઠંડે-પણે, પણ મકકમ અને દમામદાર અવાજે બોલ્યો, "હું તારા બોલવાની એક રતીભાર બી દરકાર રાખતો નથી. તારા જેવા પાપી આદમીથી ખોદાઇ રાહપર ચાલનારને કશોબી ડર રાખવાનું કારણ નથી. જા, મેં તુને કહ્યું કેની કે તારાથી થાય તે કરી લેજે, પણ સબર, તારા છેલ્લા સવાલનો જવાબ લેતો જા. મારે લીધે તારા કોઇ દોસ્તદારને બદનામ કરવા હું માંગતો નથી. તારા ભેદની વાત મેં પોતેજ જાણી છે. અને તુ કહેચ તેમ તેમને કોઇ તારા દોસ્તે કહીજ નથી." એટલું બોલી એરચ પોતાના કામમાં પાછો મશગુલ થયો, અને પેસી પોતાને ઉપજેલા ભારે ચચરાટ અને ખીજવાટ વચ્ચે ઓફીસ છોડી ગયો.

એવી રીતે, એરચ અને પેસી વચ્ચે જ્યારે કજીયો થયો નહીં ને થયો ત્યારે, આટલી બધી હદસુધી વધી જવા પામ્યો. અગાઉ કોઈ પણ દીવસે તેઓ વચ્ચે જરાકબી બોલાચાલી થઇ ન હોતી, અને અંતે જ્યારે થઈ ત્યારે આવી તીખાસભરી થઇ.

હવે એરચને આ ભેદની ખબર કેવા સંજોગો વચ્ચે થઇ હતી તે આપણે તપાસ્યે.

પેસી એકાદ રાતે નશરવાનજીને બંગલેથી નીકળી ચરનીરોડના બાગમાં ફરવા ગયો હતો તે વખતે, વાંચનારને સારીપેઠે રોશન હશે કે તેને બાબન નામના તેના એક મીત્ર સાથે ઓચીંતી મુલાકાટ થઇ ગઇ હતી, અને તે વેળા તેઓ બંને વચ્ચે થયલી વાતચીત જે નવમા પ્રકરણમાં આવી ગઇ છે તે પણ ધ્યાનમાં હોવી જોઇએ. પણ તે સાથે આપણને કાંઈ ઝાઝું કામ નથી. તોપણ પેસી બાબન સાથે વાત કરતો કરતો અધવચ્ચે અટકી ગયો હતો, અને કોઇની રાહ જોતો હોય એમ તેણે પોતાની આસપાસ નજર દોડાવી હતી, અને તેમ કરવાનો તેને શું સબબ મળ્યો હતો તે આપણે જોઇયે. જે બાજટપર બેસીને તેઓ વાત કરતા હતા તેની પછવાડે કાંઇ ખખડાટ થયાથી પેસીનું ધ્યાન તે તરફ ખેંચાયું હતું. પણ અંધારાંને લીધે તે ખુલ્લી રીતે જોઇ શકયો નહીં, અને તેટલા માટે ખખડાટ શાથી થયો હતો તેનું કારણ તે તે વખતે શોધી કહાડી શકયો ન હતો. પણ તે ખખડાટ કરનાર શખસ કોઇજ નહીં પણ તેઓના ગયા પછી જે ત્રીજો આદમી પોતાને મનસે બોલ્યો હતો, અને પેસીને તેની ધારણામાં ફાવવા ન દેવો એવો ઠરાવ કર્યો હતો તેજ હતો, અને તે ત્રીજો આદમી કોઈજ નહીં પણ આપણો જાણીતો મીત્ર એરચ હતો. પણ તે શું ખસુસ કરી તેઓની છુપી વાત સાંભળવાની મતલબથીજ ત્યાં આવ્યો હતો ? નહીં. તે અજાયબ જેવા સંજોગ વચ્ચે ત્યાં આવી લાગ્યો હતો, અને શોધ પણ તેણે અજબ જેવી કરી હતી. તેજ રાતના સાડા સાત વાગી ગયા પછી રૂસતીમશાહના કાંઇ અગત્યનાં કામસર તેને ચરની રોડ આવવું પડયું હતું, અને તે કામ બજાવી પાછું ફરતાં ગાડી આવવાને વખત હતો કરીને તે બાગમાં ગયો હતો, પણ તેને

એવી રીતે એહાને અરધો કલાક થયો નહીં કે કોઇ બે પુરૂશના વાત કરવાનો અવાજ તેને કાને પડયો, અને તેમાંથી તેણે પેસીનો અવાજ ઓળખ્યો, અને તેઓની વાત તેને જરાક વીચીત્ર પ્રકારની લાગવાથી તે ધ્યાનથી સાંભળવાનો તેણે ઠેરાવ કર્યો હતો, જેમ કર્યાથી જોકે તેને એક ગાડી ચુકવી પડી હતી તોપણ તેથી તે કાંઇ દલગીર થયો હતો નહીં, કારણ કે તે વખતે પેસીને તેના ખરા રંગરૂપમાં પારખી કાઢવાની તેને સરસ તક મળી ગઇ હતી. પેસીની એક નીરદોશ અબલાને ફસાવવાની પાપી મતલબ એરચ સેહેજમાં પામી ગયો, અને તે કુમારીકાના રેહેઠાણની ભાલ કહાડવાનો ઠેરાવ કરી તે બાગમાંથી નીકળ્યો હતો. તે લુચ્ચાઓ વચ્ચે થયલી વાતચીતપરથી એરચે જાણી લીધું હતું કે તેઓ સનીવારની રાતે નાટકમાં જનાર હતા, અને ત્યાં તે ભોલી છોકરી પણ આવનાર હતી. ટુંકમાં, એરચ તે રાતે નાટકમાં ગયો હતો, અને થાંબલાની પછવાડેથી ભરાઇને જોનાર બાબન નહીં પણ તેજ હતો, તો જોકે પેસી તો તેને બાબનજ સમજતો હતો. ત્યારપછી એરચે તેઓની ગાડીની પુઠ પકડી હતી તે ગુલનો બંગલો શોધી કહાડવાની મતલબથીજ હતી, અને તેમ તેણે આખરે કર્યું હતું. ત્યારપછી શું બની ગયું તે સઘળું ફરીથી વર્ણવવાની જરૂર હોય નહીં.

એવી રીતે એરચની છુપી પણ ભલી કોશેશથી ગુલ પેસી જેવાના હાથમાં જતી સદાની બચી હતી.

વળી એરચે નશરવાનજીને આપેલી કબુલાત મુજબ આ ભેદની વાતથી તેમને ગુલની હાજરી દરમ્યાન જાણીતા કર્યા હતા. અને તે જાણીને તેઓ તો હેરતજ થઇ ગયાં હતા. પોતાની બેટીનો બચાવ આવો ગેબી રીતે થશે એવી આશા તેમણે સ્વપ્ને પણ રાખી ન હોતી, અને વળી પેસી પોતેજ ખરાબ હતો એવી તેમને ખબરજ કયાં હતી? ચરની રોડના બાગમાં આ ત્રણે જણની હાજરી તેમને તો એક મોજેજા સમાન લાગી. પણ વાચનાર, એને મોજેજો કહો કે ચમત્કાર કહો, ગમે તે કહો, પણ તેથી કાંઇ એરચને ફાયદો થયો નહીં. કારણ કે ઘણીક વખત એવું બને છે કે જેમ એક માણસને લાભ કરવા જતાં આપણે બીજી ગમથી હેરાનગતીમાં આવી પડયે છીયે તેમ જોકે નશરવાનજીને તો એ લોકના અચાણક મેલાપથી ન ધારેલો ફાયદોજ થયો હતો, તેથી કરીને તો તેમની બેટીનો સંસાર સુખનું સમુળગુ નખ્ખોદ વળતું સેહેજમાં બચી ગયું હતું, તોપણ તેથી આપણા એરચને તો ઓર ગેરલાભ થયો.

પ્રકરણ ૧૬ મું.

ચાંદરણી રાતની ખુશ ગુફતેગોમાં તોફાનની ખલલ!

The rose is fairest when it is budding new,
And hope is brightest when it dawns from fears.
The rose is sweetest washed with morning dew,
And Love is loveliest when embalmed in tears.—*Scott.*

અમે વાંચનારનું ધ્યાન રૂસતીમશાહ શેઠના "નાદીર હોલ" થી થોડેક છેટેની એક જગ્યા તરફ ખેંચવા માંગીયે છીયે. ત્યાં જવાનો એક માર્ગ તેમના કમપાઉંડની પશચીમ દીશાએ આવેલો હતો. એ જગ્યા "જંગલવાડી" ને નામે ઓળખાતી હતી. અને જોકે તે કોઇની માલેકીની હતી તોપણ તેનો ધણી કોણ હતો તેની ખબર તે લત્તાના રેહેવાસીઓને હતી નહીં. ટુંકમાં, એ જગ્યા લાંબો વખત સુધી પડતળ પડી હતી અને તેની રખેવાલી કરનાર

તરીકે આજસુધી કોઈ પણ આદમી માલમ પડયું ન હતું. જોકે તે પડત પડેલી હતી તોપણ ત્યાં જાત જાતનાં નાનાં મોટાં ઝાડો ઉગી નીકળેલાં નજરે પડતાં હતાં તે ઉપરથી તે તરફ વસ્તાં લોકો એવું બોલતાં હતાં કે તે જગ્યા અસલ કોઇની ફળદ્રૂપ વાડી હોવી જોઇયે. એ જગ્યાનો દેખાવ ઘણો ખુશનુમા હોવાને લીધે તે તરફના રેહેનારાંઓ ત્યાં વારંવાર ફરવાની મતલબથી આવતાં નજરે પડતાં હતાં.

વખત રાતના નવ વાગતાને સુમારેનો હતો. ચંદ્રમા આકાશમાં પોતાના સેતારાઓના તેજસ્વી રેસાલા સહીત મુસાફરી કરતો હતો. તે કાંઇ પોતાના પુર તેજમાં પ્રકાશતો ન હતો, કારણકે તેની હેઠળથી વાદળાંઓ અવારનવાર ફરી જતાં હોવાને લીધે તેની રોશની વારે ઘડીયે ઝાંખી પડી જતી હતી.

આવી વખતે જંગલવાડીમાં કોઇ એક પુરૂશ કોઇના આવી પુગવાની રાહ જોતો હોય તેમ આમતેમ નજર ફેંકતો નજરે પડતો હતો. તેની ઉમર આશરે ૩૦ વરસની હતી. તે ચેહેરે ખુબસુરત અને શરીરે કદાવર લાગતો હતો, અને તેના પહેરવેશપરથી તે મુસલમાન લાગતો હતો. ટુંકમા, તે શખસ કોઈજ નહીં પણ વાંચનારને જાણીતો બાબન હતો.

પણ, આવે વખતે અને તે પણ વળી આવી એકાંત જગ્યાએ બાબનને આવેલો જોઇ આપણે કાંઇ ઝાઝાં અજબ થઇશું નહીં, કારણકે તેના જેવા ઠગને તેના કાંઇ ફરમાસુ કામ માટે આવી એકાંત જગ્યાજ અનુકુળ થઇ પડે તે બીના સમજતાં આપણને કોઇ પણ રીતની મુશકેલી પડવાની નથી. અને હતું પણ તેમજ. તે અહીં પેસીના આવી પુગવાની રાહ જોતો ફરતો હતો. પેસીએ તેના કામના પુરેપુરા પૈસા હજુર સુધી તેને આપ્યા ન હતા. અને તે ચુકવી લેવા માટે આજની રાત અને આ જગ્યા મુકરર કરવામાં આવી હતી. આઠ વાગતે આવી પુગવાની તેણે બાબનને કબુલાત આપી હતી. પણ નવ વાગી ગયા છતાં તે આવ્યો નહીં એટલે કુદરતી રીતે બાબનના મનમાં શંકા ઉત્તપન થઇ. તેને ચટપટ થવા માંડી. જીવ એકદમ અધીરો થઇ ગયો. રખે પેસીએ તેને ઉડાવવાની કોશેશ કરી હોય! તે તેને ખાલી આશા આપી ભમાવતો કાં ન હોય! આવો વીચાર કરતો હતો કે સામેથી કોઇના પગલાંનો અવાજ તેણે સાંભળ્યો, અને દેખઇતી રીતે તેના જીવને નીરાંત વળેલી દેખાઇ. પેસીજ આવ્યો હશે એમ જાણી તે સામો ગયો તો તેની નજરે કોઇ બે જણના આકાર પડયા. તે અજાયબ થઇ પાછળે પગે એકાદ ઝાડને ઓઠે ભરાઇ ગીયો, અને થોડીજ પળમાં એક ગબરૂ જવાન અને એક ખુબસુરત સ્ત્રી તેની નજદીકથી ચાલી ગયાં અને એક પથરપર બેઠાં. બાબન એવી તો સફાઇથી ઝાડની પછવાડે ભરાયો હતો કે તેની તે તરફની હાજરી વીશે તેઓને કાંઇ પણ ખબર પડી નહીં. તેઓને આવી એકાંત જગ્યાએ બેઠેલાં જોઇ બાબન બેહદ અજાયબ થયો, પણ તે તેઓને ઓળખી શકયો નહીં. તોપણ થોડીજ પળમાં તેઓની વાતચીતનો સાદ તેણે સાંભળ્યો.

"આજે ચંદ્રમાની રોશની એટલી ઝાંખી કેમ પડી ગઇચ?" બંનેમાંથી તે જુવાન અબળાએ પુછ્યું.

"એતો જોની, ડીયર શીરીન, આકાશ ઘેરાયલું છે કેની તેથી રોશની ઝાંખી દેખાયચ." પેલો જવાન જે કોઇજ નહીં પણ આપણો એરચ હતો તે બોલ્યો.

રૂસતીમશાહની રજાથી તેઓ આજે અહીં ફરવા આવ્યાં હતાં. આ જગ્યા તેઓને બહુ મનપસંદ હોવાને લીધે તેઓ અંહી અવારનવાર આવતાં હતાં, અને કોઇ કોઈ વખત તો રૂસતીમશાહબી તેઓની સાથે નીકળી પડતા હતા.

"પણ, શીરીન, હમણાં હમણાં રતનફઇ તારીપર કાંઇ ઘણુંજ હેત રાખેચ, કેમ?" એરચે એકાએક પુછ્યું.

"તે તો હવે હોશે. પણ એક ચોકસ બાબદ તારે જાણવી જોઇએ." એટલું બોલતાં

શીરીન ગંભીર બની ગઇ અને તેના ચેહેરાપર ફેરફાર થવા માંડયો જે જોઇ એરચે તુરત પુછયું.

"કેમ શીરીન, તું એકાએક ગંભીર શાની થઇ ગઇ?" પણ શીરીન કાંઇ બોલી શકી નહીં. તે થોડીક પળ સુધી ચુપ બેસી રહી. એરચ તેથી વધુ અજાયબ થયો, અને એમ એકાએક ચુપકીદી અખત્યાર કરવાનું તેને શું કારણ મળયું હશે તે તે સમજી શકયો નહીં.

"શું છે, દીયર?" એરચ તેનો નાજુક હાથ પોતાના હાથમાં લેતાં બોલ્યો, "તું બોલતી કેમ નથી? તારાં મનની વાતથી શું તું મને જાણીતો નહીં કરે? તારા એરચ કરતાં શું તે વાત તુંને વધારે પ્યારી લાગેચ કે તે કેહેતાં તુંને આંચકો લાગેચ?"

"એરચ!" અંહી શીરીન એકાએક બોલી ઉઠી, "વારૂ મારા સવાલનો ખરેખરો જવાબ આપશે"

"જે ફરમાવવું હોય તે બોલી દે, દીયર. મને વધુવાર શકમાં ના રાખ."

"ત્યારે વારૂ, તું શું મને ખરાં દીલથી ચાહેચ?"

ઉપલું વાકય સાંભળતાંજ એરચ ચોંકયો! શીરીન શું તેની તરફ ત્યારે શકની નજરથી જોતી હતી? થોડીકપળ સુધી કાંઇ પણ જવાબ આપ્યા વગર તેણે શીરીન સામુ તગર તગર જોયા કર્યું, અને તેનો હાથ જે તેણે પોતાના હાથમાં પકડયો હતો તે પણ ધ્યાનમાં ને ધ્યાનમાં તેણે છોડી દીધો, અને દયા ઉપજાવનારૂં મોહ કરી તેણે અજાયબીની લાગણી સહીત શીરીન સામે જોયા કીધું, અને આંખમાં આંસુ ભરાઇ આવ્યાથી પોતાનું મોહડું નીચું કર્યું.

તેની આવી હાલત જોઇ શીરીન તુરત ગુંહણ મંડયે પડી, અને તેનો હાથ પોતાના હાથમાં લઇ બોલી.

"મને માફ કર, વાહલા એરચ." તે કગરતે સાદે એરચના આંસુ લુંછી નાખતાં બોલી, "મેં આવો અનઘટતો સવાલ કરી તારી લાગણી દુઃખાવી છે."

પણ તુંને શું મારી મોહબત વીશે શક ગયો? મારી પ્યારી શીરીન, હું તુંને મારાં ખરાં જીગરથી ચાહુંછું, અને તારા સીવાય બીજી કોઇનેબી મારો હાથ કદીબી આપીશ નહીં."

"બસ બસ, મારા વાહલા એરચ ખાતરી રાખજે કે હું પણ તુંને મારાં ખરાં અંતકરણથી ચાહુંછું. તોપણ તું કદાચ જાણીને અજબ થશે કે આજે થોડાક દીવસ થયાં કાંઇ ચોક્કસ ખબરે મને હેબતાવી મારી હતી. પણ હવે, આજે મારી છાતી ખુલ્લી થઇ છે, ને તારા હેતવંતા સખુનથી મને સંપુર્ણ હીંમત આવીચ. તે દાહાડે રતન્ફુઇ આગળ કોઇ કાજ કરનારો મોબેદ આવી ગીયો તે વખતે રતનફુઇ એમ બોલ્યાં કે, જેવોની ભઇ, તમે હવે કંઇ તસ્દી લેતા ના. એ મારી ભત્રીજીનું તો એના બાપ મારા દીકરા પેસી સાથે કરવાના છે. એ સાંભળીને હું તો હબતાઇ ગેઇ. જાણે કે તુંને મારી આગળથી ખુંચવી લઇ જવાનો હોય એમ લાગ્યું."

"શીરીન, મારી વાહલી, હું તુંને બીજાના હાથમાં કદીબી જવા દઇશ નહીં. તું ધીરજ રાખજે. આપણા પ્યાર વીશે તારા બાવાને હમણાં જણાવવાની કાંઇ જરૂર નથી. મારા ભેદ માટે મને એક વરસ થોભવું પડશે, અને ત્યારપછી આપણે એવણની રજા માગશું. તોપણ તેટલો વખત, હું તુંને મારા દીલથી દુર કરનાર નથી અને તારાં સુખને માટે હું હંમેશાં સંભાળ લેતો રહીશ." એટલું બોલી એરચે શીરીનનો હાથ પોતાના હાથમાં લઇ તે અતી ઘણી મોહબતથી ચુંમ્યો.

"હા, એરચ, મારા પ્યારા, મારા જેવી સુખી નાર બીજી કોઇ પણ હોસે નહીં. તેં મારા મનનો સઘળો શક આજે દુર કર્યો છે, અને તેથી હવે મારા જીવને પુરતી નીરાંત વળેલી હું સમજુંચ. પણ ચાલ હવે ઘર જવું જોઇએ."

એટલું બોલી, તે બન્ને જણુ બંગલે જવા ઉઠયાં.

પણુ એટલામાં તો આકાશ સર્વે બાજુથી એક દમ ઘેરાઇ આવ્યું, ચંદ્રમા એકાએક છુપાઇ બેઠો, કડાકા ધડાકા જોરમંદ સંભળાવા લાગ્યા, વીજલીના ચમકારા પર ચમકારા થવા માંડયા, પવન અતી ઘણા જોસથી ફુંકવા માંડયો, અને તેની અસરથી આસપાસના ઝાડો હીળી રહી ભયંકર અવાજ કરવા લાગ્યાં, અને તેની અસરથી પક્ષીઓ પોતપોતાના માળામાં ઉડાઉડ કરવા લાગ્યાં. ટુંકમાં, સઘળે ઠેકાણે વા વીઝોડું એકાએક ફાટી નીકળ્યું, અને માત્ર થોડીજપળ અગાઉ જે જગ્યાપર આ આશુકમાશુકનું જોડું પોતાની ખુશ ગુફ્તેગોમાં મશગુલ હતું તેજ જગ્યા આવા ન ધારેલાં તોફાનથી બીહામણી જેવી થઇ રહી, જાણે કે તેઓની વાત સાંભળી ખુદરતને અદેખાઇ લાગી હોય! આટલું છતાં બી વરસાદ ન પડયો તેથી હીંમત કરી એરચ અને શીરીન બનતી ઉતાવળે બંગલે જઈ પોંહચ્યાં અને અજબ જેવું છે કે તેઓના ગયા પછી તરતજ તોફાન રહી ગયું, અને જાણે કાંઇજ બન્યું ન હોય તેમ ચંદ્રમા પોતાના પુર બહારમાં વાદલાંથી નીરંતર નીરાળાં આકાશમાં પ્રકાશવા લાગ્યો.

પણ વાંચનાર, ખુદરતનો આ ચમત્કાર તેઓ માટે શું આગાહી દેનારો હતો?

પ્રકરણ ૧૭ મું.

બે લુટારાઓનો જંગલવાડીમાં મેલાપ.

Foul deeds will rise,
Though all the earth overwhelm them to men's eyes.—*Shakspeare.*

તેઓના ગયા બાદ બાબન પોતાની ભરાવાની જગ્યામાંથી બહાર નીકળ્યો. તેણે અગાઉ પેસીને મોહોડેથી એરચ અને શીરીન વીશે સાંભળ્યું હતું. પણ તેઓને નજરે જોવાનો લાગ તેને આજેજ મળી ગયો હતો.

"વાહ, આપરેઅી આજે અજબ શોધ કીધીચ, હં." તે પોતાને મનસે બોલવા લાગ્યો. "પેસી કહેચ તેમ ખરેખર છોકરી તો બહુ રૂપાલી દેખું. આજે મળવાતો પેસીને આવેલો પણુ કેહી ન ધારેલી મુલાકાટતો એ લોકની થઇ ગઇ. પણુ ચાલો, એ વાતબી પેસીને ગમતીજ છે. એ એરચને શીરીન સાથે પનવાજ કેમ દેશે? પન પેલી ગુલ વીશેની વાતનું તારે કેમ થાય. એકકી તગરે એ બે છોકરી તો પન્ની શકેજ નહી. અરે પન એ તો જે હાથ લાગી તે ખરી. બધી ગમ કોશેશ કરેતો વરી એક ગમ ફાવે. પણુ એ હજુર આયો કેમ નહીં? કોન જાણે વરી ફસાવ્યો શું. પણુ આએ શું, કોઇ આવેચ ખરૂં." અને ખરેખર તેણે દુરથી પેસીને પોતા તરફ ચાલી આવતો દીઠો. પણુ તે તરતજ પોતાની ભરાવાની જગ્યામાં સંતાઈ બેઠો. પેસી જેવો તેની આગળથી પસાર થઇ ગયો કે તે બહાર નીકળ્યો, અને હળવે હળવે તે તેની પુઠે ગયો, અને તેને ગલચીમાંથી મજબુત પકડીને બોલ્યો, "જે હોય તે આપી દે, નહીં તો બચ્ચા જાનથી જશે!"

પણુ બાબને પેસીની ગલચી પકડી તેવોજ તે ધભરાયો, પણ જેવો તેણે તેનો સાદ સાંભળી ઓળખ્યો તેવુંજ પાછળ ફરી જોઇ તે બોલ્યો, "કેમ બચ્ચા, કંઇ કેસરી ઉછલવીચ, શું? લુતારાનો વેશ ભજી બતાવતાં વરી તું કયારથી શીખ્યો? પન ચાલ વરી એબી મને કોઇ દહાડો કામજ લાગશે."

"પન દામ પડશે, સમજ્યો કે? પન વારૂ ચાલની હવે લાવની." એમ કહી બાબને તેની ગલચી છોડી હાથ ઝીલીયો.

"પન શું લાઉં?" પેસીએ પુછ્યું.

"શું લાવે? વાહ, એબી ઠીક! છેલ્લો મલેલો તારે શું કહેલું? મને આટલો બધો વખત તપાવ્યો ને વરી કહેછ કે શું લાઉં?

ચાલ વારૂ, હવે મશકરી કરવી હોય તો પછી કરજે, ને ઝટપટ જેટલા તોલાએ તેટલા તોલી દે, ને હજુર તો તુંને એક તારા લાભની વાત કેહેવીચ."

"બોલી દે, જોઉં વારૂં, શું કેહવુંચ? જલદી બોલી દે. તોફાનને લીધે એકતો વરી મને લેત થયુંચ." પેસી ધરપચમાં ને ધરપચમાં પોતાનું કામ કહાડી લેવા બોલ્યો.

"એતો બધી પછી વાત. તું પેહેલાં તોલીદે. એ હવે તારી ધરપચ બધી તારી પાસેજ રાખ. જાને કે હું તુંને ઓરખતો નહીં કેની, તેમ હા, હા, હા." અને અંહી બાબન એકદમ હસી પડયો.

"અરે યાર બોલજ ના, બાબન દીકરી." પેસી પોતાનો સાદ ફેરવી બોલ્યો, "કેહા તારાંજ નસીબ ફુટેલાં તે કંઇબી કામ હાથ ધરૂંચ તે પાર પરતુંજ નથી, ને વરી તેમાં તારૂં દેવું તો હમેશનું ઉભુંને ઉભું."

"એ વરી એ શું પેતરા રમવા માંડયા. બચ્ચા, હવે તું જલદી તોલી દેની, પછી બધી વાત. જારેબી આવે તારે બાયલાની માફક રરતોજ આવેચ."

"અરે વાહ બાબન મારી ભલાઇનો તો તું કંઇ ઘણોજ લાભ લેએચ. પન એટલું બધું છે શું? તું એટલો બધો વીરમાં શાનો પરેચ. એક તો હું મારા દુઃખને રડુંચ તેમાં વરી તું કંતાલો આપેચ."

"વરી શું દુઃખ આવી પરીયું, કાંઇ સમજ પડે?" બાબને નભરવસપણે પુછ્યું.

"તારે તુંતો જાને કશામાં છેજ નહીં કે: પેલા સા——સેતાનજાદાને લીધે તો મારી બાજી હાથથી ગઇ. ગુલ ગઇતો ગઇ પણ વરી પાછો તારો જુલમ ભારી છે."

"શું ગુલ હાથથી ગઇ?" બાબને અજાયબ થઇ પુછ્યું, "શું તું ખરૂં કહેચ? પણ નહીં. વાત માનવામાં નથી આવતી. એમ કરી તું વરી મને ઉડાવા આવ્યોચ."

"લે જો વરી સતી થાયચ તે. પેલા નાપાક આગળ મારો બધો ભરમ ફોડી આપ્યો ને વરી નામુકર કેમ જાયચ?" પેસી બાબનની બારીકીથી તપાસ કરતો હોય તેમ તેના મોહ સામુ ટીકી ટીકીને બોલ્યો, "કેમ હવે તારા હાથમાં શું આયું? મારા કયાં ભોગ લાગા કે તુંને મારી ખાનગી વાત કહી."

"એ આજે એમ તું ભરમમાં શું બકયા કરેચ. કંઇ ખુલાસો કરશે કે નહીં?" બાબને પુછ્યું.

"લે તારે સાભરી મર."

"તારે જલદી ભસી મરની."

આ ઉપરથી પેસીએ પોતાપર વીટેલી સઘળી કહાણીનું બ્યાન અવલથી તે આખર સુધી બાબનને કહી સંભળાવ્યું. અને એરચનું નામ આવતાંતો તે દાંત પીસીપીસીને બોલ્યો હતો.

પણ તારે શું આએ બાબદનો શક તું મારીપર લઇ જાયચ કે? શું મેં એ બધી વાત એરચને કહી, કેમ? નહીં, નહીં. તું એમ કદીબી ધારતો ના. હું ગમે તેવો લુચ્ચો છેઉં, પણ મારા મલતાનીશેઠોનો ભેદ કદીબી ખોલું નહીં. ને એકબારગી ધમકીબી જો આપું તોપણ તેપર કદીબી અમલ કરૂં નહીં. મારા તરફનો તારો દગદગો હોય તે કહાડી નાખ. એમ કરવામાં મારા હાથમાં શું આવવાનું હતું? એથી તો સામું મનેજ ખોહવું પડે તેનો તો તું વીચાર કર." બાબન અતીઘણી ગંભીરાઇથી બોલ્યો, અને પેસીને તેનું બોલવું એટલુંબધું તો ખાતરીપુર્વક લાગ્યું કે તે તરતજ ઠંડો પડી ગયો.

"લે ચાલ, એતો હવે બની ગઇ તે બની ગઇ." તે બોલ્યો.

"હવે ગુલ ગઇ તો ગઇ, પણ તારા ઘરમાંજ હવે કંઇ નજર કરની. પેલો પની જાય તે શું તું જોયા કરશે?" બાબન બોલ્યો.

"પેલો કોણ?"

"વરી કોણ, એરચ." અને અંહીં બાબને શીરીન અને એરચ વચ્ચે થયલી વાતચીત પેસીને ટુંકમાં કહી.

તે સાંભળી તે એકદમ ઉશકેરાઇ ગયો. એરચ સામેતો તેને વેર લેવાનુંજ હતું. અને હવે

જ્યારે તેણે જોયું કે તેઓ એકમેક સાથે પ્યારથી બંધાઇ ચુક્યાં હતાં ત્યારે તેઓની એ પવીત્ર મોહબતમાં ખતરો નાખવાનો તેણે પાપી મનસુબો કર્યો. તેમ કર્યા બાદ શીરીનને હર પ્રકારે પોતાને હાથ કરવી અને એરચપર પુરેપુરૂં વેર લેવું.

"કેમ બચ્ચા, કેવી કીંમતી ખબર છે ? વીચારમાં કેમ પડી ગયો ?" બાબને પુછયું. "મામાનીબી મરજી થઇ ને માસીનીબી પસંદગી ઉતરી એટલે પછી વાર શાની ?"

"ઠીક છે, ત્યારે વરી આજથી આપણી જીંદગીમાં એક નવો સફો ઉમેરાયો. એ એરચનો ખીલો ઉપાર કરવા માટે આપુને મસલત ચલાવવી પડશે." પેસી બોલ્યો.

"અરે પન, તેમાં મને શું ? એની સામે કીનો લેવામાં સબબ શું ? મને એ કામમાં શું કામ સામેલ કરેચ ?" બાબન પોતાની ગતમાં લોટતાં બોલ્યો.

"ચાલ હવે છેક નાકે જીભ ના લગાર. આજે તો બધું મારૂં મન ગુંચવાઇ ગયું છે. તું મને કાલે મલજે. એજ વખતે અહીં આવજે, પછી આપરે વીચાર કરીશું."

"ઠીક છે, આવશું, પણ ફુટયાં કાંહાં છે? ફુટયાં લાવની ?" બાબને ફરીથી હાથ લાંબો કર્યો.

"જો બાબન, હું તો તું જેમ જોયચ તેમ ખાખાવરખો થઇ ગયોછું. વરી અધુરામાં પુરૂં ગુલને ભેટ કાધેલી પેલી લોકીત તેણે પાછી ફેરવી તે કાવલાને હાથ ગઇચ. તે બુઢાનેબી કાંઇ શરમ નહીં આવી તે ઘોડાવાલાના હાથમાંજ આપીને અંહીં મોકલ્યો, ને તે તો સત્યાનાશ ગીયો કાવલાને આપી ગયો ને કાવલોબી સેતાનનો જણ્યો તે મને કોઇ કોઇ વખત દેખાડીને ચીડવ્યા કરેચ. મેં જોયું કે અમથો ઘાણુ બગડશે કરીને કાવલાને સમજાવી લીધોચ ને એ લોકીત એનેજ આપી દીધીચ. કારણ શું કે એ નખોદનાગીયાને પેલો ઘોડાવાલો બધો ભરમ કહી ગયો છે કે શેઠ તો બંગલેથી ફજેટ થઇને આયા. હવે તું સમજ્યો ? મારાંબી તકદીરમાં જાણે સુખજ નથી, પણ કંઇ નહીં, લાગ આવવે હું બધાંને સવાદ ચખારસ. તોપણુ વરી જો બાબન, હું તુંને ઘણો રંજીદા કરવા માંગતો નથી. હું જાણું છું કે તુંને આપવુંતો જોઇએ, પણ લે, નાચાર છું, આએ દસજ રૂપ્યા છે."

"અરે કોઈ દારોતો હસીને પુરેપુરૂં આપ. પણ ચાલ વારૂં એતો એ." એટલું બોલી બાબને તે રૂપ્યા જરાક નીરાશ થઇ ગજવામાં સેરવી દીધા.

પ્રકરણ ૧૮ મું.

કીસમત કેવા પ્રકારની વળણુ પકડશે ?

Heaven from all creatures hides the book of Fate—*Pope.*

શીરીન અને એરચે એકએકને પવીત્ર પ્યારનો કોલ આપ્યો હતો તે આપણે ૧૬ માં પ્રકરણમાં જોઇ આવ્યા. અને તેઓ એકએકને ખાલેસ પ્યારથી ચહાતાં હતાં તેમાં શકતો હતોજ નહીં. તેઓ બચપણથીજ સાથે રમી એકએકને ચાહવા શીખ્યાં હતાં, અને ઉમરે પુગતાં તે પ્યાર મજબુત થયો હતો.

એરચ અને શીરીન વચ્ચે થયલા અરસપરસ ખુલાસાથી જોકે તેઓને પુરતી ધીરજ મળી ચુકેલી વાંચનાર જોશે, તોપણુ તેઓના મનને કાંઇ સંપુર્ણ નીરાંત વળી હતી નહીં. એક બાબદ વીશે તેઓ હજુર સુધી ગુંચવાડામાં હતાં, અને શીરીન જોકે તે વીશે એરચને વારંવાર સધ્યારો આપતી રેહેતી હતી તોપણુ તેથી કરીને એરચને મનસે તેના માર્ગમાં આવતી એક ચોક્કસ મુશકેલીપરથી

ઉભો થતો ગુંચવાડો તે દુર કરી શકતો ન હતો. વાંચનાર જાણીને કદાચ અજબ થશે કે તેઓની બેચેનીનું મુખ્ય કારણ તેઓને મનથી તો રૂસતીમશાહ પોતે હતા. તેમના તરફથી તેઓને રજા મળી શકશે કે નહીં એજ તેઓની મુળ ફીકર હતી. કારણ કે એરચ એવો શક રાખતો હતો કે તેના જેવા નાવારેસ અને ખાનદાન ન જણાયલા શખસ સાથે રૂસતીમશાહ જેવા કુલવાન અને તવંગર શેઠ તેઓની એકપુરી દીકરીને કદીબી પરણાવી શકે નહીં. શીરીનનેબી એજ ફકર લાગની હતી, તોપણ તે તેને આશા આપતી હતી. એરચ વીશે તેના બાપનું બહુ ઉંચુ મત હતું એમ તે જાણતી હતી, અને વળી તેની સાબેતી તરીકે તો તેમણે તેને પેહેડીનો વડો મુનીમ વકીક બનાવ્યો હતો. શીરીન ધીરજવંતા સખુનમાં આ સઘળું એરચને કેહેતી હતી. પણ તે એરચના ધ્યાનમાં બરાબર ઉતરતું હતું નહીં. પેહેડીનો વડો મુનીમ બનાવ્યો તેથી એમ તો હરેજ નહીં કે તેને પુરતી જુસતેજુઇ કર્યા વગર તેઓ પોતાના જમાઇ તરીકે કબુલ કરે, એમ એરચ માનતો હતો. રૂસતીમશાહની તેના તરફની વળણ જોકે બહુજ ઉદાર અને ભલી હતી તોપણ તેમને પુછયા વગર એમ ગમે તે અટકળ બાંધી દેવાનું એરચને વાજબી લાગતું ન હતું. પણ વળી હમણાં તેમને પુછવા જવાની તે હીંમત કેમ કરી શકે? ઝટ દઇને રૂસતીમશાહ તેની માંગણી ના પાડે તો પછી તેનું કેમ? તેમ કરવા જતાં તો પોતાનો ટેક જાય એમ એરચને લાગ્યું. પણ એક બારગી એરચની માંગણી રૂસતીમશાહ ના પણ પાડે તો તેમાં એરચને કશુંબી ખોટું લાગતું ન હતું; કારણ કે તેમની પાસે તેમ કરવાનું એક વાસતવીક કારણ હતું, અને તે કાંઈજ નહીં પણ તેના ખાનદાન વીશેની પુરતી હકીકત. પણ રૂસતીમશાહના કેહેવા પ્રમાણે તેઓ તો તેના ભેદથી વાકેફગાર હતા. પણ એરચ જાણ તો હતો કે સંપુર્ણ રીતે નહીં. રૂસતીમશાહે તેને જે કહ્યું હતું તે માત્ર આએજ હતું, "તુંને જાણવું અગત્યનું થઇ પડશે કે જે થોડી ઘણી બાબદ મને ખબર છે તેથી કરીને તારાં ખાનદાન વીશે કોઇ પણ રીતનું સંપુર્ણ અજવાળું પડવાનું નથી." પેહેલાં પ્રકરણમાં તેઓ વચ્ચે થયલી વાતચીત દરમ્યાન રૂસતીમશાહ આ સખુન બોલ્યા હતા તે એરચના ધ્યાનમાં હતા. તેટલામાટે તેને માનવાને સબબ હતો કે તેના ખાનદાનની સંપુર્ણ હકીકતથી તેઓ પોતે બીનમાહીતગાર હતાજ. અને આમ હતું એટલે શીરીનના હાથની તેમની સન્મુખ જઇ માંગણી કરવા પેહેલાં પોતાનું ખાનદાન શોધી કહાડવાની અને પોતે કોણનું હકદાર ફરઝંદ છે તે વીશેની સંપુર્ણ હકીકત મેળવવાની તેનામાં ખુદરતી રીતે જીજ્ઞાસા ઉતપંન થઇ. વળી એરચને કોઇ વખત તો બહુ ભયંકર વીચાર આવતો હતો અને તે એ કે કાંએ નહીં તે કોઇના શરમભર્યા સંબંધનું અનીતીવાન પરીણામ હોય? આવો વીચાર જ્યારે તેને થતો ત્યારે તે હબતાઇ જતો હતો. આટલી બધી મુશકેલીઓ તેના માર્ગમાં હતી તોપણ આશાનું એક કીરણ હજુર સુધી હતું અને તે એ કે તેનો થોડો ઘણો ભેદ જે રૂસતીમશાહ જાણતા હતા તે તેની આગળ બોલલવાની તેવણે કબુલાત આપી હતી. પણ તે કયારે? હમણાં તો નહીંજ.એક વરસની લાંબી મુદત સુધી તેવણે તેને થોબવા કહ્યું હતું. અને ત્યારબાદ તેમની પાસે તેવણ જાણતા હતા એટલી ખબર મેળવી લઇ તેને આધારે પોતાના ખાનદાન વીશેની વધુ તલાશ કર્યા બાદ જો સંજોગ આવકારદાયક જણાય તોજ શીરીનના હાથની રૂસતીમશાહ પાસે માંગણી કરવી, અને નહીં તો સદા કુંવારી જીંદગી ગુજારવી એવો મકમ ઠેરાવ એરચે કર્યો. "સંજોગ આવકારદાયક જણાયતોજ" એટલે તે પોતે એમ સાબેત કરે કે તે હકદાર મા બાપનું ફરઝંદ છે; પણ કદાચ પોતાના કમનસીબે જો વધુ તલાશ કર્યાનું પરીણામ તેની નામોશીમાં આવે તો શીરીનને સામુ ખરાબ ન લગાડવું એવો વીચાર તેણે કર્યો હતો.

પણ વાંચનાર, કદાચ એવું કમનસીબ પરીણામ નીપજે તો તેથી ભલી અને ભોલી શીરીનને કેટલી હદ સુધી દુઃખ ખમવું પડે તેનો તો કાંઇ એરચને ખ્યાલજ નહીં થયો કે? પણ નહીં, એરચે શીરીનનો પણ વીચાર કર્યો હતો. તે જાણતો હતો કે તેમ થયાથી શીરીન હદબહાર દુઃખી થશે. તોપણ તે એટલી બધીતો માનવંત લાગણીઓ ધરાવતો હતો કે પોતાની નામોશીમાં જાણીજોઇને બીજાંને શરીક કરવા તેને ગમ્યું નહીં.

તોપણ ઉપલો વીચાર તો માત્ર ખ્યાલી હતો. તેણે તો માત્ર દુર અંદેશીથી સઘળી બાબદનો સામટો વીચાર કર્યો હતો. એટલું બધું ભયંકર પરીણામ આવવાની તેને કાંઇ વકી ન હતી. તેના દીલમાં ખુદરતી રીતે સારી આશાઓ હતી, અને આખરે તેની આશા ફ્ળશેજ એમ તે વધારે વીચારતો હતો.

પણ વાંચનાર, એરચને એક વરસ થોબવું હતું. એક આશકને માટે માત્ર એક પળની ઢીલ પહાડ સમાન લાગે તો એરચને આટલી લાંબી મુદત સુધી થોબવું કેમ પરવડશે? પણ, એરચ એક ખરો આશક હતો, અને અતીશય ધીરજવંત હતો. તે ઉતાવળેથી કામ લેતો ન હતો. એક વરસની ઢીલ જો કે તેને અધીરાઇમાં નાખી દએ એવી લાગી તોપણ તેટલી મુદતબી આખરે પસાર થવાનીજ એવો ડાહપણ ભર્યો વીચાર તેણે કર્યો હતો, અને તેટલામાટે શીરીન તરફના પોતાના પ્યારમાં લેશભાર પણ ઘટાડો કર્યા વના તેટલો વખત થોબવું એવો શુભ વીચાર તેણે કર્યો હતો.

પણ શું એટલી મુદત એરચ શાંતીથી પસાર કરી શકશે?

કામ પડવે શું તે પોતાનું તકદીર કોઇ પણ રીતની તદબીરથી ફેરવી શકશે?

પ્રકરણ ૧૯ મું.

જુનો શયતાન નવા લેબાશમાં.

He who has the character of a crafty tricking man is entirely deprived of a principal instrument of business, trust whence he will find nothing succeed to his wish.—*Lard Bacon.*

એક રવીવારની સહવારે એરચ જ્યારે તે દીવસનુ એકાદ પત્ર વાંચતો પોતાના ઓરડામાં બેઠો હતો કે પેસી ત્યાં ઓચીંતો દાખલ થયો.

“કેમ પેસી, સહવારના પોહરમાં શું કામ છે?” તેને એવી રીતે નધારેલો આવેલો જોઇ એરચે પુછ્યું.

વાંચનાર કદાચ આ વાંચી અજબ થઇને સવાલ પુછશે કે બંને વચ્ચે આટલીબધી પંચાતી થયાં છતાં આવી રીતની વાત તેઓ વચ્ચે કેમ થઇ શકે? પણ અંહીં જાણવું અગત્યનું થઇ પડશે કે પોતાની વચ્ચે થયલા કંકાશ વીશે તેઓએ ઘરમાં જરાપણ ઇશારો થવા દીધો ન હતો, અને અસલની માફક જરૂર પડવે રીતસરની વાતચીત કરતા હતા; કારણકે એરચને મનસે પેસીએ આપેલી ધમકી માત્ર ખાલી હતી, અને વળી તે ઉપરાંત કોઇ પણ રીતનો નાપસંદ કરવા જોગ કજ્યો રૂસતીમશાહની જાણમાં આવે એવું તે મુદલ ઇચ્છતો ન હતો. પણ પેસીની તો મુખ્ય મતલબ એ હતી કે મુળ વાંક તેનો પડયો એટલે ઝાઝી ગડબડ કરવાનું તેને દરૂસ્ત લાગ્યું નહીં.

“મને તારી સાથે જરાક વાત કરવીચ.” પેસીએ જવાબ દીધો.

“કાંઇ ઘણી અગતની વાત તો નથી ની?”

“જરા તારા ખપનીજ તે વાત છે.” પેસી ગંભીરાઇથી બોલ્યો, “તે દીવસે તેં મને પેલી બાબદ સંબંધી ખરી ખબર આપીચ તે માટે હું તારો ઉપકાર માનવા આયોચ.”

પેસીને ઉપર મુજબ બોલતો સાંભળી એ-રચ અજબ થયો ! તે તેનો ભેદ સમજી શકયો નહીં. માત્ર થોડાજ દીવસની વાતપર તો તેની સાથે ટંટો કરી ગયો હતો, અને હવે પછી તે તેનો કટ્ટો વેરી થઈ પડશે એવી ધમકી આપી ગયો હતો, અને માત્ર આટલાજ વખતમાં તે તેની સાથે આવી સલુકાઇથી વાત કરવા આવે એમાં કંઇ ઉંડો ભરમ સમાયલો એરચને લાગ્યો. તોપણ, તે વધુ શું કેહેવા માંગે છે તે જાણવાનો તેણે ઠરાવ કર્યો.

"તું કઇ બાબદ વીશે મને કહેચ ! હું તો કાંઇ જાણતોબી નથી."

"પેલી નશરવાનજી વાલી બાબદ વીશે તેં મને કહેલું કેની કે તેં તે કોઇ મારા દોસતાર પાસેથી નથી જાણી તે તું સાચુંજ બોલ્યો તો." પેસી બહુ નરમાસથી બોલ્યો.

"અને વારૂં, તેથી તું કહેવા શું માંગેચ?" એરચે દમામમાં પુછ્યું.

"તે માટે હું તારો આભાર માનવા આવ્યોચ."

"પણ તારી પાસે આભાર માંગેચ કોણ?" તારી ભલી લાગણી તારીજ પાસે રાખ."

"જો એરચ, એકદમ રીસે ના ભરા. ગઇ ગુજરી ભુલી જા. એતો હવે જે બની ગઇ તે વાત બની ગઇ. હવે તું મને મારાં નવાં રૂપમાં જો." પેસી એરચની પાસેની એક ખુરશીપર પોતાની બેઠક લેતાં બોલ્યો.

"મને તારી સાથે હવે સંબંધ રહ્યો નથી એટલે બીન જરૂરની બકવા કરવામાં સાર નથી."

"માફ કર ભાઇ," પેસી પોતાના બેઉ હાથ જોડતો બોલ્યો, "એતો ગુસ્સાના બહારમાં બોલાઇ ગીયું. તું મારો સ્વભાવ તો જાણેચ કે કેવો છે. તે ધમકી આપ્યા પછી હું ઘણો પસ્તાયોચ, ને મારા એ કફોડા સ્વભાવને લીધે મારે એમ વારંવાર પસતાવું પડે છે. પણ હવેથી તું મને એક તદન સુધરી ગયલા આદમી તરીકે ગણજે. હું કબુલ કરંચ કે મેં મારી જીંદગી આજસુધીમાં સારી નથી ગુજારી. પણ તું માનતો હોયતો માનજે કે ગઇ કાલથી તે અંતકાળની ઘડી સુધી મેં મારી કુલબો ને બધે બધે ભટકવાનું છોડી દીધું છે. ખરેખર મેં તે દહાડે તારી સાથે નાહકની પંચાતી કીધી. પણ તે વખતે મને કેડો નાપાક સેતાનેજ ઘેરેલો હતો. પણ હવે તે બધાંની હું તારી પાસે માફી માંગુચ." પેસી આ છેલ્લું વાકય બહુજ અસરકારક રૂપે બોલ્યો."

"તુંને આવી રીતે સુધરી ગયલો જોઇ હું ઘણો ખુશી છું તો જોકે તારી તે દહાડેની ધમકીથી હું કાંઇ ડરી નથી ગયો. પણ તારી એવી સારી વાતથી મને જાણીતો કરવાની દોડાદોડ શી પડી?"

"પણ હું કંઇ તુંને એટલુંજ કહેવા નથી આવ્યોની." પેસી બોલ્યો.

"ત્યારે શું હજુર તુંને કાંઇ કેહેવુંચ કે? એરચે આતુરતાથી પુછ્યું, "પણ વારૂ જલદી કર મને કામ છે."

"હા, હા, હા, તુંને તો બા હમેશનું કામ." "પેસી હસતાં હસતાં બોલ્યો, "પન ચાલ વારૂ હોસે. લે સાંભર હું તારી પાસેથી એટલુંજ માંગી લેઉંચ કે મારી આગલી કારકીરદી વીશે તું કોઇ પન આગલ ઇશારો કરતો ના."

"વારૂ, જ્યારે તું એમ સુધરીજ જવાની કબુલાત આપેછ તો હું તુંને દલગીર કરવા માંગતો નથી."

"તારે તારાં વચન ઉપર હું ભરૂશો મુંકું?" પેસીએ પુછ્યું.

"વચન શાનું?" એરચે અજાયબ થઇ પુછ્યું.

"મારા મનમાં એવી રીતની ચતપત થાયચ કે મારા મામાએ મને પાલીપોશીને મોટો કીધો ને જો એવણની જાણમાં એ વાત આવે તો તેથી એવન કેટલા દુઃખી થાય, તેથી મને ઘણું લાગેચ. તેથી કરીને તારા વચનથી મને સંપુર્ણ નીરાંત વલે. કારણ કે

એવનને હું દલગીર કરવા માંગતો નથી, ને તારા બોલવાપર હું પુરતો વીસવાશ મુકુંચ."

"તારી વાત કોઈ આગળ પણ કેહેવામાં મને હવે લાભ નથી. બસ જા, હું તુંને કેહી ચુકો કે એ વીશેનો ઇસારો હું કોઇ આગળ કરીશ નહીં.

"બસ તારે તો તારો મોટો ઉપકાર થયો. હવે મારા જીવને નીરાંત વળી. એટલું બોલી પેસી તે ઓરડો છોડી ગયો.

પણ વાંચનાર, શું પેસીએ આપેલી કબુલાત ખરી હતી? તે શું તેના કેહેવા મુજબ સુધરી ગયો હતો? શું તેને ખરેખર પસતાવો થતો હતો? પણ વાંચનારને તેની ભરમ ભરી ચાલપરથી ચેટી જતાં વાર ન લાગે કે વળી તે કાંઇ નવો દાગો કરીને આવ્યો હતો. જે માણસ એરચને એકવાર ધમકી આપી ગયો તેજ માણસ બીજી વખતે આવી નરમાસથી વર્તે તો તેમાં શું તેની કાંઇ ઉંડી મતલબ ન હોય?

પણ ત્યારે શું એરચ પેસીના બોલાવાપર ઠગાયો હતો? શું તે પેસીએ કહેલી વાત ખરી માનતો હતો? નહીં. તેમ તો સમજવુંજ નહીં. પેસી કાંઇ વળી નવી બાજી લઇને આવ્યો હતો તે બાબે એરચની ખાતરી હતી.

પેસીને તેણે એક તરકતી અને કાવતરાં ખોર આદમી તરીકે અત્યાર અગાઉનો પારખી લીધો હતો, અને તેઠલામાટે તેના બોલવાપર તે જરાકબી ભરૂસો મેળી શકે નહીં એ દેખઇતુંજ હતું. એવી રીતે પેસી પોતાની ચાલથીજ એરચની નજરમાં આવીશવાસુ ઠરયો હતો.

પણ ત્યારે એમ જાણ્યા છતાં પેસીની આગળી કારકીરડી વીશેનો જરાકબી ઇશારો બહાર ન કરવો એવી કબુલાત તેણે એક દમ કાં આપી દીધી હશે? પણ એરચે વીચારયું હતું કે તે ભલેને સુધરે કે ન સુધરે. તેની સાથે તેને કાંઇબી નીસબત હતો નહીં અને વળી તે પેસીના બોલવાથી જરાકબી ડરતો હતો નહીં. આવી કબુલાત તો તેને નજીવી સરખી લાગી, અને તે આપવામાં પોતાને અંગત ગેરલાભ કોઇપણ રીતનો થનાર નથી, એમ તે ખાતરીપુર્વક માનતો હતો.

પણ વાંચનાર, શું એરચ પોતાની એ કબુલાતને સેવટ સુધી વળગી રેહેશે?

પ્રકરણ ૨૦ મું.

કાળી રાત્રીનું ઘોર કર્મ.

એક રાતના એરચ પોતાના એકાદ મીત્રની વરસગાંથને ટાંકણે કોટમાં ગયો હતો ત્યાંથી પાછું ફરતાં તેને મોડું થયું હતું. તોપણ તેણે પોતાની ગાડી ન મગાવતાં દરીયે કીનારેથી રાતના શાંત અને ખુશનુમા વખતે ઠંડી લેહેકીની મજાહ ભોગવતાં જવાનું વધારે પસંદ કર્યું. અને એવી રીતે, કીનારે જવાની મતલબથી તે ચર્ચગેટના રેલવેના દરવાજામાંથી પસાર થતો હતો તેટલામાં તેણે સાંમેથી એક શખસને ઝડપમાં તે દરવાજો ઓળંગી જતો દીઠો. તે એક પારસી હતો, અને તેણે એક કાલો ડગલો પેહેરયો હતો તથા માથે પાઘડી હતી. પસાર થતી વખતે એરચની તેનાં ચેહેરાપર આબાદ નજર પડી. એરચને તે કોઇ ઓળખાણવાલો લાગ્યો ખરો, પણ ખરેખર તે કોણ હશે તે તે અટકળી શકયો નહીં. તે છતાંબી બારીકીથી નજર પુગાડતાં તેની ચાલવાની ઢપ ઉપરથી તેણે તેને પીછાણ્યો અને પીછાણતાંને વાર તે ચોંકયો. ત્યારપછી એરચ દરયાની ઠંડી લેહેકીમાં કીનારેથી ચાલવા લાગ્યો, અને મરીનલાઇન્સનું સ્તેશન છોડયા પછી તે જયારે ચર્નીરોડની અધવચે આવી પુગ્યો, ત્યારે તે તરફથી આવતી ચીસ સાંભળી તે આગળ ચાલતો એકદમ અટકી ગયો!

શું કરવું તે તેને થોડી પળ સુધી સુજ્યું નહીં; પણ જે જગ્યા તરફથી તે ચીસ આવતી

તેણે સાંભળી હતી તે તરફ તે ઝડપથી ચાલવા લાગ્યો, અને તેની અજાયબી વચ્ચે તેણે કોઇને દુરથી દોડી જતાં જોયો, પણ તેની પુઠ ન પકડતાં ચીસનું કારણ ઉતાવળે શોધી કહાડવા તે સીધો દોડયો, અને પથ્થરો ઓ-ળંગી હેઠળ કીનારાપર જઇ પુગતાં તેના પગને કાંઇ અઠડયું ! તે કોઇનો ફેંટો હતો, પણ તેની દરકાર કર્યા વગર તે થોડાક પગલાં આગળ ચાલ્યો અને પાણીમાથી કાંઇ ખેંચી કહાડયું ! તે કોઇ જુવાન શખસ હતો. એરચે તેને તેની બેહોશ હાલતમાં ખેંચી કાહડયો, અને માહ મુશકેલીએ પથ્થરો ઓળંગી તે તેને બહાર લાવ્યો અને ઘાસપર સુવાડયો. તે શખસને તેની બેહોશ હાલતમાં જોઇ એર-ચના દીલમાં બીક પેઠી, અને રાતના આવા એકાંત વખતે જરૂર જોગી મદદની ગેરહા-જરીમાં તે શખસને તેની બેફામીમાંથી કેઇ પ્રકારે હુસ્યારીમાં લાવવો તેના અંદેશામાં તે પડયો. તોપણ બની શકતા ઉપાય તેણે લેવા માંડયા, અને આખરે ઘણે વારે તેને હુસ્યારીમાં લાવવાને તે શકતીવાન થયો. થોડી-કપળ સુધી તો તે જુવાને એરચ તરફ તગર તગર જોયા કર્યું. અને પાછી પોતાની આંખ બંધ કરી. આ ઉપરથી એરચે તેને સધ્યારો આપવાની મતલબથી તેનો હાથ પોતાના હાથમાં લઇ ચાંપ્યો, અને બોલ્યો,

"કંઇ નહીં, તમારે કંઇ બીહવું નહીં. હું તમારા એક દોસ્ત તરીકે આવેલો છું."

એરચનો સાદ સાંભળી તેણે પોતાની આંખ ઉગાડી અને બોલ્યો, "કમનસીબ ગુલાં !"

આ શબ્દો સાંભળી એરચની દયા તે પા-રકા શખસ તરફ ખેંચાઇ, અને તેનાપર કોઇ પણ રીતનું દુઃખ આવી પડેલું હોવું જોઇએ એમ તેણે વીચાર્યું.

"અરે તું કયાંનો કયાં મને નરવા આવ્યો !" તે શખસ ધીમેથી બબડવા લાગ્યો, "તારૂં ખુદા શું ભલું કરશે ! અરે ગુલાં, તું કેમ હતીલી થઇ ! કોણુ જાણે તું હમણાં કયાં પડી હશે !"

પણ તેણે તરતજ એરચ તરફ પોતાની નજર ફેરવી, અને પોતાની બક્વા બંધ કરી. તે ઉઠવા જતો હતો તે જોઇ એરચે તેને ટેકો આપ્યો. ત્યારપછી તેણે એરચને તે કોણુ હતો તે વીશે પુછ્યું, અને એરચે પોતા વીશેનો ટુંક ખુલાસો કર્યા બાદ ચીસ સાંભળી હતી તે બાબેનો પણ ઈસારો કર્યો. અને ત્યારેજ તે અજાણ્યા શખસને પોતાની હાલતનું ભાન થયું, અને તેની જીંદગીનાં બચાવનાર એર-ચને પોતા સાંમો ઉભેલો જોઇ તે બેહદ અજાયબ થયો.

"તમે જાણે મને બચાવવાજ અંહી આવી લાગ્યા, હું, ભાઇ." તે એરચ તરફ અતી ઘણા હરખ અને આભારની ભેગી લાગણી-ઓથી જોતાં બોલ્યો, "તમારી વખતસરની મદદ જો મને નહીં મલતે તો અત્યારે તો કોણુ જાણે હું કયાં ઘસડાઇ ગયો હોતે; કારણુ કે હમણાં તમે જુવોછો તેમ ભરતીનું જોર કંઈ ઓછું નથી."

"પણ એમાં મેં કંઇ માહાભારત કામ કીધું નથી. આપણુને મારનાર જીવારનાર તો ખુદા સીવાએ બીજો કોઇ નથી, અને હું તો માત્ર તેના હાથમાં એક હથ્યાર તરીકે આવી પડયો. પણ હવે અંહીં વધારે વખત તમારે ખુલ્લી હવામાં બેસવું નહીં જોઇએ. તેટલામાટે, તમો જો તમારા ઘરનું ઠેકાણું આપો તો હું તમારી સાથે તમોને પોંહચાડવા આવું." એ-રચ બહુજ માયાલુપણે બોલ્યો.

"તમારી મોટી મેહેરબાની. મારૂં નામ જાંહગીર પારખ છે, અને હું મજગામખાતે મારા "પારખ લોડજ"માં રહું છું. નાકેથી એકાદ વીકટોરયામાં મને બેસારી જશો તો ઉપકાર થશે. પણ તે અગાઉ તમે તમારૂં ના-મ જણાવો તો સારૂં કે હું બી તો જાણું કે મારી જીંદગીનો બચાવ કરનાર કોણુ છે.

"કંઇ નહીં, હું બી તમારી સાથે તમારે બંગલે આવીશ." એટલું બોલી એરચે પો-તાનું નામ તે જવાનને આપ્યું.

"તમારી એટલીબધી મહેરબાની માટે હું

તમારો મોટો ઉપકાર માનું છું, અને તમો મારી સાથે આવવાની તસદી લેશો તેથી તો હું ઓર ખુશીજ થઇશ." એટલું બોલીને તે જવાન જાંહગીર એરચ સાથે જવા નીકળ્યો,

બંન્ને જણુ ધીરે ધીરે ચરનીરોડના દરવાજાપર આવી પુગ્યા અને એક વીકતોરયા કરી મજગામ તરફ હંકારી ગયા, અને તેઓ બંગલે પુગ્યા એટલે બરાબર બારનો અમલ થયો હતો.

ઘરે જઈ પુગ્યા બાદ જાંહગીર પારખે એરચને બાઆબરૂ પોતાના દીવાનખાનામાં બેસાડયો. અને પોતાનો ભીજાયલો પોશાક બદલી તે તુરતજ પાછો આવ્યો, અને એરચની નજદીકમાંજ પોતાની જગ્યા લીધી.

"કદાચ તમે મને આખા બંગલામાં એકલો જોઈ અજબ થશો, પણ મારો સઘળો હેવાલ જ્યારે તમે જાણુશો ત્યારેજ સઘળી બાબદની તમને ઝટ સમજ પડશે." જાંહગીરે બોલવાનું શરૂ કરયું.

"તે વાત હવે બીજી વખત કેહેજો. હમણાં તો તમોને આશાયસની ભારે જરૂર છે, એટલે બીન ફોકટની ઉતાવળ કીધેલી વાજબી ગણાય નહીં." એરચે સુચવ્યું.

"નહીં, નહીં, અરે એરચ, હું તમારી આગળ હમણાંનો હમણાં બધો ખુલાસો કરીશ ત્યારેજ મને આશાયશ મળેલી કહેવાશે. તમે મારો જીવ બચાવ્યો એટલે મને ઘટે છે કે કાંઇ પણ વધુ ઢીલ વગર મારી સંધી વાતોથી તમને જાણીતા કરવા." જાંહગીર પુર ઉલટમાં આવી બોલ્યો.

પણ હાલ તુરત તો તેઓને અંહીંજ છોડી નાદીર હોલમાં શું બને છે તે આપણે જોઇયે.

પ્રકરણ ૨૧ મું.

ગુલ ગુલાંની ભેલમ ભેલા !

જે વખતે આણીગમ એરચે જાંહગીર પારખને રાતના અગ્યારેક વાગાને સુમારે તેની બેશુદ્ધ હાલતમાં દરયાની બહાર ખેંચી કાહડયો હતો તેજ વખતે શીરીન તેના આવી પુગવાની રાહ જોતી પોતાના ઓરડામાં બેઠી હતી. એરચનો ઓરડો રૂસતીમશાહની જોડમાં હતો, જ્યારે શીરીનનો દીવાનખાનાની નજદીક આવેલો હતો. એરચ જ્યારે પણ બહારથી આવતો હતો ત્યારે તેની ખબર શીરીનને હંમેશાં પડતી હતી. તે આજે રાતે પોતાના મીત્રની વરસગાંઠે જવાનો હતો તે વીશે તેણે શીરીનને કહ્યું હતું, અને નવ વાગા પછી બંગલે પાછો ફરશે એમ વધારયું હતું. પણ નવના દસ અને અગ્યાર વાગી ગયા તો પણ એરચ કેમ ન આવ્યો તે વીશેની શીરીનને ફીકર લાગવા માંડી. આ પ્રમાણે તો એરચ અવારનવાર જતો હતો. પણ આજના જેટલું મોડું તેને કોઈ દીવસ પણ થયું ન હતું. કોઇ વેળા નાટકમાં જાય તો ઘેર કહીને જાય, એટલે તેવે કોઇક ઠેકાણે તો તે ગયલો ન હોવો જોઇએ એમ શીરીને વીચારયું.

શીરીન કંઇ પોતાના ઓરડામાં એકલી બેઠી ન હતી. તેની બુઢી આયા તેની નજદીકમાં બેસી વાતો કરતી હતી. તે મુસલમીન જાતની એક અઘોર સ્ત્રી હતી, અને શીરીનનાં જન્મની એક વરસ આગમચની તે રૂસતીમશાહની નોકરીમાં રહી હતી. તે શાંત અને નરમ સ્વભાવની હતી, અને શીરીન પ્રત્યે બહુ હેત રાખતી હતી.

શીરીન જોકે તેની વાતો સાંભળતી બેઠી હતી, તોપણ તેના ચીંતાતુર ચેહેરાપરથી ખુલ્લું માલમ પડી આવતું કે તેપર તેનું મુદલ લક્ષ ન હોતું.

સાડા અગ્યાર થવા આવ્યા, અને હજુર સુધી એરચ આવ્યો નહીં એટલે શીરીન અધીરી બની ગઇ. પણ અંતે કોઇની ગાડીનો

ખખડાટ સાંભળી તે ઓટલાપર ગઇ, અને ગાડીમાંથી ઉતરી કોઇ સખશને પોતા તરફ આવતો દીઠો. તેજ એરચજ હશે એમ સમજી તે આગળ વધી, પણ તેની મોટી નીરાશી વચ્ચે તેણે પેસીને પોતા સમક્ષ આવી ઉભેલો દીઠો! તે અજબ થઇ! એરચ ત્યારે ગયો કયાં?

"કેમ શીરીન શું છે?" પેસીએ શીરીનને પોતા સામે ઓચીંતી આવી ઉભેલી જોઇ અચરત થઇ પુછ્યું.

"નહીં કંઇ નહીં. હું જાણું કે એરચ આવ્યો હશે." શીરીન લગાર ધ્રુજતે સાદે બોલી.

"શું ત્યારે એ હજુર નથી આવ્યો?" ભારે અજાયબીનું ડોળ ઘાલી પેસીએ પુછ્યું. અને તેના મોહપર ખુશાલીની લાગણી કોણ જાણે શા સબબથી પ્રકટી નીકળી. પણ તે કાંઇ શીરીનના દીઠામાં આવ્યું નહીં.

"એ હજુર સુધી તારે કાંહ ગયોછ?" શીરીનને થોડીક પળ ચુપ ઉભેલી જોઇ પેસીએ ફરી બીજો સવાલ કર્યો.

"એના કોઇ દોસ્તને ત્યાં વરસગાંઠે ગીયોચ. અને નવ વાગે આવવાનું કહી ગીયો હતો. પણ હમણાં લગભગ બારનો અમલ થવા આવ્યો તોબી એ હજુર આવ્યો નથી તેથી મને ધાસ્તી લાગેચ કે વખતે એ કોણ જાણે કાંહ હોસે બાવાબી એની વાર જોઇને ઉંગાઇ ગયા."

"પણ એ શું એના દોસ્તને ત્યાંજ ગયોચ?" પેસીએ પુછ્યું.

"તે તાંહ નહીં તો વળી બીજી ગમ કાંહ જાએ?"

"કાંએ નહીં તે કોઇ બીજે ઠેકાણે ગયો હોય?" પેસીએ અટકળ કરી, "કાંએ નહીં તે તાંહ ગીયો હોય?"

"કાંહ, કાંહ?" શીરીને એકદમ પુછ્યું. "મને તો લાગેચ કે એ પેલી ગુલાંને તાંહ ગીયો હોસે." પેસી ધીરેથી બોલ્યો, તોપણ તે શીરીને તો બરાબર સાંભળયું.

"શું, શું! એ ગુલાં કોણ?" શીરીને ધ્રુજતે અવાજે પુછ્યું.

"અરરર, મારી મોટી ભુલ થઇ ગેઇ. મારીથી કાંહનું કાંહ બોલાઈ ગીયું! નહીં, શીરીન, એતો અમસથકી વાત ઉતી, તે કેહી હું તમારી લાગણી દુ:ખવવા માંગતો નથી. મેં આએ શું કાચું કાપ્યું!" એટલું બોલી પેસી ત્યાંથી ચાલી જતો હતો તેને શીરીને અટકાવી કહ્યું, "કંઇ નહીં પેસી, તે વાત તું મને કેહ. હું જ્યારે તે જાણુશ ત્યારેજ સઘળી વાતની મને બરાબર સમજણ પડશે.

"જો શીરીન, તે સાંભળયાથી તુંને ફાયદો તો થનારજ નથી, પણ સામુ તુંને મોટું દુ:ખ ઉપજશે, અને તુંને નાહેકની રંજીદા કરવાનું કારણ હું થઈ પડશ, ને વરી એરચ સાથે વખતે તુંને કજ્યો થાય તે તો જુદો."

"તે ગમે તે થાય. તે માટે હું તને દોશ દેનાર નથી. તું એરચ સંબંધી જે વાત જાણતો હોય તેથી મને એકદમ જાણીતી કર!" એરચ સામે શીરીનનો શક એકદમ ઉશકેરાયો. આહ, વાંચનાર! શીરીન એટલી બધી ધાબરી શા થકી પડી ગઇ હશે? એટલી બધી તે અધીરી શું કામ બની ગઇ? તે જો આ વખતે પોતાની લાગણીઓ પર ઘટતો કાબુ રાખી, મનનું સમતોલપણું ખોહી ન દેતાં, ધીરજ અને શાંતીથી વીચાર કરતે, એરચ તરફ વધારે ખુલ્લા ઇતબારની નજરથી જોતે, અને મતલબી અને તરકટી પેસીનાં ઠગાઇભર્યાં બોલવા પર દુરઅંદેશી વાપરી સેહેજબી દરયાફ્ત કરતે, તો જે દુ:ખ, અફસોસ અને ભારે પસતાવા વચ્ચે તેને હવે પછીનો કેટલોક વખત પસાર કરવો પડયો હતો તેમ બનતે નહીં. અને એક નીરદોશ આદમીની બલકે કહો કે એક સાચા આશકની પ્રમાણીક લાગણીઓ દુ:ખાવી તેને ભારે ગેરઇનસાફ કરવાનાં ગંભીર વાંકમાંથી તે બચી જતે. પણ તકદીર શીરીનનાં! તકદીર કમનસીબ એરચનાં! આવી રીતની ભુલ માટે વાંચનાર એકલી શીરીનનોજ વાંક કાંહડશે નહીં, પણ સામાન્ય રીતે આખી સ્ત્રી જાત એવી જાતની ભુલ કહો કે નબલાઇ કહો તેને આધીન છે એમ સમજાવવાની ખાસ જરૂર નથી.

શીરીનને આટલી હદ સુધી ઉશકેરાઇ ગયલી જોઇ પેસી પોતાના મનમાં વધુ અને વધુ ખુશી થવા લાગ્યો. તેણે પેહેલાં ગુલાં કરીને નામ દીધું હતું તેમાં બેલાપટેલની ગુલ વીશેનો ઇસારો તેણે કર્યો હતો એમ વાંચનારે જાણવું. એરચ આ વખતે કયાં હતો તે આપણે સારી પેઠે જાણ્યે છીયે, અને તો-પણ પેસી પોતાની મતલબની કાંઇ જુદીજ વાત વધારવા માંગતો હતો, અને એમ કરીને શીરીનને એરચ સામે પુરેપુરી ઉશકેરી મેળવાનો તેનો મનસુબો હતો.

"કેમ પેસી, તું મને ખોટી શું કામ કરેચ?" શીરીને ફરીથી પુછ્યું.

"હવે તું જ્યારે મને એટલી બધી ઓહસ કરેચ ત્યારે તો લે સાંભળ. પણ જો, હજુર બી સમજ. એથી કોઇનેબી ફાયદો થનાર નથી. મોટું નુકસાન તો તુંનેજ ખમવું પડશે અને તે સાંભળીને તું તારી સઘળી ધીરજ ખોહી દેશે. અને મને વગર ફોકતની એરચ સાથે દુશમની થશે."

"નહીં, પેસી તું બસ મને કેહ. હું ધીરજથી સાંભળીશ. હું તુંને ફરીથી કહું છું કે એમાં હું તુંને સેહેજબી ઠપકો આપનાર નથી." શીરીન બોલી.

"લે, જ્યારે તું નથીજ સમજતી ત્યારે જે ખરી વાત છે તેથી તુંને જાણીતી કરવાની મારે માથે દુખભરી ફરજ આવી પડેચ તેથી હું બહુ દલગીર છું." પેસી બોલ્યો.

હાલ તુરત આ બન્ને જણને અંહીજ છોડી આપણે એરચ અને જાંગીર પારખ તરફ પાછા ફરીશું.

પ્રકરણ ૨૨ મું.

પારખના કુટુંબનો દુઃખી હેવાલ.

જાંહગીર પારખ પોતાનો હેવાલ રાતોરાત એરચ આગળ કેહેવા માંગતો હતો તે આપણે ૨૦ માં પ્રકરણને છેડે જોઇ આવ્યા. એરચને તેની સામે કાંઇબી વાંધો હતો નહીં, એટલે જાંહગીર પારખે પોતાનો હેવાલ નીચે પ્રમાણે કહી સંભળાવ્યોઃ—તમે જુઓ છો તેમ આ ગંજાવર બંગલામાં હું એકલોજ રહું છું. મને હવે એમ લાગેચ કે મારો આટલો ભેદ તમે જાણ્યો તો મારી કેટલીક આગળી પાછળી હકીકતથી તમને જાણીતા કરવાની કશી અડચણ નથી. હું તમોને જણાવી ચુકયો તેમ મારૂં નામ જાંહગીર પારખ છે. હું બધું તમોને ટુંકમાંજ કહીશ. મારા મરહુમ બાવા ફરદુનજી પારખને નામે ઓળખાતા હતા. તેમને ગુજરયાને આજે ત્રણ મહીના પસાર થયા છે. તેમને પેટે બે ફરઝંદ હતાં,—એક હું, અને એક મારી નાની બેહેન ગુલાં. તમે જાણીને અજબ થશો કે એ મારી બેહેન હમણાં કયાં હશે તેની મને પોતાને ખબર નથી. પણ તેના કારણમાં હું તમોને જે હકીકત કહીશ ત્યાર પછી તમે મારો ઝાઝો વાંક કાહડશો નહીં.

તમારે પેહેલાંથીજ જાણવું જોઇયે કે મારા બાવા પોતાના ખાનદાનનાં નામ અને મોભાને માટે બહુ મગરૂર હતા, અને ભારે દમામથી રેહેતા હતા, અને એક ચીજ બજાવવાનો જો તેવણ ઠેરાવ કરતા તો તેમાં તેઓ કેમે કરી પછાત પડતા નહીં. હવે મારા બાવાએ મારી બેહેનને એક આબરૂદાર પારસી જવાંન સાથે પરણાવવાની મરજી બતાવી, પણ મારી બેહેન ગુલાંનો વીચાર કમનસીબે મારા બાવા સાથે મળતો આવ્યો નહીં. તે કોઇ કાવસજી વાડયા નામના એક અતી ફાંકડા અને સોહામણાં જવાન પર મોહી પડી હતી. પણ મારા બાવા કે જેવણ પોતાનો બોલ કદીબી પાછો ફેરવતા ન હતા તેવણે મારી બેહેનને તે જવાનનો ખ્યાલ છોડી દેવાને ફરમાવ્યું, અને તે પ્રમાણે નહીં ચાલે તો વારસામાંથી બાતેલ

કરવાની ચેતવણી આપી. પણ અફસોસ કે મારી કમનસીબ બેહેને તેની જરાએ દરકાર કરી નહીં, અને જ્યારે મારા પીતાએ તેને સમજાવવાનું કરયું ત્યારે તે એકાએક પોતાની મરજીના આશકના આશરા હેઠળ જઇ રહી. આ જોઇ, મારા બાવા બહુ દુઃખી થઇ ગયા. તેમના ગુસ્સાનો પાર ન રહયો. પણ અજબ છે કે થોડાક દીવસ ગયા બાદ ગુલાં પોતાના આશક સાથે તેવણ આગળ આવી, અને તેમની માફ માંગવા લાગી. તેના કેહેવા મુજબ તે તે જવાંન સાથે નવસારી જઇ પરણી આવી હતી. બંને જણે મારા બાવાના પુશકળ કાલાવાલા કર્યા, ઘણીબી કાકલુદી કરી, પણ અફસોસ કે તેવણ બીલકુલ હલ્યા નહીં, અને પોતાના અસલ બોલને ચીવટપણે વલગી રહી મારી બેહેનને તે જવાંન સંગાત વગર દયાએ ઘરની બહાર હાંકી કાહડી! ત્યાર પછી તેવણે મને સાફ હુકમ કર્યો કે મારે તે લોક સાથે જરાકબી વેહેવાર રાખવો નહીં. તે દહાડાથી તે આજની ઘડી સુધી મેં મારી બેહેનને ફકત એકજ વેળા જોઇ હતી. મારા બાવા જોકે મજબુત મનના હતા તોપણ એ બનાવે તેમના મગજ પર જબરી અસર કરી, અને તેના ગમમાં તેવણ થોડોક વખત પછી માંદા પડયા અને પાછા ઉઠવા પામ્યાજ નહીં. તેવણે પોતાના વીલમાંથી ગુલાંને સદંતર રદ બાતલ કરી હતી અને પોતાની બોહલી અસકયામતનો મને એકલો વારેસ ઠેરવી ગયા.

મેં પણ મારી મગરૂરીમાં ને મગરૂરીમાં મારી બેહેન શું કરેછે અને કયાં વસે છે તે બાબેની ખોલ કરવાની જરાએ દરકાર કરી નહીં. ત્યારપછી ઘણો વખત વહી ગયો, બાદ તે એક દીવસ મને મળવા આવી અને પોતે બહુ બતંગ હાલતમાં આવી ગઇ છે એમ જણાવ્યું. પણ કોણ જાણે બાપદાદેથી ઉતરી આવેલી મગરૂરીએ મારાપર ગલબો કર્યો કે કોણ જાણે મને તે વખતે મારી બેહેનપર ધીક્કાર છુટયો તેથી, પણ આ વાતમાં તો કાંઇજ શક નથી કે તે વખતે મેં તેની હકીકત સાંભળવાની સાફ ના પાડી. ટુંકમાં તે ભારે નાસીપાસી વચ્ચે પોતાનાજ બાપનો બંગલો છોડી ગઇ. ત્યારથી તે આજ સુધી મેં તેને ફરીથી જોઇ નથી, અને તે દુઃખી છે કે સુખી તે જાણવાની વટીક દરકાર રાખી નથી. ત્યાર પછીના જે દીવસો પસાર થઇ ગયા તે દરમ્યાન એ સંબંધી કંઇબી જાણવાજોગ બન્યું નહીં. પણ આજે સહવારે મને એક કાગળ મારી બેહેનનાં ખાવંદ તરફથી મળ્યું. બંન્નેજણ ઘણી કંગાળ જીંદગી ગુજારતાં હતાં એમ તે કાગળમાં લખ્યું હતું. તે વાંચીને મને મારી આગળી ચાલની યાદ આવી અને મારી બેહેન તરફ હું છતે પૈસે ઘણો ઘાતકીપણે વર્યો હતો એમ મને લાગ્યું. તે કાગળમાં લખવા પ્રમાણે તે મને રાતે નવ અને દસની વચ્ચે મરીનલાઇનસને દરયે મળવા માંગતો હતો, અને વળી તેઓને પૈસાની મદદ કરવાની મને અરજ કરવામાં આવી હતી. મને તેઓની આવી નીરાધાર હાલતપર બહુ દયા આવી, અને તે કાવસ વાડીયાની મુલાકાતે જવા હું વગર ઢીલે તૈયાર થયો. હું તેને ઠેરવેલી જગ્યાએ જઇ મળયો. પેહેલાં તો, મેં તેને મળવાની તકલીફ લીધી તે માટે તેણે મારો ઉપકાર માન્યો, અને પોતે પૈસા સંબંધી મોટી મુશકેલીમાં આવી પડયો હતો એમ તેણે મને જણાવ્યું. અને મારી પાસે દસ હજાર રૂપ્યાની માંગણી કરી. એટલી મોટી રકમ એને એકી વખતે શું કામ જોઇતી હશે તેનો સબબ હું સમજી શકયો નહીં. તોપણ તે જો ખુલ્લે ખુલ્લી વાત કહે તો હું તેને મદદ કરવા તૈયાર થયો. પણ તે તો સામો મારોજ વાંક કાહડવા લાગ્યો અને મારી બેહેન મારે લીધે વારસામાંથી બાતલ થઇ હતી એમ વધારયું. તેની આવી વાત સાંભળવાની મેં સાફ ના પાડી, અને જોઇતા ખુલાસા વગર હું તેને કોઇ પણ રીતની મદદ કરી શકું નહીં એમ જ્યારે મેં તેને ખુલ્લું કહ્યું ત્યારે તેણે પોતાનો મીજાજ

ખોહી દીધો, અને આજના આજ રૂપ્યા જોઇશે એમ મને દબરાવીને કહ્યું, અને વધુ એમ જણાવ્યું કે મારા બાપના ખરાં વીલનો નાશ કરી તેની જગ્યાએ બીજું ખોટું ઉભું કરી હું એકલો વારેસ થયો હતો. તેને મારી પર આવું બોહતાન જોડી કહાડતો જોઈ હું ઘણો ગુસ્સે થયો, અને મારી લાગણી તે સાંભળી બહુ દુઃખાઇ. બેશક, તેવું કામ મેં કર્યુંજ નથી એમ તમારે જાણવુંજ જોઇયે. તોપણ, મારા બાવાએ ગુલાંને ભારે ગેરઇનસાફ કર્યો હતો એમ હું કબુલ કરૂંછું, અને મને પણ હમણાં લાગેચ કે હુંબી તેના તરફ હદ બહાર સખત થયો હતો." અંહીં જાંહગીર બોલતાં બોલતાં થાકી ગયો, અને તેની છાતી ભરાઇ આવવાને લીધે તે થોડીકપળ થોભ્યો; પણ તરતજ મન શાંત કરી તેણે પોતાનું બોલવું આગળ ચલાવ્યું.

"તે ઘાતકી દીલના માણસે,—અને ખરેખર મારી બેહેન એક ઘાતકીનાજ હાથમાં ફસી પડી છે,—તેણે મારી પર ખોટા આરોપો મુકી ન ધરાતાં નફ્ટાઇથી એમ કહ્યું કે જોઇતા પૈસા જો તેને નહીં મળશે તો મારી બેહેનની તે કોરટમાં રૂસવાઇ કરશે. 'હું મારે વીશે તો કાંઈબી દરકાર રાખવાનો નથી.' તેણે વધારયું હતું, 'હું તુને ખુલ્લા શબ્દોમાં કહું છું કે મારી આબરૂ જશે તો ખેર, હું કંઇ તેથી ડરી નથી જવાનો. પણ તું તારે વીશે સંભાળ! મેં તો તારી ઉપર અત્યાર અગાઉના પગલાં ભરયાં હોતે, પણ હું એક ચોકક્સ બાજીમાં રોકાઇ ગયલો હોવાને લીધે મને ચુપ રેહેવું પડયું." તેને આ મુજબ બોલતો સાંભળી હું મારી બેહેન વીશે ફીકરમાં પડયો. આવાના હાથથી તેને છોડવવાનો મેં વીચાર કર્યો, અને તેઓનું ઘર કયાં આવ્યુંછ તે વીશે મેં તેને ધીરજથી પુછયું, કે જેથી કરીને હું મારી બેહેનને પાછી મારે બંગલે લઇ આવું. પણ તે લુચ્ચાએ તેનો મને કંઇબી જવાબ આપ્યો નહીં, અને બસ દસ હજાર રૂપ્યાની માંગણી કરી. પણ મેં તે તુચ્છકારી કાહડી. પણ પછી તેજ બોલ્યો કે ગુલાં કયાં છે તેની તેનેબી કાંઇજ ખબર નથી. કાગળમાં તેના વીશેનો ઇસારો કર્યો હતો તે સરયામ જુઠઠો હતો. એ સાંભળી મને ગુલાં માટે ઘણું લાગી આવ્યું, અને તે કોણને બસ પડી હતી તે જયારે મેં જોઇ લીધું ત્યારે મારી દલગીરી અને અફસોસનો પાર ન રહ્યો. ગુલાં કયાં છે તેની એ શખસને ખબર નહીં? થોડોક વખત સુધી હું કંઇજ બોલ્યો નહીં. મારી બેહેનને નાસીપાસ કરી પાછી મોકલી હતી તે માટે હવે મને ઘણો પસતાવો લાગેચ. આવા કરપીન આદમી આગળ વધુવાર ઉભું રેહેવું મને નાદરૂસ્ત લાગ્યું, અને ત્યાંથી હું ચાલી જતો હતો પણ કાવસે મને અટકાવી મારો હાથ મજબુતીથી પકડી ઉશકેરાયલે ચેહેરે પુછયું, 'બોલ, શું જવાબ?" પણ મેં મારો હાથ તેનાથી છુટો કર્યો અને ધીક્કારથી બોલ્યો, 'મારી બેહેન જે તારા ભપકા પર ભોલવાઇ હશે તેને માટે તારી આવી કાલજી? અરે તુંને એવી નીરદોશ નારને ફસાવતાં દયા નહીં આવી? અએ બેશરમ, આએ તારો તેને માટેનો પ્યાર કે?" મને એ પ્રમાણે બોલતો સાંભળી તે બહુજ લાલચોલ બની ગયો. તે એકદમ ઝનુની બની જઇ બોલી ઉઠયો, 'લે જે છે તે આએ હું તુંને ખરેખરૂં કેહુંચ, કે હું તારી બેહેનને નહીં પણ તારા બાપના પૈસાને ચાહતો હતો. પણ ચાલ વારૂં બોલ બચ્ચા, હવે વખત ના કાહડ. બોલ, મને આપેચ કે નહીં?" એટલું બોલી તેણે મારો હાથ ફરીથી પકડયો. મેં તે છોડાવવાની પુશકળ હોજાતોજી કરી, પણ અંતે તેણે એક રૂમાલ વડે મારૂં મોહડું દાબ્યું, અને ત્યાર પછી શું બીના બનવા પામી તેનું મને ભાન નથી. તોપણ થોડેક વારે હું પાછો હુસ્યારીમાં આવ્યો હોઇશ એમ મને લાગેચ; કારણ કે કોઇ મને ઉંચકીને ફેંકી દેતું હોય એમ મને લાગ્યું, અને તમે જે ચીસ સાંભળી હતી તે મેં તેજ વખતે પાડેલી હોવી જોઇયે.

ત્યારપછી તો તમે મારી મદદે આવ્યા, અને જીંદગીના જોખમે મને બાહર ખેંચી કાહડયો જે માટે જાવેદાન સુધી હું તમારા આભાર હેઠળ દબાયલો રહીશ. "અને અંહીં જાંહગીર પારખે પોતાનો હેવાલ ખતમ કર્યો.

"ખરેખર, ભાઇ તમારી હકીકત બહુજ દુ:ખભરી છે, અને તે સાંભળી હું ઘણો દલગીર છું, અને તમારા તરફ મારી સંપુર્ણ દીલસોજી છે એમ તમારે જાણવું. આટલું બન્યા છતાંબી તમારે ધીરજ રાખવી જોઇયે, અને તમારી બેહેનનો પત્તો મેળવવાની કોઇપણ રીતે કોશેશ થવી જોઇયે, અને ખુદા તમારી એ મુરાદ બર લાવે એવી મારી દુવા છે." એરચ જાંહગીરને ધીરજવંતા સખુનમાં દીલાસો દેતાં બોલ્યો.

"તમારી એ ઉમદા લાગણી માટે હું તમારો મોટો ઉપકાર માનુંચ, ભાઇ પણ હવે તમોને ઘણું મોડું થયુંચ તે માટે આજની બાકી રહેલી રાવ અંહીજ કાહાડી નાખો તો ઠીક ઘર તમારૂંજ સમજજો,"

જાંહગીરે સુચવ્યું.

"જેવી તમારી મરજી. હમણાં એ પણુ વાગા, એટલે હવે તમારો સખુન કબુલ રાખવાને મને કોઇ પણ રીતની અડચણ નથી, તો જોકે ઘરમાં સઘળા મારા વીશે ચીંતાતુર બનશે. પણ ફકર નહીં. હું કાંઇ વગર કામે રોકાયલો ન હતો."

ટુંકમાં, એરચ પોતાને બંગલે ન જતાં જાંહગીરને ત્યાંજ થોભ્યો હતો, અને બીજી સહવારે લગભગ સાત વાગે નાદીર હોલમાં પાછો ફર્યો હતો.

હવે ગયાં પ્રકરણમાં આપણે શીરીન અને પેસીને પડતાં મુકી આવ્યા છીએ તેઓ તરફ પાછાં ફરયે.

પ્રકરણ ૨૩ મું.

ફરેબી શયતાનની કુસલવણી!

A goodly apple rotten at the heart.
O, what a goodly outside Falsehood hath!—*Shakspeare.*

શીરીનને અધીરી પડી ગયલી જોઇ, પેસી મનમાં બહુ મલકાવા લાગ્યો, અને પોતાની મતલબને અનુસરતી વાત કહી શીરીનના કાન એરચ સામે મજબુતથી ભંભેરવાનો બદ વીચાર કર્યો.

"જો સાંભળ શીરીન," તે બોલ્યો, "એ એરચને તું જેમ ખાલેસ દીલનો અને પવીત્ર મકસદનો આજ સુધી ધારતી આવીચ તે માટે તેં મોટી ભુલ કરીચ. જો હું તારા ફાયદાને સારૂં કેહુંચ મને એમાં કંઇ અંગત લાભ નથી. ઉલટો એરચ મારી સામે ખફા થશે. પણ કાંઇ નહીં. તેની મને દરકાર નથી. એક બદ નીતીના આદમીને ઉઘાડો પાડી આપવાનું મને પુન મળશે. એરચ માત્ર બાહરથી પોતાનું સાધુપણું જણાવેચ, પણ છુપી રીતે તો એ હજાર ફંદમાં ફસેલો છે. એ બધી વાતની મને અસલથીજ ખબર છે, અને તે વીશે હું તુંને કેહેવાનો ઉતોજ પણ મેં જોયું કે અમથી પંચાતી થાય તેથી કરીને હું આજ સુધી મુગો બેઠો. પણ જ્યારે આજે તું મને ફરજજ પાડેચ ત્યારેજ મને સઘળું ખુલ્લું કરવું પડેચ. એ એરચ કોઇ ગુલાં કરીને અતી ખુબસુરત અને તવંગર છોકરીના પ્યારમાં પડયો છે, અને અવારનવાર તેને બંગલે જતો આવતો રહે છે: એ લોકને ઓલખાણ થયાને આજે લગભગ એક વરસ થઇ ગીયુંચ, અને તે દરમ્યાન કંઇ સેંકડો વખત એ તેને ઘેર ગયો હોસે. અને આજે રાતે એ હજુર સુધી આવ્યો નથી તેનું કારણ એજ કે એ એના મીત્રની નહીં પણ પ્રીયા ગુલાંની વરસગાંઠે

ગયલો છે. હવે હું વધુ બોલી શકતો નથી." એટલું બોલી પેસી શીરીનનાં ચેહેરાપર થતો ફેરફાર તપાસતો ઉભો રહયો.

એવી રીતે તે કસરેવજીથી ભર્યા કરપીને ભોલી શીરીનને એરચ સામે ઉશકેરી મેળવાની જાળ બહુજ મજબુતીથી પાંથરી. વાંચનાર, આવા બેશરમ લફંગાઓની ભોળવનારી યુકતીઓથી ભોલી નારો તેઓના સાચ્ચા આશક તરફ બેકદર અને બેદરકાર બને તેમાં કંઇ નવાઇ છે? પણ વળી શું આવા બદમાશો પોતાની પાપી ધારણામાં હંમેશના ફાવી જતા હશે?

શીરીન તો પેસીને ઉપર મુજબ બોલતો સાંભળી હેબતીજ ગઇ! તેનો એરચ તેને કદી પણ બેવફા નીવડે એ કેમ મનાય? પણ ત્યારે પેસીએ શું કહ્યું હતું? ભલી પણ ભોલી અને ઉતાવલી શીરીન આ બાબદનો ભેદ સમજી શકી નહીં. તેની છાતી જાણે ઉપલી વાતે ફાડી નાખી! આ તે શું સાંભળતી હતી? શું તે સ્વપ્નો તો નહીં જોતી હતી? નહીં, પણ તેણે તો પોતાને જીવતી જાગતી હાલતમાં પેસી સામે ઉભેલી જોઇ! સ્વપ્નો શું ને વાત શું? પણ ત્યારે શું એરચ ખરેખર બેવફા નીવડયો હતો? આ વાત માન્ય કરવાની શીરીનની છાતીજ નહીં ચાલી. પણ ત્યારે એરચ હજુર સુધી કયાં ગયો હતો? અને વળી પેસીને જુઠું બોલવાનો સબબ શું હતો? તે તો એ વાત કેહેવાની સાફ ના પાડી બેઠો હતો. પણ જ્યારે શીરીનેજ તેને કાકલુંદી ભરી અરજ કરી હતી ત્યારે તેણે ભારી આનાકાની સાથે ખરી વાત કહી હતી. પણ બીચારી શીરીન લુચ્ચા પેસીનું સાધુપણું પારખી તે કેમ શકે? તે એવી તો સીફતથી ગંભીર ચેહેરે બોલ્યો હતો, અને તેમ કરી શીરીન પર જાણે તે કેવો એક ઉપકાર કરતો હોય એમ દેખાડવાનું ડોળ તેણે એવી તો બાહોશીથી ઘાલ્યું હતું કે તે એ વાત જોડી કાહડતો હતો એમ તો શીરીન કદીબી માની શકેજ નહીં. તે અરધી બેહોશ જેવી બની ગઇ. જે શખસને તે અતીઘણા વાહલથી ચાહતી હતી તેજ તેને બેવફા નીવડી બીજીના પ્યારમાં પડે એ બીના ખરેખર કોમળ શીરીનનું હૈયું તોડી નાખનારી હતી.

આપણે ઉપર જોઇ ગયા તેમ લુચ્ચો પેસી શીરીનના ચેહેરા પર થતો ફેરફાર બારીકીથી તપાસતો ઉભો હતો. શીરીનના કાન બહુજ મજબુતાઇથી ભંભેરાયા હતા એમ પારખી લેવાને તેને હવે વાર ન લાગી. તેણે હવે ખુલ્લે ખુલ્લું જોઇ લીધું કે તેની ધારેલી સીફતને કાંઇ જેવી તેવી ફતેહ મળી ન હતી.

"પેસી," આખરે શીરીન બહુ ગગળતા અવાજે બોલી, "તેં કહેલી વાત સાંભળ્યાથી જાણે મારૂં જીગર ચીરાઇ ગયું છે. અફસોસ કે એ મને બેવફા નીવડયો. પણ એ તો મારાં તકદીર! પણ એ ગુલાં કોણની છોકરી થાયચ અને કયાં રહે છે તે કેહેતાં તો ખરેખર તું ભુલીજ ગયો. તેટલા માટે મને આટલી બધી ઉપકારી કરી તો હવે બાકીની વાત કહી તારો ઉપકાર પુરો કર." અને એટલું બોલતાં શીરીનની આંખમાંથી નવધાર આંસુ પડવા લાગ્યાં.

હા! તે દેખાવ ખરેજ દયાજણક હતો! વાંચનાર, આવી નીરદોશ નારને રડાવતાં તે શું કરપીણને દયા ન આવી? પણ સખ્ત દીલના અને કીનાખોર આદમીને દયા હોયજ શાની?

"નહીં શીરીન, હવે હું એક શબ્દ વટીક પણ બોલવા માંગતો નથી. તુંને કહેલી વાત હું પુરતી ધારૂંચ, અને તેમાં કાંઇબી વધારો કરવા હું માંગતો નથી." એટલું બોલી તે શીરીનને એકલી છોડી પોતાના ઓરડામાં ચાલી ગયો.

ગરીબ બીચારી શીરીન! પેસીના ગયા પછી તે થોડીક મીનીટ તો ત્યાંજ ડગાઇને ઉભીજ રહી! પણ અંતે તે પોતાના ઓરડામાં ધસારાબંધ ચાલી ગઇ. અને કોચ પર પડી વીચારોના વમલમાં વીંટલાઇ ગઇ, અને

એવી રીતે એકલી પડતાં પેસીના કેહેવા પર પુરતો દરયાફત કરવાની તેને તક મલી. પેસીના બોલવાનો સાર તેણે એમ ખેંચી કાહડયો કે યાતો તેનું કેહેવું બોલેબોલ ખરૂં હોય કે યાતો એરચને કોઇ પણ રીતનો અકસમાત થયાને લીધે તે કેહે અટકી ગયો હોય. અને એમાંથી ખરી વાત કઇ હોવી જોઇયે તે બીનાનો ફડચો એરચ જ્યાં સુધી બંગલે આવી ન પુગે ત્યાં સુધી થઇ શકે નહીં એમ શીરીને ધારયું, અને તેટલામાટે મન મોટું કરીને એરચના આવવાની રાહ જોતી તે કોચ પર પડી, અને ઉંઘવાની ઘણીબી કોશેશ કરી જોઇ. પણ ઉંઘ તેને આવેજ ક્યાંથી? ઘડયાલમાં થોકાતા ટકોરા તેણે ગણ્યા કરયા. એક, બે, ત્રણ અને તેની પછી ચાર, પાંચ અને છ પણ વાગ્યા, તોપણ એરચ મળે નહીં.

પ્રકરણ ૨૪ મું.

ઉતાવળું પગલું.

Alas! they had been friends in youth
But whispering tongues can poison truth,
And constancy lives in realms above;
And life is thorny; and youth is vain,
And to be wroth with one we love,
Doth work like madness in the brain.—Coleridge.

વાંચનાર કદાચ આ જગ્યાએ સવાલ કરશે કે એરચ ન આવ્યો તે વીશેની શું રૂસતીમશાહને કંઈ ખબરજ ન હતી. પણ તેઓબી દસ વાગતા સુધી જાગ્યા હતા પણ તેની રાહ જોતાં કંટાળી જઇ આખરે તેવણ ઉંગાઇ ગયા, એવી આશાથી કે કેહે રોકાયલો હશે તે મોડેથી આવશે.

સહવારના પાંચ વાગતે ઉઠતાંનેવાર તેવણ પાધરા એરચના ઓરડા ભણી ગયા. પણ એરચને હજુર સુધી નહીં આવેલો જોઈ તેઓ અજબ થયા અને ચાકરોમાં પુછપરછ કરતાં માલમ પડયું કે તે હજુર બંગલે આવ્યો ન હતો.

એરચના ઓરડામાંથી નીકળી તેઓ શીરીનના ઓરડામાં ગયા. શીરીનને એક ઇઝીચેર પર અઢેલેલી તેઓએ દીઠી.

"કેમ દીકરી, આજે કંઇ જલદી ઉઠીચ?" તેવણે પુછ્યું.

"હા બાવાજી." શીરીને ટુંકો જવાબ આપ્યો.

"પણ એરચ હજુર આવ્યો નહીં? એ હજુર સુધી કયાં બેઠો હશે?"

"કોણ જાણે એ કયાં રોકાઈ ગયો હોશે. તમે એના ઓરડામાં જઇને જોઓ. વખતે રાતે મોડેથી આવીને ઉંઘી ગયો હશે.

"પણ હું એના ઓરડામાં જઇનેજ આવ્યો, અને ત્યાં નહીં માલમ પડવાથી હું તુને પુછવા આવ્યોચ. પણ ચાલો, ફકર નહીં, આવશે. કેહે રોકાઇ ગયો હશે." એટલું બોલી રૂસતીમશાહ શીરીનનો ઓરડો છોડી ગયા.

આખરે જ્યારે સાતનો અમલ થયો ત્યારે એરચ બંગલે આવ્યો. તે જાંહગીર પારખને ત્યાંથી ચા પાણી કરીને આવ્યો હતો, એટલે તે પહેલાં તો શીરીનના ઓરડામાં ગયો, પણ તેણે પોતાની ભારે અજાયબી વચ્ચે શીરીનને ઇઝીચેરપર ગમગીન ચેહેરે લેટેલી દીઠી. એરચ ઓરડામાં દાખલ થયો તે ઉપર શીરીનનું પહેલાં તો ધ્યાન ગયું નહીં. અંતે જ્યારે તે શીરીનની સામો આવી ઉભો કે તેની તેનાપર નજર પડી.

તેને પોતા સમક્ષ ઉભેલો જોઇ શીરીન એકાએક ઉશકેરાઇ ગઈ હોય એમ દેખાઇ, અને તે જોઇ એરચ થોડીક પળ સુધી તો અજાયબ થઈ ત્યાંજ ઉભો રહ્યો.

"કાંએ શીરીન કંઇ વીચારમાં બેઠીચ?" આખરે તેણે એવી રીતની ગુંચવણભરી ચુપકીદી તોડી.

"તમે ગઈ રાતે કયાં ગયા તા?" અને એટલું બધું મોડું આવવાનો શું સબબ?" શીરીને સંપુર્ણ રીતે પોતાની જે તે ખાતરી કરવા માટે ધીરજથી પુછ્યું.

"હું મારા મીત્રની વરસગાંઠે ગયલો તેતો તું સારી પેઠે જાણે છે. પણ ત્યાંથી નવેક વાગાને સુમારે પાછુ ફરતાં એક જવાન માણસને દુખી મરતો બચાવવાના કામમાં હું રોકાઈ ગયો તેથી મને આટલુંબધું મોડું થયું. પણ વારૂ તેનું શું છે? શું તારા મનમાં કંઇ ઓછું આવ્યું.

"વારૂ તે જવાનનું નામ શું, અને તમે શું આખી રાત તેને મદદજ કરયા કીધી કે? જોઉં બોલોની?" શીરીને એરચે રજુ કાઘેલી ખરી બીના તેનું પાપ ઢાંકવા માટેના એક શરમભર્યા ખોતારાં તરીકે ગણી.

શીરીનને પોતા સાથ આવી વીચીત્ર રીતે વર્તતી જોઈ એરચ અજબ થયો. તેણે આજ સુધી તેને આ ઢપે બોલતાં કદીબી સાંભળી ન હતી. તે હંમેશાં તેની સાથે અતીઘણાં વાહલથી વાતો કરતી હતી, પણ તેવો તરીકો છોડી દઇ તે જાણે એક પારકા પુરૂશ સાથે બોલતી હોય એવી તેની રીત જોઇ એરચ તેનો ભેદ સમજી શકયો નહીં. શું શીરીનને તેના તરફથી કંઇ ખીજવાટનું કારણ મલ્યું હતું? તેવું તો કશુંએ હતું નહીં. ત્યારે તે તેની સાથે એટલી ઠંડેપણે કાં વર્તતી હતી? તેનો સબબ એરચ સમજી શકયો નહીં.

"તું શું મારી સાથે કંઇ ગુસ્સે થઇચ, ડીયર?" એરચે પુછ્યું. પણ પોતાના સવાલનો પાધરો જવાબ નહીં મળવાથી શીરીને ચીરડાઇને પુછ્યું, "મારી આગલ હવે એ ડીયર ફીઅર ચાલશે નહીં. તમે આખી રાત કાંહ ગયાતા તે મને પહેલે કહો."

કાંઇ પણ નવું જુનું બનેલું હોવુંજ જોઇયે એમ સમજી લેવાને શું હવે એરચને વાર લાગે? નહીં. તેણે બહુજ દુઃખી દીલે જોઇ લીધું કે શીરીનના કાંન કોઇએ સાબુત ભંભેરયા હતા.

"જો વહાલી, તુંને કોઇએ ખોટે રસ્તે દોરવીચ, અને તેથી કરીને તું મારી સામે ગેરવાજબી શક લઇ જાયચ. પણ એ વાત તુંને બીલકુલ શોભા આપનારી નથી." એરચ ગંભીરાઇથી બોલ્યો.

"એ બધા તમારા ખાલી ઢોંગ ધતુરા છે-બસ મને જે તે કહી દઓ કે ગઇ રાતે તમે કયાં ગયલા? મને ખોટું ભમાવી તમે શું ફાવી જવા માંગતા હતા કે?"

"તે વાત કોઇની ખાનગી છે, અને કોઈને બી કેહવાય એવી નથી." એરચ બોલ્યો. અને વાંચનાર, તેમ કરવામાં, એટલે કે કોઇના કુટુંબનો ભેદ નહીં ખુલ્લો કરવામાં એરચ કેટલો બધો વાજબી હતો તે આપણે સેહેલાઇથી સમજી શકીશું.

"અરે ખુદા! ત્યારેતો મારી કમબખ્તીજ!" શીરીન એકદમ પુકારી, "લેઓની ત્યારે હું કેહુ કે તમે કયાં ગયલા તે. શું તમે ગુલાંને ત્યાં નહીં ગયાતા?"

એરચ આ સાંભળી બેહદ અજાયબ થયો. ગઈ રાતે જાંહગીર પારખ સાથે થયલી વાતચીત મુખ્ય કરીને તેની બહેન ગુલાં સંબંધીજ હતી. અને શીરીને તેને ગુલાંને ત્યાં ગયલો કહયો હતો તે વાત તેણે કોણના તરફથી સાંભળી હતી? જોકે જાંહગીર પારખ પોતે બંગલામાં એકલોજ રેહેતો હતો તોપણ શીરીને ગુલાં કરી નામ દીધું હતું તેતો તેની બેહેનજ હતી, અને તેથી કરીને ભાઇને ત્યાં કે ગુલાંને ત્યાં એ બધું સરખુંજ એમ એરચને લાગ્યું. પણ શીરીને એ આબાદ ઠેકાણું કેમ જાણ્યું હશે તે વીશે તેને ઘણુંજ અજબ વાગ્યું.

પણ વાંચનાર, આ જગ્યાએ, ખરેખર, તે બન્નેજણ વચ્ચે આંધળે બેહેરૂં કુટાયું. આપણે અગાઉ જોઇ ગયા તેમ લુચ્ચા પેસીએ ગુલાં કરીને નામ શીરીન આગળ કહ્યું હતું તેની

અંદર તેની મતલબ બેલાપટેલનીજ ગુલ વીશેનો ઇસારો કરવાની હતી, અને જાંહગીર પારખની ગુલાં વીશે જેમ પેસી તદન અજાણો હતો તેજ માફક શીરીનને પણ તેની કશી ખબર હતી નહીં. તેટલામાટે શીરીન જે ગુલાં વીશે શક ધરાવતી હતી, બલકે તેને મનસે તે શક પકકે પાયે ખરો નીવડયો તે તો બેલાપટેલનીજ ગુલ વીશેનો હતો, જ્યારે એરચ તો તેને પારખની ગુલાં તરીકે સમજતો હતો, અને તે વધારે અજાયબ એટલા માટે થયો કે જે બનાવ માત્ર ગઇજ રાતે બન્યો હતો તેની ખબર શીરીનને શી રીતે થવા પામી. તેને જો તે વખતે સેહેજ પણ લાગ્યું હતે કે શીરીન બેલાપટેલની ગુલ વીશે કહેછે તો તે સઘળો ભેદ તુરતજ ખુલ્લો કરી શીરીનના મનની ભ્રાંતી દુર કરતે. પણ તેને એવો ખ્યાલ તે વખતે સુજેજ કયાંથી? જાંહગીર પારખની ગુલાંનો હેવાલ તેના મનમાં એવો તો રમ્યા કરતો હતો કે તેને બીજી વાતનું ધ્યાન આવેજ કયાંથી?

"જો શીરીન, હું કંઇ ગુલાંને ત્યાં તેને મળવા ન ગયો હતો." બીચારા એરચે નીરદોશપણે કહી દીધું.

"તો તેને નહીં તો તેના ભાઇને કે કોઇ બીજાને" શીરીન ખભરીને બોલી.

હવે તો એરચ પુરેપુરો ઘભરાયો. શીરીનને સઘળી વાતની ખબર કેમ પડી હશે તેની મુદદલ સમજ પડી નહીં. એના સંબંધી તેના મનમાં મોટા ગુંચવાડો ઉતપંન થયો. વળી તે જો શીરીનને જાંહગીર પારખનો હેવાલ કહી દએ તો તેથી કરીને સઘળી પંચાતીનો છેડો આવી જાય એ બનવાજોગ હતું. પણ તે હેવાલ કેહેવો કે નહીં એવા ઉલટા સુલટા વીચારો તેના મનમાં આવવા લાગ્યા અને તેની અસર તળે તે એટલો બધો દબાઇ ગયો કે શું કરવું અને કેઈ રીતનું પગલું ભરવું તે તેને મુદદલ સુજયું નહીં. આખરે તેણે પોતાની સઘળી ધીરજને પોતાની મદદે તેડી, અને એક ઠેરાવપર આવવાનો વીચાર કરયો. જાંહગીર પારખની સઘળી હકીકત કેહેવા જતાં તેની બેહેન ગુલાં સંબંધી અને કહો કે તેના કુંટુંબ સંબંધી ખાનગી વાતો બાહર આવ્યા વના તો રેહેજ નહીં, અને તેમ થયાથી તો એમ બને કે એક ગ્રહસ્થની ખાનગી વાતો સાંભળી લઈ તે બીજાને કેહેવાના વાંકમાં તે આવી જાય, એમ એરચને લાગ્યું. તેમ કરવાનો તેને મુદદલ હક હતો નહીં. શીરીનને તે વાતથી જાણીતી કર્યાબાદ તેના તરફથી એક હરફ પણ બાહર જવાનો સંભવ જોકે હતો નહીં, અને વળી તે વાત બીજા આગળ જાહેર કરવી કે ન કરવી તે સંબંધી કાંઈ એરચ જાંહગીર સાથે વચનથી બંધાયલો ન હતો, તોપણ ડાહપણથી વીચાર કરતાં તેને માલમ પડયું કે જે માણસે તેનીપર ભરસો મેળી કામ લીધું હતું તેના માણસ સાથે આવી રીતની છુટ લેવાનું કામ તદન ગેરવાજબી હતું. જાંહગીર સાથે તે વચનથી બંધાયો ન હતો તો શું થયું? એરચને શું સાધારણ અકકલની કોટાઈ હતી? ના. હમણાં સુધી તેના વીશે આપણે જેટલું જાણ્યે છીયે તેપરથી તો આપણે એરચને એક પ્રમાણીક લાગણીનો માણુસ જોઇ લીધો છે. જેમ એરચને પોતાની આબરૂ વાહલી હતી, તેજ માફક જે માણસે તેનાપર વીસવાસ મેલ્યો તેની આબરૂની તે ઝાઝી દરકાર ન રાખે એ તો કદીબી બની શકેજ નહીં. તેટલામાટે તે જાંહગીર પારખનો હેવાલ કોઇનીબી નજદીક, પોતાની પ્રીયાનીબી આગળ, કેઇ રીતે કહી શકે તે તે વીચારવાનું દાનેશમંદ વાંચનારાંની મુનસફીપર છોડયે છીયે.

"તું મારા તરફ ખાલી શક ધરાવેચ," એરચ કગળતે સાદે બોલ્યો, "મારો કસુર નહીં તે છતાં તું મારી સાથે વગર કારણે ગુસ્સે થાયચ તે જોઇ હું કાંઇ થોડો દુઃખી થયો નથી."

"હવે એ બધાં સીપલાં હું સાંભળવા માંગતીજ નથી." શીરીન ધીકકારથી બોલી.

"તે હવે ગમે તે હોય, પણ મારી તર-

ફનો બચાવબી તું સાંભળી લેએ તો ઠીક. હું તદન નીરદોશ છું. મેં તુંને પેહેલાંથી ચાહી છે, અને હજુર સુધી ચાહુંછું. તું મારી તરફ નાહેકનો શક રાખે છે. તારા કાન કોઇ પાપીએ મજબુત ભંભેરયાચ, અને તારા જેવી અસીલ અને સારા ખવાસની છોકરીને તેના હાથપર વેચાયલી જોઇ મને કેવું લાગેચ તેનો તુંને જરાકબી ખ્યાલ આવી શકનાર નથી. તું મારી પાસે જે વાતનો ખુલાસો માંગેચ, તે ચોકકસ સબબો સર હું તારી નજદીક કરી શકતો નથી, અને તેની ગેરહાજરીમાં મારા-વીશે તું બુરૂં વીચારેચ તે જોઈ મને અત્યંત દુઃખ ઉપજેચ. "અને વધુ કાંઇબી બોલ્યા વગર એરચ અતી ઘણાં ભારી દીલે શીરીનનો ઓરડો એકદમ છોડી ગયો.

તેના ગયાબાદ શીરીનબી કોચપર પડી દુસકેદુસકે રડવા લાગી. તે ભોલવાયલી નારની ખાતરી થઇ ગઇ કે એરચ ખરેખર તેને બે-વફા નીવડયો હતો. રાતના કયાં ગયો હતો તે વીશેનો ખુલાસો પુછવામાં આવતાં તેણે વાત કેવી ઉડાવી હતી એજ બીના પુરવાર કરવાને પુરતી હતી કે તે ગુનેહગાર હતો એમ શીરીને કમનસીએ વીચારી લીધું.

પ્રકરણ ૨૫ મું.

જંગલવાદીમાં થયલો ચમત્કાર!

ગયાં પ્રકરણમાં બનેલા કમનસીબ બનાવને લગભગ એક પખવાડયાંની મુદત પસાર થવા પામી. અને તે અરસામાં એરચ અને શીરીન કોઇ પણ રીતની સમજુતીપર આવી શકયાં નહીં એ તેઓના બાબમાં વધુ કમનસીબ હતું.

શીરીને એક યુકતીબાજ ઠગારાના બોલવા પર નીરદોશ એરચને બેવફા માની લીધો એ તેણે એક અતી ગંભીર ભુલ કરી હતી એમ વાંચનાર સારીપેઠે જોઇ શકશે. તોપણ, શીરીનને થોડોક પણ ઇનસાફ આપવા ખાતર આપણે આ બીના ભુલી નથી જવી જોઇતી કે તે એક અતીઘણી ચપળાઇથી જોડી કાહડેલાં જુઠારાનો ભોગ થઈ પડી હતી. એરચ સામે શક લઇ જવાને કામે લાગે એવો પુરાવો શું તેને નહીં મળ્યો હતો? એરચે પોતાની ખાનગી વાત કહેવાની ના શું કામ પાડી? એજ અને એજ પુરાવાએ શીરીનને એરચ તરફ બેદરકાર અને બેકદર બનાવી દીધી. એરચ તે રાત્રે કયાં હતો તે સઘળું વાંચનાર જાણે છે એટલે શીરીને રાખેલો શક તે ગેરવાજબીજ સમજશે, પણ ખરી હકીકતની ગેરહાજરીમાં તેજ શક મજબુત થયો હતો એમ કેહેવાની કાંઇ ખાસ જરૂર રહેતી નથી.

શીરીન અને એરચ વચ્ચે કચડાયલું છે એમ જાણી પેસી બહુ ખુશ થયો. તેની વકી મુજબનું આ પરીણામ આવેલું જોઇ તે લુચ્ચાને મનસે તેનો એરચ તરફનો કીનો અરધો અરધ વળી રહ્યો હતો. પણ આ બીનાની રૂસતીમશાહને લાંબો વખત સુધી ખબર પડી નહીં.

તેઓને હવે જરૂર જોગી વાતચીત સીવાએ બીજી રીતનો વેહેવાર રહયો નહીં. તે જોઇ રૂસતીમશાહબી અજબ થતા હતા. પણ તેની તેમણે તે વખતે કંઇ ઝાહડી દરકાર કરી નહીં.

વખત સાંજના પાંચ વાગતાનો હતો. શીરીન પોતાના ઓરડામાં ગમગીન ચેહેરે બેઠી હતી, અને પોતાનું મન રીઝવવા "કાવલાની કાહણી" વાંચતી નજરે પડતી હતી. પણ તેનું દીલ ગમખાર અને મન ઉચેત હોવાથી ચોપડીપર મુદદલ ધ્યાન લાગતું ન હતું. પોતે જાણે શું એક ઉંડા ખ્યાલમાં ગરક થઇ હોય તેમ ચોપડી હાથમાં રાખી પોતાનું ચીત્ત સામે ટાંગેલી સબીપર ચોંટાડયું હતું, અને પોતે ચોપડીના પાનાપર પાના વાંચ્યા વગર ફેરવી જતી હતી તેનું પણ તેને ભાન રહ્યું નહીં.

એવી રીતે થોડીક મીનીટ પસાર કર્યા બાદ ચોપડી બાજુએ મુકી તે એકદમ ઉઠી ઉભી થઇ. કોણ જાણે તેના મનમાં તે વખતે શું એક થતું હોય તેમ તે એકાએક ઉશકરાઇ ગઈ અને તે જોઇ નજદીકમાં બેઠેલી તેની બુઢી આયાએ પુછયું.

"શું છે, બાઇ કંઇ જોઇએચ ?"

પણ શીરીને કંઇ તેને જવાબ આપયો નહીં, અને બારી આગળ જઇ ઉભી રહી. આ જોઈ બુઢી મરીયમબી તેની પાછળ ગઇ, અને પોતાની શેઠાણીને પતાંવતાં બોલી.

"બાઇ, આજે કેટલા કેટલા દાહરા થયા તમોને આવી ગમખાર હાલતમાં જોઇ હું ઘણી અજબ થાઉંચ. હું જાણુંચ કે તમે ઓરચપર ગુસ્સે થયાંચ, ને તેબી તમારી સાથે બોલતો નથી. પણ એનું કારણ હું સમછ શકતી નથી. નાહનપણુથીજ હું તમારા લોકની જતન કરતી આવીચ, એટલે, ખરૂં કેહુંચ શીરીનબાઇ, કે તમોને બેઉ જણને એમ એક એક સાથે દંડપણે ચાલતાં જોઇ મને ઘણું દુઃખ થાયચ. વારૂં, બાઈ, એ સઘલાંનો ખુલાસો તમે મારી આગળ નહીં કરો, વારૂં ? તમે મારોથી કંઇબી છુપું નથી રાખ્યું, ને હવે એમ કેમ ?"

"નહીં આયા, તું અમથી એવી પતપત ના કર, મને કંઇ નથી. મારૂં માથું જરા દુખેચ એટલે જરા બહાર ફરી આવું તો ઠીક. "એટલું બોલી શીરીન ધસારાબંધ પોતાનો ઓરડો છોડી ગઇ.

તે થોડીક મીનીટમાં પેલી જંગલવાડીમાં આવી પોંહચી તેનું પણ તેને જરા ભાન રહ્યું નહીં. પણ અંતે, પોતે કયાં આવી પુગી હતી તેનું જ્યારે તેને ધ્યાન આવ્યું ત્યારે આવી એકાંત જગ્યાએ પોતે એકલી આવી તે માટે તે પસતાવા લાગી. તે તરતજ પોતાના બંગલા તરફ વળી હતી કે તેનું ધ્યાંન જે પથ્થર પર બેસી ઓરચ આગળ એક રાતે પોતાનો પ્યાર જાહેર કર્યો હતો તેજ પથ્થર પર બેઠેલી એક મુસલમીન ઓરત તરફ ખેંચાયું. તેના ખોળામાં એક બાલક હતું, તે બેસીને રડતી હતી. અને તે પરકોમની જવાંન સ્ત્રી પ્રત્યે શીરીનની દયા ઉશકેરાઇ, અને તેને બની શકતી મદદ કરવાની ભલી નેમથી તે તેની નજદીક ગઇ.

તે મુસલમીન સ્ત્રી પોતાના દુઃખમાં એટલી બધી તો ગરકાવ થઇ ગઇ હતી કે જોકે શીરીન લગોલગ તેની પાસે ઉભી રહી હતી તોપણ તે વીશેનું તેને ભાન રહ્યું નહીં. તે શીરીનની ઉમરની હતી, અને કોઇ ઉંચાં કુલની ગવાહી આપતો તેનો ખુબસુરત ચેહેરો જોઇ શીરીનની લાગણી તેના તરફ વધુ અને વધુ ઉશકેરાઇ.

"શું છે, બેહેન ?" શીરીને માયાળુપણે પુછયું, "તારાં દુઃખમાં હું કોઈ પણ રીતે મદદ કરી શકીશ ?"

પોતાની નજદીક ઉભેલી કોઇ જવાંન નારને બોલતાં સાંભળી, તે મુસલમીન સ્ત્રી પોતાની બેખબરીમાંથી બેદાર થઇ હોય તેમ તેણે શીરીન તરફ થોડીક પળ તો તગર તગર જોયા કરયું, અને પછી પોતાનું માથું આમ તેમ ધુનાવી આંખમાનાં આંસુ લુંછી નાખી તે બોલી.

"નહીં બેહેન, મારૂં દુઃખ તું કમી કરી શકશે નહીં.

"મારીથી બનતી મદદ આપી તારૂં દુઃખ જેમ બને તેમ ઓછું કરવાની કોશેશ કરીશ." શીરીન તેને દીલાસો દેતાં બોલી.

"બાઇ, તારી આવી ઉમદા લાગણી માટે હું તારી બારે હેસાનમંદ થઇચ. પણ મારૂં દુઃખ એવી કીસમતનું છે કે તે કોઇ બીજાથી દુર થઇ શકશે નહીં. મને આટલી ઉંમરમાં આ પાપી દુન્યાનો પુરો અનુભવ મળી ચુકોછ. યા ખુદા ! દગાબાજ આદમી આ દુન્યામાં કેવી જાળ બીછાવે છે ! પોતાનું સાધુપણું કેવું દેખાડે છે ! તું સંભાળીને ચાલજે, બેહેન મરદોના બોલવા પર કાલ્કો ઇતબાર રાખતી ના ! જેને તું વફાદાર ધારતી હશે તે કદાચ બેવફા નીકળશે. તું મારા બોલવાનો ગુસ્સો

કરતી ના બેહેન, પણ આવે વખતે તુંને આ જગ્યાએ એકલી આવેલી જોઇ હું અજબ થાઉંચ. તુંને એવી રીતે ફરવું સજાવાર નથી."

"હું તારી પર જરાક બી ગુસ્સો કરતી નથી, પણ ઓર તારી આવી સલાહ માટે હું તારો ઉપકાર માનુંચ." એટલું બોલી શીરીન તે સ્ત્રી આગલ બેઠી અને ઘણી નરમાશથી આગળ ચલાવ્યું, "અંહીં એકલી આવવાનો મારો વિચાર નહીં હતો. પણ ધ્યાંનમાં ને ધ્યાંનમાં હું અંહી ચાલી આવીચ હું અહીં સામેના બંગલામાં રહું છું, અને મારા બાવા રૂસતીમશાહ—પણ શું છે, બેહેન?" શીરીન આગલ બોલતી અટકી કાં ગઇ? કારણ કે તે સ્ત્રી શીરીન આગળથી એકાએક ઉઠી ગઇ, અને પોતાના બાળકને લઇને દુર જઇ ઉભી! તે જોઇ શીરીન ગભરાઈ!

"શું છે, બેહેન?" શીરીને ધ્રુજતે સાદે ફરીથી પુછ્યું.

પણ જેમ જેમ શીરીન તેની નજદીક ગઇ તેમ તેમ તે સ્ત્રી જાંણે શીરીનથી કમકમતી હોય તેમ પાછલે પગે દુર હતતી ગઇ! શીરીન આ જોઇ ડગાઇ ગઇ! અને શું કરવું તેના વીચારમાં સ્તંબ થઇ ઉભી રહી! પણ અંતે પેલી સ્ત્રીએ ગમગીન સાદે ચુપકીદી તોડી.

"શું બાઇ, તને સામેના બંગલામાં રેહેતા રૂસતીમશાહ હીરામાણેકના બેટી શીરીનબાઇ? અરે, જો તેમજ હોય તો હું તારી મદદ લેવાના કરતાં રીબીરીબીને મરવાનું વધારે પસંદ કરીશ! યા ખુદા! હું કોણની મુલાકાટની આરઝુથી આવી ને એ કોણ મળી ગીયું!" એટલું બોલી તે પેલાં બાલક સહીત એકદમ જમીન પર ફસડાઇ પડી!

પ્રકરણ ૨૬ મું.

કીસમતના કેહેરમાં સપડાયલો આશક.

તેજ સાંહજે એરચ પોતાના ઓરડામાં બેસી કાંઇ વીચારમાં રોકાયલો હતો.

શીરીનમાં એકાએક આવો ચોંકાવનારો ફેરફાર શા સબબથી થવા પામ્યો તે તે સમજી શકયો નહીં. એ વાત તેને ઘણીજ ભેદ ભરેલી લાગી. શીરીનને તે કેવા અનહદ પ્યારથી ચાહતો હતો અને શીરીનબી તેને કેવી ખાલેસ મોહબતથી ચાહતી હતી? પણ ત્યારે હવે તે ચાહ અને મોહબતની હેતવંતી લાગણીઓ ધીક્કાર અને અપ્રીતીના રૂપમાં કેવી રીતે ફેરવાઇ જવા પામી? શીરીનના અસીલ સ્વભાવથી તો એરચ પુરતી રીતે જાણીતો હતો. તે તેનાપર કદીબી કાંઇ આડો શક લઇ જાય એવી રીતની આશા રાખવાનું તેને કારણજ ન હતું. અને શીરીન તરફથી આવી અજાયબ પમાડનારી વર્તણુંકની તેણે કદીબી વકી રાખી નહોતી. તેના જેવી શાંત મનની અને ઉમદા ખવાસની સમજુ છોકરી કોઇના બોલવાપર ભોલવાએ એ માનવું બી માહલ હતું. પણ ત્યારે આ સઘળું કોઇ પ્રકારે બની જવા પામ્યું? આ બધી દેખઇતી અપ્રીતીનો સબબ શું? તેજ એરચ સમજી શકયો નહીં એટલે તેના મનમાં ભારે ગુચવાડો ઊભો થયો.

"હા શીરીન!" એરચ અફસોસ કરતો મનસે બબડયો. "હું તુંને હજુર સુધીબી કેવા ખાલેસ પ્યારથી ચાહુંચ તેની તુને કંઇજ ખબર ન હોય. મેં તુંને એવું તે શું દુઃખ દીધુંચ કે તું મારીપર એટલી બધી ગુસ્સે થઇ ચ? શું મારી ખાનગી વાત તુંને ન કહી તેથી તું મારી સાથે નથી બોલતી? પણ અફસોસ કે એ વાત કેહેવાએ એવી નથી. ખરી વાતથી જો હું તુંને જાણીતી કરૂંચ તો મારૂં નીરદોશપણું પળમાં પ્રકતી નીકળે એમ છે. પણ નહીં. તેમ કરવા જતાંતો એક આ-

બરૂદાર માણુસની ખાનગી વાતો બાહર આવે, અને તેની લાગણીઓને મોટું દુઃખ ઉપજે. ના. તેમ કરવાના કરતાં તો હું મારી માશુક આગળ બેવફા નીવડેલો કેહેવાવાને વધારે ખુશીથી તૈયાર થઇશ, અને એક આબરૂદાર શખસને ખરાબ લાગવા દઇશ નહીં. પણ ઘણું અજાયબ જેવું છે કે મારી શીરીનને એમ મારી સામે કોણે ઉશ્કેરી મેળી હશે? એવી રીતે કંકાશનું બી રોપી નાહકનો કજ્યો કરાવવાની કોણુની મતલબ હશે? પેસીએ તો વખતે એને નહીં ભમાવી હોય? નહીં તેમ બની શકે એમ નથી. પેસી ગમે તેવો કાં ન હોય પણ આ કામ તેણેજ કર્યું છે એમ નક્કી માની લેવાનો પુરાવો મને એક પણ મળતો નથી. કારણ કે તે રાત્રે હું જાંહગીર પારખને ત્યાં હતો તેની એનેબી તુરતા તુરત ખબર કેમ પડે? અને વળી બીજો સવાલ એ છે કે શીરીન પોતેજ અસલથી પેસીની વીરૂદ્ધ છે એટલે એની કોઇપણ વાતપર એ ધ્યાન કેમ આપે? પણ ત્યારે અંદર ભેદ શું છે? શીરીનપર એવી તે શું કંઇ ચમત્કારીક કે જાદુઇ અસર થવા પામીચ કે એ મારી સાથે એમ એકદમ રૂસાઇ બેઠીચ? પણ, ફકર નહીં. ખોદા સર્વેનો નેગેહબાનછે, એટલે સઘળા ભેદનો પડદો એજ સાહેબ વખત આવવે ખુલ્લો કરયા વના રેહેશે નહીં."

એવા એવા વીચારો એરચના મનપર ગલબો કર્યા કરતા હતા. ઘડીકમાં વળી તે એવો વીચાર કરતો કે સઘળી વાત શીરીન આગળ જાહેર કરી દેવી. પણ બીજીજ પળે તેવો ખ્યાલ તે છોડી દેતો.

અને જાંહગીર પારખનો હેવાલ શીરીન આગળ નહીં જાહેર કરવા માટે વાંચનાર એરચનો જરાક બી વાંક કાહડશે નહીં, પણ તેની આવી વખાણવા લાયક ચાલની તે સામી તારીફ કરશે. જોકે એરચ શીરીનની ભારે ખફગીમાં આવી પડયો હતો, તે તેનો પ્યાર ખોહી બેઠો હતો બલકે કહોકે તે તેની નજદીક બેવફા થયલો જાહેર થયો હતો, તોપણ એક માણુસની ખાનગી વાત બાહર ન લાવવાનો તેનો મક્કમ ઠેરાવ ખરેખર અતી ઘણો નેક હતો. અને એવો નેક વીચાર ધરાવનાર, બીજાને બચાવવાની મતલબથી પોતાને મોટાં નુકસાનમાં નાખી પોતાની આબરૂને કલંક લગાડવા દેવાની હીંમત કરનાર પુરૂષ કાંઇ બધાજ એરચના જેવા હોતા નથી, એમ વાંચનાર સેહેલાઇથી જોઇ શકશે; કારણકે શીરીન નજદીક પોતે બેવફા નીવડેલો જાહેર થવામાં તે કંઇ નાનો સુનો ભોગ આપતો ન હતો.

પ્રકરણ ૨૭ મું.

ચમત્કારની અસર!

તે મુસલમીન સ્ત્રીને અજાયબ ઢપે બોલતાં સાંભળી શીરીન અચરત થઇ! તે તેનું ભરમ ભરયું બોલવું સમજી શકી નહીં. શીરીન સમજી કે એ ઓરત વખતે દુઃખથી દેવાની બની ગયલી હોય તેથી કરીને એવું વગર સમજનું બકવા કરતી હોય.

"તારૂં ભેદ ભર્યું બોલવું હું સમજી શકતી નથી." શીરીન બોલી, "તેં મને મોટો ગેરઇનસાફ કીધો છે. મેં આજ સુધી કોઇને પણ જાણીજોઇને દુઃખ દીધું નથી. અને—"

"નહીં, તેં મને જાણી જોઇને નહીં પણ અજાણપણે દુઃખ દીધું છે." તે સ્ત્રી વચ્ચે બોલી ઉઠી, "પણ તે દુઃખ એવું છે કે તે હું કદીબી વીસરનાર નથી. નહીં, કદી પણ તારે સારૂં ઉપજેલો ધીક્કાર હું વીસરનાર નથી.

શીરીન વધુ કંઇબી બોલી શકી નહીં. પેલી ઓરતબી ગુપચુપ ઉભીજ રહી. અને થોડીક પળ સુધી બંન્ને જણે એક એક સામા તગર તગર જોયા કીધું.

આખરે તે મુસલમીન સ્ત્રી પોતાના હાથ-

માંના બાળકને જમીનપર સુવાડી બોલી, "મારી સર્વે આશાનો ભંગ કરનાર તુંજ છે. મારાં સુખનો નાશ કરનારને મેં ખુદ મારી ચશમથી જોઇ લીધી છે. અરે તારી માએ તને આ દુન્યામાં જન્મ આપ્યો ન હોત તો હું આવી દુઃખી થતે નહીં. અને મારી મા કમોતે મરણ પામી ન હતે. પણ હુંખી જોઉંચ કે એમ કરયાથી તું—"

અંહીં તે કંઇ વધુ બોલવા જતી હતી પણ શીરીન તેને અટકાવી બોલી.

"સબર કર ! ખુદા ખાતર મને કોઇ પણ રીતનો શ્રાપ દેતી ના. મેં જો તને તારા કેહેવા મુજબ અજાણપણે દુઃખ દીધું હોય તો હું તે માટે તારી પાસે માફ માંગુંચ. મને નાસીપાસ ના કરતી. હું તુંને કરગરી કહુંછું કે તારા મનમાં જે કંઇ હોય તેનો મારી આગળ ઝટ ખુલાસો કરી દે. અરે હું પણ આ દુન્યામાં કંઇ સુખી નથી. મારી પણ સઘળી ઉમેદો ધુળ મળી ગઈ છે. મારી પર દયા લાવ ને મને તારા દુશમન તરીકે ના ગણ" એટલું બોલી શીરીન રડી પડી !

શીરીનની આવી હાલત જોઇ તે સ્ત્રીની આંખમાંથી પણ આંસુ વેહેવા માંડયાં, અને તે પોતાની અનઘટતી ચાલ માટે પસતાવો કરતી હોય એમ દેખાઇ. અને પોતાના આંસુ લુંછી નાખી બોલી, "અરે કમનસીબ નાર, જ્યારે તારી એવીજ મરજી છે તો લે હું તુંને દલગીર કરવા માંગતી નથી. પણ હું તુંને બધું કહું તે અગાઉ મારા એક સવાલનો જવાબ આપ. શું તું એરચને ચાહતી નથી?

એરચનું નામ સાંભળતાં શીરીનના દીલમાં જાણે કે વીજલીનો પ્રવાહ દાખલ થયો હોય તેમ તે એકાએક ચમકીને ઝડપથી બોલી ઉઠી.

"કોણ ? એરચ ? એરચને તું કેમ ઓળખે? એરચને ને તુંને લાગેવલગે શું ? પણ અરે, ખુદા ખાતર એવો સવાલ મને ના પુછ."

એક પારકી અબલાને મોઢે એરચનું નામ સાંભળી શીરીન ઉશકેરાઇ ગઇ. એરચ કે જેને, તે જોકે હમણા નહીં તો નહીં પણ અગાઉ ખરાં દીલથી ચાહતી હતી, તેના નામ સાથે એક પરકોમની સ્ત્રીને છુત લેતાં જોઇ તે તામોશ કરી શકી નહીં.

પણ એરચ તો શીરીનને બેવફા નીવડયો ! ત્યારે માત્ર તેના નામ માટે તેને એટલું બધું લાગી કેમ આવ્યું ? પણ એ સવાલ આપણાથી પુછી શકાય નહીં. તેને તો કુદરતના કાનુનને તાબે થવા સીવાએ છુતકો ન હતો. એવી લાગણી તો અબળા જાતીમાં ખુદરતીજ હોય છે, કે જેઓ એક વાતે એવી તો વીચીત્ર પ્રકારની લાગણીને વશ હોય છે કે ગમે તેવા બેવફા નીવડેલા તેઓના આશકને બીજીના હાથમાં જતો તેઓ જોઇ શકતાં નથી. અને એવીજ લાગણી શીરીનના મનમાં એરચનું નામ સાંભળતાંને વાર સ્વાભાવીક રીતે ઊતપંન થઇ હોય તેમાં કંઈ નવાઇ નહીં.

શીરીનને ઉશકેરાઇ ગયલી જોઇને તે સ્ત્રી જુસ્સાથી બોલી ઉઠી, "એરચને હું કેમ ઓળખું ? એરચને ને મને શું લાગે વલગે ? હા ! પણ તું નથી બોલતી તો શું થયું. ખરેખર તો તું એરચને ચાહે છે. અરે એરચને મારા પાસામાંથી ઝુંતવી લેનાર અબળા ! યાદ રાખ કે તારા કરતાં એરચપર મારો વધારે હક છે ! અરે સદ હજાર વખત વધારે ! તારાં કરતાં આ નાહના કુમલાં બાળકને એરચપર વધારે હક છે, જોકે તેનાં વગર તે કેતું તવળે છે !"

શીરીને છેલ્લું વાક્ય પુરેપુરં સાંભળયું નહીં તેટલામાં તો તે બેસુધ્ધ થઇ પડી !

પ્રકરણ ૨૮ મું.

રૂસતીમશાહની ફીકર.

જે વખતે જંગલવાદીમાં દીલ ઉશકેરનારો બનાવ બનતો હતો, અને જે વખતે એરચ પોતાના ઓરડામાં બેસી વીચારના વમલમાં વીંતલાયલો હતો તેજ વખતે નાદીર હોલના દીવાનખાનામાં રૂસતીમશા પોતાના બેહેન રતનપુઇ સાથે કંઇ વાત કરવામાં મશગુલ હતા.

"હું એમ પુછું બેહેન કે આજે કેટલા કેટલા દીવસ થયાં આપણી શીરીન અને એરચ એક એક સાથે આગળની માફક વાતચીત કરતાં નથી જણાતાં તેનું કંઇ કારણ?" રૂસતીમશાહે પુછ્યું, "ને વળી શીરીનની આયાબી તે દાહડે મારી આગળ બોલતી હતી કે એ દાહડે દાહડે વધુ ને વધુ ગમગીન બનતી જાયચ, અને તેનો સબબ તેને જ્યારે બી પુછવામાં આવે છે ત્યારે એ વાત ઉડાવવાની કોશેશ કરેચ. એ સઘળાંનો શું ભેદ છે તે મારીથી સમજી શકાતું નથી."

"પણ મરે તમેબી શું અમથું સમજ્યા વગર બોલોચ. મુવો વરી એમાં ભેદ તે શાંનો હોય." રતનપુઇ બોલ્યાં, લેઓની મને તો એમ લાગેચ કે વખતે એરચે શીરીનનાં હાથની માંગણી કીધી હોસે ને શીરીને ના કહયું હોસે, તેથી એ લોક વચ્ચે અનબનાવ થયો હોય તેમાં મુવો મોટો ભેદ તે શું આવી ગીયો?"

શીરીનની ગમગીનીનું ખરૂં કારણ આપણે સારીપેઠે જાણુયે છીએ એટલે રતનપુઇએ ઉપલું કારણ ખોટુંજ અડાવ્યું હતું એમ સમજવું કંઇ મુશકેલ નથી. પેસીએ શીરીનને ખોટી રીતે ભમાવી હતી તે વાતથી તેવણ વાકેફ હતાં, કારણ કે અજાણપણામાં રખે તેવણ ભાગરો વાતી દએ તેથી દરીને પેસીએ તેમ કરવું વાજબી વીચાર્યું હતું.

"તમે કેહોચ તે જો ખરી વાત હોય તો પછી સવાલ એમ ઉઠે છે કે એરચ શું એટલો નાદાન છે કે એવી વાતથી રીસે ભરાએ? હું તો નહીં ધારતો કે એજ કારણને લીધે એ લોક વચ્ચે અનબનાવ થયો હોય." રૂસતીમશાહે અટકળ કરી.

પણ કાંએ નહીં એરચે વખતે એને ધમકી આપી હોય?"

"ધમકી શાંની?"

"શાની ધમકી? વરી એમ કે શીરીન જો એની સાથે પરણવા નહીં કબુલે તો સઘળી વાત એ તમારી આગળ કહી દએ" રતનપુઇ બોલ્યાં.

"અરે પણ એમાં શીરીનને બીહવાનું શું? રૂસતીમશાહે અચરત થઇ પુછ્યું

"અરે પણ ત્યારે તમે હજુર નહીં સમજ્યાં?"

"પણ તે કેમ?"

"હું તો એમ ધારૂંચ કે શીરીનની ભોલાઇનો લાભ લઇ એ પોરયાએ એને દમ આપ્યો હોય."

"પણ તમેબી શું એમ વગર સમજનું બોલોચ. દમ શાંનો? તમે જરા ખુલ્લા શબ્દોમાં બોલોની કે ઝટ સમજ પડે."

"લો તારે બધી સમજ પારૂં. એરચે શીરીનને એમ દમ આપ્યો હોસે કે તું જો મારી સાથ પરણવા કબુલ નહીં થશે તો તારા બાવાને કહીને તેમ કરવાની ફરજ પાડીશ. ને એ ગરીબ છોકરી તેથી ગભરાઇ ગેઈ હોય. પણ જોઓની મને કેહેયા વના ચાલતું નથી કે એ બધામાં વાંક તમારો છે. એને જરા બાહર ફરવા હરવા મોકલો તો જરા એનો જીવ વેરાએ, ને દુન્યાની રીતભાત જોએ. એમ એકલી ઘેર બેસીને બધી એની તબીયતનો બગારો કરી નાખ્યો." રતનપુઈ બોલ્યાં.

"પણ તેમાં મારી ક્યાં ના છે. આજસુધી તો એરચની સાથે એ ફરહર કરતીતી. તમે જાણોચ, બેહેન, કે રીતસર ફરવા હરવા જાય તેમાં મારો કશોબી અટકાવ નથી."

"પણ તે એરચ એની સાથે નથી બોલતો તો તમે એને ફરવા લેઇ જાઓ."

"શીરીન તરફ તમે આટલી કાલજી ધરાવો છો તે જોઇ હું ઘણો ખુશી છું, બેહેન અને તમારા કેહેવા મુજબ, જો મારી દીકરી એરચને લીધેજ દુઃખી થતી હોય તો હવે વધુ વાર તેમ બની શકશે નહીં; કારણ કે એની મરજી વીરૂધ્ધનું કોઇ પણ કામ કરવા હું રાજી નથી. શીરીન કેવી અસીલ ને સમજુ છે તે તમેબી જાણતાં હોસો. તેથી એને એની મરજી મુજબની છુટ આપવા માટે મને કોઇ પણ રીતનો વાંધો નથી."

"મરૂ રે મરૂં, બાવા જોઇયે તે એવાજ જોઇયે ને દીકરીબી શીરીનનાં જેવીજ જોઇયે."

"પણ વારૂં, બેહેન, હું એમ પુછું કે જ્યારે મારી શીરીન એરચને ચાહતી ન હોય તો કોઈ બીજા તરફ તેને પ્યાર જરૂર હોવો જોઇયે, કેમ ?" રૂસતીમશાહે પુછ્યું.

"તમે બરાબર ટાંકણાંસર સવાલ પુછ્યો ભાઈ. મારા મનમાં જે વાત રમ્યા કરતીતી તે હું તમુંને કેહેવાનીજ હતી. પણ કોણ જાને શાથી કરીને અચકાયા કરતી હતી. લેઓની હું તમોને કેહું કે શીરીનની મરજી જીભરૂં મારા પેસીપર છે."

"પણ એ કંઈ મારા ધ્યાનમાં બરાબર ઉતરતું નથી. તમે કેહોચ તે ખરી વાત જો હોય તો તે વીશેની કંઈ ગવાહી તો માલમ પડે. પેસીને શીરીન સાથે એખલાસથી વાત કરેતો મેં કદીબી દીઠો હોય એવી મને મુદ્દલ યાદ નથી. ત્યારે તમે જે વાત કેહોચ તે બની કેમ શકે? હું તો નહીં ધારતો કે એની પેસી તરફ એવી લાગણી હોય. હજુર પેસીસીવાએ કોઈ બીજો હોય તો તે હું માનું."

રૂસતીમશાહ જોકે ઉપર મુજબ બોલ્યા ખરા તોપણ તેમના મનમાં એ વીશેનો દગદગો રહી ગયો. રતનફુઇના બોલવાએ તેવણપર જરા રતી અસર કરી ખરી, પણ એ બાબદ વીશે તેમની પુરેપુરી ખાતરી થઇ નહીં. તોપણ એ સંબંધી પોતાના બેહેન સાથે વધુ તકરાર ન કરતાં તેમણે ચુપકીદી અખત્યાર કરવાનો ઠેરાવ કર્યો.

"અરે ભાઇ, હજુર તમે ભોલાજ રહી ગયા" રતનફુઈ બોલ્યાં. "મારા પેસીનો સવભાવ તારે તમોને હજુર માલમ નથી. એ મરૂ એવો તો રાંક ને શરમાળ છે (કેવો જો !) કે જુવાન છોકરીઓ સાથે હરગીજ વાત કરતો નથી. તે દારેબી મેં એને સમજાવીને કેહ્યું કે જો શીરીન કંઈ કોઇ છે. આખર કરે પણ જીભરૂં તારા મામાની દીકરી તે એની સાથે જરા રતી હસ્યે બોલ્યે, જરા વાતચીત કરયે તો તેમાં થયું શું? પણ નહીંની. એ તો બસ મને ધસીને સાફ કેહેવા લાગો કે બસ જુવાન છોકરીને જોતાંજ એને ધ્રુજરી છુતેચ, ને જીવને હજાર ચતપત થાયચ ને મુદ્દલ વાત કરવા ગમતી નથી." રતનફુઇએ સીપલાં રૂપી ભાશાણમાં પોતાના "નામીચા" ભત્રીજાની સીફારસ કરવા માંડી.

"હં, ત્યારે વાત કેઠી એમ છે કે? ખરેખર હુંબી જ્યારે જોઉંચ ત્યારે એ શીરીન આગળથી નાહસ્તોજ ફરેચ. ત્યારે તેનો સબબ તો કેડો આએ દેખું" રૂસતીમશાહ અજાયબ થઇ બોલ્યા.

"તારે વરી બીજો શું હોય. પણ થશે, એનોબી ઊપાએ થશે. મારો પેસી તો દયાળુ છે, ને જ્યારે હું એને કેહેવસ કે શીરીન તારે લીધે જુરયા કરેચ, તારે તો મરૂં એ આપરે કેહીશું તેમજ ચાલશે."

પણ અંહીંયાં, શીરીનની આયા મરીયમ દીવાનખાનામાં દાખલ થવા જતી હતી, પણ પોતાના શેઠ અને રતનફુઇને વાતે વળગેલાં જોઈ તે પાછી ચાલી જતી હતી તેવામાં રૂસતીમશાહેજ તેને અટકાવી પુછ્યું, "કેમ આયા, શું છે ?"

"કંઇ નહીં, શેઠ," આયાએ તુરત જવાબ આપ્યો, "હું જાણું કે શીરીનબાઇ તમારી સાથે વાત કરતાં હોસે તેથી હું અંહીં એવણને જોવા આવી.

"પણ ત્યારે શીરીન ગેઇચ કયા?" રૂસતીમશાહે પુછ્યું.

"કોણ જાણે" મરીયમ બોલી, "પણ એવણ મને એટલું કહી ગયાંચ કે હું જરા બાગમાં ફરૂંચ, ને કદાચ ફરતાં ફરતાં સામેની વાડીમાં ગયાં હોય તો કોણને ખબર."

"પણ વારૂં મરીયમ, તારી બાઇ એમ દારે દારે ગમગીન કાંએ થતી જાએચ?" રતનફુઇએ પુછ્યું.

"તે હવે હું શું જાણું. "આયા પોતાની મરજી વીરૂદ્ધ રતનફુઇને જવાબ આપતી હોય તેમ બોલી.

પણ તું એને પુછતી કાંએ નહીં:" રૂસતીમશાહે ચીંતાતુર ચેહેરે પુછ્યું.

"ઘણીબી વખત પુછી જોયું, પણ એવણ હમેશાં વાત ઉડાવ્યા કરેચ, ને ઘણું થાયચ તારે એમ કેહેચ, શેઠ, કે તારે ખાલી પતપત કરવી નહી.

"ઠીક છે, વારૂં, હમણાં તો તું જા, પછી સૌ થઇ રેહેશે." રતનફુઇએ હુકમ કરયો. અને મરીયમ કાંઇ પણ બોલ્યા વગર ચાલી ગઇ.

"જોયું કેની બેહેન," રૂસતીમશાહ આયાના ગયા બાદ બોલ્યા, "એ વાત ઊડાવવાની કોશેશ કરેચ, તેથી મને તો એમ લાગેચ કોઇ પણ રીતની એને દલગીરી લાગેલી હોવી જોઇયે." રૂસતીમશાહ બોલ્યા.

"પણ મેં તમુંને કેહેયું તેજ દલગીરી. પેસી એની સાથે વાત નથી કરતો તેનીજ દલગીરી. વરી બીજું શું હોય? રતનફુઇ બોલ્યાં.

"જુઓ બેહેન, મને તમારા બોલવા પર પુરતો એતબાર છે. મને પણ કાંઈ સેહેજ લાગેચ ખરૂં કે શીરીનની દલગીરીનું કારણ વખતે એજ હોવું જોઇયે. પણ તેમ જો હોય તો તેવું વધુ વખત ચાલવા દેવું જોઇતું નથી. શીરીનની ખરી વાતથી આપણે જાણીતાં થવુંજ જોઇયે, અને એ સઘળાંનો છેડો બની શકતી ઊતાવળથી લાવવોજ જોઇયે. તેથી મારી તો એવી ઇચ્છા છે કે તમેજ લાગ આવતાં એ વાત શીરીન આગળ છેડો, ને એની જે તે મરજી પુછી જોઇ તમારી ખાતરી કરો." એટલું બોલી રૂસતીમશાહ એરચના ઓરડા તરફ ગયા.

પ્રકરણ ૨૯ મું.

અજબ ગજબ!

શીરીનને બેસુધ્ધ થઇ ફસડાઇ પડેલી જોઇ પેલી મુસલમીન સ્ત્રી ઘભરાઇ ગઈ, અને શું કરવું તે તેને સુજ્યું નહીં. "અરે મેં આએ શું કીધું? મેં કાંહનું કાંહ એને કહ્યું!" તે ઘભરાતમાં બોલી, અને મદદને માટે આસપાસ જોવા લાગી, અને તેના સારાં નસીબે કોઇ જવાન શખસ તે તરપ દોડી આવ્યો. તે જોઇ તે સ્ત્રી લગાર ખુશી થયલી દેખાઇ.

"કાંઇ નહીં, બીહ ના. ધીરજ ધર." અને એટલું બોલી તે જવાન શખસે શીરીનને કાંઇ સુંગાડ્યું એટલે તે તુરતજ હુસ્યાર થઇ અને પોતાની સામે પેસીને ઉભેલો જોઇ તે અજાયબ થઇ; કારણકે તેની મદદે દોડી આવનાર આ જવાન શખસ કોઇજ નહીં પણ પેસી હતો.

"તું આંહી શું માંગેચ હે?" તે પેલી મુસલમીન સ્ત્રી તરફ ફરી બોલ્યો, "આવી એકાંત જગ્યાએ તારૂં શું કામ છે? આ ગરીબ નીરદોશ કુમારીકાને શું કામ સતાવેચ? બોલ, શીરીન, એ તારી પાસે શું માંગેચ?"

"નહીં, પેસી. એને નાહકનો ગેરઇનસાફ ના કર." શીરીન ગળગળતે સાદે બોલી, "એ પણ મારા જેવી દુ:ખી છે. ને એને દીલાસો આપવાની મારી ફરજ છે." શીરીન તે સ્ત્રીનો બચાવ કરતાં બોલી જે જોઇ તે સ્ત્રીની આંખમાં આંસુ ભેરાઇ આવ્યાં પણ પેસીએ તો તેની સામું ગુસ્સાભર જોયા કીધું, અને પછી શીરીન તરફ ફરી બોલ્યો, "નહીં, શીરીન હું તુંને એ અજાણી સ્ત્રી સાથે એકલી મુકી

જવશ નહીં. એ કોઇ જબરી ઢોંગી દેખાયચ, ને હુંબી તો જોઉંચ કે એ શું કેહેવા માંગેચ, ને યાદ રાખજે શીરીન કે કોઇ હરામખોરને એક વખત આપ્યું તો તેઓ ઘડી ઘડી કંતાલો આપયા કરસે."

"પણ એ કંઇ મારી પાસે પૈસા નથી માંગતી. એ પણ મારા જેવી દુ:ખી છે, બલકે મારા કરતાં વધારે છે. લે હું તુને ખરી વાત કેહેતાં અચકાતી નથી કે એરચ કંઇ મનેજ બેવફા નીવડયોચ એમ નથી. આએ સ્ત્રીને પણ એ બેવફા નીવડયો છે તે સાંભળી મારૂં જીગર જાણે ચીરાઇ ગયુંચ. એને મોહડેથીજ જોઇયે તો એનો હેવાલ સાંભળ."

વાંચનાર, એરચને માથે આ શી રીતનું વાદલ આવી પડયું હતું ? શીરીનને બેવફા ! પણ એથી એ વધારે એક મુસલમીન સ્ત્રીને બેવફા !

પેલી અજાણી સ્ત્રી આટલો વખત શીરીન અને પેસીના મોહ સામું અજાયબીથી જોયા કરતી હતી, તે હવે શીરીનની અરજ ઉપરથી પોતાનો હેવાલ આગળ ચલાવે તે અગાઉ બોલી, "અએ શીરીન, આ બેગાના મર્દની હઝુરમાં હું મારો હેવાલ કહીશ નહીં."

"કંઇ નહીં. તું બીહ ના." શીરીન બોલી, "એવણ મારા અતલગના બેશી થાય છે. તું તારો હેવાલ કંઇબી ધાસતી વગર કેહ, અને તેમાંનો એક પણ હરફ તારી મરજી વીરૂધ્ધ બાહર જવા પામશે નહીં. એવણ તરફથી તારા કામમાં તુંને કદાચ મદદ મળી શકશે; કારણ કે એ એરચની બેવફાઇથી એવણ પણ માહીતગાર છે."

શીરીને આટલો સધ્યારો આપ્યા છતાંબી તે સ્ત્રી આગળ બોલી નહીં, અને તેનો આવી રીતનો ગુંચવાડો જોઇ પેસી તેની તરફ ફરી બોલ્યો.

"અએ જવાન ઓરત, તુંને મારી ઉપર નહીં તો નહીં પણ શું આએ નીરદોશ અબલાપર પણ ભરૂસો આવતો નથી ? શું એણે તુંને પોતાનાં ખરાં દીલથી ખાતરી નથી આપી કે તારા હેવાલનો એક હરફબી બાહર જશે નહીં ? તેની ઉપરબી તુને ઈતબાર આવતો નથી ? ત્યારે શું આએ નીરદોશ નારની દયાલુ લાગણીનો આવો બદલો ?"

પેસીના ઉપર મુજબનાં મતલબયાં બોલવાની અસર તે પારકી સ્ત્રીપર તુરત થઇ, અને તેણે પોતાનો હેવાલ કેહેવો શરૂ કર્યો:— "લગભગ બે વરસની વાતપર, એરચને કાંઇ ચોક્કસ સબબસર મારા પેદર સાથે ઓળખાણ થઇ, અને મારે તાંહ તે અવારનવાર આવતો જતો હતો. તેનો ખુબસુરત ચેહેરો જોઇ હું તેનીપર આશક પડી. ટુંકમાં, અમો એકએકની મરજીથી મારાં માદરપેદરની જાણ વગર એકમેકને મળવા લાગ્યાં. હું તો ખાતરીથીજ માનતી હતી કે એરચ મને ખરાં દીલથી ચાહે છે. અને મારા એશકે મને તેના પર દીવાંની બનાવી દીધી. હું તેના મધુર અવાજ પર ખેંચાઇ, તેના બોલવા પર ભોલવાઇ, અને અફસોસ કે અંતે હું એ મારા આશકના હાથ પર ફસી પડી !" એટલું બોલતાં તે સ્ત્રીની આંખમાંથી આંસુની ધારા વેહેવા લાગી, અને તે જોઇ શીરીન બહુજ દુ:ખી થઇ.

થોડીક પળ પછી તેણે આગળ ચલાવ્યું, "એવી રીતે લાંબો વખત પસાર થઇ ગયો. પણ અંતે એરચની હાજરી કમી થવા લાગી, અને અફસોસ કે પછી તો એકદમ બંધ પડી. મારી હાલત વીશે મારી માદરને ખબર પડી ને તે મને બાહરગામ લઇ ગેઇ. થોડો વખત ગયા પછી હું મુંબઇ પાછી ફરી અને મારા આશકની શોધ કરવા માંડી, ને અંતે તેમાં મને ફતેહ મલી. એરચની મુલાકાતની આરઝુમાં હું રોજ અંહીં આવું છું, ને પેલા સામેના બંગલા તરફ રોજ જોયા કરૂંચ, અને એના મેલાપ વગર નાસીપાસ હાલે પાછી ફરૂંચ, સબબ કે એના બંગ-

લામાં આવી એની રૂશવાઇ કરવાને મારૂં દીલ ચાલતું નથી. આજે પણ આવા ન ધારેલા બનાવની મેં આશા રાખીતી નહીં. પણ મારા આશકને ઉઘાડો પાડયો તે માટે હવે હું પસતાઉંચ." એટલું બોલી તે સ્ત્રી બેસી ગઇ.

"અએ કમનસીબ નાર," શીરીન બહુ ધ્રુજતા સાદે બોલી, "તું જે કહેચ તે ખરીજ વાત હોશે. હું પણ એરચને આગળ એક વાર ચાહતી હતી, પણ હવે તે બેવફાને મારા મનમાંથી વીસારી મેલ્યોચ. તું ધીરજ રાખ. તુંને જે ભારે નુકસાન એણે કર્યું છે તેનો બદલો વાળી આપાવા હું એને સમજાવશ."

"શીરીન! હું તારૂં હેસાંન કદીબી ભુલનાર નથી. તુંને મેં પેહેલે અપમાન કીધું તે માટે હું તારી માફી ચાહુંચ. છેલ્લે મારી એક અરજ સાંભળી લે. આજની વાત આપણા સીવાએ કોઇ બીજાને ખબર નહીં પડે તેની મેહેરબાની કરીને સંભાળ રાખજે." એટલું બોલી તે શીરીનને ભેટી પડી, અને પછી પોતાના બાળક સાથે જંગલવાદીમાંથી નીકળી બાહર પડી.

તે જ્યાં સુધી નજરે પડી ત્યાં સુધી શીરીને તેના તરફ જોયા કીધું, અને આખરે તે તેની નજરેથી ગુમ થઇ કે તે પથ્થર પર બેઠી અને બનેલી વાતપર દરયાફ્ત કરવા લાગી. પેસી પણ તેની નજદીક હતો. પણ તેણે વચ્ચે બોલી શીરીનના વીચારમાં હરખત કરી નહીં.

આ બધું એકાએક શું બની ગયું હતું તેની શીરીનને સમજ પડી નહીં. તે અજાણી સ્ત્રીને મોહડે એરચ વીશે કેટલી બધી નવી વાત સાંભળી હતી તેનો જ્યારે શીરીને વીચાર કર્યો ત્યારે તેનું હઇયું ભરાઇ આવ્યું, અને એરચની બેવફાઇ પર બેહદ અફસોસ કરવા લાગી. શીરીન હમણાં સુધી તો એટલુંજ જાણુતી હતી કે એરચ કોઇ ગુલાં નામની સ્ત્રીનાં પ્યારમાં પડયો હતો, પણ એના કરતાં એ વધારે દુ:ખભર્યો ખુલાસો તેણે આજે સાંભળ્યો હતો; અને તે જ્યારે પેલાં નાના બાળક વીશે વીચારતી ત્યારે એરચપર તેને ધીક્કાર છુટયો. એરચ આટલી બધી હદ સુધી અનીતીવાન બન્યો હતો, આવી સરસ સફાઇથી અને સંભાળથી પોતાનું સાધુપણું દેખાડતો હતો, અને આટલો બધો વખત સુધી જાણે પોતે કશામાં છેજ નહીં એવો જે ઢોંગી દેખાવ તેણે કર્યો હતો,—એ સઘળી વાતનું ભાન થતાં શીરીનની લાગણી તેના તરફ એવાં તો દુ:ખભર્યા રૂપમાં ફેરવાઇ જવા પાંમી કે તેનું વીગતેવાર વર્ણન કરવાને અમારી નબલી કલમમાં શકતી નથી. એરચને બેવફા નીવડેલો તો તેણે અત્યાર અગાઉ માની લીધો હતો. પણ હવે તો અફસોસ કે ભોલવાયલી શીરીને તેણે એક બદફેલ અને અનીતીવાન આદમી તરીકે પીછાણી લીધો, અને પોતાનાં અભાગ્યાં નસીબ માટે વીલાપ કરતી બેઠી.

પ્રકરણ ૩૦ મું.

જાંહગીર પારખ.

જાંહગીર પારખ મજગામ ખાતે પોતાના કુશાદે "પારખ લોડજ"માં રેહતો હતો. તેના બાવા ફરદુનજી મુંબઇના એક મોટા દલાલ હતા, અને તે ધંધામાં તેઓએ ઠીક નાણું પેદા કર્યું હતું. તેમને બે ફરઝંદની વૃદ્ધી થઇ હતી. તેમાંનો એક તો તેમનો પા-

રેસ બેટો જાંહગીર, અને તેમને મનસે નાફ્રમાન નીવડેલી બેટી ગુલાં. આપણે જાણ્યે છીયે તેમ ગુલાંને તેઓએ તેમની પસંદગીના એક જવાંન સાથે પરણાવવા માંગી હતી, પણ તેમના એ હુકમનો અનાદર થવાથી તેઓએ તેને વારસા હીસ્સામાંથી બાતેલ કરી જાંહગીરને સઘળું આપી ગયા હતા. એ સીવાય ગુલાં વીશેની વધુ હકીકત આપણે અગાઉના એકાદ પ્રકરણમાં જાણી ગયા છીયે એટલે તે ફરી અંહીં વર્ણવવાની જરૂર રેહેતી નથી.

પારખ લોડજ અચ્છી કારીગરીથી બાંધેલું એક સુંદર અને રોણકદાર મકાન હતું, અને તેને ચોતરફ ફરતો એક ગંજાવર કમપાઉંદ હતો. કમપાઉંદના વીસ્તાર પ્રમાણે તેમાં કાંઇ ઘણા ઝાડપાન આવેલાં ન હતાં. ઘણો ખરો ભાગ ઉજ્જડ માલમ પડતો હતો. બંગલામાં દાખલ થતાં એક વીશાળ દીવાનખાણું નજરે પડતું હતું, જેમાં ઉંચી કીસબાનો મનપસંદ "ફરનીચર" અચ્છા "ટેસ્ત"થી ગોઠવવામાં આવ્યો હતો. દીવાનખાનું તેમાં મુકેલી "સાઇદ કેબીનેત" અને "કોરનર કેબીનેત"થી દીપી નીકલતું હતું એટલુંજ નહીં પણ એ કેબીનેતોની ઉપર તેની લાયક જગ્યાએ મેળેલી શેહેરે શેહેરની તરેહવાર જાતની અજાયબીઓથી તેનો દેખાવ વળી કંઇ ઓર ખેંચાનકારક લાગતો હતો. દીવાનખાના ઉપરાંત બંગલામાં બીજા નાના મોટા ઓરડા ઘણા હતા, પણ થોડા સીવાએ બાકીના વગર વપરાશે પડી રહેલા હતા.

જાંહગીરની ઉંમર ૨૩ વરસની હતી. તે કંઇ કદે ઘણો ઉંચો ન હતો, તેમ તે કંઇ ઠીંગણો પણ ન હતો. તેની ઉંચાઇ માફક સરની હતી, તેની ખુબસુરતી કંઇ ચામડીના રંગમાં ન સમાયલી હતી, પણ તેનો તનદરોસ્ત દેખાવ અને મજબુત બાંધો તેને એક મનમોહન સુંદર જવાંનમાં ખપાવવાને પુરતો હતો.

જે વખતે આણીગમ એરચ નાદીરહોલમાં બેસી વીચારના વમલમાં વીંટલાયલો હતો તે વખતે જાંહગીરબી પોતાના દીવાનખાનામાં બેસી કંઇ ઉંડા વીચારમાં ગુંતાઇ ગયલો દીસતો હતો.

આપણે જાણ્યે છીયે તેમ જાંહગીરને દરયામાં ડુબાડી મારવાની કોશેશ થયાંને બે અઠવાડયાંની મુદત પસાર થઇ હતી. તેટલા અરસામાં એરચ તેને એકજ વાર મળ્યો હતો. જાંહગીર પોતાની બેહેન ગુલાંને અસલથી ચાહતો હતો, અને તે બંગલો છોડી ગઇ તે માટે તે બહુ દલગીર થયો હતો, અને થોડીક મુદત સુધી તેને માટે તેને ઘણું લાગ્યું અને ગુલાંને પાછી બંગલે બોલાવવા માટે તેણે પોતાના બાપને અરજ કરી હતી. પણ ફરદુનજીની ખાનદાની મગરૂરી ઉભરી આવી, અને જાંહગીરની અરજ તેમણે ભારે ધીક્કારથી તરછોડી કાહડી અને ગુલાંનું નામ ફરીથી મોહપર ન લેવું એવો સખ્ત હુકમ તેઓએ તેને કર્યો. જાંહગીર પર એની જબરી અસર થઇ અને બાપના ગુજરી ગયા બાદથી ગુલાં કાંહ રેહેતી હતી તે જાણવાની તેણે જરાએ દરકાર રાખી ન હતી. ગુલાંની જુસતેજુઇ તે જો કરવા માંગતે તો તેમ બહુ સેહેલાઇથી બની શકતે. પણ નહીં. જાણે વારસામાં મલેલી મગરૂરીએ તેને એવી રીતનું પગલું ભરતો અટકાવી રાખ્યો. પણ આખરે ગુલનાં કોઇ કેહેવાતા ખાવંદ તરફથી તેને જ્યારે પેલી ચીઠ્ઠી મલી ત્યારેજ તેથી નજર ઉઘડી હતી, અને પોતાની બેહેનની ખરેખર હાલતથી વાકેફ થવા માટે તે દરયે કાંઠે ગયો હતો, અને તેની બેહેન કોણના હાથમાં ફસી પડી હતી તે વાત તો તેણે તેજ વખતે જાણી લીધી. તે વખતે ગુલાં તરફ તેની ખરેખરી દયા ઉશકેરાઇ, અને તેને પાછી પોતાને બંગલે લાવવા માટે તે બહુજ આતુર હતો. પણ અફસોસ! ગુલાં કયાં હતી તેની ખબર જેમ જાંહગીરને ન હતી તેજ પ્રમાણે તે વીશે તે લફંગોબી કશું જાણતો ન હતો. આવી રીતનો મામલો જોઇ જાંહગીર બહુ દુઃખી થયો અને તેનો પસતાવો હદ વનાનો થઇ પડયો.

એરચની સાથે તેને ન ધારેલી રીતે ઓલખાણ થયાથી તે બહુ ખુશી થયો હતો. એરચનો અસરાફ ચેહેરો અને તેની માયાળુ વર્તણુંક જોઇ તેની ચાલચલણ વીશેનો બહુ અચ્છો છાપ જાંહગીરના મનપર બેઠો. તે તેને એક દીલાસો દેનાર મળ્યો હતો. તેના કુટુંબ સંબંધી ભેદથી તેણે આજ સુધી કોઇને પણ વાકેફ કરયો ન હતો, પણ એરચના દેખાવે તેના પર એવી તો મજબુત અસર કરી કે તેની આગળ પોતાની છાતી ખુલ્લી કરી દેવાને તે જરાકબી અચકાયો નહીં હતો, અને એરચ બી તેના વીશવાસને કેવો લાયક નીવડયો હતો તે આપણે સારીપેઠે જાણ્યે છીયે.

એરચ આગળ પોતાની છાતી ખુલ્લી કરી દીધાથી જાંહગીરને અજબ જેવો કરાર વળ્યો હતો. ત્યાર પછી એરચ તેને એક વાર મલવા આવ્યો હતો. અને તે મુલાકાત દરમ્યાન, ગુલાંનો પતો મેલવવા માટે કેવા ઉપાયો લેવા તે વીશેની મસલહત તેઓએ સાથે મળી કરી હતી. એરચે પોતાથી બનતી મદદ આપવા કબુલ્યું હતું, અને પોતાની તપાસનું શું સેવટ આવે છે તેથી જાંહગીરને જાણીતો કરવાનું કહી તે તેનાથી છુટો પડયો હતો.

ત્યાર પછી એરચ જાંહગીરને મળયો ન ન હતો, માટે તેની મુલાકાત કરવા તે આતુર થઇ રહયો હતો. પોતાને ફાયદો કરનારનો ઉપકાર કદીબી ભુલવો નહીં એવો ઠેરાવ જાંહગીરે પોતાના મન સાથ કરી રાખ્યો હતો, તો જોકે એરચને તે માટે કેટલું ખમવું પડયું હતું, બલકે પોતાને શીરીન નજદીક કેવો બેઆબરૂ બનવા દીધો હતો તેની જાંહગીરને થોડીજ ખબર હતી.

એવી હાલતમાં જાંહગીર સોફાપર પડેલો હતો તેવામાં દીવાનખાનામાં એરચને દાખલ થતો જોઇ તે બેહદ ખુશાલીમાં આવી જઇ સોફાપરથી ઉઠયો અને તેને બારણા નજદીક લેવા દોડયો.

"હલ્લો, એરચ, હું તુંનેજ મળવા તલપી રહયો તો. ચાલ સારૂં થયું તું આવ્યો. અરે પણ આએ તારૂં મોહ એટલું બધું ઉતરી શાથી ગયું? શું કંઇ સીક હતો?" જાંહગીરે પુછયું પણ અફસોસ! વાંચનાર, જાંહગીરને કાંહથી ખબર હોય કે શીરીનની જુદાઇના ગમમાં તેનું મોહ ઉતરી ગયું હતું એટલુંજ નહીં પણ તેનું કાલજું વટીક ફાટી ગયું હતું!

"મને રોકાન હોવાથી આવી ન શકાયું માટે માફ કરજે હં, જાંહગીર." એરચ હસતો હસતો બોલ્યો, "પણ વારૂ તારૂં કેમ? ગુલાં વીશે કંઇ જાણ્યું કે?"

"તું જેમ જોએચ તેમજ તો. હુંબી તેનાજ વીચારમાં બેઠોચ. હજુર સુધી કંઇ જાણવાજોગ વીગત તો મળી નથી, ને મને સમજ નથી પડતી કે એનું ઠેકાણું કોણ જાણે ક્યાંથી મળસે. પણ વારૂં ભાઈ, તેં કાંઇ શોધ કીધી કે?"

"મેં બી મારીથી બનતું તો કરી જોયું, ને એ બીચારી હમણાં કયાં હોસે તે હુંબી સમજી શકતો નથી. તોપણ, આપણે આપણી કોશેશ તો ચાલુજ રાખશું. પણ વારૂ, તેના તરફથી તેં કંઇ સાંભળ્યું હશેની?" એરચે, એકાએક કંઇ યાદ આવ્યું હોય તેમ પુછયું.

"નહીં. એના તરફથી કંઇબી સાંભળવાની હું કાંહથી આશા રાખી શકું?"

"પણ તેનેજ તારી બેહેન વીશે પુછી જોઇયે તો કેમ?" એરચે સુચવ્યું.

"પણ તેને કેવી રીતે પુછી શકાય? તેજ હમણાં કયાં રહે છે તે હું જાણતો નથી, એટલે તું કેહેચ તે કેમ બને? કોણ જાણે તેબી એક ઠેકાણે ઠર પડી બેઠોચ કે રખડતો છે."

"પણ વારૂં જાંહગીર, એની ઉમર કેટલી હશે, ને એ મોહપરથી કેવો દેખાયચ?"

"ઉમર તો ૨૫ કે ૩૦ની હશે. ને મોહપરથી હું કેમ કહી શકું કે તે કેવો છે. મેં કયાં એને બરાબર જોયોચ. તોપણ, તે રાત્રે મેં એને જોયો તે પરથી એટલું તો કહી શકું, કે આંગે તો તે ઠીક કદાવર છે, ને તે

વખતે એના શરીરપર લુગડાંબી સારાં હતાં. મજાનો કાલો વીનીશીઅન ક્લોથનો દગલો ને પાતલુન બી તેવુંજ હતું, ને વરી પાગરીબી નવીજ હતી. તેપરથી મને તો એમ લાગેચ કે એની હાલત સુખ્યારી હોવી જોઇયે."

"ઠીક છે, વારૂ. આપણે જોઇશું. ખોદાનું ચાહવું છે તો થોડાજ વખતમાં તારી બેહેન મળી આવશે. ચાલ ભઇ, હવે હું રજા ચાહુંચ." એટલું બોલી એરચ જાંહગીરને ભેટી તેનાથી છુટો પડયો.

વાંચનાર સારીપેઠે જોઈ શકશે કે પચ્ચીસમાં પ્રકરણથી તે હાલનાં પ્રકરણ સુધી જે જુદા જુદા બનાવો જુદે જુદે ઠેકાણે બનવા પામ્યા હતા તે ફકત એકજ સાંહજમાં બન્યા હતા. શીરીન સાંહજનાં પાંચ વાગતાને સુમારે શોકાતુર ચેહેરે પોતાના ઓરડાની બારીએ ઉભી હતી ત્યાંથી નીકળી તે સામેની જંગલવાદીમાં ગઇ હતી, અને ત્યાં તેને એક અજાણી મુસમીન સ્ત્રી સાથે ઓચીતી મુલાકાત થઇ હતી. તેને ગરીબ સમજીને શીરીન તેની પાસે ગઈ હતી અને તેને મદદ કરવાની જ્યારે મરજી બતાવી ત્યારે તે સ્ત્રીએ કેવો ગજબનાક ભેદ ખુલ્લો કર્યો હતો!

શીરીન તે સાંભળી કેવી બેસુધ્ધ થઇ ગઇ હતી! અને ત્યારપછી સુધ્ધીમાં આવતાં તે સ્ત્રીને મોહડે વધુ વીગતો સાંભળી કેવાં ગમખાર દીલે બંગલે પાછી ફરી હતી! હવે જ્યારે વાત અંહી એમ બનતી હતી ત્યારે એરચ પોતાના ગમમાં પડયો પડયો વીચાર કરતો હતો, અને શીરીનને કોણે ભમાવી હશે તે વીશે તરેહવાર અટકળ કરતો હતો તો જોકે શીરીન તેના વીશે જંગલવાદીમાં બેસી શું સાંભળતી હતી તેની તેને થોડીજ ખબર હતી. ત્યારપછી વળી નાદીર હોલમાં રૂસતીશાહ પોતાના બેહેન સાથે વાતે વળગેલા હતા, અને શીરીનની દલગીરી દુર કરવા માટે તેને સમજાવવાનું કામ રતનફુઇને સોંપ્યું હતું, તો જોકે તેઓને થોડીજ ખબર હતી કે શીરીનની દલગીરીમાં માત્ર થોડાજ વખતમાં કેટલો મોટો વધારો થયો હતો. છેલ્લે જાંહગીર પારખ બી એકીજ વખતે પોતાના બંગલામાં વીચાર કરતો બેઠો હતો તે આપણે હમણાંજ જોઇ આવ્યાં. એ મુજબ, આ સઘળું કેટલા વારમાં બની જવા પામ્યું? માત્ર બેજ કલાકમાં.

રાતે જમી રહયાબાદ પેસીએ રતનફુઇને સાંહજે જંગલવાદીમાં બનેલા બનાવથી વાકેફ કરવાનું દરસ્ત વીચારયું હતું. એરચ સામે શીરીનનો શક બહુજ મજબુતીથી ઉશ્કેરાયો હતો તે વીશે તો પેસીએ તેમને અત્યાર અગાઉના જાણીતાં કર્યાં હતાં. પણ તેમાં વળી પેલી મુસલમીન સ્ત્રીને ફસાવવાની વાત પણ શીરીને જાણી હતી તે બીના જ્યારે રતનફુઇએ સાંભળી ત્યારે તો તેઓની ખુશાલીનો પાર ન રહ્યો.

"અરે ફુઇ, એ સ્ત્રી કોણ જાણે કેબી રીતે કયાંથી નીકળી આવી!" પેસી હોંસભર બોલ્યો, "એણે તો આપણાં કામને બહુ આગળ વધારી આપ્યું. એ તો કંઇ આપણાં બહુ બુલંદ નસીબ હં!"

"હારે દીકરા, ખરેખર એ તો આપરા ફાયદાનીજ વાત બની ગઇ, પણ હું હવે તુંને કંઇ બીજી વાત કેહું તે તો સાંભળ." અને અંહીંયા રતનફુઇએ પોતાને રૂસતીમશાહ સાથે થયલી વાતચીતથી પેસીને વાકેફ કર્યો, અને તેઓની નજદીક તેના લાભ સચવવાની કેવી યુકતીથી તેમણે સંભાળ લીધી હતી તે વીશેની વાત મોટી ઉકમાઇ સાથે તેની આગળ કરી, અને તેને શીખામણ આપી તેની આગળી સઘળી ચાલચલગત છોડી દેવાની ભલામણ કરી, અને ટુંકમાં તે જો સુધરી જાય તો તેમાં તેને મોટો લાભ થશે એમ વધારયું હતું. અને અજબ છે કે પેસીએ તદન સુધરી જવાની કબુલાત રતનફુઇને તેજ વખતે આપી!

પ્રકરણ ૩૧ મું.

રૂસતીમશાહ સાથે અનબનાવ.

What stronger breast plate than a heart untainted ?
Thrice is he armed that hath his quarrel just.—*Shakspeare.*

બીજું એક અઠવાડયું પસાર થયું. શીરીન અને એરચ વચ્ચે અંતર પડતોજ ગયો. શીરીનની દલગીરીનું ખરૂં કારણ જોકે રતનબુઇ જાણતાં હતાં તોપણ પોતાના ભાઇની અરજથી તેઓ શીરીન આગળ ગયાં હતા. પણ શીરીને તેમની સાથે પાધરી વાત કરી નહીં એટલે તેઓ નીરાશ થઇ ગયાં, અને રૂસતીમશાહે હવે વધુંવાર એમ શકમાં રેહેવાનું દરૂસત વીચારયું નહીં. તોપણ જે દુઃખદાયક ભેદ શોધી કાહડવાને તેઓ શકતીવાન થયા તે એ હતો કે શીરીન અને એરચ વચ્ચે અગાઉના જેવો સંબંધ હવે હતો નહીં. પણ કમભાગ્યે, તેમ થવાનું કારણ તેઓ સમજી શકયા નહીં એટલે તે સંબંધી તેમના મનમાં મોટો ગુંચવાડો ઉત્પન થયો હતો, અને તેટલામાટે બન્નેમાંથી કોઇબી પાસે જઇ જોઇતો ખુલાસો મેલવી લાવવાનો તેઓએ મક્કમ ઠેરાવ કરયો હતો અને તેપર અમલ કરવાની તેમને બહુ વેહેલી તક મલી ગઇ.

તે એમ કે એક દિવસ સહેવારે તેઓ એરચના ઓરડામા જઇ લાગ્યા, ત્યારે તેઓએ તેને કંઇ કાગલો લખતો દીઠો.

"કેમ એરચ, શું કામમાં મશગુલ થઇ ગયોચ ?" એરચની સાંમેની એકાદ ખુરશી પર બેસતાં તેઓએ પુછ્યું.

"મારા મીત્ર પર કાગળ લખુંચ." એરચે જવાબ દીધો.

"વારૂ ચાલ, હાલ તુરત તો એ બારણું બંધ કર. મને તારી સાથે કંઇ અગતની વાત કરવીચ.

રૂસતીમશાહને ઉપર મુજબ બોલતાં સાભળી એરચ લગાર અજાયબ થયો, તોપણ તેમના હુકમને માન આપી તે તુરતજ ઉઠયો અને બારણું બંધ કરયું અને પછી રૂસતીમશાહની નજદીક બારીની સામે કે જ્યાંથી તેને બાગમાંનો સઘળો દેખાવ નજરે પડતો હતો ત્યાં આવી બેઠો.

"ચાલો હવે શું કેહેવુંચ તે બોલો." તે બોલ્યો.

"એરચ," રૂસતીમશાહે ગંભીર અવાજે બોલવું શરૂ કર્યું, "મેં તુંને નાહણપણથીજ મારા આશરા તળે લીધો છે, ને શીરીનનેબી તારી સાથે ઉછરેલી જોઇ મારૂં મન રાજી થતું હતું, ને તેમાં હું મારૂં ઘણું દુઃખ ભુલી જતો હતો, એવા વીચારથી કે જોકે શીરીને પોતાની વાહલી માવતર ખોહી હતી પણ તેને તારા જેવો જાણે એક હેતવંતો સાથી મળ્યો હતો. મારી દીકરીને માટે જેટલી કાલજી હું આજ સુધી લેતો આવ્યોછું તેથી કોઇ પણ રીતે ઓછી તારા માટે લીધી નથી, ને તમારા બન્નેનાં સુખમાં હું મારૂં સુખ માનતો આવ્યો છું, ને તમો લોકને હંમેશ સુધી સુખી અને સંપીલી હાલતમાં જોવાને હું કેટલો બધો આતુર છું તેનો તુંને કાંઇજ ખયાલ ન હોય. પણ અફસોસ કે આજે લગભગ એક મહીનો થયો હું જોતો આવ્યોચ કે તમે લોક એકએકથી દુરનાદુર રહોછો ને અસલના જેવો એખલાસ તમારામાં હવે નથી. તમારાં બેઊ જણનાં મોહ શોકાતુર જોઇ હું ઘણો અજબ થાઉંચ ને તેથી મને મોટી ચીંતા ઉપજી છે. તેટલામાટે, તમારા બન્નેનાં લાભ માટે હું એવું ઇચ્છુંચ કે એ સઘળી ભાંજગડનું કારણ હું જાણું તો ઠીક કે જેથી કરીને જે કંઇ પંચાતી હોય તેનો છેડો આવી જાય, અને તમારા વચ્ચે કોઇ પણ રીતની ગેરસમજુતી થઇ હોય તે દુર થઇ જાય. માટે, બોલ એરચ, તારા મનમાં શું છે?" એટલું

કહી જવાબ માટે રૂસતીમશાહે એરચ તરફ જોયું.

"એરચ ધીમેથી બોલ્યો, "તમો કહોછો તેમ તમારી મારા ઉપરની મેહેરબાનીનો હું અસલથીજ અનુભવતો આવ્યોછ, અને તમારા સંખ્યાબંધ આભારો માટે હું બેખબર છું એમ તો તમારે કદીબી ધારવું નહીં. હું કબુલ કરૂંચ ને તેમ કરતાં મને મોટી દલગીરી ઉપજેચ કે શીરીને મારી સાથે પંચાતી કીધીચ ખરી. પણ તમારા જેટલીજ આતુરતાથી હું ઇચ્છુંચ કે તે જલદીથી દુર થઇ જાએ, પણ કમભાગ્યે તેમ થઇ શકયું નથી."

"પણ તુંજ તારા મનની વાત બેલાશક કહી દએ તો ઘણું સારૂં" રૂસતીમશાહે સુચવ્યું.

"શીરીન કોણ જાણે શા કારણથી મારી સાથે ગુસ્સે થઇચ તે હું પોતે બરાબર સમજી શકતો નથી."

"પણ તેં તે વીશે શીરીનને પુછ્યું હોસેની?"

"મેં પુછી જોયું, પણ શીરીન કંઇ ખુલાસો કરતી નથી."

"પણ ત્યારે તું શું ધારેચ?"

"શીરીનને મેં કંઈ જાણીજોઈને ગુસ્સે થવાનું કારણ આપ્યું નથી. એક વખત હું આખી રાત બહાર હતો તે તમોને ખબર હશે. બાહરથી આવી સહવારે હું પાધરો શીરીનના ઓરડામાં ગયો તો મેં એને દલગીર ચેહેરે બેઠેલી જોઇ, તેનું કારણ પુછતાં તે ચીરડાઇ ગઈ. હવે તે વખતે એના બોલવાપરથી મને તો એમ લાગેચ કે તે રાતે હું કયાં હતો તે વીશેની એને કંઇ ખબર મળેલી લાગેચ. પણ હું ઘણોજ અજાયબ થાઉંચ કે તે વીશે એણે જાણ્યું કેમ. શીરીને મને પુછ્યું કે હું આખી રાત કયાં હતો, પણ તે વાત કેહેવાએ એવી નહીં હોવાથી હું ચુપ રહયો, અને ત્યારથી શીરીન મારી સાથે અસલની માફક બોલતી નથી."

"પણ તેમાં શીરીનને એટલું બધું દલગીર થવાનું શું કામ? એ તારી ગેરહાજરી ત્યારે કાંઇ ઘણુંજ ગંભીર કામ સાથે સંબંધ રાખતી હોવી જોઇયે કેમ?" રૂસતીમશાહે પુછ્યું.

"એ મારીપર કંઇ ખોટો શક લઇ જાયચ. પેલી રાતે જે બનાવ બન્યો તેને એક ચોક્કસ અબલા સાથે નીસબત છે. હવે તેનું નામ શીરીન કેમ જાણવા પામી તે હું સમજી શકતો નથી. એ સ્ત્રીના સંબંધમાં શીરીન મારીપર શક લઇ જાયચ, પણ હું તમોને ખરેખરૂં કહુંચ કે મારૂં મન તો હંમેસના જેવું સાફ છે."

આટલા ટુંક ખુલાસાથી રૂસતીમશાહના મનપર કાંઇ ગંભીર અસર થયલી દેખાઇ. એરચ અને શીરીન એકમેકને ચાહે છે એટલુંજ નહીં પણ તેઓ એક બીજાને વચનથી કબુલ પણ થઇ ચુકયાં છે એવો સાર તેઓએ એરચના હમણાના બોલવા પરથી ખેંચી કાહડયો. અને આપણે જાણ્યે છીયે તેમ તેઓનું એ અનુમાન કાંઇ ખોટું ન હતું હવે રૂસતીમશાહની ખાતરી થઇ કે રતનપુરાએ જે ભાંગુ તુટું મત બાંધ્યું હતું તે સદંતર ખોટું હતું.

"પણ ત્યારે હવે સઘળી વાતનો તું પોતેજ કાંએ નહીં ખુલાસો કરી દેતો કે બધી પંચાતીનો છેડો આવી જાય?" રૂસતીમશાહે પુછ્યું.

"નહીં તેમ જો બની શકતે તો હું હમણાં સુધી બેસી નહીં રેહેતે. તમોને કેહેતાં મને મોટી દલગીરી ઉપજેચ કે એ વાતનો ખુલાસો હું ચોક્કસ સબબોસર કોઇનીબી નજદીક કદીબી કરી શકીશ નહીં."

"પણ એવી તે શું માહભારત વાત છે કે તે તું મનેબી નહીં કેહે. હું કોઇ પારકો આદમી છેઉં કે તું મારી આગળથીબી તે છુપાવવા માંગેચ?"

"હું તમોને મારા મુરબ્બી પાલનહાર તરીકે ગણુંછું. તોપણ તમારે જાણવું અગત્યનું થઇ પડશે એ વાતની અંદર કોઇ આબરૂદાર કુટુંબનો ભેદ સમાયલો છે. એક પ્રમાણીક લાગણીના માણસે મારીપર સપુંર્ણ વીશવાસ રાખી જે વાત કહી તેજ વાત હું બીજાને કેમ કહી શકું? તેને વીશવાસઘાટકી નીવડયા સીવાએ હું તમારી મરજી રાખી શકું નહીં, અને એવી રીતની ફરજ તમે મને પાડશો નહીં."

"પણ તું શું ત્યારે તેની સ,થે વચનથી બંધાઇ ગયોચ?" રૂસતીમશાહે અનુરતાથી પુછ્યું.

"નહીં. તેની સાથે હું ખુદ વચનથી બંધાયો નથી."

"ત્યારે તે વાત મને કેહેવામાં તુંને અડચણ શું છે તે હું સમજી શકતો નથી."

"નહીં હું કેહેવાને દલગીર છું કે ખુદ મારી લાગણીઓએ મને તેમ કરતાં આજ સુધી અટકાવી રાખ્યોચ."

"તે બધું ખરૂં, પણ મારા જેવાની આગળ એ વાત ખુલ્લી કરવાથી તુંને કંઇ ગેરફાયદો થનાર નથી. શું તુંને મારીપર વીશવાસ નથી?"

રૂસતીમશાહને એ પ્રમાણે બોલતાં સાંભળી એરચ વીચારમાં પડયો. તે જાણતો હતો કે રૂસતીમશાહને એ વાત કેહેયાથી તેમના તરફથી તે બાહર જવાનો જોકે જરાએ સંભવ ન હતો, તોપણ પોતાની પ્રમાણીક લાગણીના ભોગે તેમ કરવું તેને વાજબી લાગ્યું નહીં. તોપણ વળી ફરીથી તેને બીજો વીચાર સુજ્યો. રૂસતીમશાહની જાણમાં એ વાત આવતાં જાંહગીર પારખ ગુસ્સે થાય એ મુદદલ બનવાજોગ હતું નહીં. અને વળી સઘળી વાતનો ખુલાસો થતાં જે મોટો ફાયદો તેને હાંસલ થાય તે આ સઘળી રીતની ગેરસમજુતી દુર થઇ જવામાં સમાયલો છે એમ તેને લાગ્યું ખરૂં, જેમ થયલું જોવા માટે તો તે પોતે સૌથી વધુ આતુર હતો.

આ સઘળી બીના ધ્યાનમાં લેતાં એરચને માલમ પડયું કે તે વાત માત્ર રૂસતીમશાહને કેહેવામાં કોઇ પણ રીતનું નુકશાન થનાર નથી. તેટલામાટે વગર આંચકો ખાવે તે ભેદ ફોડવાનો તેણે ઠેરાવ કર્યો. પણ અફસોસ! એ ઠેરાવને તે અમલમાં મેળી શકયો નહીં.

તે વાત ખુલ્લી કરવા માટે હજુર તો તે પોતાની જબાં ઉપાડતો હતો કે બારીએથી તેણે કોઇ શખસને બાગની બાહર ચાલી જતો દીઠો, અને તેને જોતાંનેવાર એરચ ગુસ્સાથી લાલચોળ બની ગયો ને તેનામાં અજાયબ જેવો ફેરફાર થઇ ગયો! અને વધારે અજબ જેવું તો એ છે કે તેનો માત્ર થોડીજ પળ અગાઉ કરેલો ઠેરાવ એકદમ ફરી ગયો!

એરચને કાંઇ પણ જવાબ આપ્યા વગર ચુપ બેઠેલો જોઇ રૂસતીમશાહ લગાર ગુસ્સે થયા.

"એરચ," તેવણ બોલ્યા, "આ પેહેલોજ દાખલો છે કે જેમાં તું મને નાફરમાન નીવડવા માગેચ. મારા બોલવાની તારીપર કાંઇજ અસર થઇ નથી. તું મારા બોલવાપર વીશવાસ રાખતો નથી. બોલ, હજુરબી બોલ, આ હું તુંને છેલ્લી તક આપુંચ, જે તે ખુલાસો કરવો હોય તે જલદીથી કરી દે."

"નહીં. હું તમોને કહી ચુકોચ કે તેમ હું કદીબી કરી શકીશ નહીં. અને તે ઉપરાંત હું વધુ બોલી શકતો નથી. હું ઘણો દલગીર છું કે મને એવી રીતનું બોલવું પડેચ."

"એરચ?" રૂસતીમશાહ પોતાના મનપરનો સઘળો કાબુ ખોહી દેતાં બોલ્યા, "મેં તારી તરફથી એવી આશા કદીબી રાખીતી નહીં. આએ તારો બદલો? આ તારી તાબેદારી? તારીપર હું અંતે ઠગાયો. હું જાણુંચ કે તું મને ઉડાવવાની વેતરણ કરેચ. મારી દીકરીને ખરેખર તેં ઠગીચ. મારાજ આશરા તળે રહી એવી ચાલ તું કેમ ચલાવેચ? યાદ રાખજે, તું તારાજ હકમાં નુકસાન કરશે."

"મને ગમે તે નુકસાન પુગે તેની મને જરાએ દરકાર નથી. એ માટે હું ગમે તે ભોગ આપવા તૈયાર થઈશ." એરચ બહુજ મક્કમ મને બોલ્યો.

"ઠીક છે, ત્યારે હુંબી જોઇ લેવશ. હએ નીમકહરામ છોકરા! યાદ રાખ, કે અંતે તુંને એ તારી બોહસ, તારી ઠગાઇ, જે ગમે તે હોય તે માટે તુંને પસતાવું પડશે."

એરચ કાંઇ જવાબ આપવા જતો હતો, પણ તેને સાંભળવાની સાફ ના પાડી તેઓ એકદમ ઉઠી ઓરડો છોડી ભારે ગુસ્સામાં ચાલી ગયા!

પ્રકરણ ૩૨ મું.

આશક માશુકની જુદાઇનો દુઃખદાયક દેખાવ.

સહવાર સુંદર અને રમણીય હતી. વખત સુમારે આઠ વાગતાનો હતો. આકાશ તદન ખુલ્લું અને પુર તેજમાં પ્રકાશીત દીસતું હતું. નાદીર હોલને લગતા મોટા દીલખુશ બાગમાંના તરેહવાર જાતના ફુલોના સુગંધી સ્વાસથી આસપાસ દીલખુશ પમરાત પંથરાઇ રહયો હતો, અને તેમાં તરતનાં ખીલેલાં સુશોભીત મોગરાં અને ગોલાબનો વાસ ખાસ કરીને દીલપઝીર લાગતો હતો. પવન કોઇ વખત ધીમેથી તો વળી કોઇ વખત જોરથી ફુંકતો હતો, અને તેની અસરથી હાલતાં ઝાડોનો ગણુગણુાત ઉપજાવનારો અવાજ કાન સાથે આવી અઠડતો તેથી મનને કંઇ ઓર તરેહની મઝેહ મળતી હતી. પક્ષીઓ મધુર અને તીણા સ્વરે ઇશ્વરી ભજણ એવા તો મીઠાસથી ગાતાં હતા કે તે સાંભળ્યાથી માણસના દીલને બે ઘડી રાહત મળતી હતી, અને તેની મધુર અસર તળે તે પોતાનું દુઃખ થોડોક વખત વીસરે એ બનવાજોગ હતું.

આવે રળીયામણે વખતે આપણી વારતાની કીનાખોરને હાથે ભોલવાયલી મનમોહન નાયકા શીરીન ગમખાર દીલે અને શોકાતુર ચેહેરે બાગમાંના એકાદ બાજતપર બેઠી હતી. પણ શું ખુદરતના મોહક દેખાવથી તેના મનપર કંઇ અસર થતી હતી? તે શું બાગમાં નીરાંતે બેઠી હતી? નહીં. આટલા ટુંક અરસામાં બની ગયલા ન ધારેલા બનાવપર કંઇ ગંભીર વીચાર કરતી તે બેઠી હતી. એક વખતના તેના માનીતા એરચ સંગાત તે જ્યારે હસી ખુશીથી બાગમાં ફરતી હતી અને પોતાનો વખત આનંદમાં પસાર કરતી હતી તેમાં હવે મોટો ફરક પડી ગયો. એરચને જ્યારથી બેવફા નીવડેલો શીરીને જાણ્યો હતો ત્યારથી તેણે ફરવા હરવાનું સમુળગું છોડી દીધું હતું, અને ખુદરતની સઘળી મોહ પમાડનારી ચીજો તેને મનથી હવે અકારી થઇ પડી હતી.

તે પોતાના ખ્યાલમાં બેઠી હતી તેવામાં એરચને બંગલામાંથી નીકળી પોતા તરફ ચાલી આવતો તેણે દીઠો. તેને પોતા તરફ આવતો જોઇ શીરીનની છાતી ધડકવા લાગી. તે તેની નજદીક શું કામ આવતો હશે તે તે સમજી શકી નહીં.

એરચ જોકે શીરીનની લગોલગ નજદીક આવી પુગો તોપણ શીરીને તેની તરફ ન જોતાં પોતાની નજર જમીનપરજ રાખી, તે જોઇ એરચ ગમગીન સાદે બોલ્યો, "શીરીન!"

પોતાનું નામ એરચને મોંઢે સાંભળતાંને વાર શીરીનની લાગણીઓમાં કંઇ અજાયબ જેવો ફેરફાર થઇ ગયો! તેની આંખમાં ઝટ આંસુ આવી ગયાં, અને એરચ તરફનો પોતાનો ગુસ્સો તે જાણે એકદમ ભુલી ગઇ ગઇ હોય એમ દેખાઇ આવ્યું. પણ તરતજ, જાણે કંઇ બન્યું ન હોય તેમ તેણે પોતાનું મન મકકમ કર્યું, અને ઉપર જોઇને જરાક દમામમાંજ પુછ્યું,

"કેમ, અંહી તમારૂં શું કામ છે?"

"શીરીન, તું અમથી દુઃખી થાયચ, ને મનેબી કાંએ નાહકનો દુઃખી કરેચ. જો પ્યારી હવે કંઇ સમજ." એરચ અફસોસ કરતો બોલ્યો.

"હું એ તમારૂં બધું બોલવું બીલકુલ સમજી શકતી નથી. તમે મારી પાસે શું માગોચ?"

"શીરીન, મને જરા ધીરજથી સાંભળ. મને એમ હરકાતી ના કાહડ. અને તુંને ખબર નથી, શીરીન, કે મારી પાછળ કેવાં કેવાં કાવતરાં રચાયાંચ, આએ આપણી છેલ્લી મુલાકાત સમજ, ને તુંને મારા વીશે ખોટી ખબર આપી કોણે ભમાવી તે તું મને કેહ. મારીઉપર માત્ર એટલીજ દયા કર." એરચ કરગરીને બોલ્યો.

"તે વાત તમે મને ના પુછો. હું તેનો જવાબ આપી શકતી નથી."

"અરે શીરીન! અફસોસ કે મેં તુંને ચાહી તેમાં શું હું ઠગાયો? અરે તારો અસલ સ્વભાવ કયાં ગયો! તારો હાલ એમ ફેરવાઇ કેમ ગયો? હા! તુંને કોણુ બદકરતુકનાએ ભમાવી? પણુ નહીં, મારે એમ ઉશકેરાઇ નહીં જવું જોઇયે. તું મને ખરેખરૂં કેહ. તુંને શું પેસીએ મારી સામે ઉશકેરી છે? જો તેવું હોય તો બોલી દે. બધી વાતનો છેડો આવી જશે."

"હવે હું કંઇ પણ બોલી શકતી નથી." શીરીન દ્રઢ મને બોલી.

"પણુ વારૂ, તું શું મને બેવફા માનેચ?"

"એ સવાલ મને નહીં પુછયો હોતે તો ઠીક થતે. અરે એરચ, તું મને એકલીને તો નહીં પણુ બીજી બે નીર્દોશ નારોને બેવફા નીવડયોચ. જેને તેં ફસાવી હોય, જેનો તારીપર વધારે હક હોય તેને ઇનસાફ આપ! શીરીન એકદમ ઉશકેરાઇને બોલી.

"યા ખુદા! શું હું ત્રણુ નીરદોશ નારોને બેવફા નીવડયોચ?" એરચ આકાશ તરફ જોઇ બોલ્યો, પણુ તરતજ પાછો શીરીન તરફ ફરી બોલ્યો, "અરે શીરીન, એ બધો શું ઘોંતાલો, કોઇ નારને મેં ફસાવી નથી પણુ બચાવીચ. વારૂ તુંને તેની કયાંથી ખબર પડી?"

"તે વાતની મેં જાતે ખાતરી કરી છે. સૌ કરતાં તેનો હક તારીપર વધારે છે."

એરચ હવે તદન નાસીપાસ થઇ ગયલો દેખાયો. તે વધુ કંઈ પણુ બોલી શકયો નહીં. તે શીરીનની તરફ તગર તગર જોવા લાગ્યો, જ્યારે શીરીનની નજર તો જમીનપરજ હતી, અને આટલી વાતચીત દરમ્યાન શીરીને તેના મોહ સામું ફકત એકજ વખત જોયું હતું, જાણેકે એરચના મોહડામાં લોહચુંબક હોય યાતો તેની આંખમાંથી વીજળી પ્રવાહ નીકળતો હોય તેમ શીરીન તેના મોંઢા સામું જોવાની હીંમત કરી શકી નહીં; કારણકે તેણે પોતાનું મન શાંત અને દ્રઢ રાખવાનો ગમે તેવો પ્રયત્ન કર્યા છતાં તેની લાગણી એરચને જોતાં વાર અજાયબ જેવી રીતે ઉશકેરાઈ જતી હતી. ખુલ્લા શબ્દોમાં કહીયે તો શીરીન એરચને અંદરખાનેથી ખરાં દીલથી ચાહતી હતી. પોતાના આશકની વીરૂધ્ધ જતી સઘળી બીના જાણ્યા છતાં, તેના તરફનો પોતાનો આગળો પ્યાર ભુલી જવાયો નહીં, અને એરચની ઉપર પ્રમાણેની કાકલુદીભરી અરજ પોતાની અંદરખાનેની અતયંત દલગીરી અને તેથી ઉપજતા ભારે દુ:ખ ભર્યા વીચારો વગર તે નામંજુર રાખી શકી નહીં. પોતાના આશકને આવી હાલતમાં ઉભેલો તે જોઇ શકતી નહીં. અને વાંચનાર, ખરેખર, બન્નેમાંથી વધારે દયાજણુક હાલ શીરીનનો હતો. પ્યાર અને ફરજ વચ્ચે તેના દીલમાં જબરો ઝગડો ઉઠયાથી તેનું મન અસ્થીર બની ગયું. પણ અંતે પ્યારને પાછું હટવું પડયું. શીરીનની દીલસુજી એક પારકી સ્ત્રી માટે પ્રથમથી ખેંચાઇજ હતી. એક કમનસીબ અબળાના કલ્યાન અર્થે, એક પારકી અબળાને ઈનસાફ આપવા માટે તે વધારે ખુશીથી તૈયાર થઇ. ગમે તે છતાંબી તેની દયાળુ લાગણી ઉભરી આવી, અને પોતાને લીધે બીજી સ્ત્રીને દુ:ખી થતી તે જોઇ ન શકી.

આવી શીરીનની હાલત હતી. હવે તે એરચને કંઇ જવાબ આપી શકી નહીં. તેણે ઉઠીને ચાલી જવા ઇચ્છયું, પણુ તેનીથી ઉઠી ન શકાયું. એરચ પણ આટલો વખત ચુપ ઉભો હતો તે હવે એકદમ બોલી ઉઠયો. તેનો અવાજ સામા માણુસની સંપુર્ણ દયા ઉશકેરવા માટે પુરતો હતો.

"શીરીન! તું આગળી મારી શીરીન કયાં ગઇ? મારી આગળની વાહલી શીરીન અને હાલ મારી સામે બેઠેલી શીરીન વચ્ચે હું કેમ સરખામણી કરી શકું? યા ખુદા, મારી એક વખતની સુખી હાલત આ એકાએક કેમ દુ:ખી થઇ ગઇ! અફસોસ૨ એ વીચારજ મને દેવાનો બનાવેચ! અરે શીરીન, તેં મારીપર દયા નહીં કરી? શું મેં જેની પાસે પ્યારની આશા રાખીતી તેની તરફથી દયાનો

એક હરફ પણ નહીં! યા કીરતાર, મેં એવો તે શું ગુનાહ કીધોય! નસીબ માહરૂં! અએ કમબખત એરચ! નસીબ તાહરૂં! પણ સબર! ધીરજ, ધીરજ બસ ધીરજ! હું વળી ઉશકેરાઈ ગયો! મારે એમ કરવું ન જોઇયે! પણ ફકર નહીં. જે થયું તે થયું."

વાંચનાર, આવા સખુન શીરીન કેમ સાંભળી શકે? તેનું મક્કમ હૈડું હવે વધુ વાર તકી શકયું નહીં. તેની આંખમાંથી આંસુ વેહેવા માંડયાં, તે જોઇ એરચ તેની નજદીક ગયો અને ધીમેથી બોલ્યો,

"મારીથી જો મારા દુ:ખના બાહરમાં સખત બોલાઇ ગયું હોય તો મને માફ કર દીયર. મેં કંઇ તુંને—"

શીરીન એરચને વધુ બોલતો અટકાવી, તેની નજદીકથી જરા બાજુ ખસીને, પોતાની આંખમાનાં આંસુ લુછી નાખતી બોલી. "બસ! એરચ, મારી તરફથી હવે કોઈ પણ રીતની આશા રાખવી ફોકટની છે. મેહેરબાની કરીને અંહીંથી ચાલી જાઓ, ને મને વધુ કંતાલો નહીં આપો.

એરચ થોડીક પળ સુધી તો વીચારમાં ને વીચારમાં ઉભોજ રહયો, પણ પછી કાંઇ ધ્યાન આવ્યું હોય તેમ ગમગીન પણ મકકમ અવાજે બોલ્યો, "શીરીન, જેવી તારી મરજી. યાદ રાખજે કે તેં મને નાહકનો ગેરઇનસાફ કર્યો છે. પણ તું કહેય તેમ જા, હું તુંને હવેથી કંતારો આપીશ નહી. આએ આપણી છેલ્લીજ મુલાકાત જાણજે. અફસોસ કે તારી મરજી એમજ છે કે આપણે કદીબી ફરી મળયે નહીં તો તેમજ થશે. તારી આગળ હવે મારા મનમાં છે તે ખુલ્લે ખુલ્લુ કહી દેવામાં હું હવે અડચણ જોતો નથી. સાંભળ, આ મકાન કે જેમાં હું મારી બચગીથી ઉછરયો છું તે હું સદાનું છોડી જાઉંછું. તારા બાવાને આજે મારીથી મળાશે નહીં, તેથી તું તારી તરફથી એમને કેહેજે કે મારી ઉપરની તેમની ખરી માયા અને મેહેરબાનીનો બદલો વાળી આપ્યા વગર હું તેમનું મકાન છોડી જાઉંછું તે માંટે અત્યંત દલગીર છું. પણ બનતી તજવીજે ઘણો નહીં ને થોડોબી વાળી આપવાની હું કોશેશ કરીશ. ખુદા તમારો નેગેહેબાન છે ને તે તમોને સુખી રાખે! સલામ, પણ અફસોસ, છેલ્લી સલામ. ખુદા કરશે તો હવેથી હું તારા રસતામાં આવીશ નહીં, પણ હું ફરીથી કહુંછું કે હું તદન નીરદોશ છું."

એટલું બોલી એરચ શીરીનને એકલી છોડી બાગની બાહર ચાલી ગયો!

પ્રકરણ ૩૩ મું.

કોલીવાડની શેરીનો દર્દી.

કોલીવાડની શેરીના એકાદ ઘરનાં એક નાના ઓરડા તરફ આપણે આપણું ધ્યાન દોડાવશું. તે ઘર માત્ર એક મજલાનું હતું. ભોંયતળીયે એક અધેર વયની પારસી વીધવા રેહતી હતી, જ્યારે મજલાપર એક પારસી સુતારનું કુટુંબ વસતું હતું.

ભોંયતળીયેના ઓરડામાં એકાદ નાના પલંગપર એક જવાન સુતેલો માલમ પડતો હતો. તે માંદગીનું બીછાનું સેહેવતો હોય એમ તેના ફીકાસ મારી ગયલા ચેહેરાપરથી ખુલ્લું દેખાતું હતું. તેની નજદીક ઉપર કહેલી અધેર વયની સ્ત્રી બેઠી હતી. ઓરડાની વચ્ચે એક નાનકડી ટેબલ હતી જેની ઉપર દવાદારૂને લગતી સીસીઓ મુકેલી નજરે પડતી હતી. તે ઓરડો કંઇ ઘણો મોટો ન હતો, પણ તેને બહુ સ્વચ્છ હાલતમાં રાખેલો દીસતો હતો.

દરદીના નાતવાન ચેહેરાપરથી એવું માલમ પડી આવતું કે તેણે લાંબા વખતની માંદગી ભોગવેલી હોવી જોઇયે. તોપણ તે પેલી વીધવા સાથે જે પ્રકારની વાતચીત કર તો

હતો તે પરથી એમ અટકળી શકાતું હતું કે તે સુધરવાની હાલતે પોંહચ્યો હતો. તે સ્ત્રી તેને ધીરજવંતા સખુનમાં દીલાસો દેતી હતી, પણ તે પર તે જવાનનું લક્ષ જરાએ હતું નહીં; કારણ કે તે કંઇ ઘણુંજ ઉંડા વીચારના વમલમાં વીંતલાઇ ગયો હોય એમ દેખાતો હતો.

વાંચનાર સ્વાભાવીક રીતે પુછશે કે આવી જગાએ પડેલો આ અજાણ્યો દરદી કોણ હશે કે જેને માટે આપણને આટલું બોલવું પડયું ?

પણ વાંચનાર, આ કાંઇ આપણાથી અજાણ્યો શખસ નથી. એ માંદગીને બીછાને પડેલો દરદી કોઇજ નહી પણ આપણી વાર્તાનો નાયક એરચ છે.

છેલ્લાં પ્રકરણમાં બની ગયલા બનાવને લગભગ દોહડ મહીનો પસાર થઇ ગયો હતો. તે દરમ્યાન નાદીર હોલમાં જોકે કંઇબી જાણવાજોગ બનવા પામ્યું ન હતું તોપણ કમભાગ્ય એરચના બાબમાં તો એટલા વખતમાં ઘણુંક જાણવાજોગ બન્યું હતું. એવી રીતે, એરચને રૂસતીમશાહનું મકાન છોડી ગયાને દહોડ મહીનો પસાર થઇ ગયો હતો. જે દીવસે રૂસતીમશાહ સાથે તેને પંચાતી થઇ હતી તેજ દીવસથી તેનું મન ફરી ગયું હતું. જે ઘરમાં સઘળાંજ તેની વીરૂધ્ધ હોય ત્યાં વધુ વખત રેહેવું તેને દુરૂસ્ત લાગ્યું નહીં, અને તેટલામાટે બંગલો છોડી જવાનો વીચાર તો તેણે ત્યારથીજ કર્યો હતો; કારણ કે રૂસતીમશાહની તેની તરફની વર્તણુક ઉપરથી તેણે સાફ જોઇ લીધું હતું કે રૂસતીમશાહને જોઇતા ખુલાસાની ગેરહાજરીમાં બન્ને વચ્ચે પંચાતી વધતીજ જશે. પણ ઘર હમેશ માટે છોડી ગયા અગાઉ તેણે શીરીનને મળવાનો ઠેરાવ કર્યો હતો. તેના પ્રત્યે શીરીનની લાગણી કેવા પ્રકારની હતી અને ખરેખરી રીતે તે તેના માટે શું વીચાર ધરાવતી હતી તે તપાસવાનો તેણે ઠેરાવ કર્યો, અને તેને અનુસરીને તે બીજેજ દીવસ બાગમાં ગયો હતો, જ્યાં તેને શીરીન મળી હતી. પણ તે મેલાપ બંનેના બાબમાં કેવો દુ:ખભર્યો નીવડયો તે આપણે છેલ્લાં પ્રકરણમાં જોઇ ગયાં.

ઘર છોડી પ્રથમ કયાં જવું તેનો એરચે વીચાર કર્યો ન હતો. પોતા પર આવી પડેલી મુશકેલી પર વીચાર કરવામાં તે એટલો બધો તો રોકાઇ ગયો હતો કે કેઠે જવાનો કાંઇબી ચોક્કસ ઠેરાવ કર્યા વગર તે પેહેલાં તો એકાદ નાના હોટેલમાં ઉતર્યો. તે વખતે તેને લાગ્યું કે પોતાના મનની ઉશકેરાયલી હાલતને લીધે તે પોતાને કાંઇબી કામકાજમાં રોકી શકે નહી.

હોટેલમાં આંઠેક દીવસ પસાર કર્યા બાદ તેને માલમ પડયું કે એવી રીતે તેનાથી હોટેલમાં હવે વધુવાર રેહેવાય નહીં. કારણ કે તે કંઇ પૈસેપુર ન હતો, માટે હોટેલ કરતાં ઓછે ખરચે કયાં રહી શકાય તેની ગોઠવણ કરવાનો તેણે વીચાર કરયો. પણ થોડાક દીવસ સુધી તેનું કંઇ વળ્યું નહીં. પણ અંતે જ્યારે તેને જગ્યા મળી ત્યારે આ કોલીવાડની શેરીમાં ઉપલી વીધવાને ત્યાં મળી, જે તેને નાસીપાસ હાલે કબુલ કરવી પડી. કારણ કે વધારે કરવાની તેની જોગવાઇ ન હતી.

જે વીધવાને ત્યાં તે નાચારીનો માર્યો રહયો હતો તેઓ ચાંઇદોશાંને નામે ઓળખતાં હતાં. તેઓ એક આબરૂદાર બાઇ હતાં, અને પોતાની ટુંક પુંજીમાંથી પોતાનું ગુજરાન આબરૂ દરકારે ચલાવતાં હતાં.

પણ એરચને આવી જગ્યાની હવા માફક આવી નહીં. તેના ઉશકેરાયલાં મનને તાજગી બખશનારી હવાની ભારે જરૂર હતી. તેને બદલે તો તે ગીચ હવામાં આવી પડયો એટલે તેનું સ્વાભાવીક પરીણામ આવ્યા વના રહ્યું નહીં. ચાંઇદોશાંને ત્યાં આવી રહ્યાને હજુર તો તેને પુરેપાધરા બે દીવસ થયા નહીં તેટલામાં તો તે માંદગીને બીછાને પટકાયો, અને તેની માંદગી દીન પર દીન વધતીજ ગઇ, અને આખરે તેણે ગંભીર રૂપ પણ પકડયું હતું. પણ ભલાં ચાંઇદોશાં ધભરાયાં, અને તેનું કોઇ સગુંવાહલું હૈયાત છે કે નહીં

તે વીશે તેઓએ તેને આતુરતાથી પુછ્યું. આ સાંભળી એરચ મનમાં બહુ મુંજાયો હતો. ખરી રીતે જોતાં તો હવે તેની દયા ખાનારૂં આ દુન્યાંમાં કોઇ હતું નહીં. તોપણ એક છેલ્લી કોશેશ તરીકે શીરીન પર એક મોહબતવંતો પત્ર ચાંઇદોશાં પાસે લખાવ્યો હતો, અને પોતાને જોઇ જવાની તેમાં તેણે ઇચ્છા બતાવી હતી. મજલા પરના સુતારનાં કુટુંબમાંથી એકાદ માણસને એરચ આગળ રાખી ચાંઇદોશાં તે પત્ર લઇ પોતે નાદીર હોલમાં ગયાં હતાં, અને શીરીનને તે પત્ર પુગાડયો હતો. પણ તે તો સાંમી તે પત્ર વાંચી ગુસ્સે થઇ, અને ચાંઇદોશાંને કહ્યું હતું કે "હવે કંઇ હું એવાં હીલ્લાં બાહનાથી છેતરાવાની નથી." અને એમ કહી તે કાગળ તેણે ગુસ્સાભર ચાંઇદોશાં તરફ ફેંકી દીધો હતો! આવો દેખાવ જોઇ ચાંઇદોશાંએ બહુ કાલાવાલા કર્યા. એરચ કેવી ભયભરેલી રીતે દુઃખ સેહેવતો હતો તે તેઓએ અસરકારક રીતે શીરીનને સમજાવ્યું, અને તેને ફક્ત એકજવાર મળી જવાને તેઓએ તેને બહુજ કાકલુદીભરી અરજ કરી. આખરે શીરીન પીગલી ખરી, પણ રૂસતીમશાહ જેઓબી તે વખતે ત્યાં હાજર હતા તેઓએ શીરીનનો આવો વીચાર જોઇ પોતાના હુકમ વગર કંઈ પણ પગલું ન ભરવું એમ ફરમાવ્યું, અને ચાંઇદોશાંને એકદમ રૂખસદ આપી!

એવી રીતે, ભારે નાસીપાસી વચ્ચે ચાંઇદોશાંને પાછું ફરવું પડયું હતું. એરચે લખાવેલા પત્ર પરથી તેઓ શીરીનને એરચની એક ખરી બેહેન સમજતાં હતાં, અને એક બેહેનની તેના ભાઇ તરફની આવી સખ્ત અને ધાટકી વર્તણુંક જોઇ તેઓ બહુ ગુસ્સે થયાં હતાં.

શીરીન અને રૂસતીમશાહ વચ્ચે થયલી વાતચીત તેઓએ એરચને કહી, અને શીરીન જેવી કફોડા સ્વભાવની બેહેન તરફ તેઓએ સખ્ત શબ્દોમાં પોતાનો અણગમો જાહેર કર્યો હતો. આ સાંભળી દુઃખી એરચનો જીવ વધુ બેચેન થયો. શીરીનને મળવાની તેણે ઘણી આશા રાખી હતી, અને કાગલ વાંચતાનેવાર તે તેની આગળ ઝટ દોડી આવશે એમ તેણે તો ધારયું હતું. પણ તેણે જ્યારે ચાંઇદોશાંને મોંઢેથી દુઃખદાયક વાત સાંભળી ત્યારે તેની નીરાશીનો પાર ન રહયો. આટલી બધી હદ સુધી શીરીન દયારહીત હતી તેતો તેણે હવેજ જાણ્યું હતું. તોપણ, ધીરજ ધરવા સીવાય તેને વધારે લાયક રસતો સુજ પડયો નહીં, અને ખોદાપર પુર ઇતબાર રાખી સઘળી વાતનો નીરણય કરવાનું કામ તેની ડાહપણભરી મુનસફી પર છોડયું.

ત્યાર પછી, એરચના માબાપ કોણ હતાં અને શીરીન ઉપરાંત તેની કોઇ બીજીબી બેહેન હતી કે નહીં તે વીશે ચાંઇદોશાંએ જ્યારે એરચને પુછયું ત્યારેજ તેણે તેમની ભુલ ભાંજતાં જતા કહ્યું હતું કે શીરીન કાંઇ તેની ખરેખર બેહન ન હતી. આ સાંભળી ચાંઇદોશાં અજાયબ થયાં, અને એરચને શીરીન પર એક ભાઇના જેવી મોહબતથી કાગલ લખવાનો શું સબબ મળ્યો હતો તે વીશે તેઓએ તેને પુછયું. એરચે કદાચ આ વાત કોઇ બીજા આગળ ન કહી હતે. પણ તેણે આટલી ટુંક મુદ્દત દરમ્યાન ચાંઇદોશાંનો સ્વભાવ બહું સારી રીતે પારખી લીધો હતો માટે પોતાની ખરી વાતથી તેમને જાણીતાં કરવામાં તેણે કાંઇ પણ વાંધા જેવું જોયું નહીં. શીરીન તેની માશુક હતી, અને ચોક્કસ સંજોગો વચ્ચે તેણે તેની સાથે પંચાતી કરી હતી તેથી તે ઘર છોડી ગયો હતો એમ તેણે ચાંઇદોશાંને કહ્યું. સંજોગો શું બન્યા હતા તે કાંઇ એરચે તેમને કહ્યું નહીં, અને ભલાં ચાંઇદોશાંએ બી તે જાણવાની ખાહેશ દેખાડી નહીં.

ત્યાર પછી તો એરચની માંદગીમાં રફતે રફતે સુધારો થવા માંડયો હતો અને હમણાં આપણે તેને નાતવાન હાલે બીછાને પડેલો જોઇયે છીયે તે વખતે તે પોતાની માંદગીમાંથી ફારેગ થયો હતો, તોપણ તેનો ચેહેરો તદન સફેદ પુની જેવો થઇ ગયો હતો, શ-

રીર દુર્બળ અને પાટલું બની ગયું હતું અને ટુંકમાં તેના આગળા સોહામણાં અને તનદરોસ્ત દેખાવમાં મોટો ફેરફાર થઇ ગયો હતો. તે આગળો ખુબસુરત સુખી એરચ મનનાં દુઃખમાં તો વીંટળાયલોજ હતો તેમાં વળી શરીર સંબંધી દુઃખના સપાટામાં સપડાયાથી તેની હાલત ખરેજ દયા ઉપજાવનારી થઇ પડી હતી. તોપણ, તે સમજતો હતો કે હજુરથી સારાં ભાગ્યે તેને ચાંઇદોશાં જેવાં ભલાં અને અસીલ ખવાસના બાઇનો આશરો મળ્યો હતો, અને તેમના તરફથી જે રીતનો સધ્યારો અને દીલાસો તેને મળતો હતો તેથી કરીને તે પોતાનું દુઃખ થોડે ઘણે દરજ્જેથી વીસરાવવાની કોશેશ કરતો હતો.

આવી એરચની હાલત હતી.

પ્રકરણ ૩૪ મું.

અચાણક મેલાપ.

ગયાં પ્રકરણમાં આપણે જોઇ ગયાં તેમ એરચની હાલત રફતે રફતે સુધરતી જતી હતી, અને તે હવે બાહર આવજાવ પણ કરતો હતો. ચાંઇદોશાંને ત્યાં વધુવાર એમ પડી રેહેવાની તેની ઇચ્છા ન હતી, માટે તે કોઇ રીતની નોકરીના શોધમાં હતો. પણ તેનો હવે મુંબઇમાં રેહેવાનો વીચાર ન હતો. પણ મુંબઇમાં રેહેવું હવે તેને ગમતુંજ ન હતું. બાહરગામની કોઇ ચાકરી તેને વધુ પસંદ હતી. પોતાનો એ વીચાર તેણે ચાંઇદોશાં આગળ હજુર જાહેર કરયો ન હતો, પણ તેમ કરવાની તેને જલદીથી તક મળી ગઇ.

"દોશાં હું તમારો ઉપકાર કદીબી ભુલવાનો નથી." એરચ પોતાની વાત છેડવાની મતલબથી એક દીવસ ચાંઇદોશાં સાથે ઓટલે બેઠો હતો તે બોલ્યો. "તમે મને સાજો કરવા પાછળ કાંઇ થોડી મેહેનત લીધી નથી, અને મારી જીવ પટકીને માવજત કરવામાં તમે ખરેખર એક માવતરને છાજતી મોહબત બતાવી છે. પણ હવે જયારે હું ફરહર કરવા પુરતો શકતીવાન થયો છું ત્યારે તમારી પર વધુ વાર બોજો થઈ પડવાને બીલકુલ ઇચ્છતો નથી, અને તમે———

"બસ, બસ, દીકરા એરચ," દોશાં વચ્ચે બોલી ઉઠયાં, "તારૂં એવું લાંબુ ભાસન બંધ કર. એ બોજીયો એમ શું બોલેચ! બોજો શું ને વાત શું? નહીં, નહીં એમ ના બોલ. હું તો એવું ચાહુંચ કે તું મારી સાથેજ રહે."

"તમે કેવાં ભોલાં છેઓ, દોશાં." એરચ બોલ્યો, "ને તમારો ખવાસબી કેવો દયાળુ છે! અરે, મારી શીરીન એમાંની અરધીજ દયાલુ હોતે તો આજે મારી આવી હાલત થતે નહીં!" એરચની આંખમાં એટલું બોલતાં આંસુ આવી ગયાં.

"હવે સાંહજી વખત એવો હાય અફસોસ કાંએ કરેચ, દીકરા," ચાંઇદોશાં એરચને ધમકાવતાં હોય તેમ બોલ્યાં, "તુંને મેં કેટલી વખત કેહ્યું કે તારા જીવને એમ વારેઘડીયે કુહરાવ્યા ના કર. મુંઇ ગામમાં છોકરીઓની શું ખુત પરીચ. પરવરદેગાર પાસ એજ દુવા માંગની કે તું સાહજો થયો."

"અરે. તમે કેહોચ તે ખરી વાત છે. પણ પ્યાર શું ચીજ છે તે તો જેને લાગે તેજ સમજે."

"બધું ધુર ને ઢેફર." દોશાં બીજવાતમાં બોલ્યાં, "પ્યાર ને ફયાર શું કરી રહયોચ, એમ તો લેની અમે લોક કેમ પરણેલાં? એવું વેહેજું અમુને તો નહીં ઉતું જો બા. એવાં અવત્યાં માર્યાથી તો મદઇનો કાજગરો જીવ કોઈ દાહરે જતો રેહેશે. ચાલ હવે એવી બકવા છોરી દે."

"વારૂ દોશાં, જેવી તમારી મરજી પણ હવે મારૂં સમજો. મેં બાહરગામ જવાનો

પકકો ઠેરાવ કીધોચ. મુંબઇમાં રેહેવા હવે મને ગમતુંજ નથી. તેથી મને માફ કરો કે તમારી ઇચ્છા પ્રમાણે હું હવે તમારી સાથે રહી શકીશ નહી.

"વરી એમ બોલ્યો કે?" ચાંઈદોશાં ગુસ્સાભર બોલી ઉઠયાં, "આએ ઘેર કંઈ કોઇનું છે કે? તું કંઇ મને કોઇ સમજેચ? હું તો તુંને મારા દીકરા સમાન ગનુંચ."

"એ બધું ખરૂં છે, અને હું પણ તમોને મારી માવતર તરીકે લેખુંચ. તોપણ હું મારો ઠેરાવ ફેરવી શકીશ નહીં. તમારી સાથે રહયામાં મને કોઇ પણ રીતની અડચણ નથી પણ અંહીં રહયાથી મારૂં દુઃખ સામુ વધી જશે."

"જેવી તારી મરજી, બા, ને જાંહ રેહે તાંહ સુખી રેહજે."

એરચ કાંઈ આગળ બોલવા જતો હતો. તેવામાં તેની નજર મોહલામાંથી પસાર થતા એક શખસ પર પડી, અને તેને જોતાંવાર તે અજાયબ થઇ ચોંકયો!

"એ કોણ એરચ! અહીં કયાંથી?" એટલું બોલી પેલો શખસ એકદમ ઉભો રહી ગયો.

"હા જાંહગીર, આવે વખતે તુંને આવા મોહલામાંથી પસાર થવાનો શું સબબ?" એરચે અચરત થઇ પુછયું.

અને વાંચનારે જોઇ લીધું હશે કે આ શખસ કોઇજ નહીં પણ એરચની ઓળખાણનો જાંહગીર પારખ હતો.

"મને કારણ મળ્યું તેથીજ હું અહીં આવ્યોચ." જાંહગીર બોલ્યો. અને તેને તે શેરીમાં શું કામસર આવવું પડયું હતું તે તેણે એરચને ટુંકમાં કહ્યું. તેના ઘરનો કારભારી પેસ્તનજી પસતાકયા એકાએક માંદો પડી ગયો હતો. તેને જોવા તેને તે શેરીમાં આવવું પડયું હતું જ્યાંથી પાછું ફરતાં એરચની ઉપર તેની ઓચીંતી નજર પડી ગઇ હતી.

"પણ બોલ ભાઇ, તું કેમ આવી જગ્યાએ આવી પડયો? અને તારૂં મોહ એટલું બધું ઉતરી શાંનું ગયુંચ?" જાંહગીરે પુછયું.

"અરે બાવા, એનો તો મરૂં નવો જનમ થયો." એરચ કંઈ બોલવા જાય તે અગાઉ ચાંઇદોશાંજ બોલી ઉઠયાં. "એ તો કંઇ ખોદાએજ એની પર જોયું, નહીં તો કે એની મદદને કંઇ નવું જુનું થતાં વાર નહીં લાગતે તો."

"તમારા બોલવા પરથી હું એમ અટકલી શકું, દોશાં," જાંહગીર બોલ્યો કે "એરચ ઘણો માંદો પડેલો હોવો જોઇયે. પણ વારૂં, તમે એના કોણ થાએચ?"

"જાંહગીર, મને આ પારકી જગ્યાએ ન ધારેલો જોઇ તું અજબ થાય તે બનવા જોગ છે. પણ ચોક્કસ સંજોગોને લીધે મને નાંદીર હોલ સદાનો છોડવો પડયોચ એટલુંજ જાણવું તુંને હાલ તરત બસ થઇ પડશે. તે બનાવને આજે લગભગ દહોડ મહીનો થવા આયોચ, અને તે દરમ્યાન મારી તનદરોસ્તીમાં તું જોએચ તેવો ફેરફાર થવા પામ્યોચ. તોપણ, મારાં દુઃખમાં મને કોઈ પણ દીલાસો દેનારૂં હોય તો તે આ તારી સામે બેઠેલાં દોશાં છે. એઓ ગરીબ છે, પણ દયાળુ અને આબરૂદાર છે. એઓએ મારી ભયભીત માંદગી દરમ્યાન જીવ પટકીને મારી એવી તો માવજત કરી છે કે જીવીશ ત્યાં સુધી એમનો ઉપકાર હું ભુલીશ નહીં. એ દોશાંની મદદ મને જો જરૂર વખતે નહીં મળી હોત તો કદાચ અત્યારે તું મને જીવતો જોવા પામતે બી નહીં." એરચ ચાંઇદોશાંની યોગ્ય તારીફ કરતાં બોલ્યો.

"ખરેખર; ત્યારે તો આએ અશરાફ દોશાં તુંને બહુજ મદદ લાગાં. અરે, પણ તારા જેવાને જરૂરની વખતે મદદ કરવા ના કોણ કેહે? અને તમો માયાળુ દોશાંએ," હવે જાંહગીર એરચ તરફથી દોશાં તરફ ફરી બોલ્યો, "એની જે રીતની માવજત કીધીચ તે બદલ હું તમારો ઉપકાર માનુંચ, અને ખોદા તમારી એ ભલાઇનો બદલો વાળી આપે એવી મારી દુવા છે."

"પણ બાવા મરી જાઉં, તમે એરચના કોઇ ભઇ થાઓચ કે?" ચાંઇદોશાંએ ઉલટમાં આવી પુછ્યું.

"જોકે એ મારો સગો ભાઇ નથી તોપણ આજ કેટલું થયું હું એને મારા એક ભાઇ તરીકેજ ધણુંચ." જાંહગીર બોલ્યો.

"ખરેખર દોશાં એ મારા ભાઇ જેવો છે ને એમનું નામ જાંહગીર પારખ છે." એરચ બોલ્યો.

"તો જોવો મરૂં બાવા જાંહગીર પારખ, એને જરા સમજાવો કે એ મુંબઇમાંજ રેહે. એ મારી આગલ હમનાંજ કેહેતો તો કે બાહરગામ જાઉંચ. હું એની સામે થતીતી તેવામાં તો તમે મરૂં આવી પોંહચ્યા."

"કાંએ વારૂ એરચ, બાહરગામ જવાની શું જરૂર છે? ને વરી એક રીતે જોતાં તારી ચાલ માટે મને મોટો ગુસ્સો ઉપજેચ. તું નાદીર હોલ છોડયા પછી મારેજ બંગલે કાંએ નહીં આવ્યો? હું શું તારાથી અજાણ્યો હતો? તેં શું મારી પર કંઇ થોડો ઉપકાર કીધોચ?" જાંહગીરની ભલી લાગણીઓએ અંહીંયા ઉભરો કર્યો.

પણ ભલા જાંહગીરને કયાંથી ખબર હોય કે તેની પર એરચે ઉપકાર કર્યાથી તો તે બીચારાને સીધી રીતે કે આડકતરી રીતે,— કોઇપણ રીતે આટલું બધું ખમવું પડયું હતું?

"તારી ભલાઇ માટે હું તારો ઉપકાર માનુંચ તોપણ હું તારે ત્યાં નહીં આવ્યો તેથી શું આપણી મીત્રાચારીમાં સેહેજબી ધટાડો થનાર છે? તેં આજે મને આટલી બધી મોહબતથી કહ્યું એટલે તારે ત્યાંજ રેહેવા બરાબર સંતોશ મને મળી ચુકોચ."

"પણ વારૂ, હવે તું બહારગામ શું કરવા જવા માંગેચ?" જાંહગીરે પુછ્યું.

"કારણ કે મને મુંબઇમાં વધુ વાર રેહેવું હવે ગમતું નથી. હું ચોક્કસ સબબોસર દુઃખી થયોચ, જે કહી હું તારૂં દીલ સાસું દુઃખવવા માંગતો નથી.

"નહીં. તું મારે ત્યાં આવીને રેહે તો ઠીક. આજને આજ તું મારે બંગલે ચાલ, પછીથી સૌ થઇ રેહેશે."

"હું તારી ભલી માંગણી ઉપકાર સહીત ના પાડું છું ભાઇ, કારણ કે આટલો બધો વખત આ ભલાં દોશાંને ત્યાં રહયા પછી તે મને છોડી દઈ તારે ત્યાં આવવા હું ઇચ્છતો નથી. તોપણ તારે ખાતરી રાખવી કે હું મુંબઇમાં જ્યાં સુધી છું ત્યાં સુધી તો અવારનવાર તારે બંગલે આવતો રહીશ. પણ બાહરગામ ઉપડી જવા આગમચ તો હું આ દોશાનું ઘર છોડી બીજે કોઇ પણ ઠેકાણે જનાર નથી." એરચ મક્કમ અવાજે બોલ્યો. અને જાંહગીરે પણ તેના બોલવાનું વાજબીપણું મનમાંજ સ્વીકારયું. જરૂરની વખતે તેને જે સાહય થયું હતું તેને છોડી વધારે સગવડમાં આવી રેહેવાની એરચે ઉપકાર સહીત ના પાડી તે જોઇ જાંહગીર તો એક રીતે ખુશી થયો. તોપણ, બીજા હાથ પર તેને એમ લાગ્યું કે હવે જ્યારે એરચ ભયભીત માંદગીમાંથી સારાં ભાગ્યે સારો થયો ત્યારે તેને પાછો તનદરોસ્તીમાં લાવવા માટે કોલીવાડની શેરીની હવા તો ખચીતજ તેને બીલકુલ માફક આવી શકે નહીં.

"જેવી તારી ખુશી ભાઇ, તોપણ તારી હાલની નાતવાન હાલત ધ્યાનમાં લેતાં મને તો એમ લાગેચ કે આ લત્તાની હવા તુંને પાછો જલદીથી સાજો કરવામાં જરાએ કામ લાગશે નહીં."

"હવે એ તો મારા નસીબની વાત. મારે લીધે તું નાહેકનો ચીંતાતુર બનેચ એવું હું મુદ્દલ ઇચ્છતો નથી."

"ત્યારે તો હું દલગીર છું ભાઇ, કે તું મારી માંગણી કબુલ રાખતો નથી. તોપણ હવે તું મારે બંગલે ક્યારે આવશે તે તો કેહ." જાંહગીરે હોંસભર પુછ્યું.

"તું ફકર ના કર. હું આવશ. મારીપર તારી મેહેરબાની છે એજ ધણું છે."

"ચાલ ભાઇ ત્યારે હું હવે તારી રજા ચાહુંચ." એટલું બોલી જાંહગીર એરચથી છુટો પડયો.

પ્રકરણ ૩૫ મું.

મુંબઇ તરફ અનગમો.

બીજો એક મહિનો પસાર થયો. તે દરમ્યાન એરચની તનદરોસ્તીમાં ઠીક સુધારો થતો ચાલ્યો હતો. તે હવે સેહેલાઇથી બાહર આવજાવ કરતો હતો, અને જાંહગીર પારખને ત્યાં પણ પોતે આપેલી કબુલાત મુજબ અવારનવાર જતો હતો. એવી રીતે જોતાં તેની તનદરોસ્તીમાં જોકે સંતોશ ઉપજાવનારો ફેરફાર થતો જતો હતો પણ તે પરથી વાંચનારે એમ ન ધારવું કે તેણે પોતાની અસલ તાકાટ અને જોર પાછું મેળવ્યું હતું. એક મહીનો અગાઉ તેને આપણે જેવી નાતવાન હાલતમાં દીઠો હતો તેવીજ હાલતમાં જોકે તે હજુર સુધી હતો નહીં તોપણ તેનો ચેહેરો ગળાયલો અને સુકાઇ ગયલો જેવોજ માલુમ પડતો હતો. તે છતાંબી એરચને તેની દરકાર હતીજ નહીં; કારણ કે આપણે જાણયે છીયે તેમ તેનું મનનું દુઃખ એટલું તો મોહુ હતું કે તે શરીર સંબંધી કોઇબી દુઃખની જરાએ દરકાર ન કરે એ સ્વાભાવીકજ હતું. વાંચનારે ખાસ કરી જાણવું કે તેનું મન અસલના જેવીજ અસ્થીર અને બેચેન હાલતમાં હતું. તેના શરીરને જોકે રાહત મળી હતી તોપણ તેના દીલને શાંતી સેહેજબી હતી નહીં. અફસોસ કે તે હંમેશાં શીરીન અને શીરીનનોજ વીચાર કર્યા કરતો હતો, અને તેની મુર્તી તેના ખ્યાલમાંથી કદીબી ખસતી ન હતી. હા વાંચનાર! જે પ્રીયાને તેણે ખરી મોહબતથી ચાહી હતી અને હજુર સુધી ચાહતો હતો, જેની સાથે તેણે ઘણુંક દીવસો સુખમાં પસાર કર્યા હતા, જેની સાથે હેતવંતી વાતો કરવામાં તે મોજ લેતો હતો, અને જેને પોતાનું દીલ અર્પણ કરી ભરૂશો રાખી બેઠો હતો તેજ પ્રીયા, હા, તેજ શીરીને તેનીપર ખોટી રીતે વેહેમાઇ, ગેરવાજબી શક લઇ જઇ વગર દયાએ પોતાના દીલથી સદાનો દુર કર્યો હતો, તેજ માશુક તેને હંમેશનો વીસારી બેઠી હતી, અને તેજ તેની દીલે દીલદાર તેની ભયભીત માંદગી દરમ્યાન તેને એક પળ જોવા પણ ન આવી હતી,—આવા વીચારનું જ્યારે કમનસીબ એરચને ભાન થતું ત્યારે તે હદબાહર દુઃખી થઇ જતો હતો. આટલાં ભારે દુઃખની સામે પોતે શી રીતે ટકી શકવા પામ્યો હશે તેના ભારી બોજા હેઠળ કચડાઇ એકદમ મરી કાં ન ગયો હશે એ તેની મોટી અજાયબી હતી! અને આવી દુઃખદાયક લાગણીઓનો ઉભરો જે માણુસના મનમાં વારંવાર થયા કરે તે માણુસ શરીર સંબંધી આપદાની સેહેજબી દરકાર ન કરે બલકે તેને દુઃખની વેદના વટીક ખમવી ન પડે તેમાં કંઇબી નવાઇ નહીં. અને અફસોસ! આપણા ગરીબ બીચારા એરચના બાબમાંબી તેમજ બનવા પામ્યું હતું! તોપણ એરચ હીંમતવાન અને ધીરજવંત હતો, અને શીરીનની જુદાઇનો ગમ તેણે ખમ્યો હતો તેમાં તેણે પુરતી સબુરી અને હીંમત રાખી હતી.

આખરે લાહોર ખાતેની એક શ્રીમંત વેપારીની પેહેડીપર તેને એક સાધારણ ગુમાસ્તાની જગ્યા મળી. મુંબઇમાં તે જો નોકરી મેળવવા માંગતે તો તેને સેહેલાઇથી મળી શકતે. પણ આપણે જાણયે છીએ તેમ તેને હવે મુંબઇમાં રહેવું જરાએ ગમતું ન હતું, અને તેટલા થકીજ તે છેક દુર લાહોર સુધીબી જવા ખુશીથી તૈયાર થયો.

એ વીશેની ખબર તેણે માત્ર જાંહગીર અને ચાંઇદોશાનેજ કરી હતી. એરચના ઓળખાણ પીછાણના બીજા કોઇને પણ એ વીશેની ખબર હતી નહીં. નશરવાનજી બેલાપટેલ જેઓને એરચ સાથે ચોક્કસ સંજોગો વચ્ચે ઓળખાણ થયલી આપણે જોઇ આવ્યાં છઇએ તેઓ વટીક એ વાતથી અજાણા હતા. એરચ પોતાની ભયંકર માંદગીમાંથી ફારેગ થયા પછી તેમને ત્યાં અવારનવાર જતો હતો, અને તે

દરમ્યાન તેની પેહેલી મુલાકાત વખતે નશરવાનજી અને તેમની બેટી ગુલ તેનો નખાઇ ગયલો ચેહેરો જોઇ બહુ અજાયબ થયાં હતાં, અને તેનું કારણ પુછતાં જે વારે તેઓને માલમ પડયું કે તે એક ભયભરેલી માંદગીમાંથી પસાર થયો હતો ત્યારે તેઓ બંને ઘણાં દીલગીર થયાં હતાં. પણ એરચે તે વખતે પોતાના મનની વાત તો બાહર પાડીજ નહીં. તે વીશેનો, યાને પોતે ચોક્કસ સંજોગો વચ્ચે રૂસતીમશાહનો બંગલો હંમેશ માટે છોડી આવ્યો હતો, તે વીશે તેણે લાહોર ઉપડી જવાની બે દીવસ આગમચ જ્યારે તે નશરવાનજીની છેલ્લી મુલાકાતે ગયો ત્યારેજ તેમને જાણીતા કર્યા હતા. પણ તેવું પગલું ભરવાના કારણમાં પોતાનો ખરો ભેદ કેહેવાની તેણે સાફ ના પાડી હતી અને પોતે કીયે ગામ ઉપડી જતો હતો તે વીશેબી તેણે તેઓને અજાણ્યાજ રાખ્યા. છેલ્લે, નશરવાનજીએ એરચને કોઇ પણ રીતની મદદ કરવાની પોતાની ઇચ્છા જણાવી હતી. પણ એરચે તે ઉપકાર સહીત ના પાડી હતી. તોપણ જરૂરની વખતે તેમની એ મેહેરબાની ખુશીથી સ્વીકારવાને કબુલ કરયું હતું.

એરચે હવે લાહોર ઉપડી જવાની બનતી ઉતાવળે તૈયારી કરવા માંડી. જાંહગીર પારખ કને નાણાંની મદદ લેવાની તેને ફરજ પડી હતી. અને મુંબઇ છોડી જવાની આગમચ પોતાના મનની સઘળી વાતથી તેને વાકેફ કરવાનું તેણે દરૂસ્ત વીચારયું હતું. જાંહગીરે જ્યારે દીલ ખોલીને પોતાની સઘળી વાત કહી દીધી હતી ત્યારે પોતાના ભેદથી તેને સદંતર અજાણો રાખવામાં એરચે ડાહપણભર્યું ધારયું નહીં. અને જાંહગીરે જ્યારે એરચની સઘળી વીગતો જાણી લીધી ત્યારે તેણે ભારે દીલગીરી સાથે દુઃખ એટલામાટે ઉપજ્યું કે પોતાને અને પોતાની બેહેનને માટે એરચને આટલું બધું ખમવું પડતું હતું. એરચના આ ખુલાસાથી તેના ઉમદા સ્વભાવનો અને મોટાં મનનો જાંહગીરને આ આબાદ પુરાવો મળ્યો હતો. તોપણ જાંહગીરે પોતાનો વીચાર જણાવ્યો હતો. કે એ વાતનો ખુલાસો રૂસતીમશાહ આગળ કરવામાં કોઇ રીતની અડચણ હતી નહીં. તેના જવાબમાં એરચ બોલ્યો હતો કે, "એ વાતનો ખુલાસો જો મને ચોક્કસ સંજોગ નહીં નડતે તો હું જરૂર રૂસ્તીમશાહ નજદીક કરી દેતે, અને તેમ થતે તો આજે હું આવી હાલતે પોંહચતે નહીં, તો મારૂં દીલ તુટી જતે નહીં ને હું મારી દીલદાર સદાની બોહી બેસતે નહીં. પણ ખયર હું એમાં કોઇનોબી કસુર જોતો નથી અને કોઈનેબી ઠપકો આપવા માંગતો નથી. એ તો મારા કીસમતની વાત બની ગઈ તે બની ગઇ. તોપણ જાંહગીર, યાદ રાખ, હું તુંને એટલી તાકીદ કરવાની હીંમત કરૂં છું કે એ તારાં કુટુંબનો ભેદ તારે કદીબી બાહર પાડવો નહીં. એની અંદર બહુ અજાયબ જેવો ભરમ સમાયલો છે તે વાત મેં અત્યાર અગાઉની જાણી લીધી છે, અને તેટલામાટે જ્યાં સુધી તારી કમનસીબ બેહેનને મળી તેને મોંઢેથી સઘળી હકીકત આપણે જાણયે નહીં ત્યાં સુધી એ ભેદ બાહર પાડી શકાય નહીં."

અને એરચના ઉપર મુજબના જવાબથી જાંહગીરથી કાંઈ આગળ બોલી શકાયું નહતુ પણ એરચના મનની ફીકર કોણ જાણે શું હશે!

એરચ લાહોર ખાતે કોણને ત્યાં ઉતરનાર હતો તે વીશે તેણે જાંહગીરને જણાવ્યું હતું તેણે પોતાનું હાલનું નામ—એરચ રૂસતીમશાહ હીરામાણેક બદલી "એરચ નાદીરશાહ"નું ટુકું નામ ધારણ કર્યું, અને તેજ નામ જાંહગીરને આપી ગયો હતો. તેની આગમચનું નામ જાંહગીરને ખબર ન હતું.

ટુકમાં લાહોર ખાતે ઉપડી જવાનો ઠેરવેલો દીવસ આવી પુગ્યો. મુંબઈ કે જ્યાં તેણે પોતાની જીંદગીનાં આટલાં વરસ સુખ વચ્ચે પસાર કર્યાં હતાં તે સદાનું છોડી જતાં તેને ભારી તો લાગ્યું ખરૂં. ચાંઇ દોશાં અને જાંહગીર પારખ તેને સ્તેશન પર વળાવા ગયા હતાં, અને તેને એવી રીતે મુંબઈ છોડી જતો જોઈ તેઓ અત્યંત દલગીર થયાં. ચાંઈ દોશાં

એરચને અવારનવાર કાગળ લખતો રેહેવાને પુરતી તાકીદ કરી હતી અને જતી વખતે તેને પોતા તરફથી કેટલીક નવાઈની ચીજો ભેટ કરી હતી કે જેમાંની એક ચોક્કસ ચીજ તેને આગળ ચાલતાં કેવી ખપમાં આવેછે તે આપણે હવે પછી જોઈશું.

એવી રીતે એરચ તે બંન્ને મીત્રોની ભલી દુવાઓ વચ્ચે મુંબઈ છોડી ગયો.

પ્રકરણ ૩૬ મું.

વધુ બગડયો !

Hypocrisy is the necessary burden of villainy.—*Dr. Johnson.*

એરચ તેમનો બંગલો જાથુકનો છોડી ગયો તેથી રૂસ્તીમશાહ સેહેજબી દલગીર થયા નહીં. તેઓ જાણતા હતા કે તે પોતાની રાજી ખુશીથી ઘર છોડી ગયો હતો, અને નહીં કે તેઓએ તેને તેમ કરવાની ફરજ પાડી હતી. તોપણ તેમને એરચની ચાલ માટે મોટો અફ્સોસ છુટયો. તેમને મનથી તે નીમકહરામ નીવડયો હતો. જેને પેહેલાંથી પાળીપોશી મોટો કર્યો તેજ તેમને જરાને માટે નાફરમાન નીવડી ચાલી ગયો તેથી તેમની લાગણીઓ બહુ દુઃખાઇ. તોપણ તેમને મનસે એક ધીરજ હતી. એરચ જેવો બદ ચાલનો અને હતીલો 'પોરયો' તેમના અને તેમની બેટી શીરીનના માર્ગમાંથી દુર થયો હતો તે બનાવ તેમને મનસે ખુશી થવા જોગ હતો. એવી રીતે જોતાં, એક રીતે જ્યારે તેઓ એરચ સામે તેની નીમકહરામી માટે ખફા થયા હતા, ત્યારે બીજી રીતે, તેમની બેટી તેના જેવાને હાથ જતી સેહેજમાં બચી ગઇ તે જોઇ તેમને ભારે સંતોષ ઉપજયો. આ રીતે જોતાં, રૂસતીમશાહના મનની હાલત આવી હતી.

પણ વાંચનાર, શું શીરીનનીબી હાલત તેવીજ હતી ? ના. એરચ તેને બેવફા નીવડી ચાલી ગયો હતો એમ તે જોકે માનતી હતી અને બીજી સ્ત્રીઓના ફંદમાં તે પડયો હતો એમબી તેણે જોકે ધારી લીધું હતું, તોપણ તે પોતાના આશક તરફનો અસલનો ભીતરનો પ્યાર કાંઇ એકદમ ભુલી ગઇ હોય એમ દેખાતી ન હોતી. એરચના ગયાથી તે દુઃખી થઈ હતી, અને તે કમનસીબે એવું માનતી હતી કે વાંક સઘળો એરચનોજ હતો તે છતાં તે સામો ઢોંગ કરીને તેને તજી ગયો હતો. અને તેથી કરીને તેનાં દુઃખમાં હદબાહર વધારો થઇ પડયો હતો.

પણ પ્રીય વાંચનાર, એરચના ગયાથી જો નાદીર હોલમાં કોઇનેબી સૌથી વધુ ફાયદો થયો હોય તો તે પેસીને હતો. એરચના અચાનક બંગલો છોડી જવાની જેવી તેને ખબર પડી કે તે ખુશ થઇ ગયો, અને જ્યારે તેણે વધુ એમ જાણ્યું કે તે શીરીન અને રૂસતીમશાહ જોડે ટંટો કરી ગયો હતો ત્યારે તો તેની ખુશાલી બેવડી થઇ. અને એમ થયાથી આપણને કાંઇ અજાયબી લાગતી નથી. બેલાપટેલની ગુલને પોતાના હાથમાં આવતી છટકાવી દેવામાં એરચ આડે આવ્યો હતો તે માટે તેનાપર વેર લેવાને તો તે ક્યારનો તપીજ રહયો હતો. અને તેવું વેર લેવાને કામે લાગે એવા સંજોગે તેના નસીબ જોગે હમણાંજ બનવા પામ્યા હતા. એરચ પેલી ચોક્કસ રાતે ક્યાં ગયો હતો તે બાબે ભોલી શીરીનના કાન ભરવામાં તેણે કેવી યુકતીથી કામ લીધું હતું તે વાંચનાર જાણે છે. અને તેજ ભોલવણીનું પરીણામ આવું ફતેહમંદ નીવડયું તે જોઇ લુચ્ચા પેસીને મનસે તો તેના વેરનો મોટો ભાગ વળી ગયલો લાગ્યો. એરચ રૂસતીમશાહની નજરમાં હલકો પડયો એટલે અલબત તેમની મેહેરબાની પોતાપર ઉતરવીજ જોઇયે એમ તેણે ધારયું. અને વળી એરચ

તેના માર્ગમાંથી સદાનો દુર થયો હતો એટલે તેને મનસે શીરીનને પોતાને હાથ કરવાનું કામ સેહેલ લાગ્યું. પણ તે જાણતો હતો કે તેમ કરવામાંથી કાંઇ યુકતીનો ઉપ્યોગ તો કરવોજ પડવાનો. અને તે એકે પોતે પોતાની ચાલ ચલણને તદનજ જુદાં રૂપમાં બદલી ન નાખે ત્યાં સુધી રૂસતીમશાહ અને તેમની બેટીની નજરમાં તે લાયક દેખાયજ નહીં. અને અજબ જેવું છે કે તેણે પોતાની આગળી ટેવો મોટે ભાગે છોડી દીધી હતી, અને તેમ કરી તે પોતાના મામાની પસદંગી પોતા તરફ ખેંચી લેવાને કોશેશ કરતો હતો.

હવે રૂસતીમશાહ પોતાનાં આ નામીચા ભાણેજ માટે કેવી રીતનું મત ધરાવતા હતા તે આપણે જાણવું જોઇએ. તેમને તેના વીશે ખરાબ વીચાર બાંધવાનું આજ સુધી એકે કારણ મળ્યું ન હતું. તોપણ, પેસી એક મોજીલો અને બેદરકાર જવાન હતો તે તેઓ સારીપેઠે જાણતા હતા, અને તેની એવી અનીયમીત ટેવો મુકાવી દેવાને તેઓ ઘણાં આતુર હતા.

અને તેવી આતુરતાનું પરીણામ આવું આવકારદાયક આવેલું જોઇને તેઓ બહુ ખુશી થયા, યાને પેસીની ચાલચલણમાં આવો અજાયબ જેવો ફેરફાર થયલો જોઇ તેઓ નેહાયત આનંદ પામ્યાં, પણ તેમ કરવામાં પેસીની અંદરખાનેથી શું મતલબ હતી તે વાશેનો એક ઝાંખો ખ્યાલ વરીક તેમના મનમાં દાખલ થવા પામ્યો નહીં.

પેસીમાં થયલો એ જાણવાજોગ ફેરફાર રૂસતીમશાહે છેલ્લા થોડા વખતનાં અરસામાં જોયો હતો, અને આગળ ચાલતાં રખે તે પોતાની બુરી ટેવોથી ખાનદાનનું નામ દુબાડે તે સંબંધી તેમની ધાસ્તી હવે મોટે દરજ્જે દુર થઇ, અને એરચની ચાલથી તેમને જે દુઃખ થયું હતું તે પેસીની હવે રીતસરની વર્તણુંકથી ગુમ થઈ ગયું.

એવી રીતે પેસીને સુધરી ગયલો જોઇ તેને કોઈ પણ રીતનાં ધંધામાં નાખવાનો રૂસતીમશાહ શેઠે વીચાર કરવા માંડયો હતો, અને તેના પરીણામમાં તેઓએ તેને પોતાનીજ પેઢીમાં એક સારી જેવી જગ્યા આપી હતી.

એવી રીતે મતલબી પેસી પોતાના મામાની પેઢીપર દાસવા પામ્યો, અને શરૂઆતમાં તેને જેટલો અખત્યાર મળ્યો હતો તેમાં રૂસતીમશાહ રફતે રફતે વધારો કરતાજ ગયા તે એટલે સુધી કે મુંબઇની પેહેડીનો તેને આખરે તેઓએ વડો મુનીમ બનાવ્યો હતો.

એ રીતે જોતાં પેહેડીનો સઘળો કારભાર તેનાં હાથમાં દીનપર દીન આવતો ગયો, અને તે વળી ધીરે ધીરે વેપારી કુનેહ કળાને લગતી બાહોશીબી બતાવતો ગયો એટલે રૂસતીમશાહે કુલ્લે કારભારની અખત્યારી તેનીજ મુનસફીપર છોડવાનું દરૂસ્ત વીચારયું હતું. અને પેસીએબી તેવી સત્તાનો પુરેપુરો ઉપ્યોગ કર્યો હતો, અને આગળાં જુનાં માણસોને તે કાંઇ ને કાંઇ વાંકમાં લાવી ખેરવતો ગયો અને તેઓને બદલે પોતાની મરજીનાં નવાં માણસો રાખતો ગયો.

પ્રકરણ ૩૭ મું.

બગડેલ પરથી એકદમ સુધરેલ!

એ પ્રમાણે પેસીને ન ધારેલો સુધરી ગયલો જોઇ રૂસતીમશાહ બહુ સંતોશ પામ્યા હતા, અને પેહેડીનો વહીવટ તેને ચાલાકીથી ચલાવતો જોઇ તેઓ અતી આનંદ પામ્યા હતા અને તેની હુસ્યારી માટે તેઓ તેને વખતો વખત ધન્યવાદ આપતા રેહેતા હતા.

પણ રૂસતીમશાહે એક બગડેલ પરથી સુધરેલ આદમી પર ઉતાવળે એતબાર મુકી

દીધો હતો. તેઓ તેની મતલબી યુકતીથી ભોલવાઇ ગયા હતા, અને તેનું પરીણામ કેવું આવશે તે જાણવા માટે આપણને થોભવું પડશે.

રવીવારનો ખુશનુમા દીવસ હતો. રૂસતીમશાહ દીવાનખાનામાં કાંઇ ખુશખ્યાલમાં મશગુલ થયલા માલમ પડતા હતા. તેઓએ પેસી પર હવે બહુ મોટી આશા બાંધી હતી, અને તેને આગળ ચાલતાં એક અનુભવી વેપારી તરીકે ઉગી નીકળેલો જોવાને તેઓ બહુ ખાહેશમંદ હતા.

એવા ખુશ વીચારમાં તેઓ બેઠા હતા કે રતનફુઇ ત્યાં આવી લાગ્યાં.

"ચાલોની ભાઇ, નાસ્તો તૈયાર છે. એમ અહીં એકલા બેસી શું વીચાર કરોછ?" ફુઇએ પુછયું.

"ચાલો આવુંચ પણ તમે હમણાં અંહી આવ્યાં તે સારૂંજ થયું, કારણ કે મારે તમારી સાથે કંઇ વાત કરવી છે. જરા બેસો, બેહેન પછી ધીરે રહીને જઇયે."

"ચાલો બોલો, તમોને શું કેહેવુંચ." રતનફુઇ એકાદ ખુરશી પર પોતાની બેઠક લેતાં બોલ્યાં.

"જુઓની બેહેન, મારે તો તમોને આપણી શીરીન વીશે બે બોલ કેહેવાચ. મને લાગેચ કે એ દાહરે દાહરે બહુજ ઉદાસ થતી જાયચ, અને વળી હમણાં એની ઉમર બી કંઇ નાહની નહીં કેહેવાએ તેથી એ કુમારી પડી રેહે તે ઠીક નહીં. મારી નજગે નજર એને કોઇ સારે જેવે ઠેકાણે ગોઠવાઇ ગયલી જોવાની મારી ખાહેશ છે. અને તે હું—"

"હારે મરૂં, ભલાઇ સૌને. હું બી—"

"સબર કરો બેહેન, મને પુરેપુરૂં બોલવા દો," રૂસતીમશાહ રતનફુઇને વધુ બોલતાં અટકાવી બોલ્યા, "મારી તો એવી મરજી છે કે એનું આપરા પેસી સાથે ગોઠવાય તો સારૂં, કારણ કે પેસીને હમણા તદન સુધરી ગયલો જોઇ હું ઘણો ખુશી છું. શીરીંનના હાથ માટે મને તો એજ લાયક લાગેચ ને એના—"

"ઓ હારે ભાઇ, મારૂંબી એમજ કેહેવાનું કે—" રતનફુઇ અંહીં એકાએક ખુશાલીમાં આવી બોલી ઉઠયાં, પણ રૂસતીમશાહ વળી તેમને ફરીથી અટકાવી બોલ્યા, "બેહેન જરા ધીરજ ધરો. હું ફરીથી કેહુંચ કે મને પુરેપુરો સાંભળી લેઓ. જુઓ. પેસી સીવાએ બીજો કોઇ મારા ધ્યાનમાં આવતો નથી. અને વરી એવી રીતની ગોઠવણ થયાથી મને બે લાભ થશે. એક તો શીરીન મારી નજરની આગલજ રેહેશે, અને બીજું તો એ કે મારી સઘળી દોલત પારકે હાથે જતી બનચશે ને વરી તેની મનમાનતી વયવસથા પેસીજ કરશે તેથી મને બેવડો ફાયદો થશે. એ વીશે તમારૂં મત શું છે? તમારા ધ્યાનમાં એ વાત કેમ ઉતરેચ? ચાલો જોઉં, હવે બોલો."

"હારે બાવા, હું તો તમુને અગાઉથીજ એમ કેહેતી આવેલી કે" રતનફુઇ જાણે ભાશણ કરતાં હોય તે ઢબે બોલવા લાગ્યાં, "મારા પેસીના બાહરનાં દેખાવ પરથી ભુલવું નહીં. એ તો મરૂં એવો સાન સલુકવાલો કે જાને નીચેથી ઉપર જોતાં શરમાય. પણ મરે એના પેલા દોસદારોનું તે ખોદા શું ભલું કરશે તે મરે તે લોકોની સીસોતીમાં જઇ જઇને એ બધો બગરી આયો. પણ કેહું જે મેં તો એને પછીથી એવો લઇ નાખ્યો કે શું કેહું ભાઇ તે તે દારાથી તો એ તદન સુધરી ગીયો, ને તમેબી તો હવે જોયુંને ખાતરી કીધી કે એ કેવો સ્યાનપતવાલો થઇ ગીયોચ. એનાં તાર પછીથી તો કેટલાં કેટલાં માંગાં આયાતાં તે મેં બધાં પાછાં વારયાં. તેનુંબી કારણ શું? તે એજ કે મારોબી વીચાર તમુંને મલતોજ આવતો હતો. વારૂં કેમ ભાઇ મે પેસીનાં માંગા પાછા વારયાં તે ઠીક કીધું કેની?" અને અંહીં રતનફુઇએ પોતાનું બોલવું મોટી ખુશાલી વચ્ચે પુરૂં કીધું. તેઓ તો પેસીની તારીફમાં હજીએ વધુ બોલતે, પણ રૂસતીમશાહ તરતજ બોલ્યા.

"એ તો બધું હું જાણુંચ બેહેન, મને વધારે કહીને શું કેહોચ પણ વારૂ પેસીની મરજી ખરી કે? મેં તમોને મુખ્ય બાબદ વીશે પુછવા ધારયું હતું તે એજ છે."

"અરે હારે મરં એવી હીરા જેવી છોકરી મુકીને વરી કાંહ જાએ? પણ શું એને તમુને નાબા કહયું કે? તેમ હોય તો એ શું કરેચ?"

"નહીંરે બેહેન, તમેબી એમ વગર સમજણનું શું બોલોચ? મેં પેસીને એ વીશે હજુર સુધી કાંઈ પુછયુંજ નથી." પણ રૂસતીમશાહ એટલું બોલી રહયા કે દીવાનખાનામાં પેસી દાખલ થયો.

"ચાલોની ફુઇ, તમે મામાને તેરવા આયાં તે બેસીજ રહેયાં કે?"

"અરે હા ખરા બેહેન, વાતમાં ને વાતવાતમાં ચાહે પીવાની તો ભુલીજ ગીયાં. ચાલો હવે ઉઠો." અને ત્રણે જણ દીવાનખાનું છોડી ગયાં.

"બોલોની ફુઇ, એ તમે મામા સાથે શું વાત કરતાં હતાં?" ચાહ લીધા પછી રતનફુઇ જ્યારે પોતાના ઓરડામાં એકલાં બેઠાં હતાં ત્યારે પેસીએ ત્યાં આવી લાગો પુછયું. "એ બધી તારીજ વાત ઉતી." રતનફુઇએ ઉલટથી જવાબ આપ્યો, "તારા મામા ફાયદાનીજ વાત મારી આગલ કરતાથા ને તું આટલો બધો સુધરી ગયો તેથી એવણ ખુશી ખુશી થઇ ગીયાચ."

"પણ વારૂ, મારા ફાયદાની એવી તે શું તમારી આગલ વાત કીધી તે જરા મને તો કેહો. શું મામા પોતાની બધી દોલત મારા એકલાના નામ પર કરવા માંગેચ?"

"અરે ગાંડારે, તેથીબી જયાદા. તારા મામાનો વીચાર તો તેથીબી વધારે છે."

"ખરેખર, તે શું વરી?" પેસીએ પુર ખુશાલીમાં આવી પુછયું.

"તે એમ કે તુંને એનાઓ પોતાનો જમાઇ બનાવવા માંગેચ સમજ્યો હવે." રતન ફુઇ મોટી ઉકમાઇ લેતાં બોલ્યાં, "એ તો મેં એવણુને સમજાવવામાં કંઇ બાકી રાખ્યું નહીં ને બધી તારાજ લાભની વાત કીધી ને ચોકતું તો એવું બેસારયુંચ કે માતર ખોટી હવે તારીજ છે."

"વાહ, એ તો ખાસ્સી બીલોર જેવી ખબર ને ફુફઇને કેહું જે તમે માનતા હોયતો માનજો કે શીરીનને હમણાં હું મારાં ખરાં દીલથી ચાહુંચ. પેહેલે જે માફક એને હું ચાહતોથો તેવીજ રીતે એને હું ચાહુંચ પણ વારૂ, ફુઇ, મને સઘળી વાતની વીગતવારે સમજ પારો તો ઠીક."

આ ઉપરથી રતનફુઇ પોતાના ભાઇ સાથે થયલી વાતચીત પેસી આગળ પેહેલેથી માંડીને અને બનતી જોગવાઇએ તેણે શીરીન આગળ એ વાત છેડવી એવી તેઓ એ તેને મજબુત ભલામણ કરી.

પણ પ્રીય વાંચનાર, શું પેસી તેના કેહેવા પ્રમાણે શીરીનને ખરેખર ચાહતો હતો કે માત્ર રૂસ્તીમશાહની દોલત હાથ કરવાના નીચ હેતુથી તેને ચહવાનું ખાલી ડોળ ઘાલતો હતો? અલબત રૂસતીમશાહની દોલત પોતાને હાથ કરવાની તો તેની મુખ્ય મતલબ હતીજ, પણ શીરીનને ચાહવા વીશે તેણે જે રતનફુઇને કહ્યું હતું તે કાંઇ ખોટું ન હતું; કારણ કે પેસી હમણાં શીરીનને ખરા પ્યારથી ચાહતો હતો. તેના બાબમાં હવે સમો ફેરવાઇ જવા પામ્યો હતો. એરચના ગયા બાદ તે એક તદન જુદોજ માણસ બની ગયો હતો. પ્યાર શું ચીજ છે તે તેણે આજ સુધી જાણ્યું ન હતું, અને આજ સુધી કોઇ પણ નારે તેના દીલપર પ્યારનો છાપ માર્યો ન હતો. પણ એરચના ગયા બાદ પેસીએ શીરીનને ગમગીન ચેહેરે બેઠેલી વારંવાર દીઠી હતી, અને તેનો શોકાતુર ચેહેરો જોઇ કોણ જાણે તેની દયાવંત લાગણીઓએ ઉભરો કર્યો કે કોણ જાણે તે શીરીન તરફ ખરી મોહબતથી ખેંચાયો તોપણ આ વાતમાં લેશભાર પણ શક નથી કે ત્યારથી અને ત્યારથીજ તે શીરીનને ચાહવા લાગ્યો, અને તે વખતથીજ

તેના દીલમાં ખરા પ્યારની ચીંગારી દાખલ થવાથી તે તેની અગણુમાં બળતો હતો. ટું-કમાં આજ સુધી જો કોઇ પણ નારે તેના પર અસર કરી હોયતો તે માત્ર શીરીન હતી !

પણ વાંચનારને આ ઘણુંજ અચંબો પમાડનારૂં લાગશે પેસી જેવો રખડેલ, વંઠેલ અને બગડેલ પોરયો કોઇની દરકાર ન રાખે તે આટલો વખત સુધી નહીં ને હમણાંજ શીરીનનાં પ્યારમાં પડે એ વાત પેહેલી નજરે જોકે લગાર નવાઈ સરખી આપણને લાગશે, તોપણ તે ઉપર જરા લંબાન દરયાફ્ત કરવેથી આપણને ઝટ માલમ પડી આવશે કે તેમ બનવું કાંઇ તદનજ અસંભવીત નથી. ખરા પ્યારની અને પવીત્ર મોહબતની ખુબીવંતી અસર વળી કાંઇ ઓરજ પ્રકારની રહે છે. માણસના મનની હરપ્રકારની વળણ કોઇ પણ ચોક્કસ વસ્તુ તરફ ધળે છે તે કાંઇ સઘળાંનાં બાબમાં એકસરખા ચોક્કસ વખતે ધળતી નથી. કોઇ કોઇ વખત માણસની બુદ્ધી વરસોના વરસ સુધી મંદ હાલતમાં પડી રહે છે, પણ જ્યારે તેનો નીમેલો પ્રસંગ આવી પુગે છે ત્યારે તે એટલી તો હદ બાહર ખીલી નીકળે છે કે તે જોઇ આપણે અજબ થયા વના રેહેતાં નથી. તેટલામાટે ખરા પ્યારની બાબદમાં પણ એવુંજ સમજવામાં આપણે ભુલ કરતાં નહી હોઇશું. પેસીપર આજ સુધી કોઈ પણ નાર પ્યારનો છાપ મારી ન શકી તેથી તે ભવિષ્યમાં ખરા પ્યારમાં નહીંજ પડે એમ કદી માની શકાયજ નહીં. શીરીનની સાથેજ તે મોટો થયો હતો તોપણ હમણાંજ કાં તે તેના પ્યારમાં પડયો હતો તેનું કારણ એજ કે તેમ બનવાનો નીમેલો પ્રસંગ આવી પુગ્યો હતો, અને પેસી તેને માત્ર આધીન થઇ ખરા પ્યારની ખુબી સમજવા લાગ્યો હતો.

પણ શું આટલે સુધીની બદ ચાલ ચલાવ્યા પછી તે શીરીનનો પ્યાર જીતી લેશે ? શીરીન શું તેના જેવા લફગાનો પ્યાર કબુલ રાખશે ?

પણ ખોદા શીરીનને એવાના હાથથી બચાવે !

પ્રકરણ ૩૮ મું.

કમનસીબ શીરીનની દુઃખદાયક સ્થીતી.

એરચ બંગલો છોડી ગયા પછી શીરીનની હાલત કેવી થઇ પડી હતી તેવીશે આપણે જાણ્યે છીયે. પણ ત્યાર પછી એક જાણવા જોગ બનાવ બનવાથી શીરીનની લાગણીઓએ કાંઇ અજબ જેવું નવુંજ રૂપ ધારણ કરયું હતું.

એક દીવસ સાંહજે જ્યારે લગભગ અંધારૂં થવા આવ્યું હતું ત્યારે શીરીન પોતાનાજ બંગલાના કમપાઉંદમાં પાછલે બાર એકાદ બાંક પર ગમગીન ચેહેરે બેઠેલી નજરે પડતી હતી. તે બહુજ ઉંડા વીચારમાં ગરકાવ થઇ ગયલી હોય એમ દીસ્તી હતી. પોતાના બન્ને હાથ પોતાના ગાલપર ટેકવી તે જમીન તરફ તગર તગર જોયા કરતી હતી, અને તેનું કંઇ ગુંથવાનું નીચે ઘાસપર પડેલું નજરે પડતું હતું. તે આવી હાલતમાં બેઠી હતી તેવામાં એકાએક કોઇએ તેની નજદીક આવી લાગી તેનું ગુંથવાનું જમીન ઉપરથી ઉંચકી તેને આપવા જતાં કહયું "કેમ શીરીન, કાંઇ ઘણાંજ ઉંડા વીચારમાં છે !"

આ સાંભળતાંજ શીરીન જાણે પોતાની બે ખબરીમાંથી બીદાર થઇ હોય તેમ તેણે ઉંચે જોયું તો તેણે પોતાની સામે કોણને ઉભેલો જોયો ! તે એક પારસી જવાન હતો, અને તે શીરીનને જાણીતો હતો. તેની હાજરીની તેણે કદી બી વકી રાખી નહોતી તેથી તેને જોતાં વાર તે બહુજ અજબ થઇ !

"કેમ પેસી, તારૂં અહીં શું કામ છે ?" શીરીને પુછયું. અને વાંચનારને કાંઇ ખાસ

જણાવવાની જરૂર છે કે આ નવો આવનાર કોઈજ નહીં પણ પેસી હતો ?

"આએ તારૂં ગુંથવાનું પરી ગીયું તેનું તુંને કાંઇ ધ્યાનજ નહીં કે ?" એટલું બોલી પેસીએ તે તેના હાથમાં આપ્યું, જે શીરીને લઇને તુરતજ બાંકપર મેળી દીધું, અને બંગલામાં જવા ઉઠી ઉભી થઇ.

"શીરીન, જરા થોભ." પેસી બોલી ઉઠયો, મારે તારીસાથે બહુજ અગતની વાત કરવીચ."

"નહીં, મારીથી અહીં ઉભું ન રેહેવાય. બંગલામાં આવીને જોઇયે તો પુછજો. "એટલું બોલી તે આગળ ચાલવા લાગી, પણ પેસીએ તેને અટકાવી પુછ્યું, "શીરીન, મારી વાહલી શીરીન, બોલ, શું તું મને નથી ચાહતી ?"

"ચાલ મને જવાદે, એવો સવાલ તે કેવો પુછવાનો હોય વારૂ ?"

"જો શીરીન, હું તુંને કેવો ચાહુચ ? શું તું મારી નહીં થાય ?"

"તું આજે દેવાનો થઇ ગીયોચ, પેસી. મને બસ અહીંથી જવાદે."

શીરીન ગુસ્સેભંદ થઇ બોલી, "મારી એવી ઘાતકી મશ્કેરી કરવાનો સબબ શું ?"

"નહીં શીરીન, તુંજ સામી મારી સાથે ઘાતકીપણે વર્તેચ. મારા હાલપર દયાકર. હું તારી મશ્કરી નથી કરતો. હું તુંને ખરાં દીલથી ચાહુંચ. અરે, અસલથીજ હું તુને ચાહતો આવેલો છું, અને મારો પ્યાર મેં તો અત્યાર અગાઉનો જાહેર કરી દીધો હોતે. પણ શું કરૂં, પેલા નીમકહરામને લીધે મને મુગું બેસવું પડયું, પણ હવે તો ખોદાએજ તેને આપરા રસ્તામાંથી દુર કીધોચ. ઓ શીરીન, તું ખાતરીથી માનજે તારૂં સુખ તેજ મારૂં સુખ. અરે તું મને બહારથી ગમે તેવો ધારતી હોય, પણ નાહીં; અંદરખાનેથી હું તેવો નથી. આટલો બધો વખત હું તારેથી દુરનો દુર રહ્યો તેનું કારણ એજ કે પેલો લુચ્ચો એરચ મારી એ તારા તરફની મોહબતવંતી લાગણી જાણીને મારી સામે તુંને ઉશકેરે નહીં. ને હું તો અસલથીજ જાણતોથો કે એનું પાપ ભરાઇને કોઇ દીવસ ફુટવાનું ખરૂંજ. શીરીન, મારી પ્યારી શીરીન, ત્યારે તું શું મને નથી ચાહતી ? નહીં, નહીં. તેમ માનવાનો મારી પાસે સબબ નથી. કારણ કે તારી ચુપકીદીજ કહી આપેચ કે તું મને ખરેખર ચાહેચ. તારા મોહડાંપરથીજ દેખાયચ કે તું મને ધીક્કારતી નથી. તું ચુપ બેઠીચ. હા, ખરેખર, હવે તું મને ચાહે છે. હવે હું કેવો સુખી ! હવે મને હાનોજ જવાબ દએ તો મારા જેવો સુખી કોઇ નહીં કેહેવાય. હા! તારી એ ધીરજ ભરી વર્તણુંકથી મને કેવી આશા મળીચ ! હા, ખરેખર, મારી શીરીન, તું મને નાસીપાસ ના કરતી." અને એટલું બોલી તે એકાએક ગુસ્સામાં આવી શીરીનનો હાથ પોતાના હાથમાં લેવા ગયો.

વાંચનાર, આ શું બની જવા પામતું હતું? શીરીન આટલો વખત ચુપ બેઠી તે શું પેસીને આશા આપવા માટે ? પેસીને મોહડે નીકળેલા સખુન તે ધીરજથી કેમ સાંભળી શકે ? શું ત્યારે અંતે પેસી પોતાની મતલબમાં ફાવી જતો હતો ? પણ અંહીં વાંચનારને તેની ભ્રાંતીમાંથી દુર કરવાની જરૂર છે. શીરીન તરફથી આવી રીતની આશા રાખી સકાય નહીં. તે માત્ર થોડોજ વખત અગાઉ એરચને ખરાં જીગરથી ચાહતી હતી તે એમ એકાએક બીજાને પોતાનો હાથ આપે તે બીના માની શકાય નહીં. પણ ત્યારે તેની આવી ન સમજ પડે તેવી ચુપકીદીનો સબબ શું ? તેનો સબબ હતો ત્યારેજ શીરીન આટલો વાર ચુપ બેઠી હતી. તે બેઠી બેઠી કાંઇ પેસીની સઘળી પ્યારની ભાશા નહીં સાંભળતી હતી, પણ પેસીને તેવું કાંઇ આશા જેવું લાગ્યું હતું તે વખતે તો તે કાંઇ જુદાજ વીચારમાં ગરકાવ હતી. પેસીના કેહેવા પ્રમાણે, રખે એરચ, શીરીનને તેના તરફ ઉશકેરે તે બીહીકથી તેણે પોતાનો પ્યાર આજ સુધી જાહેર કર્યો ન હતો. આ વાત બનવી શીરીનને મોટે ભાગે અસંભવીત લાગી; કારણ કે તે જ્યારે શીરીનને અસલથીજ ખરી મોહબતથી ચાહતો

હતો અને એરચ તેમાં ખલલ પાડશે એવું તે જાણતો હતો અને સમજતો હતો ત્યારે કાં નહીં તેણે તે વીશે તેને (શીરીનને) અત્યાર અગાઊથી જાણીતી કરી? ખરી વાત જાહેર કરવામાં તેને બીહવાનું શું હતું? પેસીના એવા બોલવામાં કાંઇ મોટો ભરમ સમાયલો શીરીનને લાગ્યો, અને તેટલાજ માટે તે વીચારવંત બની ચુપ બેઠી હતી.

થોડોક વાર તે ચુપ બેઠી હતી. પણ આખરે જ્યારે પેસી ઉશકેરાઈ જઇને શીરીનનો હાથ પોતાના હાથમાં લેવા ગયો ત્યારેજ શીરીનની શુદ્ધ ઉંઘડી, અને પોતે કેવી હાલત વચ્ચે બેઠી હતી તેનું તેને ધ્યાન આવ્યું, અને પેસીની આવી શોખાઇ ભરી ચાલ પર ભારે ગુસ્સે થઇ તે બોલી ઉઠી,

"પેસી, આવી બે અદબ ચાલ ચલાવતાં શું તુંને શરમ નથી આવતી? એક કમનસીબ દુઃખી નારને એવી રીતે સતાવતાં શું તુંને દયા નથી આવતી? મને અહીં એકલી જોઇ તું શું તેનો હીચકારો પણ લાભ લેવા માંગે છે કે? પણ જા, હું તારી માંગણી મોટા ધીક્કારથી તુચ્છકારી કાહડુંચ."

"અરે શીરીન, તેં મને થોડો વખત આશા આપી હવે એમ દુઃખી કરેચ! તુંને ત્યારે કાંઇજ દયા નથી કે હું તુંને કેવી મોહબતથી ચાહુંચ?" પેસી બહુ દુઃખી દીલે બોલ્યો.

"તારે મોહડેથી હવે એવા સખુન બંધ કર. હુ તારૂં એવું તાહેલું સાંભળવા માંગતી નથી. તેં મને દુઃખી કીધીચ તો ખરી, પણ ખુદા ખાતર હવે મને વધુ દુઃખી ના કર.',

"ત્યારે તેં મને ખોટીજ આશામાં રમારયો કે?" પેશી કાંઇક ખીજવાટથી બોલ્યો.

"મેં તુંને શું આશા આપી? તેવું તો તું કાંઇ સમજ્યો હોય તેનું હું શું કરૂં?" શીરીન બહુ રીસે ભરાઇ બોલી.

"તું એટલી બધી ગુસ્સે ના થા. જો પછીથી તું પસતાશે, હં. બસ તું મારી થા: અને રફતે રફતે તું મને ચાહતાં શીખશે."

"નહીં, હું તુંને ખોટી આશામાં રમાડું એવી ઘાતકી દીલની નથી. બસ, તું અંહીંથી દુર થા, હું તુંને ઓળખી ચુકીચ."

"સંભાલ શીરીન! મને એવી રીતે અપમાન કરવાની તું હીંમત કેમ કરેચ? તેં કોણપર વીસવાસ મેળ્યોચ તે બાબે ખબરદાર રેહેજે. શું તારી ખાતરી હજુર થઇ નથી? એ લુચ્ચો છે. એ ઢોંગી ને દગારો છે તે શું તું જાણતી નથી? અને તું—" તે હજુર આગળ બોલતે પણ શીરીનજ દમામદાર અવાજે વચ્ચે બોલી ઉઠી.

"બસ કર તારી બદ જબાં બંધ કર! હું તુંને વધુ સાંભળવા માંગતી નથી. ભુલ કીધી હશે તો મને ખમવું પડશે. તેની સાથે તુંને કશું લાગતું વળગતું નથી, વાસ્તે તારે વધુ બકવા કરવી નહીં."

અને શીરીન, અંહીં, એટલું બોલી એવી તો ઠસ્સાબંધ તે જગ્યાથી ચાલી ગઇ કે પેસી તો ઘડી દીઢમુંગ બની જઇ ત્યાં જાણે પુતલાંની માફક સ્થીર થઇ ઉભોજ રહી ગયો!

બંગલામાં જતાંને વાર શીરીન બનેલી વાત પર વીચાર કરવા લાગી. આગળા બનાવો તેને ઉપરાસાપરી યાદ આવવા લાગ્યા. એરચ જે રાતે પોતાના એકાદ મીત્રની વરસગાંઠ ખાવા ગયો હતો, અને ત્યાંથી પાછું ફરતા તેણે એક નીર્દોશ જીવને દગાનો ભોગ થતો તેજ રાતરે બચાવ્યો હતો તે કમબખત રાત શીરીનને એકાએક સાંભરી આવી. અને અજબ જેવું છે કે તે રાતની યાદ શીરીનને કોઈ પણ વખતે થતી હતી ત્યારે તે પોતાની લાગણીઓમાં કાંઈ અજબ જેવો ફેરફાર થયલો જોતી હતી. એરચ તરફથી તેણે એક આડા સખુનની આશા રાખી ન હતી તેજ એરચ તેને બેવફા નીવડી દુઃખી કરી ચાલી જાય તેનો ગમ તે ખમી શકતી ન હતી.

નાહણપણથીજ તે એરચ સાથે કેવી ખુશીથી રમતી હતી, બંને જણ એકમેક પ્રત્યે કેવી હેતવંતી લાગણીઓ ધરાવતાં હતાં, અને એકએક માટે અસલથીજ તેઓ કેવી કાળજી

રાખતાં હતાં, એ સઘળું શીરીનને હમણાં જેમ જેમ યાદ આવતું ગયું તેમ તેમ તેનું દુઃખ વધતુંજ ગયું. એરચ કે જે તેની સાથે હંમેશાં પ્રીતીથી વર્તતો હતો. અને જે પ્રીતીએ આખરે પવીત્ર પ્યારનું મજબુત રૂપ પકડયું હતું તેજ એરચ આવી બદચાલ કદાચ નહીં ચલાવી શકે એવો વીચાર હવે શીરીનને થવા માંડયો. તેને પેસીપર પેહેલાંથી જરાક લગાર ઝાંખો શક હતો ખરો. તે એરચની નાહણુપણુથીજ અદેખાઇ કરતો હતો તે વાત તે જાણતી હતી. ત્યારે કાં નહીં તેણેજ તેને એરચ સામે ખોટી રીતે ઉશકેરી હોય? અત્યાર અગાઉ તે કાંઇ તેવું માનતી હતી નહીં. પણ હમણાં થોડીજ પળની વાતપર સમો ફેરવાઇ જવા પામ્યો હતો. તે હવે પોતાપરજ ગુસ્સે થઇને અજબ થવા લાગી કે પેસીના બોલવા પર તે અસલથીંજ ઘણોખરો વીસવાસ મેલતી ન હતી, ત્યારે આવી અતી ગંભીર બાબદમાં તે કેમ તેની ઉપર ભરૂશો રાખીને તેની સઘળી વાત માન્ય કરી દીધી? પણ વળી શીરીનને પાછો પેલી મુસલમીન સ્ત્રીનો વીચાર થતો હતો, ત્યારે તેને કોઇ પણ રીતની સમજ પડતી ન હતી અને કોઇપણ રીતના નક્કી નીવેડા ઉપર તે હજુર સુધી આવી શકતી ન હતી.

એરચના ગયા પછી શીરીનને ઘણો ખરો જે વીચાર આવતો હતો તે એ હતો કે કાં નહીં આ બાબદમાં કંઇ ગંભીર ભુલ થઇ હોય? પેલી મુસલમીન દુઃખી અબલા કાંઈ ભુલાવો તો ન ખાતી હોય? કાં નહીં તે સ્ત્રીને ફસાવનાર એરચ અને શીરીનનો માનીતો એરચ, એ બન્ને જણુ તદન જુદા હોય?

તે જેમ જેમ શાંત મને વીચાર કરતી ગઇ તેમ તેમ તે હવે પોતાની ભુલ જોતી ગઇ, તોપણ તે ભુલનો મનમાનતો ખુલાસો તે પોતે કરી શકી નહીં. ટુંકમાં એરચ તેને બેવફા નીવડી ચાલી ગયો હતો તે પણ તે ખાતરી પુર્વક માની શકતી ન હતી તેજ પ્રમાણે તે પોતાના પ્યારને હજુર સુધી સાચ્ચો હતો કે કેમ તે પણ તે સમજી શકી નહીં. એવી રીતે શીરીનના વીચારો હવે ડામાડોળ બની રહયા હતા.

પ્રકરણ ૩૯ મું.

દુઃખ પર દામ.

શીરીને પેસીની માંગણીનો તુચ્છકારથી અનાદર કરયો ત્યાર પછી તે લુચ્ચાના મનની સ્થીતી કેવા પ્રકારની થઇ પડી હતી તે જાણવું અગત્યનું થઇ પડશે.

નીરાશીથી તેને ઉપજેલા ભારે ખીજવાટ વચ્ચે તે શીરીનની પાછળજ થોડેક વખતે બંગલામાં ગયો હતો. શીરીનનો હાથ મેળવવા પોતાને લાયક બનાવવા માટે તેણે પોતાની અસલ ટેવો પણ તજી દીધી હતી, અને તે મતલબથી તો પોતાની ચાલચલણ તેણે સદંતર સુધારી દીધી હતી. અને ત્યાર પછીજ, તેને મનસે આટલા બધા ભોગો આપ્યા પછીજ તેણે શીરીનના હાથની માંગણી કરી હતી, પણ અંતે તેને તેમાં ન ધારેલી નાસીપાસી મળી હતી. આવી રીતની વકી તેણે શીરીન તરફથી રાખી ન હતી. તે તો એવાજ ખ્યાલમાં હતો, બલ્કે ખાતરી પુર્વક એમજ માનતો હતો કે શીરીન તેની માંગણી જરૂર કબુલ રાખશે; કારણ કે તેના ધારવા અને માનવા મુજબ એરચ શીરીનને બેવફા નીવડી ચાલી ગયો હતો તે બાબેની તો તેની (શીરીનની) ખાતરી થઇ ચુકી હતી, અને તેટલામાટે હવે તેનું દીલ એરચ તરફ તો ફરી લાગેજ નહીં, અને તેના પરીણામ તરીકે શીરીન કોઇ બીજાનો હાથ દેખઇતી રીતે કબુલજ કરે એ વાત પેસીને મોટે ભાગે બનવા જોગ

લાગી હતી. વળી શીરીનનાં હાથની માંગણી કરવામાં તેને ઉત્તેજન મળવાને કામે લાગે એવા આવકારદાયક સંજોગો પણ બનવા પામ્યા હતા. રતન ફુઇ તો તેની તરફેણમાં હતાંજ તેમાં વળી રૂસતીમશાહેબી પેસીનેજ શીરીનના હાથ માટે લાયક ધારયો હતો. એવી રીતે પોતાની સંપુર્ણ ખાતરી કર્યા પછીજ, પોતાને ખુશ કરનારો જવાબ જરૂર મળશેજ એવી પુર વકીથીજ તેણે શીરીનના હાથની માંગણી કરી હતી. પણ તેણે હવે ખુલ્લે ખુલ્લું જોઈ લીધું હતું કે શીરીન તેને મુદલ ચાહતી ન હોતી, અને તેવું જાણ્યાથી તે જોકે લગભગ નીરાશ બની ગયો હતો, તોપણ તે કાંઇ શીરીનનો પ્યાર જીતી લેવાના ઠેરાવમાં જરાએ પાછળ હટ્યો ન હતો. વાંચનારને ફરીથી સમજાવવાની કાંઇબી જરૂર ન હોય કે હવે પેસીનો શીરીન પ્રત્યેનો પ્યાર કાંઇ ઢોંગી ન હતો. તેના દીલમાં પ્યારની લાગણી હવે તો ખરેખર ઉશકેરાઇ હતી, અને શીરીન તરપ્ તે કાંઈ અજબ જેવી રીતે ખેંચાતો ચાલ્યો હતો. તેટલામાટે, આવી નીરાશીથી હારી ન ખાતાં, હર પ્રકારે, હરકોઇ જોખમે, કાંઇબી યુકતી લગાવીને, હર તરેહની સીફત વાપરીને, અને કોઇ પણ રીતના કાળાં ધોળાં વટીક કરીનેબી શીરીનને પોતાને હાથ કરવાનો તેણે મકકમ ઠેરાવ કર્યો હતો.

તોપણ, પોતાની હારની વાતથી રૂસતીમશાહને વાકેફ કરવાનું તેણે દરૂસ્ત વીચારયું નહીં. શીરીનનો મકકમ વીચાર જાણ્યા પછી રખે તેઓ તેને વધુ બોહસ ન કરતાં વાત પડતીજ નાખી દયે એવી ધાસ્તી તેને હતી.

ત્યાર બાદ થોડાક દીવસ શાંતીથી પસાર થવા પામ્યા હતા, તે દરમ્યાન એક વખતે રતનફુઇએ શીરીન આગળ "તેના અને પેસીના લાભની" એ વાત છેડી જોઇ હતી. પણ શીરીને તો તેમને ટુંકોજ અને એક સરખી રીતે નીરાશી ઉપજાવનારો જવાબ આપ્યો હતો. તે સાંભળીને રતનફુઇ તો બહુ ખીજવાઇ ગયાં. "શીરીનની તાકાટ શું કે તે તેના બાપની સામે થાય? તે તેમને નાફરમાન નીવડવાની હીંમતજ કેમ કરે?" પોતાને ઉપજેલા ફફરાતમાંજ તેઓ શીરીનનો ઓરડો છોડી ચાલી ગયાં હતાં, અને શીરીન તરફનો "નફટાઇ ભરેલો" જવાબ તેઓએ પેસીને તુરત પોંહચાંડયો હતો. કેજે સાંભળીને તેની નીરાશીમાં તો ઓર વધારોજ થયો હતો. તો પણ, તેથી કરીને તે જરાએ પાછળ હટે એવો માણુસ હતો નહીં. રતનફુઇએ સગવડ પડતે વખતે રૂસતીમશાહ આગળ જવું અને શીરીનની બોહસથી તેમને બહુજ અસરકારક ઢપે કેવી રીતે વાકેફગાર કરવા તે પેસીએ તેમને તુરતાતુરત શીખવ્યું હતું, પણ તેને પોતાને શીરીન સાથે થયલી પંચાટીનો સેહેજ પણ ઈસારો રતનફુઇએ તેમની નજદીક નહીં કરવો એવું તેમને કેહેવાની પેસીએ ખાસ સંભાળ રાખી હતી, પોતાના ભરભરયાં બોલવાથી રખે તેઓ તેમની નજદીક કાંઇ ભાંગરો વાટી દયે એવી ધાસ્તી અલબત પેસીને હતી. ત્યાર પછી બીજેજ દીવસે સાંહજે રતનફુઇએ રૂસતીમશાહ નજદીક એ વાત કાહડી હતી અને શીરીને તેમને કેવો "સોખઇ ભર્યો" અને "બેહઇયા" જવાબ આપ્યો હતો તે વિશે તેઓએ તેમને વાકેફ કર્યા, અને વધારયું કે, "મરૂં મારો પેસી એ છોકરીપર કેટલો બધો ઓવરાઇ પોવરાઇ જાયચ, ને એના સીવાય એ તો બીજું કાંઇ યાદબી નથી કરતો." એવું જ્યારે રૂસતીમશાહે પોતાના ઠાવકાં બેહેનને મોહડેથી સાંભળ્યું ત્યારે તેઓ બહુ દલગીર થયા હતા. પણ વળી જ્યારે રતનફુઇ એમ બોલ્યાં હતાં કે "હવે જો એનું શીરીન સાથે ગોથવી દેવામાં જરાકબી વખત લાગશે તો એ પોરયો તવઇને એની મદઇ દીવાસરી જેવો પાતલો થઇ જશે, ને એ છોકરીના પ્યારમાં ઘેલો દીવાનો બની કંઇ નવું જુનું કરી નાખશે તો પછી તેની બદલામી કોણને માથે?" ત્યારે તો રૂસતીમશાહ બહુ ચીંતાતુર બની રહયા અને શીરીનને ઠેકાણે લાવવા માટે શું કરવું તે તેઓને સુજ્યું નહીં.

તોપણ એક દીવસ તક સાધી તેઓ શીરીન આગળ ગયા હતા અને રતનફુઇને એવો અસભ્ય જવાબ શું કામ આપ્યો તે બાબે તેને પુછયું.

"કાંએ શીરીન, તું એમ કાંએ વરતેચ, દીકરી? શું તું મારા બોલવાનેબી માન આપતી નહીં કે?" રૂસતીમશાહ બોલ્યા.

પેસીની નાલાયક અને અપમાન ભરી વર્તણુંકથી શીરીનને કેટલો બધો ક્રોધ ઉપજ્યો હતો અને તેના જેવા બદ ચાલના માણસને ચાહવાને બદલે સામો તેને કેટલો બધો ધીક્કારતી હતી તે સઘળું આપણે જાણ્યે છીયે. અને ત્યાર બાદ પોતાના બાપને ઉપર મુજબનો સવાલ પુછતાં જોઇ તે ભારે વીચારમાં પડી.

"મારી વાહલી બેટી, તું હાથે કરીને એટલી બધી દુઃખી શું કામ થતી હશે? તું મને જવાબ કેમ નથી આપતી? રતનફુઇને તેં અપમાન કાંએ કીધું?" શીરીનને વીચારમાં પડેલી જોઇ રૂસતીમશાહે ફરીથી પુછયું.

પણ શીરીન તેમને શું જવાબ દગે? બાપે પુછેલા એ સવાલથી તે ધાબરી બની ગઇ હતી. શીરીન તો હમણાં સુધી એમજ સમજતી હતી કે નાદીર હોલમાં તેની વીરૂધ્ધ ફકત પેસી અને રતનફુઇજ હતાં, અને તેઓની તો તેને આપણે જોઇ ગયાં તેમ જરાએ દરકાર હતી નહીં. બાપની માયા મોહબત જ્યાં સુધી તેના પર હોય ત્યાં સુધી તેઓ જેવાંથી રતીભાર બી ડરવાનું કારણ શીરીનને હોયજ નહીં. પણ હવે તેણે દુઃખી દીલે જોઇ લીધું કે વાત સઘળી બદલાવા પામી હતી. જે મુરબ્બી બાપ ઉપર તે પોતાનાં સુખનો સઘળો આધાર રાખી બેઠી હતી તેમનાજ તરફથી ઉપર મુજબનો સવાલ થાય તો પછી તે માટે શીરીને શું સમજવું? પણ જે બને તે ખરૂં એવું વીચારીને શીરીને ઠેરાવ કર્યો કે પોતાના અસલ વીચાર તેણે કદીબી ફેરવવા નહીં.

પણ રૂસતીમશાહ તો શીરીનના જવાબની રાહ જોતા હજુર સુધી બેઠાજ હતા.

"કેમ તું નથી બોલવાની? હું પુછુંચ તેનો જવાબ નથી આપવાની?" તેઓએ આ ત્રીજી વખત લગાર બેસબર બની જઇ પુછયું.

"તમારા આ સવાલનો હું શું જવાબ આપું તેની મને સમજ નથી પડતી, બાવાજી." અંતે શીરીન બોલી, "તમે મને આવો સવાલ પુછીને જાણે હેબતાવી નાખીચ ને મેં તો હમણાંજ જાણ્યું કે તમેબી મારા પરથી તમારી મેહેર ઉતારી નાખીચ, ને તેનું કારણ શું હશે તે હું સમજી શકતી નથી.

"હું તુંને ફરીથી કેહુંચ, દીકરી, કે તું હાથે કરીને દુઃખી થાયચ. તારી ઉપરથી હું મેહેરબાની શું કામ ઉતારી નાખું? તું હવે ઉમરની થઇચ, ને તેટલામાટે તું એમ કુંમારી હાલતમાં પડી રહે તેવું જોવા હું ઇચ્છતો નથી. તુંને મારી નજરે નજર સુખમાં ગોઠવાઇ ગયલી જોવાની મારી ખાહેશ છે, અને તે ખાહેશની તું સામે થાયચ, એટલે તેથી શું મને બરાપો નહીં લાગે? તું અગાઉ કેવી કહયાસરની હતી? અને હવે એમ હતીલી કેમ બની ગઇ, શીરીન."

"હું હતીલી બની નથી, એમ કહી તમે મને નાહેકનો ગેરઇનસાફ કરોચ." શીરીન કગલતે સાદે બોલી.

"પણ ત્યારે રતનફુઇને તેં અપમાન કાં કીધું? પેસીને સારૂંબી તું તરેહવાર બોલી તે એ શું કંઇ બાહરનો છોકરો છે?"

"તમારા કેહેવા મુજબ મેં રતનફુઇને જરાક બી અપમાન કીધું નથી. જેની ઉપર મારૂં મન નહીં, દીલ નહીં, તેવાને પરણીને હું શું કરૂં?"

"તે હવે ગમે તે હોય. એવી બધી ખટપટ મારે હવે કરવી નથી. બસ હું તુંને ટુકમાં એટલુંજ કેહુંચ, દીકરી, કે જો મારી મરજી પ્રમાણે તું નહીં ચાલશે તો તેથી મને મોટું દુઃખ ઉપજશે. તેટલા માટે, તુંને જો તારા બાપને વરે ખરેખરૂં હેત હોય તો તેને ગુસ્સે થવાનું કારણ ના આપ."

આ સાંભળી શીરીનની હાલત ભારે સંક-

જામાં આવી પડી. પોતાના બાપને તે નાફરમાન કેમ નીવડી શકે? તેમ કરવા તો તે માંગતી ન હતી. એવો વીચાર તેના જેવી સુશીળ સ્ત્રીના ભેજામાં દાખલજ કેમ થાય? પણ ત્યારે હવે તે શું પગલું ભરે? બાપને શું જવાબ દયે? પેસી સંગાત પરણવાની ના પાડયાથી તો તેમને મોટું દુઃખ ઉપજે અને હા કહયાથી તેમને ખુશી કરી પોતાનો આખો ભવ એક અનીતીવાન લફંગા સાથે ગુજારવો પડે એમ હતું. ત્યારે હવે કરવું કેમ? શું રસ્તો લેવો? તેના વીચારમાં શીરીન પડી, પણ આખરે મન મક્કમ કરી એક ઠેરાવ પર આવી. પોતાને અનગમતા આદમી સાથે નહીં પરણ્યાથી કાંઇ બાપને નાફરમાન થયલું કેહેવાયજ નહી એમ તેને લાગ્યું. વળી તેના બાપ પેસી વિષે એવું ઉન્નું મત કાં ધરાવતા હશે તે તે સમજી શકી નહીં.

"બાવાજી," શીરીન ધીમા અને શોકાતુર અવાજે બોલી, "હું નાફરમાન નીવડી તમોને દુઃખી કરવા માંગતીજ નથી. આજ સુધી જેમ મેં તમોને ગુસ્સે થવાનું એક પણ કારણ આપેલું મને યાદ નથી તેમ વળી આજે તમે મારી સાથે વરતો છો તેવી સખતાઇથી અગાઉ તમે તમારી વાહલી બેટી સાથ વરત્યા હોવો એવીબી મને યાદ નથી. હું જાણું છું કે પેસી બાબે તમોને બહુ સારો વીચાર છે. અને તેટલામાટે એની સાથે મને પરણાવવાની તમે કાંઇ વીણા કારણે ઓંહસ કરતા નથી. પણ હું તમુને નાફરમાન નીવડવા યા ગુસ્સે કરવા માંગતી નથી તેજ પ્રમાણે હું પેસીને કદીબી પરણી શકનાર નથી.

"શીરીન, તું એવી કયારે હતી?'.

પેસીને નહીં પરણવાનું કારણ શું?" રૂસતીમશાહ પોકારી ઉઠયા.

"તે કારણ હું તમોને કહી શકતી નથી."

"ત્યારે તો વરી તું મને ખરેખર નાફરમાન નીવડીચ."

"નહીં બાવાજી, એમ બોલીને મારી ઉપર ખોટું તોહમત ના મેલો. મારા મનમાં એવું કંઇજ નથી." શીરીન બોલી ઉઠી.

"પણ ત્યારે તું બીજા કોણ સાથે પરણવાની છે તેતો કેહ."

"હું કંઇ પણ વધારે બોલવા ઇચ્છતી નથી. મને માફ કરો."

"અરે શીરીન, મેં તો તારી પર કેવી કેવી આશા બાંધી હતી? મેં તુંને પાળી પોશી મોટી કીધી તે શું તારી તરફથી આવા સખુન સાંભળવા માટે કે? પણ હું જાણુંચ કે જે પોરયાને મેં એક બાપના વાહલથી મારા આશરા તળે રાખ્યો હતો તેજ પોરયો મને નીમકહરામ નીવડી તારાં બી સુખનું સત્યાનાશ વાળી ગીયોચ. તું હજુર સુધી તેનાજ ખ્યાલમાં છે. કમબખ્ત દાહાડો કે જે વખતે તે પોરયાને મારાં મકાનમાં પેહેલવેહેલો દાખલ કર્યો! મને જો પેહેલાંથીજ એ વિષેની કંઇ અગાહી થઇ હોત તો હું તેની પર દયા લાવતેજ નહીં. પણ હવે એ તો મારૂં કીસમત! બન્યું ન બન્યું કદી થનાર નથી! તોપણ જો દીકરી, તું હજુર બી સમજ ને તેનો વીચાર છોડી દે. તેમાંજ તુંને સુખ છે, તેમજ મને પણ સુખ છે."

"તમે મારી પર એટલાં બધા રીસે ભરાવો ના, બાવાજી," શીરીન બહુ દયામણું મોહ કરી બોલી, "હું તમોને દુઃખી કરવા માગતી નથી. પણ પેસી જેવાને પરણવાના કરતાં મારી આખી જીંદગી કુમારી અવસ્થામાં હું પસાર કરીશ. જુઓ, મારી પર દયા કરો, ને એટલા બધા સખત ના થાવો."

"નહીં શીરીન, તારી તે શું એવી ઓંહસ. મારા કહયા મુજબ તુંને ચાલવુંજ પડશે. તારી એક ઓંહસમાં એવી રીતે જો હું તુંને ફાવવા દઊં તો તું હંમેશની હતીલી બની જાય."

"ત્યારે શું પેસી સાથે પરણાવી તમે મને હંમેશની દુઃખી કરવા માંગોચ? હજુરબી તમે વિચાર કરો ને મને દુઃખી ના કરો. ત-

મારી એકપુરી વાહલી દીકરીને હાથે કરીને દુઃખના દરયાવમાં ના હડસેલે." શીરીન આંખમાં આંસુ લાવી બોલી.

"હું તુંને ફરી એક વાર કહુંચ બલ્કે ફરમાવુંચ, શીરીન, કે તારેથી મારા હુકમની વીરૂધ્ધ કદીબી જવાશે નહીં. મારો ઠેરાવ હવે હું ફેરવનાર નથી."

"તમારી તરફથી આવા સખત શબ્દો સાંભળવાની મેં કદીબી આશા રાખી હતી નહીં."

"તે હવે ગમે તે હોય. તે પોરયાનો વિચાર તારે છોડીજ દેવો પડવાનો, ને પેસી સાથે તારે પરણવું પડશે." રૂસતીમશાહ દમામદાર અવાજે બોલ્યા.

"પણ તમે કંઇ મારે માટે લાયક આદમી નથી શોધી કાહડયો." શીરીન જરા ઉશકેરાઇને બોલી.

"ચુપ! ફરીથી એવું બોલતી ના. મારા હુકમ પ્રમાણે નહીં ચાલશે તો આખેરસ તુંને પસ્તાવું પડશે."

"પણ મારે પેસીને પરણીને કંગાળ જીંદગી નથી ગુજારવી."

"અએ નાફરમાન બેટી, તેં મારા હુકમનો અનાદર આ પેહેલીજવાર કીધોચ, પણ યાદ રાખજે કે તે માટે તુંને બહુ ખમવું પડશે." એટલું બોલી રૂસ્તીમશાહ બહુજ ગુસ્સાભર શીરીનનો ઓરડો છોડી ધસારાબંધ ચાલી ગયા.

પોતાના બાપને પોતાની નજદીકથી અતી ઘણી ગુસ્સાભર હાલતમાં ચાલી ગયલા જોઇ શીરીન અતીશય દુઃખી થઇ. તેઓ તેની સાથે કેટલી હદ સુધી રીસે ભરાયા હતા તે તેણે હવે જાણ્યું. આપણે જાણ્યે છીયે તેમ શીરીન તો આજ સુધી એમજ માનતી હતી કે તેના બાવા તેની મરજી વીરૂધનાં કોઇપણ શખસ સાથે પરણાવવાની તેને કદીબી ઓંહસ કરશે નહીં. પેસીની બદચાલની જેટલી શીરીનને પોતાને ખબર હતી તેટલીજ બલ્કે તેથી એ વધારે રૂસતીમશાહને હોવીજ જોઇએ એમ તે સમજતી હતી, પણ હવે શીરીને બાપ સાથ થયલી વાતચીત ઉપરથી પોતાની ધારણામાં જબરી ઠગાયલી જોઇ. રૂસ્તીમશાહને પેસીને વખાણ કરતાં અને તેના કરતાં વધુ લાયક છોકરો મળી શકેજ નહીં એવું કહેતાં જ્યારે શીરીને સાંભળ્યા હતા ત્યારે તેમના જેવા અનુભવી અને પાકી બુદ્ધીના પુરૂશ પેસીની ઢોંગ ભરી ચાલપર શી રવેસે ભોલવાયા હશે તે તે સમજી શકી નહીં. પણ બાજીએ આવું ન ધારેલું નવું રૂપ પકડયાથી શીરીનને બેવડો ગેરફાયદો થયો. એરચનું દુઃખ તો તેને હતુંજ, તેમાં વળી આ બાપ તરફની સખતાઇથી વધારો થયો હતો. શીરીને આજ સુધી કોઇને પણ દુઃખ દીધું ન હોતું તે કોઇનાં ભુંડામા હતી નહીં. તે છતાં, ખોદા તેનીજ ઉપર કાં આવી તરાંહનું દુઃખ લાવી મેળતો હશે વારૂ?

એક પળ દરમ્યાન શીરીનને આવા વીચાર થયા ખરા પણ બીજીજ પળે સમજુ અને શયાણા વીચારો આવતાં તે ગુમ થઇ ગયા. આવી રીતનું પરિણામ તેની પોતાની ભુલથી આવ્યું હતું એમ શીરીનને લાગ્યું. તે અસલથીજ સમજુ અને ધીરજવંત હતી. અને ઉછાછલેપણે કામ કરવાની તેને ટેવજ ન હતી. પણ જે ઉછાછળું પગળું તેણે ભેયું હતું તેની યાદ આવતાં પોતાના દુઃખને માટે પોતા સિવાય બીજા કોઇનો પણ વાંક તે જોઈ શકી નહીં. તેટલામાટે તેને માટે બીજાં કોઇને દોશ ન દેતાં હવે પછી વાતની વળણ કેમ બદલાએ તે ધીરજથી તપાસવાનો વીચાર કરી તે પોતાના ઓરડામાંથી બાહર નીકળી અને સામેની જંગલવાડીમાં આવીને ખુલ્લી હવામાં એકાદ પથ્થર પર તે પોતાની બેઠક હજુર તો લયે નહીં તેટલામાં પછવાડેથી કોઇ શખસે તેની ખાંધ પર હાથ મેલ્યો.

પ્રકરણ ૪૦ મું.

એક ભેદી અવાજ.

શીરીનને જેવો પોતાની ખાંધ ઉપર કોઇનો હાથ મુકેલો લાગ્યો કે તેવુંજ તેણે ધભરાઇને ઉપર જોયું. તેણે શું જોયું? પોતાની ભારે અજાયબી વચ્ચે તેણે એક શખસને પોતા સામો ઉભેલો દીઠો. અને જેવી શીરીનની તેના પર નજર પડી કે તેવીજ તે પથ્થર પર બેસવાને બદલે એકદમ ઉઠી ઉભી થઇ, અને કાંઇ પણ વીચાર કર્યા વગર યા સેહેજ પણ વખત ખોહયા વના, તે શખસથી તે ઘણીજ કમકમતી હોય તેમ તેની તરફ ફરીથી એક નજરબી ફેંકયા વગર અને એક બોલ પણ બોલ્યા વગર તે ત્યાંથી તરતજ એકદમ દોડી ગઇ બલ્કે તમે કહો કે જાણે એક પરીની માફક ઉડી ગઇ!

પણ પ્રીય વાંચનાર, શીરીને એવા તે શું કોઇ બીહામણા શખસને દીઠો કે તે એટલી બધી દોડાદોડ કરી નાહસી ગઇ? પણ તે શખસ કોઇજ નહીં પણ પેસી હતો.

પણ શીરીન તેને જોઇ એટલી બધી કમકમી કાંએ? જે માણુસ તેની સાથે એકજ બંગલામાં રેહેતો હતો તેની તરફ આવી લાગણી ધરાવવાનું કારણ શું? શું શીરીનનું મગજ કાંઇ નબલું પડી ગયું હતું? યા કાંઇ ઘેલાપણાની અસર તેને લાગુ પડી હતી? નહીં. તેવું તો કાંઇ હતુંજ નહીં, પણ તેથી ઉલટું, તે દુઃખી અબલાનુ મન તો સામુ મકકમ થયું હતું.

પેસીને તો એવીજ આશા હતી કે રફતે રફતે શીરીન તેને ચાહતાં શીખશે, પણ તેથી ઉલટું, તે તેને ધીકકારતી હતી. તે આપણે સારી પેઠે જાણયે છીયે, અને પેસીએ તેને એરચ સામે ઉશકેરી હતી તે બાએનીબી તેની ખાતરી થવા લાગી હતી. પણ તેટલાંથીજ ન ધરાતાં એજ તેને પાછો નડયો હતો. એજ પેસી તેની અને તેના બાપની વચ્ચે આવ્યો હતો, અને એજ શખસને લીધે બાપ દીકરી વચ્ચે કજીયો થયો હતો, એને અને એનેજ લીધે શીરીનને પોતાના પીતાને મોહડેથી સખત સખુનો સાંભળવા પડયા હતા. ત્યારે હવે પેસીને માટે શીરીનને અતીશય ધીકકાર છુટે તેમાં કાંઇજ નવાઇ નથી એમ શું આપણને કાંઇ ખાસ સમજવું પડે?

આવાં મજબુત કારણને લીધેજ શીરીન ખુદરતી રીતે પેસીને જોતાં વાર એક પણ પળ ખોહયા વના નાહસી ગઇ હતી. પણ તે ના હસીને કયાં ગઇ? તે પાછી પોતાના બંગલામાં પેઠી, અને ઓરડામાં જઇ, બારણું અંદરથી બંધ કરી કોચપર પડી રડવા લાગી. અને તે વખતે ઓરડામાં તેની બુઢઢી આયા હતી તેનું પણ તેને ભાન રહયું નહીં. પોતાની બાઇને અતી ઘણી ધભરાયલી હાલતમાં ઓરડામાં દાખલ થયલી જોઇને તે આયા ઘણીજ અચરત થઇ, અને જ્યારે તેને કોચપર પડી રડતાં દીઠી ત્યારે તો તે પોતે ધભરાઇ ગઇ, અને પોતાની શેઠાંણીની અજાયબ પમાડનારી વર્તણુંકનું કારણ સમજી શકી નહીં.

તે તરતજ કોચ તરફ દોડી ગઇ અને રડવાનું કારણ તેને પતાવીને પુછયું. પણ શીરીને તેને કાંઇ જવાબ આપ્યો નહીં અને રડવાજ લાગી. પણ અંતે ઘણે વારે માહ મેહેનતે આયા ફાવી ખરી. શીરીનને મોંહડેથી તેનો બધો ભેદ તેમજ તેના વીચાર તેણે જાણી લીધા. શીરીને પોતાની છાતી આયા નજદીક ખુલ્લી કરી નાખી. એરચને માટે હવે તેને કેવો પસતાવો થતો હતો, એરચને સારૂં હવે તેને કેવા કેવા વીચારો આવતા હતા, તે તેને કેવા પ્યારથી ચાહતી હતી, આવા દુઃખના વખતમાં તેની હાજરીની કેવી જરૂર હતી, અને તેની હર પ્રકારે મુલાકાત કરવા માટે તે કેટલી બધી આતુર હતી એ સઘળું તેણે આયા-નજદીક ખરેખરૂં જણાવી દીધું. એ ઉપરાંત, પેસી કેવી ખાસયતનો આદમી માલમ પડયો

હતો, તથા તેણે તેની પાસથી કેવી કીસમની માંગણી કરી હતી તેમજ તેના બાપના પણ વીચાર તેની તરફેણમાં કેવા ફેરવાઇ ગયા હતા તેમજ તેમની સાથે પંચાતી થયા પછી તેઓ પોતાની બેટીપર કેટલા બધા ગુસ્સે થયા હતા,–એ સર્વે હકીકતથીબી શીરીને પોતાની આયાને વાકેફ કરી.

આયાએ જ્યારે પોતાની બાઇને મોંહડેથી આવો દુઃખી હેવાલ સાંભળ્યો ત્યારે તે બહુજ દલગીર થઇ. તેણે શીરીનને અતી ઘણી માયાથી પતાવીને ધીરજ આપી, અને એરચ જો નીર્દોશ હોશે અને દુન્યામાં જીવતો હશે તો તેને એકાદ દીન જરૂર આવી મળશે એવો તેને સધ્યારો આપ્યો. પણ વળી કાંઇ શીરીનને યાદ આવ્યું હોય તેમ તે એકદમ પોકારી ઉઠી, "અરે આયા, મેં તુંને કાંહતું કાંહ કહી દીધું! તેં મારાં મનની બધી વાત સાંભળી લીધીચ! રખે તુંબી એ લોક સાથે મલી જઇને મારી દુશમન થઇ લાગે! જ્યારે મારા પોતાના બાપ વતીક દુશમન થયા તો વરી તું કોનને વરે રેહેવાની?" એટલું બોલી દુઃખી શીરીન વળી પાછું કોચ ઉપર માથું નાખી રડવા લાગી.

"બાઇ, મારા વીશે તારા મનમાં એવો વીચાર હોય તે કાહરી નાંખ" તે આયા બોલી, "તારી માદર તુંને મારા હવાલામાં સોંપી ગઇચ એટલે હું તુંને કેમ છોરી જવશ. તું ઘભરા ના. હું તારા દુશમનને ફાવવા દેનાર નથી. તુંને અને એરચને તો હું મારાં બચ્ચાં સમાન ગણતી આવીચ, ને તમુને નાહણપણુથીજ રમારીને ને એકમેક સાથે રમતાં જોઈ હું મારૂં અરધું દુઃખ ભુલી જતી હતી.

"આયા!" શીરીન એકદમ કોચપરથી ઉઠી બેઠી અને બોલી, "શું તારીપરબી કાંઈ દુઃખ પરચુંચ? શું તારાં બચ્ચાં છોકરાં હતાં?"

"હા બાઇ, હું અગાઉ મારા ખાવીંદ સાથે સુખમાં રેહેતી હતી અમે લોક અમારાં બચ્ચાં છોકરાં સાથે સુખમાં હતા. પણ એ બધું સુખ મેં થોરા વખતમાં ખોહ્યું. મારો ખાવંદ અને મારાં બચ્ચાં છોકરાં સૌ મને એકલી મુકી કોણ જાણે ક્યાં ચાલી ગયાં, ને હું રખડતી રેહી ગઇ. પણ મારાં ગરીબને દયાળુ બાઇ, તે તુંને જનમની આપનારી તારી વાહલી માવતરે મારી ઉપર દયા કરી મને પોતાને ત્યાં રાખી, તે આજની ઘડી સુધી હું અંહીં છું."

આયાનું આ બોલવું શીરીને બહુ શાંતીથી સાંભળ્યું. થોડાજ વખત અગાઉ આયાની દયાનત પર તે શક લઇ ગઇ હતી તે માટે તે પસતાવા લાગી. તે આયા તરફ ફરીને બોલી, "ખરેખર આયા, તારે તુંબી મારા જેવી દુઃખીજ છે. ત્યારે તો મારી ખાતરી છે કે તું તે લોક સાથે નહીં મળી જશે. એરચની ગેરહાજરીમાં મને ત્યારે એક દીલાસો દેનાર મલ્યું ખરૂં."

"બાઇ, તું એટલું તો ખાતરીથી માનજે કે હું તારા કોઇબી દુશમનને ફાવવા દેનાર નથી. તારી માવતરને મેં તેના મરણ વખતે જે વચન આપ્યું તે હું કેમ તોરૂં? તેમની ઇચ્છા પાર પાડવાને હું મારો જીવ વટીક આપીશ. ધીરજ ધર બાઇ, ને તુંને તેનું ફલ જરૂર મલશે."

"કાંઇ નહીં આયા, તું ફીકર ના કર. તારી માફક હું પણ ધીરજ રાખશ; ખોદાએ તારી ધીરજનો બદલો તુને આપે પણ જો હું કહુંચ તે સાંભળ.

મારે વીશે કે એરચને વીશે તું શેઠ કે કોઇ બીજાં આગળ કાલાવાલા કરતી ના, નહીં તો જો તે લોકને શક જશે કે તું મારી અને એરચની તરફેણમાં છે તો તુંને અંહીંથી જરૂર રૂખસદ મળશે, ને જો પછી તુંબી જશે તો મને ધીરજ અને દીલાસો દેનાર બીજું કોણ રેહેશે."

"બાઇ," તે ભલી આયા બોલી, "તેની તમે ફીકર ના કરો. મારૂં આપેલું વચન પાળવાને સારૂ હું બહુજ સંભાળથી ચાલુંચ. મેં દુન્યા જોઇ છે એમ તારે જાણવું."

"આયા, વારૂ તારાં માબાપ કોણુ હતાં, ને તારો વર શું ધંધો કરતો હતો." શીરીને પુછયું. પણુ તેના તરફથી એનો જવાબ કંઇ ન મળવાથી શીરીને તેના મોંહડાં તરફ જોયું તો તેની આંખમાં આંસુ હતાં. પણ આયાએ તે તરત લુંછી નાખી જવાબ આપ્યો, "એ મારો હેવાલ લગાર લાંબો છે ને તે યાદ કરતાં મને ઘણું દુ:ખ થાયચ. હમણાં તો હું તારી આગળ કંઇ બોલી શકતી નથી, પણ વળી કોઇ બીજી વખત વાત."

"જેમ તારી મરજી. હું તુને દુ:ખી કરવા માંગતી નથી. પણુ એટલું તો યાદ રાખજે કે તારાં માબાપ ગમે તેવાં ખાનદાનનાં કાં ન હોય, ને તારા ખાવીંદનો ગમે તેવોબી ધંધો કાં ન હોય તોપણ હું તારા વીશે કાંઇ ખરાબ વીચાર બાંધશ નહીં." એટલું બોલી શીરીન કોચ ઉપરથી ઉઠી પોતાનું મોંહડું ધોવા ગઇ.

હવે પેસી શીરીનની પાછળ જંગલવાડીમાં કેવી રીતે આવી પુગો તે આપણે તપાસ્યે. તે કાંઇ ત્યાં ઓચીંતો આવી પુગો ન હતો. રૂસતીમશાહ અને શીરીન વચ્ચે થયલી સઘળી પંચાતી તેણે છુપાઇને સાંભળી લીધી હતી, અને તે પુરી થવા બાદ જ્યારે રૂસતીમશાહ ગુસ્સે થઇ તે ઓરડો છોડી ગયા ત્યારે તે એકગમ ભરાઇ બેઠો અને શીરીન જેવી ઓરડામાંથી બાહર નીકળી કે તેની પાછળ તે તેને દીલાસો દેવાની મતલબથી ગયો હતો. પણ શીરીનને તો એક હરણીની માફક વીજળીને વેગે દોડી જતી જોઇ તે અજાયબ રહયો. તેણે શીરીન તરફથી એટલા બધા ધીક્કારની આશા તો નહીં રાખી હતી. તોપણ તેથી શું તે ડરી ગયો હતો? નહીં. તેવું તો કાંઇ નહીં. એથી કંઇ શીરીન તરફનો તેનો જુસ્સો ઓછો ન થયો. જેમ જેમ શીરીન તરફથી પ્યારની આશા ઓછી થતી હતી તેમ તેમ તેનો પોતાનો પ્યાર તો વધતોજ ગયો. પ્યાર શું ચીજ છે અને તેની અસરો કેવી હોય છે તે તેણે હવેજ ખરી રીતે અનુભવ્યું. હવે તે ખરેખરજ દુ:ખી હતો. પોતાના આગળાં બદકર્તુકો માટે તો તેને અત્યાર અગાઉનો પસ્તાવો થવા માંડયો હતો. પણ તેનો પસ્તાવો જો ખરો હતે, પ્યારની અસરો બીજાનાં બાબમાં શી રવેસે ઉત્પન થાય છે તે જો તે બરાબર સમજ્યો હોત તો એજ રાતરે જે ભયંકર વીચાર તેના મનમાં આવ્યો તે આવતે નહીં.

એજ દીવસની રાતે, એટલે જે દીવસે શીરીનને પોતાના બાપ સાથે પંચાતી થઇ હતી તે દીવસની રાતે, લગભગ નવ વાગતે, પેસી ચર્ની રોડના બાગમાંથી પોતાના મીત્રોથી છુટો પડીને ચોપાતીને દરયે કાંઠેથી ચાલતો ઘેર જતો હતો. તેને હવે બસ પોતાના શીરીન પ્રત્યેના પ્યાર બાબેજ વીચારો આવ્યા કરતા હતા. એરચ કેવી અચાણુક રીતે અને સેહેલાઇથી તેના રસતામાંથી દુર થઇ ગયો હતો તેથી તેને ઘણીજ ખુશાલી ઉપજતી હતી, અને શીરીનને લાંબે વખતે પણ પોતાને હાથ કરવાના ખ્યાલમાં તે રમતો હતો. પણ તેવામાં તેને જાણે એકાએક કાંઇ યાદ આવ્યું હોય તેમ ઉભો રહી ગયો. તે ક્રોધથી જાણે બીહીતો હોય તેમ ધ્રુજવા લાગ્યો, અને જાણે તેના આંગમાં વીજળીનો પ્રવાહ પસાર થઇ ગયો હોય તેમ તે ચમકયો!

તેના મનમાં જાણે શું એક અજાયબ જેવો અને ધાસ્તી ભરયો વીચાર દાખલ થયો હોય તેમ તે સાવજ જેવો બની જઇ આગળ ચાલતો એકદમ અટકી ગયો. પણ તેણે પોતાનું ધ્યાન ઠેકાણે રાખવાની કોશેશ કરી, અને અફસોસ કરતો હોય તેમ મોટે સાદે બોલવા લાગ્યો, "ઓ શીરીન, શીરીન! આપરી વચ્ચે એક મોટી આફત આવીને ઉભેલી છે. તેનો કેમ નીકાળ થશે? અરે ખુદા તેં મને આવા ફાંફામાંથી પેહેલાંથીજ કાં ન બચાવ્યો? અરે શીરીન, શીરીન, તું મારી ક્યારે થશે?" પેસી એટલું બોલી રહયો કે તરતજ તેની પાછળ તેને એક અવાજ સંભળાયો, "કદી પણ નહીં, કદી પણ નહીં!"

પ્રકરણ ૪૧ મું.

ભેદી અવાજની ભરમભરી કાંહણી.

એ ઉપલો અવાજ ક્યાંથી આવ્યો હતો વારૂ ?

પેસી તે અવાજ સાંભળી એવો તો ધાભરો બની ગયો કે તેનું બ્યાન કરવું મુશકેલ છે. પણ ત્યારે એ છુપાઇને બોલનાર શખસ એવો તે કોણ હતો કે તેના માત્ર ઉપલા શબ્દોએ પેસીપર આટલી જબરી અસર કરી હતી ? પેસીએ પોતાની આસપાસ ઘણુંબી જોયું, પણ તેને નજદીકમાં કોઇબી નજરે પડ્યું નહીં. રાત તદન અંધારી હતી, અને દરયાના કીનારા પર તેણે પોતાને એકલોજ ઉભેલો દીઠો. તેના મનમાં હવે જબરી બીહક પેઠી. પણ તે પોતે આવી એકાંત જગ્યાએ એકલો હતો તેથી નહીં બીધો. તેની સઘળી બીહકનો મુખ્ય સબબ તો તે ભેદી અવાજ હતો. પણ તે ક્યાંથી આવ્યો તે તે શોધી કાહડી શકયો નહીં. તે અવાજ આ દુન્યાના કોઇ રહીશ તરફથી આવ્યો હતો યા આસમાન તરફનો તે ગેબી અવાજ હતો તે તે મુદ્દલ શોધી કાહડી શકયો નહીં. તે એટલું વટીક પણ જાણી શકયો નહીં કે યાતો તે અવાજ કોઇ મરદનો હતો યા કોઇ નાજુક અબળાનો હતો. ખરેખર પેસીને જ્યારે એ વાતનો ગુંચવાડો ઉત્પન્ન થયો ત્યારે તે ઘણી કઢંગી સ્થીતીમાં આવી પડયો. તેનું પાપી અંતકરણ ધભરાયું. રખે તેનાં આગળાં બદ કર્તુકથી કોઇ તરાહીત માણસ વાકેફ થયું હોય ? શું તે અવાજ શીરીન તરફથી આવ્યો હતો ? પણ શીરીન આવી અંધારી રાતે આવી એકાંત જગ્યાએ આવીજ કેમ શકે ? પણ ત્યારે શીરીન સીવાએ તેના પ્યારની ખબર બીજા કોણને હોય ? પણ ત્યારે જો આ અવાજ ગેબી હોય તો તેની હાલત કેવી થઇ પડે ? આ છેલ્લા વીચારથી પેસી ઘણોજ ધભરાયો. તે વધુ વાર ઉભો ન રેહેતાં કીનારેના પથ્થરપર ફસડાઇ પડયો, અને તેની આંખમાં આંસુ આવી ગયાં. વાંચનાર, પેસીને આપણે આ પેહેલોજ રડતો દીઠો છે; એ આગળ કદી બી રડતો જણાયો નથી, અને હવે પછી બી તે આપણને રડતો માલુમ પડશે નહીં. તેની આંખમાં આવેલાં આ આંસુ પેહેલાં તેમજ છેલ્લાં હતાં.

ઉપલું સઘળું ફકત થોડીજ પળમાં બન્યું હતું. તે હજુર પોતાની આસપાસ કાંઇ જોઇ શકયો નહીં. પણ જેવો તે હેઠળ રેતીપર બેસી ગયો કે તેણે સામેથી એક આકારને પોતે જ્યાં ફસડાઇ પડયો હતો ત્યાં ચાલી આવતો દીઠો. તે આકાર તેની નજદીક આવી પુગ્યો ત્યાં સુધી પેસીએ તે તરફ ડગાઇને જોયા કીધું. બે ત્રણ પળમાં તો તેની સામે તે આવી લાગ્યો અને તરતજ તેની તરફથી પાછો અવાજ સંભળાયો.

"કદી પણ નહીં, કદી પણ નહીં. શીરીન કોણ ? હજુર શીરીન ! હયે બેવફા પેસી એ શીરીનપરથી હાથ ઉઠાવ."

"એ કોણ ? ઝો—" અંતે પેસીએ આ સાદ પારખ્યો ખરો.

અને એ તેની સામે આવી ઉભેલો આકાર કાંઇજ નહીં પણ તે એક નાજુક, જવાન અને ખુબસુરત અબળા હતી.

પેસી આગળ કાંઇ બોલવા જતો હતો પણ તેને તેમ કરતો અટકાવી તે સ્ત્રી દમામદાર અવાજે બોલી ઉઠી,

"સબર કર, એ દયાહીન મરદ, સબર કર. હવે પછી ફરીથી શીરીનનું નામ તારી જબાનપર નહીં લેવું. અએ બેવફા આશક, ધ્યાન રાખ. હવે વધુ વાર તું મને ઠગી શકનાર નથી."

"એ કોણ ? ઝોહરા !" પેસી અતીશય અચરતીમાં આવી બોલ્યો,

"હા, તારી ઝોહરા." તે સ્ત્રીએ જવાબ આપ્યો. "બેવફા પેસીની વફાદાર ઝોહરા. આ

તારી કમનસીબ નીરદોશ બેટી લયલાની મા કમબખત ઝોહરા !

એમ કહી તે સ્ત્રીએ પોતાના હાથમાં એક બાળક હતું તે પેસીની સામું ધર્યું.

"ઝોહરા, ચુપ. ખુદા ખાતર ચુપ. આપણી વાત કોઇ સાંભળશે. કોઇ આપણો ભેદ જાણી લેશે. દયા ખાતર ધીમેથી બોલ." પેસી કરગરીને બોલ્યો.

"ત્યારે શું મેં તારી ઉપર આશા બાંધેલી ફોકટ ? શું તું મને હજુર આવીજ હાલતમાં રાખશે કે ? અરે હું દુન્યામાં કેમ ફરી શકું ? પ્યારને માટે હું આટલો વાર તવળી. મારા હાલપર દયા લાવવાને તુંને કીધેલી અરજો ફોકટ ગઇ, તારે તું શું મારી તરફથી દયાની આશા રાખેચ ? શું હું તુંને તે શીરીનને હાથ જવા દેવશ ? નહીં, નહીં. તેમ થયા પેહેલાં તો હું શું તું શું કરશ. હું હવે જીવપર ચહડેલી છું, મારી સંધી ધીરજ ખપી ગઇ છે, અને તે સઘળું તારી બેદરકારી, તારી બેવફાઇને લીધે બનવા પામ્યુંચ."

"સબર કર, ઝોહરા. તું એટલી બધી ઉશકેરાઇ ના જા. હું તુંને સારૂંજ કરી આપીશ. તારે સારૂં બીજીજ ગોઠવણ કરી છે." પેસી બોલ્યો.

"ચુપ નફ્ટ ! તુંને બોલવાની શરમ નથી આવતી ? બેહયા ! તારો આવોજ વચન કે? "

"જરા મને ધીરજથી સાંભળ, ઝોહરા. શીરીનને જીતી લેવામાં મને તું મદદ કર. તું પછી જોકે તું કેવી મોજ મજાહમાં રહી શકેચ. જો, એમાં તુંનેબી ફાયદો છે.

"અરે, આએ તો નફટાઇનીબી હદ થઇ રહી, સોખાઇબી હવે તો તેં પુરેપુરી વાપરી. તું આએ શું બોલેચ ? શીરીન તારે હાથ આવે તેમાં હું તુંને મદદ કરૂં ? શું હું તારાં પાપમાં શરીક થાઉં. ત્યારે શું તેં મારી ખાલી મશકેરીજ કરી કે ? મેં શું તુંને મારો પ્યાર વેચ્યોચ કે ? તેં પેહેલાં મને શું એવીજ કીસમની કબુલાત આપેલી કે ? હા, દુન્યા, દુન્યા ! ઓ દુન્યાના મકારે મરદો, તમે ઓરતોનો વાંક કાહડોચ. સ્ત્રી દગલબાજ છે એવું તો તમે કહોચ, પણ અએ કાફર પેસી, બેચશમ પેસી, હડહડતા જુઠઠા પેસી, તું આ શું કરે છે ? તું દગલબાજીથીબી જ્યાદા કરેચ. મને ફસાવીને વળી બીજીને ફસાવવાના કામમાં મને તું સામેલ કરવા માગે છે ? ઓ ખોદા ! આવા કરપીણો પરનો તારો કેહેર કાંહ છે ? અએ અલ્લા, આવા બદમાશોને સારૂં તેં તૈયાર રાખેલું દોજખ એકદમ ઉંગાડું મેળ અને તેમાં આ બદ ખસલતના સેતાનને એકદમ ગરક કર !"

તે સ્ત્રી આ સખુનો એટલાં બધાં તો ઝહનુનમાં આવી જઈ બોલી કે તે જોઇ પેસી તો હેબતાઇજ ગયો. ઝોહરાને એકદમ બીફ્રાએલી જોઇ તે ઘભરાયો.

"બોલ અએ બદખસલતી આદમી તું શું કેહેવા માંગેચ ? તું મને સેવટનો શું જવાબ આપેચ ?"

તે પાછી છેડાઇ પડીને બોલી.

"ઝોહરા," પેસી ભારે બીહકથી બહુ ધ્રુજતે અવાજે બોલ્યો, "તું મારી ઉપર એટલી બધી ખફા નહીં થા. મારો હાલ હમણાં જો તુંને કેહેવા બેસું તો તે સુડી વચ્ચે સોપારી જેવો થઇ પડયો છે. પ્યારની અગ્ન હમણાં મારા દીલમાં સલગી ઉઠી છે. તું મને ધીરજથી સાંભળે તો હું તુંને કહું. મેં તુંને—"

"નહીં, નહીં, હું તારૂં એવું બેહુંદું બોલવું સમજવા માંગતી નથી. તું મને પરણીને તારી હકદાર ધણીઆણી બનાવ."

"એ તું શું બકેચ, ઝોહરા ?" પેસીએ લગાર અજાયબ થઇ પુછયું, "શું હું તુંને પરણું ? એક પારસી કબી કોઇ મુસલમીનને પરણ્યો છે ?"

"તે ગમે તે હોય. પેહેલાં તારૂં વચન શું હતું તે યાદ કર. શું ત્યારે તેં મારી મશકરીજ કરી કે ! પણ યાદ રાખજે હએ પેશી કે જેમ એક ઓરત જેનાપર ખુરબાન થઇ તો તેનાપર પોતાનો જાન વટીક કાહડી

આપે તેમ જો કોઇ પર ખફા થઇ તો તેનો ખીસ્સો ઉપાર કરી નાખે. તેમાંની હું એક ઓરત છું. મરદો ઓરત કરતા વધુ જોરેમંદ અને મુસતાક રહે છે. પણ જાણજે ઓ મુજી, કે હું તુંને મારી પર ફાવવા દેનાર નથી. તું મારી પર ફાવવાની જરા કોશેશ કરે તે અગાઉ તારી આબરૂના કાંકરે કાંકરા કરી નાખવાની મારામાં શકતી છે. તુંને જગતની જાણુમાં લાવી ફજેત કરવાનું મારામાં બળ છે."

"દયા કર, ઓહરા, મારા હાલ પર દયા કર. જો હું શીરીનને કેવા પ્યારથી ચાહુંચ! તેની તુંને કયાંથી ખબર હોય?"

"ચુપ! તારી જુઠ્ઠી જબાં બંધ કર. તારા જેવા ઘાતકી દીલના આસામી તરફથી પ્યારની આશા રાખવી મોહયા છે. હું નીર્દોશ શીરીનને તારે હાથ જવા દઇશ નહીં. તારો બધો ભેદ મારા હાથમાં છે. તું મને મુવેલી જોવા ઇચ્છતો હશે. પણ કાંઇ નહીં. હું મરીશ તો મારૂં વેર લઇનેજ મરીશ. તુંને ખુહાર કરીનેજ મરીશ. અને વળી, મારી પાછળ, મારો ભાઇ તુંને કદી સખે જીવવા દેશે નહીં. જો તારો ભરમ બાહર કેમ જશે અને લોકોની ખાતરી કેમ થશે તેની જો આ એ સાબેતી," અને એટલું બોલી ઓહરાએ પોતાનાં ખીશામાંથી કાહડી કાંઇ પેસીને દેખાડયું.

તે ચીજ દેખતાંવાર પેસી જબરો ચમકયો. તેનાં હાંનજ જાણે ગગડી ગયા! તેનું ધ્યાન ઠેકાણે રહયું નહીં.

"અરે ઓહરા એ ચીજનો મેં તુંને નાશ કરવા કહેલો. લાવ, એ લાવ, હું એને દરયામાં હોમાવી દઊં નહીં તો મારા પગ તળે કચડી નાખું." એટલું બોલી તે ઓહરા તરફ પોતાનો હાથ તે ચીજ ઝુંટાવી લેવા માટે ઊપાડવા જતો હતો, પણ તરતજ તે ચતુર સ્ત્રીએ તે ચીજ પાછી પોતાના ખીસામાં ઝટ સેરવી દીધી.

પેસી હવે ઠરીંગાર થઇ ગયો. તેના પાણી હવે સદંતર મરી ગયાં.

"તું હવે ઘભરાએચ કાંએ? જો હજુરબી સમજ. નહીં તો કે આજથી તારા અને મારા વચ્ચે લડાઇ થયલી જાણજે. હું જમની પેઠે તારી પુઠે લાગશ અને તુંને જરા જંપીને બેસવા દેનાર નથી." એટલું બોલી ઓહરા પેસી તરફથી જવાબની રાહ જોતી બેઠી.

"જા, જ્યારે તારા હાથેજ તું એમ દુ:ખી થવા માંગેચ તો મારે તારી સાથે કશું લાગતું વળગતું નથી. તું જો મારા રસ્તામાં ફરીથી આવીચ તો હેરાન થશે."

પેસીએબી છેલ્લે પાટલે બેસી વાત કરવા માંડી.

"અએ બદબખત, તારા એ દરેક બોલ યાદ રાખજે. મેં તારે થકી તારી લુચ્ચાઇ લફંગાઇમાં ભાગ લીધોચ, પણ હવે એ સઘળું હું ભુલી જઇ તારી ઉપર સખ્ત કીનો લેવશ, કીનો. હું એક ઓરત છું, પણ મરદ કરતાં જોરાવર બનશ. અને તે સાને સારૂં? આએ મારાં બચ્ચાંને માટે." એટલું બોલી તે પોતાની બેટી લૈલાને લઇ પેસી તરફ જોયા વગર પાછી ફરી. પણ થોડેક ખટકે ગયા પછી તે પાછી ફરી અને બોલી, "જો યાદ રાખજે, તારી હુજ્જતને વરે મને બદનામ ના કરતો. યા ખુદા! મેંજ મારા હાથે મારા પગમાં કોહાડી મારીચ. મેં એક—" પણ અંહીં એકાએક તેની આંખમાં આંસુ આવી ગયાં જે લુછી નાંખીને તુરતજ બોલી, "પણ કંઇ નહીં. હું તેનો પુરતો બદલો લઇશ. હવે તારા કેહેવા પ્રમાણે આપણા બંને વચ્ચે કાંઇ પણ સંબંધ રેહેશે નહીં. આજે તો તું તારાં અસલ મકાનમાંજ ઉંઘજે, પણ આવતી કાલે તુંને કોઇ તદન અજાણાંજ મકાનમાં ખુવાબ કરવાની ફરજ પડશે."

ઓહરા હવે પેસીની નજદીકથી નીકળી ઝડપે પગલે આગળ ચાલવા લાગી. પણ તેની અજાયબી વચ્ચે પેસીને તેની પાછળ દોડી આવતો

તેણે જોયો. ઝોહરાને તેણે હાંક મારી ઉભી રાખી અને બોલ્યો "પણ શું તું મારો ભેદ જાહેર કરશે કે? અને સાથે લાગો તારા ભઇને બી હેરાન કરશે કે? તારૂં આપેલું વચન શું તું તોરસે કે?"

"મારે ગમે તે કરશ. હવે મને કોઈ અટકાવનાર નથી" ઝોહરા મકકમ અવાજે બોલી.

"નહીં, તારે તો જરા ઉભી રેહે, ઝોહરા." પેસી દુ:ખની એક હાય મારતો બોલ્યો, "હું અંતે હારયો ખરો. તું મારી સાથે નાહકની દુશમની ધરાવેચ. ઝોહરા, સાંભળ, આજે હું જરા ઉશકેરાએલી હાલતમાં છું, તેથી તું મને જવા દે. આવતી કાલે એજ વખતે તું મને આએજ જગ્યાએ મળજે. હું તુંને મન માનતો જવાબ દેવશ."

"નહીં. હું તારીપર એતબાર મુકી નથી શકતી." ઝોહરા બોલી, "હું આજે કેટલો વખત થયો તારી મુલાકાત કરવા માંગતી હતી, પણ તું મને મળ્યોજ નહીં. અને આજે જો તું મને નહીં મળ્યો હતે તો ખચીતજ હુ તારા ઘરમાં આવતે."

"નહીં ઝોહરા, હું તુંને ખાતરીં આપુંચ. હું તુંને આવતી કાલે જરૂર મળીશ.

"ઠીક છે. પણ યાદ રાખજે કે તું મને ઠગીને હવે ફાવી જનાર નથી." એટલું બોલી તે પેસીને એકલો મેળી ચાલી ગઈ.

પ્રકરણ ૪૨ મું.

નવાં પાપનું ભયંકર પરીણાંમ.

પેસી અને ગયા પ્રકરણમાં જોયલી ઝોહરા એ બંને વચ્ચે કેવી પ્રકારનો સંબંધ હતો તે વાંચનારે તેઓની વાતચીત ઉપરથીજ બહુ સારી રીતે સમજી લીધું હશે. પેસીને ઝોહરા સાથે આ ન ધારેલી મુલાકાત થઇ ગઈ હતી. આજ સુધી તે તેની પુઠ પકડી બેઠી હતી.પણ અંતે તે તેને મળ્યો હતો. પેસીની હકદાર પરણેતર થવાની તેણે ઇચ્છા બતાવી હતી, અને તેમ કરવાની તે પેસીને ફરજ પાડવા માંગતી હતી. પણ ઝોહરા પેસીને ચાહતી હતી, અને તેટલામાટે જયારે તેણે પેસીને શીરીનનું નામ દેતો સાભળ્યો ત્યારે તેની અદેખાઇ ઉશકેરાઇ, અને પેસી જો તેને હવે રાજી રાખશે નહીં તો તે એક મરદ કરતાં પણ વધુ કીનાખોર બની પોતાનું વેર લેવાને ચુકશે નહીં એટલે સુધી તે બોલી હતી, અને તેના સઘળા ભેદ ભરમો ઉંગાડા પાડી આપી તેને જગતની જાણમાં લાવવાની જ્યારે ઝોહરાએ તેને ધમકી આપી હતી ત્યારેજ તે દબી ગયો હતો, અને તે ચાલી જતી હતી તેને પાછી વટીક બોલાવીને આવતી કાલે તેને મળવાનું વચન તેણે તેને આપ્યું હતું.

* * * *

વખત રાતના સુમારે નવ વાગતાનો હતો. આવે વખતે ચરનીરોદને દરીયે કાંઠે એક જવાન મુસલમાન શખસ ધીમે ધીમે આમ તેમ ફરતો હતો. તેની નજદીકમાં એક નાની ગાંસડી પડેલી દેખાતી હતી. તેના આંગપર ઉંચી કીસમનો પોશાક હતો, અને તે કોઇના આવી પુગવાની આતુરતાથી રાહ જોતો હોય તેમ પોતાની આસપાસ વારે ઘડીયે નજર કરતો હતો. તે એમ ફરતાં ફરતાં આખરે કંટાળી ગયલો લાગ્યો, અને નીરાશામાં કીનારેના પથ્થર ઉપરથી ચહડીને બાહાર જવાનું કરતો હતો કે તેની નજરે એક સ્ત્રી તેના હાથમાંના બાળક સુધાં પડી. તે સ્ત્રી કોઇ નહીં પણ પેસીની પેલી ઝોહરા હતી અને તેના હાથમાંનું બાળક તે તેમી બેટી હતી.

પેલો મુસલમાન ઝોહરાને પીછાણતાંને વાર મોટે સાદે બોલ્યો.

"કેમ તું મને આખરે છેક ખોટી કરીને આવી કે?"

"ખરેખર, મને જરા—"પણ જેવી ઝોહરા તે મુસલમાન આગળ આવી કે તે આગળ બોલતી અટકી ગઇ. તેનો ચેહેરો અજાયબીમાં ટીકતી તે થોડીક પળ ઉભી રહી. ઘડીકમાં તે તેના ખુબસુરત ચેહેરા તરફ જોતી તો વળી ઘડીકમાં તે તેના સુંદર પોશાક ઉપર નજર ફેંકતી.

પણ આખરે તે એકાએક બોલી ઉઠી, "યા ખુદા! આએજ મરદ, આએજ લેબાસ અને આએજ ખુબસુરતી!"

એવી રીતે તે તે ખુશાલીમાં આવી ગઇ, અને પોતાના હાથમાંથી લૈલાને જમીનપર મેળી તે જવાનને જુસ્સા બંધ ભેટવા જતી હતી તેવામાં કોણ જાણે તેના મનમાં શું એક વીચાર આવ્યો તે તેમ કરતી તે અટકી ગઇ. તોપણ તે ભારે આતુરતાથી તેની તરફ જોઇને બોલી.

"અએ ખુબસુરત જવાન, હું કોણને ભેટું? મારા પ્યારા અઝીમને યા પેસીને?"

"અએ સુંદર નાર, તારે ગમે તેને." જવાબ મળ્યો.

"તાહરે તો, એ મારા દીલદાર અઝીમ!" એટલું બોલી ઝટ તે પેલા જવાનને વળગી પડી. પણ વળી શું થયું? શું ઝોહરાને કોઇ સાંપે દંખી? કારણ, તે તરતજ તેની ગોદમાંથી એક પળકારામાં છુટી થઇ ગઇ, એક બાજુએ જઇ ઉભી રહીને કાંઇ વીચારમાં પડી! પેલો શખસ આનો સબબ ન સમજી શકવાથી બહુ હેરત રહયો! પણ એ તેની અજાયબી લાંબો વખત રહી નહીં, કારણ કે તે ઓરત તુરતજ બોલી ઉઠી,

"શું તું ખરૂં કહેચ? શું હું કાંઇ સ્વપ્નો તો નથી જોતી?"

"પ્યારી ઝોહરા, મને લાગેચ કે તું દીવાની બની ગઇચ." પેલો શખસ લગાર ગમગીન થઈ બોલ્યો.

પણ તેના બોલવા ઉપર કાંઇ ધ્યાન ન આપતાં તે સ્ત્રી પાછી પુકારી ઉઠી, "હું શું પેસીની હસ્તી આ દુન્યામાંથી ભુલી જઇને હવેથી મારા આગળના અઝીમનેજ યાદ કરૂં?"

"એટલે? તારૂં બોલવું હું સમજતો નથી."

"અરે અલ્લાહ, તાહરે શું હું ઠગાતી તો નથી? અરે શું તું મારી મશકરી તો નહીં કરતો હોય? શું તું શીરીનને હવેથી ખચ્ચીતજ વીસરી જશે?" અને એટલું બોલી ઝોહરાએ તે શખશ તરફ બારીકીથી જોયું.

"ઝોહરા, તું તારી હુજ્જત હજુર છોરતી નથી. એક ચીજ સીવાય જે કહે તે કરવાને હું કબુલ થાઉં. યાદ રાખજે કે હું એ શીરીનને ભુલી જઇ શકવાનો નથી. નહીં, નહીં, એ પ્યારને ખાતર તો હું મારો જીવ આપશ, જીવ! ઝોહરા, જો એટલી મારીપર દયા કર. મને માફ કર. આગળી પાછળી ભુલી જા." એટલું બોલી તે જવાને એકદમ ઝોહરા નજદીક જઇ તેના પગપર પોતાનું સર નમાવ્યું.

પ્રીય વાંચનાર, આ ખુબસુરત જવાન કોણ હતો? શું તે એક મુસલમાન હતો? અને શું તેનું નામ અઝીમ હતું? નહીં. તે જવાન મુસલમાની પોશાકમાં એક પારસી હતો. અને તે કોઇજ નહીં પણ પેસી હતો.

તેને એવી રીતે સર નમાવતો જોઇ ઝોહરા એટલી બધી તો ગુસ્સે થઇ ગઈ કે પોતાની લાટવડે તેણે તેને એક સખત આંચકો મારી પોતાની આગળથી દુર કર્યો. તેનો ચેહેરો વીકાળ વરૂની માફક ઝનુની બની ગયો, અને તે એટલી બધી તો ઉશકેરાઈને બોલી ઉઠી કે તે જોઇ પેસો ઠઠરીજ ગયો!

"હય પેસી બેવફા! દુર! દુર! દુન્યામાંથી તુંજ નાપાકની હસ્તી નાબુદ થજો! આએ પ્રમાણે મારા આ અસલના માનીતા પોશાકમાં સજ થઇ તું શું મને હજુર વધારે સતાવવા આયોચ કે? અંતે તેં મને આજે દગો દીધો! તાહરે તેં મને આજે અહીં બોલાવી શું કામ? પણ હવે નીમકહરામ પેસી, તારી એ મકસદમાં તું ફાવશે નહીં. તારી ઉપર ભરૂશો

મેળી મેં તુંને કીંમતી મદદ કીધી, તેનો શું આએ બદલો ? તારી તરફની આશાનો શું આએ નતીજો ? યા અલ્લાહ, રેહેમત અલ્લાહ ! આવા કરપીન બદમાસોથી તું દુન્યાનાં નીરદોશ લોકને બચાવજે !" એટલું બોલી ઝોહરા થાકી ગયલી એકદમ રેતીપર ફસડાઇ પડી, અને તેની બંને આંખો જાણે આતશના બે નાના ધગધગતા ગોળાની માફક તેના બેવફા આશક તરફ ચોંટી રહી.

પેસી આ દેખાવ જોઇ બીહકનો મારયો ધ્રુજવા લાગ્યો. તેણે પોતા સામે ખુબસુરત ઝોહરાને બદલે જાણે એક છેડાયલી કડકણી વાગણને બેઠેલી જોઇ. શું કરવું અને કેઇ રીતે વરતવું તે તે સમજી શકયો નહીં. તોપણ તેણે પોતાની હીંમત તેનાથી જેમ બને તેમ ભેગી કરી, અને બોલ્યો,

"ઝોહરા, મારા પ્યાર પર દયા કર. જો તું મને ખરી રીતે ચાહતી હોય તો મારી ઉપર દયા કર. તું જે કેહેશે તે પ્રમાણે હું ચાલીશ. તારો ગુલામ થઇ રેહેવશ. પણ શીરીનને હું તારે લીધે જતી મેળીશ નહીં."

"હયે નફ્ટ આદમી, હવે પછીજ તુંને ખબર પડશે કે તારા કેવા બુરા હાલ થાયચ. શું હું તારા જેવા બદમાસને હાથે એક નીદોશ છોકરીને જવા દઇશ ? હુંબી તો વારૂ જોઉંચ કે તું આ દુન્યામાં છુટથી કેમ ફરેચ ?" એટલું બોલી ઝોહરા રેતી ઉપરથી ઉઠી ઉભી થઇ, અને પોતાના બાળકને લઇને ચાલી જવાની તૈયારીમાં હતી તેને પેસીએ હાથ પકડીને અટકાવી, અને તે બોલ્યો,

"નહીં ઝોહરા, તું મને એમ ધમકી આપીને જઇ શકશે નહીં."

"છોડ, હયે મુજી, મારો હાથ છોડ." અને ઝોહરાએ પોતાનો હાથ જોરથી ખેંચી લઇ પેસીને દુર કર્યો. પણ અજબ જેવું છે કે જેવી તે પેસીના હાથથી છુટી થઇ કે તેણે પોતાના બાલકને રેતી પર પાછું મેળી દીધું અને એક પળ પણ ખોહયા વના પોતા પાસે છુપાવેલું એક ખંજર બાહર કાહડી પેસીનાં આંગ પર ધસી ! પણ પેસીએ તુરતજ સમયસુચકતા વાપરી, તે ખંજરની કાંઇ પણ દરકાર કરયા વના એક હાથે તે ખંજરવાલો હાથ પકડી બીજે હાથે પોતાના ગજવામાંથી લાલ રંગનો એક રૂમાલ ઝડપથી બાહર કાહડી તે ઝોહરાના મોંહડા પર તરતજ દાબી દીધો ! અને વાંચનાર, તેની અસર કેવી થઇ ? મોંહડાં પર રૂમાલ દબાતાંને વાર ઝોહરા તતકાળ જમીન પર પડી, અને બેશુદ્ધ થઇ ગઇ ! જેવી ઝોહરા જમીન પર પડી કે તેના હાથમાંનું પડી ગયલું પેલું ખંજર પેસીએ લઇ લીધું, અને આગલો પાછલો કાંઇ પણ વીચાર કર્યા વગર તેણે તે ખંજર ઝોહરાની નાજુક છાતીમાં એવું તો જોરથી ભોકી દીધું કે તે તુરત ભાંગી ગયું ! આ જોઇ પેસી બહુ ધભરાયો ! તોપણ તેણે ઝોહરાને ઉંચકીને માહસાગરમાં હોમાવી દીધી, અને ત્યાર પછી તેના બાળકનો પણ તે કરપીણ શખસે તેવીજ રીતે નીકાળ કર્યો.

ત્યાર બાદ તે જ્યાં પેલી નાની ગાંસડી પડેલી આપણે દીઠી હતી ત્યાં આવ્યો, અને પોતાનો મુસલમાની પોશાક કાહડી નાખી તેણે ફાડી તોડી ટુકડે ટુકડા કરી નાખ્યા, અને પેલી ગાંસડીમાંથી પારસીને બરના કપડાં પેહેરી તે ઉતાવળે પગલે તે દરયો કીનારો છોડી ગયો !

ઉપલું ઘોર કર્મ કર્યા પછી પેસીના દીલને સંપુર્ણ ટાઢક વળી હતી. તેણે હવે પોતાને તદન સહીસલામત બોરદુ પર ઉભેલો દીઠો. પાપ પકડાઇ આવવાની ધાસ્તી હવે તેના મનસે રહી હતી નહીં. ઝોહરા કે જેનાથી તેને બીહવાનું મોટું કારણ હતું તે તો હવે તેના માર્ગમાંથી સદાની દુર થઇ હતી, અને તેટલા માટે તે કમનસીબ સ્ત્રી સાથના તેના આગળા સંબંધ અને તેનાં હાલના બદકૃત્ય બાબે તેને કોઇ પણ રીતની ચીંતામાં હવે વધુ વાર રેહેવું પડે એમ માની લેવાનો તેની પાસે એકબી સબબ રહયો હતો નહીં. કારણ કે જેનાથી

તેને મોટો ભય રાખવાનો હતો તેનો તો તેણે સપાટાબંધ નીકાલ કરી નાખ્યો હતો.

જ્યારથી ઝોહરા સાથે તેની અચાણક મુલાકાત થઇ ગઇ ત્યારનોજ તેનો જીવ જાણે કે ઉડી ગયો હતો. અને તેમ બનવાનો સબબ તદન ખુલ્લો હતો. તે શીરીનને કેટલી બધી હદ સુધી ચાહતો હતો, અને તેનો પ્યાર પોતા તરફ ખેંચી લેવા માટે તે કેટલો બધો તતપર થઇ રહયો હતો એ વાત તો આપણે અત્યાર અગાઉની બહુ સારી રીતે જાણ્યે છીયે. ત્યારે તેમાં કોઇ પ્રકારની નડતલ નડે તો તેથી કરીને તેને નુકસાનમાં ઉતરવાનો સંભવ શું થોડો હતો? ઝોહરા સાથે તેને આગળ વેહેવાર હતો એવી રીતની ખબર રૂસતીમશાહને કાને આવતાં શું તેની આબરૂની સદંતર ધુળધાની ન થઈ જાય? તેના ઉપરનો તેમનો સંપુર્ણ વીશ્વાસ તુરત ઉડી જતાં શું વાર લાગે? અને પેસી જેવો પાકકો અને ઉડાઉગીર આદમી આ સઘળી બીનાની સચ્ચાઇ ચેતી જઇ કોઇ પણ રીતનું પોતાના ગેરલાભમાં આવતું પરીણામ અટકાવવાની કોશેશ ન કરે એમ આપણાથી માનીજ કેમ શકાય?

પોતાની આબરૂને ધોકો પુગવાનો આ બહુ ભયભીત સમો આવી પુગો હતો એવું જાણીનેજ તે બીહધો હતો. પણ હવે? હવે તો બાજીએ તદન નવુંજ રૂપ લીધું હતું. આપણે ઝોહરાને તેના બાળક સાથ માહસાગરને જોઈ સોંપ્યા પછી તો તેનો જીવ અમો ઉપર કહી ગયાં તેમ ફીકરથી તદન નીરાલો બની ગયો હતો. તેણે જોઇ લીધું હતું કે જ્યારે હોરમત ખોહવાનો સોદો હતો ત્યારેજ નસીબ દેવીએ તેને જબરી યારી દીધી હતી, અને તેથી કરીને તેનું મન હરશની લાગણીઓથી ઉભાઇ જાય તેમાં નવાઇ શી?

પણ પેસીની ચાલચલણમાં આ વળી કેવો અજબ જેવો ફેરફાર! તેની નીતી રીતી આવી રીતે, થોડાજ વારમાં કેમ બદલાઇ જવા પામી? પોતે ફરીથી કોઈ પણ જાતના પાપમાં પોતાના હાથ બોળશે નહીં એવી રીતની કબુલાત તેણે અગાઉ આપી હતી તે ઉપર એટલું ઝટ કેમ પાણી ફરયું? હજુર તો તેની અસલી બુરી ટેવો તજ્યાને લાંબો વખત પસાર થવા પામ્યો નથી તેટલામાંજ આગળ કરતાં પણ વધું ઘોર કર્મ કરી વધારે ઉંડા પાપમાં તે કેમ ફસ્યો હશે? આ શું તેના શીરીન માટેના પ્યારની ગવાહી? બબે નીર્દોશ જીવડાને પલવારમાં ખોહાર કરી તેણે શું આ પોતાની પવીત્ર મોહબતની સાબેતી આપી કે? પણ હા, વાંચનાર, પેસીએ આ જે કરયું છે તે પ્યારનેજ માટે કર્યું છે. તેના જેવી સ્થીતીનાં માણસે તેમ કરવા વગર છુટક હતો નહીં. પણ એમ કહીને અમો પેસીનો બચાવ કરવા માંગ્યે છીયે એમ વાંચનારે ધારવું નહીં. શીરીન તરફનો તેનો પ્યારનો જુસ્સો કેટલો બધો વધી જવા પામ્યો હતો એ વાત આપણે ધ્યાનમાંથી ખીસાડવી જોઇતી નથી. અને તેટલામાટે હદ બાહર પ્યારની અસર તળે દબાઇ ગયલો પેસી આંધળેપણે વધારે અઝીમ પાપમાં ડુબતો જાય તેમાં નવાઇ નહીં. એનાં આગલા બદકૃત્યો હજુર એને આગળ ચાલતાં કેવી રીતે નડશે અને એને કેવાં વધુ ને વધુ ઘોર પાપોમાં સપડાવતાં જશે તે સઘળું તો આ વાર્તા પુરેપુરી વાંચ્યાથીજ માલમ પડશે.

પ્રકરણ ૪૩ મું.

લાહોર ખાતેની મુસાફરી. એરચને મળેલો વીચીત્ર અનુભવ.

હવે આપણે એરચ તરફ ફર્યે. પાંતરીસમાં પ્રકરણને છેડે તેને આપણે ચાઇદેશાં અને જાંહગીર પારખની ભલી દુવાઓ વચ્ચે લાહોરખાતે ઉપડી જતો દીઠો હતો. તે બીજા વર્ગમાં

મુસાફરી કરતો હતો, અને માર્ગમાં દીલ્લીહનું સ્તેશન આવ્યા સુધી તેના બાબમાં કાંઇબી જાણવાજોગ બનવા પામ્યું નહીં. પણ દીલ્લીહના સ્તેશન પરથી કોઇ બે ઉતારૂ એરચવાલા કમપાર્ટમેંટ આગળ આવી લાગ્યા. તેઓ પાસે પેહેલા વર્ગની ટીકીટ હતી, પણ તે વર્ગમાં તેઓને જગ્યા નહીં મળી શકવાથી નાચારીએ તેઓને બીજા વર્ગનો આશરો શોધવો પડયો હતો, અને તેટલા માટે તેઓ દેખઇતી રીતે બહુ ખીજવાયલા લાગતા હતા. તેઓમાંનો એક શખસ એક જુવાંન વયનો મુલતાની હતો જ્યારે તેની સાથવાલો એક યુરેઝીઅન હતો. તે યુરેઝીઅને દમામમાંજ બારણું ઉઘાડયું, અને બેઠકની ઉપર એક વાણ્યો સુતો હતો તેને ઠઠરાવનારા શબ્દોમાં (ઇંગ્રેજી ભાશામાં) નીચે ઉતરવા કહ્યું. પણ વાણ્યા ભાઇ તો કરારે સુતા સુતાજ બોલી ઉઠયા કે "અમકુ ઇંગલીસ નો માલુમ." આ ઉપરથી તે સાહેબનો મીજાસ ગયો, અને હીંદુસ્તાની ભાષામાં દમસમ કરી તે વાણ્યાને નીચે આવવા કહ્યું. વાણ્યો પણ આથી છેડાયો અને બોલ્યો, "ટીકીટ મેં લીધીચ કે ના. અમકી ગાળો શીદને આપેચ? જા, નહીં ઉતરૂ." પણ યુરેઝીયન બચ્ચો કાંઇ ખાત્યો જાય? એક વાણ્યાને હાથે પોતાને અપમાન થવા તે કદી દયે? તેણે તો "ડેમ" "દફ્ર" "સુવ્વર" "કાફ્ર" અને મોંહ ભાવે એવા શબ્દો ઓચરવા માંડયા, અને એવાં તો ઝહનુનથી ડોલા કકડાવી તે વાણ્યાનો હાથ ઝાલ્યો કે તે બીચારાના પોત્યાંજ લેવાયાં! "નારે બાપજી, પણ ઉતરૂં છુંની. શું મને મારશે?" એમ કહી તે બીચારો ઝડપથી હેઠળ ઉતરી પડયો, અને તે ખીજવાયલા યુરેઝીયનને જગ્યા કરી આપી.

પણ એરચ આ ગડબડથી એકદમ જાગૃત થયો, અને નવા આવનારને જોઇ તે લગાર અજાયબ થયો. પણ તે વાણ્યાએ જ્યારે તેને બનેલી વાતથી વાકેફ કર્યો ત્યારે તે જરાક ગુસ્સે થયો, "પણ ભાઇ સાહેબ, તમે હેઠળ ઉતરી શું કામ પડયા?" એરચે વાણ્યાને પુછ્યું.

"અરે ફોકટનો મારવા ધસ્યો તો પછી શું કરીયે?" વાણ્યાએ પોતાનો બચાવ આણ્યો.

પણ એરચ તેને માટે કશું કરી શકયો નહીં. વાણ્યો નીચે ઉતરયો હતો અને તેની જગ્યા તે યુરેઝીઅને લીધી હતી એટલે હવે વચ્ચે પડવું વાજબી નહીં એમ તેને લાગ્યું

પણ હવે એરચની વારી આવી.

તે યુરેઝીઅને તો પોતાને માટે ઉંઘવાની ઠીક સગવડ કરી લીધી હતી પણ હવે તેનો સાથી મુલતાની કયાં ઉંગે? તે મુલતાનીએ હવે એરચ જ્યાં સુતો હતો ત્યાં નજર કરી. એરચને એકદમ નીચે ઉતરી પડવાનો તેણે દમામમાંજ જાણે હુકમ કર્યો. એરચ તેના બોલવા પર ધ્યાન ન આપતાં સુઇજ રહયો. આ ઉપરથી તે મુલતાનીએ ગડબડ કરવા માંડી, અને પેહેલા વર્ગની ટીકીટ ધરાવનારા "રીસપેકતેબલ" ઉતારૂઓ કોઇબી રીતની અડચણ ભોગવવાને સેહેજબી બંધાયલા નથી એવી તેણે ફર્યાદ કરી. હવે એરચે બોલવાની જરૂર જોઇ. પેહેલા વર્ગની ટીકીટ ધરાવનાર ઉતારૂને જો તે વર્ગમાં જગ્યા ન મળે, અને તે સબબથી તેને જો તેથી ઉતરતા વર્ગનો આશરો લેવો પડે તો તે વર્ગના ઉતારૂઓ પોતાની સગવડ ખોહી કોઇબી નવા આવનારના મીજાસને શરણ થાય એ વાત કદી બનેજ નહીં, એમ જ્યારે એરચ હીંમતથી બોલ્યો ત્યારે તે મુલતાની બહુજ ખીજવાયો. પણ એરચ ઠંડોજ રહયો. બીચારા આ ભોલા વાણ્યાને ધમકાવી તેઓ ફાવી ગયા હોય, એરચ વધુ બોલ્યો હતો, પણ તેઓની ધમકીથી એક પારસી કદીબી ડરી જશે નહીં, તે વીશે તેઓએ ખાતરી રાખવી. આ ઉપરથી પેલો યુરેઝીઅન જવાંન કુદકો મારી હેઠળ ઉતરયો, અને એરચ સાંમો આવી ઉભો. પણ પેલો વાણ્યો એરચની રમુજ અને તે બંન્નેના ભારે ફફરાટ વચ્ચે પોતાની અસલ જગ્યાએ ચહડી બેઠો. એરચના બોલવાથી હવે તેને નવું જોર આવ્યું હતું.

"આવો જોઇએ હવે તો એકજ હાથે બેઉને ઝાલીને અફારી નાખું."

પણ પેલો મુલતાની અને યુરેઝીઅન એ-રચની સામા ઉભા રહી હુજ્જત કરવાજ લાગ્યા, અને અંતે એરચનો હાથ પકડી તેને જબરીથી હેઠે ઉતારી પાડવાની કોશીશ કરી પણ એરચે તેઓને તેઓની નેમમાં ફાવવા દીધા નહીં. તેણે એક સખત આંચકો મારી મુલતાનીને પોતાથી દુર કર્યો, અને ઉતારૂને જબરી વાપરી ગેરકાયદે હેરાન કરવા માટે તેઓને ઘણું ખમવું પડશે એમ બોલ્યો. પણ તેટલામાં તો સહરાનપુરનું સ્ટેશન આવી પુગ્યું. તે બંન્ને કજ્યો શોધનાર સ્ટેશન પર ઉતરયા અને ગાર્દને બોલાવ્યો, અને પેહેલા વર્ગની ટીકીટ ધરાવી તેઓ કોઇબી રીતની અડચણ શું કામ ભોગવે તેનું કારણ તેઓએ તેની પાસે માંગ્યું. પણ ગાર્દ શું કારણ આપે? તેણે તો વાજબીની રાહે કહ્યું કે પેહેલા વર્ગમાં જગ્યા નહીં હોવાને લીધે તેઓ કોઇ બીજા વર્ગના ઉતારૂઓને કદીબી અગવડમાં નાખી શકે નહીં. પણ તેઓ તો આથી વધુ છોડાયા, અને ગાર્દની હાજરીમાંજ એરચને ગાળો દેવા લાગ્યા. હવે એરચની ધીરજ રહી નહીં. ગાર્દને અને પેલા વાણ્યાને શાક્ષી તરીકે રેહેવા તેણે કહ્યું, અને તુરત સ્તેશન માસ્તરને બોલાવા ગયો. સ્તેશન માસ્તર જે એક ભલો અંગ્રેજ બચ્ચો હતો તે એરચની સાથે તુરત ખટપટવાલી જગ્યાએ આવી પોહચ્યો. સઘળી વીગત સાંભળી લઇ તે સ્તેશન માસતરે વાજબી ચુકાદો આપ્યો. પેલા વાણ્યા ગ્રહસ્થ અને એરચની શાંતીમાં હરકત કરવાનો અને તેઓને તેઓની જગ્યા ઉપરથી જોર વાપરી ખસેડવાનો હક તે યુરેઝીઅન અને તે મુલતાનીને બીલકુલ હતો નહીં. કજ્યાનો નીકાલ ટુંકમાં પતાવવાના હેતુથી સ્તેશન માસતરે એરચ હવે આગળ શું કરવા માંગે છે તે વીશે તેને પુછ્યું. આ ઉપરથી એરચે તે બંન્નેના નામ માંગયા. અને સ્તેશન માસતરે તેઓને તેમ કરવા વગર ઢીલે ફરમાવ્યું. આ ઉપરથી તેઓ એક એકનું મોહું જોવા લાગ્યા, અને નામ આપવું કે નહીં તે બાબે વીચારમાં પડયા. ત્રેનને લગાર મોડું થયું હતું અને તેટલામાટે સ્તેશન માસ્તર વાજબી રીતે ઉતાવળમાં પડયો, અને નામ નહીં આપશે તો તેઓને આગળ વધવા દીધામાં ન આવતાં ત્યાંજ પહરેજ કરવામાં આવશે એમ જ્યારે તેણે જરા ગુસ્સાથી કહ્યું ત્યારેજ તેઓએ પોત પોતાંના નામ આપી દીધાં જે એરચે પોતાની નોંધ પોથીમાં તપકાવી લીધાં. તે સ્તેશનપરથી પેહેલા વર્ગમાં સગવડ થતાં તે મુલતાની અને યુરેઝીઅન ત્યાં જઇ બેઠા, અને સ્તેશન માસતરે લીધેલી મેહેનત માટે એરચે અને પેલા વાણ્યાએ બંન્નેએ તેનો ઉપકાર માન્યો, અને ત્યાર પછી તુરતજ ત્રેન સહરાનપુરનું સ્તેશન છોડી આગળ વધી.

માર્ગમાં સ્તેશને સ્તેશન તે મુલતાની અને યુરેઝીઅન એરચવાલા કંપારટમેંટ આગળ ભમ્યા કરતા હતા અને તે કીયે સ્તેશને ઉતરે છે તે જોવાને ખાહેશમંદ જેવા લાગતા હતા. પણ દરેક વખતે એરચને તો બેઠેલોજ જોઇ તેઓ જરા ખીજવાઇને ચાલી જતા હતા. એમ કરતાં આખરે લાહોરનું સ્તેશન આવી લાગ્યું, અને એરચની અજાયબી વચ્ચે તે મુલતાની પેલા યુરેઝીઅન સાથે તેજ સ્તેશન ઉપર ઉતરયો. અને એરચનેબી તેજ સ્તેશનપર ઉતરેલો જોઇ તેઓબી બહુ અજબ રહયા!

પ્રકરણ ૪૪ મું.

દુશમન કે દોસ્ત?

જોદામળ નામના એક શ્રીમંત મુલતાનીની પેહેડીપર એરચને એક પત્ર વેહેવાર ચલાવનારની જગ્યા મળી હતી. તેનો વેપાર બોહલો હોવાને લીધે હીંદુસ્તાનની ઘણી મુખ્ય પેહેડીઓ સાથે તેને નીકટ સંબંધ હતો જોદામળનું નામ એક ઉંચ વર્ગના વેપારી તરીકે

આખા લાહોરમાં જાણીતું હતું, અને તેની પેહેઢી બાપદાદેથી ઉતરી આવેલી હોવાથી બહુ જુની અને ઘણી સારી આંટ ધરાવતી હતી.

"હું જેઠામળ શેઠને મળવા માગું છું." બીજી સહવારે એરચે તે જાણીતી પેહેડીએ જઇ ત્યાંના એકાદ કારકુનને ઉપર મુજબ અરજ કરી.

"તમારૂં નામ શું, સાહેબ?" તે કારકુને એરચના મોહ સામું ટીકી ટીકીને જોઇને પુછ્યું.

"મારૂં નામ એરચ નાદીરશાહ, અને મને આ તમારી પેહેડીપર એક જગ્યા મળી છે તે બાબે હું તમારા શેઠને મળીને ખુલાસો કરવા માંગું છું કે જે શખસપર તમારા શેઠનો પત્ર આવેલો તે હુંજ છેઉં." એરચ બોલ્યો.

"ચાલો આવો, મારા શેઠ જરા અંહીંથી દુરના ઓરડામાં બેઠા હશે." એટલું બોલી તે કારકુન પોતાની જગ્યાએથી ઉઠયો, અને એરચને પોતાના શેઠવાલા ઓરડામાં લઈ ગયો.

"આ કોઇ પારસી તમોને પુછે છે, શેઠ" એટલું બોલી તેઓ તે ઓરડામાં દાખલ થયા. "આ, અમારા શેઠ જેઠામળ, તમારે જે કેહેવું હોય તે બેલાશક કહો.

"આવો શેઠ, બેસો અંહીં." જેઠામળે સભ્યતાથી કહ્યું, અને એરચ એક નજદીકની ખુરશીપર બેઠો.

"તમો સાહેબે એરચ નાદીરશાહ નામના શખસ ઉપર આજ એક અઠવાડયાંની વાત ઉપર પત્ર લખેલો તે એરચ નાદીરશાહ હુંજ છું. આજ તમારો મારી ઉપર આવેલો પત્ર."

જેઠામળે તે જોયો, અને પોતાની ખાતરી કરી અને બોલ્યો, "ફીકર નહીં. તમારે સારૂં મેં ગોથવણ કરી છે. તમે ઘણું કરીને આવતી કાલે પેહેઢી ઉપર આવજો અને હું તમારૂં કામકાજ તમોને બતાવીશ."

"વારૂ સાહેબ, તમારો મોટો ઉપકારથયો. મારા જેવા ગરીબપર મેહેરબાની કરી તે જોઇ હું બહુ ખુશી છું."

"અરે ભાઇ એમાં તે શું મોટી વાત. કામ કરીને તમે પૈસા લેશો. કંઇ અમારૂં હરામનું તો નથી લેવાના." જેઠામળ નરમાસથી બોલ્યો.

"એ તો સાહેબ તમારી ભલાઇ છે, અને તમે——" પણ એરચ અંહીં એકાએક બોલતો અટકી ગયો. સામેથી પસાર થઇ જતા એક જવાન શખસ ઉપર તેની નજર પડતાં તે ચોંકયો.

આએ સામેથી પેલા જવાન અંહીં આવતા મને દેખાયા તેઓ કોણ, સાહેબ?" એરચે આતુરતાથી પુછયું.

"તમે શું એને ઓળખો છો, ભાઈ?"

"હા શેઠ. એ જવાન મારીજ ત્રેનમાં એક યુરેઝીઅન સાથે દીલ્લીહનાં સ્તેશન ઉપરથી બેઠો હતો, અને તેની સાથે મળી જઇ એ જુવાન્યાએ મારી સાથે બહુજ ન છાજતી ચાલ ચલાવી છે અને એની જોડે તે યુરેઝીઅન સામે કામ ચલાવવા માટે મેં તેઓનાં નામ પણ લખી લીધાં છે. અને શાક્ષી તરીકે તે ત્રેનનો ગાર્દ અને એક વાણ્યો છે." ટુંકમાં, એરચે તેઓ સાથે બનેલી સઘળી વાત જેઠામળને કહી.

"તમારો આ હેવાલ સાંભળી હું બહુ દલગીર છું, ભાઇ. પણ એ છોકરો એવોજ છે. એ પેલા હાફ્‌કાસની સાથે ફરીને બગડી ગીયોચ."

"વારૂ ત્યારે એ શું તમારો કોઈ સગો થાયચ કે?" એરચે બહુ આતુરમંદ થઇ પુછ્યું.

"હા. એ મારો ભત્રીજો થાયચ, અને મારે કાંઇ પણ સંતાન ન હોવાને લીધે મેં એને મારો દીકરો કરી લીધોચ." જેઠામળે ખોલાસો કર્યો.

"ત્યારે એની સાથનો પેલો યુરેઝીઅન શું ધંધો કરેચ?"

"તે પોતે એક બારીસ્તર છે. પણ બાપની સઘળી દોલત તેના મરણ બાદ એના હાથમાં આવતાંને વાર તેણે પોતાનો ધંધો છોડી

દીધો, અને ત્યારથી તે આજની ઘડી સુધી એ પૈસા ઉડાવ્યો જાયચ ને તેની સાથે મારા ભત્રીજાને પણ સામેલ કરેચ. લેઓની, હમણાંજ એ લોક હીંદુસ્તાનની મુસાફરીએ નીકળ્યા હતા, અને તાંહ કોણ જાણે હજારો રૂપ્યા ઊડાવ્યા હોસે."

"ત્યારે તો એવા માણુસની સંગત તમારા ભત્રીજાએ તજવી જોઇયે."

"હું એને બહુ સમજાઉંચ પણ એ સમજતોજ નથી, એટલે મને નાચાર થઇ બેસવું પડેચ." જેહામળે બલાપો કર્યો.

"પણ વારૂ, એ લોકના નામ શું?"

"મારા ભત્રીજાનું નામ હીરામલ અને તે બારીસ્તરનું નામ રીચી પેન કરીને છે."

"શું! આજ તેઓના નામ!"

એરચ એકાએક બોલી ઉઠયો.

"કેમ સાહેબ, ત્યારે તમે શું એ લોકને કાંઇ ઘણુંકનાં ઓળખોચ કે?"

જેહામલે અજાયબીમાં પુછયું.

"નહીં. તેવું કશુંએ નથી. મને ગેરકાયદે હેરાન કરવાનાં વાંક માટે, એ લોકને હું કોરટમાં ઘસડવાનો તો હતોજ, તેમાં વળી એ લોક સામે એક બીજો આરોપ વધ્યો છે. તેટલામાટે, એ આરોપ માટે હું એ લોકો સામે કામ ચલાવી શકું એમ છે." એરચ મક્કમ અવાજે બોલ્યો.

"તે વળી બીજો આરોપ શું?"

"ખોટાં નામ આપી મને ઠગવાનો આરોપ."

"ત્યારે શું એ લોકોએ તમોને ખોટાં નામ આપ્યાં?"

"હા. તમે હમણાં મને જે નામ કહ્યાં તે મારી નોંધ પોથીમાં લખી લીધેલાંથી તદન જુદાં છે, અને તેટલામાટે તેઓએ મને આપેલાં નામ ખોટાં હોવાંજ જોઇયે."

"પણ તેમ કરવાનો તેઓને સબબ શું મળ્યો?"

"હું લાહોર ઉતરવાનો નહીં હોઇશ એવા ખ્યાલમાં કદાચ તેઓ હોય, અને તેટલામાટે તેઓએ મને ઠગ્યો હોય. મારી તો એ માત્ર અટકળ છે. પછી ખરી વાત તો કોણ જાણે."

પણ એરચની આ અટકળ ખરી હતી. ચોકકસ મતલબ ધ્યાનમાં રાખીનેજ તેઓએ પોતપોતાનું નામ એરચને ખોટું આપ્યું હતું. એરચને અગાઉ લાહોર ખાતે તેઓએ કદીબી દીઠો હતો નહીં. તેટલામાટે, તે લાહોર કરતાં કોઇ બીજે મથકે જશે એવી અટકળ તેઓએ બાંધી હતી. વળી સ્તેશને સ્તેશન ઉતરી તેઓ એરચના કમ્પારતમેંત આગળ આવીને ભમ્યા કરતા હતા તે પણ એરચ હવે ઉતરે છે કે નહીં તે જોવા માટે, અને ખીજવાત તેઓને એટલાજ માટે ઉપજતો હતો કે રખે એરચ લાહોર ખાતેજ ઉતરે. અને જેમ જેમ લાહોરનું સ્તેશન નજદીક આવતું ગયું હતું તેમ તેમ એરચને ખોટું નામ આપવા માટે તેઓ ઘભરાવા લાગ્યા હતા, અને અંતે રાખેલી વકીથી ઉલટી રીતે જ્યારે તેઓએ એરચને પોતાની સાથેજ ઉતરેલો દીઠો ત્યારે તેઓ બેહદ અજાયબ થયા હતા.

"તે હવે ગમે તે હોય, ભાઇ, પણ તમે એ લોક સામે કામ ચલાવવાનો વીચાર માંડીવાળો તો ઠીક." જેહામળે નરમાસથી સુચવ્યું.

"તમે મને કહો તેની આગમચ મેં મારો વીચાર ફેરવી નાખ્યોચ."

"ત્યારે તો તમારો બહુ મોટો ઉપકાર થયો, ભાઇ. પણ તમે અહીંજ બેસજો. હું હીરાને હમણાં બોલાવી મગાઉંચ." એટલું બોલી હીરામલને બોલાવી લાવવા જેહામળે એક માણુસ મોકલ્યું.

થોડેક વારે હીરામલ ત્યાં આવ્યો. એરચને જોઇ તે બહુજ અજબ થઈ ગયો. જેહામળે તેને ધમકાવીને સઘળી વાત પુછી જોઇ, અને એરચ જેવા ગ્રહસ્થ સાથે ન છાજતી ચાલ ચલાવવા માટે તેને સખ્ત ઠપકો આપ્યો. પણ એટલામાંજ કાંઇ તેને જવા દીધો નહીં. એરચ પાસે માફ માંગવાની ફરજ પાડી, પણ એરચે તેને તેમ કરતો અટકાવ્યો, તોપણ તે એરચ તરફ ડોળા કકડાવી ચાલી ગયો.

પ્રકરણ ૪૫ મું.

હીરજી શેઠની શેહેરનવાઝ.

જેહામલની પેઢી પર એરચ ઠીક ઠર પડયો. વખતના વેહેવા સાથે તે પોતાના શેઠને સંતોશ આપતો ગયો. જેહામળ શેઠ પણ તેનું કામકાજ જોઇ એટલા તો ખુશ થઇ ગયા હતા કે તેને પાયરી દર પાયરી ચઢાવતાજ રહયા, અને આખરે પેઢોના વડા મુનીમ તરીકે તેને જગ્યા મળી. પોતાને મળેલી એ પદ્વીની ફરજ એરચ બી બહુ ચાલાકીથી બજાવવા લાગ્યો, અને શેઠનો વીશવાસ પોતા તરફ વધુ અને વધુ ખેંચાતો ગયો, તે એટલે સુધી કે માત્ર નવ માસની ટુંક મુદતમાં પેઢી ચલાવવાનો સઘળો વહીવટ તેના હાથમાં આવ્યો. બીજા સઘળા મુનીમો અને કારકુનો એરચની આટલી બધી બાહોશી અને કામકાજ કરવાની અનહદ શકતી જોઇ બહુ અજાબ થયા, અને તેની એકે અવાજે તારીફ કરવા લાગ્યા. પણ એરચ કાંઈ પોતાને મળતાં એ માનથી ફુગરાઇ ગયો નહીં. તે પોતાના હાથ હેઠળના દરેક માણસ સાથે ઘટતી સભ્યતાથી વર્તતો હતો, અને તેના એવા ઉમદા ખવાસને લીધે લાહોરના વેપારી મંડળમાં તે સર્વેનો માનીતો થઇ પડયો. તેમાં ખસુસ કરીને એક ઉંચ વર્ગના પારસી કુટુંબમાં એરચનો અવર જવર વીશેશ હતો. તે કુટુંબના વડા ખાનબાહદુર ધનજીશાહ લાહોરવાલા મોટી પદવીના સરકારી પેનશનરો માહેલા એક હતા, અને સરકાર દરબારે મોટો લાગવગ ધરાવતા હતા, અને લાહોર ખાતેનાં સઘળી વરણનાં લોકોમાં તેમને માટે બહુ ઉંચું મત હતું, અને શું નાહના કે મોહટાં તેમને એકસરખી રીતે મોટી ઇજત આપતાં હતાં. અને ખાનબાહદુર ધનજીશાહબી એવાં માનને પુરતી રીતે લાયક હતા. તેઓ સ્વભાવે બહુ સાલેસાઇવાલા હતા, અને તેમને જરાકબી અંહકાર હતો નહીં. અને એમ હોવાને લીધેજ તેઓ ત્યાંના લોકના માનીતા હતા. ત્યાંની "નેટીવ લીબરલ કલબ"નાં તેઓ પ્રમુખ હતા, અને તેજ કલબનો સેક્રેતરી અને ત્રેઝરર આપણો એરચ હતો. ધનજીભાઇ શેઠને પાંચ ફરઝંદની વૃદ્ધી થઇ હતી. વડો છોકરો નોશીરવાન સરકારીજ નોકરીમાં એક સારી જેવી પદવીએ હતો. વચલો છોકરો કાવસ બારીસતર થવા વેલાત સીધારયો હતો જ્યારે નાનો બેટો ફરામરોજ પંજાબ યુનીવરસીતીનો એક બાહોશ ગ્રાદ્યુએટ હતો અને સરકારી નોકરીમાં દાખલ થવાની તૈયારીમાં હતો. વડી છોકરી બાનુ ત્યાંના એકાદ જાણીતા ડાકટર જોડે પરણી હતી, અને સુખમાં રેહેતી હતી, જ્યારે નાની બેટી ગુલનાર કુમારી હતી. આવાં મોટે ખાંચરેના કુટુંબમાં એરચને ઓળખ પડી હતી. એરચનો સ્વભાવજ એવો મલતાવડો હતો કે કોઇ પણ અજાણ્યું તેના તરફ ઝટ ખેંચાતું, અને જાણે કેટલાંક વરસની ઘાડી દોસ્તી હોય તેમ પલોટાઇ જતું અને ધનજીભાઇ શેઠનું કુટુંબબી એરચ સાથે જલદીથી હલી ગયું, અને તેમાં ગુલનાર તો તેની સાથે વારંવાર ભાઇ બેહેનની માફક છુટથી વાતો કરતી હતી.

એક વખત એરચને પેઢીનાં કામસર કલકતે જવું પડયું હતું. ત્યાંના જાણીતા પારસી શેઠયા હીરજી શેઠની પેઢી સાથે જેહામળને નીકટ સંબંધ હતો. તેઓની પેઢી વચ્ચે નાણાં સંબંધી કાંઇ ચોક્કસ ગુંચવાડો ઉભો થવાને લીધે હીરજી શેઠે જેહામળને જાતે કલકતે આવવા માટે લખ્યું હતું. પણ નાદરૂસ્ત તબીયતને લીધે તેઓથી એટલે દુર જવાને ન બની શકે એમ હોવાથી પેઢી પરનાંજ એકાદ કાબેલ મુનીમને ત્યાં મોકલવાનું ઠેરાવ્યું, અને એ કામ માટે તેઓએ એરચની પસંદગી કરી. જેહામળે હીરજીશેઠ પર એરચની લાયકાત દરશાવનારો પત્ર લખ્યો અને તેની ઉપર

સંપુર્ણ ભરૂશો મેળી પેઢીને લગતી ગમે તેવી ખાનગી અને અગત્યની બાબતથી તેને વાકેફ કરવો અને તેમાં તેની સલ્લાહ લેવી એવી મજબુત ભલામણ તેઓએ હીરજી શેઠને તે પત્ર મારફતે કરી. એરચ કલકતે જવા ઉપડે તેની ઘણાં દીવસ આગમચ આ કાગળ રવાના કરવામાં આવ્યો હતો, અને તેનો જવાબ વગર ઢીલે ફરી વળ્યો.

એરચની સાથે સઘળી રીતનો હીસાબ નક્કી કરવા માટે હીરજી શેઠે ખુશીથી કબુલ કર્યું અને તેમને બંગલે ઉતરવાને તેઓએ તેને આમંત્રણ કર્યું.

ટુંકમાં કહિયે તો એરચ કલકતા ખાતે ઉપડી ગયો. ત્યાં ગયા બાદ હીરજી શેઠને બંગલે તે ઉતરયો.

હીરજી શેઠના ધણીઆણી પોતા પાછળ એક બેટી મેળી જવાન વયે મરણ પામ્યાં હતાં. પણ હીરજી શેઠે પોતાની એકપુરી બેટીને બહુ સુખમાં રાખી હતી અને ઉમરે પુગતાં સારે ઠેકાણે પરણાવી હતી. પણ પરણ્યા પછી માત્ર છ વરસે તેનો ખાવીંદ એકાએક આ દુન્યા છોડી ચાલતો થયો એટલે તે પોતાનાં ત્રણ બાળકને લઇ પાછી બાપને ઘર આવી હતી. હીરજી શેઠ આ કમનસીબ બનાવથી દુ:ખી થયા હતા. તોપણ ધીરજ રાખી પોતાની બેટીનાં બચ્ચાંના સુખમાં પોતાનું સુખ માની લેતા હતા. એ બાળકોને શીખવવા માટે અને તેઓની સંભાળને અર્થે હીરજી શેઠે એક જુવાન પારસી સ્ત્રીને પોતાના બંગલામાંજ રાખી હતી. આ સ્ત્રી જે પોતાને શેહેર નવાઝના નામથી ઓળખાવતી હતી તે બહુ એકમાર્ગી અને ઘણાંજ શાંત સ્વભાવની લાગતી હતી.

હીરજી શેઠે એરચને મનમાનતો આવકાર આપ્યો અને પોતાના બંગલામાં થોડાક દીવસ રેહેવા માટે તેને સગવડ કરી આપી. એરચનો સુંદર ચેહેરો અને તેની રીતભાત અને અદબ અદા જોઇ તેઓ એટલા તો ખુશ થઇ ગયા કે પેહેલીજ નજરે તેઓએ તેને માટે ઉંચું મત બાંધ્યું, અને જેહામળને આવો હોસ્યાર મુનીમ હાથ લાગવાથી તેઓએ તે વેપારીને મનમાંને મનમાંજ મુબારકબાદી આપી.

પોતાને મળેલા આવકારથી એરચ ઘણો ખુશ થયો, અને બીજે દીવસ હીરજી શેઠની પેઢી ઉપર તે ગયો, અને હીસાબ તપાસવા માંડયો. તેને કંઇ ઘણો ગુંચવાડો માલમ પડયો નહીં. તોપણ સઘળી બાબત ઠેકાણે સર લાવવાં માટે બે પાંચ દીવસનો વાર લાગશે એમ તેણે હીરજી શેઠને કહ્યું.

પેલી શેહેરનવાઝને જોતાં વાર એરચ અજબ થયો હતો! કોઇ ઠેકાણે તે સ્ત્રીને તેણે જોઇ હતી એમ એરચને લાગ્યું, પણ કેઇ જગ્યાએ અને કયારે તે તે શોધી કાહડી શકયો નહીં. યાદ લાવવાની તેણે ઘણીબી કોશેશ કરી જોઇ પણ તેનું કાંઇએ વળ્યું નહીં.

હીરજી શેઠને પુછયાથી એરચને માલમ પડયું કે એ સ્ત્રી તેમને ત્યાં આજ લાંબો વખત થયો એક "ગવરનેસ" તરીકે રહી હતી, અને તે દરમ્યાન તેની ચાલચલણ તેમને ઉત્તમ પ્રકારની માલમ પડી હતી. તેના માબાપ કોણ હતાં તે વીશે હીરજી શેઠે જ્યારે શેહેરનવાઝને પુછયું હતું ત્યારે ચોક્કસ સબબો સર તે વાત કહેવાની તેને ના પાડી હતી, અને હીરજી શેઠે બી તે જાણવાની વધુ ખાહેશ દેખાડી ન હતી. બીજું, તે સ્ત્રીનાં બાબમાં હીરજી શેઠે જોયું અને અનુભવ્યું હતું તે એ હતું કે તે એકાંતમાં બેસી કોઇ કોઇ વાર રડતી હતી તે ઉપરથી તેઓ એવું મત બાંધતા હતા કે તેને કોઇ પણ રીતનું છુપું દુ:ખ હોવું જોઇયે.

એરચે હીરજી શેઠ પાસેથી આટલી વીગત મેળવી હતી તોપણ તે સ્ત્રીને તે કેવી રીતે ઓલખતો હતો તે તે જાણી શકયો નહીં. ચોકકસ સંજોગો વચ્ચે તેણે તે ચેહેરો જોયો હતો એમ તે ખાતરીથી માનતો હતો પણ તે કયાં અને કયારે તે વાત જ્યારે તેને માલમ પડતી નહીં ત્યારે તેના મનમાં મોટો ગુંચવાડો ઉભો થતો હતો.

પ્રકરણ ૪૬ મું.

આ નામમાં એવો તે શું ભરમ?

એવી રીતે હીરજી શેઠને બંગલે એરચે બે દીવસ કાહડયા. પણ ત્રીજે દીવસે તેના બાબમાં એક જાણવાજોગ બનાવ બન્યો જે આપણી વાર્તા સાથે કેવો અગલનો સંબંધ ધરાવે છે તે આપણને થોડા વખતમાં માલમ પડશે.

તે દીવસે સહવારના દસેક વાગતાને સુમારે એરચ દીવાનખાનામાં બેસી બાહરગામ ખાતે રવાના કરવાનાં કેટલાંક કાગળો લખતો હતો. હીરજી શેઠ અને તેમની દીકરી પણ તે વખતે દીવાનખાનામાંજ હતાં, અને છોકરાંઓનું સહવારનું "લેસન" ખતમ થવાથી તેઓ ત્યાંજ ખુશાલ હૈડે રમતાં હતાં, અને તેઓની ગમગીન શીક્ષક શેહેર નવાઝ પણ એકાદ કોચ પર બેઠી હતી.

નાનો જાંગુ એરચ જ્યાં બેસી લખતો હતો ત્યાં ઉભો હતો અને ટીંગાઇને કંઇ વાંચતો હતો. પણ હીરજી શેઠની તેના પર નજર પડયાથી તેઓ બોલ્યા.

"હાઇયો જાંગુ, એ શું વાંચેછ? કોઇનાં કાગજ આપરીથી વંચાય કે? ચાલ અહીં આવ."

"નહીંરે બાવાજી, હું કંઇ કાગજ નથી વાંચતો." જાંગુ ઝટ બોલી ઉઠયો.

"ત્યારે તેં શું વાંચ્યું, દીકરા?"

જાંગુના માયે પુછ્યું.

"એ તો પરબીરાં પર નામ લખેલું તે વાંચ્યું. ને તે જોઇને મને ઘણીજ અજાયબી લાગેચ કે વરી પારસીઓમાંબી એવી ઓખર આવતી હોસે." એટલું બોલી જાંગુ એરચ નજદીકથી પોતાના માય પાસે દોડી જતો હતો તેને એરચે અટકાવી કહ્યું, "કંઇ નહીં, ઉભો રેહ, ખુચા. તમે એને શું કામ ઠપકો આપ્યો, હીરજી શેઠ? એ મારાં કાગળબી વાંચશે તેમાં મને શું મોટો ગેરલાભ છે? એ હજુર નીર્દોષ છે."

"નહીં બા, હું તો મારા બાવા આગલ જાઉંચ." એમ કહી જાંગુ એરચ આગલથી દોડી ગયો.

"તેં વારૂ શું ઓખર વાંચી, દીકરા, જોઉ બોલતો ખરો." હીરજી શેઠે પુછ્યું.

"વારૂ બાવાજી, પારખ કરીનેબી કોઇની ઓખર આવતી હોસે કે? મેં પરબીરાં પર પારખ કરીને કંઇ વાંચ્યું, ને તેથી મને મોટી અજાયબી લાગેચ. એવી ઓખર તે કંઇ આવતી હોશે કે? મેં તો કંઇ હજુર સાંભરી નથી. હં, બાવાજી બોલોની, પારખ કરીને કંઇ ઓખર આવે કે?" હીરજી શેઠને વીચારમાં પડેલા જોઇ જાંગુએ પુછ્યું.

"પણ તે નહીં કાંએ આવે? પારસીઓમાં તો બધી જાતની ઓખર આવેચ, તેમાં પારખની તો બહુ જાણીતી અને અસલ વારેની છે." હીરજી શેઠ બોલ્યા.

"ખરેખર તારે એવી ઓખર આવે કે? તારે પારખ તો વરી ઘણીજ સરસ ઓખર બાવાજી બોલોની."

"અરે હારે હા, દીકરા, તુંને એક વખત કેહેયું કેની. તું તો કોઇ મને બરો જબરો સવાલ પુછનાર મલ્યો." હીરજી શેઠ તેનો ગાલ પસવારતાં રમુજી અવાજે બોલ્યા.

પણ બાપ દીકરાની એ રમુજથી એક જણ સિવાય સઘળાંને ઘણું હસવું આવતું હતું. તે એક જણ કોઇજ નહીં પણ શેહેરનવાઝ હતી. જાંગુને રમુજી અવાજે બોલતો સાંભળી તે કાંઇ ગંભીર વીચારમાં પડી હોય એમ તેના ચેહેરા પરથી દેખાઇ આવ્યું.

ત્યાર બાદ એરચ પોતાનું લખવાનું ખતમ કરી દીવાનખાનું છોડી પોતાના ઓરડામાં ગયો, અને બીજાઓબી પોતપોતાનાં કામ પર મંડયાં. પણ શેહેરનવાઝ દીવાનખાનામાં બેસી રહી અને સઘળાના ગયા પછી જાંગુને પોતાની પાસે બોલાવી પુછ્યું.

"કેમ જાંગુ, તેં એ સરનામાં પર શું વાંચ્યું, બા ?"

"પારખ કરીને વાંચ્યું. મેં બાવાને કહ્યું તે તમે નહીં સાંભરયું ?"

"હા. તે સાંભળીનેજ હું તુંને પુછુંચ તોપણુ વારૂ, તેં અમથું પારખ વાંચ્યું કે કાંઇ બીજુંબી વાંચ્યું ?

"પેહેલું નામ કંઇ મને બરાબર યાદ નથી. પણ કંઈ જમશેદ કરીને ઉતું ખરૂં. પણ વારૂ, શેહેરનવાઝ, લૅાજ કરીને વાંચ્યું તે લોજ તે શું હોસે ?" જાંગુએ હોંસથી પુછયું.

"તે તેં સરનામાની છેક હેઠે વાંચ્યું હોસે."

"હા છેક હેઠે ને વરી તેની પાસે પારખ કરીને ઉતું. એટલે લોજ એટલે શું વારૂ ?"

"લોડજ એટલે રેહેઠાણ, અથવા તો કોઇ બંગલાના નામની આગળ લગાડેલો શબ્દ હોય. જેમકે, હીરજી લોડજ શેઠ લોડજ વગેરે."

"હવે મને સમજ પડી તારે તો કેહા પેલા પારખજ તે લોજમાં રેહેતા હોસે." એટલું બોલી તે ચેકુસ દીવાનખાનાની બાહાર દોડી ગયો.

"તેના ગયા બાદ શેહેરનવાઝ ભારે વીચારમાં પડી હોય એમ દેખાયું પણ વાંચનાર પુછશે કે એક ખાલી નામની એટલી ચકચાર કરવાની શું જરૂર ?

પ્રકરણ ૪૭ મું.

એ શેહેરનવાઝ કોણ? બાળકની રમુજનું અજબ જેવું પરીણામ.

એરચને આપણે તેના પત્રો લખ્યા પછી દીવાનખાનું છોડી તેના ઓરડામાં ગયલો જોઇ આવ્યાં. પારખ નામ સાંભળતાં શેહેરનવાઝની લાગણીઓમાં જે ફેરફાર થયો હતો તે તેણે જોયો ન હતો, કારણ કે લખતી વખતે તે પોતાની પીઠ શેહેરનવાજના કોચ તરફ કરી બેઠો હતો, અને તેટલામાટે તેનો ચેહેરો તે જોઇ શકે એવી હાલતમાં હતો નહીં.

એવી રીતે તે પોતાનું ખાનગી કામકાજ આટોપ્યા પછી હીરજી શેઠની પેઢી પર જવાની તૈયારી કરતો હતો તેવામાં તેના ઓરડાનું બારણું ઉઘડયું, અને એક સ્ત્રી દાખલ થઇ. તે કોઇજ નહીં પણ શેહેરનવાઝ હતી. તેને એવી રીતે પોતા સામે આવી ઉભેલી જોઇ એરચ બેહેદ અજાયબ થયો, અને તેની પાસે આવવાનો શું સબબ હતો તે તે સમજી શકયો નહીં.

"કેમ બેહેન, તમે અંહી મારી પાસે શું માંગોચ ?" એરચે નરમાસથી પુછયું.

"હું તમારી પાસથી એક વાતનો ખુલાસો મેળવવાની ખાહેશથી અહીં આવીચ." એરચના નરમાસ ભર્યા બોલવાથી હીંમત આવી હોય તેમ શેહેરનવાઝે મક્કમ અવાજે કહ્યું,

"તમારે જે કંઇ પુછવું હોય અને મારા તરફથી કોઇ પણ રીતનો ખુલાસો મેળવવાની ખાહેશ રાખતાં હોવો તો તમે મને સુખેથી કહો, અને મારીથી બની શકતો હું તેનો જવાબ આપીશ."

"ત્યારે તો હું તમોને એટલુંજ પુછવા માંગુંચ કે જાંહગીર પારખ કરીને કોઇ શખસને તમે ઓલખોચ ?"

"હા. હું જાંહગીર પારખને સારી રીતે ઓળખું છું. અને એ મારો એક જાની મીત્ર થાય છે." એરચે અજબ થઇ જવાબ દીધો.

"એની સાથે તમોને કયારની ઓળખાણ પડીચ ?"

"ચોક્કસ સંજોગો વચ્ચે મને એની સાથે એક વરસ થયુંની ઓલખાણ પડીચ. પણ વારૂ, એ જાંહગીર પારખ સાથે તમોને શું લાગે વલગે ?" એરચે પુછયું.

"મને એની સાથે સંબંધ છે તેટલાજ માટે વધુ ખુલાસો મેળવવા હું તમારી પાસે આવીચ. અને તમે જાણીને કદાચ અજબ

થશો કે હું જાંહગીર પારખની સગી બેહેન થાઉં છું!"

વાંચનાર, આ શેહેરનવાઝ તે શું જાંહગીર પારખની બેહેન ગુલાં?

એરચ શેહેરનવાઝને ઉપર મુજબ બોલતી સાંભળી અચરતીથી દંગ થઈ ગયો, તોપણ તેણે તેનો ચેહેરો કેઠે જોયો હતો એવી યાદ આવવાથી તેની અરધી અચરતી ઉડી ગઈ.

"વારૂ ત્યારે તમે પરણેલાં હતાં તે તમારો ખાવીંદ કયાં છે?"

"અરે ત્યારે શું તમે મારી બધી ખાનગી વાત જાણોચ? એ તમુંને કોણે કહ્યું કે હું પરણેલી છું?"

શેહેરનવાઝે ફાલ ખાઇ પુછ્યું.

"તમે ફકર ના કરો." એરચ તેને ધીરજ દેતાં બોલ્યો.

"તમારી એ વાત મને તમારા ભાઇએજ કહી છે, અને તમે ખાતરી રાખજો કે મેં તેનો કંઇ ખરાબ ઉપ્યોગ કીધો નથી. તોપણ હું કંઇ તમારી સઘળી તવારીખ જાણતો નથી."

"ત્યારે તો તમારે તે હવે જાણવી જોઇયે. તમોને ખુલ્લી રીતે સમજ પડે તે માટે હું પેહેલાંથીજ શરૂ કરીશ, ને હું ધારૂંચ કે તે સાંભળવા માટે તમોને કાંઇજ વાંધો હોય નહીં."

"નહીં. કાંઇબી વાંધો નહીં. તમે કેહેવું હોય તે કહો. મને પેઢીએ જતાં કંઇ ઘણું મોડું થશે નહીં. ને તે કરતાં હું બપોર પછી જઇશ તોબી ચાલશે."

"ત્યારે તો તમારો મોટો ઉપકાર. મારા બાવા ફરદુનજી પારખની હું એકપુરી બેટી થતી હતી, અને તેઓએ મને બહુ સુખ વચ્ચે ઉછેરી હતી, અને સારી જેવી કેળવણી આપી હતી. જ્યારે હું ઉમરે પુગી ત્યારે મારા બાવાએ મને સારે જેવે ઠેકાણે પરણાવા ઓહાડી પણ તેની અગાઉ તો હું કાવસ વાંકડયા નામના એક એથકી જવાનપર આશક પડી હતી, અને તેનીજ સાથે લગન કરવાનો ઠેરાવ વટીક મેં કર્યો હતો. મારા બાપનું કહયું મેં માન્યું નહીં, ને મને વારસા હીસ્સામાંથી બાતેલ કરવાની ધમકી આપી જેથીબી હું કંઇ ડરી ન ગઇ; કારણ કે કાવસપર મારો પ્યાર ઘણો હતો અને તે પણ મને ખરાં જીગરથી ચાહતો હતો.

મારા બાપ આથી બહુ ગુસ્સે થયા ને પોતાનીજ મરજીના જુવાન સાથે મને પરણાવવાની તેઓ હત પકડી બેઠા. કાવસને મેં આ વાતથી જાણીતો કર્યો તે સાંભળીને તે નાસીપાસ થઇ ગયો પણ મેં તેને હીંમત આપી, અને કોઇ પણ સંજોગો વચ્ચે હું તેને છોડી જઇશ નહીં એમ મેં તેને ધીરજવંતા સખુનમાં દીલાસો દીધો. ત્યાર બાદ જે દીવસો વહી ગયા તે દરમ્યાન હું તેને છુપી રીતે અવારનવાર મળ્યા કરતી હતી અને લગન કરવા માટે તેને સમજાવતી હતી. તેણે અંતે તે માટે એક ચોકકસ દીવસ નક્કી કર્યો અને તે દીવસે મને ચોક્કસ જગ્યાએ આવી મળવા કહ્યું. ત્યાર પછી તે મારી સાથે જરૂર પરણશે એવી તેણે મને આશા આપી. હવે મારા બાપની મરજીના ખાવંદ સાથે તો હું કદીબી પરણી શકું નહીં એમ હોવાથી એક રાતે હું મારૂં ઘર છોડી ગઇ અને કાવસને જઇ મળી. તેણે મને એક દોશાંના ઘરમાં બે ચાર દીવસ રાખી. ત્યાર બાદ તે એક દીવસ ત્યાં આવ્યો, અને મારી બેહદ અજાયબી અને ઘભરાત વચ્ચે તેણે મને સાફ કહ્યું કે મારી સાથે પરણવામાં તેની મતલબ તો માત્ર મારા પૈસા મેળવવાની હતી. પણ જ્યારે તેણે જાણ્યું હતું કે મને મારો બાપ એક અરધીબી આપનાર ગથી, ત્યારે તેનો પોતાનો વીચાર ફેરવવાની ફરજ પડી હતી, અને મારી સાથે પરણવાની ના પાડી હતી.

"આવા ત્રાસદાયક શબ્દો તેના મુખમાંથી બાહર પડતાં ને વાર હું ઘભરાતથી અરધી બેહોશ જેવી થઇ ગઇ! કોણને હાથ ફસી હતી તેનું મને ભાન થયું. આવો સુંદર ચેહેરો અને ભપકાદાર પોશાકવાળો આદમી

અંદરખાને આટલો બધો કાળો અને બદકરતુકી નીકળ્યો તેની મને હવે સમજ પડી. હવે મારો હાલ શું થશે તે વીશે મને તે વખતે ભારે ચીંતા ઉપજી. ટુંકમાં તે વખતે મારી હાલત ભારી સંકજામાં આવી પડી. મારી તરફ એટલી બધી ઘાતકી ચાલ નહીં ચલાવવા માટે મેં તેના ઘણું કાલાવાલા કર્યા, પણ તે પીગળ્યો નહીં. તોપણ તેણે મને એક રસ્તો સુજાડયો. અમે બંને જણ કાયદાપૂર્વક પરણ્યાં છઇયે એવો ખાલી ઢોંગ કરીને મારા બાપની આગળ જવું અને તેની માફી ચાહવી, અને જો મારો બાપ અમોને માફ કરી મદદ કરવાને તૈયાર થાય તો તેવી સરતે મારી સાથે પરણવાને તેણે કબુલ્યું. મારા બાપને ઠગવાનું આવું શરમભર્યું પગલું હું કદીબી ભરતે નહીં, પણ તે વખતની મારી હાલત એટલી તો સંકડાસ ભરી હતી કે તેમ કરવા સીવાય બીજો માર્ગ મને સુજ્યોજ નહીં; એટલે આખરે નાચાર બની હું કાવસની સાથે મારા બાપને બંગલે ગઇ, અને તેમના પગ નજદીક પડી તેમની માફી ચાહી, પણ તે વખતે તેમના કેહેરનો તો પારજ ન રહયો. કાંઈ પણ સાંભળ્યા વગર અમો પાપીઓએ તેમનો બંગલો છોડી જવો એવો હુકમ બહુ હદરાવનારા અવાજે તેઓએ કર્યો. ટુંકમાં તેઓએ અમોને ત્યાંથી એકદમ હાંકી કાહડયાં. નીરાશ થઇ હું કાવસ સાથે તે બાપીકો બંગલો છોડી ગઇ, અને પેલાં દોશાંને તાંહ જઇ રહી. ત્યાર પછી એ કાવસ, દોશાંને ત્યાં આવતો બંધ થયો, અને ત્યાર પછી કયાં ગયો તેની મને આજ સુધી કાંઇબી ખબર નથી. પણ તે દોશાંને ત્યાં હું કંઇ ઝાહઝોવાર રહી નહીં. કાવસે મને ત્યાં રાખવા માટે તેમને થોડાક રૂપ્યા આપ્યા હતા, પણ મારા બાપની સાથે ખટપટ થયા પછી તે સઘળું તેણે બંધ કર્યું હતું, અને તેટલામાટે તે દોશાંને આશરે હું થોડાક દીવસ તો રહી. મેં કહ્યું તેમ મારા બાવાએ મને સારી જેવી કેળવણી આપી હતી, અને હવે તેને ઉપયોગમાં લાવવાનો મેં ઠેરાવ કર્યો. કોઇ કુટુંબમાં છોકરાં શીખવવાની નોકરીની શોધમાં હું રહી, અને જ્યાં મળે ત્યાં જવાની ઇચ્છા બતાવી. અને આખરે મારી એક સહીના લાગવગે મને અંહીં હીરજી શેઠને ત્યાં નોકરી મલી. એવી રીતે, તમે જોશો કે હું તે કાવસ સાથે પરણી નથી તેમજ મારી નીતીને કલંક પણ લગાડવા દીધો નથી."

"તમારો હેવાલ સાંભળી હું ઘણો દીલગીર છું, બેહેન." એરચ ગંભીર અવાજે બોલ્યો, " તોપણ એક વાતે હું ખુશીબી થયો છું. મારા મનમાં જે મોટી ધાસ્તી હતી તે દુર થઇ છે, અને ખુદાએ તમારી તેમજ તમારાં ખાનદાનની આબરૂ જાળવી છે. મને હવે સઘળી વાતની બરાબર સમજ પડેચ, અને મેં તમારો ચેહેરો કયાં દીઠો હતો તેનું પણ મને હવે ધ્યાન આવેચ. તમારા ભાઇ જાંહગીરે મને તમારી એક સબી દેખાડી હતી તે ઉપરથી અંહીં આવતાંને વાર તમારો ચેહેરો મારા ધ્યાનમાં આવી ગયો, પણ તમે કોણ તે હું પીછાણી શકયો નહીં."

"પણ હવે તમે મને કેહેશો કે મારો ભાઈ મારા તરફ હમણાં કેવી લાગણી ધરાવેચ ?"

"તમોને કેટેથીબી શોધી કાહડવા તે તતપરજ હતો, અને અમે બંને જણે મળીને ઘણીબી શોધ ચલાવી પણ તમારો પત્તો અમોને મળ્યો નહીં. તમોને મળવા માટે તમારો ભાઇ હજુર સુધી આતુરૂ છે. હમણાંજ તેના તરફથી મને એક કાગળ મળ્યો હતો, અને તેમાં એ બાબદની તેણે મને યાદ આપી હતી. અને તેનો જવાબ લખી પરબીડાંમાં બીડી તૈયાર કરી રાખ્યો હતો જેની ઉપરનું નામ તમે જોયું તે પેલા નાના ચેકુંસને બહુ અજબ જેવું લાગ્યાથી તેણે રમુજી ગડબડ કરી મેળી; પણ તેમાંથી નવુંજ જાણવાનું બની આવ્યું છે અને તમારા ભાઇની દીલની મુરાદ ફળીછે."

ગુલાં,—હવે શેહેરનવાઝને આપણે ગુલાનાંજ નામથી ઓળખીશું, તે એરચને ઉપર મુજબ બોલતો સાંભળી બહુ ખુશ થઇ. જ્યારે તેણે જાણ્યું કે તેનો ભાઇ હજુર સુધી તેના

ભલાંમાં છે ત્યારે તેનું હૈયું એટલું તો ભરાઇ આવ્યું કે હરખનાં આંસુ તેની નરમ આંખોમાંથી તપકવા માંડયાં.

અને વળી એરચબી, ગુલાંનો પતો આખરે હાથ લાગ્યાથી, કાંઇ થોડો ખુશી થયો નહીં. એક બચ્ચાંની નીર્દોશ રમુજનું આવું બેહદ ફાયદાકારક પરીણામ નીપજેલું જોઇ તેનો હરખ માયો સમાયો નહીં. તેણે ગુલાંને તેમજ તેનાં ભાઇ જાંહગીરને તેઓના બુલંદ નસીબ માટે ખરાં દીલની મુબારકબાદી આપી, અને ગુલાંને વગર ઢીલે મુંબઇ મોકલી આપવાનો તેણે ઠેરાવ કર્યો.

જાંહગીર પર રવાના કરવાનો પત્ર તેણે ફોડયો. અને તાજે કલમ મારફતે તેની બેહેન ગુલાંનો પત્તો મળવાની ખુશ ખબર તેને આપી, અને બીજે દીવસની મેલ ત્રેનમાં તે તેના તરફ આવવા કલકતેથી ઉપડશે એવો આવકારદાયક વધારો તેણે તે પત્રમાં કર્યો.

ત્યાર બાદ ગુલાંએ હીરજી શેઠનો તેમની અપાર મેહેરબાની માટે ઉપકાર માન્યો, અને ચોકકસ સબબો સર તેને કલકતા જાથુકનું છોડી જવું પડે છે એમ જ્યારે તેણે તેમને કહ્યું ત્યારે તે સાંભળી તેઓ બહુ અજબ તેમજ દલગીર થયા. તોપણ ગુલાંને તેઓએ દરેક રીતની ફતેહ ઇચ્છી અને બીજે દીવસ તે કલકતા છોડી ગઇ.

એરચનેબી વધુ કામકાજ ન રહ્યાથી તે ચોથે દીવસ લાહોર ખાતે ઉપડી ગયો.

પ્રકરણ ૪૮ મું.

મહાબલેશ્વરની સેહેલગાહ અને એરચની આગળી માશુક?

મહાબ્લેશ્વરની શીતળ ટેકડી ઉપરની બડેખાંઓની સેહેલગાહ કરવાની ખુશનુંમાં "સીઝન" અત્યાર અગાઉની શરૂ થઇ ચુકી હતી. અને ત્યાં મોજ મારવા ઉતરી પડેલાં થોડા વારનાં સંખ્યાબંધ પહરોણામાં પારસીઓના તાલેવંત કુટુંબોની ખુબસુરત નાજુક અલબેલીઓ ઉપરાંત ફાંકડા દેખાવનાં "પારસી જાંગલાઓ"ની વીશેશ ધમાલને લીધે ત્યાંનો દેખાવ બહુજ મોહ પમાડનારો અને ખેંચાનકારક થઇ પડયો હતો, અને થોડાજ વખત અગાઉની આ શાંત ટેકડી તેઓની દોડધામથી ગાજી રહી હતી. એ પારસી પહરોણાંઓમાં આપણી વાર્તાના પાત્રો માહેલાં કેટલાંકો પર આપણું ખાસ ધ્યાન ખેંચાતું હતું, તેઓમાં જાંહગીર પારખ, તેની બેહેન ગુલાં, નશરવાનજી બેલાપટેલ, તેમની બેટી ગુલ, અને આપણી વારતાની કમનસીબ શીરીન, એઓ આપણી નજરે પડતા હતાં.

શીરીન જ્યારે મુંબઇ ખાતે હતી ત્યારે તેની તબીયત દીવસે દીવસ બગડતી ચાલી હતી. તે અસલની હસતાં મુખડાંની ખુશ મીજાજી, બોલકની શીરીન હવે ગમગીન શોકાતુર અને ચીંતાતુર બની ચેહેરે ફીકકી મારી ગઇ હતી. પણ શીરીનની તનદરોસ્તીમાં થયલો એ માઠો ફેરફાર કાંઇ આપણી વકીથી ઉલતો નથી; કારણ કે એરચનો ગમ તેને કંઇ થોડો ન હતો. તેણે તેને ગેરઇનસાફ કર્યો હતો એવી તેની ખાતરી થઇ ચુકી હતી કે તેમ કરવામાં પેસીની મતલબ કંઇ સારી હતી નહીં. તે જાણતો હતો કે તે એરચને ચાહતી હતી. અથવા અગાઉ ચાહયો હતો તે છતાં એવી અનઘટતી માંગણી કરવાનો સબબ શું?

પણ શીરીનની દેહ કાંઇ આવી હાલત વચ્ચે વધુ વાર તકી શકી નહીં. તેનું જે સ્વાભાવીક પરીણામ આવવું જોઇયે તે આવ્યા વના રહ્યું નહીં. તે માંદગીને બીછાને એકદમ પટકાઇ પડી! રૂસ્તીમશાહ આ જોઇ ધબરાઇ ગયા! અને પેસી હેબતી ગયો! પણ શીરીન પર કેઇ જાતનાં દુઃખે ગલબો કર્યો હતો તે

તેમના કુટુંબનાં ડાકટર જાંહગીર પણ પારખી શકયા નહીં. શીરીનને કૌવત આપનારી દવા ફરમાવા સીવાય અને તેને સારો પુશ્ટીકારક ખોરાક આપવાની ભલામણ કરવા ઉપરાંત ડાકટર બીજું કંઇબી કરી શકયા નહીં. પણ એ એમાંથી એકબી ઉપાય જેવો જોઇયે તેવો કારગર લાગી શકયો નહીં. અને શીરીનની માંદગી પળેપળ વધતી ચાલી. અંતે ડાકટરે દવા આપવાનું બંધ કર્યું હતું, અને સઘળી વાત ખુદરત પર છોડી. અને આખરે ખુદરતેજ શીરીનને થોડી ઘણી સાહજી કરી. તોપણ તે એટલી તો નબલી પડી ગઇ હતી કે લાંબો વખત વેહેવા આગમચ તે બીછાના પરથી ઉઠી નહીં. ત્યાર બાદ ડાકટરે તેને કોઈ શીતળ ટેકડી પર હવા ફેરબદલ કરવાની મતલબથી મોકલી દેવાને રૂસતીમશાહને મજબુત ભલામણ કરી હતી. અને તે ઉપર રૂસતીમશાહે વગર ઢીલે અમલ કરી શીરીનને મહાબ્લેશ્વર મોકલી હતી.

પણ શીરીન કાંઇ મહાબ્લેશ્વર ખાતે એકલી આવી ન હોતી. બેજનજી ચીનાઇનું કુટુંબ કે જેની સાથે રૂસતીમશાહનાં કુટુંબને ઘણો પરીચય હતો અને જેઓના કુટુંબની બાનુ સાથે શીરીન છુટથી ભેલાતી હતી તેઓની સાથે શીરીનને તેઓએ મોકલી હતી. મહાબલેશ્વરનાં કેટલાક ભપકાદાર બંગલાઓમાંનો એક બેજનજી ચીનાઇનો બંગલો ગણાતો હતો. અને શીરીન બેજનજીના કુટુંબ સાથ "ચીનાઇ હોલ" માંજ ઉતરી હતી, અને ત્યાં આવી રહ્યાને લગભગ પંદર દીવસ પસાર થયા હતા.

એવી રીતે ડાકટરે કરેલી ભલામણ ઉપર રૂસતીમશાહે બહુ વેહેલો અમલ કર્યો એ તેઓએ ઠીકજ કરયું, કારણ કે બે અઠવાડયાંની મુદતમાં શીરીનની તનદરોસ્તીમાં ઠીક સુધારો થયો, અને તેમાં પેસી જેવો માણુસ તેનાથી હાલ તુરત તો દુર થયો હતો એ તેને મનથી મોટો સંતોશ હતો.

હવે બેજનજીનાં કુટુંબ સાથ જાંહગીર પારખને પણ સારી ઓળખાણ હતી, અને જાંહગીર પોતે બોલકનો હોવાને લીધે સઘળાં સાથે ઝટ મળી ગયો હતો.

હવે એ જાંહગીર પોતાના જાની મીત્ર એરચને રૂસતીમશાહ સાથે કેઇ રીતનો સંબંધ હતો તે જાણતો હતો નહીં; કારણ કે એરચ, જતી વખતે તેને પોતાનું ફેરવેલું નામ આપી ગયો હતો, અને તે જોકે એરચ વીશેની સઘળી વીગત જાણતો હતો તોપણ એરચની પ્રીયા તે આજ શીરીન હતી એવો તેને ઝાંખો શક માત્ર ગયો નહીં.

પણ નશરવાનજી બેલાપટેલને એ વીશે ખબર હતી. એરચ પેસીના સંબંધમાં તેમને મળવા ગયો હતો ત્યારે પોતાના નામનો કાર્ડ તેમને આપ્યો હતો તે ઉપરથી તેનો રૂસતીમશાહ સાથનો સંબંધ જાણી લેવાને નશરવાનજીને વાર ન લાગી. પણ વળી એ વીશે તેમની બેટી ગુલ તદન અજાણી હતી.

હવે આ ઉપરથી બન્યું એમ કે એરચને શીરીન સાથે શું સંબંધ હતો તેની ખબર કોઇને હતી નહીં. જોકે એરચની પ્રીયા વીશે જાંહગીર જાણતો હતો, તોપણ તે પ્રીયા આ શીરીનજ એમ તો તેનાં મનમાં આવ્યુંજ નહીં. વળી એરચે નશરવાનજીની બેટી ગુલને પેસીને હાથ ફસી પડતી કેવી બચાવી હતી તેની બી ખબર કોઇને હતી નહીં.

એટલો ખુલાસો કરી આપણે આગળ વધશું.

એવી રીતે મહાબ્લેશ્વર જઇ રહ્યાથી શીરીનને ફાયદો થયો ખરો. ત્યાં એકાંત જગ્યાએ બેસીને તે પોતાનું મન ગમે તેમ રોકી શકતી હતી, અને પેસીની સતાવણીની તેને ત્યાં બીક હતી નહીં.

તે પોતાનું મન રીજવવા માટે હવે અવારનવાર સહવારે યા સહાંજને છેડે ચીનાઇ હોલથી થોડેક દુર નીકળી પડતી હતી. એ પ્રમાણે, એક સાંહજનાં તે બંગલાની બાહર નભરવસપણે એકલી ફરતી હતી તેવામાં તેની નજર એકાએક એક સ્ત્રી ઉપર પડતાં તે ઉભી રહી ગઇ! બંન્નેની નજર એક થતાં

પેલી સ્ત્રી જે ઝડપુ પગલે ચાલી જતી હતી, તે પણ એકદમ ઉભી રહી ગઇ અને પોતાનો અસલ માર્ગ છોડી દઈ શીરીન તરફ ચાલવા લાગી. થોડોક વાર સુધી તો શીરીન તેની તરફ જોતી ઉભી રહી. પણ તે જરાક નજદીક આવી લાગતાં શીરીને તેને બરાબર ઓળખી અને તેને ઓળખતાંને વારજ તે જાણે તેનાથી બીહતી હોય તેમ પોતાના બંગલા તરફ પગલાં ભરવા માંડયા.

શીરીનને પેહેલી નજરે તે સ્ત્રી પોતાની કોઇ ઓળખાણની લાગી હતી તોપણ તે કોણ હતી તે પેહેલાં બરાબર અટકળી શકી નહીં. પણ તે નજદીક આવતાંને વારજ શીરીને તેને પીછાણી હતી. તેની મુલાકાત અગાઉ કયારે થઇ હતી તેનું શીરીનને તુરત ધ્યાન આવ્યું, અને તેમ થતાં ને વાર તેનું આંગળું સઘળું દુઃખ એકાએક યાદ આવી ગયું; કારણકે આ જુવાન અબલા કોઇજ નહીં પણ પેલીજ સ્ત્રી હતી જેણે પોતાને એરચની માશુક તરીકે શીરીન સન્મુખ ઓળખાવી હતી.

શીરીનને પાછી ફરેલી જોઇ પેલી સ્ત્રી તેને ઉભી રહેવા માટે બુમો પાડવા લાગી પણ શીરીને તેની દરકાર કરી નહીં. વળી પાછી તે તેને ઉશકેરવા આવી હોય એવી બીહકથી તે ધભરાઇ. શીરીનને આ પ્રમાણે કાંઇ પણ દરકાર રાખ્યાવના ચાલી જતી જોઇને પેલી સ્ત્રીએ વધુ બુમો પાડી, અને તેથાબી કાંઈ ન વળતાં તે શીરીન આગળ જોરથી દોડી અને તેનો હાથ ઝાળી તેને અટકાવી, પણ શીરીને પોતાનો હાથ જોશમાં તેના હાથમાંથી ઝુંતાવી લીધો, અને તેને એકદમ ચાલી જવાનો હુકમ કર્યો, એવું વધારીને કે નહીં તો કે તે બુમ પાડી બંગલામાંથી મદદ મેળવશે. આ સાંભળી તે સ્ત્રી સાવજ જેવી ઉભી રહી, અને બહુ નાસીપાસ થઇ હોય એમ દેખાઇ. શીરીન તો તેનાથી દુર થઇ ગઇ જે જોઇ તે ઘણી દુઃખી થઇ હોય તેમ આકાશ તરફ જોઇને બોલી.

"અરે હવે હું શું કરૂં ? કાંઇ પણ કરીને મારે એને વાકેફ તો કરવીજ જોઇયે." ત્યાર પછી તેણે શીરીન તરફ પાછું જોયું અને તે સાંભળે તેમ મોટે સાદે બોલી, "શીરીન બેન જો તુંને તારા એરચને વરે જરાકબી દયા હોય તો ઉભી રેહ !"

બસ ! આ શબ્દો શીરીનને આગળ વધતી અટકાવવા માટે પુરતા હતા ! તે એકદમ પુતલાંની માફક ઉભી રહી અને તે સ્ત્રી તરફ ટગર ટગર જોવા લાગી.

પણ વાંચનાર, આ જુવાન સ્ત્રી, આ મુસલમીન અબળા જે આપણે અગાઉબી દીઠી હતી તે કોણ હતી ? કોઇજ નહી પણ આપણને જાણીતી અને લુચ્ચા પેસીની અગાઉની માનીતી ઝોહરા !

પ્રકરણ ૪૯ મું.

રૂસતીમશાહની ભયંકર ભુલ!

O Judgment! thou art fled to brutish beasts,
And men have lost their reason.—*Shakspeare.*

જે સાંહજે શીરીનની મુલાકાત પેલી સ્ત્રી સાથે થઇ હતી તેજ સાંહજે રૂસતીમશાહ પોતાના બેહેન રતનફુઇ જોડે શીરીન સંબંધી કાંઈ વાતો ચલાવતા હતા. આપણે જાણ્યે છીયે તેમ શીરીનને મહાબલેશ્વર જઇ રહ્યાને પંદર દીવસ થયા હતા. શીરીન માંદગીને બીછાને પટકાઇ પડી તે જોઇ રૂસતીમશાહ જોકે ધભરાયા ખરા, તોપણ તેને પેસી સાથે પરણાવવાના તેમના વીચારમાં સેહેજબી ફરક પડયો નહીં. પેસી શીરીનને ચાહતો હતો તે તેઓને ગમતું હતું, પણ શીરીન તેને ધીકકારતી હતી તે તેમને પસંદ હતું નહીં, કારણ કે શું

પેસી તેના હાથ માટે લાયક ન હતો? પેસી હવે કંઇ પેહેલાંના જેવો રહ્યો હતો નહીં. તેણે પોતાની ભટકવાની ટેવો તો છોડી દીધી હતી, અને પેઢીના કામકાજ પર પુરતું લક્ષ દઇ તેમનો વેપાર વધારવાની કોશેશ કરતો, અને તે સબબથી તો પેઢીનો સઘળો કારભાર તેઓએ તેનેજ સોંપ્યો હતો. ત્યારે શીરીન આવા મેહનતુ જવાન સાથે નહીં કાંએ પરણે? આવી રીતનો વીચાર રૂસતીમશાહને જ્યારે થતો ત્યારે શીરીન શા સબબથી હત પકડી બેઠી હશે તે તેઓ સમજી શકયા નહીં.

"કેમ બાઇ શીરીનનું કંઇ કાગજ આવેચ કે?" રતનફુઇએ પુછ્યું.

"હા બેહેન. એ ગીયા પછી ત્રણ કાગળ મને એના તરફની મળ્યાંચ, ને એક બેજનજી ચીનાઇએબી લખ્યુંચ, તે પરથી મને જાણવાને બની આવેચ કે શીરીન હાલમાં તો ત્યાં મજાહમાં છે." રૂસતીમશાહ બોલ્યા.

"પણ વારૂ, એની તબીએત હવે સુધરી કેની? એ હવે અસલના જેવી દુઃખી તો નથીની?"

"બેજનજીના લખવા પ્રમાણે એની તબીયતમાં કાંઇ સંપૂર્ણ સુધારો થયો નથી, તોપણ એના ચેહેરા ઉપરથી તેઓ એટલું તો કેહેવાને શકતીવાન છે કે તેપર જરા રતી રતાશ આયોચ ને વખતના વેહેવા સાથ એ અસલના જેવી તનદરોસ્ત બનશે ખરી. ને જુઓ બેહેન, હું બી દીલોજાનથી એવુંજ ચાહુંચ કે એ પેહેલાંના જેવી થાય ને બેજનજીની વાણી ફળે. અને તેમ જો થયું તો આપણે એને પતાવીને સમજાવીને પેસી સાથ પરણાવી દઇશું" રૂસતીમશાહ ઉલટમંદ થઇ બોલ્યા.

"ઓ હારે, મરૂં. તમારી વાની સવાની થાય. એ જ્યારની સીધારીચ ત્યારનો મારો જી ભરૂં પેસીનો જીવ બધો એનામાંજ ભરી મુકયોચ. મને તો બા ફકર લાગેચ કે રખે એ પોરીના બરાપામાં એની મદઇને કંઇ થાય!"

"હું બી એમજ બીહુંચ, ને તેથીજ ઉતાવળ કરવા માંગુચ. ખોદા કરે ને શીરીન હવે મારૂં કહ્યું માને! નહીં તો કે જુઓ બેહેન, હું પેલા પોરયાની ચાલથી દુઃખી તો થયોચ તેમાં એ છોકરીનો સંતાપ મારીથી ખમાવાનો નથી." રૂસતીમશાહ અફસોસ કરતા બોલ્યા.

"ધીરજ રાખો, ભઇ, એટલા આકરા ના પરો. એ સમજશે નહીં તો કાં જવાની છે. એ મુવા પેલા એરચનો ખ્યાલ છોરતી નથી તેથીજ તમુને ગાંથતી નથી. પન તમે જોઓ તો ખરા કે એ મામલેસરથી આવ્યા પછી બધો કેવો ચમત્કાર થાયચ તે."

વાંચનાર, શીરીનના બાબમાં ચમત્કારીક ફેરફાર થનાર છે ખરો, પણ તે રતનફુઇની વકી મુજબનો કે તેથી ઉલટો તેજ માત્ર આપણે જાણવાનું છે.

"પણ વારૂ બેહેન, તમે શું ધારોચ, એને પેસી ગમતો કાંએ નહીં હોસે?"

"એ મુવા પેલા એરચને લીધે. વરી બીજું શું?"

"પણ પેસી શું કંઇ ખરાબ છોકરો છે? એ કેટલી બધી મેહેનત લઇને મારૂં કામ ચલાવેચ તે શું એ જોતી નથી? એ તો હવે તદન સુધરી ગીયોચ તે શું એની નજરમાંજ નથી આવતું?

"અરે એ તો હવે હીરા જેવો થઇ ગીયોચ. કેઠે બાહર નહીં જવું કે આવવું. બસ કામપર ને કામપર ધ્યાન. એ બધું કોણને માટે? વરી શીરીન નહીં તો બીજા કોણને વરે એ બધી જેહેમત ખેંચે?"

"ઠીક છે બેહેન, તમે ફકર ના કરો. શીરીન મુંબઇ પાછી ફરશે એટલે સૌ થઇ રેહેશે. હમણાં તો એને ત્યાંજ રેહેવા દેવામાં ડાહપણ છે. કારણ કે ત્યાં રહ્યાથી એ પોતાનું દુઃખ ભુલી જશે, ને જરા એનું મનબી શાંત થશે. ચાલો, હમણાં તો હું દાવરને બંગલે જાઉંચ."

"હા સીધારો." એટલું બોલી રતનફુઇ બાગમાં લટાર મારવા નીકળી પડયાં.

આવી રીતે જોતાં રૂસતીમશાહે શીરીનને પેસી જોડે પરણાવવાની પોતાની હત છોડી નહીં. પેસીની ચાલચલણ પર દીનપર દીન

તેઓને કેવો સારો વીચાર આવતો હતો તે તેમની વાતચીતપરથી આપણે ખુલ્લી રીતે જોઇ લીધું છે.

પણ રૂશતીમશાહે આ એક ભયંકર ભુલ કરી હતી એમ કહયા વના આપણને ચાલતું નથી. પેસી જેવા બદમાસ પર તેઓએ આંધ-ળેપણે વીશવાસ મેળી દીધો હતો. પોતાની એકપુરી બેટીનાં સુખનો જાણે તેઓને વીચા-રજ ન આવ્યો. પણ તેઓને કોઇપણ રીતનો વીચાર સુજેજ ક્યાંથી? તેઓએ આ જે ભુલ કરી હતી તેમ કરવાના સંજોગો તેમને મ-લ્યાજ ન હતા, અને તેઓએ જાણીજોઇને પોતાની બેટીને ખાડામાં નાખવાની બાજી રચી હતી એમ ધારીને તેઓને આપણે ખ-ચ્ચીતજ ગેરઇનસાફ તો કરીશુંજ નહીં, તો-પણ જે માણસ પર તેઓએ ભરૂશો મેળી દીધો હતો, જેને તેઓ સાફ દીલનો માનતા હતા અને ટુંકમાં જેને પોતાની બેટીના હાથ માટે તદન લાયક આસામી તરીકે ગણતા હતા તે માણસની આગલી ચાલચલણ કેવી હતી, થોડોજ વખત અગાઉ તે કેવો ભટકતો અને રખડતો હતો, અને કોઇ પણ રીતના કામપર તે કેટલું થોડું ધ્યાન આપતો હતો તે બધું આ પ્રસંગે તો તેઓ જાણે ભુલીજ ગયા તેનું શું કારણ? એકદમ પોતાની ટેવો તજી દે-વાનો તેને શું સબબ મળ્યો, અને પોતાની અસલી ચાલચલગતનું રૂપ તેણે શા કાર-ણથી ફેરવી નાખ્યું એવા સવાલ પુછવાની રૂસતીમશાહે જોઇતી દરકાર કાં ન રાખી? તેમ કરવામાં તેની અંદરખાને કંઇબી મત-લબ હોવી જોઇયે, પોતાની લુચ્ચાઇને બાજુએ મેળી દેવામાં તેણે કોઇબી ચોક્કસ ચીજ તરફ નેમ ટાંકેલી હોવીજ જોઇયે તે બાબત તપા-સવાની જો રૂસતીમશાહે સંભાળ રાખી હતે તો તેઓ પોતાની એકપુરી દીકરી તરફ એટલાબધા સખ્ત કદીબી થતે નહીં.

અને વાંચનાર, આ ઢોંગી દુન્યામાં ઘણું ખરૂં એમજ બને છે. બદ મકસદ અને નીચ મતલબ ધરાવનારાઓ આ દુન્યામાં થોડોક વાર કે ઘણો વાર પ્રકાશી નીકલે છે તેનું કા-રણ શું? તેનું કારણ એજ કે સામેવાલા તેની આગળી પાછળી તપાસવાની દરકાર રા-ખતા નથી. તેઓ એવાઓના ભોલાવનારા બોલવા પર લોભાઇ પડે છે, અને તેમ કરી બીજાઓને તેઓ કેવો ગેરઇનસાફ કરે છે તે તેઓને છતી આંખે દેખાતું નથી. લુચ્ચાઓની લુચ્ચાઇથી તેઓ અજાણ હોઈ તે બીજા નીરદોશોને લુચ્ચા તરીકે લેખવામાં તેઓને જરાકબી વાંધા ભર્યું લાગતું નથી.

આ વાર્તા તદન કલ્પીત અને અસલ છે, તોપણ વાંચનાર સારી પેઠે જોઇ શકશે કે એમાં હાલના જમાનામાં બનતીજ ખરી હકી-કતનો સમાવેશ કરવામાં આવ્યો છે, હાલના વખતમાં નહીં બની શકે એવી કોઇબી બાબત દાખલ થવા પામી નથી તે બાબે વાંચનારે ખાતરી રાખવી. રૂસતીમશાહ જેવા માણસો દુન્યામાં આજે ઘણા હશે, અને પેસી જેવા બદમાસોથીબી કાંઇ દુન્યા ખાલી નથી.

પણ વાંચનાર, શું રૂસતીમશાહ શીરીનને સમજાવવામાં ફાવશે? શું શીરીન તેમની સમજાવતથી પીગળશે? યા બાપને નાફર-માન થશે?

પ્રકરણ ૫૦ મું.

બે ચોરની અજબ જેવી મસલહત.

રૂસતીમશાહ જે વખતે પોતાની બેહેન સાથે વાતચીત કરતા હતા તેજ વખતે પેસી પોતાના જાની મીત્ર બાબન સાથ વાતો કરતો હતો.

પેસી પર રૂસતીમશાહે મેળેલા વીશવાસનો તેણે પુરેપુરો ઉપયોગ કર્યો હતો. પોતાની મરજી માફકના નવાં માણસો તેણે રાખ્યાં હતાં, અને બાબનને તેણે પેહેડી પર એક જગ્યા

વટીક આપી હતી. અને એમ હોવાને લીધે બાબન હવે પેસીની મુલાકાતે નાદીર હોલમાં વગર ધાસ્તીએ આવતો હતો, અને રૂસતીમશાહને તે માટે કાંઇબી વાંધો હોયજ નહીં.

પેસીનો શીરીન પ્રત્યેનો પ્યાર દીવસે દીવસ વધતોજ જતો હતો અને હવે તે તેની આગ તળે રફતે રફતે બલવા લાગ્યો. શીરીનને હાથ કરવાની તેણે આજ સુધીમાં કરેલી કોશેશો ફોકટમાં ગઇ હતી. તેણે તેની માંગણીનો તુચ્છકાર કર્યો તે જોઇને પેસીના ચચરાતનો પાર ન રહયો. પણ આપણે જાણીએ છીયે તેમ તેનો પ્યાર તેના તરફ એટલો તો વધી પડયો હતો કે જેમ જેમ શીરીન તેને ધીક્કારતી હતી તેમ તેમ તે તેને વધારે ને વધારે ચાહતો હતો, અને આજ સુધી કરેલા સઘળા પ્રયત્નો વયર્થ ગયાથી તે કોઇ પણ રીતે પાછો હતે એમ બનેજ નહીં.

આટલો બધો તેને ચચરાત લાગ્યા છતાં બી પેસીના ચેહેરા પર આજે કાંઇ ખુશાલીની લાગણીઓ પ્રકટી નીકળી હતી.

"દોસ્ત બાબન," પેસી બોલ્યો, "એક નવી ને તે પણ ખુશ ખબર મારે હાથ લાગી ગેઇચ."

"વરી તે શું ? જોઉં બોલ તો ખરો." બાબને તે જાણવાની ખાહેશ બતાવી.

"એ ખબર મેં હજુર સુધી કોઇને કહી નથી, ને તે તુંનેજ પેહેલવેહેલી કેહુંચ. આપણા મનની મુરાદ એથી સેહેલમાં પાર પડે એમ છે, ને આપણા દુશમનને એથી જબરો ફટકો પડશે."

"પણ તું એમ ભરમમાં શું બોલી મરેચ ખુલ્લી રીતે જે હોય તે કેહી દેની." બાબનને ફરફરાત લાગ્યો.

"ત્યારે તો લે, હું કેહુંચ તે ધ્યાનથી સાંભળજે. એરચ મારો દુશમન કેઇ રીતે થાયચ તે તો તુંને ખબર હોસે."

"હા, વારૂ તેનું શું !"

"ત્યારે તો તારે જાણવું અગત્યનું થઇ પડશે કે એ હમણાં કયાં રહેછે તેની મને ચોકકસ ખબર પડીચ."

"નહીં, નહીં !" બાબન અજાયબ થયો.

"અરે હારે. તું જરા સાંભળી તો મર. એ હમણાં લાહોર ખાતે રહેંચ. ત્યાંની જેઠામલની પેઢીપર એને તો વડો કારકુન ચોકી બેસારયોચ."

"પણ એ વાત તેં કેમ જાણી ?"

"જેઠામલની પેહેડી સાથે આપુને ઘણો વેહેવાર છે ને ત્યાંથી વેપારના કામકાજનું એક લંબાન કાગળ મારા હાથમાં આયુંચ."

"પણ વારૂ, એ કાગજ પરથી તેં કેમ જાણ્યું કે એરચ લાહોર છે ?"

"તું મને બરાબર સાંભલી તો મર. પછી ટક ટક કરજે. એ કાગજપરના અક્ષરપરથી મેં ઝટ પારખી કાહડયું કે એરચ લાહોર ખાતે છે. કારણ કે એ કાગજ એરચના હાથનો લખેલો છે."

"વારૂ ત્યારે હવે એ કાગજનું શું કરવા માંગેચ !"

"શું તું મારી મતલબ સમજ્યો નહીં ? એ કાગજ મળ્યાથી આપણુને કેવો ફાયદો થયોચ તેની તુને શું સમજ પડતી નથી ?"

"હા, હા, હું સમજ્યો. એરચને ત્યાંથી ખસેડવાની તું યુકતી કરવા માંગેચ." બાબને અટકળ કરી.

"તેમજ. એ તો આપણી મુખ્ય મતલબ છે. બસ એને કેહેબી જંપીને બેસવા ન દેવો."

"પણ એને કેવી રીતે ખસેડવો ?" બાબને પુછયું.

"તે એમ કે—પણ પેસી આગળ બોલતો અટકી જઇ બાબનનાં કાનપર લાગી કાંઇ હલ્લુસે બોલ્યો, અને ત્યાર પછી બંને દોસ્ત છુટા પડયા.

પ્રકરણ ૫૧ મું.

ભરમોનો ભંડાર.

૪૭ માં પ્રકરણનો છેડે આપણે જે સ્ત્રીને જોઇ આવ્યાં તે સ્ત્રી શું ખરેખર ઝોહરાજ હતી? શું પેસીના ઠાગા તળે ફસી પડેલી ઝોહરા તે આજ સ્ત્રી હતી? પણ તે આ જગ્યાએ આવીજ કેમ શકે? ઝોહરાની હસ્તી આ દુન્યામાં હોયજ ક્યાંથી? શું આપણે કંઇ ભુલતો નહીં કરતાં હોઇયે? પણ નહીં, આપણે ભુલ કીધી નથી. ઝોહરા મરણ પામી નથી. તે તો હાલમાં જીવતી જાગતી હાલતે શીરીન સામે આવી ઉભી છે. પરમેસ્વરે તેને હજુર ચોક્કસ કામો બજાવવા માટે જીવતી રાખી છે. ઝોહરા વીશે હજુર આપણને બીજું જાણવું છે. અને તે એ કે ઝોહરા અને જંગલવાદી માંહેલી પેલી એરચની કેહેવાતી માશુક એ બંને કોઇજ નહીં પણ આ એકજ!

ઝોહરાના છેલ્લા શબ્દોમાં કાંઈ ચમત્કારીક અર્થ સમાયલો શીરીનને લાગ્યો હતો, માટેજ તે સાંભળતાંને વાર તે આગળ ચાલતી અટકી ગઈ, અને ઝોહરા તરફ ફરી બોલી, "કેમ તુંને શું કેહેવુંચ? તું મને ફરીથી ઠગવાતો નથી આવી?"

એટલામાં તો ઝોહરા પણ પાછી શીરીન નજદીક આવી પુગી, અને તેને જવાબ આપ્યો "નહીં, શીરીન, હું તમુને ઠગવા નથી આવી, પણ મારે એક ઘણીજ અગતની વાતનો તમારી નજદીક ખુલાસો કરવોચ."

"તારે જેબી કેહેવું હોય તે એકદમ મને કહી દે. હું તારી આગળ વધારે વાર ઉભી રેહેવા માંગતી નથી."

"નહીં, શીરીન બેહેન, તેમ થવું મુશકેલ છે, મારો ખુલાસો લગાર લાંબો છે. તમે મને ધીરજથી સાંભળો તો સારૂં. હું મારા આગળા વાંક માટે તમારી પાસે માફ માંગતી ઉભી છું. મેં તમુને આગળ જે—"

ઝોહરાને વધુ બોલતી અટકાવી શીરીન ધડકતી છાતીએ એકદમ બોલી ઉઠી, "ત્યારે શું તેં મને આગળ ખોટી ખબર આપી ઠગી કે?"

"હા બાઇ. હું દલગીરી સાથે કબુલ કરૂંચ કે—"

"અરે, પણ તુંને તેમ કરવાનું કારણ શું? અમોને દુઃખી કરીને તારા હાથમાં શું આયું?" શીરીને રડમસ જેવું મોઢું કરી પુછ્યું.

"શીરીનબાઇ, તે બધો ખુલાસો તમારી આગળ કરી દેવાની મારી ખાહેશ છે." ઝોહરાએ જવાબ વાળ્યો, "મારો આજ સુધીનો હેવાલ તમોને કહી જઇશ એટલેજ તમુંને બધી સમજ પડસે. ચાલો પેલી જગા મજેની છે. તાંહ આપરે બેસયે." એમ કહી ઝોહરા શીરીન સાથે એક ઝાડ નજદીક ગઇ જેની હેઠળ બંને જણ બેઠાં. ત્યારબાદ શીરીનના રડતા ચેહેરાપર નજર કરી ઝોહરાએ પોતાનો હેવાલ શરૂ કર્યો.

"હું તમોને આએ પ્રમાણે રરતાં જોઇ ઘણી અજબ થતી નથી; કારણ કે જેવું દુઃખ તમારી ઉપર પરયુંચ તેવું મારી પરબી પરેલું છે, એટલે હુંબી સમજુંચ કે તમારાં મનમાં શું શું થતું હોસે, ને કેવા કેવા વીચાર આવતા હોસે. હું કંઇ ઘણું લંબાન કરી તમોને કંટાળો આપસ નહીં. પન મારો હેવાલ શરૂ કરૂં તેની અગાઉ ફરી એક વાર તમોને અરજ કરૂંચ કે મારે લીધે જે મોટું દુઃખ તમોને ખમવું પરયુંચ, તે માટે મને માફી બખશવી.

મારૂં નામ ઝોહરા છે, અને હું એક બહુ ઉંચ ખાનદાનથી ઉતરી આવેલી છું. મારો બાપ સલાદીન બાહાદુર હેદરાબાદમાં મોટી જાગીર ધરાવતો હતો ને અમે ઘણાં સુખમાં રેહેતાં હતાં. પણ એક દીવસ મારો બાપ નીઝામની ખફગીમાં આવી પડયો. નીઝામને તેની ચાલથી શું કારનસર નારાજ થવું પડયું હતું તે માત્ર જાનવાનીબી મારા બાપને તક આપ્યા

વગર ચોવીસ કલાકની અંદર તેના રાજની હદ છોરી જવાનું સખત ફરમાન તેને મલ્યું, ને તેને તાબે થવા સીવાય બીજો ઉપાય હાથ ન હોવાથી તે રાતોરાત પોતાના કુટુંબ સાથ હેદરાબાદ છોડી મુંબઇ આવી રહ્યો. બાપ ઉપરાંત કુટુંબમાં તો હું, મારી મા ને મારો ભાઇ, એટલાં જન હતાં. મારો પેદર આ નહીં ધારેલા બનાવથી બહુ દુઃખી થઇ ગયલો લાગ્યો. તોપણ તેણે ધીરજ રાખી, અને અમો આબરૂ દરકારે રેહેવા લાગ્યાં. એવી રીતે ત્રણ મહીનાની મુદત પસાર થવા પામી. તાહર પછી એક જાણુવાજોગ બનાવ બન્યો. હેદરાબાદમાં વસ્તા મારા બાપના કેટલાક દોસ્તોએ નીઝામના વડા અમલદારો સાથે વગ ચલાવી તેની જપત કીધેલી મીલકત તેને પાછી અપાવવાની હીલચાલ કરવા માંડી હતી, અને તેટલામાટે હેદરાબાદ આવવા માટે તેઓએ તેની ઉપર એક કાગજ લખ્યું. આ ઉપરથી તે ખુશી થતો બીજેજ દીને હેદરાબાદ ગયો. સારી ખબરની રાહ જોતાં અમે ઘણું દીવસ થોભ્યાં. એક અડવાડયું પસાર થયું, તોપણ મારા બાપ તરફથી અમે કંઇ સાંભરયું નહીં. ધીરે રહીને લખસે એમ અમે વીચારયું. પણ બીજા પંદર દીવસ ગયા છતાંબી તેના તરફથી અમોને કાંઇજ ખબર મલી નહીં, એટલે મારી માની ધીરજ રહી નહીં. રખે મારા બાપના કોઇ દુશમનોએ દાગો કરી તેને તાંહ બોલાવ્યો હોય એવી ચીંતા મારી માને ઉપજી, ને અમો ભાઇ બેહેનને કોઇ દયાલુ પાડોસીને સોંપી તે તો તુરત હેદરાબાદ ખાતે ગઇ, પણ અમારી નીરાશી વચ્ચે તેના ગયા બાદ થોડેક દીવસે મારો બાપ એકલોજ પાછો ફરયો, ને મારી માને ઘરમાં ન દીઠાથી તેની નીતી ઉપર તેને મોટો શક ગયો હોય તેમ તે વખતના તેના ગુસ્સા ભર્યા ચેહેરા ઉપરથી દેખાયું. તેણે આવીને તરતજ પેલા પાડોસી પાસેથી અમારો કબજો લીધો, ને તે ઘેર જાથુકનું છોડી અમોને અમારા પાડોસીની જાણ વગર કોઇ જુદાંજ મકાનમાં લઇ ગયો, ને મારી ગરીબ માનું ત્યાર પછી શું થયું તે વીશેની મને આજ સુધી કંઇ ખબર નથી.

તે નવાં મકાનમાં અમો ધીરે ધીરે મોટાં થવા લાગ્યાં, અને હું જ્યારે ૧૮ વરસની વએ પોંહચી ત્યારે મારી જીંદગીમાં એક જાણવાજોગ બનાવ બન્યો, જે બનાવ જો નહીં બનતે તો તમે ને હું આટલાં દુઃખી થતે નહીં. હા શીરીન બાઇ! તેજ અને તેજ કમબખત બનાવે તમારા સુખમાં નાહેકનો ખતરો નાખ્યોચ, અને તેજ બનાવથી હું આવી કંગાલ, દુઃખી હાલતે પુગીચ!" એટલું બોલતાં ઝોહરાની આંખમાં આંસુ આવી લાગ્યાં, અને તે થાકી ગઇ અને થોડોક વાર બોલતી બંધ પડી.

શીરીન તેનો આ હેવાલ સાંભળવામાં એટલી બધી તો ગરકાવ થઇ ગઇ હતી કે ઝોહરાની હાલતનું તેને ભાન રહયું નહીં, પણ આખરે ઝોહરાએજ પોતાનો હેવાલ આગળ લંબાવવા માંડયો ત્યારેજ શીરીનને માલમ પડયું કે તે થોડોક વાર બોલતી અટકી હતી.

"મારા ભાઇનો એક દોસ્ત નામે અઝીમ અમારે ત્યાં અવારનવાર આવજા કરતો હતો ને તેનો અતી ખુબસુરત ચેહેરો જોઇ હું તેનાપર એકદમ મોહી પડી! પણ તે બીનાથી મેં કોઇને વાકેફ કીધાં નહીં. ત્યાર પછી થોડેક મહીને અમારાં કમનસીબે અમારો બાપ મરણ પામ્યો, અને અમો ભાઇ બેહેન કોઈનાબી આસરા વગર નીરાધાર થઇ ગયાં. તોપણ, અમારો બાપ થોડીક પુંજી મુકી ગયો હતો, તેનો કબજો મારા ભાઇએ લીધો, અને અમો મધ્યમપણે અમારૂં ગુજરાણ કરવા લાગ્યાં પણ બાપનો ધાક માથેથી જવાને લીધે મારો ભાઇ બાબન લુચ્ચાઓની સોબત કરવા લાગ્યો, અને તેઓની સાથે ફરી ફરીને બગડવા લાગ્યો. પેલો અઝીમ જે મારા બાપના મરણ અગાઉ કોઇ કોઇ વાર આવતો હતો તે હવે તેના મરણ બાદ અમારે ઘર છુટથી આવવા લાગ્યો. ને ખરેખર મને પણ તેવુંજ જોઇતું હતું. જેમ દીનપર દીન તેની હા-

જરી અમારે ત્યાં વધતી ગઇ તેમ તેના તરફ મારો પ્યાર વધુ અને વધુ ઉશકેરાતો ગયો. અંતે તે વીશે મેં મારા ભાઇને વાકેફ કીધો, ને તેની સાથે લગ્ન કરવાની મરજી બતાવી. પણ મારો ભાઇ તો સાંભરીને ઘણોજ અજબ થયો ને મારે લીધે દુ:ખી થતો હોય એમ દેખાયો. મારા ભાઇનું મારીપર ઘણું હેત હતું. તેણે મને એમાંથી વારવાની ઘણીબી તજવીજ કીધી, પણ શું કમબખ્તીએ મને ઘેરી લીધી તે હું સમજી નહીં ને અંતે ફસી, નહીં તો મારી આવી કઢંગી હાલેત થતે નહીં. કારણ કે એ અઝીમ કોઇજ નહીં પણ તમારો સગો પેસી !''

''પેસી !'' એ નામ સાંભળતાંને વાર શીરીન જબરી ચોંકી ! આ શું ભેદ ખુલ્લો થતો હતો ! પેસી એક મુસલમાન ! પેસી એક ઠગારો !

''કોણ ! પેસી ? ત્યારે શું તું એને ઓળખેચ ?'' અતી ઘણા કમકમાટથી શીરીને પુછયું.

''હા બાઇ, એજ પેસી'' ઝોહરાએ જવાબ આપ્યો, ''શું એણે મને ફસાવીને એને હું ઓલખું નહીં ? પણ તમે મને આગલ સાંભરો તો ઠીક'' એમ કહી ઝોહરાએ પોતાનો હેવાલ આગળ ચલાવ્યો.

" તે એક પારસી હોવા છતાં તે વીશે મને મારા ભાઇએબી ચેટાવી નહીં. તેણે તો મને એમજ કહ્યું કે એક ચોકકસ કારણને લીધે તે મારી સાથે નેકા કરી શકે નહીં, અરે, પણ હું એ કેમ સમજી શકું ? કારણ કે તેના તરફનો મારો પ્યાર એટલો તો ઉભરી આવ્યો હતો કે તેના વગર હું જીવીજ નહીં શકું. મારો ભાઇ મારે માટે કંઇજ નહીં કરી શકયો ત્યારે તે બંનેનો સઘલો ભરમ જગતની જાણમાં લાવવાની મેં તેઓને ધમકી આપી, જે જોઇ તેઓનેબી બીજો ઉપાય રહ્યો નહીં ને અંતે એ કેહેવાતો અઝીમ જેમ તેમ કબુલ થયો. તમારે જાણવું અગતનું થઇ પડસે કે મારો ભઇ બાબન ને એ પેસી સાથે મલીને લુચ્ચાઇ લફંગાઇથી નીરદોશ લોકોને ફસાવવાનો બંધો માંડી બેઠા હતા, અને એ લોક તેમજ એઓના મલત્યાઓ અમારે ત્યાં આવજાવ કરતા એટલે તેઓની વાતચીતથી તેમજ મસલતોથી હું છુપી રીતે વાકેફ હતી, એટલે રખે તેઓનો ભરમ ખુલ્લો કરી આપી તેઓને હું બેઆબરૂ કરૂં તેથી ઘભરાઇ જઇને આખરે અઝીમ સમજ્યો એટલે મારા જીવને રાહત વળી, પેહેલાં તો મને વારવાની એણે ઘણીબી કોશેશ કરી, મને ઘણીબી લાલચ દેખાડી, પણ સમજાવતથી યા ધમકીથી હું પાછી હતી નહીં; ને અંતે મેં તેને મારી સાથે નેકા કરવામાં ફરજ પાડી. સબબ, મનેએવી આશા હતી કે હું એને મારા પ્યારથી જીતી લેવશ. પણ અફસોસ ! પ્યારનાં આંધલાપણાંમાં હું ફસી હતી. મને તે વખતે જરાકબી શક ન ગયો કે એ ઇસલામી મહજબ નથી પાલતો ને અમારાં લગન કાયદા પુરવક કેહેવાશે નહીં. તે વખતે હું શું જાનું કે હું નીચમાં નીચ કાવતરાંનો ભોગ થઇ પડી ? નહીં તો શું હાથે કરીને હું મારી આબરૂને દાગ લાગવા દેતે ?

થોડાક મહીના અમે સાથે રહયાં. એટલે પેસી કંઇ આખો વખત મારેજ ત્યાં રેહેતો હતો નહીં. કોઇ વખત આવતો વલી કોઇવાર દીવસોના દીવસ સુધી દેખાતોજ નહીં. મેં તેને કાયદાપુર્વક રીતે નેકા કરવાને ફરીથી સમજાવ્યું પણ તે સમજ્યો નહીં. થોડાક બીજા મહીના પસાર થયા અને તે દરમ્યાન મને એક બાલકની વૃદ્ધી થઇ.''

" ત્યારે પેહેલાં તું તારી સાથે એક બચ્ચું લાવીતી તે પેસીનુંજ કે ?'' શીરીને ભારે કમકમાતથી પુછયું.

" હા, શીરીનબાઇ.''

" પણ તે બાલક ત્યારે હમણાં ક્યાં છે ?''

" તે હવે પછીના મારા હેવાલમાં તમોને માલમ પરસે, રફતે રફતે પેસી મારા તરફ બેદરકાર થવા લાગ્યો, ને મને નફ્તાઇથી કહ્યું કે ''હું તારી સાથે પણ્યોચ પણ તે કાંઇ

કાયદાપુરવક નથી, તેથી તું તારૂં સોધી લેજે. હું તુંને ચાહતો નથી, પણ તેં જ્યારે મને ઘણી બેહસ કીધી ત્યારે મેં જરા તુંને રમુજ પમાડી' આ તેના શબ્દો હું કેમ સાંભરી શકું? મને કંઇ તે વખતે સુજ્યું નહીં. તેને બાહર ભટકવાની અસલથીજ ટેવ હતી એટલે તે મારા ઉપર ધ્યાન આપતો ન હતો. મેં તેને ઠેકાણે લાવવાની ઘણીએ કોશેશ કરી, પણ તે કાંઇ સમજ્યો નહીં, ને મારી સાથે ઝાહઝી વાતચીત કરવાનું બી તેણે છોરી દીધું. એવી રીતે થોડાક મહીના પસાર થઇ ગયા.

એક દીવસ તે મારી આગળ આવ્યો, ને એક ચોક્કસ કામમાં તેણે મારી મદદ માંગી, ને જો કામ સફલ થાય તો મારા મનની મુરાદ પાર પાડવાની તેણે મને કબુલાત આપી. તેની એવી કબુલાત ઉપર હું ઝટ લોભાઇ, કારણ કે તેની માંગણી કબુલ રાખ્યા વગર ચાલ્યું નહીં. પોતાની તે વાત કહયા અગાઉ તે ઉપર વગર ચુકવે અમલ કરવાનું તેણે મારી પાસે વચન માંગ્યું, જે મેં ઉલટમાં આવી જઇ તરતજ આપ્યું, અને જરાકબી આનાકાની કર્યા વગર તેનું હર પરકારનું કામ કરવા હું વગર ઢીલે તૈયાર થઇ. ત્યાર પછી તેણે મને પોતાની વાત કહી. તે સાંભરતાંને વાર હું તેની પર બહુ ચીરડાઇને તેમાંથી તેને અટકાવવાની તજવીજ કરી. પણ ફોકટ, તેણે મને લાલચ દેખારી કે એ કામથી તેના હાથમાં મોટી દોલત આવશે તે લઇ અમે બાહરગામ જઇ સુખી જીંદગી ગુજારીશું. પણ પૈસા કરતાં પ્યારને લીધે તેની માંગણી કબુલ કર્યા વગર મારો છુટકો નહીં હતો. અરે શીરીન! તે સાંભરીને તમોને મોટું દુખ ઉપજશે ખરૂં પણ તે કહયા વગર મને ચાલે એમ નથી. પેસીને તમારા એરચ પર છુપું વેર લેવાનું હતું, ને તમારી નજર આગલ તેને હલકો પારવાનો હતો. તે કામમાં તેણે મારી મદદની જરૂર જોઇ. તેના કેહેવા મુજબ મારે મારી બેટી લેલાને સાથે લઇ પેલી જંગલવારીમાં દરરોજ જવું. ત્યાં જઇ મારે જે ભાગ ભજી બતાવવાનો હતો તે એટલોજ કે એરચ મારો આશક થતો હતો અને તે બાલક તેનું હતું એમ કહી તમારા કાન ભંભેરવા. અરે શીરીનબાઇ! આ ભરમ ખુલ્લો કરતાં મને આગલી યાદ આવવાથી ઘણુંજ લાગેચ. મેં કહ્યું તેમ એવું કામ કરવાની મેં પેહેલાં તો સાફ ના પાડી. એવાં ગુનાહભર્યાં કામમાં હાથ બોરવાની મેં હીંમત કરી નહીં. પણ તે બીજી રીતે સમજ્યો નહીં, ને નહીંતો મને રખડતી હાલતે રેહેવા દેવાની ધમકી આપી! મારો પ્યાર ઉભરી આવ્યો! હા! હું કમબખત તરત તેને વસ થઇ! હું એકદમ આંધલી બની ગઇ, અને ઇસતફ્ફર અલ્લાહ, મેં તે પાપી કામ માથે ઉઠાવ્યું! તેના દોજખી કામમાં હું દેવાનપણે શરીક થઇ! યા ખુદા! તેમ કરી મેં તમોને કેવાં દુઃખી કીધાંચ! તે મારા બદકરતુકથી તમારાં સુખનું સત્યાનાશ વલી ગયુંચ એવું જ્યારે હવે મને ભાન થાયચ ત્યારે એવું ઘોર કરમ કરવા હું જીવતીજ શું કામ રેહેવા પામી એ વીચારજ મારૂં અંતકરણ કોતરી ખાયચ! યા પરવર! તારી ગેબી લાકડીનો ફટકો મને સજ્જડ લાગોચ! તારો ઇનસાફ ન્યારો છે! કુલ્લે જગતે મારા દાખલા પરથી સમજવું જોઇયે કે બદકૃત્ય આ દુન્યાનું દોજખ છે, અને નેક કામ તેજ આ દુન્યાનુ બેહેસ્ત છે! યા ખુદા! મારા હાથ ધ્રુજે છે! મને ભમરી આવેચ!" એટલું બોલતાં ઝોહરા બેહોશ જેવી શીરીનના પગ નજદીક પડી, અને થોડોક વાર તો કાંઇજ બોલી શકી નહીં! પણ ભલી શીરીન તેની આવી દયાજનક હાલત જોઇ શકી નહીં.

"ઉઠ, કમબખત, ઝોહરા, ઉઠ, ઠપકાને લાયક કરતા તારી હાલત દયા ઉપજાવા જોગ વધારે થઇ પડીચ." શીરીન એક હાથે રૂમાલ વતી પોતાની આંખો લુંછતી અને બીજે હાથે ઝોહરાનો હાથ પકડતી બોલી.

"યા અલ્લાહ! શું હું જીવતી છું!" તે

પોતાની બેખબરીમાંથી બીદાર થતાં આસપાસ નજર કરી બોલી.

"હા. તું જીવતી છે, ઝોહરા. ફકર ના કર. હું તુંને ઠપકો દેતી નથી. ચાલ ઉઠ, બરાબર બેસ." શીરીન તેને સધ્યારો આપતાં બોલી.

"અરે બાઇ, હું તમારી બહુ મોટી ગુનેહગાર થઇચ. ને તે માટે ખોદાએ મને પુરતી શીક્ષા કીધીચ. બદીનો નતીજો આ દુન્યામાં મલે છે એવી મારી પુરતી ખાતરી થઈચ. અરે બાઇ, તમારા જેવી બાનુ ને મારા જેવી એક પાપી સ્ત્રીને હાથ આટલું બધું દુઃખ ખમવું પડયુંચ તેથી મને કંઇ જેવો તેવો સંતાપ થતો નથી."

"કાંઇ નહીં, ઝોહરા, ધીરજ રાખ. તારો હેવાલ બને તો આજે પુરો કર."

શીરીન તેને હીંમત આપતાં બોલી.

"અરે બાઇ, તમે કેવાં ભલાં છેઓ!" એટલું બોલી ઝોહરાએ પોતાની આંખ લુંછી નાખી, અને પોતાનો હેવાલ આગળ ચલાવ્યો.

"ચાર દીવસ સુધી હું તે જગાએ મારા બાલકને લઇને આવ્યા કીધી, પણ તમે મને મલ્યાં નહીં. અંતે પાંચમે દાહડે તમારો મેલાપ થયો ને હું મારી ધારેલી મકસદમાં ફાવી ને એરચ વીશે તમોને જુઠું સાચું સમજાવ્યું. તમોને બેસુદ્ધ થઇ ગયલાં જોઇ પેહેલે તો હું ઘણી ઘભરાઇ ગઇ. પણ પેસી જે તે જગાએ અગાઉથી છુપાયલો હતો તે નીકરી આવ્યો ને મને ઘભરાયલી જોઇને મને દોરા કકરાવ્યા ને હીંમત ધરવા કહ્યું. તેના દોરા જોઇને વરી મારી પાપી બાજી મને યાદ આવી. ને પ્યારની લાલચને ખાતર તે પુરેપુરી બજાવવાનો મેં પાછો ઠેરાવ કરયો. વરી પેસીએ બી તાંહ મારી સાથે એવી વાત કીધી કે તમોને જરાકબી શક જાય નહીં. એવી રીતે તમે મારાં બોલવા પર ભોલવાયાં ને તેમ થતાં પેસી ફાવ્યો.

"ત્યાર બાદ હું પેસીને મલી અને તેની આપેલી કબુલાતની યાદ આપી. પણ તેણે તો મારા બેહદ ખીજવાત વચ્ચે આપેલા બોલ પર પાણી ફેરવ્યું, ને મને ધીક્કારથી તુચ્છકારી કાહડી. હવે અંતે મને પસતાવો થયો. અને મેં વગર વીચારે તેની ઉપર ભરૂશો મુકયો હતો. તેની લુચ્ચાઇ જાણ્યાં છતાં હું તેને હાથ ફસી હતી. મને મારાં પાપની સીક્ષા થઇ. આએ દુન્યામાં બદી કર્યાથી કોઇ લાંબો વખત ફાવતું નથી એવી હવે મારી ખાતરી થઇ ચુકી. પણ અફસોસ! કે તે મને પેહેલાં સુજ્યું નહીં."

ઝોહરા પાછી અંહી વધુ બોલતી અટકી ગઇ. પણ શીરીને તેને પતાવી. ત્યાર પછી શીરીન તે જગ્યાએથી ઉઠી અને બોલી,

"કાંઇ નહીં ઝોહરા, બાકીનો હેવાલ તું હવે કાલે પુરો કરજે. હમણાં મારો બી જવાનો વખત થયોચ. એ તારો હેવાલ હું છુપો રાખશ, ને તું કાલે એજ વખતે અહીં આવજે."

"વારૂ શીરીનબાઇ, તમારો વખત થયો હોય તો તમે જાઓ. હું કાલે એજ વખતે અંહી આવસ." એટલું બોલી ઝોહરા શીરીનને છોડી ગઇ, અને શીરીનબી પોતાના બંગલા તરફ વળી.

પ્રકરણ પર મું.

શીરીનની લાગણીમાં થયલો ચમત્કારીક ફેરફાર.

બીજે દીને સાંહજે નીમેલે વખતે શીરીન તે ઝાડ હેઠળ જઇ બેઠી કે તુરતજ સામેથી ઝોહરાને આવતાં તેણે દીઠી.

"કેમ ઝોહરા, એટલી બધી ઉતાવલ કરવાની શું જરૂર!" શીરીને પુછ્યું.

"નહીં બાઇ, એમાં ઉતાવર શાંની? તમે જાણોચ તેમ મારૂં મન હાલમાં બહુ ઉશ્કેરાયલું છે અને જાંહ સુધી હું તમારી આગલ બધો ખુલાસો કરીશ નહીં તાંહ સુધી મારાં મનને શાંતી વલશે નહીં." એટલું

બોલી ઝોહરાએ પોતાનો હેવાલ આગળ ચલાવ્યો:—

"મેં તમોને ગઇ કાલે કહ્યું તેમ પેસીએ પોતાનું કામ કાહરી લઇ મને એકવાર ફરીથી ફસાવી હતી. તે મારી સાથે અગાઉની માફક ઠંડેપણેજ વરતવા લાગ્યો, ને પછી તો એવું બન્યું કે તેનો ને મારો મેલાપ લાંબો વખત સુધી થયેજ નહીં. તોપણ, એક રાતે હું મારાં બાલકને લઈને ચરની રોડને દરીયે પસાર થઈ જતી હતી તેવામાં તેની સાથે મારી અચાનક મુલાકાત થઈ ગઈ. તેને મેં તમારે માટે પ્યારના સખુન ઓચરતો સાંભળ્યો. તે મને જોતાં વાર દંગ થઇ ગયો. તોપણ નફ્તાઇથી તેણે મને કહ્યું કે "તું મારો પીછો મુકી દે. હું તારી સાથે લગન કરનાર નથી, ને તારૂં કંઇ વલનાર નથી," આ ઉપરથી તેનું એક ભયંકર કાવતરૂં જેથી હું વાકેફ હતી તે ખુલ્લું કરવાની મેં તેને ધમકી આપી એટલે તે જરાક દબી ગયો, અને બીજે દીવસે મારે તેજ વખતે તેજ જગ્યાએ આવવું એમ તેણે મને નરમાસથી કહ્યું, ને મને દરેક રીતનો સંતોશ આપવાને તે કબુલ થયો. હું તેનાથી છુટી પડી અને બીજે દીવસે તેણે આપેલી કબુલાત મુજબ મારાં બાલકને લઇને તેજ વખતે તેજ દરીયે કીનારે પાછી ગઇ. તે વખતે પેસી મને મુસલમાની પોશાકમાં મલ્યો. તે પોશાક મારો માનીતો હતો. પેહેલવેહેલો જ્યારે મેં તેને જોયોતો ત્યારે તેજ પોશાકમાં સજ થયલો જોઇને મને મારી આગલી હાલત યાદ આવી ને મને આશા આવવા લાગી. દરીયે કીનારે અમારે વચ્ચે પેહેલાં થોડીક વાતચીત થઈ. પણ પાછો તેનો પીછો છોરી દેવાને તે મને સમજાવવા લાગ્યો, અને સેવટે નફ્તાઇથી તેણે મારા પ્યારનો અનાદર કરયો. આ ઉપરથી અમારી વચ્ચે સખત બોલાચાલી થઇ. અંતે જ્યારે પેસીએ દીઠું કે હું પાછી હતવાની નથી ત્યારે મને દુર કરવાનો તેણે કસદ કર્યો. તેણે મને જવા ન દેતાં મારો હાથ મજબુતીથી ઝાલ્યો. હું તેની મકસદ ચેતી ગઇ ને મેં મારી પાસનું એક ખંજર બાહર કાહડયું, અને તેને દુર રેહેવાનો હુકમ કીધો. પણ તે લુચ્ચાએ તરતજ મારી ઉપર ધસીને મારી પાસથી ખંજર છીનાવી લીધું ને તેણે એક રૂમાલ વડે માારૂં મોહડું દાબ્યું કે હું બેશુદ્ધ થઇ પડી! જ્યારે હું પાછી સુદ્ધીમાં આવી ત્યારે મેં પોતાને થોડેક દુરને કીનારે જઇ પડેલી દીઠી. હવેજ મને મારી હાલતનું ધ્યાન આવ્યું. મારી છાતીમાં મને કંઇ દુખારા જેવું લાગું ને કંઇ ભોંકાયું હોય તેમ લાગ્યું, જે જોઇને મારી તે વખતની કઢંગી હાલત છતાં મને હસ્વું આયું. મારી છાતી પર તો ફકત એક ધસાડો પડયો હતો."

અરે વાંચનાર, ઝોહરાની છાતીમાં પેસીએ ભોકી દીધેલું ખંજર ભાંગી ગયું હતું તે છતાં શું તેથી ફકત એક ધસાડોજ પડયો હતો? ત્યારે ખંજર ભાંગી ગયું તે કેમ ભાંગી ગયું? હા. એજ વીચારથી ઝોહરાને હસવું આવ્યું હતું, ખોદા રાખનાર છે તો કોઇનું બી વળનાર નથી. જે ખંજર ઝોહરાએ બાહર કાઢયું હતું અને જે પેસીએ ઉતાવલે છીનવી લઇ તેની છાતીમાં ભાંગી નાખ્યું હતું તે કાંઇ ખરેખર ખંજર ન હતું. ખંજરના જેવો તે તો લાકડાંનો બનાવેલો એક આકાર હતો. પણ ત્યારે ઝોહરાને પોતાના બચાવ ખાતર એમ ખોટું ખંજર રાખવાનું કારણ શું?

"બાઇ. તમે જાણીને અજબ થશો" ઝોહરાએ આગળ ચલાવ્યું, "કે તે ખંજર જે પેસીએ મારી પાસથી છીનવી લીધું હતું તે એક લાકડાંનો ખંજર જેવો ટુકડો હતો. પેસીની મતલબ હું આગમચથી ચેતી જઇ, મારા બચાવની પુર તૈયારીમાં હું ઘરથી નીકલી હતી. મેં મારી પાસે બે ખંજર રાખ્યાં હતાં. એક ઉપલું ખોટું, અને બીજું ખરેખરૂં ખંજર. હું જાણુતી હતી કે પેસી પણ મને ગુસ્સે થયલી જવા દેશે નહીં. તેના તરફથી હેરાનગતીની વકી મેં રાખીજ હતી. અને

પેહેલાં તે લાકડાંનો ટુકડો કાહડવાનો સબબ એકે પેસી તેને ખરૂં ખંજર સમજી લઇ લેશે કે તુરત મારા બચાવનું સંગીન હથ્યાર કાહડી હું તેનો જીવ લઇશ. એવી મારી મતલબ હતી. પણ તે પાર પડી નહી. તેના દવા છાંટેલાં રૂમાલની મેં વકી રાખી ન હતી. તેથી હું બેશુદ્ધ થઇ અને મારી મકસદની ધુરધાની થઇ ગઇ. પણ મારી બેટી લૈલાનું શું થયું તેની મને ખબર નથી. પણ હું ધારૂંછું કે તેનો પણ મારી માફક નીકાલ થયો હોસે. ત્યાર પછી હું બીજાયલેજ કપરે રાતોરાત ત્યાંથી બાહર નીકલી. મારે અસલ મકાને ન જતાં મારી એક ઓલખાનવાલીને ત્યાં હું ગઇ ને મારા ભાઇથી મારી હાજરી છુપી રાખવા મેં તેને કહ્યું.

"ત્યાર પછી હું એવા વીચાર પર આવી કે આ સઘળી બીનાથી તમોને જાણીતાં કરવાં અને તે બદમાસને ઉઘાડો પાડવો. પણ લાંબો વખત તમારી મુલાકાત થઇ નહીં. તમોને જાતે મલી મારો સઘળો હેવાલ કહી સંભલાવી એરચને બેગુનાહ જ્યાં સુધી હું સાબેત કરૂં નહીં ત્યાં સુધી મને જરાકબી ધીરજ મલે યા મારાં મનને સેહેજબી શાંતી થાય એ બનવુંજ મહાલ હતું; કારણ કે તમોને બન્નેને દુઃખી કર્યાથી હું સામી બહુજ અસુખી બની હતી. તમારાં માણસોથી મેં સાંભલ્યું કે તમે મહાબ્લેસ્વર ગયાં હતાં, માટે બનતી ઉતાવળે અંહી આવવાનો મેં મક્કમ ઠેરાવ કરયો. પૈસાની મદદ હર ઠેકાણેથી મેં મેળવીને અંતે ચાર દાહડા પછી મારો મેલાપ તમારી સાથે થયોચ, ને તે માટે હું ખોદાનો ભારે આભાર માનુંચ. હું ફરીથી ને ફરીથી મારાં એ પાપ માટે, બાઇ, તમારી બહુ ઓજરખાહીથી માફ માંગુંચ." અને ઝોહરા શીરીન નજદીક બંને હાથ જોડી ગુંતન મંડીચે પડી.

શીરીને ઝોહરાનો હેવાલ દેખાઇતી રીતે જોતાં ભારે દુઃખની લાગણીઓ સહીત તોપણ તારીફ લાયક ધીરજથી સાંભળ્યો. એરચ સાથે સખ્તપણે વર્તી, પુરતી જુસ્તેજોઇ કર્યા વગર તે તેની ચાલ પર એકદમ ગેરવાજબી શક લઈ ગઇ હતી તે માટે તો તે અત્યાર અગાઉની દુઃખી થઇ ચુકી હતી, અને તેના નીરદોશપણા માટે તેની મોટે દરજ્જે ખાતરી વટીક થઇ હતી. પણ હવે ? ઝોહરાનો સઘળો હેવાલ સાંભળ્યા પછી તેની હાલત કેવી થઇ પડી ? હવે તે એરચ વીશે શું મત ધરાવતી હતી ? હવે તો ખાતરી થયા કરતાં એ વધુ થયું હતું. શીરીનની આંખમાંનો શકનો પરદો હવે એકદમ ખુલી ગયો. તોપણ એક બાબદ તેને મનસે અંધારામાં રહી હતી. અને તે એ કે એરચને પેલી ગુલાંને શો સંબંધ હતો તે તે સમજી શકી નહીં. તોપણ તે કંઇ હવે એરચ પર હલકો શક લઇ ન ગઇ.

બાહરની બીના પર ભોલવાઈ જઇ એરચને જબરો મોટો ગેરઇનસાફ કરી તેની લાગણીઓને મોટું દુઃખ દેવા માટે હવે શીરીન ખરે મને પસતાવા લાગી. એરચની વફાદારી સામે શક લઇ જવા પછી તે જોકે તેની સામે બહુ ગુસ્સે થઇ હતી. તોપણ તેના તરફનો તેનો પ્યાર કાંઇ તેથી કમતી થયલો હવે માલમ પડયો નહીં. ત્યાર બાદ તે એરચને ચાહતીજ ન હતી એમ ધારવાની ભુલ આપણે કરવી જોઇતી નથી. અને વાંચચનાર, ઝોહરાનો હેવાલ સાંભળ્યા પછી શીરીને પોતાની ધાટકી ચાલ માટે કેટલું બધું લાગ્યું હશે ?

એરચને મળવા અને તેની પાસે પોતાના થઇ ગયલા વાંકની માફી ચાહવા માટે તે ખરે મને તતપર થઇ રહી, અને દુન્યાના કોઇ પણ ખુનાંમાં તે છે એવી ખબર મળતાં તે તરફ વગર ઢીલે દોડી જવાને પણ તે તૈયાર થાય તેમાં નવાઇ નહીં.

પણ ઝોહરાના હેવાલ ઉપરથી શીરીને બીજું શું શોધી કાહડયું ? પેસી તરફ હવે તે કેઇ પ્રકારની લાગણી ધરાવતી હતી ? તેણે પેસી સંબંધી હમણાં એક જબરી મોટી શોધ કરી હતી. પેસીને તો તે આજ લાંબો વખત સુધી ધીક્કારતી હતી, અને તેને એક

બદ માણુસ તરીકે પીછાણી લઇ તે તેનાથી દુરની દુર રેહેતી હતી, એ વાત કંઇ વાંચનારથી અજાણી ન હોય. પણ હવે તો પેસીની સઘળી ઠગબાજી જાણ્યા પછી, કપટ અને વેરભાવની લાગણીથી નીર્દોશ એરચની નીતી ઉપર નીચ હુમલો લઇ જવાની તેની શરમભરી યુકતીની તેને હવે પુરતી વીગત ઝોહરા તરફથી મળ્યા પછી, તે પેસી પર એટલી તો ખફા થઇ કે તેનું બ્યાન થઈ શકે એમ નથી. પેસીને હવે માણુસાઇ રૂપમાં એક સેતાન મુવાફેક બુરા કર્મ કરનાર તરીકે પારખી લેવામાં શીરીનને હવે વાર ન લાગી. હવે તે તેના ઉપર ભારે ધીક્કારની નજરથી જોવા લાગી, એટલુંજ નહીં પણ તેની આટલી હદ સુધીની લુચ્ચાઇ માટે તેના તરફ તેને અનહદ કેહેર છુટયો, અને તેના કાવાડાવા માટે તેના પર જબરો ફીતકાર અને તીરસકાર વરસાવા લાગી.

પણ વળી શીરીનને એક બીજો વીચાર આવતાં એક રીતનો અફસોસ છુટયો. પેસી જેવા બદકરતુકી આદમી ઉપર તેના બાપ રૂસતીમશાહ એતબાર કાં રાખતા હશે તેની તેને સમજ પડી નહીં, અને વળી તેવાજ લુચ્ચાની સાથે તેઓ તેને પરણાવવાની ઓંહશ લઇ બેઠા હતા. એ વાતની જ્યારે તેને યાદ આવી ત્યારે તેના બાપ પરથી તેને થોડો ગુસ્સો ઉપજ્યો નહીં. તોપણ હજુરથી તેમની નજદીક પેસીનો સઘળો ભરમ ખુલ્લો થઈ જાય તો કેવું સારૂં એમ શીરીનને ખરે-મને ઇચ્છયું.

તોપણ આવા દુ:ખદાયક વીચાર વચ્ચે શીરીનને એક સધ્યારો હતો. એરચનું નીર્દોશપણું સાબેત થઇ ચુકયું હતું એ તેને મનસે કંઇ થોડી ખુશી થવા જોગ બીના ન હતી.

ઝોહરાનો ભાઇ પણ પેસી સાથે તેના બદકરતુકમાં સામેલ હતો એ વાત જ્યારે શીરીને જાણી ત્યારે તે પરકોમની અબળા માટે તેને ઘણુંજ લાગ્યું. જ્યારે શીરીને જોયું કે પોતા કરતાં વધુ દુ:ખી તો ઝોહરા હતી ત્યારે આપણી આ 'પરોપકારી નારે પોતાનું દુ:ખ ભુલી જઇ તેને સધ્યારો આપ્યો. તેણે ઝોહરાને નાણાંની તેમજ બીજી જરૂર જોગી મદદ કરવાની ખુશી બતાવી પણ ઝોહરાએ કેડે નોકરી રેહેવાની પોતાની ખાહેશ જણાવી અને બોલી.

"બાઇ, એકાદ પારસી કુટુંબમાં નોકરી રહયાથી હું મારો વખત સુખમાં પસાર કરશ પણ તમે ફીકર ના કરો. જ્યાં સુધી પેસી તમારા બંગલામાં વસે છે ત્યાં સુધી હું તમારી નોકરીમાં રહીશ નહીં. જોઇયે તો તમે મારી બીજે ઠેકાણે ભલામણ કરજો."

ત્યાર બાદ શીરીનથી ઝોહરા થોડીક પરચુટણ વાતો કરી છુટી પડી.

પેસીનો ધસ્ત મીત્ર બાબન તે આ કમનસીબ ઝોહરાનો સગો ભાઇજ એમ ઉમેરવાની શું ખાસ જરૂર છે?

પ્રકરણ ૫૩ મું.

કીસમતના કેહેરનો એક વધુ ફટકો !

The smiles of Fortune flatter to deceive,
While still the Fates the web of misery weave.—*H. K. White.*

લાહોર ખાતેની જેઠામલની પેઢી અસલ માફક ધીકતી ચાલી, અને એરચ પણ દહાડે દહાડે સર્વેનો માનીતો થતો ગયો. ધનજીશાહ શેઠના કુટુંબ સાથની તેની ઓળખાણ દીવસો દીવસ વધતી ચાલી અને આખરે તે ઓળખાણે મીત્રાચારીનું મજબુત રૂપ પકડયું હતું, અને તે તેમને ત્યાંના સર્વેનો માનીતો થઇ પડયો હતો.

પણ વાંચનાર, લાહોર ખાતેની પોતાની આ નવી અને સુખી જીંદગી દરમ્યાન એરચ

પોતાનું આગળું દુઃખ શું ભુલી ગયો હતો ? નહીં. શું તે હવે શીરીનને ચાહતો બંધ પડયો હતો ? નહીં. હજુર સુધી તે પોતાની પ્રીયાને ચાહતો હતો. હજુર સુધી તે તેની યાદ કરતો હતો. પણ શીરીન કોઇના ઓલવા ઉપર ભોલવાઇ તેનુંજ તેને મોટું દુઃખ હતું. પણ એવાં દુઃખથી શીરીન તરફના તેના પ્યારમાં સેહેજબી ઘટાડો થયો હતો એમ કદીબી આપણે ધારવું નહીં.

તોપણ, બનતાં તુલીક પોતાનું એ દુઃખ ભુલાવવાની તે કોશેશ કરતો હતો, અને તેનું એ દુઃખ રખેને બાહરનાઓને માલમ પડી આવ્યાથી તે તેઓની નજરમાં ગમગીન અને ઉદાસ માલમ પડી આવે તેથી તેઓ સન્મુખ હસ્તો મુખડો અને રમુજી સ્વભાવ જાળવી રાખવાની તે હંમેશાં સંભાળ લેતો. અને વળી સંજોગો પણ તેને મન માનતાજ મળવાથી તે ખુશી થતો હતો, અને તેના મનનાં દુઃખ વચ્ચેબી તે થોડીક પ્રકારે સુખી હતો તે માટે તે પરમેશ્વરનો આભાર માનતો હતો.

પણ અફસોસ ! તેની આવી સુખ સગવડ ભરી હાલત વધુ વાર તકી શકવા પામી નહીં. નસીબ દેવી તેને ઝાહજો વખત એમ સખ્ખે જીવવા દયે એમ તેના બાબમાં કમભાગ્યે જાણે સરજીતજ ન હતું !

એક દીવસે સહવારનાં દસ વાગતાને સુમારે જ્યારે એરચ પેઢીના હંમેશનાં કામપર વળગેલો હતો ત્યારે તેના શેઠ જેઠામલ તેની બેઠક નજદીક આવ્યા. તેમને જોઇને એરચ લગાર અજાયબ થયો, કારણ કે ઘણુંજ અગત્યનું કામ હોવા સીવાય તેઓ એરચ આગળ આવે વખતે કદીબી આવતા ન હતા.

“કેમ સાહેબ, કંઇ ફરમાસ છે ?” એરચે લગાર અજાયબ થઇ પુછયું, પણ તેના શેઠને થોડીક પળ સુધી વીચારમાં ઉભેલા જોઇ તેની અજાયબી ઓર વધી, અને વધુ ઇંતેજારીથી તેણે પાછો સવાલ કર્યો, “કેમ શેઠ, તમે આજે એમ વીચારવંત જેવા કેમ દેખાઓછો ? તમારે મને કંઇબી ફરમાવવું હોય તે બેલાશક ફરમાવો. હું બજાવવા તૈયાર છું.”

“જે વાત હું તમોને કેહેવા માંગુંછું તે લગાર દલગીરીભરી છે,” આખરે જેઠામલે ચુપકીડી તોડી, “તોપણ તે કહ્યા વના મને ચાલે એમ નથી, અને તે તમોને સાંભળવીજ પડશે.”

જેઠામલને ઉપર મુજબ બોલતા સાંભળી એરચ ભારે ઓચંબામાં પડયો. તેમનું બોલવું તેને બહુ ગંભીર અને ભેદભર્યું લાગ્યું. તેના કીસમતના બાબમાં વળી કંઇ નવું જુનું બનવા પામ્યું હશે એવી સેહેજ આગાહી તેને તુરતા તુરત થઇ, પણ તેની એ આગાહી કેટલે દરજ્જે ખરી નીવડે છે તે આપણને હમણાંજ માલમ પડશે.

“આજે તમોને કંઇક વીચીત્ર ઢપે બોલતાં સાંભળી હું અજબ થયો છું. તોપણ, તમારી ગમે તેવી દલગીરી ભરી વાત હું મોટી ખુશીથી સાંભળીશ, માટે તમો સાહેબને જે કેહેવું હોય તે બેલાશક કહો.” એરચ બહુ મક્કમ મને બોલ્યો.

“સાંભળો, ત્યારે. હું આજ સુધી એવાજ ખ્યાલમાં હતો કે તમે તદ્દન નીશકલંક આબરૂના માણસ હશો. પણ તમોને જણાવતાં મને દલગીરી ઉપજેચ કે તમે કેવી કીસમના આસામી છો તે મને સારી સત્તાથી માલમ પડયું છે. તમે અસલ મુંબઇ ખાતેની એક ચોકકસ પેહેડીમાં વડા કારકુનની જગ્યાએ હતા, અને હમણાં જેવી બાહોશી તમે અહીં બતાવો છો તેવી ત્યાં પણ બતાવી હતી, અને તેમ કરી અહીની માફક તમારા ઉપરીઓનું માન તમે તમારા તરફ ખેંચી લીધું હતું. પણ આખરે તમારા હાથમાં મેળાયલા વીશવાસનો તમે ભંગ કર્યો અને તે પેહેડીને નાણાં સંબંધી ઘોંટાલામાં નાખી તમે તમારૂં ગજવું ભરી અંહીં વંજે માપી આવ્યાચ, અને ત્યાંનાં જેવી કસરેવજી તમે અહીં પણ ચલાવવા માંડી હતે, પણ નહીં. તેવું બનવા પામ્યું નથી તેથી હું તે ખોદાનો આભાર માનુંચ.

ટુંકમાં, તમે અંહીં પણ વીશવાસ ઘાતકી નીવડી ઘોંટાળો કરી ચાલી ન જાઓ તેની હવે મારી પાસે સાબેતી શી?"

જેહામલને આ પ્રમાણે બોલતા સાંભળી એરચ તો અચરતીથી દંગ થઇ ગયો, તેના શેઠને થોડા વખતનું ઘેલાપણું લાગુ પડવાની કાંઇ ટેવ તો ન હતી? આ તેઓ શું બોલતા હતા? એરચ પોતે એક વીશવાસઘાતકી આદમી! જેણે આજ સુધી પોતાની જીંદગી પ્રમાણીકપણે ગુજારી હતી, જેણે બીજા લોકને ખાતર કેવા કેવા ભોગો આપ્યા હતા, અને જેણે આજ સુધી કોઇને સેહેજબી દુઃખ દીધું ન હતું તેજ નાણાં સંબંધી ઘોંટાળાનો કરનાર! વાંચનાર, એરચની જગ્યાએ કોઇ બીજો હોત તો તુરત પોતાની ધીરજ ખોહી દઇ તે જેહામલ પાસે પોતાની આબરૂનો જવાબ માંગત, એકદમ ઉશકેરાઇ જઇ તે તેના શેઠની સાથે સખ્ત શબ્દોમાં મારામારી કરત. અને સમો પણ તેવોજ હતો. શું એક નીર્દોશ માણસ પોતાની આબરૂને વગર કારણે કલંક લગાડવા દયે? સામો ધણી તેને બીન દેહેશતે અપમાન કરયો જાય તે શું તે સાંખી શકે? હા, વાંચનાર, એવું અપમાન સાંખી જવામાંજ આજે ફાયદો છે. એકદમ ઉશકેરઇ જવાથી અને સામા આદમી સાથે તાણજોર કર્યાથી સામું કામ વધુ બગડે છે એમ વાંચનારે નક્કી માનવું.

પણ શું એરચે ધીરજ ખોહી? શું તેણે પોતાની આબરૂનો જવાબ માંગ્યો? નહીં. તેણે તેવું કશુંએ કર્યું નહીં. તે ચપળ સમજશક્તીના જવાને તુરત જોઇ લીધું કે જેહામલના કાન કોઇ તરફથી મજબુત ભંભેરવામાં આવ્યા છે, અને તેવી રીતે ભંભેરાયલા માણસને ઠેકાણે લાવવો મુશકેલ એમ તેણે માની લીધું. તોપણ કોણ તરફથી તેને ભોલવવામાં આવ્યો હતો તે બની શકે તો જાણી લેવાનો તેણે ઠેરાવ કર્યો.

"સાહેબ, તમે મારી આબરૂ સંબંધી એવો ગેરવાજબી શક રાખો છો તે જોઇ હું બેહદ દલગીર છું, તોપણ એવો શક રાખવાને તમોને શા આધારે કારણ મલ્યુંચ તે શું તમે મને નહીં જણાવો?"

"હું ખુશીથી તમોને જાણીતા કરીશ. લેઓ, વાંચો આ કાગળ." એટલું કહી જેહામલે એક કાગળ એરચ તરફ ફેંકયો. એરચે તે જમીન ઉપરથી ઉંચકયો, અને મક્કમ મને ધીરજથી વાંચવા માંડયો.

પણ વાંચનાર, તે હજુરતો તે કાગળ પુરેપુરો વાંચી ન રહે તે અગાઉ તેનો ચેહેરો ઉજળો પુની જેવો થઇ ગયો, અને પોતાના હાથમાંથી તે કાગળને જમીન ઉપર પડવા દઇ તે અજાયબીથી દંગ થઇ જઇ જેહામલના મોહ સામું ટગર ટગર જોતો ઉભો!

વાંચનારને તેની ઇંતેજારીમાંથી દુર કરવા માટે આ જગ્યાએ જણાવવું ઠીક થઈ પડશે કે તે કાગળ રૂસતીમશાહ તરફથી આવેલો હતો અને તે ઉપર રૂશતીમશાહની સહી હતી. જેહામલના જણાવ્યા મુજબ તેમાં એરચની ચાલચલણ સદંતર વાંધા ભરી ચીતારવામાં આવી હતી, અને તે એક લુચ્ચો અને ઉઠાઉગીર ચોર હતો એમ તેમાં ખુલ્લેખુલ્લું દરશાવવામાં આવ્યું હતું, અને તેવો કાગળ વાંચતાં એરચ અજાયબ થઇ જાય તેમાં નવાઇ નહીં.

તેણે હવે તુરત તે કાગળ ઉપરથી જોઇ લીધું કે જેહામલને તેની ચાલચલગત બાબે હલકું મત બાંધવાને કંઇ જેવા તેવા સંજોગ મળ્યા ન હતા. તેટલામાટે, પોતાના આ વળી કીસમતના નવા ફેરફારને ધીરજથી તાબે થઇ ચુપકીડી અખત્યાર કરવા સીવાય તેને બીજો માર્ગ સુજયો નહીં.

"તમોને જ્યારે મારી ઉપર હવે ભરૂસો રહયો નથી એટલે તમારી નોકરીમાં વધુ વાર રેહેવું હું પોતેજ પસંદ કરતો નથી." એરચ પોતાનું મન શાંત કરી બોલ્યો, "તેટલા માટે મારી રાજી ખુશીથી હું તમારી પેહેડી જાથુકની છોડી જવા તૈયાર છું."

"ઠીક છે, તમે કોઇ પણ રીતની તરછોડ નથી કરતા તે તમારા લાભનીજ વાત છે. તમારો રહેલો પગાર હું કાલે ચુકવી આપીશ,

અને ત્યાર પછી તમે મારી પેહેડી સાથનો સંબંધ છોડી જજો." એટલું બોલી જેહામલ એરચને તેની હાલત ઉપર વીચાર કરતો મેલી ત્યાંથી બાહર પડયો.

એરચને માથે વળી આ નવું વીઘ્ન આવી પડયું હતું. નાદીર હોલ છોડયા પછી તે પોતાનું મન મકકમ રાખી બેઠો હતો તેમાં આ નવી નડતલ નડી હતી. રૂસતીમશાહ તરફથી તેણે આવી આશા કદીબી રાખી ન હતી, અને વાંચનાર, તે કાગળ ખુદ રૂસતીમશાહે લખ્યો હતો એમ તેણે માન્યુંજ નહીં. આ કામ રૂસતીમશાહ કરતાં કોઇ બીજાજ આદમીનું હોવું જોઇયે એમ તેને લાગ્યું.

પણ બીજે દીવસ સઘળો હીસાબ નકકી કરી તે ભારે દલગીરીથી જેહામળની પેહેડી જાથુકની છોડી ગયો.

પ્રકરણ ૫૪ મું.

અપમાન ઉપર અપમાન. ધીરજની હદ ક્યાં રહે!

Celestial patience! how dost thou defeat
The foe's proud menace, and elude his hate!
While passion takes his part, betrays our peace,
To death and torture swells each slight disgrace.—*Edward Young.*

એરચ એકાએક જેહામળની નોકરીમાંથી કાં દુર થઇ ગયો તે બીના પેઢીના બીજા કારકુનો અને મુનીમો સમજી શકયા નહીં. એરચ વીશે તેઓ સઘળા સારૂં મત ધરાવતા હોવાને લીધે તેનો પેહેડી સાથનો સંબંધ એવો અચાનક રીતે છુટો પડેલો જોઇ તેઓ બહુ અજાયબ તેમજ દલગીર થયા, અને જેહામળને ફરી એવો બાહોશ મુનીમ મલવો મુસ્કેલ એમ તેઓનું માનવું હતું.

પણ આ ખબરથી જેહામળનો ભત્રીજો પેલો હીરામળ બહુ ખુશ થઇ ગયો. વાંચનાર જાણે છે તેમ એરચ સાથે તેને લાહોર જતી ત્રેનમાંજ અનબનાવ થયો હતો, અને જોકે ત્યાર પછી તો જેહામળે એરચને મોહડે સઘલી વાત જાણી લઇ એરચ પાસે માફી માંગવાની હીરામળને ફરજ પાડી હતી તોપણ તેથી કાંઇ તે પોતાનું કપટ ભુલ્યો ન હતો. તે તો એરચને અંદરખાનેથી ધીક્કારતોજ હતો, અને એરચને પેઢી ઉપર વડા મુનીમની પદવી મળેલી જોઇ તે બીલકુલ ખુશી ન હતો. તોપણ જ્યાં સુધી જેહામલની મેહેરબાની એરચ ઉપર હતી ત્યાં સુધી તો તે કશું કરી શકયો નહીં. પણ હવે તો તેની ખુશાલીનો પારજ ન રહયો. અને એ તેને મનસે ખુશ વધામણીથી તેણે તુરતજ પોતાના ઇસ્તમીત્ર પેલા રીચીને વાકેફ કર્યો જે તેના કરતાં કાંઇ ઓછો ખુશી ન થયો. પણ ખાનબાહદુર ધનજીશાહનું કુટુંબ આ ખબર સાંભલી બહુ દુઃખી થયું. એરચને આ સોના જેવી નોકરી છોડી જવાનો શું સબબ મળ્યો હશે તે જ્યારે ધનજીશાહ શેઠ સમજી શકયા નહીં ત્યારે તેઓએ એરચને તે વીશે પુછી જોયું, પણ ખરી વાતથી તેને વાકેફ કરવાની તેણે ના પાડી એટલે તેઓએ વધુ ઓહસ કરી નહીં. તોપણ તેને જો પેહેડીની નોકરી ન ગમતી હોય તો સરકારી ખાતાંમાં એક સારી જેવી જગ્યા તેને આપવાની તેઓએ ખાહેશ બતાવી, પણ એરચે જ્યારે તેમને કહ્યું કે ચોક્કસ સબબો સર તેને હવે લાહોર ખાતે રેહેવું નથી ત્યારે તે સાંભળી તેઓ અજાયબ તેમજ દલગીર થયા.

તેજ દીવસે સાંહજે યાને એરચે જેહામળની પેઢી છોડી તેજ દીવસે તે લાહોર શેહેરના જાણીતા "શાહલીમર બાગ" તરફ

ફરવા જતો હતો, ત્યારે તેની સામેથી કોઇ બે ત્રણ શખસને તેણે પોતા તરફ આવતા દીઠા. તેઓમાંનાં બે શખસને એરચે ઓળખ્યા. તેઓ કોઇજ નહીં પણ હીરામળ અને તેનો જાની મીત્ર રીચી હતા. ત્રીજો શખસ એક યુરેઝીઅન હતો, પણ એરચ કાંઇ તેને ઓળખતો ન હતો.

પણ એરચને દેખતાં વાર હીરામળ બોલી ઉઠયો, "આએ પારસી જોયો કે, મી૦ જેફરી? એ એક પકકો લોફર અને જબરો ઉડાઉગીર છે, હં. અમુને એ રાસકલે ત્રેનમાં જબરૂં અપમાન કીધું'તું."

એરચે આ સખુન સાંભળ્યા. હીરામલે તેને આજ સુધી ઘણું અપમાન કર્યું હતું, પણ તેના મામાને ખાતર તે સઘળાંની એરચે કાંઇ દરકાર કરી ન હોતી. તે હીરામલના ન લેવા દેવામાં હતો, તે છતાં તેણે આજે તેને વગર વાંકે કાંઇ પણ સબબ વગર જાહેર રસ્તે બીજાઓનાં દેખતાં અપશબ્દો કહી તેનાં અત્યાર સુધી દુઃખી થયલાં જીગરને વધુ દુઃખી કર્યું હતું. અને આવા સંજોગો વચ્ચે ચુપકીડી અખત્યાર કરવામાં તેને માઠાં ભાગ્યે ડાહપણ ભર્યું લાગ્યું નહીં. આ વખત પણ તેણે જો હંમેશની માફક ધીરજ જાલવી રાખી હતે, વધારે દુરઅંદેશી વાપરી હીરામળના બોલવાને વજન આપ્યા વના પોતાને રસ્તે ચાલતો થતે તો આગળ ચાલતાં વાત ગંભીર રૂપ પકડતે નહીં. પણ અફસોસ! કીસમત આગળ તેનું ચાલ્યું નહીં. કીસમતની કરામત આગલ તે નાચાર બન્યો અને જાણે પોતાના કમનસીબ કીસમતનેજ આધીન થઇ પોતાની આજ સુધીની જીંદગી દરમ્યાન આ પેહેલીજ વાર પોતાની લાગણીઓ ઉપરનો સઘળો કાબુ ખોઇ દઇ, ધીરજને એક બાજુ મેળી, ગુસ્સાભર અવાજે તે બોલી ઉઠયો, "જો બચ્ચા, તારી પુર સંભાળમાં રેહેજે. મેં તુને આજ સુધી જતો કીધોચ તેથી તુંને ફાવીતું પાયુંચ. પણ હવે હું તેવું ચાલવા દેનાર નથી. તું પોતે પકકો લોફર થઇ બીજાંને શું કારણ સર ગાલો આપે છે?"

તે લક્ષાપતી ભત્રીજો એરચનાં આવાં વેણ સાંભળેચ કેમ? તે તુરત પાછો બોલી ઉઠયો.

"ચુપંરાઓ યુ ડફર ખીસ્ત. પેઢી પરથી પાનીચું શું કામ મળ્યું તે બી હું જાણુંચ, બચ્ચા. સીધ્ધો સીધ્ધો તારે રસતે ચાલ્યો જા, નહીં તો તારી સોખાઇનો સવાદ તુંને હું ચખાડીનેજ મોકલીશ."

"ઠીક છે, બચ્ચા, આ હું તુંને છેલ્લીજ ચેતવણી આપુંચ," એરચ પણ રાતો ભુંડ જેવો થઇ બોલ્યો, "હું માથાંનો ફરેલ માણસ છું. મારા મનમાં જે આવશે તે હું તે વખતે બજા લાવીશ. હું હવે કોઈની દરકાર કરીશ નહીં. તું જો તારી દરકાર કરતો હોય તો મને ફરી ઉશકેરતો ના." એટલું બોલી એરચ ત્યાંથી ધસારાબંધ આગળ ચાલી ગયો.

પણ વાંચનાર, શું એરચ હીરામળને તેની નાલાયક ચાલ માટે કાંઇ શીક્ષા કરવા માંગતો હતો? તેણે તેને પોતાની ખુબ સંભાળમાં રેહેવા કહ્યું તેની મતલબ શું? ખરેખર, એરચ જ્યારે આ સખુન બોલ્યો હતો ત્યારે તે અતીઘણો ઉશકેરાઇ ગયો હતો, અને તેટલા માટે તે પોતાની ધમકી એક યા બીજી પ્રકારે અમલમાં મેળવા માંગતો હતો કે નહીં તે હાલ તુરત તો આપણાથી કહી શકાય નહીં. કારણ કે દેખઇતી રીતે એરચની લાગણીઓમાં અજાયબ જેવો ફેરફાર થઇ ગયો હતો!

પ્રકરણ ૫૫ મું.

ભેદી ખુન! શું એરચ નીર્દોશ હતો?

ઉપલા બનાવને એક અઠવાડયાંની મુદત પસાર થવા પામી. પણ એરચે જેમ ધનજીશાહને જણાવ્યું હતું તેમ તે કાંઇ લાહોર છોડી ગયો ન હતો. તે હજુર સુધી તેજ

શેહેરના એકાદ મધ્યમ પંકટીના હોતેલમાં રેહેતો હતો.

એક સાંહજે ૭ વાગતાને સુમારે એરચ પોતાની હાલત ઉપર વીચાર કરતો હોતેલના ઓરડાની એકાદ બારીએ ઉભો હતો, તેવામાં દુરથી એક શખસને પસાર થતાં જોઇ તે ઘણોજ ચોંકયો ! તે શખસને તેણે તુરત ઓલખ્યો, અને જાણે પોતાનું ભાન ભુલી જઇ મોટે સાદે બોલી ઉઠયો, "ઠીક છે. આજ સુધી તું ફાવ્યો છે. પણ હવે તેમ થવું મુશ્કેલ છે. હવે તારા દીવસ ભરાઇ ચુકા છે." એટલું બોલી અતીઘણી ઉશકેરાયલી હાલતમાં પોતાના હાથમાં છતરી લઇ તે તુરત હોટેલની બાહાર નીસરયો અને પેલા શખસની છુપી રીતે તેણે પુઠ પકડી.

પણ વાંચનાર, એરચ જે શબ્દો બોલ્યો હતો તે બીજા કોઇના સાંભળવામાં આવ્યા હતા વારૂ ? હા. એક જણે તે સખુનો આબાદ સાંભળ્યા હતા, અને તેથી તે ઘણો અજબ થયો હતો. એરચ જેવો ઠંડા સ્વભાવનો આદમી આવી રીતે ઉશકેરાઇ કેમ ગયો હશે તેની તેને સમજ પડી નહીં. એરચને કાંઇ પણ રીતના ખીજવાતનું મજબુત કારણ જ્યાં સુધી ન મળે ત્યાં સુધી તે એટલો બધો ઉશકેરાઇ ન જાય એમ તેનું માનવું હતું.

પણ વાંચનાર, આ શખસ કોણ હતો ? તે આપણે જરૂર પડવે જાણીશું.

હોતેલમાંથી છ વાગતે તે નીકળેલો એરચ છેક મોડી રાતે બાર વાગતે પાછો ફરયો હતો. તે પાધરો પોતાના ઓરડામાં ગયો. સાંહજે નીકળતી વખતે તો તે ઉશકેરાયલી હાલતમાં હતોજ, પણ હમણાં તો તે કરતાં એ વધું ઉશકેરાઇ ગયલો લાગતો હતો. તેનું મન જાણે ઉચેત બની ગયું હોય એમ તેના ચેહેરા ઉપરથી સાફ દેખાતું હતું. ઓરડામાં પેસતાં ને વાર તો તે એક છેડેથી બીજે છેડે એક ગાંડા આદમીની માફક ફરવા લાગ્યો, અને ઘડીકમાં દાંત પીસ્તો તો વળી ઘડીકમાં પોતાના હોઠ કરડતો હતો. આવા ચેનચાળા કરવાનું તેને જ્યારે નહીં પરવડયું ત્યારે પોશાક બદલી ઊંઘવાની કોશેશ કરી, પણ ઉંગ તેને આવી નહીં એટલે થોડા વખતમાં પાછો બીછાના ઉપરથી કુદી પડયો, અને પાછો વીચારના વમલમાં પોતાનો ઓરડો માપવા લાગ્યો. "આજના જેવા ગંભીર બનાવની મેં સ્વપ્ને પણ વકી ન રાખીતી. પણ હરકત નહીં, આપણો રસતો એથી ખુલ્લો થયોચ." તે મનસે બડબડયો. પણ એમ ફરતાં ફરતાં વળી તે પાછો કંટાળી ગયો અને ફરી એકવાર નીંદ્રાદેવીને વશ થવાની કોશેશ કરી. અને આ વખત તેને નીંદ આવી ખરી. પણ તે થોડાજ વારની. તેનું ઉશકેરાયલું મન શાંત બને એવી ઉંગ તે હતી નહીં. તે જબકીને પાછો ઉઠયો, એટલે ઝઝકળું નીકળેલું તેની નજરે પડયું.

ચાહેપાણી કરવા તે નીચે ઉતરયો, કારણ કે એરચનો ઓરડો હોતેલના પેહેલા મજલા ઉપર આવેલો હતો.

"કેમ સાહેબ, રાતે તમોને ઉંગ નહીં આવી શું ! કાંઇ તમારા જીવને સારૂં નથી વારૂ ?" ચાહે પીતી વેળા હોતેલના મેનેજરે એરચને પુછ્યું હતું.

"નહીં. તેવું કશુંબી નહીં. મને એવી તો ટેવ હંમેશની છે." એરચે ઉડાવનારો અને નહીં સમજ પડે એવો જવાબ આપ્યો એટલે મેનેજર વધુ ન બોલતાં તેના તરફ શકની નજરે જોઈ ચાલી ગયો.

સહવારે લગભગ દસ વાગી ગયા પછી એરચ જ્યારે પોતાના ઓરડામાં બેસી એકાદ ચોપડી વાંચતો હતો, તેવામાં દાદરપર કોઇના ધબર ધબર ચહડવાના પગલાં તેણે સાંભળ્યાં, અને તેનું કારણ તે હજુર તો શોધી કાહડવા જાય તે અગાઉ તો કદાવર આંગના બે પોલીસ કોનસ્તેબલ તેના ઓરડામાં ધસી આવ્યા !

એરચ આ જોઇને હજુર તો પોતાની અજાયબીમાંથી ફારેગ ન થયો તેટલામાં તો તેઓ માહેલા એકે તેનો હાથ મજબુતીથી પકડયો અને ગંભીર અવાજે બોલ્યો, "તમે મારા બંધવા છેઓ !"

એરચ તેઓની આવી વર્તણુંક જોઇ પેહેલે તો ધભરાઇ ગયો, પણ પછી હુસ્યારી રાખી તે બોલ્યો, "તમે લોકો કાંઇ ધણીજ ગંભીર ભુલ કરતા હશો. શા આધારે તમે મને પકડવા આવ્યા છો તે હું સમજી શકતો નથી."

"નહીં. સાહેબ, અમે ભુલ કીધી નથી. અમારી પાસે તમોને પકડી લાવવાનું વોરંતછે!" આ ચોંકાવનારા શબ્દોએ એરચના મન ઉપર મજબુત અસર કરી !

"વોરંત !" તે પોતાના હાથમાંની ચોપડી બાજુએ મેળી દઈ ભારે ફીકરથી જબકીને બોલી ઉઠયો.

"હા સાહેબ વોરંત. એરચ નાદીરશાહ તમારૂંજ નામ કેની ?"

"હા. તે મારૂંજ નામ. પણ વોરંત શાંને માટે છે ?" એરચે હરણફાડ થઇ પુછયું.

"તે હાલ અમો તમોને કહી શકતા નથી. તમોને ગુપચુપ અમારી સાથે પોલીસ ચોકી ઉપર આવવું પડશે. ચાલો, અમોને ખોટી ના કરો." એટલું બોલી તેઓમાના વડા કોનસ્તેબલે એરચને ઉતાવળ કરવાની ઇશારત કરી.

એરચ માટે હવે પોલીસમાં જવા સીવાય બીજી માર્ગ રહયો નહીં. તેણે પોતાનું વોરંત જોવાની દરકાર કીધી નહીં.

તે તેઓની સાથે જવા તૈયાર થયો, અને નીચે ઉતરયો તો હોતેલનો મેનેજર તેને સામોજ મળ્યો. તે એરચને કોનસ્તેબલ જોડે જતો જોઇ અજાયબીથી છક થઇ બોલી ઉઠયો, "અરે ખોદા, એણે શું કીધુંચ ? હા ખરા, પણ હવે મને ધ્યાન આવેચ કે એ કાલે સાંઝને અહીંથી બાહર ગયો ત્યારે એ બહુ ઉશકેરાયલો હતો ને કાંઈ અજબ જેવા શબ્દો બોલ્યો હતો."

વડો કોનસ્તેબલ આ સાંભળી તુરતજ તે મેનેજર આગળ ગયો, અને તેનું નામ તેણે ઝડપમાં લખી લીધું અને શાક્ષી તરીકે તેને જ્યારે કોર્ટમાં બોલાવવામાં આવે તે વખતે તેને હાજર થવાનું કેહેતો ગયો.

એરચ હવે કાંઇ પણ રીકજીક કર્યા વગર હોતેલની બાહર પડયો.

આવી ન ધારેલી આફ્ત પોતા ઉપર આવી પડેલી જોઇ તે ધભરાઈ ગયો હતો ખરો, પણ વખાણવા લાયક ધીરજથી તેણે પોતાનું શાંત મન જાળવી રાખ્યું, અને કાંઇબી ગડબડ કર્યા વગર પોતાના તકદીરને તાબે થવાનો તેણે ઠેરાવ કર્યો.

થોડે વારે તો આખાં શેહેરમાં હોહા થઇ રહી કે જેઠામલની પેઢીના વડા મુનીમ કે જેને માત્ર આઠ દહાડાની વાત પર પેઢીપરથી રૂખસદ આપવામાં આવી હતી તેને જેઠામલના ભત્રીજા હીરામલ કે જેની સાથે તે વડા મુનીમ એરચને મોટો અનબનાવ હતો તેનું ખુન કરવાનાં ગંભીર આરોપ માટે પકડવામાં આવ્યો હતો. શાહલીમર બાગથી થોડેક દુર આવેલાં એકાદ જંગલ કે જ્યાં શેકારીઓ વારંવાર નજરે પડતા હતા ત્યાં તેને કોઇએ ગોલી મારી ઠાર કર્યો હતો, અને ત્યાંથી તેનું શરીર રાતના લગભગ અગ્યાર વાગતે લોહી લુહાન હાલતમાં મળી આવ્યું હતું. આ વાતની ખબર પોલીસને આપનાર રીચી પેન બારીસ્ટર હતો જેણે, હીરામલ સાથે એરચને અદાવત હતી અને માત્ર થોડાજ દીવસની વાત ઉપર રસ્તે જતાં તેણે (એરચે) તેને (હીરામલને) તેની સંભાળમાં રેહેવાની ધમકી આપી હતી, તે બીના સત્તાવાલાને ખુલ્લે ખુલ્લી કહી અને તેના કેહેવાને તેની સાથના તે વખતના તેના સાથી પેલા જોફ્રીએ ટેકો આપ્યો. આ ઉપરથી પબ્લીક પ્રોસીકયુતર જેઠામલના ટેકા સાથે ત્યાં તેને જાતે મળવા જઈ પુગી હતી, અને વધુ તેહેકીક કરતાં એરચને હીરામલ સાથે અદાવત હતીજ એવું તેઓને માલમ પડયું, અને વળી એરચ તરફથી જે ધમકી હીરામલને મળી હતી તે બીના તેણે (હીરામલે) પોતાના મામા જેઠામલને તેજ રાત્રે કહી હતી. આવી રીતે એરચ સામે ખુનનો શક લઈ જવાને કામે લાગે એવા સંજોગો પોલી-

સને મળવાથી તેઓએ તુરત તેની સામે વારંત કાહડયું હતું અને માત્ર શક ઉપરથી તેને પકડવામાં આવ્યો હતો.

વળી મુકદમા દરમ્યાન મુખ્ય શાક્ષી તરીકે જેઠામલ, રીચી પેન, જેફ્રી, હોતેલનો મેનેજર પેલો એરચની સાથનો વાણ્યો વગેરેના નામ બોલાતાં હતાં.

એરચ બારીએ ઉભો રહી જે સખુનો બોલ્યો હતો અને જે એક જણે સાંભળ્યા હતા અને તેથી અજબ થયો હતો એવું જે આપણે અગાઉ જાણી ગયા તે શખસ કોઇજ નહીં પણ હોતેલનો મેનેજર હતો.

આવી રીતે જોતાં એરચ ઉપર એક જબરો ગજબ આવી પડયો હતો. પણ શું તે નીર્દોશ હતો?

પ્રકરણ ૫૬ મું.

એક અજાયબ જેવો સ્વપ્નો।

ઝોહરાના વીગતવાર ખુલાસાથી જોકે શીરીનને એક રીતે ફાયદો હતો, એરચની વફાઇ સામે શક રાખવાને જોકે હવે તેને એક પણ કારણ હતું નહીં, તોપણ તેથી કંઈ તેની દલગીરીમાં જાણવા જોગ ઘટાડો થયો નહીં. ઝોહરાનો દુ:ખદાયક હેવાલ સાંભળ્યા અગાઉ તેની દલગીરી માત્ર એરચની એવફાઈ માટેજ હતી, પણ હવે તે દલગીરી બદલાઇ ગઇ, અને તેણે તદન નવુંજ રૂપ પકડયું, શીરીનના મન ઉપરથી એક ભારે બોજો ઉંચકાઈ ગયો હતો ખરો, તેના મનમાં તરેહવાર જાતના વીચારનો ગુંચવાડો થતો હવે દુર થયો હતો ખરો, તોપણ એરચ તરફ તેણે જે નાલાયક ચાલ ચલાવી હતી, ઉતાવળે જે અવીચારી પગળું તેણે ભર્યું હતું તે માટે હવે તેના ખરા પસતાવાનો પાર ન રહ્યો અને તેની દલગીરી હદવનાની થઇ પડી. પેસી કેવો લુંચ્ચો, કેવો દયાહીણુ, કેવો કાવત્રાંબાજ અને બધી રીતે કેવો પોંહચેલ બુદ્ધીનો માણુસ હતો તેનો હવે તેને ઝોહરાના હેવાલ ઉપરથી આબાદ પુરાવો મળ્યો. તે, જો, પોતાના પીતાના ફરમાવ્યા મુજબ, પોતાના મનનું મક્કમપણું ખોહી દઇ, પેસીને પરણી હતે તો તેની જીંદગીના દીવસ કેટલી ભયંકર હદ સુધી દુ:ખ અને કંગાલ્યતમાં પસાર થતે તે તે કલ્પી શકી નહીં. ઝોહરા જેવી સ્ત્રી તે લુચ્ચાના બાહરના દેખાવ ઉપર, તેના મુસલમાની પોશાક ઉપર કેવી ઠગાઇ હતી અને કેવી લોભાઇ પડી હતી, અને તે તેની ચાલચલણ જાણ્યા છતાં તેની સાથે ફરીથી કાયદા પુર્વક નેકાના ગાંથથી જોડાવા એકવાર કેવી આતુર હતી; એ સઘળાંનો જ્યારે શીરીનને સામતો વીચાર થતો ત્યારે તે ઘણી અચરત, તેમજ કમબખ્ત ઝોહરાનાં આવાં તકદીર માટે, દલગીર પણ થતી હતી. પોતાના પીતાને મળવા માટે હવે તે બહુ આતુર થઇ રહી. પેસી જેવો ભયંકર માણુસ રૂસતીમશાહના ઘરમાં રહી પોતાની અપવીત્ર મકસદો સાંધવા તેમનાજ કુટુંબમાં નાહકનો ખતરો પાડે અને બાપ દીકરીને નાહેકનો કજ્યો કરાવે, એ સઘળું હવે આટલું જાણ્યા છતાં શીરીન કેમ તામોસ કરી શકે? તેના બાવા વગર વીચારે પેસી જેવા બદમાશપર કેવો વીશ્વાસ મેળતા હતા અને તેમાંથી આગળ ચાલતાં કેવું ગંભીર પરીણુંમ આવવાનો સંભવ હતો એ વીચાર શીરીનને બેહદ ફીકરમાં નાખનારો હતો, અને તેટલામાટે મુંબઇ જતાંવાર બનતી ઉતાવળે પોતાના પીતાને એવા નભરવસપણામાંથી જાગૃત કરી તેઓ કેવી ભુલથાપ ખાતાં હતા તે દેખાડવાનો શીરીને મક્કમ ઠેરાવ કર્યો.

આપણે જાણ્યે છીયે તેમ શીરીનની આયા વીસવાસુ હતી. તે પોતાની જવાન શેઠાણી

સાથે માહબનેશ્વર આવી હતી. શીરીન તેનીથી ઘણું ખરૂં કાંઇબી છુપું ન રાખતી હોવાને લીધે એરચના નીદોંશપણા બાબેના હેવાલથી તેને જાણીતી કરી.

પણ ખુદ ઝોહરાનો પોતાનો ખાનગી હેવાલ બીજાંને કેહેવાનું દરૂસ્ત ન ધારીને શીરીને તે વીશેનો કશો પણ ઇસારો કર્યો નહીં. પેસીને ઝોહરા અને બાબન સાથે શી રીતનો સંબંધ હતો તે બીનાથી શીરીને તેને વાકેફગાર કરી નહીં. આયા ને માત્ર એટલુંજ જાણુતી કરી કે એરચને હલકો પાડવા માટે પેસીએ એક મુસલમાન સ્ત્રીને પૈસાની લાલચ આપી તેની (શીરીનની) નજદીક મોકલી હતી. આ ખુલાસો સાંભળ્યા પછી, પેસી જેવા કાવત્રાંબાજથી સાવચેત રેહેવાને શીરીનને મજબુત તાકીદ કરી, અને શીરીનને તેનો (પેસીનો) સઘળો ભેદ ખબર છે એવી તેને ખબર પડવા દેવી નહીં એમ વધારયું.

આયાએ હવે જ્યારે એ પ્રમાણેની સલ્લાહ આપી ત્યારે જે પેસી વીશેની જે વાતોથી તેના બાપને જાણીતો કરવાનો ઠેરાવ શીરીને કર્યો હતો તે હવે તે અમલમાં કેમ મેળી શકે? શીરીન જાણતી હતી કે આયા એક સમજુ અને સ્યાની સ્ત્રી હતી, અને પેસીને રૂસ્તીમશાહ સન્મુખ ઉંગાડો પાડી આપવામાં ફાયદાને બદલે એર સામો ગેરફાયદો થશે એવી તેની જ્યાં સુધી પકકી ખાતરી હોય નહીં ત્યાં સુધી તે તેને (શીરીનને) આવી ચેતવણી આપે નહીં. આવી રીતે જોતાં, શીરીન વાત કેહેવી કે નહીં તે વીશે ઘચુપચુ રહી.

શીરીન વળી પાછી ઘણી દલગીર અને બેચેન રેહેતી હતી. ઝોહરા હજુર સુધી તેને ફરીથી મળી ન હતી. અને શીરીને તેને માટે કાંઇ નોકરીની તલાસ પણુ કરી ન હતી. અને તે તલાસ કરે પણુ કયાં?

આપણે જાણ્યે છીયે કે શીરીન પોતાના બાપને મળવા બહુ આતુર થઇ રહી હતી, પણુ નીચલા બનાવથી તે આતુરતા મોટે ભાગે દુર થઇ ગઇ.

એક દીવસે સહવારે ઉંઘમાંથી બીદાર થતાં વાર, ઘભરાઇ ગઇ હોય તેવી હાલતમાં તે એકદમ ઉઠીને બેઠી, અને કાંઇ યાદ કરવા લાગી. તેણે એક સ્વપ્નો જોયો હતો, અને તેણે પોતાના મરહુમ માવતરને એ સ્વપ્નામાં દીઠાં હતાં. તેઓની હૈયાતી દરમ્યાન, શીરીન કમભાગ્યે તેઓનો ચેહેરો બરાબર ઓળખી શકે એવી હાલતમાં હતી નહીં. તોપણુ, તેમની સબી ઉપરથી શીરીને તેમને તુરત પોતાના માતા તરીકે પીછાણ્યાં હતાં. એ સ્વપ્નામાં શીરીને એવું જોયું હતું તે પોતાના પીતાના મુંબઇ ખાતેના મકાનમાં પોતાના ઓરડામાં એક સોફા ઉપર બેસી કંઇ વીચાર કરતી હતી, તેવામાં એ ઓરડાનું દક્ષીણુ બાજુનું બારણું જે હંમેશાં બંધ રેહેતું હતું તે ઉંગડયું અને તેના ઉંબર પર કોઇ આકાર ઉભેલો શીરીનની નજરે પડયો. આવો બનાવ જોઇ શીરીન બેહદ અજાયબ થઇ. આકારનું મોહ ઢાંકેલું હોવાથી શીરીન તે બરાબર જોઇ શકી નહીં. પણુ જેવો તે આકારે પોતાના મોહ પરનો પડદો ઉંચકયો કે શીરીને શું જોયું? તેની બેહદ અજાયબી વચ્ચે પોતાની મરહુમ માવતરની સબીને આબેહુબ મળતો એક ચલકતો ચેહેરો તેણે દીઠો, અને હદબાહર ઉલટમાં આવી તે સુંદર આકાર ભણી તેને ભેટવાને દોડી. પણુ તરતજ તેને પાછું હતવું પડયું. કારણ કે તે આકારે તેને દુર રેહેવાની દમામદાર ઢપે ઇશારત કરી. શીરીન પાછી પોતાના સોફાપર પડી, કે તેને નીચલા સખુનો તે આકારને મોહડેથી જાણે બોલતા સંભળાયા, "મારી પ્યારી બેટી, ખુદા તારો નીગેહબાન છે! હું તારી વાહલી માવતરનું રૂહ, તુંને તારા આ ગમગીનીના વખતમાં બેમુલ નસીહત આપવા આવીછું તે તું ધ્યાનથી સાંભળજે. તેં જે ઠેરાવ કીધોચ તે એકદમ પાછો ફેરવ. કમનસીબ ઝોહરાના હેવાલથી હાલ તુરત તું તારા પીતાને વાકેફ કરતી નહીં. તેમ થવાથી તુંને મોટાં નુકસાનમાં ઉતરવું પડશે. જે બને તે ધીરજ

રાખી ગુપચુપ જોયા કરજે. ઉતાવળી ના થતી. ઘભરાતી ના. સબુરીનો બદલો આપનાર તે પરવરે ખાસોઆંમ પોતાની દરબારમાં બેઠો બેઠો સઘળો આ દુન્યાનો તમાશો જુવે છે, અને તેજ સાહેબ તુને તારી નેકી અને ધીરજનો લાયક બદલો આયંદે આપસે. મારી પ્યારી બેટી શીરીન, ફરીથી કહુંચ કે સબુરી ધરી રાખજે. સલામ! સલામ!"

શીરીને આ ગંભીર પ્રકારની નસીહત બહુ ચીંતાતુર ચેહેરે સાંભળી હતી, અને હજુરતો તે પાછી તે આકાર તરફ દોડવા જતી હતી કે તેની આંખ ઝટ ઉગડી ગઇ!

આ તે સ્વપ્નો હતો. તે તેને બરાબર ધ્યાન હતો. આપાની દુરઅંદેશી વાજબીજ હતી એમ હવે શીરીનને લાગ્યું. શીરીનની મુંબઇ જવાની આતુરતા પાછી નબળી પડી ગઇ, અને પેસી વીશે તેના પીતાને જાણીતો કરવાનો તેનો ઠેરાવ તેણે તુરત ફેરવી નાખ્યો.

શીરીન વળી પાછી શોકાતુર રેહેવા લાગી. તેની તબીયત પાછી બગડતી જતી હતી. તેમ થવાનું મુખ્ય કારણ એરચની સંતાપજનક જુદાઇ હતી, અને એરચને મળવાની ઉલટમાં તે દીવસે દીવસે ગળાતી ચાલી.

પ્રકરણ ૫૭ મું.

અજબ જેવો ન ધારેલો ખુલાસો!

એક દીવસે સાંહજે શીરીન અને બેજનજીના ધણીઆણી ખોરશેદબાનુ બાહર કમપાંઉંદમાં બેસી કંઇ વાતચીત કરતાં હતાં તેવામાં જાંહગીર પારખ પોતાની બેન ગુલાંને લઇ ત્યાં આવી ચહડયો.

"કેમ છો ખોરશેદબાનુ, કેમ છો શીરીન?" તેણે આવતાને વાર ખેરઆફીયત પુછવા માંડી "અમે જાણ્યે કે તમે લોક વખતે બાહર ફરવા નીકળી પડયાં હશો તેથી અમોને ચાત થઇ પાછું જવું પડશે. પણ નહીં, અમારો ફેરો સફળ થયોચ."

"પણ ચાલો, તમે હવે આવ્યા તો રાતે જમીને જજો." ખોરશેદબાનુએ સુચવ્યું.

"નહીં, અમે કંઇ જમવા નથી આવ્યાં, જી. અમે તો તમો લોકને સામુ ઇજન કરવા આવ્યાં છઇયે." જાંહગીર બોલ્યો.

"આ લે વરી આએ શું કેહેવાય? પણ મરે હમણાં ને હમણાં અમારાથી કેમ અવાય! ધન, પીલાં આઇ સો તો બેજનજી સાથે ફરવા ગીયાંચ."

"અરે પણ અમે કંઇ એટલી ઉતાવલમાં નથી." ગુલાં બોલી, "આવતી કાલે મારા જાંહગીરની વરસગાંઠ છે તે માટે તમોને બધાંને અમે તેડું કરવા આવ્યાંચ."

"ઠીક, તમે લોકબી કેહાં તક સાંધીનેજ આયાંચ." ખોરશેદબાનુ બોલ્યાં, "જો માય શીરીન, તુંબી જજે, કાલે, એમાં શું છે. એ બી જાણે આપરૂં ઘેરનું ઘેર છે."

"અરે હારે, પણ તે શીરીન કાંહ ના કેહેચ. પણ તમે લોકબી આવશો કેની?" ગુલાંએ હોંસભર પુછ્યું.

"અરે પણ હારે, અમારી કયાં ના છે? અમેબી આવશું." ખોરશેદબાનુએ તે બન્ને ઉલતમંદ ભાઇ બેનને સધ્યારો આપ્યો.

ત્યાર પછી થોડીક પરચુટણ વાતો કરી તેઓ ચીનાઇ હોલ છોડી ગયાં.

જાંહગીરની વરસગાંઠનો આજ શુભ દીવસ હતો. ચીનાઇને ત્યાંથી માત્ર શીરીનજ આવી હતી; કારણ કે બેજનજીની તબીયત એકાએક બીગડી આવવાથી તેઓના છોકરાં આવી શકયાં નહીં. જાંહગીર આથી નીરાશ થઇ ગયો. તોપણ શીરીનની હાજરીથી તે થોડો ઘણો ખુશ થયલો દેખાયો. પેલી બેલા પટેલની ગુલ પણ આજે જાંહગીરની પહેરોણાગાત ચાખવા આવી હતી. અજબ જેવું છે કે એ ગુલને અને જાંહગીરને મહાબ્લેશ્વર આવ્યા બાદ જબરી દોસ્તી બાજી ગઇ હતી. ટુંકમાં તેઓ એકમેકના પ્યારમાં પડયાં હતાં.

પણ તેઓએ તે વીશેનો ખુલાસો એકમેક સન્મુખ કર્યો ન હતો. આપણે સગવડ ખાતર બેલા પટેલની ગુલને ગુલનાંજ નામથી ઓળખીશું જયારે જાંહગીરની બેનને ગુલાં તરીકે પીછાણશું. બેલા પટેલની ગુલ, અને જાંહગીર પારખની બેન ગુલાં.

સર્વે જણે આખો દીવસ હસીખુશી વચ્ચે પસાર કર્યો હતો, અને હવે રળીઆમણી સાંહજનો વખત હતો. શીરીન અને ગુલાં પ્યાના પર બેઠાં હતાં, પણ જાંહગીર અને ગુલ ત્યાં હતાં નહીં. ત્યારે તેઓ કયાં હતાં? તેઓ પ્યારની ખુશ ગોફતેગો કરતાં બાગમાં મોહબતથી હાથમાં હાથ ભેરવી આમ તેમ લટાર મારતાં આપણી નજરે પડતાં હતાં. ગુલનો ચેહેરો આજે કંઇ અજબ જેવો ખુબસુરત લાગવા સાથે જાણે ચંદ્ર સરખા તેજથી ચલકી રહયો હતો. તેનાં ગાલ પરની લાલી તો તેના મુખને હંમેશાં દીપાવતીજ હતી, પણ હમણાં જે રતાશ તેના ગુલાબી રોખશાર ઉપર પંથરાયલો દીસ્તો હતો તે એટલો બધો તો પ્રકાશીત બની રહયો હતો કે તેની અસરથી તેનો સાચો આશક જાંહગીર અંજાઇ જઇ દીવાનો કાં ન બની જાય તેમાં નવાઈ નહીં. ટુંકમાં, આજે ગુલની ખુબસુરતી કંઇ અજબ બાહરમાં ખીલી નીકળી હતી. પણ વાંચનાર આમ થવાનું કારણ શું? કાંઇજ નહીં પણ અરસપરસના પાક પ્યારનો અનંત ખુશાલી ઉત્પંન કરનારો ખુલાસો. જાંહગીરે આજનો દાહડો, પોતાની જીંદગીના એક બખતાવર દીવસ તરીકે લેખી, પોતે જેને ખરી મોહબતથી ચાહતો હતો તેના હાથની માંગણી કરવાને તદન બંધબેસ્તો અને પ્રસંગોપાટ ધારયો હતો. ટુંકમાં જાંહગીરે ગુલના હાથની માંગણી કરી હતી. ગુલે જાંહગીર તરફથી એટલી જલદી આશા રાખી ન હતી, તો જોકે તે કંઇ તેને ઓછા પ્યારથી ચાહતી ન હતી. જાંહગીરની માંગણી સાંભળી તે શરમાઇ ગઇ. પણ વાંચનાર તે સાચી શરમ હતી. પવીત્ર પ્યારના બાબમાં જેવું બને છે તેવુંજ ગુલના બાબમાં બન્યું હતું. તેની ખુબસુરતીએ અજબ રંગ પકડયો. તેના ગાલપર સુંદર રતાશ પુર બાહરમાં પાઇ આવ્યો, અને હદબાહર પ્યારના ઉભરાંઓથી ઉછાળા મારતી છાતી સાથે તેણે જાંહગીરનો પ્યાર ઝટ કબુલ કીધો, અને તેને પોતાના દુઃખ સુખનો હંમેશનો શાથી બનાવવા માટે તેણે તેને પવીત્ર કોલ આપી નેહાયત આનંદ કર્યો! ખરે તે એક સુંદર દેખાવ હતો! આસપાસ તરેહ તરેહનાં સુગંધી ફુલોના કુંડાઓમાંથી મીઠો પમરાટ પંથરાઇ રહયો હતો, ઝાડો ઉપર ગાયણકાર પક્ષીઓ જાણે પોતાના કોમળ શુરથી આ પાક અને સાચ્ચા જોડાંને છુપા આશીશ દેતાં હતાં. સામી બાજુએ જુઓ તો આસમાનસે ટોંચ લગાડી રહેલા પાહડોની અલગાર લાગી રહી હતી. પેલી તરફ નેગાહ પોંહચાડો તો મીઠા પાણીના ઝરાઓ વેહેતા, અને તેનો તીણો સાદ કાન સાથે આવી અફડવાથી અજબ જેવી મધુરતા લાગતી હતી. આવા સઘળા ખુદરતી દેખાવો વચ્ચે તે ખુબસુરત અને સાચી મોહબતથી હંમેશ સુધી બંધાયલું સુખી જોડું મીઠી મીઠી ગોફતેગોમાં રોકાયલું હતું. અમો ફરીથી કહીયે છીયે કે તે દેખાવ ખરે મનમોહન, સુંદર હતો! આ કલમ કરતાં એક ચીતારાની પીછીને અથવા તો એક ખુદરતી કવીની કલ્પના શકતીને વધારે જેબ આપે એવો હતો.

થોડોક વખત ગયા બાદ ગુલાંએ વગાડવાનું બંધ કરયું. "એ ગુલ, જાંહગીર કાંહ છે? શું હજુર સુધી ડ્રેસ કરેચ કે?" તે બોલી.

"પણ આ વખતે જાંહગીર ગુલની સાથે ત્યાં આવી લાગી ગુલાં અને શીરીનની પાછળ ગુપચુપ ઉભો હતો, જેની ખબર તે બંને બાનુઓને હતી નહીં.

પણ તુરતજ બંનેની નજર તે સુખી જોડાં પર પડી.

"કેમ ગુલાં, શીરીન, ગાવા વગાડવાનું બંધ કેમ કીધું?" જાંહગીરે પુછ્યું.

"તે પણુ તમે લોક આટલો વાર શું કર્યા કરતાં હતાં. અમે તમારી વાટ જોઇ ને તમે લોક તો કંઇ આયાં નહીં, એટલે અમારૂં વગાડવાનું બંધ કરી તમોને શોધવા આવતાં હતાં, પણુ ચાલો તેટલામાં તો તમેજ આવી લાગાં." ગુલાં બોલી.

"હું તમોને એક ખુશખબર કહું, ગુલાં, શીરીન?" જાંહગીરે લગાર હસીને પુછ્યું.

"લે વરી તમે મોટી શું ખુશ ખબર કેહેવાના છેઓ. વરી આજે તમારી શાલગરેહનો મુબારક દીવસ છે." ગુલાં નખરાં કરી બોલી.

તે તો બધાં જાણેચ. પણુ આજે જે ખબરથી હું તમોને જાણીતાં કરવા માંગુંચ તે ઘણીજ ખુશબખ્તીભરી છે."

"પણુ બોલવા દેની ગુલાં, આપણે બી તો જોઇયે કેવી એક ખબર તે." શીરીને સુચવ્યું.

"હા. ત્યારે ચાલો બોલો." ગુલાંએ ઉલટથી કહ્યું.

"હું કેહેવાને ઘણોજ ખુશી છું કે આજ રોજે મેં મારી 'ભવીસ્ય'ની મોહરદાર શોધી કાહડી છે. અને તે કોઇ નહીં પણુ આ મારી પ્યારી માનીતી ગુલ છે." એટલું કહી જાંહગીરે ગુલનો હાથ પકડી તેને પોતાની બેન અને શીરીન નજદીક રજુ કરી.

"ઓ હો. હવે સમજ પરી. મરે ત્યારે ત્યારનાં તમે લોક શું "કોરતીંગ" (અરસ પરસ પ્યાર કરવો) કરતાં હતા કે?" શીરીન હરખભેર બોલી ઉઠી. જાણે આ હરખભરી ખબરથી તેની આગળી સઘળી દલગીરી ઉડી ગઇ!

"વારૂ ચાલો હું તમો બન્નેને તમારી એ એકમેકની પસંદગી માટે મારાં ખરાં અંતઃકરની મુબારકબાદી આપુંચ." ગુલાં તે બન્નેને મકાઇ દોશાંની માફક ઓવારણુા લેતીં બોલી.

"અરે પણુ ગુલાં, તું સાંભળેચ કે? આજે જો પેલાં ચાંપદોશા અંહીયા હોતે કેની તો આપણુા જુવાનીયાંઓના લવફ્વને હસી કાહડતે, જો. એક વખત્ત ગરીબ બીચારા કમનસીબ એરચને તેઓએ એજ બાબદ સર હસી કાહડયો હતો."

"એરચ" નામ સાંભળતાંજ શીરીન સેહેજ ચોંકી! તેના એરચને જાંહગીર અને તેની બેન ગુલાં કયાંથી ઓળખે? શીરીન તે સમજી શકી નહીં. તોપણુ, પોતાના ચેહેરામાં થયલો ફેરફાર કોઇની નજરે ન પડે તેની તેણે તુરત સંભાળ લીધી.

"એરચનું કાંઇ કાગળ આવેચ કે, જાંહગીર?" ગુલાંએ પુછ્યું, "એવણુ હમણાં લાહોર ખાતેજ છે કે વારૂ?"

"નહીં, લાંબો વખત થયો એ મારા પ્યારા રફીકનું કાગળ મને મલ્યું નથી." જાંહગીરે નીરાશ થયલે ચેહેરે જવાબ આપ્યો, "પણુ હું ધારૂંચ કે હમણાં લાહોર ખાતે નહીં હશે. કેમકે એનાં છેલ્લાં કાગલમાં લખ્યા પ્રમાણે એણે તે ચાકરી છોરેલી હોવી જોઇયે. એનો આગળો હરીફ્જ વળી વચ્ચે આવ્યો હતો એવો સેહેજ ઇસારો તેણે પોતાનાં છેલ્લાં કાગળમાં કર્યો હતો."

બન્ને ભાઇ બેન હવે એરચની તારીફ્પર તારીફ્ કરવા લાગ્યાં પણુ ગુલ જે આ સઘળુ સાંભળતી હતી તે હવે બોલી ઉઠી, "એ તમે કીયા એરચની વાત કરોચ? તેનું આખું નામ કંઇ? અરે પણુ હા જો, મને બી તે એરચનું આખું નામ ખબર નથી, મારા બાવાજીને વખતે હોસે."

"કોણનું આખું નામ, ગુલ? એમ ભરમમાં શું બોલેચ?" ગુલાંએ પુછ્યું.

"તમે જે એરચની વાત કરોચ તેનુંજ તો વરી એમાં ભરમ શું? પણુ મરે શું દુન્યામાં બધાજ એરચો પોતાને નુકસાન થવાની કંઇ બી દરકાર કર્યા વગર પારકાઓને મદદ કરયા જતા હશે કે?"

"ત્યારે શું કોઈ બીજા લોકબી આગળ કંઇ પચાતીમાં આવી પડયાં હતાં કે?" જાંહગીરે પુછ્યું.

"મરે પંચાતી પુછોચ?" ગુલ જરા ઉશ્

કેરાઇને બોલી, "અરે જો એ એરચ નામના શખસે અમોને ગેબી મદદ નહીં કીધી હોતે, પોતાને અંગત નુકસાનમાં ઉતારવાને ડર ખાધો હોતે તો આજે આવી હાલતે હું તમારી સન્મુખ બેસતેખી કે? જાંહગીર, એ બીચારા ભલા શખસે મને એક ભયંકર જાલમાં સ-પડાતી બચાવી છે." અને બેલાપટેલની ગુલનું આ કેહેવું કેટલું બધું ખરૂં હતું તે વાંચ-નાર સારી રીતે જોઇ શકશે.

"પણ તે વાત અમુને તો કેહ, દીયર દાગીનાની લાલચે કોઇ ખુન તો નહીં કરવા આવ્યું ?" જાંહગીરે પુછ્યું.

"અરે ખુન થતે તેની હું દરકાર કરતે નહીં. પણ સેઓ સાંભળો, એ હેવાલ કંઇ ઘણો લાંબો નથી. તે ફરેસ્તાઇ ખસલતનો મા-ણુસ કે જેણે મને બચાવી તે કોણ જાણે હમણાં કયાં હશે. ચોકકસ પંચાતીથી તે મુંબઈ છોડી ગયા પછી અમે તેને માટે કંઇબી સાંભળ્યું નથી."-એટલું કહી ગુલ પોતે, એરચની મદદથી પેસીના ફાંદામાંથી કેવી રીતે બચી ગઇ હતી તે હેવાલ તેણે સઘળાં સન્મુખ કહયો. પણ પેસીનું નામ તેણે દીધું નહીં. એક ચોકકસ બદમાશે તેને ફસાવવાની કોશેશ કરી હતી એટલુંજ તે બોલી.

"કેવું અજબ જેવું છે ગુલાં કે જોકે મને તે ભલા જવાન સાથ આટલી બધી મીત્રા-ચારી હતી તોપણ તેનું ખરૂં નામ મારા ધ્યાનમાં આવતું નથી!" જાંહગીર લગાર અજાયબ થઇ બોલ્યો.

,'ત્યારે તમે તેની સાથે કાગળપત્રનો વેહે-વાર કેવી રીતે રાખોચ ?" શીરીન જે આટલો વાર ચુપ બેઠી હતી તેણે હવે પુછ્યું.

"તે તો હું બીજે નામે ચલાઉંચ. એને પોતાનું નામ મને બીજુંજ આપ્યુંચ."

"પણ વારૂ ગુલ, એ એરચને તમારી ઉપર રચાતાં કાવતરાંની કેમ ખબર પડી ?" શીરીને ગુલને પુછ્યું.

"વારૂ ગુલ દીયર, જે શખસે તુંને ફસાવ-વાની તજવીજ કરી તેનું નામ તો અમારે જાણવુંજ જોઇયે. ત્યાં વગર તેં કેહેલો હેવાલ પુરેપુરો કેહેવાય નહીં." જાંહગીર બોલ્યો.

"પણ તમે બધાં મને એમ બારીસ્તરની પેઠે સવાલ પુછી ધભરાવી શું નાખોચ. તે મુવા નાપાકનું નામ જાણવાની તમારી હોંસ છે તે સેઓ પુરી કરો."

એટલું બોલી ગુલે લુચ્ચા પેસીનું આખું નામ સર્વે સન્મુખ જાહેર કર્યું.

પણ જેવું શીરીને તે નામ ગુલને મોંહેથી સાંભળ્યું કે તે એક ચીચીયારી સમેત ગુલાંના શરીરપર બેશુદ્ધ થઇ પડી!

આવો ન ધારેલો બનાવ બનેલો જોઇ તે ત્રણે જણા ધભરાઇ ગયાં, અને શું કરવું તે તો તેઓને થોડીક પળ સુધી સુજયું એ નહીં તોપણ તરતજ તેઓએ બનતી ઉતાવળે તેને હુસ્યારીમાં લાવવા માટે ચાંપતા ઉપાયો લેવા માંડયા. અને લગભગ પંદર મીનીટ પછી શીરીન હુસ્યારીમાં આવી.

હુસ્યારીમાં આવ્યા પછી તેણે પોતાની આંખ ઊગાડી આસપાસ જોયું, અને તરતજ તે પાછી બંધ કરી દઇ બોલી, "ખરેખર, કમ-સીબ એરચ!" અને વળી પાછી ગુંમાઇ પડી. ગુલાંએ તથા જાંહગીર અને ગુલે તેને દરેક રીતની ધીરજ આપી અને તેનું મન શાંત કરવાની કોશેશ કરી, અને અગરજો તેનો જીવ બગડી આવ્યાથી કાંઈ અસુખ થતું હોય તો દાક-તરને તાબડતોબ બોલાવી મંગાવવા સુચવ્યું. પણ શીરીને કાંઇ પણ જવાબ આપ્યા વગર તે ત્રણેના મોહ સામું તગર તગર જોયા કર્યું. પણ થોડીક પળ ગયા પછી તે પાછી બોલી ઉઠી, "ઓ એરચ, હમણાં તું કયાં હોસે! અરે ખોદા, હું આ જુદાઇ કેમ ખમું! શું તું ચાલ્યો ચાલ્યો છેક લાહોર જઇ બેઠોચ!" અને હવે તો શીરીન દચકાં ખાઈ રડવા લાગી, અને થોડીક પળમાં તો તેણે એકદમ છોડી દીધું. હા! તે દેખાવ ખરેજ દયાજણુક હતો! ગુલાંએ તેને પતાવવાની ઘણીબી તજવીજ કીધી, પણ તેનું કાંઇ વળ્યું નહીં. થોડે વારે તે પોતાની મેળેજ મુંગી રહી. પણ વળી

પાછી તે ઉશ્કેરાઇને બોલવા લાગી, "શું પેસી, તેં દુન્યામાં આવું કરવાજ જન્મ લીધોચ ? આ હીસાબે તેં કેટલાં બધાં નીર્દોશોને ફસાવ્યા હશે. એરચનેબા તેંજ નાહેકનો ફસાવ્યોચ, ને હજુર સુધી તું તેનો પીછો છોરતો નથી. મારા બાપના ઘરમાં રહી તું મારૂંજ નખ્ખોદ વાલેચ ? પણ હવે હું જોઉચ કે તારાં બદ કરતુક તું આગળ કેમ ચલાવેચ!"

થોડીજ મીનીત અગાઉ તો આ ત્રણે જણ એમજ સમજતાં હતાં કે તેઓની વાતથી શીરીનને પોતાનો કોઇ દુઃખી આશક યાદ આવવાથી તે બેશુદ્ધ થઇ ગઈ હશે પણ હવે શીરીનના ઉપલા સખુનોએ તેઓને ખરી બીનાથી માહીતગાર કર્યાં. પેસીનું નામ તેને મોંઢેથી સાંભળી તેઓને જાણી લેતાં વાર ન લાગે કે એરચે તેઓને જુદે જુદે વખતે જુદી જુદી રીતની મદદ કરી હતી તેજ એરચ તેનો (શીરીનનો) દુઃખી આશક હતો. જાંહગીરને પણ હવે એકાએક એરચનું આગળું નામ જે તે ભુલી ગયો હતો તે યાદ આવી ગયું.

શીરીનને રડયાથી બેહદ ફાયદો થયો હતો. તે તદન શાંત પડી. તુરતજ અરસપરસ ઘટતો ખુલાસો થઇ ગયો ! સર્વે જણ અજબ થવા લાગ્યાં. શીરીનની આવી દુઃખી હાલત માટે દરેક જણને બહુજ દયા આવી, તેઓએ શીરીનને બની શકે એટલો દીલાસો દીધો, અને ખોદાનું ચાહલું છે તો તેનો સાચો આશક એરચ તેને હવે પછી જરૂર મળશે એવી દરેક રીતની આશા તેઓએ તેને આપી, અને બાહર ખુલ્લી હવામાં જવા માટે તેઓ ઉઠયાં.

કંમપાઉંદ માહેલા એકાદ બાંકપર તેઓ આવી બેઠાં. પણ અહીંબી શીરીન વળી પાછી ઉશ્કેરાઇ આવવાથી, હાલ તુરત તો તે વાત માંડી વાળવાની જાંહગીરે તેને સલ્લાહ આપી. પણ શીરીને તો સામુ એમ કહ્યું કે જ્યાં સુધી તે તેઓ સન્મુખ પોતાની છાતી ખાલી કરશે નહીં ત્યાં સુધી તેના જીવને આરામ મળવાનો નથી. તેટલામાટે તે પોતાનો હેવાલ ટુંકમાં કહી ગઇ, અને તે તેઓને ધ્યાનથી સાંભળવાની ફરજ પડી. એરચની એક રાતની ગેરહાજરી માટે તેને કેવો શક ગયો હતો, અને તેનો નીચ લાભ લઇ લુચ્ચા પેસીએ તેને કેવી ઉશ્કેરી હતી, અને તેની ઉશ્કેરણીને શરણ થઇ તે પોતાના આશકપર કેટલી હદ સુધી ખફા થઇ હતી, અને અંતે એરચને કેવા સંજોગો વચ્ચે ઘર છોડી જવું પડયું હતું તે સઘળો હેવાલ સામાની દયા ઉશ્કેરે એવી ઢપે શીરીને ભીંજાયલી આંખો સમેત કહી સંભળાવ્યો. આટલું બોલ્યાથી તે સદંતર થાકી ગઇ અને તેનો સાદ ધીમો પડી ગયો. પણ ત્યાર પછી તે એરચના ભયંકર માંદગીના હેવાલ ઉપર આવી. સખ્ત દીલના આદમીને પણ રડાવે અને ક્રુર માણસની પણ છાતી ફાડી નાખે એવો આ સમય હતો. શીરીનથી રડયા વના થોભાયું નહીં. તે વખતે તેણે એરચ તરફ બતાવેલી ચાલ માટે હવે તેને બેહદ અફસોસ ઉપજ્યો. એક દોશાં તેને એરચની છેલ્લી મુલાકાત માટે તેડવા આવ્યાં હતાં એટલું બોલતાંજ શીરીનની છાતી ભરાઇ આવી અને તેણે યાહોમ છોડી દીધું. "અરે, હું કેવી ઘાતકી ! મેં મારા પ્યારા એરચની કાંઇબી દરકાર કીધી નહીં ! તેને વગર વાંકે રખડતો નાખ્યો ! પારકાંની દયાપર લટકતો રાખ્યો ! ઓ ખુદા, શું તું મને મારો આ વાંક માફ કરી શકશે ?"

જાંહગીરે જોયું કે શીરીન એમ હદ બાહર ઉશ્કેરાઇ જવાથી કંઇબી નવું જુનું બનશે, માટે તેને એકદમ ધમકાવીને મુંગી રાખી. શીરીન જોકે એકદમ તો મુંગી ન રહી તો પણ જ્યારે તેણે પોતાનો સઘળો હેવાલ તેઓને તેઓની મરજી વીરૂદ્ધ કહી સંભળાવ્યો ત્યારેજ તેના જીવને અજબ જેવી શાંતી વળેલી દેખાઇ. જાંહગીરે કહેલાં ચાંઇદોશાં તેજ પેલાં દોશાં હોવાં જોઇયે એમ શીરીને અટકળ કરી, અને તેમનો પત્તો પેહેલી જોગવાઇએ શોધી કાહાડવાનો તેણે ઠેરાવ કર્યો. પણ શીરીને કહેલા પોતાના હેવાલ દરમ્યાન ઓહરા વીશેનો

સેહેજબી ઇસારો ન કરવાની તેણે ખાસ સંભાળ રાખી હતી.

હવે સઘળાંઓએ ફરીથી શીરીનને દરેક રીતની દીલસોજી અને ધીરજ માયાકુળ સખુનોમાં આપી, અને પોતાનાં પાહડ સરીખાં દુઃખ વચ્ચેબી આવાં હેતવતાં મીત્રોનો તેને ટેકો હતો તે જોઇ શીરીન થોડેક દરજ્જે ખુશી હતી.

પણ હવે અંધારૂં થવા આવ્યાથી તેઓ સઘળા બંગલામાં જવા ઉઠયાં.

પ્રકરણ ૫૮ મું.

હમાલને હાથ સપડાયલો એક કર્પીણ લુટારો.

તેઓ દીવાનખાનામાં દાખલ થયાં. પણ શીરીન પોતે ઓઢેલી સ્યાલ બાહર કમપાંઉંડમાંજ ભુલી આવી હતી, તે લઇ આવવા તે પોતે જતી હતી, પણ જાંહગીરે પોતાના હમાલને તે લઇ આવવા મોકલ્યો, અને શીરીનનું મન રીજવવાની મતલબથી તેણે ગુલને પ્યાનાપર બેસવાની ફરમાસ કરી. ગુલ બેઠી ખરી. પણ હજુર તો તેણે વગાડવાનું પુરૂં પાધરૂં શરૂ કર્યું નહીં એટલામાં તેઓને બાહર કાંઇ ગડબડ થતી સંભળાઇ. જે હમાલને સ્યાલ લઇ આવવા જાંહગીરે મોકલ્યો હતો તે મોટે સાદે કોઇ સાથે મારામારી કરતો હોય એમ તેઓને માલમ પડયું. જાંહગીર એકલો તપાસ કરવા બાહર ગયો તો તેણે લગાર પોતાની અજાયબી વચ્ચે તે હમાલને એક પારસી જવાન સાથે ખટપટ કરતો દીઠો. પણ જાંહગીરને જોતાં વાર તે હમાલ બોલી ઉઠયો,

"સાહેબ, મયે જે જગ્યાયે તુમારા ફરમાન બજાનેકે લીયે ગયા ઉસકી પીછે વોહ આદમી છુપાથા, લેકીન મેરેકુ દેખકે ભાગને લગા, પર વહો બીચારેકુ દુસરા કોઇ રસ્તા ધ્યાન નહીં ઇસ લીયે મેરે હાથમે આ ગયા."

હમાલને ઉપર મુજબ બોલતો સાંભળી જાંહગીર ઘણો અજાયબ થયો. હમાલના રાથોડી હાથમાં તેણે એક ખુબસુરત પારસી જવાનને સપડામલો દીઠો. હમાલના બોલવા ઉપરથી એમ ઠરતું હતું કે તે કાંઇ પોતાની મકસદ સાચવવા બાગમાં છુપીથી આવ્યો હતો, પણ હમાલને જોઇ તેણે નાહસવા માંડયું હતું, પણ નસીબ સંજોગે તેમ કરવામાં તે ફાવ્યો હતો નહીં.

તે પારસી ભપકાદાર પોશાકમાં સજ થયલો હતો. તેના એક હાથમાં ચળચળ થતી તદન નવી પાગડી હતી, જ્યારે બીજા હાથમાં એક ઘણીજ ફેશનેબલ લાકડી હતી. અને તેની આવી હાલત તરફ જાંહગીરે થોડીક પળ સુધી ટીકી ટીકીને જોયા કર્યું.

પોતાના શેઠને આ પ્રમાણે અજાયબીમાં ઉભેલા જોઇ તે હમાલ પાછો બોલી ઉઠયો;

" એ તુમેરીજ જાતવાલા હયે સાહબ, લેકીન મુહપરસે તો બરા બદમાશ—"

"ચુપ રહો!" જાંહગીરે હમાલને આગળ બોલતો અટકાવ્યો, અને ત્યાર પછી પેલા જવાન તરફ ફરી બોલ્યો, "કેમ શેઠ, તમારો અહીં પારકી જગ્યાએ આવવાનો સબબ શું? હું કાંઇ તમોને ઓળખતો નથી, તે છતાં એમ ચ્રહસ્થાઇ તરીકો ઓળંગી જઇ તમે છુપી રીતે અંહીં આવ્યા ને વળી પાછા નાહસ ભાગમાં પડયા. તમારી એવી વીચીત્ર વર્તણુંકનું કારણ હું સમજી શકતો નથી."

જાંહગીરને શું જવાબ દેવો તેના વીચારમાં તે જવાન હતો તેટલામાં તો જાંહગીર પાછો ન ફરવાથી દીવાનખાના માહેલી "લેદીઝ કંપની" ગોંધાટનું કારણ શોધી કાહડવા કંપાંઉંદમાં આવી લાગી. પણ તે જવાનને દેખતાં વારજ ગુલ તેમજ શીરીન બન્ને એક એક પછી વખતે ચોકયા, અને પુકારી ઉઠયાં, "એ કોણ? પેસી?"

હા વાંચનાર, તે ચોર તરીકે પકડાયલો પારસી જવાન પેસીજ હતો. જાંહગીર અને તેની બેન આ અજબ જેવો બનાવ બનતો જોઇ અચરતીમાં ગરક ગયાં! અને થોડો વખત તો દરેક જણે પેસી તરફ જોયાજ કર્યું. પણ અંતે શીરીને ચુપકીદી તોડી.

"કેમ વરી તારૂં અંહીં શું કામ છે? વરી તું મારી પુઠે અંહીં શું કામ આવી લાગોચ? મને આટલી બધી તેં દુઃખી તો કીધીચ ને હજુર તેથી તું ધરાતો નથી?"

"શીરીન," પેસી તુરતજ બોલી ઉઠયો, "આ પારકાંઓના દેખતાં તું મને નાહેકનો ગેરઇનસાફ ના કર. હું માહમલેશર મારાં ખાનગી કામસર આવેલો છું, અને આવતીકાલે તો હું મુંબઇ પાછો ફરનાર છું. છતાં અંહીં વેર હું આવેલો તો તારી મુલાકાત કર્યે વગર હું કેમ જાઉં? મુરબીજી મામાજી મને પુછે કે તું શીરીનને મળી આવેલો કે નહીં તો પછી તેમને હું શું જવાબ દઉં? તેટલામાટેજ, તુંને મળવાનો ઠેરાવ કરી હું હોતેલમાંથી નીકળી આપરા એજનજીને બંગલે ગયો, પણ ત્યાંથી મને ખબર મળી કે તું અંહીં આવેલી છે, એટલે છતો નીકળ્યો એટલે તુંને મળ્યા વગર ચાલ્યું નહીં."

"પણ ત્યારે તમોને એમ ભરઇ છુપઇને આવવાનો શું સબબ? તમારા મનમાં જો સચાઇજ હતી તો પછી એક જાસુસનો ભાગ ભજી બતાવવાની તમોને શું જરૂર પડી વારૂ?" જાંહગીરે લગાર ગુસ્સે થઇ પુછ્યું.

"તે તો જુઓની શેઠ, દરવાજા ઉપરથી એક માણસે મને કહ્યું કે તમે લોક બધાં બંગલામાં નહીં પણ બાહર કમપાઉંદમાં બેઠા છો. હવે ત્યારે હું એમ ભરઇને આવ્યો તેનું કારણ એજ કે જરા તમો લોકોને બધાંને અચરતીમાં નાખું. ને પછી થયું તારે તો એમ. તમારા આ દીતેકતીવ હમાલને હાથે હું ચોર ઠરયો. પણ ચાલો. હવે, એબી હોય, એ બીચારો અજાણ્યો પરયો એટલે કરેબી શું?" અને અંહીં પેસી ખડખડ હસી પડયો.

"પણ પછી તમે આવીને અમોને અચરત તો નહીં કીધાં વારૂ?" જાંહગીરે પુછ્યું.

"પણ તે વખતે અચરત કરવાનો સમો મેં જોયો નહીં. શીરીનની તબીયત એકાએક બગડી આવેલી મેં જોઇ, અને તેથી ધીરે રહીને બંગલામાંજ હું આવવાનો વીચાર કરતો હતો તેટલામાં તો આએ તમારા હમાલે આવી મને એક ચોર તરીકે લેખી પકડયો,"

"શું ત્યારે તેં પછવાડે ભરાઇને અમારી બધી વાતચીત સાંભળી લીધી કે?" શીરીને એકાએક ઉસકેરઇ જઇ પુછ્યું.

"હા, શીરીન. હું જુઠું શું કામ બોલું? ભોગજોગે મેં તમારા લોકની બધી વાત સાંભળી લીધીચ. પણ તું માનતી હોય તો માનજે શીરીન, કે હું તદ્દન બેગુનાહ છું. એરચને મેં ફસાવ્યો નથી. એ એના પાપેજ દુઃખી થયો છે." પેસી પોતાનો બચાવ કરતાં બોલ્યો.

પણ જાંહગીર તેની આ ગલીચ ભાશા તામોસકરી શકયો નહીં. જે મીત્ર તેને જરૂરની વખતે સાહય થઇ મરતો બચાવ્યો હતો તેના માટે આવા બેઅદબ શબ્દો એક લુચ્ચાને મોંઢે તે સાંભળીને બહુ ગુસ્સો થયો, અને તે તુરત બોલી ઉઠયો.

"કેમ તમે હવે છેક મર્યાદાની હદ ઓળંગી જાઓચ કે? શું તમે જાણુતા નથી કે આ મારો પોતાનો બંગલો છે, અને તેનો એકલો માલેક હું છું? તમે વળી વગર રજાએ એક ગ્રહસ્થના તરીકાથી સદંતર વેગળા જઇ અમારી છુપી કે ખુલ્લી કોઇબી રીતની વાત સાંભળી લીધીચ. એ તમે એક ખોટું કામ કર્યુંચ. એથી પણ ન ધરાતાં તમે એક નીર્દોશ માણસને વગર કારણે તેની ગેરહાજરીમાં બદ સખુન કહોછો, પણ તમે જાણુતા નહીં હશો કે જે એરચને માટે તમે આવા અપશબ્દો કહ્યા છે તેની ઉત્તમ પ્રકારની ચાલચલણની મને જેટલી ખબર છે તેટલી કોઇને નથી? વળી આ દુઃખી અબળાને તમારી એવી ગલીચ ભાશાથી કેટલી બધી વધુ દુઃખી કીધીચ તેનું તમોને કંઇ ભાન છે?"

એમ કહી જાંહગીરે અતી ઘણી દીલસોજી અને પુર પ્રેમથી શીરીન ભણી જોયું.

પેસી તો આ સાંભળી જબરો ફગલાઇ ગયો! તેની જીંદગી દરમ્યાન તે આ પેહેલીજ વાર જવાબ માટે તેયાર ન હતો. જાંહગીર એવી તો ગંભીર અદાથી અને એવા તો દમામદાર અવાજે બોલ્યો હતો કે થોડીક પળ સુધી તો તે લુચ્ચો જાણે નામોશીમાં ગરકાવ થઇ ગયો! પણ તુરતજ તે પોતાની એવી હાલતમાંથી બીદાર થયો, અને જાંહગીરના બોલવાનો જવાબ નીચે પ્રમાણે આપ્યો;—

"તમેબી સાહેબ એમ ઉતાવળે કેમ મત બાંધોચ? એટલા બધા આકરા શું કામ પડી જાઓચ? એકતરફી બોલવા ઉપર તમે એમ ભુલભર્યાં અનુમાન પર આવોચ તે જોઇ હું દલગીર છું. હું મારા મુરબ્બીજી મામાજી જેઓનું આજ સુધી હું નીમક ખાતો આવ્યોચ ને જેઓની નોકરી મેં પુર ઇમાનદારી તેમજ તાબેદારીથી બજાવી છે તેઓના હું ગંભીર કસમ ખાઇને કહું છું કે હું તદન નીરદોશ છું, મેં આજ સુધી કોઇને જાણી જોઇને સતાવ્યાં નથી. કોઇના માર્ગમાં હું આડો પડયો નથી, કોઇને મેં હેરાન કર્યાં નથી, ત્યારે શીરીન અને એરચ જેઓ મારાં તદન અતલગનાં સગાં થાય ને જેઓની સાથે હું નાહણપણથીજ ઉધરેલો તેઓનું બુરૂં હું કેઇ રીતે ચાહી શકું, તેઓને હું દુ:ખી શા કારણે કરૂં તેનો તમેજ બધાં લોક વીચાર કરો, ને મને ઇનસાફ આપો."

પેસી આ સઘળું એવી તો ઢપથી બોલ્યો હતો કે સઘળાં થોડોક વાર વીચારમાં પડયાં, તેણે પોતાનો બચાવ કરવા માટે પોતાથી બને એવા સીફત ભર્યા બોલોનો ઉપ્યોગ કર્યો હતો. મોહ એકદમ ગંભીર કરી નાખ્યું હતું, શીરીન અને એરચની કેવી એક દયા ખાતો હોય એવો ઢોંગી દેખાવ કર્યો, અને પોતાના મામાના ગંભીર કસમ ખાવાનેબી તે લાફગો ચુકયો નહીં. આ સઘળો ઢોંગી દેખાવ તેણે પોતાની મતલબ જાળવવા ચકી કર્યો. પોતાને એક ઘણીજ જોખમભરી હાલતમાં તેણે ઉભેલો દીઠો, અને તેટલામાટે તેમાંથી કાંઈ પણ અંગત નુકસાની ખમ્યા વગર, પોતાની આબરૂને કોઇ પણ રીતનો દાગ ન લગાડવા દેતાં, તેમાંથી આસાનીથી છટકી જવા માટે તેણે આવાં "પાત્યાં ગોથવ્યાં."

અને શું આ દુન્યામાં એવું બનતું આપણે નથી જોતાં? જેઓને પગથી તે માથાં સુધી આપણે લુચ્ચા તરીકે પીછાણયે છીયે તેઓ જ્યારે સચાઇનો છાતો અને ઇમાનદારીનો ઉભરો બોલાં લોક સન્મુખ બાહર કાહડે છે તે જોઇ આપણું દીલ શું આજુરદે નથી થતું?

પણ વાંચનાર, પેસી તદન નીર્દોશ તરીકે હમણાં જે લોક સન્મુખ પોતાને રજુ કર્યો હતો તેઓ કાંઈ તેની લુચ્ચાઇથી બીન માહીતગાર હતાં નહીં. તેઓમાંથી શીરીન અને બેલાપતેલની ગુલને તો તેની લફંગાઇનો પુરેપુરો અનુભવ મળી ચુકયો હતો, જ્યારે જાંહગીરે પણ શીરીનને અને ગુલને મોંઢે સાંભળેલા ખુલાસા પરથી પેસીની લુચ્ચાઇ કેટલી હદ સુધીની હતી તે અત્યાર અગાઉનું શોધી કાહડયું હતું. તેટલામાટે દેખઇતા સબબોને લીધે પેસીની મુકતી હમણાં સફળ નીવડી નહીં. પોતાને જોખમભરી હાલતમાંથી બાહર કાહડવા માટે તે આતુર હતો પણ તેમ કરતાં તે વધુ જોખમભરી હાલતમા આવી પડયો.

પેસીનું ભોલવનારૂં બોલવું સાંભળી સઘળાં વીચારમાં પડયા ખરાં, અને તેથી પેસીને આશાના કીરણો દેખાવા લાગ્યાં ખરાં, પણ થોડીજ પળમાં શીરીનના બોલી ઉઠવાથી તેની સઘળી આશા પડી ભાંગી.

"પાર જ્યારે તું પોતાને તદન નીર્દોશમાં ખપાવા માંગેચ ત્યારે આ છોકરીને ફસાવવાની વેતરણ કરનાર કોણ હતું? તું કે કોઇ બીજો?" શીરીન ગુલ તરફ આંગલી કરી પેસી ભણી ધીકકારની નજર ફેંકતી બોલી.

પેસીએ આ ચોંકાવનારા સવાલની વકી બીલકુલ રાખી ન હતી. આ સવાલનો શું જવાબ દેવો તે તે સમજી શકયો નહીં. તે

જાણતો હતો કે ગુલને તેણે ફસાવવાની ચુકતી રચી હતી, પણ કમનસીબે તેમાં તે નીશફળ નીવડયો હતો. તોપણ તેણે પોતાની સઘળી હીંમત બલકે નફ્ફ્તાઇને પોતાની હારે તેડી, અને વીચારવંત ઢપે બહુજ ગંભીર ચેહેરો કરી બોલ્યો, "શીરીન, ખરી બીના શું બનીચ તે તો તું જાણુતીજ નથી. તે વાતનો તો અમે ત્રણ જણ વચ્ચે ભરમ છે. તોપણ હવે જ્યારે મારી આબરૂનો સવાલ વચ્ચે આવી ખડો રહયોચ ત્યારે તે ભરમ ખુલ્લો કર્યા વગર મને ચાલે એમ નથી. એજ ગુલ જેની તું હમણાં દયા ખાવા નીકળીચ તે એક પડી ભાંગેલી સ્ત્રી છે. એરચને અને એ છોકરીને કેઇ રીતનો સંબંધ હતો તે હવે તમે મારા બોલવા પરથીજ વીચારી લેઓ તો સારૂં. શું મેં આ કેહેયુંચ તે ખોટું છે, ગુલ? શું તારૂં પાપી હૈડું તુંને હવે દંખતું નથી" એટલું બોલી પેસીએ ગુલ તરફ ધારી ધારીને જોયું. અને તેની તરફથી કાંઇબી જવાબ ન મળવાથી તે તુરત જાંહગીર તરફ જોઇ હસીને બોલ્યો, "કેમ શેઠ, હવે તમારી ખાતરી થઇ? એ ગુલને ફસાવનાર માટે હવે તમારૂં કેવું મત છે? કાંએ નહીં હવે એ તમોને કે મને જવાબ આપતી?

વાંચનારને અજબ જેવું લાગશે કે ગુલ પોતા ઉપર આવું ખોટું તોહમત મેળાતું જોઇ ગુપચુપ શું કામ બેઠી હશે. પણ પેસીને એવું બોલતાં સાંભળી તે તો અજાયબીમાં ગરકાવ થઇ ગઇ, અને થોડીક પળમાં તો તેની આંખમાંથી આંસુ વટીક નીકળી પડયાં. અને આવી હાલત વચ્ચે તે જવાબ કેઇ રીતે દઇ શકે તે વાંચનારે વીચારી લેવું. આ દુન્યામાં એક લુચ્ચો માણુસ બીજાઓના દેખતાં એક નીર્દોશ નારની આબરૂ ઉપર નીચ હુમલો કરવાની બેઅખત્યારપણે હીંમત કરી શકે એવી આશા ગુલે તો સ્વપ્ને પણુ રાખી ન હતી. અને તેટલામાટે, તે જવાબ આપવાને અશકત થઇ પડે તેમાં કાંઇબી નવાઇ નહીં.

પેસી તો આવો દેખાવ જોઇ મલકાતો ઉભો પણ જાંહગીર તે કેમ તામોસ કરી શકે?

"તમે એક બરા સીફતબાજ આદમી છો, પણ તમારી એ લુચ્ચાઇગીરી મારી આગળ ચાલવાની નથી. શું મારામાં એટલુંબી સમજવાની શકતી નથી કે તમારૂં પોતાનું પાપ ઢાંકવા માટે તમો સામા બીજાં ઉપર ખોટું તોહમત મેળો છો? હું તમોને હુકમ કરૂં છું કે આ મારૂં મકાન તમે એકદમ કાંઇબી વધુ બોલ્યા વગર છોડી જાઓ. તમારા જેવા બદમાશનું મારે હવે વધુ સાંભળવું નથી. નીર્દોશ કોણ છે અને દોશીત કોણ છે તે હું અત્યાર અગાઉનો નક્કી કરી ચુકોચ માટે તમારી આબરૂ આબરૂમાં આ જગ્યા છોડી જાઓ, નહીં તો તમોને અહીંથી કાહડવાના મને સખ્ત ઉપાય લેવા પડશે."

ખલાસ! જાંહગીરના ગુસ્સેભર્યાં બોલવાથી પેસીનાં હાથ ગગડી ગયા. તેને હવે જોતાં લેતાં વીલંબ ન લાગ્યો કે તેની નક્કી હાર થઇ હતી. તોપણ દુબતો માણુસ ફીણુને વળગે તેમ તે બોલી ઉઠયો.

"હું શીરીન સાથે ખાનગી વાત કરવા માંગુચ."

પણ જાંહગીર જવાબ દયે તે આગમચ શીરીનજ બોલી ઉઠી, "હું તારા જેવા કરપીણુ સાથે વાત કરવાને હવે કમકમુંચ, માટે હવે આ જાંહગીર શેઠે કહ્યું તેમ તું એકદમ અહીંથી ચાલી જા, નહીં તો એનું સેવટ કેવું આવશે તે હું કહી શકતી નથી." એટલું બોલી શીરીન, ગુલ અને ગુલાં અંદર ચાલી ગયાં.

"હું જાઉંચ, પણ યાદ રાખજે, બચ્ચા" પેસી જાંહગીર તરફ જાણે પોતાનો કીનો જાહેર કરતો હોય તેમ બોલ્યો, "કે હું મારી આબરૂનો જવાબ તારી પાસે લઇશ." એટલું બોલી તે બંગલો છોડી ચાલતો થયો. અને જાંહગીરે તેને કાંઇ પણ રીતનો વળતો જવાબ ન આપવામાં વાજબીજ ડાહપણુ બતાવ્યું હતું.

જાંહગીર ત્યાર પછી સઘળાંને જઇ મળ્યો.

આજના બનેલા આ અજબ જેવા બનાવથી તેઓ સઘળાં અજબ અજબ થવા લાગ્યાં. પેસીની કાંઇબી ઉંડા મતલબ હોવા શીવાય તે મહાબ્લેશ્વર ખાતે કદી આવેજ નહીં એમ સઘળાં ધારવા લાગ્યાં. શીરીનને ધાસ્તી પેઠી કે રખેને તે કાંઇ વળી નવી બાજી રચતો હોય, આ ઉપરથી જાંહગીરે પેસી ઉપર દેખરેખ રાખવા માટે ત્યાંના પોલીસ સુપરીનટેનડંટને લખી જણાવવાની પોતાની ખાહેશ બતાવી, પણ શીરીને તેને તેમ કરતો અટકાવ્યો. વળી શીરીને જાંહગીરને તેમજ બીજાંને આ વાત કોઇ પણ રીતે બાહેર ન આવવા પામે તેની સંભાળ લેવા આગ્રહ કર્યો. પણ ગુલાંએ શીરીનને સલાહ આપી કે આજના બનાવથી તેના બાપને જાણીતા કરવાજ જોઇયે. આ ઉપરથી શીરીનને પોતાની પ્યારી માવતરનો સ્વપ્નો યાદ આવી ગયો, અને હાલ તુરત તેની એ વાત છુપીજ રહે તો સારૂં એમ સઘળાં સન્મુખ તેણે પોતાનું મત જણાવ્યું. અને અંતે એ વાતની ખબર કાંઇ બીજાંને ન થવા પામે તેની હુશયારીમાં રેહેવા સંધાએ કબુલ કર્યું.

પ્રકરણ ૫૯ મું.

બામનની અજબ જેવી ભેદી મતલબ.

પેસીને માહબ્લેશ્વર ખાતે આવવાનો શું સબબ મળ્યો હતો તે હવે આપણે તપાસ્યે.

તે કાંઇ પોતે મોજ મારવા આવ્યો ન હતો. શીરીનને જણાવ્યું તેમ તે કાંઇ ખાનગી કામ માટે ત્યાં આવ્યો હતો, પણ તે ખાનગી કામને તેની પેઢી સાથે કાંઇબી સંબંધ હતો નહીં. મહાબ્લેશ્વર ખાતે આવવામાં તેની એ મતલબ હતી. શીરીનની તબીયત સુધરવાના સમાચાર રૂસતીમશાહને અવારનવાર બેજનજી તરફથી મળ્યા જતા હતા, અને થોડાક દીવસમાં તો તે પોતાનું જે કાંઈ દુઃખ હોય તે ભુલી જશે એવી આશા તેમના તરફથી આપવામાં આવી હતી. રૂસતીમશાહ આ ખબર વખતો વખત પેસીને કેહેતા રેહેતા હતા. પણ પેસી તો તે સાંભળી ધભરાતમાં પડયો હતો. શીરીન પોતાનું આગળું દુઃખ શી રવેશે ભુલી જાય? તેમ થવાનું કારણ શું? શું એરચ મહાબ્લેશ્વર ખાતે તો આવી ન ભરાયો હતો? પેહેલાં તો ત્યારે આ કારણ શોધી કાહડવાની મોટી જરૂર હતી; અને ત્યાર પછી જો તે તેની ધારણામાં ખોટો પડે તો યાને એરચ ત્યાં નહીં હોય તો પછી શીરીનના હાથની ફરી એક વાર માંગણી કરવાનો તેનો મનસુબો હતો. આવા મનસુબા સાથે તે પોતાના ઇસ્ત મીત્ર બામનને સાથે લઇ, પોતે બે ચાર દાહડા મોજ મારવા ઉતરી પડે છે એવું બાહણું રૂસતીમશાહ આગળ બડાવી તે મહાબ્લેશ્વર ખાતે જઇને ત્યાંનાં એકાદ હોટેલમાં ઉતારો લીધો હતો.

પણ પેસીની મુખ્ય મતલબ સચવાઈ ન હતી તે આપણે જોઇ ગયાં. શીરીન સાથની વાતચીત ઉપરથી તેને જોઇ લેતાં વાર ન લાગી કે તેનો તેના તરફનો ધીક્કાર ઘટવાને બદલે સામો વધ્યો હતો. તેની ઉલટ હવે સદંતર ભાગી પડી. શીરીનનો પ્યાર જીતવા તે કેટલો બધો તતપર હતો! પણ હવે તેણે ખુલ્લે ખુલ્લું જોઇ લીધું કે તેનું હવે પછી કાંઇબી વળનાર નથી.

જાંહગીર પારખના બંગલામાંથી બાહર નીકળતાં તેણે છુટકારાનો એક દમ ખેંચ્યો, અને થોડાવારમાં તો તે હોટેલમાં આવી લાગ્યો.

ઓરડામાં દાખલ થતાંજ બામનને સામેજ બેઠેલો તેણે દીઠો. તે તેનું ફીકકું મારી ગયલું મોંઢું જોઇ હસીને બોલી ઉઠયો.

"હા, હા, હું સમજયો. વરી તે છોકરીએ

તુંને હરકાતી કાહરયો કે? જા, જા, બેસ હીચકારા, તું શું પરણુતોથો!"

"તારે જોઇયે તો હસની, એમાં શું છે." પેસી જવાબ દેતાં બોલ્યો, "પણ આજે જો મારી પાસે પેલો રૂમાલ હોતે તો હમાલનો છુટકો થઇ જતે."

"એ વરી હમાલ કોણ? તુંને તો કંઇ બધા નવા નવાજ મલેચ કે?" બાબને અજાયબી બતાવી.

આ ઉપરથી પેસીએ પોતા ઉપર વીટેલો સઘળો હેવાલ બાબનને કહી સંભળાવ્યો.

"પણ વારૂ, એ બંગલો કોણનો?" બાબને નંચીતાઇથી પુછ્યું.

"કોઇ જાંહગીર પારખ કરીને છે તેનો કેહેવાયચ."

"કોણ? જાંહગીર પારખ?" બાબન અજાયબીથી પુકાર મારી બોલી ઉઠયો.

"તું કાંઈ બેહેરો છે શું? જાંહગીર પારખ મેં તુને એક વખત કહ્યું કેની" પેસીએ ખીજવાતમાં કહયું, "પણ વારૂ બાબન, તું શું એને ઓરખેચ કે?"

"હા, પેસી મેં એવે નામના એક ભોળા જવાનને હીરાના વેપારીનો વેશ લઇ ચીરેલો ખરો."

"પણ તે તુંને ને એને ઓરખાણ કેમ પડી?"

"હવે તે બધી વાત સાથે તુંને શું લાગે વળગે? પણ વારૂ, તેના ચેહેરાનું જરા ધ્યાન તો કર, ને એ જાંહગીર, શીરીન અને ગુલ ઉપરાંત ઘરમાં બીજું કોણ હતું તે બી તું મને મેહેરબાની કરીને જરા કેહ."

"પણ ત્યારે જાંહગીર પારખ સાથે તુંને કાંઇ દોસ્તી છે કે?"

"હવે તે બધું હું તુંને પછી કેહેવશ, દીકરી, હું જે માંગુંચ તે તો તું કેહેતો નથી."

આ ઉપરથી પેસીએ જાંહગીરના ચેહેરાનું વરણન કરયું. બાબન તે સાંભળી બહુ ચોંકયો, અને પેસી તેનો ભેદ સમજી શકયો નહીં.

"પણ બાબન દીકરી, તું સાંભળેચ કે? જાંહગીરનાં બંગલામાં કેની તે ગુલ ને શીરીન ઉપરાંત બીજું એક બીલોરી પંખેરૂં મેં તો જોયું. શું તેની મોહીની! શું તેની કાંતી! શું તેની મરોડદાર ગરદન! શું તેનો ચાલવાનો લેહેકો! અને ટુંકમાં બાબન દીકરી, એવી મજાહની છોકરી ઉતી કે મારી તો નજરજ ઠરી રહી.

"અરે મુરખ આએ તારો શીરીન માટેનો પ્યાર કે? ત્યારે શીરીનને તેં શું છોડી દીધી કે?"

"તું બી બરો કેઠો હેમકનો સરદારજ છે. મેં શું શીરીનને મેળવવાને થોડાં ફાંફાં મારી જોયાં, જે એ તો હજુર કાંઇજ સમજતી નથી. ત્યારે પછી શું મારો પ્યાર કોઇ બીજી તરફ દોડે તેમાં જરાકબી અખુદરતી અથવા તો અપવીત્ર જેવું છે?"

"હવે ચાલ, એ તો રહયું. પણ તે સ્ત્રીની ઉમર કેટલી હોવી જોઇયે?" બાબને પુછ્યું.

"હં, બચ્ચા હું સમજ્યો. કાંઇ પસરાવી લઇ જવાની મરજી છે કે?"

"અરે હવે એ પસરાવવાની ને ફુસલાવવાની વાત તો તુંજ જાણે તે સઘળાંનો અધીકાર તો મેં તુંનેજ સોંપ્યોચ. પણ વારૂ, મારા સવાલનો જવાબ આપની દીકરી."

"ઉંમરમાં તો તુંને કેહું કે વીસ વરસની ઉપર હોસે."

"ખરેખર, ત્યારે તો મારી અટકલ ખરીજ પડી છે. એ તેજ ગુલાં હોવી જોઇયે." અને અહીં બાબન કાંઇ ઘણાંજ ઉંડા વીચારમાં ગરકાવ થઇ ગયો.

"કેમ બા, કાંઇ ખાત્તી મીઠી નજર દોરેચ ખરી કે? તમે તો કેહું નામ સઉ જાણતા દેખું!" બાબનને વીચારમાં પડેલો જોઇ પેસી તેના ચેસ્તા કરતાં બોલ્યો.

"અરે, યાર હવે તું અમઠી મારી મશકેરી ના કરની તો. એ તો બા તમારા જેવા માલેતુજારના કામ, ગમે તેવાં કાળાં ધોળાં કરે તોબી એ તો તમારૂં પાપ પૈસે ધોવાઇ જાય; પણ અમારા જેવા તો બંતએ જાય, બંતએ, સમજ્યો?"

"ત્યારે તું તો કેઠો સતનો કાંટો હાથમાં રાખીનેજ ફરતો હોસે, કેમ ? એ આજે એવી ફીલસુફી ક્યાંથી શીખી આવ્યો ?"

"અરે હવે જવા દે, પેસી, એ વાત જવા દે. પણ ચાલ વારૂ, તું હજુર અહીં કેટલા દહાડા રેહેવાનો છે ?" બાબને વાતની વળણ ફેરવી નાખતાં પુછ્યું.

"અરે હવે રેહેવાનું શું બરયુંચ !" પેસી લગાર ખભરીને બોલ્યો, "હું તો હવે કાલે જવાનો. પણ વરી તુંબી સાથે આવવાનો કેની ?"

"નહીં. મારો તો વીચાર અંહીં બે દહાડા વધારે રેહેવાનો છે. કેવી મજાની હમણાં સીઝન છે !" બાબને જવાબ દીધો.

"હં, બચ્ચા હવે હું સમજ્યો. તારો દોરો કેઠો પેલી ગુલાંમાં ભરાયોચ ! પણ દીકરી, જરા સંભાળીને કામ લેજે, હં. એ તો કેહાં બધાં ઠાવકાં ને પક્કાં છે. ચાન્સ અજમાવવા જતાં બધા દાહડાની આબરૂ નહીં જાય."

"એ તું બકી શું મરેચ, કાંઇ સમજ પરે ? ગુલાં શું ને વાત શું ?

મને તેની સાથે લાગે વળગે શું ?" બાબને લગાર ખીજવાઇને પુછ્યું.

"વારૂ બા ચાલો હોસે, તમારી વાત તમે જાણો." પેસીએ અંતે માંદવાલ કરી, "ફકર નહીં, તારી મરજી પડે ત્યાં સુધી રેહેજે બાબન."

"પણ દીકરી, મને થોડા જોઇશે જો. બસો પાંચસો વગર મને હમણાં ચાલે એમ નથી."

"અરે, શું કહું દોસ્ત બાબન, મારૂં કામ જો સફળ થયું હોતે કેની તો તુંને આજે હું તેની ખુશાલીમાં પાંચ હજાર રૂપ્યા પેહેરાવાનો હતો. પણ કેહું તારૂંબી નસીબ એવું લીલુંજ કેની તે જાંહ હોય તાંહ બસ ઠોકરજ નરેચ."

પેસી અફસોસ કરતો બોલ્યો.

"અરે પણ, પાંચ હજાર નહીં ને તન હજાર, બે હજાર, અરે લેની યાર હવે એકજ હજાર આપતો જા. એમાં શું છે ? ખોદા તુંને ઘણું આપી રેહેશે." બાબને પેસીને ફુસલવવાની વેતરણ કરવા માંડી; અને તેનું પરીણામ તેની ફતેહમાંજ આવ્યું.

"વાહ, વાહ, પેસી દીકરી, જીવતો રેહેજે." તે નોટના ચોરા પોતાના ગજવામાં સેરવતો બોલ્યો, "ને જો મુંબઇ જતાંનેવાર કાગજ લખજે, હં, નહીં તો કે મારો જીવ નહીં માનશે. સમજ્યો કે ? નહીં તો વરી મને તવલાવતો ના."

પ્રકરણ ૬૦ મું.

ભયંકાર રાતના ભેદી પુરૂષો.

પોતે મજાહ ખાતર બે દહાડા વધુ મહાબ્લેશ્વર ખાતે રેહેવાનો છે એવું જે બાબને પેસીને કહ્યું હતું. તે તો માત્ર એક બાહનું હતું. વધુ વાર રેહેવાની તેની મતલબ તો તદન જુદીજ હતી. મુંબઇથી નીકળતી વખતે તેણે મુદલ વકી રાખી ન હતી કે માહબ્લેશ્વર ગયા પછી તે એક જાણુવા જોગ શોધ કરશે. પેસીની છેલ્લી વાતચીત ઉપરથી તેને કાંઈ નવું માલમ પડયું હતું. જાંહગીર પારખ તેનો કોઇ ઓળખાણનો નીકળી આવ્યો હતો.

પણ વાંચનાર, જાંહગીર પારખને બાબન સાથે શી રીતની ઓળખાણ હોય ? પણ ત્યારે ઓળખાણ હોયા વગર બાબન એટલો બધો વીચારમાં કેમ પડી ગયો હતો ? હા વાંચનાર, તેને જાંહગીર પારખ સાથ ઓળખાણ હતી. પણ તે ઓળખાણ વાંચનારને તદન નવી અને અજાયબીમાં નાંખનારી લાગશે. બાબન વીશે આપણ આજ સુધી જેટલું જાણ્યે છીયે તેમાં એક નવી અને તદન હેરતભરી બીનાથી જે વખત જાય છે તે દરમ્યાન ઉમેરો થશે.

આપણે જાણયે છીયે કે બાબન પેસીનો દ્દસ્ત મીત્ર થતો હતો, તે પણ આપણે અત્યાર અગાઉના જાણી ગયાં છીયે. પણ જાંહગીર પારખ સાથે તેને શું સંબંધ હતો તે બીના આપણે જાણતાં નથી. તે ઓળખાણ કેઇ રીતની હતી તે જાણવાની વાંચનારને કદાચ ઉલટ થશે ખરી પણ તેની એવી ઉલટ આ પ્રકરણ પુરેપુરૂં વાંચ્યા વગર પાર પડે નહીં.

માહબ્લેશ્વર ખાતેની બડેખાંઓની મોજ મારવાની તથા યોગ્ય આશાયશ લેવાની ખુશનુમા સીઝન હવે લગભગ પુરી થવા આવી હતી. મુખ્ય કુટુંબો અને શેઠ સાહુકારો ત્યાંથી હવે મુંબઇ ખાતે ઉપડી જતા હતા, જેઓમાં આપણને જાણીતા બેજનજી ચીનાઇ પણ પોતાના કબીલા સહીત મુંબઇ ઉપડી ગયા, અને શીરીન પણ તેઓની સાથેજ ગઇ હતી. બીજા થોડા દીવસમાં બેલા પટેલ પણ પોતાની એકપુરી દીકરી ગુલ સાથે માહબ્લેશ્વર છોડી જનાર હતા; પણ જાંહગીર પારખનો વીચાર તો ત્યાંથી એકેએક કુટુંબ ઉપડી ગયા પછીજ તે ખુશનુમાં શીતળ ટેકડી છોડવાનો હતો.

ગુલના બાપ, જાંહગીરની પસંદગી તેમની બેટી ઉપર ઉતરી છે, તે જાણી બહુ ખુશી થયા, અને મુંબઇ ગયા પછી પોતાની બેટીને જલદીથીજ જાંહગીર સાથે પરણાવી દેવાનો તેઓએ ઠેરાવ કર્યો હતો.

શીરીને પોતાની કબુલાત મુજબ ઝોહરાને મદદ કરી હતી, અને તેની ગુલાં નજદીક ભલામણ કરી હતી, અને ગુલાંને પણ એવી એક દાસીની જરૂર હતી માટે તેણે ઝોહરાને મોટી ખુશીથી કબુલ રાખી હતી. પણ ઝોહરા કાંઇ તુરતાતુરત ગુલાંની નોકરીમાં રહી નહીં. તેણે હાલ તુરત તો જ્યાં માહબ્લેશ્વર ખાતે રેહેતી હતી ત્યાંજ રેહેવાની ઇચ્છા જણાવી, અને ગુલાં જ્યારે મુંબઇ ઉપડી જાય ત્યારે તેની સાથે જવા તે કબુલ થઇ. ગુલાં ઝોહરાની રીતભાત અને અદબઅદા જોઇ બહુ ખુશી થઇ હતી, પણ તે તેના હેવાલથી બલકે કાંહણીથી બીલકુલ નાવાકેફ હતી.

જાંહગીર સાંહજને છેડે પોતાના માહબ્લેશ્વર ખાતેનાં પોતાની ગુલને બંગલે ગયો હતો, ત્યાંથી તેને પાછું ફરતાં લગાર મોડું થયું હતું. તે તેટલામાટે ઝડપમાં પોતાની દોગકાર્ટમાં એકલો બેસી પોતાના બંગલા તરફ હંકારી જતો હતો. લગભગ અંધારૂં થઈ ગયું હતું, અને હજુર બે ત્રણ માઇલ તેને કાપવા હતા, તોપણ બનતી ઉતાવળે તેણે ગાડી હાંકવા માડી. પણ તેણે તેની અજાયબી વચ્ચે એક બુઢા મુસલમાનને રસ્તાની વચ્ચે ફસડાઇ તેને હાંક મારતો દીઠો. આ જોઇ જાંહગીરે પોતાની ગાડી થોબાવી. પણ તેજ પળે એક બીજી ભાડેની ગાડી તેની નજદીકથી સામી બાજુએ પસાર થઇ ગઇ, અને તેમાં બેઠેલો એક શખસ બોલી ઉઠયો, "હા, તે એજ !"

જાંહગીરે આ બોલ આબાદ સાંભળ્યા હતા અને તે સાંભળીને બહુજ અજબ થયો હતો. તે પેલા બુઢા મુસલમાનની હાલત માટે વીચારમાં હતો એટલે તે ગાડી થોબાવવાનું પણ તેને ભાન ન રહ્યું. તોપણ, હવે તેણે તે જઈફ મરદ તરફ પોતાનું ધ્યાન દોડાવ્યું.

"કયું મીયાં સાહબ, તુંમ કુચ બીમાર હયે ?" તેણે તેને મમતાથી પુછયું. જાણવું કે જાંહગીર હીંદુસ્તાની ભાશા કાંઇ સાફ બોલી જાણતો ન હતો.

"હં, જી." તે મીયાંએ બીચારાએ કાંસતાં કરાજતાં જવાબ દીધો, "મયે ઇદરસે મેરે મકાન પર ચલે જાતેથે, લેકીન ચલતે ચલતે એ મેરે પાંઉમેં હમેશ મુવાફેક અઇસાતો દરદ નીકળ આયા કે મયે હેરાન હો ગયાહું, તું બેટા અગર મેરે પર મેહેરબાનગી કરકે તેરી ગાડીમે મેરેકુ બેઠાકે મેરે મકાનકુ પોંહચ કર દયગા તો તેરેકુ અચ્છા દામ મીલેંગા." તે મીયાં જાંહગીરને કોઇ ગાડીવાલો સમજ્યો.

"નહીં, જી. મયે કુચ ભાદુતી ગાડીવાલા નહીં હું," જાંહગીરે તેને સમજ પાડી, "લેકીન તુમેરી ખાહેશ અગર મેરી ગાડીમે બેઠનેકી હોગી તો બેશક મયે તુમકો તુમારે

મકાનમે પોંહચ કર દઉંગાં. બોલો તુમારા મકાન કાંહ હયે?" જાંહગીર પોતાની ગાડીમાંથી ઉતરી તે મુસલમાન નજદીક આવ્યો.

"જબ તો બોહત મેહેરબાનગી હુંઇ બેટા. લેકીન, મેરે મકાનમે પોંહચાનેકે બાસ્તે તુંમકો તુમારી ગાડી ફીરાનેકુ પડેગી. સબબ, મેરેકુ તુંમ જાતાથા અયસા જાના નહીં હયે."

જાંહગીરે જોઇ લીધું કે તે જઇફ મુસલમાનને પાછલે રસ્તે જવું હતું, પણ તે આવે રાતને વખતે વળી પાછો ફરવાની કેમ હીંમત કરે? પણ રસ્તાની ઉપર તેણે તે મુસલમાનને તદન નાચાર હાલતે બેઠેલો જોયો, અને તે બીચારાને આવી હાલતે છોડી તેને ચાલી જવા ગમ્યું નહીં. તેવી વર્તણુંક માણુસાઇ ખસલતથી ઉલટી તેને લાગી.

"ચલો, મયે ગાડી ફીરાતા હું. લેકીન તુમેરા મકાન ઇદરસી બોહત દુર તો નહીં હયેની?"

"અરે જી, થોરાસે ચલાકે મેરે મકાનજ નજર પડેગે. અલ્લાહ તેરા ભલા કરેગા." એટલું બોલી તે જઇફ મુસલમાન જાંહગીરના ટેકાથી જેમ તેમ ઉઠયો, અને દોગકાર્ટ નજદીક તેને જાંહગીર લઇ આવ્યો. તે ગાડીમાં બેઠો અને જાંહગીર તેની નજદીક બેઠો, અને ગાડી ફેરવીને હંકારવા માંડી.

હવે આપણે પેલી ગાડી અને તે માહે બેઠેલા પેલા અજાણ્યા શખસ તરફ ફરયે. તે પુર જોરમાં પોતાની ગાડી દોડાવતો હતો, અને થોડા વારમાં એક ઝાડને ઓઠે ઉભેલી એક બંધ ગાડી નજદીક આવી લાગ્યો. તેણે તુરતજ પોતાની ગાડી થોભાવી. અને પેલી બંધ ગાડી નજદીક ગયો તો તેણે ત્યાં બે પથાનને ઉભેલા દીઠા.

તેઓ ખુશ મીઝાઝથી કાંઇ વાતો ચલાવતા હતા, પણ તે અજાણ્યા શખસને આવી ઉભેલો જોઇ તુરત ચુપ રહયા.

"તુમ કોહણ લોક હયે? કીયા તુમારા કામ ઇદર હયે? એ ગાડીમે કોહણ છુપા રખા હયે?" તે જવાંને દમામદાર અવાજે પુછયું.

"હાજી, બોહત ગરબરમે ખાલી જોર ન ગુમાઇયે." પેલા પથાન માહેલા એકે હસ્તાં હસ્તાં કહ્યું, "તુમ તો કોઇ બડે ઉસ્તાદ હમકો આ મીલા, લેકીન તુમારી ઉસ્તાદગીરી જાફર ઔર મીરાનશાહકે મુકાબલે કમતાકાત હો જાયગી."

"ચુપરાઓ! તુમ લોક પયછાણુતા નહીં મય કોણ હયે? અમારા સવાલકા સીધા સીધા જવાબ દે દો. વોહ ગાડીમે કૌણ છુપા હયે?"

"અભી સીર મત ફીરાવ. જાઓ વાંહસે." બીજા પથાનનો મીજાજ ગયો; "નાદાનોકી બાત મુઝે સમજાતા હયે? તે કયા હમલોક કુચ બેવકુફ હયે?" એટલું બોલી તે પથાન તે જવાન તરફ ધસ્યો.

પણ તે જવાન કાંઇ આથી ડરયો નહીં. તે સમયસુચકતા વાપરી તુરત થોડાંક પગલાં પાછલ હટયો, અને પોતાના ગજવામાંથી એક સાધારણ કદની પીસ્તોલ ખેંચી કાહડી, અને તે પથાનનાં માંથા તરફ ટાંકી. તુરતજ વકી રાખવા મુજબની અસર થઇ. તે પથાન ઘભરાઇને દુર ગયો, એટલે તે જવાને તે પીસ્તોલ પાછી પોતાનાં ગજવામાં મેળી દીધી, ત્યાર પછી લગભગ તેઓની નજદીક જઇ ધીમે સાદે તેઓ માહેલા એકના કાનપર પડી તેણે કાંઇ કહ્યું. આ જોઇ તે બંન્ને પથાન ખુબ ચોકયા, અને તેઓ બંન્ને જણ એકી વખતે બોલી ઉઠયા, "માફ કરો, હમારી કુચ કસુર નહીં હયે. હમ લોક તુમકો પયછાણુ નહીં."

એટલું બોલી તેઓ વીજળીને વેગે તે ગાડી ત્યાંથી બીજે રસ્તે દોડાવી લઇ ગયા.

હવે પેલી તરફ જાંહગીર પેલા જઇફ મુસલમાનને પોતાની સાથે બેસાડી ગાડી હાંકી જતો હતો. તે મુસલમાનની વય લગભગ ૬૦ વરસની તેને લાગી. તેના બાળ પાકીને તદન સુફેદ થઇ ગયા હતા. તોપણ તે સુખવાસી જીંદગી ગુજારતો હતો એમ તેનાં બાંધા અને દેખાવ ઉપરથી માલમ પડતું હતું. તેનો પેહેરવેશ પણ તેની પૈસા સંબંધી હાલતની સારી ગવાહી આપનારો હતો. તેણે

એક કીંમતી લાંબો રેશમી સાહયો પેહેરેલો હતો ટુંકમાં, તેના બાહેરના દેખાવ ઉપરથી જાંહગીરને અનુમાન કરવાનું બની આવ્યું કે તે કાંઇ જેવો તેવો આસામી હતો નહીં.

તે જાંહગીરની પાસે બેઠો હતો ખરો, પણ તે આએ પેહેલવેહેલોજ એકાદ દોગકાર્ટમાં બેઠો હોય એમ જાંહગીરને લાગ્યું; કારણ કે દોગકાર્ટ જેવી હલકી ગાડીમાંથી પડી જવાની ધાસ્તી રાખતો હોય કે શું તેમ તે પોતાના બન્ને હાથે ગાડીનો હાથો મજબુતીથી પકડી બેઠો હતો. આ જોઇ જાંહગીરને હસવું આવ્યું ખરૂં, પણ તે કાંઇ બોલ્યો નહીં. પણ ગાડીનાં આંચકાએ તે બુઢેમીયાં પર અસર કરી. તેને હાંસો આવવા લાગ્યો, અને અંતે પોતાના ગજવામાંથી રૂમાલ કાહડવાની ફરજ પડી. પણ તેણે જેવો પોતાનો હાથ રૂમાલ બાહર કાઢવા માટે ગજવામાં હાથ નાખ્યો કે તે ગાડીનાં આંચકાથી એકદમ વાંકો વળી ગયો. આ જોઇ જાંહગીરે ગાડી તુરત ઉભી રાખી, અને તેને પોતાનો હાથ આપી સીધો બેસાડવાની કોશેશ કરી. પણ જેવો તે જઇફ મીયાંએ મદદ માટે જાંહગીરનો હાથ પકડયો કે તેને એક જવાંન માણસના જેટલું કૌવત આવ્યું હોય તેમ તે એકદમ સીધો થઇ ગયો, અને તેજ પળે એક હાથે જાંહગીરનું ગલું પકડયું, અને બીજીજ પળે પોતાના હાથમાંનો લાલ રંગનો રૂમાલ એવાં તો જોરથી તેના મોંઢાં પર દાબી દીધો કે જાંહગીર કાંઇ પણ બોલ્યા વગર યા એક ધીમી ચીચીયારી વટીક પાડયા વગર ગાડીમાં બેશુદ્ધ થઇ પડયો!

જોકે રાત હજુર તદન અંધારી બની ન હતી, તોપણ રસ્તા ઉપર લોકોની કાંઇબી આવ જા નહીં હોવાને લીધે તે એકાંત પડી ગયો હતો એટલે થોડે અંધારે પણ તે રાત વધારે ભયાનક લાગતી હતી. પેલો બુઢેમીયાં હવે ખુશાલ હૈડે ગાડી પાછી ફેરવી હાંકવા લાગ્યો, અને તેની નાતવાની અને કમતાકાટ એ સઘળું હવે હવામાં ઉડી ગયું. જાંહગીર હજુર બેશુધ હાલતે ગાડીમાં પડેલો હતો. પણ થોડીજ પળમાં તો ગાડીને હરકત નડી. સાંમેથી એક શખસ આવતો બુઢેમીયાંની નજરે પડયો. એ શખસ પેલો અજાણ્યો જવાંન હતો જેણે ચમત્કારીક રીતે પેલા પથાનને નહસાડયા હતા. તે જવાને નજદીક આવી લાગતાંનેવાર ગાડી ઉભી રાખવાનો તે બુઢાને હુકમ કર્યો પણ બુઢેમીયાંએ તેની કાંઇબી દરકાર કર્યા વગર આગળ હાંકવાજ માંડયું. આ જોઇ પેલો જવાન બહુ ચીરડાઇ ગયો, અને મોટે અવાજે બોલી ઉઠયો, "ક્યા, તુંમ કુચ હમેરા સુનતા નહીં? પણ, તુમ યાદ રખો કે હમારા ફરમાનકા ઇનકાર કરનેમે કુચ અચ્છા નતીજા ન મીલેંગા. બસ, એકદમ તુમારી ગાડી ખડી કરો."

પણ તેના બોલવાની કાંઇબી અસર તે બુઢેમીયાં પર ન થયલી જોઇને તે જવાને વગર ધાસ્તીએ એકદમ ઘોડાની લગામ મજબુતીથી પોતાના હાથમાં પકડી અને કેટલીક મેહેનતે તેણે અંતે તે ગાડી ઉભી રખાવી.

એક અજાણ્યા શખસને આ પ્રમાણે વર્તતો જોઇ તે મીયાં પેહેલાં તો જરા ઘભરાયો ખરો, પણ ત્યાર પછી તેણે કાંઇબી વીચાર કર્યા વગર ચાબુક ઉંચકયો અને તે જવાંન તરફ ઉગામ્યો. પણ તેની કાંઇ દરકાર કર્યા વગર તેણે પોતાના ગજવામાંથી પીસ્તોલ કાહડી, અને તે બુઢા તરફ ટાંકી, અને જરાક ગંભીર અવાજે બોલી ઉઠયો, "હઝરત સાહબ, એ કીયા ઢોંગ લગાયા હયે? કીયા તુમ પોલીસકા અમલદારકુભી મારનેકી હીંમત કરતા?"

તે બુઢેમીયાં હવે એકદમ ઠંડો પડી ગયો. તેણે પોતાનો બચાવ કર્યો કે પોલીસના અમલદાર તરીકે તે તેને પીછાણી શકયો નહીં. તેણે પોતાને એક ઘોડાવાલા તરીકે ઓળખાવ્યો, અને પોતાના શેઠને ઘર તરફ હંકારી જતો હતો એમ વધારીને તે આગળ વધવાની તૈયારીમાં હતો તેટલામાં તે કેહેવાતો જવાંન પોલીસનો અમલદાર બોલી ઉઠયો.

"સબર કરો. ગાડીમે તુમારા શેઠ હયે, લીકીન વોહ તો કુચ બોલતાબી નહીં. ઇસકા કીયા સબબ?"

"જી વોહ હમેશ મુવાફેક શરાબકી ખુમારીમેં હયે ઇસી લીએ હુશીઆરીમે નહીં."

"જબ તો ઉસકુ હુસ્યારીમે લાના બોહત ઝરૂરકી બાત હયે. તુમ નીચે આવ." પેલા જવાને હુકમ કીધો. પરંતુ તે બુઢેમીયાંએ નીચે ઉતરવાની આનાકાની કરી. આ જોઇ પેલો જવાંન વળી પાછો બોલ્યો, " ચલો, ચલો, બખત ન ગુમાઓ, ઓ સામી બાજુ જાઓ, ઓર ઉદર અમારા માણુસ બેઠા હોગા ઉસકુ બોલો જેન્કીન્સ સાહબ પાણી મંગતા."

"પણ સાહબ, તુમારા લેબાસ તો તુમ પારસી હયે એસી ગહવાઇ દેતા" બુઢેમીયાંએ હવે સવાલ જવાબ કરવા માંડયા.

"ચુપરાઓ, હમ બોલતા અયસા કરો."

તે હવે તુરતજ હેઠળ ઉતરયો અને તે અજાણ્યા શખસ સાથે વધુ તરછોડ કરવામાં તેણે ફાયદો જોયો નહીં. તે માત્ર તેની પીસ્તોલથી બીહતો હતો, નહીં તો તેને તે કયારનો પુગી વળતે.

"સાહબ, અંધકારમે એકલા જાનેકા તો મેરેકુ દર લગતા કોઇ વાઘ જો મીલે તો હમારા જાન જરૂર લીયે. ઓ તુમારી છોટી બંદુક હમકો દે દો."

"ચલો જલદી જાઓ બખત મત લગાઓ." એટલું બોલી તે જવાને પોતાની પીસ્તોલ તે બુઢાને કાંઇબી વીચાર કરયા વગર આપી દીધી, અને પોતે ત્યાર પછી તુરત ગાડી પર ચહડી બેઠો, અને તેને આગળ હંકારવા માંડી.

હવે તે બુઢેમીયાંને એક છોડી દીધેલા વાગના જેટલું જોર ચહડયું. તે પીસ્તોલ તેણે તે અજાણ્યા શખસ સાંમે ટાંકી, અને તુરતજ ફોડી, પણ તેની કાંઇબી અસર થઇ નહીં. આ જોઇ તે અજાયબીમાં ગરકાવ થઇ ગયો. પણ પેલો જવાંન ખુશાલીમાં આવી તુરત બોલી ઉઠયો. "પીસ્તોલ ખાલી! મેહેનત બરબાદ! બાબન, બસ કર, બસ કર." એટલું બોલી તે બુઢેમીયાંને ત્યાંજ સ્તંભ રાખી તે ગાડી જોરથી આગળ હંકારી ગયો!

વાંચનાર આ શું થયું? એ હઝરત કોણ? બાબન! પણ બાબનને જાંહગીર સાથે લાગે વળગે શું? પણ વારૂ એ બાબન કોણ? પેલો કાવસ વાહડયો!

પ્રકરણ ૬૧ મું.

એરચની એક અજબ જેવી શોધ!

કાવસ વાહડયો! બાબન! અરે, તે જવાન શખસ શું બોલી ગયો હતો? કાવસ વાહડયો તે તો પેલોજ બદમાસ કે જેણે જાંહગીરની બેન ગુલાંને તેના પૈસા પર પરણવાની બાજી રચી હતી. પણ ત્યારે બાબનને અને તે કાવસ વાહડયાને લાગે વળગે શું? તે બન્નેને સ્નાન સુતક શું હોય? પણ વાંચનાર, બાબને પોતાની કાંઇ મતલબસર કાં નહીં કાવસ વાહડયાનું પારસી નામ ધારણ કર્યું હોય? અને તેટલામાટે કાવસ વાહડયો, અને બાબન એ એકજ કાં ન હોય?

ખરેખર, વાંચનાર હમણાં આ જગ્યાએ જો એવી તરક બાંધશે તો તે ખરીજ છે. કાવસ વાહડયો તેજ બાબન. ગુલાંને ફસાવનાર તે એજ શખસ.

જાંહગીર પારખ સાથે બાબનને શી રીતનો સંબંધ હતો અને પેસીને મોંઢે સાંભળેલી વાતચીતથી તે અજાયબ શું કામ થયો હતો, તેમજ ગુલાંને તેના જેવો શખસ કેમ ઓળખી શકે, એ સઘળી બીના વીશે આપણે ગુંચવાડામાં હતાં તે બીના હવે ખુલ્લી થઇ ગઇ છે.

પેસી સાથે થયલી વાતચીત ઉપરથી બાબને ગુલાંને અને જાંહગીર પારખને તુરત ઓળખ્યાં હતાં. આપણે જાણયે છીયે કે બાબન ખુબસુરત દેખાવનો હતો. આવું હોવાને લીધે પારસી પોશાકમાં સજ થઇ કાવસ વાહડયા નામના ધારણ કરેલાં નામ હેઠળ તેણે ગુલાંને લલચાવવાની કોશેશ કરી હતી. પણ ગુલાંનાં સારાં નસીબે તેના બાપે તેને એક પૈ પણ આપવાની ના પાડી. પણ બાબનને તો માત્ર પૈસાજ જોઇતા હતા. પેસીની માફક તે પણ પૈસાનોજ ભુખ્યો હતો, અને પૈસાને માટે કોઇબી છોકરીપર પ્યાર કરવાને તે તૈયારજ હતો. પણ જેવું તેણે જાણ્યું કે ગુલાંના

બાપ તરફથી તેને અરધીનીબી આશા હતી નહીં ત્યારે તેણે ગુલાંને કેવી તજી દીધી હતી તે આપણે સારી પેઠે જાણ્યે છીયે.પણ એથી ગુલાંને તો ફાયદોજ થયો હતો. તે એમ કે તે પાપીની જાલમાં ફસી પડતી તે સેહેજમાં બચી ગઇ હતી.

પેલી "કમબખ્ત રાત્રે (પ્રકરણ ૨૦ મું) એરચે કોઇ પારસી જવાનને ચર્ચગેતનો દરવાજો ઓળંગી પોતા પાસથી ઝડપમાં પસાર થઇ જતો દીઠો હતો તે શખસ, તે પારસી જવાન કોઇજ નહીં પણ બાબનજ હતો. એરચે જોકે બાબનને અગાઉ કોઠે જોયો હતો ખરો, તોપણ તે વખતે અંધારૂ હોવાથી તે તેને બાબનજ તરીકે પીછાણી શકયો ન હતો.

પણ કાવસ વાહડયો અને બાબન એ બન્ને એકજ પુરૂશ હતા એવો શક પેહેલવેહેલો એરચને કયારે ગયો તે આપણે તપાસ્યે. એરચને રૂસતીમશાહ વચ્ચે જે જબરી ખટપટ થઇ હતી (પ્રકરણ ૩૧ મું) અને તેના પરીણાંમમાં એરચ તેમનો બંગલો સદા માટે છોડી ગયો હતો તે આપણે જાણ્યે છીયે. રૂસતીમશાહે એરચ તે રાત્રે કયાં હતો તેજ માત્ર જાણવા માંગ્યું હતું. પણ એરચે તે વાત કેહેવાની સાફ ના પાડી હતી તે બીના આપણા ધ્યાનમાં છે. પણ વળી કેટલીક રકઝક પછી તે તે વાત કહી દેવાના ઠેરાવ ઉપર આવ્યો હતો, અને તેમ કરવા માટે તેણે પોતાની જબાં વટીક ઉપાડી હતી તે વાત આપણે ભુલી જવી જોઇતી નથી. પણ એરચ તે વખતે અટકી કાં ગયો? તેણે બાગમાંથી એક શખસને પસાર થઇ જતાં દેખી પોતાનો ઠેરાવ એકદમ પાછો ફેરવ્યો હતો. એટલું માત્ર આપણે જાણ્યે છીયે. પણ આ જગ્યાએ જાણવું આપણને અગત્યનું થઇ પડશે કે તે શખસ કોઇજ નહીં પણ બાબન હતો. એરચને તે વખતે તેનો ચેહેરો આબેહુબ જોવાની સાબુત તક મળી ગઇ હતી. તે તેજ ચર્ચગેતનાં દરવાજાવાલો પારસી હતો. તે વખતે બંગલામાં તે પેસીને મળવા આવ્યો હતો, આ શખસ ઉપર જેવી એરચની નજર પડી કે તેણે પોતાનો આગળો ઠેરાવ એકાએક શા માટે ફેરવી નાખ્યો હશે તે બીના વાંચનારને લગાર અચરત પમાડનારી લાગશે. પણ તેનો એક મુખ્ય સબબ હતો. એરચે તે વખતે એક જબરી મોટી શોધ કરી હતી. ગુલાંને લલચાવનારની તેને એકાએક ભાલ મળી આવી હતી. કાવસ વાહડયો અને આ બાબન એકજ પુરૂશ હતા એમ તેણે નકકી અનુમાન કર્યું. તેને હવે ધાસ્તી લાગી કે જાંહગીર પારખનો ભેદ રૂસતીમશાહ આગળ ખોલવામાં ભય સમાયલો હતો. બાબનની ચાલચલણ તે સારીપેઠે જાણતો હતો. ગુલાંની સાથે તે કેવી રીતે વર્ત્યો હશે તેની એરચને ખબર હતી નહીં. ગુલાં આવા સંજોગો વચ્ચે પાપી બની હતી કે નહીં તે બીના તે નકકી કરી શકયો નહીં. અને તેટલામાટે જ્યાં સુધી ગુલાંનો પત્તો મેળવી તેને મોંઢે ખરી હકીકત તે સાંભળે નહીં. ત્યાં સુધી એ ભેદને હજુર સુધી એક ભેદજ તરીકે રાખવાનો તેણે તેજ પળે મકકમ ઠેરાવ કરયો.

એરચે પોતાના મનની ફીકરનો વીગતવાર ખુલાસો જાંહગીર સન્મુખ પણ ન કર્યો હતો; કારણ કે એક સાધારણ મુસલમાનને હાથ તેની બેન ફસી પડી હતી એવી ચોંકાવનારી બીનાથી તેને જાણીતો કરવાની તેની હીંમત ચાલી નહીં. તોપણ તેના કુટુંબની એ વાત બાહર ન આવવા પામે તે પ્રત્યે સંભાળમાં રેહેવાને તેણે જાંહગીરને સખ્ત તાકીદ કરી હતી. તે વખતે (પ્રકરણ ૩૫ મું) તે બોલ્યો હતો કે "એ વાતનો ખુલાસો જો મને ચોકકસ સંજોગ નહીં નડતે તો હું જરૂર રૂસતીમશાહ નજદીક કરી દેતે, અને તેમ થતે તો આજે હું આવી હાલતે પોહચતે નહીં, તો મારૂં દીલ તુટી જતે નહીં, ને હું મારી દીલદાર સદાની ખોહી બેસતે નહીં. પણ ખયર, એમાં હું કોઇનીબી કસુર જોતો નથી, અને કોઇનેબી ઠપકો આપવા માંગતો નથી. એ તો મારાં કીસમતની વાત બની ગઇ તે બની ગઇ.

તોપણ જાંહગીર યાદ રાખ, હું તુંને એટલી તાકીદ કરવાની હીંમત કરૂંચ કે એ તારાં કુટુંબનો ભેદ તારે કદીબી બાહર પાડવો નહીં. એની અંદર બહુ અજાયબ જેવો ભરમ સમાયલો છે તે વાત મેં અત્યાર અગાઉની જાણી લીધી છે, અને તેટલામાટે જ્યાં સુધી તારી કમનસીબ બેનને મળી તેને મોંહેથી સઘળી હકીકત આપણે જાણ્યે નહીં ત્યાં સુધી એ ભેદ બાહર પાડી શકાય નહીં."

આજ એરચના મનની મુખ્ય ફીકર હતી. પણ ગુલાંને મોંહે સાંભળેલા વીગતવાર ખુલાસાથી તેની એ ફીકર આપણે જાણ્યે છીયે તેમ અત્યાર અગાઉની દુર થઇ ગઇ હતી.

હવે બાબનની મતલબ કાંઇ મહાબલેશ્વર ખાતે રહી મોજ મારવાની હતી નહીં.

જાંહગીર પારખ માહબ્લેશ્વર હતો તે જાણીને તે લગાર અજાયબ થયો ખરો, વળી તેની બેન ગુલાંબી તેની સાથેજ રેહેતી હતી તે જાણી તેની અજાયબીનો પાર ન રહયો. એવી રીતની વકી તેણે રાખીજ ન હતી. અગાઉ જાંહગીરે પોતાની બેનની જરાકબી દરકાર રાખી ન હતી તેજ હવે તેને પોતાને આશરે લયે તે તેને ઘણુંજ નવાઇ સરખું લાગ્યું. પણ વળી ગુલાંનો પત્તો કયાંથી હાથ લાગ્યો તેની જ્યારે તેને સમજ પડી નહીં ત્યારે તો તેની અજાયબી વધવાજ લાગી હતી. તોપણ જાંહગીંરની હમણાંની મહાબ્લેશ્વર ખાતેની હાજરી તેને આવકારદાયક લાગી. તેની એ હાજરીનો બની શકે એટલો મોટો લાભ લેવાનો તેણે ઠેરાવ કર્યો હતો. ટુંકમાં જાંહગીરને સપડાવી તેને પોતાના ફાંદામાં લેવાની તેણે યુકતી કરવા માંડી હતી. અને આજ મતલબને માટે તે મહાબલેશ્વર ખાતે રહયો હતો.

પણ તેની એ મતલબ પાર પડી નહીં.

બાબન હજુર સુધી રસ્તા ઉપર ઉભોજ હતો. પેલા અજાણ્યા શખસના છેલ્લા શબ્દો એ તેની ઉપર જબરી અસર કરી હતી. તે જવાનને તેના ભેદ ભરમોની કયાંથી માહીતી હોય તે તે સમજી શકયો નહીં.

હવે બાબને જાંહગીરને ફાંદામાં લેવાનો ટાગરો કેમ રચ્યો હતો તે આપણે તપાસયે. હોતેલ માહેલા એક નોકર સાથે બાબનને ઘણું સારૂં હતું અને તે નોકર પણ તેની બોલવાની રીત ઉપરથી લુચ્ચો લાગતો હતો. બાબનને આ ઘણું ગમ્યું. તેણે તે નોકરને વીશવાસમાં લીધો અને બેલાપટેલને ત્યાંના નોકર તરીકે તેને જાંહગીરને ત્યાં જવા સમજાવ્યું. રાતને સમય તે નોકરે જાંહગીરને ત્યાં જવું અને બેલાપટેલની ગુલ એકાએક સીક પડી ગઇ હતી એમ કેહેવું, અને નશરવાનજી તેને તેટલામાટે તાબડતોબ બોલાવે છે એમ વધારીને પાછા આવવું એવું ફરમાન તેણે તેને આપ્યું હતું. ગુલનું નામ સાંભળી જાંહગીર બેલાપટેલને ત્યાં જવા વગર રેહેશે નહીં એમ તેને લાગ્યું. નોકર જાંહગીરનું ફરમાન બજા લાવવા કબુલ થયો હતો, અને બાબને ત્યાર પછી બીજી વધુ તૈયારી કરવા માંડી હતી. તેણે બે પથાનોને ભાડે કીધા, અને એક બંધ બારણેની ગાડી સાંહજને છેડે ચોકકસ રસ્તા ઉપર ઉભી રાખવા કહ્યું હતું. આ ગાડીમાં જાંહગીરને કેદ કરી એક ઉજ્જડ મકાન કે જે તેણે અત્યાર અગાઉનું ભાડે લીધું હતું ત્યાં લઇ જવાનો હતો. અને ત્યાર પછી પોતાની મતલબને અનુસરતું એક લખાણ તે તેની પાસે કરાવી લેવાનો હતો, જેમ કરવાને જો તે વખતે ના પાડે તો તેને ત્યાંનો ત્યાંજ ઠાર કરવાનો ઠેરાવ વટીક કર્યો હતો.

પોતાની એ મતલબ પાર પાડવા માટે બાબને વેશ બદલ્યો હતો. અને એક જઇફ મુસલમાન તરીકે તે રસ્તામાં જાંહગીરની રાહ જોતો ઉભો હતો. તેની ખાતરી હતી કે જાંહગીર જરૂર બેલાપટેલને ત્યાં જશે. પણ તેણે તો તેની અજાયબી વચ્ચે જાંહગીરને ઉલતો પાછો પોતાને ઘરે જતો દીઠો. નોકરે કાચું કાપ્યું કે શું તે તે સમજી શકયો. તોપણ જાંહગીરને આગળ વધવા ન દેવાનો અને પોતાને જે ભાગ બજી બતાવવાનો હતો તે ઉપર અમલ કરવાનો તેણે ઠેરાવ કર્યો. સઘળું તેણે

તૈયાર કરી રાખ્યું હતું, અને ફાંદામાં આવેલો શેકાર જતો નહીં મુકવો એવું તેણે પોતાના મન સાથે ઠરાવ્યું, અંતે તેણે એક બુઢા મીયાંનો ભાગ ભજી બતાવ્યો. જાંહગીરની દયા પોતા તરફ ઉશકેરવામાં અને આખરે ગાડી ફેરવવાની તેને ફરજ પાડવામાં તે ફાવ્યો, અને ખુશાલ હૈડે તે તેની પાસે બેઠો હતો.

પણ તે અજાંણ્યા શખસે આવીને તેની સઘળી મેહેનત બરબાદ કરી હતી. તેની કેટલાક દાહડાની જેહેમત રદ ગઇ હતી. તેનું કાવતરૂં નીસ્ફળ નીવડયું હતું. તેના ભાડે રાખેલા પેલા બે પથાનોને પણ તેની મદદે આવવાની જોગવાઇ મળી ન હતી. તેને હવે પોતાનાજ માણસપર શક આવવા લાગ્યો. કાં નહીં તેણે તેને ફસાવ્યો હોય? આવી રીતે તદન હારી ગયલી હાલતે પોતાના મન સાથ અફસોસ કરતો તે પા કલાક ઉભો પણ હવે વધુ વાર ઉભું રેહેવામાં તેનું વળે શું? તેણે જ્યાં ગાડી ઉભી રખાવાનો હુકમ કીધો હતો તે તરફ તે ચાલવા લાગ્યો. અને થોડા વખતમાં તે જગ્યાએ તે આવી પુગ્યો તો તેની અજાયબી વચ્ચે તેને માલમ પડયું કે પથાન અને ગાડી સઘળું ત્યાંથી ગુમ થઇ ગયું હતું! તેના ખીજવાતનો પાર ન રહયો! તે નાસીપાસ તો થયલોજ હતો, પણ પથાન અને ગાડીની ગેરહાજરીથી તે વધારે નીરાશ થયો. તેની સઘળી બાજી કોણે રદ કરી હતી? તે પથાન કયાં ગયા હતા? હવે તેને તે પથાનો ઉપર મજબુત શક ગયો. તે ત્યાર પછી પેલાં ભાડે રાખેલાં ઉજ્જડ ઘરમાં ગયો તો ત્યાં તેને પથાન મળ્યા. બાબને તેઓ પાસે તુરત ખુલાસો માંગ્યો. અને તેઓએ પેલા જવાને કહેલા શબ્દો તેને કહયા કે બાબન ચુપજ રહયો. તેની ખાતરી થઇ કે તે અજાણ્યો શખસ તેના સઘળા ભેદભરમોથી વાકેફ હોવો જોઇયે. નહીં તો તેની પુઠ પકડવાની તે આટલે સુધી હીંમત કરે નહીં. વળી તે જવાનને મોંઢે તેના હાથ ઉપર થયલી પોતાની ફજેતી અને ખરૂં નામ સાંભળી તે ઘણો ચોંકયો હતો. તે અજાણ્યો શખસ કોણ હશે તે પારખવાના તેણે ઘણુંબી ફાંફાં મારયાં પણ તેનું કાંઇ વળ્યું નહીં. શું તે પેસી હતો? ના પેસી તેને આવાં કામમાં મદદ કરે કે ફસાવે? શું ત્યારે તે એરચ હતો? પણ એરચ અહીં આવે કયાંથી? તેવું હોય તો તેને અત્યાર અગાઉની ખબર કેમ ન પડે?

આવી રીતે પોતાના મનનો ગુચવાડો દુર કરવાને તેણે તરેહવાર અટકળો કરી, પણ તેમાંથી કાંઇબી સંતોશકારક અનુમાનપર તે આવી શકયો નહીં.

ત્યાર પછી તેણે પોતાનો વેશ તે ઉજ્જડ ઘરમાંજ બદલી નાખ્યો, અને અસલ પોશાકે ત્યાંથી બાહર નીકળ્યો, અને હોતેલ તરફ જવા જે રસ્તેથી તેને જાંહગીરની ગાડી મળી હતી તેજ રસ્તે હોતેલ તરફ હાંકવા માંડયું.

પ્રકરણ ૬૨ મું.

કમબખત બાબન, આ તેં શું કીધું?

વખત રાતના સુમારે દસ વાગતાનો હતો. મહાબ્લેશ્વર જેવી એકાંત ટેકડી ઉપર આવે વખતે આસપાસનો સઘળો દેખાવ ભયાનક લાગતો હતો. પણ આવા વખતે બાબનને પોતાની ગાડીમાં બેસી હોતેલ તરફ જતાં કાંઇ પણ ડર લાગતો ન હતો. તેનું હૈડું લાંબા વખતની લુચ્ચાઇ લફંગાઇથી સખ્ત થઇ ગયું હતું, અને તેટલામાટે તેને ગમે તેવી પણ ભયભીત જગ્યાએ જતાં બીક લાગે નહીં તેમાં કાંઇ નવાઇ નહીં.

તે સાધારણ ઝડપે ગાડી દોડાવતો હતો, અને પેલા જવાન શખસે તેની બાજીની ધુળ-

ધાની કરી નાખી હતી તેની ભાલ શોધી કાહડી તેની ઉપર કેમ વેર લેવું તેના મનસુબામાં તે હતો તેવામાં તેની ગાડીનો ઘોડો આગળ ચાલતો અટકી ગયો. તેના પગને કાંઇ અટકતું હોય તેમ તે ઠોકર ખાઇ એકદમ ઉભો રહી ગયો. બાબને તેને હાંકવાની કોશેશ કરી, પણુ તેમાં તે ફાવ્યો નહીં. ઘોડો ઉભોજ રહયો. આ ઉપરથી તેણે ચાબકાનો છુટથી ઉપ્યોગ કર્યો પણુ તેથીબી કાંઇ તેનું વળ્યું નહીં, અને ઘોડો તો સામો અપ્રરાતફરી કરવા લાગ્યો. બાબન આખરે કાફીને નીચે ઉતરયો, તો તેણે પોતાની અત્યંત અજાયબી વચ્ચે એક માણુસના શરીરને ઘોડાના પગ હેઠળ રગડાયલું દીઠું. પણુ ઘોડો કાંઇ તેના શરીર ઉપરજ ઉભો ન હતો. જેવી તેના પગને ઠોકર લાગી હશે તેવુંજ તે ચતુર પ્રાણી ઉભું રહી ગયું હશે એમ બાબનને લાગ્યું.

બાબને હવે વાંકો વળી તે શરીર તપાસ્યું. પણુ તેણે શું જોયું ?

એ તો પેલોજ અજાણો શખસ હતો ! તેને માંથે તેજ અંગ્રેજી તોપી હતી, અને પારસીના જેવો લાંબો દગલો પેહેરેલો હતો. બાબન તો આવો દેખાવ જોઇ ખુશાલીથી દેવાનો બની ગયો ! આખરે તેનો હરીફ ન ધારેલી રીતે તેના સપાટામાં આવ્યો હતો તે જોઇ તેનો હરખ માયો સમાયો નહીં. તેણે તરતજ ઠેરાવ કીધો કે આ શખસને હવે જીવતો જવા દેવો નહીં. વાંચનારે જાણવું કે તે અજાણો શખસ બેશુદ્ધીમાં હતો. તેની પાસે જહાંગીરની ડૅાગ કાર્ટ ઉંધી વળેલી હતી. તેને રસ્તા વચ્ચે જહાંગીર કેમ એકલો આવી ગયો તે બાબન સમજી શકયો નહીં. તોપણુ, ગાડીને કોઇ રીતનો અકસમાત થયો હશે એમ તેણે ધારયું.

પણુ ખુદરતના દેખાવમાં આ વખતે એકદમ ફેરફાર થઇ ગયો ! આકાશ ચોમેર વાદલાંઓથી ઘેરાઇ ગયું, અને થોડી પળમાં ધીમે ધીમે વરસાદ પડવા લાગ્યો. બાબને હવે વખત ખોહયો નહીં. તેણે તે શખસને ઉંચકયો અને પોતાની બંધ ગાડીમાં નાખ્યો, પણુ તેજ પળે તેણે કોઇ ગાડીનો દોડવાનો સાદ દુરથી આવતો સાંભળ્યો. તે એક પળ પણુ ખોહયા વગર પોતાની ગાડીમાં બેસી ગયો, અને સીધે રસ્તે ન જતાં ગાડી ફેરવીને પુર ઝડપમાં બીજે વધારે ભયાનક રસ્તે નીકળી ગયો.

* * * *

જાંહગીર પેલા લાલ રંગના રૂમાલની અસરથી બેશુદ્ધ થઇ પડયો હતો તે જલદીથી પાછો જ્યારે શુદ્ધીમાં આવ્યો ત્યારે તે પોતાની નજદીક પેલા બુઢેમીયાંને બદલે એક અજાણ્યા જવાન શખસને બેઠેલો જોઇ ભારે અજાયબીમાં પડયો હતો. પણુ તે જવાન શખસે ઘટતો ખુલાસો કર્યો. જાંહગીરનો જાન લેવા તે બુઢો મુસલમાન તાંપેલો હવો એમ તેણે જાંહગીરને કહ્યું. પણુ ચોક્કસ સંજોગો વચ્ચે તેણે તે મુસલમાનને હરાવ્યો હતો અને જાંહગીરને તેના સપાટામાં આવતો બચાવ્યો હતો એમ વધારયું. જાંહગીર આ સાંભળી બહુ ખુશ થયો. અને પોતાને બચાવનાર તે જવાન શખસનો મોટો આભાર માન્યો, અને તેનું નામ પુછયું. પણુ તે કેહેવાની તેણે સાફ ના પાડી. ત્યાર પછી ગાડી આગળ વધી હતી, પણુ એક ઝાડની ઘટા નજદીક આવી લાગતાં તેઓની ગાડીને એક ગંભીર અકસ્માત નડયો. એક મોટા પથરને તે આવી અહડી. પણુ જાંહગીરને તેથી કાંઇ ઇજા થઇ નહીં, પણુ પેલો જવાન શખસ તેના આંચકાથી હેઠળ પડયો અને એકદમ બેશુધ થઇ ગયો. તેના માથા પરની ટોપી ઉડી ગઇ, પણુ જાંહગીરે આ પળે શું દીઠું ? તેની ભારે અજાયબી વચ્ચે તેને માલમ પડયું કે તે જવાનનાં માથા ઉપર એક સ્ત્રીને જેવા વાળ હોય છે તેવા લાંબા વાળ હતા. જાંહગીરે વાંકો વળી જોયું તો તે તો અચરતીથી દંગ થઇ ગયો !

તે જવાંન શખસ ખરેખર એક સ્ત્રી હતી. અને તેનો ચેહેરો વળી તેના ધ્યાનમાં બી આવ્યો. તે સ્ત્રીને તેણે તુરત ઓળખી. તે તો

શીરીને ગુલાં નજદીક ભલામણ કરેલી સ્ત્રી હતી. ટુંકમાં, તે ઝોહરા હતી!

તેને બેશુદ્ધ થઇ પડેલી જોઇને હવે શું કરવું તે જાંહગીર સમજી શકયો નહીં. તેને શુદ્ધીમાં લાવવીજ જોઇયે, પણ તેમ કરવાનો તેની પાસે એક પણ ઉપાય ન હતો. તે પોતેબી હવે ઘણો નાતવાન થઇ ગયલો દીસ્યો તેણે તુરતજ ઝોહરાને પેલી ટોપી પાછી પેહેરાવી. વાળ અગાઉ જેમ હતા તે પ્રમાણે સરખા કર્યા, અને રસ્તાની બાજુએ તેને મેળી તે હવે જેમતેમ પોતાથી બનતી ઝડપે બંગલે દોડયો, કે જ્યાંથી જોઇતી મદદ તેને તુરત મળે.

પણ તેના ગયા પછી માત્ર થોડીજ મીનીટમાં બાબનની ગાડી આવી પુગી હતી, અને તે ઝોહરાને લઇ દુર નીકળી પણ ગયો હતો.

પણ હવે જે ગાડીનો ખખડાટ બાબને સાંભળ્યો હતો. તે જાંહગીરની ગાડી આવી પુગવાનો હતો. જાંહગીર હોંસભર તે જગ્યાએ આવી પુગ્યો હતો. પણ તેણે ઝોહરાને તે જગ્યાએ ન જોઇ એટલે તેના હોંસકોશ ઉડી ગયા! તેને સમજ પડી નહીં કે માત્ર થોડીજ મીનીટમાં તેને કોણ ઉપાડી ગયું હોશે! પણ શું તે શુદ્ધીમાં આવીને કેઠે નાહસી તો નહીં ગઇ હોય? જાંહગીર તે બીના નક્કી કરી શકયો નહીં, અને નાસીપાસ થયલે હાલે તે ઉભો. તેણે આનીગમ પેલીગમ ઘણી જોસ્તેજો કરી, પણ ઝોહરા કેઠે તેને મળી નહીં. આખરે કાંઇબી ઉપાય હાથ ન રેહેવાથી તે નીરાશ થઇને પાછો ફર્યો, અને બંગલે આવ્યા પછી પોતાની બેન ગુલાંને સંધી બનેલી વાતથી વાકેફ કરી. ગુલાં આ સાંભળી બહુ ગભરાઇ અને આ કામ પેસીનુંજ હોવું જોઇએ એમ તેણે નક્કી મત બાંધ્યું.

હવે આપણે બાબન તરફ ફરયે. તે પોતાનીજ બેનને એક અજાણ્યા શખસ અને પોતાના હરીફ તરીકે સમજી ગાડીમાં લઇ ગયો હતો. ગાડી એક ખીન નજદીક આવી લાગતાં તે તુરત હેઠળ ઉતરયો. ઝોહરાને તેણે ગાડીની બાહર કાહડી. અને એક પળ પણ ખોહયા વગર તેણે તેને તે ખીનમાં ગબડાવી દીધી!

ઝોહરાએજ બાબનનું કાવતરૂં પકડી તેને હંફાવ્યો હતો તે બીના વાંચનારાં સારી રીતે સમજી ગયાં હશે. બાબન માહબ્લેશ્વર ખાતે પેસીની સાથે આવ્યો હતો તેની તેને ખબર પડી હતી, કારણ કે જે હોટેલમાં તેઓએ ઉતારો લીધો હતો તેજ હોટેલમાં તે એક મરદના વેશમાં નોકર તરીકે રહી હતી. તેને પોતાના ભાઇની અને પેસીની લફંગાઇ ભરી ચાલનો પુરતો અનુભવ મળી ચુકયો હતો એટલે તે હવે તેઓની હાજરીથી ફીકર રાખવા લાગી. તેણે છુપી રીતે તે બંન્નેની હીલચાલ ઉપર બહુ બારીકીથી ધ્યાન આપ્યું હતું. અને પેસીના ગયા પછી તે જરાક ખુશી થઇ હતી. તોપણ બાબનથી હજુર તેને બીહવાનું હતું. તેણે નક્કી માન્યું કે બાબન વળી કાંઇ બીજા કાવતરાં માટે રહયો હશે. અને તેટલામાટે તેની કોઇ પણ યુક્તી ભાંગી પાડવાનો ઠેરાવ કર્યો હતો.

હોટેલમાં તે બાબન સાથે મળી ગઇ હતી, અને બાબનબી તે ખુબસુરત જવાન દાહડીવાલા શખસને જોઇને ઘણો ખુશી થયો હતો. એ આપણે જાણયે છીયે. બાબનની આગળ ઝોહરા હંમેશાં લુચ્ચાઇ લફંગાઈનીજ વાતો કરતી હતી, અને મોટા લોકોના ગલાં રેંહેસવામાં અને નીર્દોશોને હેરાન કરવામાં બહુ મોટી મજાહ મળે છે એવું એવું બાબનને મનગમતુંજ તે બોલતી હતી, બાબન તે નોકરની આવી બોલીદરાજી જોઇ બહુ ખુશ થયો હતો, અને પોતાની મતલબને માટે તેવો નોકર ઠીક કામ લાગશે, એમ તેણે ધારયું. ટુંકમાં તેણે તે નોકરને પોતાના વીશવાસમાં લેવાનો ઠેરાવ કરયો હતો અને તેનું પરીણામ કેવું નીપજ્યું ને બીના તો હવે વાંચનારને રોશન છે.

પ્રકરણ ૬૩ મું.

ખુનીની તપાસ.

૫૪ માં પ્રકરણને છેડે આપણે કમનસીબ એરચને પોલીસ ચોકી ઉપર છોડી આવ્યાં છીએ તેના તરફ હવે આપણે પાછાં ફરીશું. તેના ઉપર ખુનનો ગંભીર આરોપ મેળવામાં આવ્યો હતો તે આપણે સારીપેઠે જાણ્યે છીએ.

બીજે દીવસ તેને ત્યાંનાં ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટની કોર્ટમાં તપાસ અર્થે પબલીક પ્રોસીક્યુતરથી ઉભો કરવામાં આવ્યો હતો; જ્યારે મુકદમા ઉપર દેખરેખ રાખવા માટે મરનાર હીરામલનાં મામા જેઠામલે પોતા તરફથી ત્યાંના એક આગેવાન બારીસ્તર મી. રીંગલીને રોકયો હતો. એરચ તરફથી ધારાના હીમાયતી તરીકે લાહોર શેહેરનો બહુજ પંકાયલો બારીસ્તર મી○ બ્રાનસન હાજર હતો.

આ મુકદમાએ આખાં લાહોર શેહેરમાં અનેક જાતની ચકચારને રૂપ આપ્યું હતું. કોઈ કેહેતું કે બંધવો બહુજ સારા સ્વભાવનો હોવાને લીધે ખુન જેવાં કર્પીણ કામમાં પોતાના હાથ ખરડે નહીં, તો વળી કોઈ એમ માનતું હતું કે બંધવો ગુનેહગારજ હોવો જોઇયે; કારણ કે તેને હીરામલ સાથે પેહેલાંથીજ બાજતું ન હતું. ગમે તે કહો પણ સામાન્ય રીતે જોતાં લોકો ઘણાં ખરાં એરચની તરફેણમાં હતાં. જેઓ તેની વીરૂદ્ધ મત દરશાવતાં હતાં તેઓની સંખ્યા નહીં જેવી હતી, અને વળી તેઓ એરચની ખરી ખાસીયતથી બીનવાકેફ હતાં.

વકી રાખવા મુજબ તે દીવસે કોર્ટનું મકાન ઉલતમંદ લોકોથી ચીકાર ભરાઇ ગયું હતું. એરચને બંધવાના પીંજરામાં લાવી જ્યારે ઉભો રાખવામાં આવ્યો ત્યારે દરેક જણ તેનો દેખાવ જોઇ અજબ થયું. તેનાં જેવો અસીલ અને રાંક દેખાવનો આદમી ખુન તો શું પણ કોઇબી રીતનો અપરાધ કેમ કરી શકે તે લોક સમજી શકયાં નહીં. એરચ પીંજરામાં શાંત મને ઉભો હતો. તેનો ચેહેરો જોકે તે વેળા ગંભીર લાગતો હતો તોપણ તેના દીલમાં જરાકબી ધાસ્તી હતી એવું સેહેજ પણ માલમ પડતું ન હતું.

પબલીક પ્રોસીક્યુતરે પોતા તરફથી મુકદમો શરૂ કરતાં મુકદમાની કેફીયત કોર્ટને લંબાનથી કહી સંભળાવી. એરચને ત્રેનમાં હીરામલ અને રીચી પેન નામના જવાન્યા સાથે પેહેલવેહેલી ઓળખાણ થયા પછી તેઓ સાથે તેને કેવા સંજોગો વચ્ચે પંચાતી થઇ હતી અને તેના પરીણામમાં તેઓ વચ્ચે કેવી રીતે દુશમની થઇ હતી એ ઉપરાંત એરચને પેઢી ઉપરથી શું સબબ સર રૂખસદ આપવામાં આવી હતી, પેઢી છોડી ગયા પછી તેને એક દીવસ રસ્તામાં હીરામલ સાથે કેવી ખટપટ થઇ હતી, અને એરચે અતી ઘણી ઉશકેરાયલી હાલતે હીરામલને કેવા પ્રકારની ધમકી આપી હતી, એ સઘળું તેણે પોતાના હેવાલમાં સમાવ્યું હતું.

ત્યાર પછી માજીસ્ટ્રેટને પોલીસ સુપ્રીનતેંદંત મી○ સ્તુઅરત તરફથી એવી રીતની અરજ થઇ કે આ મુકદમો લગાર ગુંચવણ ભર્યો હોવાને લીધે તેના સંબંધી વધુ શોધ ખોળ કરવાને પોલીસને બની આવે માટે તે વધુ તપાસ અર્થે થોડાક દીવસ મુલતવી રાખવો.

માજીસ્ત્રેટે મી○ સ્તુઅર્તની આ અરજ સામે કોઇ પણ પ્રકારનો વાંધો ન લેતાં તે મુકદમો આઠ દીવસ સુધી મુલતવી રાખવામાં આવ્યો.

ત્યાર પછી એરચને ગમે તેવા ભારે જામીન ઉપર છોડવાની અરજ મી○ બ્રાનસને માજીસ્ત્રેટને કરી, પણ એરચપર મેળાયલાં આરોપતું ગંભીરપણું ધ્યાનમાં લઇ તે નામદારે મી○ બ્રાનસનની અરજ મોહટી દલગીરી સાથે ના પાડી.

તેજ દીવસે સાંહજે એરચની મુલાકાતે બે શખસ તેના બંધીખાનામાં આવ્યા હતા. એક તો તેનો બારીસ્તર મી○ બ્રાનસન હતો, અને

બીજા શખસ ખાનબાહદુર ધનજીશાહ હતા. આ ખાનબાહદુર ધનજીશાહને વાંચનારાં ભુલી ગયાં ન હશે. તેમના કુટુંબ સાથે એરચને કેટલો બધો પરીચય હતો તેમજ ધનજીશાહ શેઠ પોતે એરચને માટે કેટલું બધું માન ધરાવતા હતા, અને જેહાંમલની પેહેડી છોડયા પછી તેની જો મરજી હોય તો તેને સરકારી નોકરીમાં એક સારી જેવી જગ્યા અપાવવાની કેવી મેહેરબાનગીભરી ઉલત દેખાડી હતી તે આપણે સારીપેઠે જાણ્યે છીયે.

એરચ ઉપર ખુનનો ગંભીરમાં ગંભીર આરોપ મેળાયલો સાંભળી તેઓ અચરતીથી દંગ થઇ ગયા, બલકે કહો કે જાણે પોતાની શુદ્ધી બુદ્ધી ખોહી દઇ બેફ્રાંમ બની ગયા ! એરચની ચાલચલણનો તેઓએ જાતી અનુભવ મેળવ્યો હતો. તે જવાન કેવા ઉમદા ખવાસનો જાતે દયાળુ લાગણી ધરાવનાર હતો તે બીના વીશેની તેમની અત્યાર અગાઉની ખાતરી થઇ ચુકી હતી. ત્યારે તેજ શખસ ઉપર એકદમ ખુનનો આરોપ મેળાયલો જોઇ તેઓ અજાયબ થાય તેમાં કાંઇ નવાઇ નહીં. તોપણ સહવારના વર્તમાનપત્ર ઉપરથી તેમને એક રીતનો સધ્યારો મળ્યો. એરચને માત્ર શક ઉપરથી પકડવામાં આવ્યો હતો, અને નહીં કે તેનો ગુનોહ પોલીસની નજરમાં સીધી રીતે પુરવાર થયો હતો તે વાંચી તેઓ જરાક ખુશ થયા. અને વળી, એરચને ખુન કરતાં કોઇ પણ ચોકકસ શખસે છુપાઇને યા હરકોઇ રીતે જોયો ન હતો તે બીના વાંચી તેઓ વધુ ખુશ થયા.

અને આવી જોખમભરી હાલત વચ્ચે પણ તેઓને આશાનું એક કીરણ દેખાવા લાગ્યું. તેઓ આજે સાંહજે બારીસ્તર મી૦ બ્રાનસન સહીત એરચને બંધીખાને તેને ધીરજ આપવા અને એક ચોકકસ ખુલાસો મેળવવા આવ્યા હતા.

એરચે તેમને બંધીખાને આવેલા જોઇ બહુ અજબ થયો. તેમના મનની મોહટાઇની અને તેના તરફની તેમની આવી અનહદ માયાની તેણે પોતાના મનમાંજ વખાણ કરી, અને આટલી ભારે આફ્રત વચ્ચે તેમના જેવા શેઠયાનો તેને ટેકો હતો તે જોઇ તેણે પોતાને મનસે થોડો ઘણોબી સંતોશ માની લીધો.

"હું તમોને જોઇને બેહદ ખુશી થયો છું, બ્રાનસન સાહેબ, ધનજીશાહ શેઠ" તે તેઓ તરફ આભારની લાગણી સહીત આંસુભરી આંખ સાથે બોલ્યો, "પણ તમે માનતા હોવ તો માનજો સાહેબો, કે હું તદન બેગુનાહ છેઊં.

"ધીરજ ધર, મારા બેટા, ધીરજ ધર." ધનજીશાહ શેઠ નજદીકમાંની એકાદ ખાટલી પર બેસી આપણું આ કમનસીબ અને આફ્રતની ગુંચમાં સપડાયલા એરચનું માથું માયાથી પસવારતાં બોલ્યા, "ખુદા તારો નીગેહબાન છે ! તારી ઉપર આફ્રત તો જબરી છે, પણ તેમાંથી છુટવાનો એક ઇલાજ છે. ખુદાપર તું ઇતબાર રાખ ને આએ આપણા મી૦ બ્રાનસન જે કંઇ પુછે તેના ખાતરી ભર્યા જવાબ આપ. હું પોતે તુંને નીર્દોશ માનુંછું, ને તુંને બચાવવાને મારીથી બની શકશે એટલી તન, મન અને ધનથી મેહેનત કરીશ. પણ તે અગાઉ તું મી૦ બ્રાનસનને જોઇતી વીગત પુરી પાડે તો ઘણું સારૂં." ધનજીશાહ શેઠ પોતાના બોલવાનો છેલ્લો કેટલોક ભાગ બ્રાનસનને સમજ પડતી અંગ્રેજી ભાશામાં બોલ્યા હતા.

"જુઓ મી૦ એરચ," બ્રાનસન બોલ્યો "હું તમારી પાસેથી કાંઇ ઘણું જાણવા માંગતો નથી. મને બસ એક મુખ્યજ વીગતથી માહીતગાર કરશો તો તમોને ઘણો ફ્રાયદો થવાનો સંભવ છે. હું તમોને માત્ર એટલુંજ પુછવા માંગુંછું કે જે રાત્રે ખુન થયું તે રાતે તમે કયાં હતા ?"

એરચ આ સવાલ સાંભળીને એકદમ દલગીર થઇ ગયો. જાણે તેણે એવા સવાલની વકીજ રાખી ન હોતી. ધનજીશાહ અને બ્રાનસન તેના ચેહેરામાં આવો ન ધારેલો ફ્રેરફ્રાર થયલો જોઇ વીસ્મય પામ્યા.

"બોલ દીકરા, તું ધભરાયચ શાંનો? મી૦ બ્રાનસનને કેહેવામાં કોઇબી રીતની અડચણ નથી. તું સુખેથી જણાવ કે તે રાતે તું ક્યાં હતો." ધનજીશાહ તેને ધીરજ આપતાં બોલ્યા.

પણ એરચ બહુ ગમગીન અવાજે જવાબ આપ્યો, "હું દલગીર છું કે એ સવાલનો જવાબ હું આપી શકતો નથી. તે રાતે હું એક ચોકકસ જગ્યાએ રોકાયલો હતો, પણ તે કેઇ જગ્યા તે વીશેનો ખુલાસો કોઇપણ સંજોગો વચ્ચે ન કરવા માટે હું મારા બોલથી બંધાયલો છું."

"પણ તમારા બચાવનો મુખ્ય આધાર તો એનીજ ઉપર છે, ને કોઇ પણ ભોગે તેનો ખુલાસો તો તમારે કરવોજ પડશે." બ્રાનસન લગાર ઉશકેરાઇને બોલ્યો.

પણ એરચે કાંઇ જવાબ દીધો નહીં. તે જાણે કાંઇ ઘણાંજ ઉંડા વીચારમાં ગરકાવ હોય તેમ ચુપ બેસી રહયો.

"દીકરા એરચ, જો તું મારૂં માન." ધનજીશાહ તેને સમજાવતાં બોલ્યા, "મારી પર ને આએ બ્રાનસન પર વીશવાસ રાખ, ને નહીં તો કે મને એકલાને જણાવ કે તે વચન તેં કોણને આપ્યુંચ. હું તેના નામની કે કામની કોઇનેબી ખબર થવા દઇશ નહીં. પણ તેની આગળ જઇ હું તેને તેનું એ વચન પાછું ખેંચી લેવાને સમજાવીશ, ને મારી ખાતરી છે કે તે શખસનો એમાં કાંઇ અંગત લાભ પણ સમાયલો હશે તોપણ તે જ્યારે જાણશે કે આવું વચન નહીં તોડવાથી તું તારો કીંમતી જાન ખોહી બેસવાની ધાસ્તીમાં આવી પડયો છે ત્યારે તે શખસ વગર ઢીલે અને વગર વાંધે પોતાનું વચન પાછું ખેંચી લેશે, અને તેમાંથી તુંને છુટ મોકળો કરશે."

"તમારી એવી ભલી લાગણી માટે હું તમારો અત્યંત આભારી થયો છું. પણ હું તમોને એકવાર ફરીથી કહું છું કે તમે જે ખુલાસો માંગો છો તે હું કોઇ પણ સંજોગો વચ્ચે કહી શકીશ નહીં. જે શખસને તમે જઇ મળવા માંગો છો તે એક બીહામનો પુરૂશ છે, અને તેને લગતી એકપણ બીના જો બાહર પડે તો પછી શું થાય તે હું કલ્પી વટીક શકતો નથી."

"કાંઇ નહીં દીકરા, તું જરા તારૂં મન શાંત કર, અમે વળી બીજી વખત આવીશું ત્યારે તું વીચાર કરીને અમોને કેહેજે." એટલું બોલી ધનજીશાહ ઉઠયા, અને બ્રાનસન ભેગા એરચથી છુટા પડયા.

"એ અજબ જેવું માણસ છે." બ્રાનસન રસ્તે જતાં બોલ્યો, "ખુલાસો તો એને કરવોજ પડશે, ત્યાં વગર આપરા કેસને જરાકબી જીવ હોય નહીં."

"શું કર્યે બ્રાનસન," ધનજીશાહ દલગીર ચેહેરે બોલ્યો, "એ બહુ બોંહસીલો છોકરો છે. પણ કાંઇ નહીં, તમે ધીરજ રાખો. વળી બીજી વખત વાત. હમણાં જરા આવી આફતથી એનું મન ઠેકાણે હોયજ નહીં. વળી પાછો શાંત થશે ત્યારે હું એને ફરીથી સમજાવશ."

"ત્યાં વગર આપણો કેસ લુલો અને લુલોજ રેહેવાનો." બ્રાનસન બોલ્યો, અને ત્યાર પછી બીજી કેટલીક મુકદમા સંબંધી અગતની વાતો કરી તેઓ છુટા પડયા હતા.

પ્રકરણ ૬૪ મું.

દુ:ખમાં દીલાસો.

બીજે દીને સાંહજે જ્યારે એરચ પોતાના ખ્યાલમાં ચકચુર થઇ પોતાની ઓરડીમાં બેઠો હતો. ત્યારે તેણે એક દારૂગાની સાથે એક પારસીની જુવાન છોકરીને પોતાની ઓરડીમાં દાખલ થતી જોઇ. તે છોકરીને એરચે તુરત ઓળખી, અને ઓળખતાંને વાર તે ભારે અજાયબીથી ચોંકયો. વાંચનાર, તે સ્ત્રી કોઇજ નહીં પણ ધનજીશાહની કુમારી દીકરી

ગુલનાર હતી કે જેની સાથે આપણે જાણ્યે છીયે તેમ એરચને એક બેનના જેટલો એખલાસ હતો. ધનજીશાહ તો ગઇ કાલે તેને મળવા આવ્યા હતા, અને તે જોઇ તેને બહુ ધીરજ મળી હતી, અને તેમાં વળી આજે તેમની આ ભલી દીકરી ગુલનારને એક બંધીખાનાં જેવાં મકાનમાં હીંમતથી આવેલી જોઇ તેની બાબજા તારીફ કરવા લાગ્યો.

ગુલનાર થોડી પળમાં તો તેની સામે આવી ઉભી. એરચનું હઇયું ઉપરાસાપરી આભારની લાગણીઓના ઉભરાથી ભરાઇ આવ્યું, તે થોડીક પળ કાંઇ બોલી શકયો નહીં, અને તેની આવી હાલત જોઇને ગુલનાર પોતેજ બોલી ઉઠી.

"ભાઇ એરચ, હું તમોને એક બેન તરીકે તમારાં આ દુ:ખમાં દીલાસો દેવા આવીચ. તમે ફકર ના કરતા. મારા બાવાજી તમારે સારૂં બધી મેહેનત કરશે, અને તમારા જેવા ઉમરાવ દીલના માણુસને જરૂર બચાવશે."

"ગુલનાર બેન, તમારી આવી હદબાહર ભલાઇ માટે હું તમારાં લોકનો કાંઇ જેવો તેવો આભારી થયો નથી. તમારા લોકના આભાર તળે હું જાણે કચડાઇ ગયો છું, અને ખોદા મારાં નસીબને યારી દેશે તો હું તમારો એ આભાર કદી ભુલીશ નહીં. મને બધાં હમણાં ખુની તરીકે માનતાંબી હશે પણ ખુન મેં કીધું નથી. ખુન બોલજ સાંભળી મને કેવો કમકમાટ છુટેચ, અને અફસોસ કે તેનોજ આરોપ મારી પર ઓરવાયોચ."

"તમે એમ હીંમત ના હારી જાઓ. તમે ખાતરી રાખજો કે અમે બધાં તમોને તદન નીરદોશ માનીયેચ." ગુલનાર એરચને ધીરજ આપતાં બોલી.

"તે ગમે તે હોય બેન, પણ મારી સામે સાક્ષી પુરાવા મજબુત છે. હું છુટી જઇ શકીશ નહીં." એરચ નાસીપાસ થઇ બોલ્યો.

"હું તમોને ફરીથી કહુંચ કે તમે ધીરજ રાખો, અને હું તમોને કાલાવાલા કરીને પુછુંચ કે ખુનવાલી રાત્રે તમે કયાં ગીયાતા? તે તમે નહીં કેહેશો તો તમારા હકમાં ઘણુંજ ખોટું થશે."

"હું તમારી પાસે માંગી લઉચ બેન કે મને એ સવાલ પુછતાંજ ના. હું મરવાનું પસંદ કરીશ, પણ આપેલો કોલ તોડીશ નહીં."

"પણ વારૂ એરચ, તમારાં માતપીતાનું ના મતો જણાવો. તમારાં બીજાં કોઇ સગાં વાહલાં હોશેની?" ગુલનારે પુર ઉલટથી પુછ્યું.

આ સવાલથી એરચના ચેહેરા પર નીરાશી અને ગમગીનીની ખુલ્લી નીશાણી પ્રકટી નીકળી. તેનું હૈયું વળી પાછું ભરાઇ આવ્યું, તોપણ જાણે કાંઇબી બન્યું ન હોય તેમ તે ગુલનારના અગત્યના સવાલનો જવાબ આપતાં બોલ્યો.

"તમે બેન જ્યારે મને આટલી બધી કાલજીથી પુછો છો તો લ્યો હું તમોને કહું કે મારાં માબાપ કોણ છે અને કયાં રહે છે તેની મને પોતાને જરાકબી ખબર નથી. વળી મારૂં ખાનદાન કીયું અને કેવું છે તેથીબી હું સદંતર નાવાકેફ છું."

"ત્યારે તમોને નાહણુપણુથીજ પાલ્યા કોણે? તમે આટલો વખત સુધી ત્યારે કોણુની સાથે રેહેતા હતા?"

"મારો હેવાલ અજબ તરેહનો છે, બેન ગુલનાર." એરચ દુ:ખી થયલા અવાજે હવે બોલ્યો, "મને મુંબઇના એક સખી શેઠયાએ આજ સુધી પાલયો હતો. આજ સુધી હું તેમનુંજ નીમક ખાતો હતો. પણ અફસોસ કે ચોકકસ સબબો સર મને તેમનો માયાકુળ આશરો છોડી જવો પડયો."

"પણ શું તે શેઠયાનું તમે મને નામ નહીં આપો?" ગુલનારે અજાયબ થઇ પુછ્યું.

"નહીં, બેન મને માફ કરો. હું નીરદોશ છું તે છતાં જો ગુનેહગાર ઠરીશ તો હું તેઓનું નામ જાહેરમાં મેળી તેઓને ખરાબ

લગાડીશ નહીં. તેથી હાલમાં તે નામ હું તમોને આપી શકતો નથી માટે દલગીર છું.

"ત્યારે તો અફસોસ, કે તમારાં આ દુઃખમાં તમોને દીલાસો દેનારૂં તમારૂં કોઇ અતલગનું રહ્યું નથી." ગુલનાર નીરાશ થઇ બોલી.

"તમારૂં હેસાન હું કદી ભુલીશ નહીં. બેન. પણ તમોને જણાવતાં જાને મારૂં જીગર ચીરાઇ જાય છે કે તમારા જેવી એક મારાં દુઃખમાં ભાગ લેનારને મેં ખોઇ છે."

"તે વળી કોણ?"

"તે મારી એક વખતની દીલદાર હતી."

"ત્યારે તે શું તમોને એમ ગમમાં નાખી સદાની ચાલી ગઇ?"

"નહીં બેન, તે હજુર આ દુન્યાંમાંજ છે. ખોદા તેને સલામત રાખે!"

"પણ તે તમારી પ્રોયા તમારાં આ દુઃખમાં ભાગ લેવા અહીં આવી કેમ નથી?"

"નહીં, નહીં, હું તેને ખબર પડવા દઇશ નહીં. હવે મારો હેવાલ કહીને તેને દુઃખી શું કામ કરૂં. પણ અફસોસ કે જો પેહેલે એ સમજી હતે તો મારા આ હાલ થાત નહીં. મને જે ખમવું પડયુંછ તે ખમવું પડતે નહીં અને હાલની નામોશીએ હું પુગતે નહીં. પણ ગુલનાર બેન, હું શું કરૂં? કીસમત! નસીબ મારૂં! પરવરદેગારે મારાં ભાગ્યમાં એ સઘળું ભોગવવાનું અસલથી કોતરી રાખ્યું હશે તો પછી કોણની તાકાત કે તે ભેદી કોતર કામનો નાશ કરે? અરેરે, દુન્યાંનાં પથ્થર ઉપરનાં કોતર કામોનો પલવારમાં નાશ કરી શકાય પણ કીસમતના ગુપ્ત કોતરકામને જ્યારે આપણે જોઇ ન શકયે તો પછી તેનો નાશ કેમ થઇ શકે?"

"ત્યારે તે નારે તમોને શું દુઃખી કીધા?" ગુલનારે પુછયું.

"નહીં, નહીં, બેન ગુલનાર, તમે ખોટી તરફ બાંધો છો." એરચ કાંઇ અજબ જેવી રીતે ઉશકેરાઇને બોલ્યો, "તે નારે નહીં પણ મારાં કીસમતે મને દુઃખી કર્યો છે. મારી સરજતમાં કોઇ પણ રીતે દુઃખી તો થવાનુંજ, પણ તે નાર, તે મારી દીલદાર અને બીજાંઓ તો માત્ર હથ્યાર બન્યાંચ અને તેઓ મને નહીં પણ તે કીરતારને જવાબદાર છે"

ગુલનાર એરચની આવી ઉમદા ખાસ્યત જોઈ બેહદ અજબ રહી! તેના બોલવા પરથી તેને પારખી કાઢતાં વાર ન લાગી કે એરચ એક દુઃખી આદમી હતો, અને તે દુઃખ તેને તેની માશુકનું હતું. પણ જે માશુકે તેને દુઃખી કીધો હતો તેના તરફ તેની હજુર સુધી આવી ભલી લાગણી જોઇ તે ઘણીજ અજબ થઇ, અને પોતાના મનમાં એરચનાં આવા અજબ જેવા અમીરી સ્વભાવની તારીફપર તારીફ કરવા લાગી.

"અરે ખુદા, કેવો તમારો ઉમદા સ્વભાવ!" તે બોલી ઉઠી, "ને તમારીજ ઉપર આવો ખુનનો આરોપ! નહીં, નહીં. એરચ. તમોને ખુદા જરૂર મદદ કરશે. તમે તેનીજ ઉપર ઇતબાર રાખજો, અને તમારી માશુક તરફ આવીજ દયાળુ લાગણી ધરાવતા રેહેજો."

"અરે ગુલનાર બેન, હું મરીશ, પણ તેને ભુલીશ નહીં. હું તેને નહીં તો ત્યાં મળીશ. પણ ખુદા તેને સલામત રાખે. ખુદા ખાતર હવે તમે વધારે કાંઇ પુછશો નહીં."

"કાંઇ નહીં, ભાઇ," ગુલનાર બોલી, "હું જાણુંચ કે તમારી હાલત કેવી છે, અને તેથી હું હવે તમોને કાંઇબી પુછતી નથી." ત્યાર પછી તે કમનસીબ એરચને ધીરજવંતા સખુનમાં ફરી એક વાર પુરતો દીલાસો અને સધ્યારો આપી તેનાથી દુઃખા દીલે છુટી પડી.

પ્રકરણ ૬૫ મું.

સેસન્સ કમીટ !

આઠ દીવસ વહી જવા બાદ એરચને વધુ તપાસ માટે ફરી એક વાર માજીસ્ટ્રેટ સન્મુખ ઉભો કરવામાં આવ્યો. પેહેલાંનીજ માફક પોતા તરફથી મુકદમા પર દેખરેખ રાખવા માટે જેહામજે રીગલી બારીસ્તરને રોકયો હતો, જ્યારે સરકાર તરફથી મુકદમો ચલાવવા માટે સરકારી વકીલ હાજર હતો.

શાક્ષી તરીકે પેહેલો શખસ મરનાર હીરામલનો જાની મીત્ર પેલો રીચી પેન રજુ થયો. તેણે પોતાની જુબાની દરમ્યાન પોતાને મરનારનાં એક અંગત મીત્ર તરીકે ઓળખાવ્યો. તેણે ત્યાર પછી મરનારને અને બંધવાને પેહેલી પંચાતી શા સંજોગો વચ્ચે થઈ હતી તે જણાવ્યું, અને ત્યાર પછી બેઉ બેરદુ વચ્ચે કેવી રીતનો સંબંધ હતો તે જણાવ્યા પછી મરનાર અને બંધવા વચ્ચે થયલી છેલ્લી પંચાતીનો હેવાલ તેણે કોર્ટને કહી સંભળાવ્યો, કે જે વખતે મરનાર, બંધવો, શાક્ષી પોતે, અને તે ઉપરાંત તેનો એક બીજો મીત્ર જોફરી પણ હાજર હતો. આ છેલ્લી ખટપટ દરમ્યાન બંધવાએ મરનારને કેવા સખ્ત સખુનમાં ધમકી આપી હતી તેનું બારીકીથી વર્ણન કર્યું હતું. ત્યાર પછી જે રાતે મરનાર તેને મુવેલો મળી આવેલો હતો તે વીશેનો ઈસારો કરવા બાદ તેની પાસે પડેલી બંદુક તેણે મરનારની તરીકે ઓળખી હતી એમ કહી તેણે પોતાનું બોલવું પુરૂં કરયું હતું.

ઉપલા શાક્ષીએ સોગંદ ઉપર તેના કેહેવા મુજબ તદન ખરો ખુલાસો કર્યો હતો, પણ મરનારે અને તેણે મુસાફરી દરમ્યાન એરચને ખોટું નામ આપી કેવો ઠગ્યો હતો તે વાત કેહેવાની તો તે ભુલીજ ગયો !

બીજો શાક્ષી તેની સાથવાલો પેલો જોફરી હતો. તેણે સોગંદ ઉપર જણાવ્યું કે જે વખતે મરનારને અને બંધવાને પંચાતી થઇ હતી તે વખતે તે પોતે હાજર હતો, અને બંધવાએ મરનારને કેવી સખ્ત પ્રકારની ધમકી તે વખતે આપી હતી તે કહ્યા બાદ તેણે રૂખસદ લીધી.

ત્રીજો અને વધારે અગત્યના શાક્ષી તરીકે હોતેલના મેનેજરનું નામ પોકારવામાં આવ્યું. તુરત તેણે શાક્ષીના પીંજરામાં આવી સોગંદ ઉપર પોતે જેટલું જાણતો હતો તેટલું જણાવ્યું, અને ત્યાર પછી પોતાની અસલ જગ્યાએ જઈ બેઠો.

છેલ્લા શાક્ષી તરીકે લાહોર શેહેરનો કારોનર જે પોતે ત્યાંનો એક અતી બાહોશ તબીબ ગણાતો હતો તે રજુ થયો. તેણે જણાવ્યું કે મરનારની લાસ તેણે તપાસી હતી. તેણે આપઘાત કરવાની કોશેશ કરી ન હતી. મરનારને કોઇએ પાછળથી બંદુકની ગોલી મારી હતી. મરનારનું શરીર ચીરી તેણે તે ગોલી બાહેર કાઢી હતી અને તે તપાસી જોતાં તેને માલમ પડયું હતું કે તે મરનારની બંદુક માહેલી ગોલી હતીજ નહીં, પણ કોઇ બીજીજ બંદુકની હતી. કારોનરે વધુ એમ કહ્યું કે ગોલી લાગ્યા પછી મરનારનો જાન પાંચ કલાક પછી ગયલો હોવો જોઇયે, એટલે કે જો તેને સાંહજે ગોળી મારવામાં આવી હોય તો રાતે લગભગ અગ્યાર વાગતે તે તુરતનો મરણ પામેલો હોવો જોઇયે, અને તે ઉપરથી શાક્ષીએ એમ પુરવાર કરવા માગ્યું કે ગોલી તેને પાંચ કલાક અગાઉની મારવામાં આવેલી હોવી જોઇયે.

સરકારી વકીલે ત્યાર પછી પોતા તરફનો મુકદમો પુરો થયલો જાહેર કર્યો. આ ઉપરથી માજીસ્ટ્રેટે બંધવાને પોતાનો બચાવ શું છે તે કોર્ટને જણાવવાનો હુકમ કર્યો. પણ તેના તરફથી મી૦ બ્રાનસન બેરીસ્તર બોલ્યો કે, "આ મુકદમો લગાર ગુંચવણ ભર્યો અને બહુજ ગંભીર હોવાને લીધે હું ધારૂં છું કે તમો બંધવાને બેશક આવતી સેસન્સમાં તપાસ અર્થે

નોંધશો, અને તેટલામાટે તમો નામદારને જણાવવું જોઇયે કે મારાં કુલનો બંચાવ કરવાની પુરતી જોગવાઇ તેને સેસન્સ કોર્ટમાંજ મળે તો વધારે સારૂં. તેટલામાટે હું પણ મારી તરફ મુકદમો પુરો થયલો જાહેર કરૂંછું."

માજીસ્ત્રેટે ચુકાદો આપતાં જણાવ્યું કે, "આ મુકદમો બહુ ગંભીર પ્રકારનો છે. સરકારી પક્ષ તરફથી જેટલા સાક્ષીઓએ પોતપોતાની જબાની સોગંદ ઉપર આપી છે તે ઉપરથી બંધવા સામે ખુનનો અપરાધ પુરવાર થઇ ચુકો છે. વળી ખુનવાલી રાત્રે બંધવો કયાં હતો તે પણ આપણે જાણતા નથી. તેટલામાટે, બંધવાને હું આવતી ફોજદારી સેસન્સમાં તપાસ અર્થે નોંધુંછું."

કોર્ટનાં દીવાનખાનામાં ભેગાં મળેલાં લોકોએ જોકે આવા ચુકાદાની વકી તો રાખીજ હતી, તે છતાં તે ચુકાદો સાંભળી તેઓનાં મોંઢાં ફીક્કાં મારી ગયાં, અને સઘળાં જણ એરચની દયા ખાવા લાગ્યાં.

અત્રે બંધવાના બારીસ્તર મી૦ બ્રાનસને માજીસ્ત્રેટને જણાવ્યું કે બંધવાના બચાવ અર્થે તેની સાથે ચોકકસ પ્રકારની મસલહત કરવા માટે તેને જામીનપર છોડવાની ભારે જરૂર છે. પણ માજીસ્ત્રેટે તેની આવી અરજ ન સ્વીકારતાં જણાવ્યું કે મી૦ બ્રાનસને એવી રીતની અરજ લાહોરની હાઇ કોર્ટને કરવી. મી૦ બ્રાનસને ત્યાર પછી બીજી એવી રીતની અરજ કરી કે બંધવા પાસેથી તેના લાભ અર્થે ચોકકસ ખુલાસો મેળવવાની અગત હોવાથી, જ્યારે તેનો કોઇ પણ ધારાનો હીમાયતી બંધીખાનામાં તેની આગળ જાય ત્યારે બંધીખાનાના દારોગાએ ત્યાં હાજર ન રેહેવું એવો હુકમ કોર્ટે કાહડવો. કેટલીક તકરાર પછી, માજીસ્ત્રેટે મી૦ બ્રાનસનની ઉપલી અરજ સ્વીકારી, અને જે વખતે બંધવાનો વકીલ તેની ઓરડીમાં હોય તે વખતે દારૂગાએ ત્યાં હાજર ન રેહેવું એવો લેખીત હુકમ તે નામદારે બંધીખાનાંનાં વડા પર લખી મોકલ્યો.

ફોજદારી સેસન્સની આવતી બેઠક માટે હજુર બે અઠવાડીયાંનો વીલંબ હતો, અને તેટલામાટે ગરીબ બીચારા એરચને એટલા દહાડા ભારે ચીંતામાં પડી કાહડવાના હતા.

પ્રકરણ ૬૬ મું.

બુઢી દદાની ખુબીઓ.

એરચની મુલાકાતે હવે બીજા બાહરનાંઓને જવા દેવામાં આવતાં ન હતાં. પણ માત્ર એકજ જણને જ્યારે ગમે ત્યારે તેની નજદીક જવાની છુટ હતી, અને તે તેનો બારીસતર મી૦ બ્રાનસન હતો બ્રાનસનને આ મુકદમામાં કાંઇ અજબ જેવી ઉલટ હતી. તે બસ એરચને નીરદોશ સાબેત કરવા માટે ખંતીથી મંડયો હતો. પણ તેની સઘળી મેહેનતમાં તેને એક નડતળ નડતી હતી, અને તેજ નડતળ આખરે સઘળી મેહેનતને ધુલમાં નાખે એમ હતું. ખુનવાલી રાત્રે એરચ કયાં હતો તે બીના તેને ખબર ન હતી. જ્યાં ખુન થયું તે કરતાં તદન જુદીજ જગ્યાએ બંધવો તે રાતરે રોકાયલો હતો એવું જો તે સાબેત કરવાને શકતીવાન થાય તો તેના મુકદમાને ઘણીજ મજબુતી મળે એમ તે માનતો હતો. પણ એરચ તો વાત કેહેવાની ના પાડી બેઠો હતો. પણ વાંચનારે જાણવું કે તેથી બ્રાનસન કાંઇ હારીખાઇ ગયો ન હતો.

બીજેજ દીવસે તે એરચને પાછો મળ્યો. પોતાને મળેલા હુકમની રૂહે દારોગો તેને એરચની ઓરડીમાં દાખલ કરી ચાલતો થયો. પણ એરચ તો હવે પોતાનાં તકદીર પર આધાર રાખી બેઠો હતો, તે બ્રાનસનને જો-

ઇને કાંઇ ખુશી થયલો દેખાયો નહીં. તેણે ધારયું કે વળી બ્રાનસન તેની પાસે તે રાતનો જોઇતો ખુલાસો મેળવવા આવ્યો હશે.

"કેમ મી૦ બ્રાનસન, વળી તમોએ તસ્દી શું કામ લીધી?" એરચે પુછયું."

"હું તમારૂં નીર્દોશપણું સાબેત કરવા માંગુચ, અને તે કામમાં તમારા તરફના ભારે ટેકાની જરૂર છે."

"પણ હું તમોને કેઇ રીતે મદદ કરી શકીશ, વારૂ?"

"કાંય નહીં? મી૦ એરચ, મને કહયા વગર ચાલતું નથી કે તમે જબરા બોંહસીલા છો. આવી જીવ સટોસટની બાજી વખતેબી તમે તમારી હઠ છોડતા નથી એ કાંઇ સારૂં નહીં."

"હું ધારૂંચ કે તમે મને વળી પેલીજ વાત પુછતા હશો."

"અલબત તમે મને તમારા ધારાના હીમાયતી તરીકે રોકયો છે અને તેટલામાટે મારાં કામમાં મદદ લાગે એટલી સઘળી બારીકે બારીક વીગત તમારી પાસેથી મેળવવવાનો મને હક છે, અને તે મને વગર ઢીલે પુરી પાડવા તમે બંધાયલા છો." બ્રાનસન દમામદાર અવાજે ગંભીરાઇથી બોલ્યો.

એરચ આ સાંભળી જરાક વીચાર કરવા પડયો. પણ થોડી પળમાં તે પાછો બોલ્યો.

"તમે કહોચ તે ખરી વાત છે. પણ તે રાત્રે હું કયાં હતો તે એક અજાયબ જેવો ભેદ છે, અને તે કોર્ટની જાણમાં લાવવા તો હું માંગતોજ નથી. તેટલામાટે હું તમારી પાસેથી માંગી લઉંછું કે તે બીના પુછી મને દુ:ખી કરો નહીં."

"વારૂ, જો તમારી મરજી હોય તો તે ખુલાસો તમે મારી એકલાની નજદીક કરો, અને કોઇ પણ સંજોગો વચ્ચે હું તે બાહર પાડીશ નહીં."

"પણ તમોને તે શું ખપ લાગશે? તમે જાણીને તેમાંથી શું ફાયદો મેળવશો?" એરચે પુછયું.

"કદાચ મને તેમાંની કાંઇક વીગત ઉપ્યોગી પણ થઇ પડે. તમારા બચાવની એકાદ બારી મને તેમાંથી મળી પણ આવે એ બનવા જોગ છે."

"પણ હું તમોને એટલી તાકીદ કરૂંચ કે કોર્ટની જાણમાં હું કહું તેમાંની એકબી બીના લાવવી નહીં."

એરચ આખરે ઠેકાણે આવ્યો હતો તે જોઇ બ્રાનસન બહુ ખુશી થયો, અને તેના કેહેવા પ્રમાણેજ ચાલવાને તે કબુલ થયો.

"જે રાત્રે ખુન થયલું કેહેવાય છે," એરચે શરૂ કર્યું, "તેની સાંહજે લગભગ છ વાગતે હું મારા મીત્ર ધનજીશાહ શેઠને બંગલે જવા માટે તૈયાર થઇ હોટેલમાં મારા ઓરડાની બારીએ ઉભો હતો તેવામાં રસ્તા ઉપરથી કોઇને જતાં જોઇ હું બહુ ચોંકયો. મેં તે મરદને તુરત પીછાણી લીધો. તે એક કાવત્રાંખોર આદમી હતો, અને મારી સામે વળી કાંઇ નવી બાજી રચવા આવ્યોચ કે શું તે વીશે મને ભય પેઠો. તેટલામાટે તેની પુઠ પકડી તેની સઘળી હીલચાલ તપાસવાનો મેં મકકમ ઠેરાવ કર્યો. તેજ પળે હું મારી છતરી લઈ બાહર નીકળ્યો, અને છુપી રીતે તેની પુઠ પકડી. હજુર પુરતું અંધારૂં થયું ન હતું તેથી રખે તે પોતાની પાછળ ફરીને મને જોય અને જોતાં વાર ઓળખી કાહડે તેથી બીહને મેં મારી છતરી ઉંગાડી અને વાંકો ઓઢીને તેનીથી જરાક દુર ચાલતો હતો. ઘણીક મીનીટસુધી એ પ્રમાણે હું તેની પછવાડે ચાલ્યા કીધો, અને પુરતું અંધારૂં થયા પછી મેં મારી છતરી બંધ કરી દીધી હતી. હવે રસ્તો જરાક ઉજ્જડ દેખાવા લાગ્યો, પણ તે શખસ તો જુદી જુદી ગલીઓ ઓળંગીને આગળ ચાલ્યાજ કીધો, અને એમ તેણે ગલીઓ બદલ્યા કરી. તે કોઇનું ઘર શોધતો હતો. એવી રીતે એક કલાક સુધી રખડયા પછી જે ઠેકાણું તે શોધતો હતો તે તેને આખરે મળેલું માલુમ પડયું; કારણ કે એક ચોકકસ ઘર નજદીક આવી લાગતાં તેનું બારણું તેણે બારે

ખુશાલીથી ઠોકયું તે ઉગડતાંને વાર તે તુરતજ અંદર દાખલ થયો અને તુરતજ તે બારણું તેણે અંદરથી બંધ કરયું. તે ઘર બેઠકું અને ચોમેર ખુલ્લું હતું. તેની નજદીકમાં એકબી મકાન નજરે પડતું હતું નહીં. હવે જેવો તે શખસ તે ઘરમાં દાખલ થયો હતો તેવોજ હું એક ઠેકાણે ઉભો રહી ગયો, અને જ્યારે તેણે અંદર દાખલ થઇ બારણું બંધ કરયું ત્યારેજ હું આગળ ચાલ્યો, અને તે ઘરની છેક નજદીક જઇ લાગ્યો. અંદર કોઇ બે જણ વાતો કરતાં હતાં એમ મને માલમ પડયું, પણ તેઓ શું બોલતા હતા તે હું સ્પષ્ટ રીતે સાંભળી શકયો નહીં. ઘરની આસપાસ હું ફર્યો પણ ત્યાં એકબી જગ્યા મને એવી ન મળી કે જ્યાંથી તેઓની વાતચીત હું ખુલ્લી રીતે સાંભળી શકું. હું તદન નારીપાસ થઇ ગયો, તોપણ ઘરની એક બાજુએ સદંતર અંધારામાં કોઇનીબી મારી ઉપર નજર ન પડે એવી રીતે હું ભરાઇ બેઠો, અને તે આદમી તે ઘરમાંથી પાછો નીકળી વળી કયાં જાય છે અને શું કરે છે તે તપાસવાનો મેં ઠેરાવ કર્યો. આવી હાલતે હું ત્યાં લાંબો વખત સુધી બેસી રહ્યો જે દરમ્યાન મારા મનમાં કાંઇ હજાર જાતનાં વીચાર આવતા હતા. લગભગ એક કલાક પછી તે બારણું પાછું ઉગડયું, અને પેલો જવાન બાહર નીકળ્યો. તેના નીકળ્યા બાદ મારી ખુશાલી વચ્ચે મને તેઓની વાતચીત કરવાનો અવાજ ખુલ્લી રીતે સંભળાવા લાગ્યો. તે આદમી સાથે વાત કરનારૂં બીજું કોઇજ નહીં પણ એક બુઢ્ઢી ઓરત હતી. જોકે હું અંધારામાં છુપાયો હતો તોપણ તેનો ચેહેરો મને સાફ દેખાયો. તે સ્ત્રી બારણું પકડી ઉભી રહી હતી, અને તે આદમી તરફ જોઇ નીચે મુજબ બોલતી સંભળાઇ.

'કેમ બેટા, તેં અહીંયા કેઇ જગ્યાએ ઉતારો લીધોચ? ને હવે મુંબઇ જવાનો વીચાર કયારે છે?'

'એકાદ મુસાફરખાનામાં મેં ઉતારો લીધોચ, અને આવતી કાલે સહવારે હું આ શેહેર છોડી જઇશ.' તે આદમી બોલ્યો.

'પણ જો, તું મને ભુલી ના જતો હં.' તે સ્ત્રી બોલી. તે સ્ત્રી મુસલમાન જાતની હતી કારણ કે તે હીંદુસ્તાની ભાષામાં વાત કરતી હતી, અને તે મારી પીછાણવાલો આદમી પણ તેને તેજ ભાષામાં જવાબ દેતો હતો.

નહીં સકીના બુ' તે આદમી તેને સધ્યારો આપતાં બોલ્યો, "હું તુંને ભુલી કેમ જાઉં? તેં મને આએ ૬૦ ગોલી આપીચ તેના મેં તુંને ૧૦૦ રૂપ્યા તો આપ્યા. તોપણ તુંને હું બીજી વધારે બક્ષેશ કરીશ. એ ગોલીની અસરથી જ્યારે મારૂં કામ સફલ થઇ જશે ત્યારે એક બદબખ્ત આદમી મારા રસ્તામાંથી દુર થઇ જશે ને મને પછી મોટી દોલત મળશે તેમાંથી હું તુંને નેહાલ કરી નાખશ."

"જીવતો રેહેજે, મારા બેટા, ને ખુદા તારૂં કામ પાર પાડે." તે બુઢીએ તે આદમીને આશીશ દીધાં, અને ત્યાર પછી તેઓ છુટાં પડયાં.

પેલો શખસ ચાલી ગયો, અને પેલી બુઢ્ઢી સ્ત્રીએ બારણું પાછું બંધ કરયું. હવે તેઓની જેટલી વાતચીત મેં સાંભળી હતી તે ઉપરથી તે વખતે મને એવું તો ઝહનુન છુટયું કે તેજ વખતે જાણે તે બંનેનો ટોટોજ પીસી નાખું. પણ નહીં મેં તેમ કીધું નહીં. હું ધીરજ રાખી બેઠો. પણ મી૦ બ્રાનસન, હું આ જગ્યાએ તમોને એટલુંજ પુછવા માંગુંચ કે તે બે જણની આ વાતચીત ઉપરથી તમે શું અનુમાન ઉપર આવી શકો" બેરચે ઉલતમાં આવી પુછયું.

"આ ઉપરથી હું તો વગર શકે એવું અનુમાન કરૂં," બ્રાનસન બોલ્યો, "કે પેલા શખસે કોઇનો જાન લેવાનો કસદ કર્યો હશે. પણ તે તેવું કામ બહુ છુપી રીતે કરવા માંગતો હશે, અને જેમ આપણે ઘણાંક હેવાલોમાં વાંચ્યે છીયે તેમ તે ગોળીમાં ચોક્કસ પ્રમાણમાં સોમલ ભેળેલું હશે જે માણસના શરીરમાં ધારેલી અસર ધીમે ધીમે ઉપજાવે

છે, અને અંતે તેનો અંત આણે છે. પણ વળી તે ઝેરી ગોળીઓની અસર મારી નાખે એવી બીજી ગોળીઓ પણ આવે છે.”

“શું ત્યારે તેવી કાંઇ દવા આવે છે ખરી?” એરચે એકદમ આતુરતાથી પુછ્યું.

“હા. તેવી દવા મલી શકે છે. અને હું ધારૂં છું કે તે દવા બુઢી દદા પાસેજ હોવી જોઇએ.” બ્રાનસનને અટકળ કરી.

“યા ખુદા! ત્યારે તો હું ઠગાયો નથી!” એરચ બોલી ઉઠયો.

“ત્યારે શું તમે તે ઝેરની અસર તોડનારી દવા મેળવવામાં ફતેહ પામ્યાંચ?” બ્રાનસને પણ એકદમ ઉલટમાં આવી પુછ્યું.

“તે વાત તમોને મારા હવે પછીના હેવાલ ઉપરથી માલમ પડશે.”

એરચ બોલ્યો, અને ત્યાર પછી તેણે આગળ ચલાવ્યું.

‘પેલી બુઢીએ બારણું બંધ કર્યા પછી હું મારા વીચારમાં ને વીચારમાં થોડો વખત તો મારી ભરાવાની જગ્યાએજ ઉભો. પણ ત્યાર પછી હું ત્યાંથી બાહર આવ્યો અને તે બુઢ્યાના ઘરનું બારણું ઠોકયું. થોડીક પળ પછી તે ઉઘડયું કે કાંઇ પણ બોલ્યા વગર હું અંદર ધસ્યો ગયો અને તે બારણું એકદમ અંદરથી બંધ કરયું. પેહેલાં તો હું પોતે આવું કામ કરી બીહધો ખરો, તોપણ હીંમત રાખી હું તે બારણાં આગળજ ઉભો.

આ દદાનો દેખાવજ કોઇને તેવે વખતે અને તેવી જગ્યાએ બીહવાડવાને પુરતો હતો. તેની ઉમર લગભગ ૮૦ વરસની લાગતી હતી. તેનાં આખાં શરીરની ચામડીની કરચલી વળી ગઇ હતી. તેની આંખના ડોળા જબરા મોટા હતા, અને હોઠ મોમાંથી જાણે બહાર ઝુલતા હતા. ટુંકમાં, તેનું આખું શરીર એક હાંડપીંજરને મળતું આવતું હતું. તોપણ આટલી ઉંમર છતાં તે હીંમતથી ટટાર મારી સામે ઉભી હતી.

તે બુઢી મને તેના ઘરમાં એકદમ ધસ્યો આવેલો જોઇને અને વળી તેની રજા વગર મેં બારણું બંધ કરી દીધું તેથી તે પેહેલાં તો ગભરાઇ. તેની આવી હાલત જોઇ મેં તેને હીંમત પકડવા કહ્યું.

“મારેથી બીહવાનું તુંને કાંઇબી કારણ નથી. હું તુંને જેબી કાંઇ કહું તે મુંગી મુંગી સાંભળ્યા કર’ હું બોલવા લાગ્યો, ‘પણ તું જો જરાકબી ગડબડ કરશે અથવા તો સામે થવાની કોશેશ કરશે તો તારા ઘરની આસપાસ મેં જે પોલીસ સીપાઇઓને ખડા કર્યા છે તે સઘળાં મારે બોલાવતે તારાં ઘર પર તુટી પડશે અને તુંને વગર દયાએ પોલીસ ચોકીપર ઘસડી લઇ જશે.’

“મારાં ઉપલાં બોલવાથી તેને જરારતી હીંમત આવી હોય એમ દેખાયું તોપણ તેનો ગભરાટ તો ચાલુજ હતો. તે કાંઇ મોટે સાદે બોલવા જતી હતી, પણ હું તેને અટકાવી બોલી ઉઠયો, ‘ચપ, સકીના બુ તું ગભરા ના એમ મોટે સાદે બોલ ના’

“તેનું ખરૂં નામ મારે મોંઢેથી સાંભળીને તે ઘણી ચોંકી અને મારા ચેહેરા તરફ તગર તગર જોવા લાગી. મને આ તક મનમાનતી મળી અને હું બોલ્યો, હું પુછું તેનો ખરેખરો જવાબ તારે દેવો પડશે. હમણાંજ એક શખસ તારાં ઘરમાં આવી ગયો હતો તેને તેં શું આપ્યુંચ’

‘હું આજ કેટલાંક વરસ થયાં હકીમું કરંચ” તે દદાએ જવાબ દીધો, ‘ને લોકોના ઘણી જાતનાં દરદ હું સફા કરંચ. એ ધંધો મને મારા કાકાએ શીખવ્યો હતો અને એની ઉપર હું મારૂં આબરૂ દરકારે ગુજરાણ કરૂંચ. મેં ઘણાં રાજવંશીઓના બીકટ દરદો પણ સારાં કરેલાં છે, અને તે માટે મને ઘણાં ઇનામ પણ મળેલાં છે. પેલો શખસ જે હમણાં થોડો વખત થયો અંહીં આવ્યો હતો તે પોતાની બુઢી માને માટે દવા લેવા આવ્યો હતો. તેને અને તેની માએને હું સારી પેઠે ઓળખું છું. તેઓ આબરૂવાલાં અને સારાં ખાનદાનનાં છે.’

“અંહીં તે દદા ચુપ રહી. મેં જોઇ લીધું

કે તે મારા સવાલનો ખરો જવાબ આપવાને બદલે તદન ભલતીજ બાબતપર ઉતરી પડતી હતી, માટે ફરી એક વાર તેને દમ ભરાવવાની મને ફરજ પડી.

'જો; બુઢી,' મેં ઠઠરાવનારા અવાજે તેને કહ્યું, 'મારી આગળથી એકબી બીના છુપાવતી ના. બસ હું તુંને પુછું તેનો ખરો જવાબ દે'

'હું જે કાંઇ કહુંછું તે ખરી વાત છે' તે બોલી, 'તે જવાનની માએ પગના દરદથી કેટલાંક વરસ થયાં હેરાન હતી. તેટલામાટે, તે મારી પાસે દવા લેવા આવ્યો હતો. મેં તેને તે દવા આપી હતી, અને તે લઇને તે ખુશી થતો ગયો હતો'

"હવે મી૦ બ્રાનસન, તમે વીચાર કરો કે તે દદાને આ પ્રમાણે બોલતી સાંભળી મને કેવી ચીઢ લાગી હશે. તે દદા સદંતર જુઠું બોલતી હતી. તે જવાને તેની સાથે વાત કરતાં પોતાની માએનું નામ તો દીધું ન હતું. તે તો એમ બોલ્યો હતો કે તે દદાની ગોલીની અસરથી એક બદબખત માણસ તેના રસતામાંથી દુર થશે અને પછી તેને મોટી દોલત મળશે જેમાંથી તે દદાને નેહાલ કરી નાંખશે. હવે ત્યારે હું તેની આવી જુઠી વાત કેમ સાંભળી શકું ? પણ વળી તેની પાસેથી મારે જોઇતી વીગત કેવી રીતે મેળવવી તેના વીચારમાં હું પડયો. પણ મેં તુરતજ પાછો તેને દમ ભરાવ્યો, અને દમમાંજ ફરીથી ધમકી આપી. 'ચુપરાઓ, સકીના બુ. જુઠું બોલી તું મને ઠગવાની કેમ હીમત કરેચ ?' અને હું અહીં તેનું નામ એટલો તો ગુસ્સે થઈ બોલ્યો કે તેની અસરથી તે બીહધેલી દેખાઇ. તે તુરત જમીનપર બેસી ગઇ અને બોલી,

'માફ કરો સાહબ, હું ગરીબ છું, મને સતાવો ના.'

'હું કાંઇ તુંને સતાવવા આવ્યો નથી,' મેં કહ્યું, 'પણ તેથી ઉલટું હું તો તારી પાસે ચોક્કસ રીતનો ખુલાસો મેળવવાની ઇચ્છા રાખુંછું. હું પેલા શખસને ઓળખું છું ને હું જાણુંછું કે તેની મા જીવતી નથી. તેં તે શખસને ૬૦ ગોલી વેચાતી આપીચ અને તે બદલ તે તુંને ૧૦૦ રૂપ્યા બખશેશ કરી ગીયોચ. તેટલામાટે, હું તને આ છેલ્લી ચેતવણી આપું છું કે હવે વળી ફરીથી મને ઉડાવવાની વેતરણ કરશે તો જરાકબી ઢીલ વગર મારાં માણસોને અંદર બોલાવી તુંને ચોકીપર ધસડી લઇ જઇશ.'

"પણ હજુર તો ઉપલી ધમકી આપીને તે બુઢયા તરફના જવાબની રાહ જોતો હું ઉભો હતો! તેવામાં પછવાડેને બારણેથી કાંઇ ખખડાટ થતો મને સંભળાયો, અને થોડીજ પળમાં મારી બેહદ અજાયબી વચ્ચે એક મારી ઉમરનો મુસલમાન જવાન અમો જ્યાં તકરાર કરતાં હતાં ત્યાં ગુસ્સાભર ચેહેરે આવી ઉભો. તે બહુ કદાવર આંગનો હતો અને મારા જેવા દસને એક લેહેજામાં પટકી નાખે એટલો જોરેમંદ દીસ્તો હતો. મેં એક ગંભીર ભુલ કરી હતી તે મને હવે ઝટ માલમ પડયું. પછવાડેનું બારણું તપાસવાની મેં સંભાળ લીધી ન હતી. તે ઊઘાડું હતું તેની મને ખબર ન હતી. પણ તે છતાં મારે તે તપાસવું જોઈતું હતું. પણ ખયર, ફકર નહીં. હવે પછી વાત કેવી વળણ પકડે છે તે ધીરજથી તપાસવાનો મેં ઠેરાવ કર્યો. પણ પેલો જવાન શખસ આવતાં ને વાર મારાં મોં સામું જોઇ અજબ થયો. ત્યાર પછી તે પેલી બુઢી તરપ ફર્યો અને મોટે સાદે બાંગ મારી.

"કયું અમ્મા જાન, એ કૌન સુવ્વરકુ આપણે મકાનમે દાખલ કીયે ? વોહ કાફીરકા ઇદરી આનેકા સબબ કયા ?'

"આ સાંભળી પેલી દદાનો ચેહેરો તો જાણે પુર બાહરમાં ખીલી નીકળ્યો. જમીન પર તે બેઠી હતી ત્યાંથી એકદમ ખુશાલ હૈડે તે ઉઠી અને બોલી,

'યા મેરા બેટા ફાજ્યા, વોહ અલ્લાહનેજ તેરેકુ ઇદરી ભેજ દીયા. કયા કહું, વોહ કાફીરકા બચ્ચા ઔર સુવ્વરકી ઔલાદ કૌનકુ

માલુમ કે ફીસલીયે અભી મેરા જાન લેતાથા, લેકીન તુમ કુચ ચમતકારસે ઇદર આ લગા.'

"હવે તે વખતે હું બહુ મોટી ધાસ્તીમાં આવી પડયો. મેં જોઇ લીધું કે મારો જાન જોખમમાં હતો. પેલો કેહેવાતો ફ્રાજયો તુરતજ મારી તરફ ધસ્યો આવ્યો અને હું શું માંગતો હતો તે મને તેણે દમમાંજ પુછયું. પણ હજુર તો હું તેના એ સવાલનો જવાબ આપું તે અગાઉ તો તેણે પોતાના રાથોડી હાથે મને જોશમાં એક આંચકો મારી જમીનપર તોડી પાડયો. ત્યાર પછી તરતજ તે મારી છાતીપર ચહડી બેઠો, ને વીકાળ વાગ જેવું મોઢું કરી તે પોતાની મા તરફ ફરી બોલ્યો, 'એ ખડી રેહકે દેખતી કયા હયે, મા? જા જલદીસે છુરી લેકે આ. વોહ શયતાનકી ખસલતકો મયે અભી હલાલ કરતાં હું, પીછે દોઝખમેં ભેજ દેતા હું'"

પણ એરચ આટલું બોલી રહ્યો કે જેલનો દારોગાએ તેની ઓરડીનું બારણું ઠોકયું. એરચે તુરત ઊંગાડયું. દારોગાએ ત્યાર પછી કહ્યું કે અંધારૂ થવા આવ્યું હતું માટે તેઓએ પોતાની વાત જો અધુરી રહી ગઇ હોય તો આવતી કાલપર મુલતવી રાખવી. આ ઉપરથી બીજા દીવસની સાંહજને વખતે આવવા કબુલી બ્રાનસન એરચથી છુટો પડયો.

પ્રકરણ ૬૭ મું.

સોનેરી બેડીની અજમતીક અસર.

બીજે દીવસ સાંહજે કબુલાત મુજબ એરચની મુલાકાતે બ્રાનસન ઉલટભર આવ્યો હતો, અને તેની અરજ ઉપરથી એરચે પોતાનો હેવાલ આગળ ચલાવ્યો.

"મી૦ બ્રાનસન, ગઇ કાલે ફ્રાજયાના બોલેલા બોલ મેં તમોને કહી સંભળાવ્યા તે તમોને ધ્યાન હશે. હવે આ બોલ સાંભળીને પેલી દદા તુરતજ પાસેના ઓરડામાં માંગેલી છુરી શોધવા દોડી. મને હવે લાગ્યું કે જે વખત જતો હતો તેમાં હું જરૂર તે કર્બાનનો ભોગ થઇ પડીશ. પણ મને એકાએક મારૂં કામ યાદ આવ્યું કોણુને સારૂં મેં આટલી બધી જેહમત ખેંચી હતી તેનું મને ભાન થયું. હું પોતે મરવાને માટે તો તૈયાર હતો, મને મારી જીંદગીની તો કાંઇબી ધાસ્તી હતી નહીં પણ હું મરી જઇશ તો બીજો પણ એક જીવ દગાનો ભોગ થઇ પડી આ દુન્યામાંથી ઉખડી જશે તેજ વીચારે મને ધભરાવી મારયો, અને તેટલામાટે મને મારી જીંદગી વધારે કામની લાગી. એ વીચાર મારા ભેજામાં દાખલ થતાંને વાર મને અજબ જેવું શુર છુટયું. પેલો ફ્રાજયો છરીની રાહ જોતો બેદરકારીથી મારી છાતી પર હજુર સુધી બેઠો હતો. મેં એકદમ ઝનુનમાં આવી તેને એક એવો તો સજ્જર આંચકો માર્યો કે તે મારી છાતી ઉપરથી એકદમ ભોંયપર ઉઠલાઇ પડયો. તેજ પળે હું જમીન ઉપરથી ઉઠી ઉભો થયો. પણ મારી પછવાડે તે પણ તુરત ઉઠયો. પણ મેં એકદમ તેના આંગપર ધસી તેના માથામાં એક એવી તો જબરદસ્ત મુક્કો મારી કે તેની અસરથી તે ઘુંમરી ખાઇ ચતોપાટ જમીનપર ઝીંકાઈ પડયો. મેં શું કીધું હતું તેનું વટીક મને ભાન રહ્યું નહીં. મુકી મારયાથી મારા હાથમાં ઝઝની ભરાઇ આવી. જેવો મારો હરીફ જમીનપર પટકાઇ પડયો કે હું તેની તરફ ધસ્યો ગયો. પણ મને કાંઇ ઝાહઝી મેહેનત પડી નહી. કારણકે તે તદન બેભાન થઇ પડયો હતો, તેટલામાટે તેને ત્યાંજ પડતો નાંખી હું પેલી બુઢયાની પુઠે ગયો. તે પછવાડેના ઓરડામાં હજુર સુધી એકાદ મોટી છરીની શોધમાં હતી. હું તેનો રસ્તો

રોકી વચ્ચે ઉભો અને જેવી તે ઓરડામાંથી બાહર પડી તેજ પળે મેં સમયસુચકતા વાપરી તેનાં હાથમાંની એક મોટી છરી એકદમ ઝુંતાવી લીધી અને તેને જમીનપર જોરથી અફાળી તેના બે ટુકડા કરી નાખ્યા. તેજ પળે પેલી દદા લાચાર થઇ જમીનપર પડી. પણ તેજ પળે મને કાંઇ એકાએક યાદ આવી ગયું. અને તેજ વખતે મેં મારા દગલાના ગજવાંમાં હાથ નાખી એક નાની બેડી બાહર કાહડી, અને તે પેલી દદાના બંન્ને હાથમાં પેહેરાવી દીધી, અને પછી મને—"

"પણ સબર કરો, એરચ." બ્રાનસન એરચને આગળ બોલતો અટકાવી બોલ્યો, "તે બેરી તમારાં ગજવામાં તે વખતે કેવી રીતે આવવા પામી? અને વળી એક બેડી કાંઇ તમારા દગલાના ગજવામાં રહીબી નહીં શકે."

"તે હું તમોને કહું, મીં૦ બ્રાનસન." એરચ બોલ્યો, "તે બેડી કાંઇ સાધારણ બેડી જેવી બેડી ન હતી, પણ તે તો નકકર સોનાની બનાવેલી હતી, અને તે મને મારી જાતવાલાં એક બુઢાં દોશાંએ ભેટ આપી હતી. ચોક્કસ સંજોગો વચ્ચે મને તેમને ત્યાં રેહેવું પડયું હતું અને છુટાં પડતી વખતે તેઓએ મને એક યાદગારની ચીજ દાખલ તે નાની બેડી ભેટ આપી હતી."

વાંચનારે આ દોશાંને ઓળખ્યાં હશે. તે કોઈજ નહીં પણ ચાંઇદોશાં. એરચથી છુટાં પડતી વખતે તેઓએ એરચને એક ચોકકસ ચીજ ભેટ આપી હતી અને તે ચીજ તેને આગળ ચાલતાં કેવી રીતે ખપમાં આવશે તે આપણે હવે પછી જણાવવા કહ્યું હતું. તે યાદગારની ચીજ આ એરચે કહેલી અજાયબ જેવી બેડી હતી. તે નક્કર સોનાની બનાવેલી હતી. ચાંઇદોશાંના મરહુમ ખાવંદને તે કોઇ રાજા તરફથી ભેટ મળી હતી, અને તે ચાંઇ-દોશાંએ એરચને આપી હતી.

"હવે મીં૦ બ્રાનસન," એરચે પોતાનો હેવાલ આગળ ચલાવ્યો, "એક દીવસ કાંઇ વાત-પરથી વાત નીકળતાં મારા મીત્ર ખાનબાહદુર ધનજીશાહે તે જોવા માંગી હતી, માટે તે દીવ-સની સાંહજે હું તેમને ત્યાં જવાનો હોવાથી તે બેડી મારાં ગજવામાં મુકી છાની હતી. તે બેડીને કાંઇ ચાવી જેવું હતું નહીં, પણ માત્ર એક ચાંપ હતી, જેથી મને વારંવાર તે દદા તરફ નજર રાખવી પડતી હતી કે રખેને તે દાંતવડે ઉખેડી નાંખે. જોકે હું તે દદાથી તેને જોરેમંદ સમજીને કાંઇ બીહતો ન હતો, પણ મને તેની તરફથી કાઇબી રીતના દગાની ધાસ્તી હતી; કારણ કે એવી દદાઓ પડી પડીબી કાંઇ કાંઇ કાવતરાં કરી શકે છે.

"હવે જેવી તે બેડી સાથે જમીનપર પડી કે મેં તેને ખુબ દમ ભરાવ્યો, કે હવે જો તે ઝાઝી ગડબડ કરશે તો મારા સઘળા સીપા-ઇઓને બોલાવી તેનું ઘર સળગાવી મુકીશ. તે હવે ધભરાઇ ખરી, અને વળી પેલી બેડી જોઇને તે મને હવે ખરેખર એક પોલીસ અ-મલદાર સમજવા લાગી. પણ જેવી તેની ન-જર પોતાના બેટા ફ્રાન્ક્યાપર પડી કે તેણે એક ભયંકર ચીસ પાડી. અને તેના બેટાનો મેં જાન લીધો છે એવું સમજી તે શોરબ-કોર કરવા અને પોતાના માંથાના વાળ પી-ખવા લાગી. પણ મેં તેને સઘળી સમજ પાડી, અને તેનો બેટો તો માત્ર બેશુદ્ધીમાં છે એમ જ્યારે મેં તેને કહ્યું ત્યારે તેને થોડી ઘણી ધીરજ મળેલી દેખાઇ. પણ વળી પાછો મેં તેને દમ ભરાવવો શરૂ કર્યો, અને તે જો હવે જરાકબી ચુંકે ચાં કરશે તો મને પોલીસને બોલાવવાની ફરજ પડશે એવી ધમકી આપી. અને ધરપચમાં ને ધરપચમાં બારણાં તરફ ધસ્યો. આ જોઇ તે બુઢી બીધી, અને કાલાવાલા કરતી ઢપે તે બોલવા લાગી કે મારીપર દયા કર, આ જોઇ હું પાછો ફર્યો. પણ પેલો ફ્રાન્ક્યો હજુર બેશુદ્ધીમાંજ હતો. તોપણ હુસ્યા-રીમાં આવતાં રખે વળી તે મારાં કામમાં પાછી ખલલ કરે તેથી બીહને મેં પાસે પડેલાં દોર-ડાંથી તેના હાથપગ મજબુતીથી સીકડીને

બાંધ્યા, ને પછી હું તે બુઢયા આગળ પાછો આવ્યો. ત્યાર પછી મેં તે બુઢીને કહ્યું કે તેણે મને સઘળી વીગત ખોટી જણાવી છે, પણ હવે વધુ વાર હું તેમ ચાલવા દેનાર નથી. તે જો વધુ વાર હવે જુઠું બોલી મને ઠગશે તો તેને અને તેના બેટાને બાંધીને પોલીસ ચોકીપર મોકલાવી દઇશ. પણ તેથી ઉલટું, તે જો મને ખરી વાત કેહેશે તો હું તેને મોટી બક્ષીશ આપીશ. મેં તેને વધુ એમ જણાવ્યું કે હું તેની પાસે ચોક્કસ રીતની મદદ માંગતો હતો, અને મારૂં કામ તે જો બરાબર પાર ઉતારે તો પેલા શખસે તેને જે સો રૂપ્યા આપ્યા હતા તેથી બમના તમનાં રૂપ્યા હું તેને આપીશ. આ સાંભળી તે બુઢીનો ચેહેરો હરખથી ખીલી નીકળ્યો. ત્રનસો રૂપ્યાની મોટી રકમે તેને હદબાહર ખુશી કરી, કારણ કે એવી સ્ત્રીઓને વારંવાર ઘણોજ લોભ રહેછે.

"તે હવે સીધી થઇ બેઠી, અને તેના હાથ છુટા કરવા મને અરજ કરી. પણ મેં તેની ઉપર ભરૂશો મેળ્યો નહીં ને તેનાં હાથમાંથી બેડી કાહડી નહીં. તે ત્યાર પછી બોલી કે તે હકીમું જાણે છે એટલુંજ નહીં પણ તેની પાસે ચોક્કસ પ્રકારની એવી ગોલીઓ બનાવી જાણવાનો હુંન્નર છે કે તે ગોલીઓ પાણીમાં નાખતાંજ ગુમ થઇ જાય છે, તે ગોલીઓની અસર બહુ ઝેરી હોય છે, અને હર રોજ બે મહીના સુધી લાગત જો કોઇને અકેકી ગોલી આપી હોય તો તે માણુસ ધીમે ધીમે તવાઇ તવાઇને અંતે માર્ગ લાગી જાય છે. તે ગોલી તે શખસના શરીરમાં એવી તો છુપી અસર કરે છે કે કાબેલમાં કાબેલ વૈદને પણ તેની ખબર પડતી નથી. ત્યાર પછી તેણે વધુ એમ જણાવ્યું કે ઉપલી ગોલીના ઝેરને મારી નાખનારી બીજી ગોલીઓબી તે બનાવી જાણે છે, તો જોકે બન્ને ગોલીઓનો દેખાવ એક એકને આબેહુબ મળતો આવે છે. આવી બે જાતની કીંમતી ગોલીઓ તેની પાસે તે વખતે મોજુદ હતી. ત્યાર પછી થોડો વખત ઉપર તેને ત્યાં આવી ગયલા પેલા જવાન શખસ વીશે બોલતાં તેણે જણાવ્યું કે તે કાંઇ તેને ઓળખતી હતી નહીં. પણ તે શખસ એક એવા બુઝોરગ મુસલમીનની ભલામણ લઇ આવેલો હતો કે તેનો હુકમ તે તોડી શકેજ નહીં. તે શખસને પેહેલી જાતની ૬૦ ગોલી જોઇતી હતી, જે મેં તેને આપી અને તેના દામ તરીકે તેણે મને ૧૦૦ રૂપ્યા આપ્યા.

"હવે મી૦ બ્રાનસન, સારૂં થયું કે મેં પેલા ફાજ્યાને દોરડાંથી સીકડી બાંધી મેળ્યો હતો; કારણ કે તે હુસ્યારીમાં આવવા લાગ્યો અને પોતાની આંખ ઊગાડી તેણે પોતાની આસપાસ જોવા માંડયું. પોતાની માને સોનાની બેડીમાં સીકડાયલી જોઇ તેણે તેનું કારણ પુછ્યું, પણ તે બુઢીએ તેને ટુંકમાં સમજ પાડી એટલે તે દપત પડયો.

"ત્યાર પછી, તે જવાન તે ગોલી તેની પાસે શું કારણુ સર લઈ ગયો હતો તે બીના વીશે તે બુઢીને પુછી જોતાં તેણે ખોલાસો કર્યો કે એક ચોક્કસ આદમી તે શખસના કામની વચ્ચે આવતું હતું માટે તેનો નીકાલ કરવા માટે તેને તે ગોલી ખરીદવી પડતી હતી."

"વારૂ મી૦ એરચ," મી૦ બ્રાનસને અંહીંયા સવાલ કર્યો, "આ ગોલી ત્યારે તે શખસ કોણુને માટે લઇ ગયો તેની શું તમોને ખબર છે?"

"હા." એરચ બોલ્યો, "હું અટકળ કરી શકુંચ કે તે કોણુને માટે લઇ ગીયોચ. ત્યાર પછી મેં તે બુઢીને કહ્યું કે જો મને પેલી ઝેરના ઉતારવાલી ગોલી આપે તો હું તેને મોટું દામ આપી તેને કાંઇબી રીતની હરકત કર્યા વગર મારે રસ્તે સીધો ચાલ્યો જાઉં. સકીના બુ મારા કેહેવા પ્રમાણે કબુલ કરવા માત્ર એક સરતે તૈયાર થઇ. તે સરત એકે તેને મારે કદીબી ઉંગાડી પાડવી નહીં. તેના ઘરમાં મેં જે કાંઇ જોયું યા સાંભળ્યું હોય તે વીશેનો એક હરફ વટીક પણ મારે બાહર કાહડવો નહીં, અને તે કબુલાત પ્રમાણે ચાલવા માટે તેણે મને ગંભીરમાં ગંભીર કસમ આપ્યા જે મેં તુરત લીધા!

"ત્યારે પછી તે દદાના ફરમાવવા મુજબ હું મારી જગ્યાએથી ઉઠયો અને એકાંત ખુનામાં પડેલી મોટી પેટી ઉંગાડી, અને તેમાંથી એક સાધારણ કદની પતરાંની પેટી હું તેની આગળ ઉંચકી લઇ ગયો. ત્યાર પછી તેના હાથમાંની બેડી કાહડી નાખવાને તેણે મને અરજ કરી, અને મેં પણ હવે તેમ કરવાની જરૂર જોઈ અને તેને સંકડાસમાંથી મોકળી કરી. ત્યાર પછી તેણે પેલી પતરાંની પેટી ઉંગાડી, અને થોડોક વખત તેની અંદર જોયા કીધું. તે પેટીમાં સખ્યાબંધ નાહણા નાહણા ખાંચા પાડેલા મારી નજરે પડયા જે દરેક ખાંચામાં કાંઇને કાંઇ દવાની શીશીઓ પડેલી હતી પણ તે પેટીમાંથી નીકળતો દવાઇનો અજાયબ જેવો જોરાવર વાસ મારાથી લઇ ન શકાવાથી હું ત્યાંથી થોડેક દૂર એક લાંકડાંની પેટીપર બેઠો. ત્યાર પછી તે બુઢીએ પેટીમાંથી એક નાની દાબડી કાઢી અને તે ઉંગાડીને તેમાંથી થોડીક ગોલી કાહડી તે તેણે ગણી, અને તેમાં માત્ર ચાલીસજ હતી એમ તેણે મને હસીને કહ્યું. પણ મને તો ૬૦ ગોલી જોઇતી હતી. તેટલામાટે બીજી વીસ ગોલી કયાંથી મેળવવી તેના વીચારમાં હું પડયો, પણ તે બુઢીએ તુરતજ જાણે મારો ગુંચવાડો પારખી લઇને કહ્યું કે તે બીજી વીસ ગોલી મને સપાટામાં બનાવી આપશે તે જોઈ હું ખુશી થયો. ત્યાર પછી તેણે ચોક્કસ દવાઓ ચોક્કસ પ્રમાણમાં લીધી તેનો ભુકો કરયો અને બારીક છુંદી, એક પાણી જેવી પ્રવાહી દવામાં તે સઘળાંને મેળવ્યું ને પછી તેને મસલીને તેમાંથી બીજી વીસ ગોલી બનાવી આ સઘળું બનાવતાં તેને એક કલાક લાગ્યો.

"મેં ભારી ખુશાલી વચ્ચે તે ઝેર ઉતારનારી ૬૦ ગોલી લીધી, અને સંભાળથી મારાં ગજવામાં મેળી. ત્યાર પછી મેં તે બુઢીને ચેતવણી આપી કે મને છેતરયોચ એવું મને માલમ પડશે તો હું તેને જીવતી રેહેવા દઇશ નહીં અને સાથે લાગો તેના છોકરા કાજ્યાને પણ ફાંસીએ ચહડાવીશ. પણ તેણે અપીત્ર કોરીશના સોગંદ લઇ મને જણાવ્યું કે તેણે મને ખરેખરીજ મને જોઇતીજ ગોલી આપી હતી. ત્યાર પછી, મારી કબુલાત મુજબ મેં તેને ૩૦૦ રૂપ્યા આપ્યા અને વધુવાર થોભ્યા વના હું તે ઘર તુરતા તુરત છોડી ગયો.

"મારાં હોટેલમાં આવી લાગતાં મને ઘણી અકરવકર થઇ. જે જબરી શોધ મેં કરી હતી તે માટે હું બેહદ અજાયબ થવા લાગ્યો તોપણ મારા જીવને નીરાંત વળી નહીં. મારા ઓરડામાં હું એક દેવાના માણસની માફક આમથી તેમ ફરવા લાગ્યો. મેં ઉંઘવાની કોશેશ કરી, પણ મને ઉંઘ કેમે કરી આવી નહીં. હું પાછો ઉઠયો અને વળી પાછો સુતો. થોડોકવાર મને ઉંઘ આવી પણ તે થોડા વખતની. હું તરતજ જાણે જબકીને ઉઠયો તો સહવારૂં પડેલું મારી નજરે પડયું. ત્યાર પછી સહવારે નાસ્તો લીધા પછી હું મારા ઓરડામાં એક ચોપડી વાંચતો બેઠો હતો તેવામાં તો મને પકડવામાં આવ્યો અને ત્યાર પછી શું બન્યું તે તો તમોને રોશન છે."

"પણ એરચ, તે વખતે તમારા ગજવામાં ૩૦૦ રૂપ્યાની રકમ કયાંથી આવી ?" મી૦ બ્રાનસને સવાલ કર્યો.

"તે પણ તે બેડીની માફક એક અજાયબ જેવો એતેફાકજ બની ગયો. તે રૂપ્યા લાહોરની "પારસી લીબરલ કલબ"ના હતા કે જેનો હું સેક્રેટરી છું. હવે હું લાહોર શેહેર છોડી જનાર હોવાથી કલબના હીસાબના ૪૦૦ રૂપ્યા મારી પાસે વધેલા હતા, તે હું તે કલબના પ્રમુખ ધનજીશાહને હવાલે કરવા જતો હતો. પણ વાર, મી૦ બ્રાનસન, જ્યારે આ બુઢી દદાની સઘળી વાતથી મેં તમોને વાકેફ કર્યા છે તો હું આશા રાખું છું કે હું છુટું યા ન છુટું તોબી તમે મારાં ચોક્કસ કામમાં મને મદદ કરશો."

બ્રાનસને એરચને કોઇબી રીતની મદદ આપવાને કબુલાત આપી, અને તેને સધ્યારો આપી તે ભલો બારીસતર કેદખાનું છોડી ગયો.

પ્રકરણ ૬૮ મું.

સેસન્સ કોર્ટમાં બંધવાની તપાસ.

સેસન્સ બેઠી. પેહેલવેહેલો મુકદમો એરચનોજ હાથ ધરવામાં આવ્યો. સેસન્સનું દીવાનખાનું ઉલટમંદ લોકોથી ચીકાર ભરાઇ ગયું હતું. સરકાર તરફથી મુકદમો ચલાવવા માટે સરકારી વકીલ હાજર હતો. જેહામલ તરફથી અગાઉની માફક, મુકદમા પર દેખરેખ રાખવા માટે રીગલી બારીસ્તર હાજર હતો, જયારે બંધવા તરફથી તેનો કાબેલ ધારા શાસ્ત્રી મી૦ બ્રાનસન રજુ થયો હતો.

નામદાર જડજ આનરેબલ મી૦ પ્રીસકોટે ન્યાયાસાન ઉપર પોતાની બેઠક લીધા પછી એરચને બંધવાના પીંજરામાં લાવી ઉભો કરવામાં આવ્યો, પણ નામદાર જડજે તેનીપર મેહેરબાની કરી બેસવા માટે એક ખુરશી ત્યાં મેળવાનો હુકમ કર્યો.

સરેસ્તા મુજબ નવ ગ્રહસ્થની જ્યુરી ગોઠવાઇ. ત્યાર બાદ કોર્ટને મુકદમાની કેફ્યત અવ્વલથી તે આખર તુલીક વાંચી સંભળાવવામાં આવી પણ તે સઘળી વીગત વાંચનારને રોશન છે માટે તે ફરી વર્ણવવાની જરૂર રેહેતી નથી. ત્યાર બાદ સરકારી વકીલે પોતા તરફના પેહેલા શાક્ષી તરીકે મરનારના મીત્ર રીચી પેનને રજુ કર્યો.

તેણે સરકારી એડવોકેતની તપાસમાં સઘળી વીગતો જણાવ્યા પછી બ્રાનસને તેની ઉલટપાલટ તપાસ નીચે મુજબ કરી.

બ્રાનસન—તમોને અને મરનારને બંધવા સાથે પેહેલી ઓળખાણ કયારે થઇ?

શાક્ષી—દીલ્લીહના સ્ટેશન ઉપરથી અમોને તેની સાથે પેહેલી ઓળખાણ થઇ.

સ૦—દીલ્લીહના સ્ટેશનપર આવવાની તમારી મતલબ શું?

જ૦—અમો હીંદુસ્તાનની મુસાફરીએ નીકળ્યા હતા, અને તે દરમયાન દીલ્લીહ જઇ લાગ્યા હતા અને ત્યાંથી અમે લાહોર ખાતે પાછા ફરતા હતા.

સ—વારૂ, તે વખતે તમારી પાસે કીયા વર્ગની ટીકીત હતી?

જ—પેહેલા વર્ગની.

સ—ત્યારે તમોને બીજા વર્ગનો આશરો શા માટે લેવો પડયો?

જ—જગાનો તંગાસને લીધે.

સ—તમો જેવા બંધવાના વર્ગમાં જઇ લાગ્યા ત્યારે ત્યાં બંધવા સીવાએ બીજું કોઇ હાજર હતું કે?

જ—હા. આ પેલા વાણ્યા ગ્રહસ્થ જેઓ અંહીંયા બેઠા છે.

અને રીચીએ અંહીં પેલાજ વાણ્યા તરફ આંગલી કરી કે જે લાહોર જતી ત્રેનમાં એરચની સાથે મુસાફરી કરતો હતો.

સ—જેવા તમે બીજા વર્ગમાં દાખલ થયા ત્યારે બંધવો શું કરતો હતો?

જ—તે ઉંધાયલો જેવો લાગતો હતો.

સ—મરનારને અને બંધવાને પંચાતી થઇ હતી તે બાબે તમારી પુર ખાતરી છે: ગાડીમાં પંચાતી થઇ તે વખતે તમે વચ્ચે પડયા હતા કે? અને પંચાતીની પેહેલે કોણે કરી હતી?

શાક્ષી પેહેલા બે સવાલનો જવાબ આપતાં બોલ્યો કે અમને ગાડીમાં તકરાર થઇ હતી અને તેમાં અમે ત્રણે જણે ભાગ લીધો હતો.

સ૦—તમે સરકારી વકીલની તપાસમાં જણાવ્યું કે તમોને ખરેખર પંચાતી થઇ હતી અને હવે તકરાર થઇ એમ ફેરવીને શું કામ બોલો છો? વારૂ, પંચાતીનું મુળ કારણ શું?

સરકારી વકીલ અતરે વચ્ચે પડયો અને આવી રીતનો સવાલ પુછાવા સામે પોતા તરફથી વાંધો લેતાં કહ્યું કે, "મારા લોર્ડ આ સવાલને દેખઇતી રીતે હાલના મુકદમા સાથે કાંઇબી નીસબત નથી, માટે એ સવાલ તમારે પુછવા દેવો નહીં.

બ્રાનસન—મારા લોર્ડ, જ્યુરીના ગ્રહસ્થોની

મારે ખાતરી કરવી છે કે બંધવો લોકો સાથે કાંઇ વગર કારણે પંચાતી કરતો નથી.

નામદાર જડજ—પણ જુરીના ગ્રહસ્થોને તો માત્ર ખુનને લગતીજ જરૂર જોગી જુબાનીનું તોલ કરવું છે, માટે તમારો આ સવાલ નકામો છે.

બ્રાનસન—મારા લાર્ડ, મારે આ સવાલ ઉપરથી એટલુંજ પુરવાર કરવું છે કે બંધવાને પંચાતી કરવાનું વાજબી કારણ મળ્યું હતું, અને વળી મારે વધુ એમ પુરવાર કરવુંચ કે આવી રીતની પંચાતી ઉપરથી બંધવો આવું નીચ વેર કદીબી લએ નહીં.

આ ઉપરથી નામદાર જડજે શાક્ષીને ઉપલો સવાલ પુછવા દીધો હતો, જેના જવાબમાં તે બોલ્યો કે, "હું તમોને કહી ગયો કે જગ્યાની તંગાસને લીધે અમોને બીજા વર્ગમાં જવું પડયું હતું. બંધવો તે વખતે ઉપલી જગ્યાપર ઉંઘાયલી હાલતમાં હોય એમ માલમ પડતો હતો, જ્યારે તેની સામે આ વાણ્યા ગ્રહસ્થ પોતાનો બીસ્તરો પાંથરીને સુતા હતા. આ વાણ્યા ગ્રહસ્થને અમોએ નીચે આવવાને અરજ કરી, કારણ કે અમે થાકી ગયલા હોવાથી ઉંઘની અમને ભારે જરૂર હતી. વાણ્યો તરતજ હેઠળ ઉતરયો. ત્યાર પછી અમે બંધવાને પણ તેવીજ અરજ કરી, પણ તે સમજ્યો નહીં, અને સામી અમોને ગાળો દેવા લાગયો. અને મને જોરથી એક આંચકો માર્યો

સ૦—તમો તો તમારા કેહેવા મુજબ નીચે ઉભેલા અને બંધવો તો છેક ઉપર સુતેલો ત્યારે તે સુતો સુતો તમોને આંચકો મારે કેવી રીતે ?

સરકારી એડવોકેટ ?—મારા લોર્ડ, મારા કાબેલ મીત્ર મી૦ બ્રાનસન પોતાની તપાસથી બહુ વેગળા જાય છે તે ઉપર હું તમો નામદારનું ધ્યાન ખેંચવા માગું છું.

બ્રાનસન—મારા લાર્ડ, હું માનુંછું કે મારો આ સવાલ તદન ઘટીત છે, અને તેમાં વાંધા ભરયું કશુંએ નથી.

નામદાર જડજ—આ મુકદમો ખુનનો છે તે બીના સરકારી વકીલે ધ્યાનમાં રાખવાની છે, માટે મારા વીચાર પ્રમાણે મી૦ બ્રાનસન આવી રીતના સવાલો પોતાના કુલના બચાવ અર્થે યા તેનું નીર્દોશપણું સાબેત કરવાની મતલબથી પુછે તો તેમાં વાંધા જેવું હું કશું એ જોતો નથી. બંધવા તરફના ધારા શાસ્ત્રીને હરકોઇ રીતે પોતાના કુલનો બચાવ કરવાનો હક છે, પણ તે બચાવ ધ્યાનમાં લઈ બંધવો નીર્દોશ છે યા દોશીત છે તે નક્કી કરવાનું કામ જુરીના અપક્ષપાત અને કાબેલ ગ્રહસ્થોના હાથમાં છે એટલે બંધવા તરફના ધારાના હીમાયતીને એકબારગી પોતાની તપાસથી વેગળો પણ જવા દેવામાં આવે તો તેથી સરકારી વકીલને સંભવીત નુકસાન શું ખમવું પડવાનું છે તે હું સમજી શકતો નથી. તેટલા માટે હું ફરમાવું છું કે સરકારી વકીલે બ્રાનસનની શાક્ષીની ઉલટપાલટ તપાસમાં વારેઘડીએ વચ્ચે પડવું નહીં. તોપણ વળી મી૦ બ્રાનસનને પણ મારી ભલામણ છે કે તે પોતાની બાબદનેજ વળગી રેહેશે તો કોર્ટનાં વખતનો બચાવ થશે.

આ ઉપરથી મી૦ બ્રાનસને ફરીથી શાક્ષીને ઉપલોજ સવાલ કર્યો જેનો જવાબ તેણે નીચે મુજબ આપ્યો,

જ૦—હું બંધવાને સમજાવવા માટે ઉપર ચઢયો તેવામાં તેણે મને આંચકો માર્યો.

સ૦—તમે શું નીચે ઉભા રહી તેને સમજાવી શકયા નહીં ?

જ૦—નહીં

સ૦—તમોએ ત્યાર પછી બીજા સ્ટેશન ઉપર ફર્યાદ કરી કે ?

જ૦—નહીં. પણ સહરાનપુરનું સ્ટેશન આવતાં બંધવાએજ સામાં અમારાં નામ માંગ્યા.

સ૦—તમારૂં નામ તમે આપ્યું કે ?

જ૦—હા.

સ૦—મરનારનું નામબી તમેજ આપ્યું કે તેણે પોતે આપ્યું ?

જ૦—હું ધારૂંચ કે મેંજ આપ્યું હશે.

સ૦—તે ધારવાની વાત નહીં. તમે નક્કીપણે નહીં કહી શકો ?

જ૦—મને યાદ છે કે મેંજ મરનારનુંબી નામ આપ્યું હતું.

સ૦—તે વખતે ત્યાં કોઇ હાજર હતું કે ?

જ૦—હા. ગાર્ડ અને સ્તેશન માસ્તર.

સ૦–તેઓએ તમારાં નામ લખી લીધાં કે ?

જ૦—હા.

સ૦—ગાર્ડ અને સ્તેશન માસ્તર સીવાએ ત્યાં કોઇ બીજું હાજર હતું કે ?

જ૦—હા. આએ વાણ્યા ગ્રહસ્થ હાજર હતા.

સ—તેઓએબી પોતાનું નામ આપ્યું કે ?

જ૦—નહીં. બંધવાને તેના નામની જરૂર ન હતી.

સ૦—લાહોર આવ્યા પછી બંધવાએ તમારી સામે કાંઇ કાયદાપુર્વક પગલાં ભર્યાં હતાં કે ? તેના કોઇ વકીલ મારફતે તમોને કાંઇ નોટીસ મળી હતી કે ?

જ૦—નહીં. પણ તેની પાસે પુરાવો શું હોય જે—

બાનસન—હું જે પુછું તેનોજ જવાબ આપો. પુરાવો હોય કે ન હોય તેની સાથે તમોને કામ નથી. વખતે તેને કાંઇબી આગળ પગલાં ભરતો કોઇએ સમજાવ્યો હોય યા કદાચ તમે તેને માફી પત્ર પણ લખી આપ્યો હોય.

શાક્ષી—પેહેલી વાતની મને ખબર નથી. પણ અમોએ તેને કોઇબી રીતનો માફી પત્ર લખી આપ્યો નથી.

બાનસન—સરકારી વકીલની તપાસમાં તમે જે એવું બોલ્યા કે એ ચોક્કસ સાંહજે મરનારને અને બંધવાને ખટપટ થઇ તે વખતે તમે બંધવાની સાથેજ ફરવા જતા હતા. વારૂ તે વખતે તમારા બંધવા અને મરનાર સીવાએ બીજું કોણ હતું ?

શાક્ષી—મારો એક મીત્ર મી૦ જેફ્રી પણ તે વખતે અમારી સાથેજ હતો, અને તે વખતે બંધવાએ મરનારને જે રીતની ધમકી આપી હતી તે તેણે પણ સાંભળી હતી.

અત્રે બાનસને રીચી પેનની ઉલતપાલત તપાસ પુરી કીધેલી જાહેર કરી. બાદ સાક્ષી જેફ્રીએ સોગંદપર પોતાનો હેવાલ કહી સંભળાવ્યો ત્યાર પછી બાનસને તેની ઉલટ પાલટ તપાસ કરવા માંડી.

સ૦—તમે ત્રણે જણ તે સાંહજે કયાં જતા હતા ?

જ૦—શાહલીમર બાગ તરફ ફરવાની મકસદથી જતા હતા તેવામાં બંધવો અમોને સામેથી આવતો મળ્યો.

સ૦—તેને જોઇને તમે ઉભા રહી ગયા કે તમોને જોઇને બંધવો ઉભો રહી ગયો ?

જ૦—બંધવો તો ચાલી જતો હતો પણ મરનાર મારી તરફ ફરીને બંધવાની ચાલચલણ બાબે કાંઇ બોલ્યો તે જોઇ બંધવો ઉભો રહયો અને થોડોક વખત અમારી સામે તગર તગર જોયા કર્યું.

સ૦—મરનાર બંધવાની ચાલચલણ બાબે શું બોલ બોલ્યો તે તમોને યાદ હશેની ?

જ૦—તે એમ બોલ્યો કે બંધવો એક પક્કો રાસકલ છે.

સ૦—વારૂ ત્યાર પછી શું થયું ?

જ૦—બંધવો ત્યાર પછી લાલ પીલો થઇ ગયો અને બહુજ ગુસ્સામાં આવી તેણે મરનારને સખ્ત શબ્દોમાં ધમકી આપી.

સ૦—તેના બોલેલા શબ્દો તમોને યાદ હોવા જોઇયે.

જ૦—હા. તમે કહોતો હું તેનાજ શબ્દો કહું. મને તે બરાબર યાદ છે.

બાનસન—તે બાબે તમારી ખાતરી હોય તો જોઉં બોલો.

શાક્ષી—તે વખતે બંધવો નીચલા શબ્દો બોલ્યો હતો, "ઠીક છે, આ વખતે હું તુંને છેલ્લીજ ચેતવણી આપું છું. હું માંથાનો ફરેલ આદમી છું. મારા મનમાં જે આવશે તે હું તે વખતે બજા લાવીશ હું હવે કોઈની

દરકાર કરીશ નહીં. તું જો તારી દરકાર કરતો હોય તો ફરી મને ઉશ્કેરતો ના" આ તેના શબ્દો હતા, અને તે અંગ્રેજી ભાશામાંજ બોલ્યો હતો, કારણકે મરનારે શરૂઆત અંગ્રેજીમાંજ કરી હતી.

ત્યાર પછી અમો અમારી ફરવાની જગ્યાએ ગયા જ્યાંથી પાછું ફરતાં અમોને રાત્રે આઠ વાગ્યા.

આ બીજા શાક્ષીને પણ અત્રે વીદાય કરવામાં આવ્યો.

પ્રકરણ ૬૯ મું.

તપાસ ચાલુ.

ત્યાર બાદ મરનાર હીરામલના કાકા જેઠામલે પોતાની જુબાની નીચે પ્રમાણે આપી.

"હું લાહોર ખાતે રહુંછું. મારી આ શેહેરમાં તેમજ બીજા ઘણાંક શેહેરોમાં વેપારી પેઢી છે. થોડાક મહીનાની વાત ઉપર મેં એકાદ પત્રમાં કોઇ જવાનને વેપારી ચાકરી જોઇતી હતી એવી જાહેરખબર વાંચી. જાહેરખબરમાં લખવા મુજબ તે જવાનને વેપારી લાઈનનો પાંચથી વધુ વરશનો અનુભવ હતો અને પત્ર વેહેવારનો તેણે ખાસ અભ્યાસ કર્યો હતો તેમજ ઇંગ્રેજી ભાશા બહુ સારી રીતે લખી વાંચી જાણતો હતો. મને મારી પેઢી પર તેવા એક માણસની ભારે જરૂર હતી. મેં તુરતજ તે જવાનને મારી પેઢીપર એક જગ્યા આપવાની માંગણી કરી અને વળતો જવાબ મને તેની તરફથી એવી ઢપે મળ્યો કે તે લાહોર ખાતે આવવા બહુ ખુશી છે. તે જવાન કોઈજ નહીં પણ આ પીંજરાંમાં ઉભેલો બંધવો. ટુંકમાં, તે લાહોર ખાતે આવ્યો, અને મેં તેને પત્ર વેહેવાર ચલાવનારની જગ્યા આપી. પેહેલીજ સહવારે તે જ્યારે મારી સાથે વાતો કરતો બેઠો હતો ત્યારે તેની નજર મારા હીરામલ પર પડી. તેને એણે ઓળખ્યો, અને તે કેવા રીતે તેનું કારણ પુછતાં તેણે મને ત્રેનમાં બનેલી વીગતથી વાકેફ કર્યો" અતરે જેઠામલે એરચની સાથે પોતાને થયલી વાતચીતથી કોર્ટને વાકેફ કરી, પણ તેના ભત્રીજાએ અને રીચી પેને એરચને ખોટાં નામ આપી ઠગ્યો હતો તે વાત વીશેનો ઇસારો કરતાં તો તે ભુલીજ ગયો. વળી એરચને આગળ કાંઇબી રીતના પગલાં ભરતો તેણે અટકાવ્યો હતો તે વાતનાબી તે અખાડાજ કરી ગયો. ત્યાર પછી તે વધુ બોલ્યો, "બંધવા તરફ મારો વીશ્વાસ પેહેલેથીજ બેંચાયો, અને અનુભવપરથી મને માલમ પણ પડયું કે તે તેવા વીશ્વાસને લાયક હતો. હું તેને રફતે રફતે મોટી જગ્યા આપતો ગયો અને સેવટે તેને મારી પેઢીનો વડો મુનીમ વટીક બનાવ્યો, અને મારાં કાંઇ ખાનગી કામ સર કલકતા ખાતે પણ મોકલાવ્યો હતો. ત્યાર પછી થોડાક મહીના સુધી કારભાર મનમાનતો ચાલ્યો.

પણ પછી એક દીવસે મને એક કાગળ મુંબઈની એક ચોક્કસ પેહેડી ઉપરથી મળ્યો; તેમાં બંધવાની પરથી એકદમ વીસ્વાસ ઉઠાડી મેળવાની મને અરજ કરવામાં આવી હતી અને તેના ટેકામાં તે પત્રમાં એવું લખવામાં આવ્યું હતું કે તે બંધવો મુંબઇની પેહેડીને ઠગીને મારી તરફ નાહસી આવ્યો છે, તેણે નાણાંનો મોટો ઘોંટાલો વાર્યો છે વગેરે. તે પત્ર વાંચી હું બહુ ઘભરાયો. આજકાલ ઘણાંક લોક એમ ઠગવાનો ધંધો લઇ બેઠા છે એવું હું જાણતો હોવાથી મેં બંધવાને તે પત્ર દેખાડયો અને મારી પેહેડી સાથનો સંબંધ છોડવાને તેને મેં નોટીસ આપી. તે આ જોઇ બહુ અજાયબ થયો, પણ સામે થયા વગર તે મારી પેહેડી છોડી ગયો. હવે ત્યાર પછી એક રાત્રે મરનારે મને તેને બંધવાએ આપેલી ધમકીથી વાકેફ કર્યો. પેહેલો અને બીજો શાક્ષી જે શબ્દો બોલ્યો હતો તેજ સ-

ઘણું મને મરનારે પણ કહ્યું હતું. પણ મેં તેને સધ્યારો આપ્યો હતો અને બંધવાથી ડરવું નહીં એવી સમજ આપી. ત્યાર પછી શું થયું તે તમોને રોશન છે. હવે બંધવાએ મારીપર તેને ચાકરીથી ખરતો કરવા માટે વેર લેવા થકી મારા ભત્રીજાનું ખુન કરયુંજ હશે તેમાં કાંઇ શક નથી."

અત્રે બ્રાનસને શાક્ષીની ઉલટપાલટ તપાસ કરવાને ના પાડી.

ત્યાર બાદ કોરોનરની જબાની લેવાયા પછી બ્રાનસને તેની ઉલટપાલટ તપાસ કરવા માંડી.

સ૦—મરણ કેટલે વાગે નીપજ્યું ?

જ૦—તે હું ચોકસાઇથી કહી શકતો નથી. પણ ૧૦ અને ૧૧ વાગતાની વચ્ચે નીપજ્યું હોય.

સ૦—ગોલી લાગ્યા પછી કેટલે વખતે તે શું તમે ખાત્રીપૂર્વક કહી ન શકો ?

જ૦—ચાર પાંચ કલાક પછી.

સ૦—ત્યારે ગોલી બરાબર પાંચ અને સાતની વચ્ચે મારી હોય કેની ?

જ૦-તે બધું હું ખાતરીથી કહી શકતો નથી.

સ૦—વારૂ ગોલી દુરથી કે નજદીકથી મારવામાં આવી હતી ?

જ૦—મને બંદુકનો અનુભવ નથી. પણ ઘા બહુ ઉંડો હતો, એટલે લગાર દુરથી મારવામાં આવી હશે.

સ૦—વારૂ ઘા ઉપરથી તમોને માલમ પડયું હશેની કે ગોલી વાંકી ગઇ હતી કે સીધી ?

જ૦—હું ધારૂંછું ત્યાંસુધી તો ઘા સીધો ન હતો.

સ૦—ત્યારે તમારી ખાતરી છેની કે ગોલી વાંકીજ ગઇ હતી ?

જ૦—હા, તે બાબે મારી ખાતરી છે; કારણ ગોલી બાહર કાહડવાને માટે મને પાંસલીના ભાગપર લગાર હેઠળથી ચીરવું પડયું હતું.

અત્રે કોરોનરની ઉલટપાલટ તપાસ બ્રાનસને બંધ કરી, અને જરૂર પડવે તેને ફરીથી તપાસવા જણાવ્યું.

ત્યાર પછી હોટેલના મેનેજરની જબાની રજુ થઇ. આગળા શાક્ષીઓની માફક તેનીબી જબાની એરચની વીરૂધ્ધ હતી. તેણે જબાની આપતાં જણાવ્યું હતું કે, "ખુન થયું તેની સાંહજે બંધવાને મેં વીચારવંત ઢપે તેની બારીએ ઉભેલો દીઠો હતો તે વખતે કોઇ શખસને જોઈને તે અજબ જેવા સખુન બોલ્યો હતો.

સરકારી વકીલ—તે સખુન શું હતા તે તમે અતરે વીસ્તારીને કહી નહીં શકશો ?

શાક્ષી—મને થોડું ઘણું યાદ છે. બંધવો તે વખતે એમ બોલ્યો કે, "હમણાં તુલીક તો તું ફાવ્યોચ, પણ હવે તેમ બની શકશે નહીં. હવે તારી આખર નજદીક આવેલી લાગેચ." એવા સખુન બંધવો લગાર ઉશકેરાએલી હાલતે બોલ્યો હતો, અને ત્યાર બાદ પોતાના હાથમાં છતરી લઇ હોટેલ છોડી ગયો હતો.

બ્રાનસને ત્યાર બાદ આ સાક્ષીની ઉલટપાલટ તપાસ કરવાની જરૂર જોઇ.

સ૦—તમે તે વખતે બંધવાના ઓરડામાં શું કામ ગયા હતા ?

જ૦—હું કાંઇ તેના ઓરડામાં નહીં ગયો હતો, પણ તે તરફથી પસાર થતો હતો.

સ૦—વારૂ ત્યારે બંધવો જે તમે કહેલા ઉપલા સખુન બોલ્યો હતો તે તમારા સાંભળવામાં કેવી રીતે આવ્યા ?

જ૦—તે હું તમને કહું. જેવો હું તેના ઓરડા આગળથી પસાર થઇ જતો હતો તેવાજ તેના એ સખુન મારે કાને પડયા, અને તેના જેવા શાંત સ્વભાવના અને લાયકીવાલા આદમીને મોહોડેથી તેવા સખ્ત સખુન સાંભળી હું ઉભો રહી ગયો. અને જ્યારે બંધવો ઓરડો છોડી ગયો ત્યારેજ હું ત્યાંથી ગયો હતો.

સ૦—તમે બંધવાને શાંત સ્વભાવનો અને લાયકીવાલો જણાવો છો તે શું આધારે ?

જ૦—મારા જાતી અનુભવ પરથી હું બંધવાને પીછાણતો હતો અને તે મારાં આખાં હોટેલમાં સૌથી વધારે નરમાશવાલો અને ભલો

ખવાસનો હતો. પણ કોણુ જાણે તે શખસને જોઇને તે શા કારણુથી સખ્ત શબ્દો બોલ્યો.

સ૦—વારૂ બંધવો જે શખસને જોઇને ચોંકયો તેનો પેહેરવેશ કેવો હતો?

જ૦—તે હું બીલકુલ જોઈ શકયો નહીં. એક શખસને જોઈ તે ચીરડાયો હશે એવો માત્ર મને તે વખતે તેના બોલવાની ઢપ ઉપરથી શક ગયો.

સ૦—વારૂ બંધવો તમે કહોછો તેવા સખુન બોલ્યો હતો તેવીજ કીસમના સખુન તે અગાઉબી કદી બોલ્યો હતો કે?

જ૦—નહીં, મારા સાંભળવામાં તે સખુન પેહેલવેહેલાજ આવ્યા હતા.

સ૦—હોટેલના બીજાં તમારાં ઘરાક સાથે બંધવો કેવી રીતે વર્તતો હતો?

જ૦—બહુ ઉત્તમ રીતે. બધાંને તેની સાથે સારો એખલાસ હતો, અને કોઇબી તેને માટે કશીબી રીતની ફર્યાદ કરતું હતું નહીં.

અત્રે આ શાક્ષીની ઉલટપાલટ તપાસ પુરી કરેલી બાનસને જાહેર કરી, એટલે તે શાક્ષીનું પીંજરૂં છોડી ગયો.

પ્રકરણ ૭૦ મું.

"ગીલ્તી" કે "નોત ગીલ્તી ?"

અત્રે બચાવ તરફથી ત્યાર બાદ કેટલાક શાક્ષીઓ લાવવામાં આવ્યા.

પેહેલા શાક્ષી તરીકે પેલો વાણ્યો કે જે એરચનાજ કંમપારટમેંટમાં લાહોર જતી વખતે મુસાફરી કરતો હતો અને જે રીચીપેન અને મરનાર હીરામલની ધમકીથી દબી જઇ પોતાની સુવાની જગ્યાપરથી ઉતરી પડયો હતો, તે હતો.

"હું પ્રતીજ્ઞા લઈ જણાઉં છું સાહેબ," તે બોલ્યો, "કે હું કાંઇબી ખોટું બોલીશ નહીં. હું જોકે મુંબઇનો રેહેવાશી છું, તોપણ આજ કેટલુંક થયું વેપાર અર્થે લાહોર ખાતે આવી રહયો છું, અને આવી જાતની પંચાતીમાં આવી પડયો છું. મુંબઇથી ઠેઠ દીલ્લી સુધી બચારા આ ભલા પારસી સાથે મેં શાંતીથી મુસાફરી કરી, પણ પછી તે ઇશતીશન પરથી કોઇ બે સાહેબ અમારી ગાડી આગળ આવી લાગ્યા; એક ઉપર ચહડી આવ્યો, જ્યારે બીજો થોડીક મીનીટ ઇશતીશનપરજ ઉભો." અને શાક્ષીએ જે ખરેખરી હકીકત હતી તે જુબાનીરૂપે કોર્તને કહી સંભળાવી; પણ તે સઘળી હકીકત આપણે જાણયે છીયે એટલે અંહીંયાં તે ફરી વર્ણવવાની અગત રેહેતી નથી.

બચાવ તરફનો બીજો અને છેલ્લો શાક્ષી એક ઉમરે પુગેલો ફીરંગી ગ્રહસ્થ હતો. તેણે પોતાને એક બેન્દ માસ્તર તરીકે ઓળખાવ્યો અને બાનસનની તપાસમાં જણાવ્યું કે જે રાતે ખુન થયું હતું તેની સાંહજે બંધવો તેના ઘર આગળથી છતરી ઓઢીને પસાર થતો હતો, અને તેની ઉપર તેની તેમજ તેના બીજા સાથીઓની નજર પડતાં તેઓ બંધવાની તેવી વીચીત્ર ચાલ તરફ અજાયબીથી હસ્યા, કારણુ કે સાંહજને છેડે ન તડકું કે ન વરસાદ તે છતાં બંધવાને છતરી ઓઢવાનો શું સબબ હોય તે તેઓ સમજી શકયા નહીં. શાક્ષીએ એમ જણાવ્યું કે બંધવો તે વખતે શાહલીમર બાગ તરફ જતો ન હતો, પણ તેણે તે વખતે તદન જુદોજ રસ્તો લીધો હતો કે જ્યાંથી બાગ કરતાં તદન જુદીજ જગ્યાએ જવાતું હતું.

શાક્ષીએ અતરે રૂખસદ લીધી, અને બચાવ તરફનો મુકદમો પુરો થયો.

ત્યાર બાદ બાનસન બચાવ તરફથી પોતાનું ભાશાણુ કરવા ઉઠયો. તે વખતે કોર્ટમાં ગંભીર ચુપકીદી ફેલાઇ હતી, અને તે પોતાના ભાશાણુમાં કેવી રીતનો બચાવ આણે છે તે જાણુવા લોકો બહુજ ખાહેશમંદ થઇ રહયાં.

"નામદાર જડજ, અને જુરીના ગ્રહસ્થો," તેણે દમામદાર અને અસરકારક ઢપે બોલવા માંડયું, "બંધવા એરચ નાદીરશાહ ઉપર હીરામલ નામના મુલતાની જવાનનું ખુન કરવાનો અતી ગંભીર આરોપ સરકાર તરફથી મેળવામાં આવ્યો છે. સામી બોરદુ તરફથી જે જે શાક્ષીઓ લાવવામાં આવ્યા છે, તેઓએ જે જુબાની અત્રે પ્રતીજ્ઞાપર આપી છે, અને જેઓની મેં અત્રે ઉલટપાલટ તપાસ કરી છે તે સઘળી જુબાની બંધવા ઉપરનું ખુનનું તોહમત પુરવાર કરવાને, સામટી રીતે જોતાં સીધી યા આડકત્રી રીતે કામે કદાચજ લાગી શકશે. વળી સરકાર તરફથી પણ મુકદમાની કેફીયતમાં કબુલ કરવામાં આવ્યું છે કે બંધવાને માત્ર શક ઉપરથી પકડવામાં આવ્યો છે. એ ઉપરથી, તમે જુરીના ગ્રહસ્થોને ખુલ્લી રીતે સમજવાને બની આવશે કે આ મુકદમો બહુજ ગુંચવણ ભર્યો છે, અને બંધવા સામે જે જે જુબાની અત્રે રજુ થઇ છે તે ઘણી ખરી એવા ગ્રહસ્થો તરફથી અપાઇ છે કે જેઓ સંગત બંધવાને અનબનાવ હતો અને હાલમાં પણ છે. વળી બીજી એક અગતની બાબદ હું તમો ગ્રહસ્થોના મનપર ઠસાવવા માંગું છું તે એ છે કે ખુનની ખબર પેહેલવેહેલાં રીચીપેને સરકારને પુગાડી હતી, અને વળી પેહેલવેહેલો શક તો એણેજ બતાવ્યો હતો, અને માત્ર એના બોલવા ઉપરથીજ બધંવાને પકડવામાં આવ્યો હતો, જેમ બનવું જોઇતું હતું નહીં. વળી ત્રેનમાં બંધવાને મરનાર અને એક શાક્ષી રીચીપેન સાથે શા સંજોગો વચ્ચે મારામારી થઇ હતી તે ઉપરથી પણ તમારી ખાત્રી થઇ હશે કે કજ્યાની પેહેલ તે વેળા કાંઇ બંધવાએ કાહડી ન હોતી. તે વખતની મરનારની અને રીચીપેનની ચાલચલણ કેટલી બધી આપખુદી ભરી હતી તે પણ તમોએ આ વાણ્યા ગ્રહસ્થની જુબાની ઉપરથી જોઇ લીધું હશે. વળી બંધવો ચોક્કસ વખતે જે જે સખુન ઓચર્યો હતો તે સખુન પણ કંઇ એવા નથી કે જે બંધવાનો ગુનોહ પુરવાર કરવાને કામે લાગે. મરનારની સાથે બંધવાને પેહેલે ઘરથીજ બનતું ન હતું. પણ તેથી કાંઇ બંધવો મરનાર તરફ વેરભાવની નજરે જોતો હતો એમ મુદ્દલ ઠરતું નથી. ઉલટું, મરનાર બંધવાને વારેઘડીએ સતાવ્યા કરતો હતો, તે તેને વારંવાર ખીજવાટનું કારણ આપતો હતો, પણ તે સઘળું બંધવો ધીરજથી તેના મામાની શરમને ખાતર સાંખી જતો હતો. અને વળી છેલ્લી પંચાતી બંધવાને મરનાર સાથે થઇ તે વખતે પણ પેહેલી છેડતી મરનારેજ શોધી હતી. બંધવો તે વખતે ગુપચુપ પોતાને માર્ગે ચાલ્યો જતો હતો તેને સામું અપમાન કરી મરનારે મારામારીની પેહેલ કાહડી. તેને મરનારે એક રાસકલ અને ચોર તરીકે જણાવ્યો. બંધવાને મરનાર તરફનું આ કાંઇ પેહેલુંજ અપમાન ન હતું. તેને આગળ અનેક વાર મરનારે ખીજવાતનું કારણ આપ્યું હતું. પણ તે સઘળું તે મુંગે મોહડે સાંખી જતો હતો. પણ તે વખતે તે તેવું અપમાન સાંખી જાય તેવી હાલતમાં હતો નહીં. તેટલામાટે ઉશકેરાયલી હાલતે તે ચોક્કસ શબ્દો બોલ્યો હતો. પણ તેની અંદર તેણે કોઇ પણ રીતનો દ્રેશભાવ રાખ્યો હતો એમ તો કેહેવાઇ શકાયજ નહીં. કારણ કે તે શબ્દોનો તેવો હલકો અર્થ ઉઠી શકતો નથી. "હું તુંને આ છેલ્લીજ ચેતવણી આપું છું," એ શબ્દોનો ખરો અર્થ શું ? તે વખતે બંધવાની મતલબ એટલીજ કે આજ સુધી તે સઘળું અપમાન વગર ગુસ્સે થવે ખમી ગયો છે, પણ ત્યાર પછીથી તેમ થઇ શકશે નહીં. તેણે મરનારને માત્ર એવી રીતની ચેતવણી આપી હતી કે તે અપમાન છેલ્લુંજ સમજીને તેણે હવે ચુપ રેહેવું, અને તેવી રીતે તે જો નહીં વર્તશે તો તે પછી પોતાના મનમાં આવશે તે કરશે. અલબત બંધવો તે વખતે બહુ ઉશકેરાઇ ગયો હતો એ ખરી વાત છે. પણ તે કાંઇ વગર કારણે ઉશકેરાઇ ગયો ન હતો તે બીના આપણે ભુલી જવી જોઇતી નથી. તેને ઉશકેરણીનું તે વખતે મજબુતમાં

મજબુત કારણ મળ્યું હતું, અને તેવા સંજોગો વચ્ચે કોઇ પણ કીસમનું, અને ગમે તેવા ઠંડા સ્વભાવનું માણસ પોતાની ધીરજ ખોહી દયે અને ગુસ્સે ભર્યા સખુન બોલે તો તેમાં જરાકબી નવાઇ નહીં, પણ તેથી બીલકુલ એમ ઠરી શકે નહીં કે તેવા માણસની અંદરખાનેથી કાંઇ પણ રીતની બુરી મતલબ હોય. તેટલામાટે આ બાબદપર જુરીના ગ્રહસ્થોએ બહુજ ગંભીર વીચાર કરવાનો છે, અને પોતાનું મત દરશાવવા આગમચ બહુજ સંભાળ રાખવાની ભારે જરૂર છે.

હવે એક તદન જુદીજ અને બહુ અગત્યની બાબદપર હું જુરીના ગ્રહસ્થોનું ધ્યાન ખેંચવા માંગું છું. કોરોનરે પોતાની જબાનીમાં એમ જણાવ્યું છે કે ગોલી ૭ વાગતાને સુમારે મારવામાં આવેલી હોવી જોઇયે અને તેની અસરથી મરણ છેક પાંચ કલાક પછી નીપજેલું હોવું જોઇયે. હવે બંધવો લગભગ સાડા છ વાગતા સુધી પોતાના હોતેલમાં હતો, અને ખુન જે જગ્યાએ થયું તે જગ્યા તરફ તેના હોતેલમાંથી બહુજ ઝડપી ચાલે જતાંબી ખાસ્સો એક કલાક લાગે. એમ હોવાને લાધે ત્યારે તે ખુનવાલી જગ્યાએ જઇજ કેમ શકે? કારણકે તેને ઘોડેસ્વાર થઇ જતાં તો કોઇએ દીઠો નથી. પણ વળી જે શખસે બંધવાને પોતાના ઘર આગળથી પસાર થતો દીઠો હતો તે શખસે તો અત્રે પોતાની જુબાનીમાં એમ જણાવ્યું છે કે બંધવો તે વખતે શાહલીમર બાગ તરફ ન જતો હતો, પણ તદન જુદીજ જગ્યાએ તે જતો હતો, જ્યારે ખુન તો શાહલીમર બાગ નજદીક થયલું જણાવવામાં આવે છે. તેટલા માટે આ બાબદપર પણ જુરીના ગ્રહસ્થો એ બહુ ઉંડો વિચાર કરવાનો છે અને કાંઇ પણ અનુમાન ઉપર આવ્યા પેહેલાં તેઓએ એ બાબદપર બહુજ પકી મસલહત કરવાની છે.

કોરોનરે વળી એમ પણ કહ્યું છે કે મરનારને થયલો ઘા સીધો ન હતો, બંદુકની ગોલી કાંઇ નીચેથી ઉપર ગઇ ન હતી, પણ ઉપરથી વળણ લઇને તે નીચે ગયલી હોવી જોઇયે એમ કોરોનરના બોલવા ઉપરથી ઠરી શકે છે. હવે, જો એક માણસ ચોક્કસ ચીજ યા આદમી તરફ સીધીજ લાઇનમાં ગોલી મારવા ઇચ્છતો હોય તો તેને તે ચીજ યા આદમીની બરાબર ઉંચાઈમાં પોતાની બંદુક પકડવી જોઈયે, એટલે કે એક ઘોડેસ્વાર થયલા શખસને સીધો ઘા કરવા માટે તેનો ખુની પણ તેના જેટલીજ ઉંચાઇએ અને તેની માફક ઘોડેસ્વાર થયલો હોવો જોઇયે. પણ બંધવો તે વખતે તો પગે ચાલીને બાહર ગયો હતો. ઘોડા ઉપર તે તે વખતે સ્વાર થયલો હતો એવું બીલકુલ પુરવાર થયું નથી. તેટલામાટે તે ગોલી એક ઘોડેસ્વાર થયલા શખસે, પણ મરનારથી સેહેજ કદમાં ઉંચા શખસે છોડેલી હોવી જોઇયે. આ ઉપરથી તમો જરા ધીરજથી દરયાફ્ત કરશો તો તમારી બેશક ખાતરી થશે કે ગોલી મારનાર ધણી મરનારના જેટલીજ ઉંચાઇએ બેઠો હોય, યાને મરનાર તે વખતે જેમ ઘોડેસ્વાર થયલો હતો તે માફક ગોલી મારનાર ધણી પણ ઘોડેસ્વારજ હોવો જોઇયે, અને કદમાં તે મરનાર કરતાં સેહેજ ઉંચો હોવો જોઇયે. હવે બંધવાના કદ તરફ નજર પુગાડતાં નામદાર જડજ તેમજ જુરીના ગ્રહસ્થોને માલમ પડશે કે તે કાંઇ એટલા મોટા રાક્ષસી કદનો નથી.

હવે હું એક બીજી અગત્યની બાબદ ઉપર નામદાર જડજ તેમજ જુરીના ગ્રહસ્થોનું ધ્યાન ખેંચવા માંગું છું. જે રાત્રે ખુન થયું તેની સાંહજે હોટેલની બારીએ ઉભો રહી બંધવો કાંઇ ચોકકસ શબ્દો બોલ્યો હતો અને જે શબ્દો હોટેલના મેનેજરે સાંભળ્યા હતા તે શબ્દો બંધવાએ કોણને કહયા હતા તે સંબંધી તેમજ હોતેલ્લ છોડીને તે સાંહજે તે કયાં જવાનો હતો, પણ એક ચોક્કસ શખસપર બંધવાની નજર પડતાં તે આગળો બીજે ઠેકાણે જવાનો વીચાર પડતો મેળી પછીથી તે શખસની પુઠે શા સબબ સર ગયો તે બાબે હું થોડોક ખુલાસો તમો સન્મુખ કરવા માંગું છું.

બંધવાના માબાપ કોણ છે તે બીના તો એ પોતે જાણતો નથી. પણ તેને એટલું ખબર છે કે તેને એક મુંબઇના પારસી શેઠીયાએ પોતાને આશરે રાખ્યો હતો. લગભગ એકવીસ વરસની ઉમર તુલીક બંધવો તે પરોપકારી પારસીના કુટુંબ સાથ રહ્યા હતો, પણ ત્યાર બાદ ચોક્કસ સંજોગો વચ્ચે તેને તે કુટુંબ સાથે અનબનાવ થયો, અને તેને લીધે બંધવો મુંબઈ શેહેર છોડી લાહોર આવી વસ્યો. હવે બંધવાના સંબંધમાં એક માણુસ એવો આવ્યો છે કે તે બંધવાની નજરમાં એક જબરો કાવત્રાંબાજ ઠરી ચુકો છે, અને તેની લુચ્ચાઇ લફંગાઇભરી સઘળી વાતોથી બંધવો પુરતો માહીતગાર થઇ ચુકો છે. હવે ખુન જે રાત્રે થયું તેની સાંહજે તોહમતદાર પોતાના મીત્ર ખાનબાહદુર ધનજીશાહને મકાને જવા હોતેલની બારીએ તૈયાર થઇ ઉભો હતો, અને હજુર તો તે ઓરડો છોડી જવાની તૈયારીમાં હતો તેવામાં તેની નજર તે ચોક્કસ કાવત્રાંખોર શખસ પર પડી. તેને દેખતાંવાર બંધવાને શક ગયો કે વળી તે કાંઇ નવું કાવતરૂં રચતો હશે, અને તેટલાંમાટે તે એકદમ ઉશકેરાઇ જઇ બોલી ઉઠયો કે, “ઠીક છે, આજ સુધી તું ફાવ્યો છે. પણ હવે તેમ થવું મુશકેલ છે, હવે તારા દીવસ ભરાઇ ચુકા છે,” આ તેના તે વખતના બોલેલા શબ્દો હતા પણ તેની અંદર બંધવાએ એટલીજ મતલબ રાખી હતી કે હવે તે ચોકસ શખસનો પાપનો ઘડો ભરાઇ ચુકો છે માટે તે હવે વધુવાર પોતાના કાવાદાવામાં ફાવી શકનાર નથી. ત્યારપછી પોતાના મીત્ર ખાનબાહદુર ધનજીશાહને ત્યાં જવાનો વીચાર તેણે તુરતવેળા પડતો મેલ્યો, અને તે દગાખોર શખસ ક્યાં જાય છે અને શું કરે છે તે તપાસવાનો ઠેરાવ કરી તુરતાતુરત પોતાના હાથમાં છતરી લઇ હોટેલ છોડી તે બાહેર પડયો અને તે શખસની પુઠ પકડી. હવે બંધવો તેનું પાપ પકડવામાં ફતેહ પામ્યો, પણ તેની ખબર આપનાર ધણીએ બંધવાને ગંભીર કસમ આપ્યા છે કે કોઇ પણ સંજોગો વચ્ચે, તેણે તે ભેદ ફોડવો નહીં. અને માત્ર પોતાનું આપેલું વચન પાળવા માટે બંધવાને આટલું બધું ખમવું પડે છે. તેટલામાટે સઘળા સંજોગો ધ્યાનમાં લઇ તમે એવાંજ અનુમાન પર આવશો કે જેથી બંધવાને નીરાશ થવાનું કારણ રહે નહી.”

અત્રે બ્રાનસને પોતાનું ભાશણ પુરૂં કર્યું.

ત્યાર બાદ સરકારી વકીલે જે ભાશણ કર્યું તેનો સાર નીચે પ્રમાણે, “નામદાર જડજ અને જુરીના ગ્રહસ્થો, શરૂઆતમાં મારા કાબેલ મીત્ર મી૦ બ્રાનસને કહ્યું કે આ મુકદમો બહુજ ગુંચવણ ભર્યો છે તેની સાથે હું બીલકુળ મળતો થતો નથી. કારણ કે બંધવા સામે જેજે જબાની પડી છે તે સઘળી તેનો ગુનોહ બહુજ મજબુતાઇથી અને સેહેલાઇથી પુરવાર કરવાને કામે લાગે છે. બંધવાની તે રાતની ચાલચલણ સઘળી ભેદ ભરેલી પુરવાર થઇ ચુકી છે. તે રાત્રે તે ક્યાં ગયો હતો તે ખરી રીતે પુરવાર કરવાને તે નીશ્ફળ નીવડયો છે. વળી ચોક્કસ વખતે બંધવાને મોહડેથી જેજે શબ્દો બાહર પડયા હતા તે બરાબર મરનારનેજ લાગુ પડે છે, કારણ કે મરનારને બંધવા સાથે પેહેલે ધરથીજ અનબનાવ હતો એ બીના વગર શકે સાબેત થઇ ચુકી છે. ટુંકમાં બંધવા સામે પડેલી જબાનીજ એટલી તો ખાતરી પુર્વક છે કે મને હવે વધુ કાંઇ પણ બોલવાની જરૂર માલમ પડતી નથી. તેટલામાટે સઘળી વાતનો વાજબી નીર્ણય કરવાનું કામ હું જુરીના ગ્રહસ્થોની ડાહપણભરી મુનસફી પર છોડું છું.”

ત્યારબાદ નામદાર જડજે જુરીના ગ્રહસ્થોને મુકદમાની સઘળી કેફીયત ટુંકમાં કહી સંભળાવી તેમજ જે જે જબાની અપાઇ હતી તેની સમજણ આપ્યાબાદ જુરી પોતાનું મત બાંધવા “રીતાયર” થઇ.

કોર્ટના દીવાનખાનામાં ભેગું થયલું લોક જુરીનો અભીપ્રાય જાણવા હવે બહુ આતુર થઇ રહ્યું. જડજના ભાશણ પરથી તેઓ

કાંઇબી અટકળ કરી શકયા નહીં. લોકોની નજર હવે જે ઓરડામાં જુરીના ગ્રહસ્થો ગયા હતા તે તરફજ પડી રહી. પણ પા કલાક, અરધો કલાક અને કલાક વટીક પસાર થઇ ગયો, પણ જુરી પાછી ફરી નહી. લોક આતુરતા બહુજ વધવા લાગી. જુરીના ગ્રહસ્થો આટલો વાર સુધી શું મસલહત ચલાવતા હશે તે તેઓ સમજી શકયા નહીં. પણ વળી એક બીજો કલાક પસાર થઇ ગયો. જડજનીબી ધીરજ જાણે ખપી હોય એમ તેના દેખાવપરથી લાગ્યું. લોકોની ચીંતા પળે પળ વધવા લાગી. પણ અંતે બીજો એક કલાક વહી જવા બાદ જુરી પાછી ફરી. તાજ તરફના મુનશીએ જુરીના ફોરમેનને પુછવાથી તેણે જણાવ્યું કે "અમો બંધવાને ૬ વીરૂધ ૩ મતે જાણીજોઇને ખુન કરવાના આરોપ માટે તકસીરવાર ઠેરવ્યે છીએ."

આ સાંભળી લોકના મોહપર અજાયબ જેવો ફેરફાર થઇ ગયો, અને તેઓ જાણે એકદમ ઘભરાઇ ગયાં, અને નામદાર જડજ તરફ આતુરતા અને ચીંતાથી જોવા લાગ્યાં.

પણ જુરીનો અભીપ્રાય સાંભળી નામદાર જડજ બોલ્યા"ફોરમેન અને જુરીના ગ્રહસ્થો, તમે જાણોછો કે આ મુકદમો બહુજ ગુંચવણ ભર્યો છે. મારા વીચાર મુજબ તમોએ એકમત થઇ આવવું જોઇયે તેથી હું હુકમ કરૂં છું કે તમોએ ફરી એકવાર વીચાર કરવો."

"નામદાર જડજ," ફોરમેન બોલ્યો, "અમોએ પુખ્ત વીચાર કર્યો છે, અને હું ધારૂં છું, ત્યાં સુધી એથી સારા નીવેડાપર અમો આવી શકીશું નહીં.

"પણ તમારો એ અભીપ્રાય ખુન જેવા ગંભીર આરોપવાલા મુકદમા દરમ્યાન કદીબી ચાલી શકશે નહીં. મને માનવાને ત્યારે સબબ મળેછે કે આરોપનું ગંભીરપણું તમોએ બરાબર ધ્યાનમાં લીધું નથી માટે તમોને પાછું જવુંજ પડશે."

નામદાર જડજના હુકમથી અત્રે જુરી પાછી રીતાયર થઇ, અને લોકોના દીલમાં હવે જરાક લગાર આશા આવવા માંડી.

જુરી અરધા કલાકમાં પાછી ફરી, અને નામદાર જડજના પુછવાથી ફોરમેને જણાવ્યું કે, "અમારો આગળનો અભીપ્રાય ઠીક હતો. કારણ કે આ વખત અમો બંધવાને જાણીજોઇને ખુન કરવાના આરોપ માટે ૫ વીરૂદ્ધ ૪ મતે ગુનેહગાર ઠેરાવયે છીયે."

આ સાંભળી નામદાર જડજ બોલ્યા, "હું જ્યારે તમોને એકમત થઇ આવવા કહું છું, ત્યારે તમો તો સામા, અજબ જેવું છે કે, વધુ મત ફેર થઇ આવોછો. તમો જ્યાંસુધી એકમત થઇ આવશો નહીં, યાતો તમારો અભીપ્રાય બહુમતી હોશે નહીં ત્યાંસુધી હું તમોને છોડીશ નહી માટે બેહેતર કે હવે પાછા જાઓ."

અત્રે જુરી પાછી રીતાયર થઇ. કોર્ટમાંનું લોક હવે ખુબ રસપર ચહડયું. તેઓને હવે સોએ પચાસ તકા આશા આવી કે એરચ જરૂર છુટી જશે. બીજો એક કલાક ગયા બાદ જુરી પાછી ફરી. જુરીનો ફોરમેન જવાબ દેવા ઉઠયો કે લોકના મોઢાં હસ્તાં દેખાયાં; કારણ કે શું અભીપ્રાય આવશે તે વીશે લોકો તો આગમચથી અટકળ બાંધી બેઠાં હતાં, અને ફોરમેનને જવાબ આપવા માટે ઉઠતો જોઇ દરેક જણ પોતાની બેઠકપરથી ઊલટભેર ઉઠયું અહો પણ! ફોરમેન પુરેપુરૂં બોલી રહયો નહીં તેટલામાં તો આખાં દીવાનખાનામાં ઘભરાત મચી રહયો અને લોકના મોઢાંમાંથી અજાયબીની ચીસ વટીક પડાઇ ગઇ! "બંધવાને જાણીજોઇને ખુન કરવાના આરોપ માટે" ફોરમેન બોલ્યો, "અમો ૮ વીરૂદ્ધ ૧ મતે દોષીત ઠેરવ્યે છીયે. આજ અમારો સેવટનો અભીપ્રાય છે અને જો નામદાર જડજની ઇચ્છા વીરૂદ્ધતાના એકબી મતને વળગી રેહેવાની હોય તો અમોને મુકત કરીને તેઓએ બીજી જુરી ગોઠવવી અને બંધવાની તપાસ નવેસરથી ચલાવવી."

હવે લોક જે એરચની તરફેણમાં હતું તેઓ ફોરમેનનો ઊપલો જવાબ સાંભળી ચીસ વટીક પાડી ઊઠે તેમાં નવાઈ શી?

પણ જયારે લોકોની આશા એવી રીતે એકા-

એક ભંગ થઈ ગઈ, અને તે અજાયબીની ચીસ વટીક પાડી ઊઠયાં તો જેની વીરૂદ્ધ આ અભીપ્રાય આપવામાં આવ્યો હતો તેની હાલત તે વખતે કેટલી બધી દયાજનક થઈ પડી હશે? ગરીબ બીચારા એરચે આ હેબતનાક અને ગજબનાક અભીપ્રાય કેમ સાંભળ્યો હશે?

પણુ લોકોની આશાનું એક ઝાંખું કીરણુ હજુર સુધી નામદાર જડજના ચુકાદા પર લટકેલું હતું. પણુ આખરે જ્યારે નામદાર જડજે જુરીના બહુમતી મત સાથે મળતા થઈ કમનસીબ એરચને "ફાંસી દઈ મારી નાખવાની" ટેપ મારી ત્યારે લોકની જરા રતી પણુ આશા હતી તેનો સમુળો નાશ થઈ ગયો.

તે સાંભળીને ઘણાં ખરાં લોકોની આંખમાંથી નવધાર આંસુ નીકળી પડયાં સર્વે લોકના મોહ ફીકકાં મારી ગયાં, અને સૌ કોઇ ગરીબ બીચારા એરચની દયા ખાવા લાગ્યું. થોડીક મીનીટ સુધી તો કોર્ટમાં ગંભીર ચુપકીદી પંથરાઈ રહી. લોક જાણે સાવજ બની ગયું હોય તેમ નામદાર જડજ તરફથી એરચ તરફ અને એરચ તરફથી નામદાર જડજ તરફ જોવા લાગ્યું. સઘળાં જણુ હજુર સુધી પોતાની જગ્યાએ બેઠાં હતાં. પણુ માત્ર એક જણુ જાણે આવો દેખાવ જોઇ ન શકયો હોય તેમ ગુપચુપ કોર્ટનું મકાન છોડી ગયો. તે શખશ કોઇજ નહીં પણુ એરચની સામે મુખ્ય જુબાની આપનાર પેલા રીચી પેન હતો.

આખરે નામદાર જડજે આ ગંભીર ચુપકીદી તોડીને એરચને જે કાંઇ બોલવું હોય તે કેહેવાની છુટ આપી.

આ ઉપરથી એરચ પોતાની જગ્યા ઉપરથી ઉઠીને બહુ મક્કમ અવાજે બોલ્યો, "નામદાર જડજ, મારે કાંઇ ઝાઝું કહેવું નથી. પણુ આ છેલ્લી વેળા મને છુટથી બોલવાની તમોએ રજા આપી છે તે માટે તમો નામદારનો હું ઉપકાર માનું છું. મારીપર મેળવામાં આવેલો આ માહજબુન આરોપ જેની મેં કદી સ્વપ્ને પણુ વકી રાખી નહોતી તેનો હું ખુલ્લે ખુલ્લો ઇનકાર કરૂં છું અને મારી સત્યતાને આધારે કેહેવાને શક્તીવાન છું કે હું તદન નીર્દોશ છું. તોપણુ હું તેમ કરી કોર્ટનો વાંક કાહડવા માંગતો નથી, અને મારો ઇન્સાફ થયો છે તે સામે ફર્યાદનો પોકાર ઉઠાવવા હું માગતો નથી મારા નીર્દોશપણાં વીશે મારે એટલુંજ કેહેવુંચ કે જ્યારે ખરો ખુની પકડાશે ત્યારેજ સઘળી વાત ખુલ્લી થશે. મારી આવી હાલતમાંબી મને એક સધયારો છે કે એક ચોકકસ આસામીને દગાનો ભોગ થતો બચાવવા જતાં હું અજાણુપણે ફસ્યો છું, અને તે માટે હવે મારે મરવુંજ પડશે. તે માટે હું કોઇને દોષ દેવા માંગતો નથી. મારા કીસમતની વાત એ તો બની ગઇ તે બની ગઇ. તે રાત્રે હું કયાં હતો તે પુરવાર કરી નથી શકતો માટે દલગીર છું તેથીજ મને મારો જાન આપવો પડેછે. તે માટે મને બેવડી દીલગીરી લાગેછે. પણુ ખયર! જીંદગી કરતાં સત્યતાને વળગી રેહેવાનું મને વધારે ડાહપણુભર્યું લાગેછે."

એટલું બોલી એરચે પોતાની બેઠક લીધી. ત્યાર બાદ કોર્ટ બરખાસ્ત થઇ.

મુકદમો પુરો થયો અને એરચને ફાંસીની ટેપ મરાઇ તે દીવસથી બરાબર પંદરમો દીવસ તે સજા અમલમાં મેળવાનો ઠેરાવવામાં આવ્યો હતો.

પ્રકરણ ૭૧ મું.

મોતની તૈયારી!

Ah, never till life and memory perish,
Can I forget how dear thou art to me,
Morn, noon, and night wherever I may be,
Fondly I am dreaming ever of thee.—*James Lawson.*

એરચવાળો મુકદમો જે લોકોનું આટલું બધું ધ્યાન ખેંચી રહયો હતો તેનો આવો દલગીરી ભર્યો અંત આવેલો જોઇ સઘળા જણ ગરીબ બીચારા એરચની આ હાલત અને તેના આવાં તકદીર માટે બહુ દયા ખાવા લાગ્યાં. પણ સઘળા કરતાં બાહોશ અને ભલો બેરીસતર બ્રાનસન મુકદમાનું આવું દુઃખદાયક સેવટ આવેલું જોઇ ઘણોજ ખેદ પામ્યો કારણ કે સર્વે કરતાં એરચનાં નીર્દોશપણાં બાબે તેની વધારે ખાતરી થઇ હતી. પણ કાયદાની બારીકી આગળ તે લાઇલાજ થઇ ગયો હતો તે બીના વાંચનારે ખુલ્લે ખુલ્લી જોઇ લીધી હશે.

આ ભલા ઇંગ્રેજ બારીસતર બ્રાનસનને એરચે પોતાના વીસવાસમાં લીધેલો હતો એટલે પોતાના મરણ બાદ તેણે શું શું કરવું તેની તેને સઘળી સમજણ એરચે આપી. સરોના ખુના મરણ બાદ તે બુઢયા ઓરત સાથનો તેનો સઘળો ભેદ ઉઘાડો પાડી પોતાના નીર્દોશપણા બાબે દુન્યાની ખાતરી કરવાની અરજ તેણે બ્રાનસનને પેહેલાં કરી. ત્યાર પછી તેણે પોતાના અતલગના મીત્ર જાંહગીર પારખ ઉપર લખેલો એક પત્ર બ્રાનસનને હવાલે કર્યો, જે તેના મરણ પછી જાંહગીરને પુગાડવાને તેણે તેને ફરમાવ્યું. તે પત્રમાં તેણે લખ્યું હતું કે તેની ઉપર મેળવવામાં આવેલો ખુનનો આરોપ સદંતર ગલત હતો, પણ એક ચોક્કસ ખુલાસાની ગેરહાજરીમાં તે નીર્દોશ મારયો જતો હતો, અને તેના આગલાજ હરીફે આ વેળા પણ તેને આડકત્રી રીતે ફસાવી મારયો હતો. ત્યારબાદ તે પત્રમાં એરચે જાંહગીરની બેન ગુલાં વીશેનો ઇસારો કરી તે કોણને હાથ ફસી પડી હતી તે બીના ખુલ્લી કરી દીધી, અને ભવીસ્યમાં તે માણસથી ચેતીને ચાલવાને તેણે તેને ફરમાવ્યું હતું. બીજો એક ટુંકો પત્ર તેણે રૂસતમશાહપર લખ્યો હતો, અને તેમાં તેણે માત્ર એટલુંજ જણાવ્યું હતું કે જે માણસ તરફથી તમને આ પત્ર મળે તેના બોલવાપર સંપુર્ણ ભરૂશો મેળવો.

બીજો એક લગાર લાંબો પત્ર તેણે પોતાની પ્રેમી પ્રીયા કે જેના સંતાપજણક વીયોગથી તેને આટલું બધું અમથું ખમવું પડતું હતું તેની ઉપર લખ્યો. ઘણુજ દુઃખી દીલે તેણે આ પત્ર જેમ તેમ લખીને પુરો કર્યો હતો. તેમાં તેણે પોતાનો બંગલો છોડયા પછીની હાલતનું, અને ત્યારબાદ તેને કેવા કેવા સંજોગો વચ્ચેથી પસાર થવું પડયું હતું તેનું વીગતવારે બયાન કર્યું. એટલું લખ્યા પછી, પેલી "કમબખ્ત" રાતે તે કયાં હતો તેનું ટુંકમાં તેણે વર્ણન કર્યું, અને તે વાત તેનાથી આજસુધી છુપી રાખવાના કારણો તેમાં તેણે દર્શાવ્યાં. ત્યારબાદ પોતા ઉપર મેળાયલા ગંભીર આરોપ બાબેનો ઇસારો કરતાં તેણે જણાવ્યું કે ચોક્કસ વખત પછી તેને માલમ પડશે કે ઘણાંજ ભેદ ભર્યા સંજોગોને લીધે તેને કમોતે તદન બેગુનાહ મરવું પડયું હતું. વળી તેણે શીરીનને પેસીથી હમેશાં ચેતેલી ચાલવાની અને તેના દગા ફટકાની સામે પુરતી સાવચેતી રાખવાની તેણે મજબુત ભલામણ કરી હતી. ત્યારબાદ તેણે લખ્યું હતું કે, "મારી એકવારની વાહલી પણ હમણા મારી સામે વગર કારણે રૂથેલી શીરીન, દુઃખદાયક ખબર ધરાવનારો આ પત્ર તુંને મારા આ ભલા મીત્ર

મી. બ્રાનસન તરફથી હાથોહાથ પુગાડવામાં આવશે."—અને ખરેખર, એરચે આ પત્ર શીરીનને હાથોહાથ પુગાડવાની અને તેની સનમુખ પોતાનું નીર્દોશપણું સાબેત કરવાની બ્રાનસનને અતી ખાહેશમંદ અરજ કરી હતી, અને તે અતી ભલા અને લાયકીવાલા ઇંગ્રેજ બારીસતરે એરચની આ મરતી વેળાની ખાહેશ પાર પાડવાને વગર આંચકીએ કબુલ કર્યું હતું,—"એ ભલા બારીસતરે મને બચાવવાને જે કોશેશ કરી છે તેમાં તેને જોકે ફતેહ મળી નથી તોપણ એ ગ્રહસ્થે ખરા અંતઃકરણથી મારા જેવા નીરાધારની દાદ લીધી તે માટે મરતી વખતે પણ હું એનો આભારી છું. મારી પ્યારી શીરીન, પણ મારાં કમનસીબ કીસમતે દગાખોર શખસની ભોળવણીનો ભોગ થઇ પડેલી, ઓ ભોલી શીરીન ! આ કાગળ જયારે તુંને મળશે તે વખતે તો હું તે દાદારની દરબારમાં પુગી પણ ગયો હોઇશ ! પણ તું એમ ના સમજતી કે તારી યાદ વગર હું ગયો હોઇશ! નહીં ! નહીં! તુંજ પ્રીયાની યાદ, મારા મરણ બાદબી મારા મગજમાં જેમની તેમ તાજી રેહેશે. બીજું, મારા આ વીસવાસુ બારીસતરને ખુનવાલી રાત્રે હું કયાં હતો તે વીશેનો સઘળો વીગતવાર ભેદી ખુલાસો કહયો છે, અને તે ભેદ ચોકકસ વખત સુધી છુપો રાખવાના મેં એમને સોગંદ આપ્યા છે, કે જેવા સોગંદ મેં પણ કમનસીબે લીધેલા હોવાથી, તે મારો બોલ પાળવા માટે મને મારો જીવ આપવો પડે છે. પણ તે માટે હું જરાકબી દલગીર થતો નથી. મારા કીસમતમાં જે લખેલું હશે તેજ બનશે.

"મારી વાહલી શીરીન, આ કાગળ વાંચી તું બેહદ દુઃખી તેમજ અજાયબ થશે પણ તેના કરતાં વધુ દુઃખ તો મને આ બંધ્યાર અને અંધારી કોહડીમાં બેસીને મારી હંમેશની વાહલી પ્રીયા ઉપર આ કાગળ લખતી વખતે થાયછે. મારા મનમાં કેવા કેવા વીચારો આવે છે ! મારી આગળી સુખી હાલત મને કેવી યાદ આવે છે ! આગળા આનંદ વચ્ચે પંસાર કરેલા દીવસોની દીલખુશ યાદ મારી સન્મુખ કેવી આવીને ઉભી રહે છે ! હા ! નાહણપણમાં આપણે કેવાં સુખી હતાં ! કેવી કેવી મુજાહ કીધી હતી ! હા ! કયાં ગઇ પેલી રળીઆમણી રાત ! કયાં ગઇ પેલી ખુશનુમા જગંલવાદી ! અરે કયાં ગઇ પેલી સુખી ઘડી કે જે વખતે તેં મને નેહાયત આનંદ આપ્યો હતો ? કયાં ગયો તે બખતાવર દીવસ! અફસોસ! કયાં છુપાઇ બેઠો તારો મીઠો પ્યાર ? કયાં ગઇ મારી દીલની મુરાદ, મારી મનની આશ, મારી દીલપઝીર ખાહેશ ? ઓ ! એ સઘળું કયાં ગયું ? તેને બદલે તો આ અંધારી કોટડીમાં તારો દુઃખદાયક વીયોગ, આફત, અને મોત ડોળા ઘુરકતું ઉભું છે ! ફાંસીને માચડે ચહડી નામોશી ભર્યાં મોતે મરવાનો વખત નજદીક આવતો જાય છે! પણ મારાં આ ગમે તેવાં મોતના વીચારથી મને જેટલું દુઃખ નથી થતું તે કરતાં લાખો ઘણું દુઃખ મને તુંજ પ્યારીની જુદાઇથી થાય છે ! હું પોતે જાતે તારી મુલાકાત કર્યા વગર, મારી વફાઇ બાબે હું પોતે તારી ખાતરી કર્યા વગર મરૂંચ તેથી મને ઘણું લાગેચ ! એ જબરા ગમથી મોતના વીચારનો ગમ મને નજીવો સરખો લાગે છે. હું ખરા અંતકરણથી કહું છું મારી પ્યારી શીરીન, કે મોતનો મને ગમ નથી, મોતનો મને ડર નથી ! મારો ગમ માત્ર તારી જુદાઇનો છે ! મુંજ સાચા આશકની છાતીમાં તારી ઘાતકી જુદાઇની કટારી ભોંકાઇ છે તે હું બાહર કાહડી શકયો નથી તેથી મારૂં હૈયું ફાટ ફાટ થાય છે, અને જીગર ચીરાઇ જાય છે. ગમ બસ મને એનોજ છે ! એને લીધે હું ધારૂંચ, કે હું શાંતીથી મરીશ નહીં. મરતી વખતે મારા દીલની ખાહેશ મારા દીલમાંજ સદા રહી જશે તેથી મને અતયંત સંતાપ છુટશે ! પણ ખયર! કીસમત મારૂં! એમાં તું શું કરશે? એમાં હું શું કરીશ ? કોઇ શું કરશે ? તે બારે હક તાલાની નીમેલી ચીજોની વચ્ચે કોણુથી પડી શકાવાનું છે? પણ મારી વાહલી શીરીન, આટલે દૂર વેગથી પણ હું તુંને મારાં ખરાં

જીગરથી ચાહું છું અને ખરાં ખાલેસ દીલથી હું તુંને કહું છું કે તું જેમ ધારતી હશે તેમ હું તુંને બેવફા થયો નથી. એક પળ વાર પણ બેવફાઇનો વીચાર મારા ખ્યાલમાં આવ્યોજ નથી. શીરીન, મારી મરતી વખતની માત્ર એટલીજ દુવા છે કે ખોદા તુંને સુખી રાખે! છેલ્લા મેળાપ વખતે તેં મને ધીક્કારથી હરકાતી કાહડયો હતો તેથી મને અત્યંત દુઃખ લાગ્યુંય તો ખરૂં, પણ તેની હરખત નહીં. અરે તારો એક વારનો ચળકતો ચેહેરો જોવાની મને કેવી ઇચ્છા થાય છે! પણ નહીં. તારી મારી આંખ સામે આવી ઉભી રેહેતી મુર્તીજ પુરતી છે. તું મને જો બેવફા હજુર સુધી માનતી હોય તો હું તારૂં દીલ દુઃખવવા માંગતો નથી. તું કે જે મને અનીતીવાન અને દગાખોર ધારતી હતી, હા, તુંજ કે જેણે મારી ઉપરથી દીલ ઉઠાડી મેલ્યું હતું, તે કદી પણ આવા વખતમાં મારી મુલાકાત લએ નહીં, પણ ઉલટું અપમાન માની લયે, માટે તારી મુલાકાતની આરઝુ રાખી તુંને તારૂં દીલ કચવાવી દુઃખી કરવા માંગતો નથી. શીરીન, હું કંઇ અંહીં એકલો નથી. મને દીલાસો દેનારા મારી આસપાસ ઘણાં છે. મેં આજ સુધી કોઇનું બુરૂં ચાહયું નથી માટે મરતી વખતે મને સેહેજબી પસતાવો થતો નથી. જે કામ બજાવવા જતાં, હું આવી રીતે વગર વાંકે માર્યો જાઉં છું તે માટે હું જરાકબી દલગીર થતો નથી, કારણ કે તે કામ માટે હું કોઇબી ચીજનો ભોગ ખુશીથી આપતે. પણ અરે, મને છેલ્લે છેલ્લે અફસોસ એ ઉપજે છે કે મને જન્મની આપનારી મારી વાહલી માવતર અને મારા હકદાર બાપ વીશે કોઇબી રીતની ખબર મેળવ્યા વના મને મરવું પડે છે! સેવટે, મારી તુંને છેલ્લી અરજ એ છે કે તું સુખથી તારી જીંદગી ગુજારે, અને મારાં આ તકદીર માટે જરાકબી દલગીર થાય નહીં."

એવી રીતે "કમનસીબ એરચ" ની સહી સાથનો પોતાની પ્રીયાપર લખેલો આ દુઃખીભર્યો પત્ર તેણે બ્રાનસનને હવાલે કર્યો. ત્યારબાદ તેણે એક બીજી ઘણીજ અગત્યની બાબદ વીશે બ્રાનસનને જાણીતો કર્યો. તે બાબદ પેલી ઝેહેરવાલી ગોલી વીશેની હતી. પોતે જે ગોલી તે પેલી બુઢયાને ત્યાંથી લઇ આવ્યો હતો તે સઘળી તેણે બ્રાનસનને આપી, અને તે કોણને ખપમાં લાગશે તે વીશે તેણે તેને જણાવ્યું. પણ એરચના એ છેલ્લા ખુલાસાથી બ્રાનસન અજાયબીથી ગરકાવ થઇ ગયો, અને ભલા એરચની આવી ભલી ખાસ્યત જોઇ તે ભલો બારીસતર નેહાયત આનંદ પામ્યો, પણ તે આનંદ એરચનાં થોડા વખતમાં નીપજનારાં મોતનાં વીચારે તેના મનમાંથી તુરત દુર કર્યો.

પણ વાંચનાર, આ ગોલીનો વળી એવો તે કેવો ભેદ!

પ્રકરણ ૭૨ મું.

એક ઘોડેસ્વારનો અનુભવ! આશાનું એક ઝાંખુ કીરણ!

દીવસો પસાર થઈ જતા હતા, અને એરચનો દીવસ પણ નજદીક આવી પુગતો હતો. તે હવે કોઇની મુલાકાત કરતો ન હતો, અને પોતે સંતોશી હોવાને લીધે પોતાના નસીબ ઉપર ઝાહઝો વીલાપ કરતો ન હતો.

આ અરસામાં કાંઇબી જાણવાજોગ બન્યું ન હતું, સીવાએ કે એરચનો પેલો કટ્ટો હરીફ રીચી પેન પોતાનો બંગલો તેમાંનાં સરસામાન સુદ્ધાં વેચી નાખી લાહોરથી એકાએક બાહરગામ ઉપડી ગયો હતો, અને તે ક્યાં ગયો તેની કોઇને પણ ખબર પડી નહીં.

એરચને ફાંસી દેવાને દીવસ જોકે નક્કી થઇ ચુકયો હતો તોપણ બ્રાનસન કાંઇ ચુપ બેઠો નહીં. તે ખરા ખુનીને પકડી કાઢવા માટે રાત

દીવસ ખંતથી મંડયો હતો અને કાયદાની એક પણ બારીકી મેળવી લઇ એરચની ફાંસીનો દીવસ મુલતવી રાખવાનો તેનો મનસુબો હતો. તેને બે ચાર જુદા જુદા શખસો પર શક ગયો હતો, પણ વધુ તપાસ કરતાં એ શક તેને ખોટો માલમ પડયો હતો.

એરચની શજા અમલમાં આવવાની માત્ર એક દીવસ અગાઉ સુકરવારની સહવારે બ્રાનસન ઘોડેસ્વાર થઇ પેલી ખુનવાલી જગ્યાએ કાંઇ તપાસ અર્થે જતો હતો. જે ઘોડા પર તે સ્વાર થયલો હતો તે ઘોડો મરનાર હીરામલનો હતો અને તે બહુ તેજી હોવાને લીધે બ્રાનસને તે તેના મામા જેઠામળ પાસેથી ખરીદી લીધો હતો.

થોડેક રસતે ગયા પછી, અજબ જેવું છે કે, ઘોડો આગળ ચાલતો એકદમ અટકી ગયો. તેને આગળ ચલાવવાની બ્રાનસને ઘણીબી કોશેશ કરી પણ તેમાં તે ફાવ્યો નહીં. બ્રાનસને જોયું તો રસતો ખુલ્લો હતો, ઘોડાને અડચણ નડે એવી કોઇ પણ રીતની નડતલ તેની બાજુમાં હતી નહીં. તે ત્યારે એકાએક શા સબબ સર ઉભો રહી ગયો તે બ્રાનસન સમજી શકયો નહીં.

અંતે બ્રાનસન ઘોડાપરથી હેઠળ ઉતરયો, અને આસપાસ નજર પુગાડતાં તેને માલમ પડયું કે તેનો ઘોડો જે જગ્યાએ ઉભો રહી ગયો હતો તેની જરાક દુર એક બીજો ઘોડો એકાદ ઝાડની હેઠળ ઉભો હતો અને તેની પાસે તેનો ઘોડાવાલો પણ નજરે પડતો હતો. બ્રાનસને વીચાર કર્યો કે, "શું આપણે ચોપડીમાં વાંચયે છીયે કે ઘોડા એક રીતે એવા તો સાવચેત, ખારીલા, અને બીહકણુ હોય છે કે તેઓપર બેઠેલા તેઓના ધણીઓને એકમેક સાથે અનબનાવ હોય યા એકમેકને કોઇ પણ રીતની ઇજા કરતાં જોયા હોય તો તેઓ એકમેક આગળ કદીબી જાયજ નહીં, તે બીના શું મારી નજરે આ માલમ પડે છે? કારણ કે ઘોડાને હમણાં બીજી રીતની નડતળ કાંઇબી છે નહીં."

આવો વીચાર કરી તે પોતાના ઘોડાપર બેસી તેને પાછો ફેરવવાના ઠેરાવપર આવવા જતો હતો તેવામાં તેને કાંઇ યાદ આવ્યું હોય તેમ તે પેલા દુર ઉભેલા ઘોડાવાલા તરફ ગયો. તેને પુછતાં બ્રાનસનને તેની ભારે અજાયબી વચ્ચે માલમ પડયું કે તે ઘોડો અસલ પેલા રીચી પેનનો હતો કે જે તે પોતાના બીજા સઘળા સામન સહીત વેચી નાખી લાહોર શેહેર અચબુચ છોડી ગયો હતો! પણ જ્યારે તે ઘોડાવાલાએ બ્રાનસનના સવાલના જવાબમાં એમ કહ્યું કે તે અસલ રીચી પેનનો ઘોડાવાલો હતો ત્યારે કોણ જાણે શા સબબથી બ્રાનસનના મોહપર ખુશાલીની લાગણીઓ ખુલ્લી રીતે પ્રકત્તી નીકળી! બ્રાનસને તુરતજ તે ઘોડાવાલાના શેઠનું નામ પુછયું, અને તેની વધુ અને વધુ અજાયબી અને ખુશાલી વચ્ચે તેને કેહેવામાં આવ્યું કે તેના નવા ધણીનું નામ જોફ્રી સાહબ હતું કે જે એરચવાલા મુકદમાંમાં એક શાક્ષી હતો. બ્રાનસન આ જોફ્રીને સારી રીતે પીછાણતો હોવાથી ઘોડાવાલા પાસેથી વધું તેહેકીક હાલ તુરત ન કરતાં તે ઘોડો બંગલે પુગાડયા પછી પોતાને બંગલે આવવાની તેણે ઘોડાવાલાને અરજ કરી જે તેણે ખુશીથી કબુલ કરી, અને બ્રાનસન પોતાનો ઘોડો પાછો ફેરવી પોતાને બંગલે ગયો.

બ્રાનસનને પોતાને બંગલે કાંઇ ઝાહઝો વખત થોબવું પડયું નહી; કારણ કે જોફ્રી સાહેબનો ઘોડાવાલો ત્યાં તુરતજ આવી પોંહચ્યો. બ્રાનસનના સવાલોના જવાબમાં તેણે જણાવ્યું કે તે ઘણો વખતનો રીચી પેનને ત્યાં નોકરીએ હતો. તેના સાહબ રીચીને મરનાર હીરામલ સાથે ઘાડી મીત્રાચારી હતી, અને તેઓ વારંવાર શાહલીમર બાગથી દુર જ્યાં ખુન થયું હતું તે તરફના જંગલોમાં શીકારે જતા હતા. ખુન જે રાતે થયું હતું તેની સાંહજે રીચી તે જંગલમાં તે મુલતાની જોડે ગયો હતો, એવી ઘોડાવાલાને પકકી યાદ હતી, કારણ કે તેજ બપોરના તે પોતાના સાહબની

એક ચીઠ્ઠી હીરામલને પુગાડવા ગયો હતો અને હીરામલે તેનો જવાબ તુરત વાળ્યો હતો જે તેણે તેના સાહેબ રીચીને પુગાડ્યો હતો. ઘોડાવાલાએ વધુ જણાવ્યું કે તેનો સાહબ રીચી સાંહજનો પાંચ વાગતાનો ગયેલો છેક રાત્રે આંઠ વાગી ગયા પછી આવ્યો હતો. અત્રે બ્રાનસને તે ઘોડાવાલાને જરૂરની વખતે બોલાવવાનું કહી તેને રૂખસદ આપી.

પણ વાંચનાર, બ્રાનસન આ સઘળી હકીકત જાણી લઇ શું કરવા માંગતો હતો? તેનો શક રીચી પેનપર ગયો હતો. શીકાર કરતાં તેણે અજાણપણે હીરામલનું ખુન કર્યું હતું એવી તેની પકકી ખાતરી થઇ. વળી તે બહુજ ભરમ ભરેલી રીતે લાહોર શેહેર છોડી ગયો હતો તે બીનાથી તેનો એવી રીતનો ગુનેહ પુરવાર કરવાને પુરતી હતી એમ બ્રાનસનને લાગ્યું.

પણ લાહોરના વડા જડજની ખાતરી કરી એરચની શજા અમલમાં આવતી મુલતવી રાખવા તેની પાસે વધુ પુરવારી શું હતી? ખુનવાલી સાંહજે રીચી પેન અને મરનાર હીરામલ સાથે મળ્યા હતા એવી ખાતરી તેણે એદવોકેત જનરલ અને વડા જડજને કરવી હતી અને ત્યાર પછી એરચની શજા મુલતવી રાખવાનો હુકમ તેણે મેળવવો જોઇતો હતો.

બ્રાનસન કાંઇ વીચાર કરી પાછો પોતાના બંગલાની બહાર પડયો. તે જોફરી સાહેબ કે જેને રીચી પોતાનો બંગલો અને સંઘો સરસમાન વેચી ગયો હતો તેને ત્યાં ગયો. જોફરી તેને મળ્યો. પોતાની મુલાકાતનો સબબ તેણે તેને ટુકમાં સમજાવ્યો, અને રીચી પેનની બંદુક જોવા માંગી પણ જોફરીએ ભારે દીલગીરી સાથે બ્રાનસનની બેહદ નીરાશી વચ્ચે જણાવ્યું કે તે બંદુક પોતાની સાથેજ લઇ ગયો હતો.

તોપણ આટલી બીના જાણી લઇ તે એદવોકેત જનરલને જઇ મળ્યો, અને તેને સઘળી વીગતની સમજ પાડીને વડા જડજને બંગલે આવવા કહ્યું. પણ એદવોકેતે દલગીરી સાથે જણાવ્યું કે આ કાંઇ કાયદાની બારીકી હતી નહી. એટલી બીના ઉપરથી એરચની શજા વડો જડજ કદીબી મુલતવી રાખવાને હુકમ આપી ન શકે અને તેટલામાટે તેવી રીતની અરજ તેની સનમુખ કરવાની બ્રાનસનની માંગણી તેણે ના પાડી.

પ્રકરણ ૭૩ મું.

જીવ સતોસતનો મામલો! શું એરચ બચશે?

Hope, like the gleaming taper's light,
Adorns and cheers the way;
And still as darker grows the night,
Emits a brighter ray.—*Goldsmith.*

તે રાત્રે બ્રાનસનને બીલકુલ ઉંઘ આવી નહીં. પાછળી રાતે લગભગ પાંચેક વાગતે તે જાગૃત થયો, અને આંખ ઉગાડતાંને વાર જાણે તેને એકાએક કાંઇ યાદ આવી ગયું હોય તેમ તે ઝબકીને પોતાના પલંગપરથી એકદમ ઉઠયો "અરે, પણ થોડો વખત આગમચ મને એ બીનાની યાદ કેમ ન આવી? તોપણ કાંઇ નહીં ખુદા છે? હજુર મારા હાથમાં વખત છે, ઓ એરચ, તુંને બચાવવા માટે હજુર મારા હાથમાં ત્રણ કલાક બાકી છે."

એટલું પોતાના મન સાથ બોલી તે પરમાર્થી બારીસતર બંગલામાં કોઇને કહયા વના યા કોઇ પણ રીતનો ખોરાક લીધાવના માત્ર હાથ મોહડું ધોઇ લઇ પોતાના તેજી ઘોડાપર સ્વાર થઇ ઉતાવળે બાહર પડયો.

તે સીધો જોફરીને બંગલે જતો હતો, પણ

થોડાક વખતમાં વળી તેને કાંઇ યાદ આવ્યું હોય તેમ પાછો ફર્યો, અને બબડયો, "અરે, હું કેમ મુર્ખ બન્યો. મેં આટલો વખત નકામો ગુમાવ્યો!"

તેણે પોતાનું ઘડીયાલ કાહડી જોયું તો પોના ૭ થયા હતા. તે તરતજ એદવોકેટને બંગલે ગયો. એદવોકેટ તેને મળ્યો. તેની સાથે બ્રાનસને ઉતાવળે કાંઇ મસલહત ચલાવી, અને પોતા સાથે આવવાની તેને અરજ કરી જે તેણે ખુશીથી સ્વીકારી.

તેઓ પોતાના ઘોડા દોડાવતા પુર ઝડપમાં હીરામલના મામા પેલા જેહામળને બંગલે પુગી ગયા. જેહામળ તેઓને આવી અચાણક રીતે આવેલા જોઇ ઘભરાઇ ગયો. પણ એદવોકેટ જનરલે તેને ધીરજ આપી અને મરનાર હીરામલનો ઓરડો તપાસવાની અરજ કરી. જેહામળ તેઓને પોતાની સાથે મરનાર હીરામળના ઓરડામાં લઇ ગયો ત્યારબાદ જેહામળની રજા લઇ તેઓ તેની દેસ્ક ખોળાવા લાગ્યા, અને કાગજ્યાં પર કાગજ્યાં ઊહલાવ્યાં. હા! પણ શું થયું? બ્રાનસન એકાએક ચોંકયો! તે એકદમ ખુશાલીમાં આવી ગયો! તેના હાથમાં એક ચોક્કસ કાગજયું આવી ગયું કે જેથી તેના હરખનો પાર ન રહ્યો. એદવોકેટ જનરલે તે કાગજ્યું જોયું, તપાસ્યું અને તે પણ બહુ ખુશી થયલો દેખાયો.

હવે બંન્ને જણ ત્યાંથી નીકળી પોતાના ઘોડા દપતાવતા જોફ્રીને બંગલે આવી પુગ્યા, અને રીચીની દેસ્ક તેઓએ જોવા માંગી જોફ્રીને તે સામે જરાએ વાંધો નહતો. તેણે ખુશીથી તેઓને સઘળી પેટી, કબાત ખાનાં વગેરે દેખાડયું. પણ તેઓને કાંઇ ઝાહજી શોધખોળ કરવી પડી નહીં. તેઓની બેહદ ખુશાલી વચ્ચે તેઓને જે ચોક્કસ કાગજયું જોઇતું હતું તે મળી આવ્યું, જેનો કબજો લઇ જોફ્રીનો બાગાતુટા શબ્દોમાં ઉપકાર માની તેઓ તે બંગલો છોડી ગયા.

ત્યારબાદ તેઓ તરતજ વડા જડજને બંગલે ગયા અને એદવોકેત જનરલે તેને સઘળી બીના સમજાવી અને એરચની સજા અમલમાં આવતી મુલતવી રાખવાની બ્રાનસન બારીસતરની અરજ સામે પોતાને કાંઇ પણ વાંધો હતો નહીં એમ જણાવ્યું. નામદાર જડજે સઘળી હકીકત સાંભળી લઇ પેલાં બે ચોક્કસ કાગજ્યાં વાંચ્યાં, અને ત્યારબાદ થોડોક વખત તેણે વીચાર કર્યો, અને અંતે તેણે બ્રાનસનની અરજ કબુલ કરી, અને એરચને ફાંસી દઇ મારી નાંખતો અટકાવવાનો લેખીત હુકમ તેણે એદવોકેતને હવાલે કર્યો. અને તેજ વખતે સુચવ્યું કે વખત બહુ થોડો હોવાને લીધે, અને ફાંસી દેવાનો વખત આંઠ વાગતાનો ઠરાવેલો હોવાથી, અને હમણાં લગભગ સવાસાત થવા આવેલા હોવાને લીધે અતી ઘણી ઝડપમાં તેઓએ ફાંસી દેવાની જગ્યાએ જઇ પુગવું, અને તે લેખીત હુકમ ત્યાંના અમલદારને દેખાડી સજા મુલતવી રાખવાને ફરમાવવું.

તેઓએ હવે પુર ઝડપમાં ઘોડેસ્વાર થઇ છોડી મેલ્યું.

૭ કલાક ને દસ મીનીત થઇ હતી, અને હવે બાકી ૫૦ મીનીત બાકી હતી. આટલી મીનીતમાં પસાર કરવાનો છેટો બહુ લાંબો હતો અને આ બંન્ને પવનની મીસાલ દોડતા ઘોડેસ્વારોને આંઠ વાગતાની અંદર પોતાને ધારેલે ઠેકાણે જઇ પુગવાની આશા ન હતી. તોપણ નીરાશ થઇ તેઓએ આશા છોડી દીધી નહીં. તેઓએ એક માહાભારત કામ માંથે ઉઠાવ્યું હતું. પોતાના જીવની દરકાર કર્યા વગર તેઓએ પોતાના ઘોડા એકદમ છોડી દીધા. એક નીર્દોશ માણસને હાલ તુરત ફાંસી મરતો બચાવવાનું કામ તેઓને હાથ હતું. અને તેઓના ઘોડા પણ તેઓના ધણીનું કામ જાણે સમજી ગયા હોય તેમ અતી ઝડપથી દોડવા લાગ્યા. બ્રાનસનનો ઘોડો જોકે સહવારના પાંચ વાગતાનો રખડતો હતો તોપણ તે જેવોને તેવો તાજો દીસતો હતો. આવી રીતે પુર ઝડપમાં ઘોડા દોડતા જોઇ રસતાપરનું લોક બહુ અજબ થતું હતું અને તેનું ખરું કારણ તેઓ સમજી

શક્યાં નહીં. ખાનબહાદુર ધનજીશાહ લાહોર-વાલાનો બંગલો આવી લાગતાં ખાનસને તેમને બાહર બેઠેલા જોઇ ડોકું નમાવી ખુશાલીનો રૂમાલ કર્યો હતો, પણ તેની ખરી મતલબ ધનજીશાહ શેઠ સમજી શક્યા ન હતા. જોકે ખાનસન પુર ઉલટમાં અને ખુશાલીમાં આવેલો દેખાતો હતો તોપણ તેના મનની ફીકર કાંઇ કમતી ન હતી; કારણ કે વખત થોડો હતો અને છેટો બહુ લાંબો હતો. તોપણ જીવપર આવીને તેણે અને તેના સાથી એદવોકેત જનરલે પોતાના ઘોડા છોડી દીધા હતા. પણ થોડીક મીનીત ગયા બાદ ઘોડાઓને અને તેઓ ઉપર સ્વાર થયલા કાસદોને થાક ચહડેલી દેખાઇ. જેમ જેમ તેઓ તે જગ્યાની નજદીક આવતા ગયા તેમ તેમ તેઓને વધારે ને વધારે થાક ચહડતી ગઇ, અને એવી રીતે બહુ કીંમતી વખત પસાર થઇ જતો હતો. પોતાની એ મુસાફરી દરમ્યાન બન્નેમાંથી કોઇએબી પાછું ફરી જોયું નહીં. તેઓ હવે શેહેર છોડીને બહુ દુર નીકળી ગયા હતા. હવે તેઓને રસ્તો તદન સીધો અને એકાંત હતો તોપણ હજુર સુધી તેઓ પોતાની ધારેલી જગ્યાથી ઘણા દુર હતા.

રસ્તો સીધો અને સપાટ હોવાથી તેઓની નજરે દુરથી એક કાલું ઢાબું પડયું. (૭ ક–૫૫ મી.) હવે તેઓના હાથમાં માત્ર પાંચજ મીનીત બાકી હતી. તેઓને મનસે આ પાંચ મીનીત કેટલી બધી કીંમતી હતી ? તોપણ, તેઓ હીંમત હારી ગયા નહીં. આ પાંચ મીનીતનો વીચાર ન કરતાં હજુર તેઓના હાથમાં ૩૦૦ સેકંદ બાકી હતી એવા ખ્યાલથી સંતોશ પકડી તેઓએ પોતાના ઘોડાઓને ફરી એક વાર એડ મારી અને યાહોમ છોડી દીધા ! અરે, પણ વાંચનાર, ઘોડાઓ તે કાંઇ કેટલી ઝડપથી દોડે ? તેઓ થાકીને તદન ફીનફીન થઇ ગયા હતા ! અને હવે તે બન્ને ઘોડેસ્વારને પળ દર પળ ધાસ્તી વધતી જતી હતી તે એજ હતી કે રખેને તેઓના ઘોડા ફસડાઇ પડે ! પણ રફતે રફતે તે કાલું ઢાબું મોટું દેખાતું ગયું. અને અંતે તે ખુલ્લી રીતે માલમ પડયું. (૭ ક—૫૮ મી.) તે લોકનું ટોળું હતું. હવે ફકત એજ મીનીત બાકી હતી. તેઓ પળ દર પળ નજદીક આવતા ગયા અને લોકોનું ટોલું જે ફાંસી દેવાની જગ્યાએ ઉભું હતું તે તેઓને ખુલ્લી રીતે દેખાવા લાગ્યું. હવે બંન્ને જણે પોતપોતના રૂમાલ કહાડી ઉડારવામાં અને કોઇબી રીતે એક પણ પળ ખોહયાવના ત્યાંના લોકનું ધ્યાન ચોતરફ ખેંચવાની તજવીજ કરી. અરે, પણ ત્યાં ભેગા થયલા લોકનું ધ્યાન તેઓ તરફ ખેંચાયજ ક્યાંથી ? સંધાંની નજર તે વખતે માત્ર એક અને એકજ ચોજપર ચોંતી રહેલી હતી. પણ આ બંન્ને જીવપર આવેલા ઘોડેસ્વારોએ પોતાના રૂમાલ ઉડારવાનું ચાલુજ રાખ્યું. પણ ફોકત ! તેઓના રૂમાલે ત્યાંના કોઇ પણ શખસનું ધ્યાન ખેંચાયું હોય એમ તેઓને લાગ્યું નહીં. જો આથી એક નાના બાળક વતીકનું ધ્યાન ખેંચાતું હતે તો આ રૂમાલોને જશ મળતે ! પણ અફસોસ ! તેવી કશીએ નીશાણી તેઓને માલમ પડી નહી., અને વળી અધુરામાં પુરૂં એતેફાક ખાનસના હાથમાંનો રૂમાલ જે લાલ રંગની કીનારીનો હોવાને લીધે કદાચ કોઇનું ધ્યાન ખેંચનારો થઇ પડે એમ હતું તે તેના હાથમાંથી એકાએક ઉડી ગયો ! અને અફસોસ કે આ સઘળું માત્ર થોડીજ પળમાં બનવા પામ્યું !

પ્રકરણ ૭૪ મું.

શીરીનના માર્ગમાં પાછો પેસી ને પેસીજ.

૫૮ માં પ્રકરણને છેડે માહબ્લેશ્વર ખાતે પારખના બંગલામાં સાંહજને વખતે આપણે જાંહગીર, તેની બેન ગુલાં, શીરીન અને બેલા પટેલની ગુલને વાતો કરતાં છોડી આ-

બ્યાં છીયે. તેઓને આપણો એરચ યાદ આવવાથી તેઓ તેની જાબજા તારીફ કરતાં હતાં, અને ત્રણેના બાબમાં તેણે જે રીતની અમુલ્ય સેવા બજાવી હતી તે માટે તેઓ સઘળાં ઉપકારના શબ્દો ઓચરતાં હતાં તે આપણે જાણયે છીયે.

એકએકના ભેદથી તેઓ કેવી રીતે વાકેફ થઇ ગયાં હતાં તે આપણે પુરતી રીતે જાણયે છીયે. બેઉ જણને યાને ગુલાંને અને બેલા પટેલની ગુલને ફસાવવાની કોશેશ કરનાર શખસો એકજ ટોલીના અને એકએકના અંગત મીત્રો હતા તે વાત તેઓથી હવે વધુવાર છુપી રહી નહીં. પેસીએ ઝોહરાના સંબંધમાં અઝીઝનો ભાગ અને બાબને પારખની ગુલાંનાં સંબંધમાં કાવસ વાહડયાનો ભાગ ભજી બતાવ્યો હતો. એવી રીતે, એક પારસી થોડોકવાર મુસલમાન થઇ ગયો હતો. અને જે મુસલમાન જાતે હતો તેણે પોતાની બદ મકસદમાં ફાવવા માટે પારસીનો વેશ ધારણ કર્યો હતો.

બીજા ચાર દીવસમાં નશરવાનજી બેલાપટેલ પોતાની બેટી ગુલ સહીત મુંબઇ ઉપડી ગયા હતા. તેમની સાથેજ જાંહગીર પણ પોતાની બેન સંગાત મહાબ્લેશ્વર છોડી ગયો. તેઓને ગરીબ બીચારી ઝોહરા વીશે કાંઇજ ખબર મળી નહીં. પણ તેઓને તેવી રીતની ખબર મળેજ ક્યાંથી ? તે બીચારીનો નીકાલ તેના સગા ભાઇએજ કેવી રીતે કર્યો હતો તે આપણે સારીપેઠે જાણયે. ઝોહરા વીશે જાંહગીર બહુજ ચીંતાતુર બન્યો. કાંઇ પણ મદદ આવે ત્યાં સુધી ને તેનીજ આગળ કાં ન ઉભો રહયો તે માટે તે પોતે હવે પસ્તાવા લાગ્યો, પણ તેને થોડીજ ખબર હતી કે તે પણ જો ત્યાં વધુવાર ઉભો રેહેત તો તેનાબી ઝોહરાના જેવાજ હાલ થાત.

પેસી અને બાબન મુંબઇ ખાતે પાછા મળ્યા હતા. બંન્ને જણની હાલત એકસરખી હતી. બંન્ને જણે મહાબ્લેશ્વર ખાતે પોતાની બાજી અજમાવી જોઇ હતી, પણ તે બેઉ ઠગો પોતાની ધારણામાં નીશ્ફળ નીવડવાથી પાછા ફરયા હતા. આ ફટકો તે ઘાટકી માણસને જેવો તેવો હતો નહીં. એકની દીલની મુરાદ તુટી ગઇ હતી, જ્યારે બીજાના મનની આશા ભાંગી હતી.

શીરીનને પણ મહાબ્લેશ્વર ખાતેથી પાછું ફર્યાને લાંબો વખત થયો હતો. તોપણ જે હાલતે તે મહાબ્લેશ્વર ખાતે ગઇ હતી તે હાલતે પાછી ફરી નહીં. ઝોહરાને મોંઢે સાંભળેલા વીગતવાર ખુલાસાથી જોકે એરચનું નીર્દોશપણું તેની સન્મુખ સાબેત પ્રકટી નીકળ્યું હતું તોપણ કેટલાક પાછળથી બનેલા બનાવે અને એરચને લગતી કેટલીક આગળી યાદથી તેના મનની સ્થીતીમાં ફરી એકવાર મોટો ફેરફાર થઇ ગયો હતો. પારકી અને તે વળી પોતાના જેવી જવાન ખુબસુરત જવાન છોકરીઓને મોંઢે એરચની તારીફ થતી સાંભળીને શીરીનની છાતી તે વખતે કેવી લાગણીઓ વચ્ચે ધડકી હશે ? એરચની ભલાઇ, તેનો દયાળુ ખવાસ કેટલી બધી હદ સુધી લંબાયો હતો તે જ્યારે શીરીને જાતે જાણ્યું ત્યારે એરચને જે રીતનો ઘાતકી અને વગર વીચારનો ગેરઇનસાફ તે કરી બેઠી હતી તે માટે હવે તે ખરે મને પસતાવા લાગી અને હદ બાહર દુ:ખી બની રહી !

આવી લાગણીઓ વચ્ચે શીરીનને નીરાંત તે કયાંથી વળે ? તેના મનની હાલત તેના એક વારના પ્યારા આશકથી પોતાની મુર્ખાઇથી અને ગંભીર ભુલથી નીપજેલા દુ:ખદાયક વીયોગને લીધે કેમ સુધરી શકે ? અને જ્યારે તેનાં મનની હાલત ન સુધરે તો પછી તેના તનની હાલત તે કેમ સુધરે ? મહાબલેશ્વરથી પાછું ફર્યા બાદ તેની તબીયતે અસલના જેવુંજ રૂપ લીધું. તે પાછી માંદી પડી, અને પેસીને જોયાથી તે સામી વધુ દુ:ખી થતી હતી. પણ તે હવે આ સઘળું મુંગે મોંઢે ખમતી હતી. પેસી વીશે યા એરચ વીશે તે જે કાંઇ જાણતી હતી તે સઘળું તેણે છુપુંજ રાખ્યું હતું. પેસી રખે નવું કાવતરૂં રચે તેથી તે બીહતી હતી, અને તેનાથી દુરની દુર નાહસતી, હતી.

ઘરમાં વળી રતનબુઇ તરફથી પણ શીરીનને કશી રીતનો સધ્યારો ન હતો તે વાત આપણાથી અજાણી ન હોય. તેઓ શીરીનની આવી હાલતપર બારીક ધ્યાન આપતાં રહેતાં હતાં અને એક દીવસ લાગ જોઇ તેઓ શીરીનને સમજાવવા તેના ઓરડામાં આવી લાગ્યાં.

શીરીન તે વખતે પોતાના ગમમાં વીચાર કરતી એકાદ સોફાપર પડી હતી તે રતનબુઇને ન ધારેલાં પોતાના ઓરડામાં દાખલ થયલાં જોઇ સેહેજ અજબ થઇ હતી.

રતનબુઇએ શીરીનને સમજાવી. તે શું સબબસર દુઃખી થતી હતી તેનું કારણ તેઓએ તેને પુછ્યું, અને તેને લીધે તેઓ કેટલી બધી કાળજી ધરાવતાં હતાં એમ વધારયું.

પણ શીરીને કાંઇ તેનો સીધો જવાબ દીધો નહીં. તે પોતાના દુઃખમાંજ એટલી ગરકાવ હતી કે રતનબુઇના સવાલના જવાબ તે આપીજ કેમ શકે ? પણ રતનબુઇ કાંઇ ચુપ બેઠાં નહીં. શીરીનના દુઃખની તેઓએ પોતેજ અટકળ કરી અને તે માત્ર એરચને લીધેજ દુઃખી થતી હતી, અને તેની યાદ હજુર પોતાના મનમાંથી છોડતી ન હતી એમ કહ્યું, અને અંતે તેઓએ તેને પોતાના પેસી સાથે પરણવાને વીનંતી કરી.

"જોની દીકરી," તેઓ ગંભીર મોહ કરી બોલ્યાં હતાં, "મારા પેસુતનનાં તો કાંઇ કેવાં કેવાં સારે ઘરના માંગાં આયાંતાં તે બધાં મેં પાછાં ફેરવ્યાં. એ મરૂં મારા હીરાને વરે તો એના મામાનુંબી કેવું સારૂં મતછે. તું નકામી બોહોશ કરેચ, ને બીજાને લીધે અમસથકી દુઃખી થાયચ,"

"રતનબુઇ, મેહેરબાની કરીને ફરીથી મારી આગળ એ વાત ના કાહડતાં" શીરીન બોલી "હું અગાઉ પણ તમને એક વાર કહી ચુકી તેમ એની સાથે હું કદી, કદી પરણનાર નથી. મારી ઉપર તમે બસ એટલીજ દયા કરો."

"શીરીન, જો તું એમ ઉતાવળી ના થા." રતનબુઇ બોલ્યાં, "તું એમ કરીને હાથે કરીનેજ તારા હકમાં નુકસાન કરેચ. તારાં મોટાં નસીબ હોશે કે તુંને પેસી જેવો વેપારી વર મળે."

"બસ મેં તમોને ના કહ્યું કેની કે એ વાત મારી આગળ કરોજ ના ? તમારી શું બોહસ ! બસ તમે મારો આ ઓરડો છોડી ચાલતાં થાઓ" શીરીન એકદમ ગુસ્સે થઇ બોલી.

"એ શું બોલી ?" રતનબુઇ એવડાં ગુસ્સે થઇ બોલ્યાં, "મામલેસર જઇને આવું બોલતાં શીખી આવી કે ? તારી જબાં ધરીને ખેંચી કાહડશ, સમજી કે ? એ બધાં તારી પેલી આયાના કારસતાન ! ઉભી રહે, ભઇને કેહીને બધી વાતનો નીકાલ અબઘરી કરી નાખું ! એ તે શું કેહેવાય ? તું મને આજે અપમાન કરીને ઉભી રહી ! તું કોણ ? હું કોણ ? તારી ઉમર શું ? મારી ઉમર શું ? હું જાણુંચ કે તુંને તારા બાપે છગાવી મુકીચ, પણ હવે હુંબી જોઉંચ કે એવું કેમ ચાલેચ !"

એટલું રડી ઉઠીને રતનબુઇ ચાલતાં થયાં. અને ત્યારેજ શીરીનને જરા રતી કરાર વળ્યો.

પ્રકરણ ૭૫ મું.

એક પ્યાર ! તેનો અનાદર ! એક ભંયકર વીચાર !

જેવી શીરીનને ખબર પડી કે પારખવાલાં મુંબઇ પાછા ફર્યાં હતાં તેવીજ તે તેઓની મુલાકાતે ગઈ; કારણકે તેઓ પોતે શીરીનનાં કુટુંબથી અજાણ્યા હોવાને લીધે તેને ત્યાં પેહેલાં આવી શકે નહીં. શીરીનને જોતાં વાર બંન્ને ભાઇ બેન નેહાયત ખુશી થયાં, પણ તેના ગમગીન ચેહેરા ઉપરથી તેઓને પારખી કાઢતાં વાર ન લાગી કે તેના

મન ઉપર કાંઇ છુપી દલગીરી અસર કરતી હતી.

શીરીને પારખને ત્યાં આખો દીવસ ખુશી વચ્ચે ગુજારયો, અને પોતાની દુઃખી હાલત તે તેટલો વખત ભુલી ગયેલી દેખાઇ. ચર્ની રોડને દરીયે ગુલાંનાં કેહેવાતા ખાવંદ પેલા કર્પીણુ કાવસ વાહડયાએ જાંહગીરને દુબાડી મારવાની જે કોશેશ કરી હતી પણ જેની અંદર એરચની વખતસરની મદદથી જાંહગીર મરતો મરતો બચ્યો હતો તે વાત શીરીને બહુજ ભારી દીસે અને દુઃખી હૈડે જાંહગીરને મોંઢે પેહેલવેહેલી સાંભળી હતી, અને એરચની નીર્દોશ અને ઉમદા વર્તણુંકનો જાણે તેને આ વધુ પુરાવો મળ્યો. વળી મહાબલેશ્વર ખાતે જાંહગીરને થયલા અકસમાતથી પણ તે વાકેફ થઇ, અને ઝોહરા કયાં અને કેવી હાલત વચ્ચે છે અને તેઓની સાથે તે પોતાની કબુલાત મુજબ પાછી કેમ ન ફરી તે વીશે જાંહગીરને પુછી જોતાં તેણે શીરીનને જ્યારે એમ કહયું કે તેનો ત્યાર પછી કશો પણ પત્તો મળ્યો ન હતો ત્યારે તે ખબરે શીરીનને બહુ દુઃખી બનાવી. તે એ ખબર સાંભળીને કાંઇ જુદાજ વીચારમાં પડેલી દેખાઇ. શીરીન ઝોહરાની સલામતી માટે બહુ ચીંતાતુર બની. ખુદ તેના ભાઈ તરફથી તેને કાંઇ નુકસાન પુગશે એવો તો માત્ર ખ્યાલ વટીક શીરીને ન કર્યો. પણ આટલું તો તેણે નક્કી અનુમાન બાંધ્યું કે ઝોહરા કોઇ પણ રીતની મુશકેલીમાં આવી પડેલી હોવી જોઇયે; કારણ કે તેમ જો ન હોય તો પારખવાલાં સાથે મુંબઇ આવવાની તેણે જે કબુલાત આપી હતી તે કબુલાત તોડવાનો તેની પાસે બીજો મોતેબર સબબ શું હોય તે શીરીન સમજી શકી નહીં. જે માણસથી ઝોહરાને નુકસાન પુગવાની ફીકર શીરીન રાખતી હતી તે બાબન નહીં પણ પેસી હતો. પેસીનો ઝોહરા સાથનો સંબંધ તે અત્યાર અગાઉની જાણુતી હતી. તેટલામાટે ઝોહરા અને પેસી બંન્ને એકીજ વખતે મહાબલેશ્વર ખાતે હોવાથી રખેને પેસીએ તેને ત્યાં ન ધારેલી આવેલી જોઇને તેને પોતાના કોઇ નવાં કાવતરાંનો ભોગ કરી હોય ! આ શીરીનની મુખ્ય ધાસ્તી હતી.

જાંહગીર પારખે ઝોહરા વીશે મહાબ્લેશ્વર ખાતે છુપી રીતે તલાસ કરાવી હતી, પણ તે તેના ગુમ થવા વીશેની કાંઇબી ખબર મેળવી શકયો નહીં.

થોડા વખતમાં જાંહગીરનાં બેલાપટેલની ગુલ સાથનાં લગ્ન નકકી થયાં. આ ખબરે પેલા બંન્ને પીરાંનેપીરો પેસી અને બાબનને જબરા ચોંકાવ્યા.

આ લગ્નની વાત સાંભળી પેસી જાણે પોતાની ઉંઘમાંથી બીદાર થયો. શીરીન માટે રાહ જોતાં જોતાં હવે તેની ધીરજ વટીક ખપી ગઇ હતી, અને જે છોકરીના હાથનો તે પેહેલે તલબગાર હતો તેને બીજાને હાથ જતાં જોઇ તેને જબરો ખીજવાટ અને ફફરાટ લાગ્યો. પ્યાર જેવી વસ્તુને તે આગળ નજીવી જેવી ચીજ ગણીને ધીકકારથી હસી કાહડતો હતો તેજ પ્યારે આજે લાંબો વખત થયો તેની ઉપર ગલબો કરી, તેની છાતીમાં આગ સળગાવી ભારે અગન બરપા કરી હતી, અને તે સબબે તે બીલકુલ સુખી ન હતો. તેની ધીરજ હવે ઉડી જવા લાગી. વધુ વાર ખોટી આશામાં પડી રેહેવું ઠીક નહીં એમ તેને લાગ્યું. શીરીન સાથે તેટલા માટે એક છેલ્લી બાજી રમવાનો તેણે વીચાર કર્યો. તે હવે શીરીન સાથે કોઇ પણ રીતે એકલા અને એકાંત મેલાપની તક શોધતો હતો પણ કેટલોક વખત સુધી તેને એવી રીતની તક મળી નહીં. આપણે જાણયે છીયે તેમ શીરીન તેનાથી બનતાં સુધી દુરની દુરજ રહેતી ..., અને તેની સાથે "હા" યા "ના" ના જવાબ સીવાએ બીજી વાતો મુદલ કરતી નહોતી.

પણ પેસીને કાંઇ એવી રીતની તક મળે તે અગાઉ તેને અને રૂસતમશાહને એજ બાબદસર એક દીવસ વાતચીત થઇ. તેઓએ પેસીને ગંભીરાઇથી કહ્યું હતું કે શીરીનનાં ઓહસીલાં સ્વભાવ બાબે તેમની ખાતરી થઇ હતી, અને તે તેમના બે-

લને માન આપી પેસી સાથે પરણે એવો સંભવ હવે મુતલગ ન હોતો રહયો. તેટલામાટે હવે કોઇ બીજી છોકરી સાથે પરણવાની જરૂરયાત વીશે તેઓએ તેને ઘટતી સમજણ આપી. પણ રૂસતીમશાહની બેહદ અજાયબી વચ્ચે પેસીએ નીચે મુજબનો જવાબ આપ્યો હતો. "મારૂં દીલ માત્ર શીરીનેજ જીતી લીધું છે તે હું બીજી કોઇને પણ આપનાર નથી. મેં મારો ઠરાવ અગાઉથી કરી રાખ્યો છે. શીરીન સીવાય બીજી કોઇને બી નહીં પરણવાના મેં કસમ લીધા છે અને તે પર હું કોઇ પણ સંજોગો વચ્ચે પાણી ફેરવવા માંગતો નથી."

આ સાંભળીને રૂસતીમશાહ બોલ્યા, "આફ્રીન છે, દીકરા, તારા એવા મોટાં મન ઉપર! કાંઇ નહીં, ખુદા આપણો નેગેહેબાન છે, અને તે તારી દયાનત પ્રમાણેનું ફળ તુંને જરૂર આપશે!"

હા! રૂસતીમશાહ તે લુચ્ચાની જબાનદરાજીથી આ વખતબી કેવા ઠગાયા હતા! તેમને ક્યાંથી ખબર હોય કે જે શખસ તેમની દીકરીને ચાહતો હતો તેજ શખસ થોડાજ વખતમાં તેને કેવી કેવી ધમકી આપશે?

અને એ ધમકી આપવાનો વખત આવી પુગ્યો ખરો.

રૂસતીમશાહ સાથે પેસીને થયલી ઉપલી વાતચીત પછી બીજેજ દીવસે પેસીને શીરીન નજદીક પોતાની મતલબની બીના ખોલી જોવાની તક મળી ગઈ.

આરીસમાંથી ઘરે આવતાં તે જ્યારે દરવાજામાં થઇ બંગલામાં જતો હતો કે દુરથી તેણે ઝાડોની ઘટા વચ્ચે શીરીનને એકાદ બાંકપર બેઠેલી દીઠી. તે બંગલાને પાછળે રસ્તે ગયો, અને બનતી ઉતાવળે શીરીનની આગળ ચુપચુપ આવી ઉભો.

શીરીન તે વખતે એકાદ ચોપડી વાંચતી હતી તે પોતા સામે કોઇને ઓચીંતો ઉભેલો જોઇને ચોંકી અને પેસી પર તેની નજર પડતાંજ તે ચમકી!

પણ શીરીન ઝડપથી એકાએક બોલી ઉઠી, "કેમ વરી તું મારી પાસે માંગેચ શું? તારૂં બધું પાપ મારી આગળ હવે ઉગાડુ થઇ ગીયુંચ તે છતાં તું હજુર શરમાતો નથી? પણ મેં એ વાતની ખબર મારા બાવાને નથી કરી તેજ બીના ધ્યાનમાં લઇ તું અહીંથી દુર થા."

"બોલ પ્યારી, બોલ. તું નહી બોલશે તો કોણ બોલશે? અરે મારી વાહલી શીરીન, ધીરજથી મારો ખુલાસો—"

"તું અહીંથી જાયચકે નહીં? બસ મને અહીંથી જવાદો" શીરીન બહુજ ગુસ્સે થઇ બોલી અને પોતાની બેઠક પરથી ઉઠી તેણે અતીશય ધીક્કારથી પેસી તરફ જોયું.

"શીરીન, મારી પર દયા કર. મને એમ ગેરઇનસાફ ના કર. તારેજ મોહડેથી ઉપલા સખુન હું સાંભળુંચ, કેમકે તે મને મીઠામધ જેવા લાગેચ. પણ જો કોઈ બીજીએ મને એવી ધમકી આપી હોતે તો હું પેસી બચ્ચો તેનો બરાબર સ્વાદ ચખાડતે. પણ ઉપલા સખુન મારી પ્યારીને—"

પણ વચ્ચે શીરીન ગુસ્સાથી લાલચોલ થઈ બોલી ઉઠી, "ચુપ! બંધ કર તારી બદ જબાં! હું તારી પાપી વાતો સાંભળવા માંગતી નથી. તું અહીંથી જો નહીં જશે તો હું બુમ પારીને મારી આયાને બોલાવશ ને તારી ફજેતી કરશ."

"શીરીન!" અને અહીં પેસી અજબ જેવા ફેરવાયલા અવાજે બોલ્યો. શીરીન પણ તેની બોલવાની ઢબ જોઇ અચરત થઈ, "શીરીન! શું તું નથી સમજતી? શું તું મારા જેવાના પ્યારનો અનાદર કરવાની હીંમત કરેચ? પણ યાદ રાખજે, બદબખત છોકરી, કે મારો પ્યાર આખરે કાંઇ નવું નુકસાનકારક રૂપ પકડશે! અરે, તે એકદમ ધીક્કારમાં ફેરવાઈ જશે! પણ હું ઈચ્છુંચ કે તેવો સમો નહીં આવે. બોલ, હજુર બોલ. હજુર વખત છે. હું તને છોડીશ નહીં. હું તુંને બીજાને હાથ જવા દઇશ નહીં!"

"તારા બોલવાની મને જરાકબી પરવા નથી"

શીરીન આ વખત બહુ મક્કમ અવાજે બોલી, "હયે, નાપાક પેસી, હું અબળા જાતીમાં તારા જેવાં નફટના જેટલી બોલવાની હીંમત નથી, તોપણ મને આ વખત કહયા વના ચાલતું નથી કે જે મુસલમીન ઓરતને તેં ફસાવી છે અને જેને દગો કરીને એરચ સામે ઉશકેરવા મારી પાસે મોકલી હતી તેને ઇનસાફ આપ ને-" પણ શીરીને જોકે આટલું કેહેવાની છાતી ચલાવી હતી તોપણ તેની હીંમત ટકી શકી નહીં. તે વધુ બોલતી અટકી ગઈ અને પાછી હાંફતી હાંફતી બાજત પર બેસી ગઇ.

પણ પેસીપર તો તેની વીજલીક ઝડપથી જાદુઇ અસર થઇ ! તે સાંભળીને તે તો ડગાઇજ ગયો ! શીરીન કોણને માટે બોલતી હતી તે તો તે તુરત પામી ગયો. પણ તે અજાયબ થયો કે ઓહરાની વાત શીરીનની જાણમાં શી રવેશે આવવા પામી હશે. તે હવે ધભરાયો ખરો. શીરીનને હાથ તેના ભયંકર ભેદની ચાવી હતી તે જાણતાં તેનાં આખાં શરીરમાં ધુજરી છુટી. પણ આખરે તેણે પોતાનું મન શાંત કર્યું, અને તેજ પળે એક પાપી અને ભયંકર વીચારને પોતાના મનમાં દાખલ કર્યો. જાણે કાંઇજ બન્યું ન હોય તેમ તે તુરત બોલ્યો.

"બસ, શીરીન. મેં મારો ઠેરાવ કીધોચ. મારો ઉપલો ભેદ ખોલીને તેં મને તેમ કરવાની જાણે ફરજ પાડીચ. તે ઠેરાવ હવે હું જલદીથીજ અમલમાં મેળીશ. તારા છેલ્લા જવાબનીજ હું રાહ જોતો હતો. તું મને પાછળથી દોશ દેતી ના. હવેથી તુંને ચાહવાને બદલે મારાં ખરાં જીગરથી તુંને ધીક્કારીશ. તોપણ, જો હું તુંને હજુરબી કેવા પ્યારથી ચાહુંચ તેનો તું કાંઈ ખ્યાલ કર. જોકે મેં કાંઇ ધણી દીવારી જોઇ નથી તોપણ હું સારી દુન્યાને ઓળખુંચ. જાણ અયે શીરીન, કે મેં ધણીબી નાજનખરાંવાલી છોકરીઓ જોઇચ, પણ તેં જેટલી અસર મારી પર કરીચ તેટલી કોઇએબી કીધી નથી. પ્યારને હું અગાઉ હસી હસી કાહડતો હતો. મારી ઉપર ધણી છોકરીઓએ પ્યાર કીધો છે પણ હું મશકેરી કરતો હતો. પણ અંતે એ લલચાવનારી જાળ મારી પર બીછાઇચ. હું જે કોઈ આગળ નમું નહીં તે તારી આગળ નમુંચ. તુંજ પેહેલી છોકરી છે કે જેણે મને નીરાશ કર્યોચ!" અને અંહી પેસીએ ખીજવાટથી પોતાના દાંત પીસ્યા, "તુંજ પેહેલી કુમારીકા જેની ખુબસુરતીએ મને લલચાવ્યોચ ! હા, તુંજ પેહેલી નાર કે જેણે મારી છાતીપર પ્યારનો છાપ માર્યોચ ! પણ એ બધું કેટલો વાર ચાલશે ? આખેરસ એ બધું ધીક્કારમાં ફેરવાઇ જશે ! યાદ રાખ ! આ મારી ખોટી ધમકી નથી ! મેં ભલા ભલાને હંફાવેલા છે, તેમાં લે હું કબુલ કરૂંચ કે એરચને પણ મેંજ તારા રસતામાંથી કે મારા રસતામાંથી, કોઇનાબી રસ્તામાંથી દુર કીધો છે. પણ એ સઘળી વાત તારા પોતાના જોખમે તારા બાપને કેહેજે. પછી મારી પાસેબી ઉપાય કંઇ થોડા નથી. હું એક દગાખોર હીકમતી આદમી છું. હું તને ફાવી જવા દેનાર નથી. હજુરબી તુંને તક છે. તું જોઇયે તો વીચાર કરજે. જોઇશે તેટલો વખત તુંને વીચાર કરવા માટે આપીશ. હું દયા વગરનો આદમી છું. હું તારો કટ્ટો વેરી થઇ લાગીશ. તુંને યા એરચને હું જંપીને બેસવા દઇશ નહીં. અરે, કાંઇ નહીં તો આ તારી પુર જવાંની પર દયા કર, ને હજુરબી મને નીરાશ ના કર."

"દુર, દુર, હયે પાપી બદકાર ! દુર થા !" શીરીન ઉશકેરાઇને ધીક્કારથી બોલી ઉઠી, "આએ તારો પ્યાર ! હેફ છે, એવા પ્યારને ! લ્યાનત એવી મોહબતને ! હયે એરચને મારા માર્ગમાંથી દુર કરનાર બદહેલ લફંગા, યાદ રાખજે કે તારી ધમકીની મને દરકાર નથી !"

"કાંઈ નહીં હરકત નહીં. હું જોઉંચ કે મારી સામે થઇને તું સુખથી કેમ ફરેચ !"

અને અંહીં આ દુઃખભર્યા ઝગડાનું સેવટ આવ્યું.

પ્રકરણ ૭૬ મું.

નવાબજાદો દેલાવરખાન.

"તમારી બેટીની ઉમર કેટલી, સાહેબ?"

"મારી બેટીની ઉમર હમણાં લગભગ ૨૦ વરસની છે, નવાબ."

આ વાતચીત કરનાર બે શખસ કોણ છે તે જાણ્યા અગાઉ વાંચનારાંને અત્રે વાકેફ કરવાં જોઇયે કે ગયા પ્રકરણમાં બનેલા નાપસંદ બનવાને થોડાક દીવસ પસાર થઇ જવા પામ્યા હતા જે અરસામાં થોડી ઘણી જાણવા જોગ બીના બનવા પામી હતી. રૂસતીમશાહની તબીયત દહાડે દહાડે લડઠતી જતી હતી, અને શારીનને લીધે તેમની ગમગીની દીનપરદીન વધતી ચાલી. હરવું ફરવું તેઓએ સદંતર છોડી દીધું હતું, અને ઘણાજ અગત્યના કામ સીવાય તેઓ બાહર નીકળતા એ ન હતા. પેઢીનો દરેક રીતનો વહીવટ ચલાવવાનું કામ તેઓએ, ઘણુંકનું આપણે જાણ્યે છીયે તેમ, પેસીને સોંપ્યું હતું, અને તેની કુશળતાપર તેમનો વીસવાસ બેસી જવાને લીધે તે પ્રત્યે ચીંતા રાખવાનું તેમને કારણ ન હતું.

હવે ઉપલી વાત કરનારમાં એક તો રૂસતીમશાહ પોતેજ હતા જ્યારે બીજો તેમનો કોઇ નવી ઓળખાણનો મુસલમાન જવાન હતો. રૂસતીમશાહની પાસેનાજ એક ગંજાવર બંગલામાં તે એકલો રેહેતો હતો. તેની ઉમર તે લગભગ ૩૦ વરસની જણાવતો હતો તો જો કે તે દેખાવમાં તે કરતાં નાનો લાગતો હતો. તેના પોતાના કેહેવા પ્રમાણે તે એક નવાબના ખાનદાનથી ઊતરી આવેલો હતો, અને તે અસલ નીઝામહેદ્રાબાદનો વતની હતો, અને નવાબજાદા દેલાવરખાનને નામે ત્યાં જાણીતો હતો. તેના બાપના મરણ બાદ તે તેનો એકપુરો બેટો હોવાને લીધે અને તેની મા પણ તે આગમચની મરણ પામેલી હોવાથી તેની સઘળી બોહલી અસકયામતનો તે એકલો વારેસ થયો હતો. ત્યારબાદ તેણે ઉંચા તોખમની એક ખુબસુરત અબળા સાથે નેકા કર્યા હતા, પણ કમભાગ્યે બેજ મહીનાની મુદતમાં તેની તે દીલદાર આ દુન્યામાંથી વાસો ઉંઠાવી પેલી જેહાંન કુચ કરી ગઇ. આ બનાવ પછી તે ઘણો દુઃખી થઇ ગયો હતો, અને પોતાનું વતન છોડી તે હીંદુસ્તાનની મુસાફરીએ નીકળ્યો હતો, તે દરમ્યાન હમણાં તે ફરતો ફરતો મુંબઇ ખાતે આવી લાગ્યો હતો અને રૂસતીમશાહના બંગલાની પાસેનોજ બંગલો ભાડે લઇ ત્યાં રેહેતો હતો, અને આ વાત આપણે કર્યે છીયે તે વખતે તેને તે બંગલામાં આવી વસ્યાને માત્ર થોડાજ દીવસ થયા હતા. આ નવાબજાદો દીલાવરખાન બહુ સખી દીલનો અને દયાળુ ખવાસનો માલમ પડતો હતો અને દર શુક્રવારે તે નાતજાતના તફાવત વગર મોહતાજમંદોમાં નાણું વેહેંચતો હતો, અને તેવી સખાવતની માત્ર એક દીવસની રકમ કોઇ વખત એટલીતો હદ ઓળંગી જતી કે તે કેટલો માલેતોજાર હશે તે કોઇ અડકળી શકતું નહી. રૂસતીમશાહ અને તેમની આસપાસના બીજા શેઠીઆઓ નવાબજાદાની સખાવતનો ઝરો આવો ઉદારપણે વેહેતો જોઇ, અને તેનું ગરીબો તરફનું તારીફ લાયક હીત જોઇ બહુ અજબ થતા હતા.

આ નવાબજાદો પોતાને માથે એક રેશમી દુપેતો હમેશાં વીંતાળી રાખતો હતો અને તે તેના કેહેવા પ્રમાણે માથાપર આખો દીવસ રાખી મેલતો હતો, અને માત્ર રાત્રે ઉંઘવાની વખતેજ કહાડતો હતો. તે રેશમી દુપેતો તેની પ્રીયાની એક ભેટ હતી અને તે તેને એટલી તો વહાલી હતી કે તેનાથી એક પળભાર પણ છુટું પડવા તેને ગમતું ન હોતું.

માત્ર એક મહીનાની ટુંક મુદતમાં આ નવાબજાદો તેના લત્તાના શ્રીમંત રેહેવાસીઓનો બહુ માનીતો થઇ પડયો હતો, અને તેમાં રૂસતીમશાહ સાથે તો તેને અજબ પ્રીતી બાજી હતી. તેની અદબ અદા, ખરે એક નવાબને

છાજતી તાઝીમ તવાઝ અને તેની બોલવા ચાલવાની ગ્રહસ્થાઇ રીતભાત જોઇ રૂસતીમશાહ પેહેલીજ નજરે તેના તરફ ખેંચાયા હતા. વળી એ નવાબજાદો બહુ હસમુખો અને રમુજી સ્વભાવનો હતો, જે રૂસતીમશાહને ઘણું ગમતું હતું. પણ કોઇ કોઇવાર તેને તેની મોહરદાર યાદ આવતી કે શું તે તે કાંઇ એકાએક ગમગીન અને ઉદાસ ચેહેરેનો બની જતો હતો, અને કોઇ વાર પોતાંની સાથે વાત કરનારને તે અજાયબીમાં નાખતો હતો. રૂસતીમશાહને ત્યાં ઘણોખરો તે રોજ આવતો હતો, અને રૂસતીમશાહનો વખતબી તેની સાથે વાતો કરરવામાં ઠીક પસાર થઇ જતો હતો. શીરીન અને રતનપુઇ સાથેબી તે અવારનવાર છુટથી વાતો કરતો હતો અને તેમાં અલબત રૂસતીમશાહને જરાએ વાંધો હતો નહીં. પણ શીરીનનો દેખાવ જોઇ નવાબ પામી ગયો હતો કે તે કોઇ પણ રીતના છુપાં દુઃખમાં દબાયલી હોવી જોઇયે. શીરીન તેની સાથે વાતો કરવામાં બહુ મોજ લેતી હતી અને નવાબજાદો પણ જાણે તેનું દુઃખ ચેતી જઇને ખુશકારક વાતો કાહડતો હતો.

આ નવાબજાદાને ઝાડાપાનનો બહુ શોખ હતો, અને રૂસતીમશાહના વીશાળ બાગમાં ગમે તે વખતે ફરવાની તેને છુટ હતી. તેટલામાટે તે કોઈ કોઇ વેળા તો કોઈનીબી જાણ વગર બાગમાં છુપી રીતે આવીને ફરી જતો હતો, અને એવી રીતે આવવાનો તેને ઘણો શોખ હતો.

પણ આ નવાબજાદો દેલાવરખાન આજ કેટલાક મહીના થયા ખહીનાં રોગથી પીડાતો હતો, પણ પોતે આનંદી સ્વભાવનો હોવાને લીધે તે દુઃખની તે ઝાહઝી દરકાર કરતો જણાતો ન હોતો.

"આપની બેટીની ઉમર કેટલી સાહેબ ?" તે નવાબે પુછ્યું.

" મારી બેટીની ઉમર હમણા લગભગ ૨૦ વરસની છે, નવાબ."

આપણે આ પ્રકરણને મથાળે જોઇ ગયાં તેમ ઉપલો સવાલ નવાબજાદાએ રૂસતીમશાહને પુછયો હતો, શીરીનનો નાતવાન હાલ જોઈ નવાબે તેની ઉમર સંબંધી ધારયા કરતાં વધુ અટકળ બાંધી હતી. અને પોતાની ખાતરી કરવા માટે નવાબે ઉપલો સવાલ રૂસતીમશાહને કર્યો હતો.

"તમો કહોછો તે હું તો માની શકતો નથી." નવાબજાદો બોલ્યો, "સબબ કે એમના દેખાવપરથી તો એઓ વધારે ઉમરનાં માલુમ પડેચ. પણ વારૂ, હવે તમે એમને કેઠે પરણાવતા કેમ નહીં ?"

"હું તો તેમ ઘણુંબી ઇચ્છુંચ, પણ એજ સમજતી નથી. મારા ઘરમાંજ એક બહુ સારો છોકરો છે તેની સાથે હું એને ગોઠવવા માંગુચ, પણ અજબ છે કે એ પોતાની હટ છોડતી નથી."

"તમે તમારા પેસી વીશે બોલોચ, કેમ?" નવાબે પુછ્યું.

"હા. એ મને કેટલો બધો કામનો છે તે તો ફક્ત હુંજ જાણુંચ. મારી તનદરોસતી હમણાં ઘણી લઠડી ગઇચ તેવા વખતમાં તો એ મારો જમનો હાથ થઇ પડયોચ."

"ત્યારે તમારી બેટી એવાં સખસ સાથે પરણવાને શા સબબ સર ના પાડેછ તેની તમારે પેહેલાં શોધ કરવી જોઇયે."

"અરે સબબ શું ને વાત શું, નવાબ સાહેબ." રૂસતીમશાહ કાંઇક સંતાપથી બોલ્યા, "બસ એ છોકરી એક ચીજનો ખ્યાલ પકડી બેઠીચ તે મુકતીજ નથી. મેં એનેજ ઘણુંબી સમજાવ્યું પણ તેની અસર થઇ નથી.

"મારા બોલવાનો જો તમોને કાંઇ ગુસ્સો લાગે તો તેની તમારી પાસે અગાઉથી માફી ચાહુંચ, રૂસતીમશાહ શેઠ" નબાબ એકદમ ગંભીર થઇ બોલ્યો, "પણ મને કહ્યા વના ચાલતું નથી કે તમે પેસી સાથે તમારી બેટીને પરણવાની ફરજ પાડવામાં એક મોટી ભુલ કરી છે. હું કાંઇ એમ કેહેતોજ નથી કે તમારો પેસી ખરાબ ચાલનો છે, પણ હું તમારા મનપર એટલું ઠસાવવા

માંગુંચ કે એક માણુસ ગમે એવો સારો કાં ન હોય પણ તેના પ્રત્ય એક સ્ત્રીનું હેત મુદ્દલ ન હોય તો પછી તે સ્ત્રીને તેની સાથે પરણાવવી એ કામ ખરેખર ડાહપણથી બહુ વેગળું કહેવાય.

"અરે પણ એમાં શીરીનને તેથી ગેર ફાયદો શું થવાનો હતો ? એ પેસી કાંઈ બાહરનો છોકરો નથી. એ તો મને હંમેશનો કામનો છે, ને એના વગર મારૂં કામ મારી આવી લડડેલી તબીયતને લીધે કેદારનું અટકી પણ ગયું હોત."

"તે બધી ખરી વાત, સાહેબ, પણ મારા વીચાર મુજબ તમે જે પગલું ભર્યું છે તે બીલકુલ પસંદ કરવા જોગ નથી. તમે ખરેખરી રીતે જ્યારે પેસીની ચાલથી નાવાકેફ દીસો છો. એને સારૂં જેમ તમે બરાબર શોધ કરી નથી તેજ પ્રમાણે તમારી બેટીને એની સાથે નહીં પરણવાનો મુખ્ય સબબ શું છે તે પણ તમોને હજુર સુધી માલમ પડયું નથી એ લગાર દલગીરીની વાત છે."

"પણ ત્યારે શું તમે એમ કેહેવા માંગોચ કે મારીજ છોકરી મારાજ કેહેવાને મચક નહીં આપે ને મારા બોલવાની વીરૂદ્ધ જાય?" રૂસતીમશાહ લગાર ગુસ્સાની લાગણીથી ઉપલું વાકય બોલ્યા.

"નહીં સાહેબ, હું તેમ કેહેવા માંગતોજ નથી, પણ હું માત્ર એટલુંજ જાણવા માંગુંચ કે તમારી બેટીને તે પેસી સાથે શું કામ નથી પરણવા માંગતી તે વીશે તમે કદી પુછી જોયુંચ ?"

"મેં તેમ તો ઘણીબી વખત પુછયું, પણ તેનો તો જવાબ કાંઇ એ આપતીજ નથી, પછી હું શું કરૂં."

"ત્યારે તો સાહેબ મારી પકકી ખાતરી છે કે તમારી બેટીનું દીલ કોઇ બીજા શખસ પર હોવુંજ જોઇએ." નવાબે અટકળ કરી.

"હા, તેમ છે ખરૂં. એક નીમકહરામ પોરયાપર એનું દીલ લાગુંચ ખરૂં પણ તે પોરગો એના હાથને જરાકબી લાયક નથી કારણકે તેને મેં નાની ઉમરથી મારા આસરામાં લીધેલો ને મનેજ નાફરમાન થઇ મારૂં મકાન છોડી ગયોચ. હું ધારૂંચ ને મને માનવાને સબબ છે કે તેનોજ ખ્યાલ હજુર સુધી શીરીનનાં મનમાં છે."

"ત્યારે તો તમે એનો સબબ આખરે શોધી કાહડયો પણ હવે હું એટલું જાણવા માંગુંચ કે જે છોકરો તમોને નાફરમાન નીવડી ચાલી ગયો તેનું નામ શું, ખાનદાન શું અને ઉમર કેટલી?" નવાબે કાંઇ અજબ જેવી આતુરતાથી પુછ્યું.

"તેનું ખાનદાન મને કાંઇ ખબર નથી પણ તેનું નામ એરચ કરીને છે, ને તેની.—

"કોણ ? એરચ ?" અંહી નવાબ વચ્ચે પુકારી ઉઠયો.

"હા, કેમ, તમે તેને શું પીછાણોચ વારૂ ?"

"નહીં, નહીં." નવાબ પોતાની અસલ ઢપ પાછી અખત્યાર કરતાં બોલ્યો, "એ નામ મને જરાક વીચીત્ર લાગ્યું તેથી હું અજબ થયો. પણ વારૂ તમે એ શખસની ઉમર શું કહી ?"

"તેની ઉમર અત્યારે ૨૨ વરસની હોવી જોઇએ."

"પણ વારૂ, તમે કહોચની કે તે તમોને નાફરમાન થઇને ચાલી ગયો ? પણ તે કેવી રીતે તે હું જાણવા માંગુંચ."

"તે એમ કે એની એક રાતની ભેદભરી ગેરહાજરીનો સંતોશકારક ખુલાસો તે મારી નજદીક કે મારી બેટીની આગળ કરી ન શકયો. તેના કેહેવા પ્રમાણે તે ચોક્કસ રાતે તે કાંઇ ચોક્કસ કામસર ચોકકસ ઠેકાણે રોકાયલો હતો. પણ તે કેહેવાની તેણે મને સાફ ના પાડી. ટુંકમાં, તેણે મારા હુકમનો ખુલ્લે ખુલ્લો અનાદર કર્યો, ને મને કહ્યા વગર મારૂં મકાન છોડી ચાલી ગયો. તે દહાડેથી મારા જીવને ચેન નથી."

"પણ કાંએ નહીં તેની વાત તદન નીર્દોશ પ્રકારની હોય ? કાંએ નહીં પોતે તે કાંઇ અગતનાંજ કામસર રોકાયલો હોય?"

"પણ તે ગમે તે હોય. પણ તેવી કોઇ વાત મને કેહેવામાં એને અડચણ શું હતી? ગમે તેવીબી તે વાત કાંએ નહીં હોય પણ તે કાંઇ મારી તરફથી બાહર જવા પામતે નહીં."

"પણ જુઓ રૂસતીમશાહ શેઠ," નવાબ પોતાની બેઠક પરથી ઉઠી રૂસ્તીમશાહની તદન પાસેની એકાદ ખુરશીપર જઇ બેસતાં ધીમે સાદે બોલ્યો, "તમારા બોલવા પરથી હું એટલા સારપર આવ્યો છું કે તમારા તે એરચને કાંઈ ઘણુંજ અગતનું કામજ તે રાત્રે પડેલું હોવું જોઇયે. પણ વારૂ, તમે કાંઇ એરચની આબરૂ સામે શક ધરાવોચ?"

"નહીં, નવાબ, તેવું તો કશું એ હું ધારતો નથી. એરચની ચાલચલણ સઘળી રીતે જોતાં બહુ સારી હતી, અને દરેક રીતે તે કહ્યા સરનો હતો. પણ અજબ જેવું છે કે તે મને તે વખતે પેહેલીજ વાર નાફરમાન નીવડયો.,'

"ઠીક. હવે ત્યારે હું કહું છું તે સાંભળો. એરચ વીશે થોડું ઘણું હું જાણું છું, તેજ પ્રમાણે તમારે જાણવું કે તે તદન નીરદોશ છે એવી મારી પકી ખાતરી છે. પણ કાંઇ ચોક્કસ પ્રકારની ગેરસમજુતી અને કાંઇક કાવતરાંથી આ સઘળો ઘોંટાલો થવા પામ્યો છે. સાંભળો હવે હું તમોને કાંઇ બીજું કેહુંચ." એટલું બોલી નવાબ રૂસતીમશાહના કાનપર પડી કાંઇ ચોકસ શબ્દો બોલ્યો.

પણ તેજ વખતે રૂસતીમશાહ જબરા ચોંકયા! તેમની નજદીક જાણે વીજલી પડી હોય તેમ ચમકીને તેઓ એકદમ બોલી ઉઠયા.

"શું ગજબ! યા ખુદા! શું ભેદ! પણ તું કોણ? તું એ—"

"ચુપરાઓ!" અને અંહી નવાબે અતી ઘણી ઝડપથી રૂસતીમશાહના મોહપર પોતાનો હાથ જોશથી દાબ્યો અને તેમને વધુ બોલતા અટકાવી દીધા!

અને આપણે પણ અંહીં અટકી જઇશું.

પ્રકરણ ૭૭ મું.

નવાબની વીચીત્ર પુછપરછ.

આ નવાબજાદો દેલાવરખાન કાંઇ અજાયબ માણસ માલુમ પડતો હતો. તેનામાં કોણ જાણે કાંઇક એજમતી કરામત હોય તેમ તે પોતાની આસપાસના દરેકનું પોતાને માટે ઉંચું મત જીતી લેવાને શકતીવાન હતો. તે કોઇનેબી ગુસ્સે થવાનું કારણ આપતો ન હતો, અને અજાણપણેજ તેમ થઇ ગયું હોય તો તુરત પોતાની દલગીરી જાહેર કરતો હતો. તે ઉમરે જોકે નાનો હતો તોપણ એટલી વયમાં તેણે દુન્યાનો સારો અનુભવ મેળવ્યો હોય એમ તેની વાતચીતપરથી દીસ્તું હતું. તેની પાસે જરનું જોર પણ બહુ સારૂં હતું. અને કોઇ પણ કામ તે માથે ઉઠાવતો તો તે કર્યા વગર રેહેતો ન હતો. વાતચીત કરતી વખતે પણ તે ઠીક બાહોશી દેખાડતો હતો અને તેમ કરતી વખતે પોતાના કાન અને મોહું વાપરયા ઉપરાંત પોતાની આંખનો પણ ઉપયોગ કરતો જણાતો હતો, કારણ કે કોઇ પણ પ્રકારની ગોફતેગો દરમ્યાન તે સામા શખસના ચેહેરા ઉપર બારીક નજર રાખતો હતો, અને પોતાના બોલવાની તેની ઉપર કાંઇ અસર થાય છે યા નહી અને કાંઇબી અસર થવાથી તેની ગવાહી તેના મોઢાંપર કેમ માલમ પડી આવે છે તે બારીકીથી અને સાવચેતીથી તપાસતો હતો.

શીરીનની આયા માટે તેને અજબ જેવું માન હતું, અને તેની સાથે એવી તો આબરૂ દરકારથી વાત કરતો હતો કે બીજાંઓ તે જોઇ અજબ થતાં.

ગયા પ્રકરણમાં બનેલા બનાવ પછી બીજેજ દીને બપોરે તેણે શીરીનની આયાને પોતાને બંગલે તેડાવી હતી.

શીરીન વીશેની તે વખતે વાતો નીકળતાં નવાબે પોતાને એક કાબેલ હકીમ તરીકે જણાવ્યો અને ચોકકસ દરદો ઉપર ચોકકસ ઝાડપાલાની દવા આપવામાં તે પુર્વીણ હતો એમ વધાર્યું, અને તેટલામાટે તેની બાઇને યાને શીરીનને શાનું દુ:ખ હતું તેનો ખુલાસો પોતા સન્મુખ કરવાને નવાબે તેને અરજ કરી.

આયાએ વગર ઢીલે આ અરજ કબુલ કરી. નવાબજાદા માટે આયાને પેહેલીજ નજરે બહુ ઉંચુ મત બેસી ગયું હતું. ખુદરતી રીતે જાણે તે નવાબજાદા તરફ અજબ જેવી મોહબતની લાગણીથી ખેંચાઇ હતી. તેટલામાટે, એક બેગાના શખસ નજદીક પોતાની બાઇનો ભેદ ખુલ્લો કર્યાથી ફાયદો યા ગેરફાયદો થશે તેનો જરાએ વીચાર કર્યા વગર નબાબજાદાની માંગણી કબુલ કરી! શીરીનને માટે તેને મોટી ધાસ્તી હતી, અને કોઇબી ઉપાય કામે લગાડયાથી તે પોતાની અસલ તાકાત મેળવે તે માટે આયા બહુ તતપર હતી, માટે શીરીનને તનનું નહીં પણ મનનું દુ:ખ હતું એમ તેણે દેલાવરખાનને ઝટ જણાવી દીધું.

"ત્યારે તો હું મારી ધારણામાં ઠગાયો નથી એ ઠીકજ થયું." નવાબજાદો ઉલટમાં આવી બોલી ઉઠયો, "મેં રૂસતીમશાહને પણ એ વીશે જણાવ્યુંચ, અને કોઇ એરચ નામના શખસના ખ્યાલમાં તે છે એમ તેઓએ મને કહ્યુંછે."

"નવાબ સાહેબ" આયા બોલી, "તે ખરી વાત છે. મારાં બાઇને મનનું જે દુ:ખ છે તે એજ છે. શીરીનબાઇએ ચોક્કસ કારણોને લીધે તે બીચારા એરચ પર ગેરવાજબી શક લઇ તેને દુ:ખી બનાવ્યો હતો. પણ ત્યાર પછી મારાં બાઇને સઘળો ભેદ માલુમ પડી ગયો, અને જતી વખતે એરચનો ખુલાસો તેના ઘણા કાલાવાલા છતાં ન સાંભળ્યો તે માટે હવે શીરીનબાઇના પસતાવાની હદ નથી. પેહેલાં તો એ મારી બાઇ એરચની બેવફાઇથી દીવાની જેવી બની છે. પણ એ જ્યારથી માહબ્લેશ્વર ખાતેથી પાછી ફરીચ ત્યારથી એ એરચના નીર્દોશપણાનો સાબુત પુરાવો પોતાની સાથે લેતી આવીચ. શીરીનબાઇએ તે બધી વાત મને કહી, પણ તેઓએ કોણથી સાંભળી તેનું નામ કેહવાની સાફ ના પાડીચ."

"ઠીક" નવાબજાદા ઠાવકું મોંહ કરી બોલ્યા, "ત્યારે તો શીરીનબાઇને એ સઘળો ખુલાસો પોતાના બાપ આગળ કરી દઇ એરચને નીર્દોશ સાબેત કરવામાં વાંધો શું છે?"

"નહીં નવાબ સાહેબ" આયાએ જવાબ આપ્યો, "એ વાત છુપી રાખવાના કમનસીબે મારાં બાઇના કેહેવા મુજબ તેમની પાસે મજબુત કારણો છે."

"આએ તો ત્યારે ભેદમાં ભેદ," નવાબજાદો જરાક હસીને બોલ્યો, "મેં તરેહવાર ભેદી વાતો સાંભળી અને તેમાં આ તો એક અજબ જેવી ભેદી વાત."

"ખરેખર, વાત તો બધી ભેદીજ છે, પણ હું ઇચ્છુંચ કે સઘળાંનો છેડો જલદીથીજ આવી જાય." આયા કાંઇ આતુરતાથી બોલી.

"અરે, એમ તે કાંઇ આપણા બોલવાથી છેડો આવી જતો હશે? પણ વારૂ, આયા, એ પેસી શું શીરીન સાથે સેહાદી કરવા માંગેચ?" નવાબ જાદાએ આયાને ઓચીંતો સવાલ પુછયો.

"હા. એ પેસી જાણે મારાં બાઇ તરફ ઘેલો દેવાનો બની ગયોચ ને હર રીતે તેની સાથે નેકા કરવાને ફાંફાં મારેચ તો ખરો, પણ શીરીનબાઇ તેને જરાકબી દાદ આપતાં નથી. પણ નવાબસાહેબ, તમારે જાણવું જોઇયે કે એ પેસી બડો ઉઠાઉગીર છે, હમારાં બાઇનેબી એ વાતની પક્કી ખબર છે. પણ અજબ છે કે શેઠ એની ઉપર વીસવાસ રાખેચ ને એમ કરી શીરીનબાઇને વધારે ને વધારે દુ:ખી બનાવેચ."

"ત્યારે તો તારી બાઇને પેસી માટે કાંઇ સારો વીચાર નથી કે?" નવાબે પુછયું.

"અરે, મારાં બાઇ તો પેસીને ખરે મને ધીક્કારેચ ને એની સાથે જરાક સરીખી વાત પણ નથી કરતાં. ને હુંબી જોઉંચ કે એ પેસી કેમ ફાવેછ!" આયા લગાર ઉશકેરાઇને બોલી.

"ત્યારે તો તારૂં શીરીનબાઇ તરફ ઘણું હેત છે!" નવાબ બોલ્યો.

"હા સાહેબ, મારા ગુમાવેલાં બચ્ચાંને જેમ હું ચાહતી તેજ મુવાફેક એ શીરીનને હું ચાહુંચ. પણ હું મારાં દુઃખ વીશે તમોને કંટાળો આપીશ નહીં."

"ત્યારે શું તેં પણ કાંઇ દુઃખ જોયુંચ કે?"

"હા. દુન્યાના દોરમાં હું પણ સપડાઇચ. પણ મારો એક વખત બહુ સુખી હતો. પણ ત્યાર પછી મને એકાએક દુઃખ ખમવું પડયુંચ. પણ મારો હેવાલ કહી હું તમોને શું કામ દલગીર કરૂં?"

"ઠીક છે, આયા. તું હમણાં તો જા. વળી પાછી મને જરૂર પડશે તો હું બોલાવીશ."

અને અંહીં આયા નવાબથી છુટી પડી હતી.

પ્રકરણ ૭૮ મું.

એક હેબતાવનારી આગાહી!

ઉપલી વાતને કેટલાક દીવસ પસાર થયા બાદ એક સહવારે શીરીન ઘણીજ ઘભરાયલી હાલતે બીછાણું ઉપરથી ઉઠી બેઠી. તેની આયા તે વખતે તેના ઓરડામાં કાંઇ કામે હતી, તે પણ શીરીનની આવી હાલત જોઇ ઘભરાઇ, અને તેના પુછવાથી શીરીને કેટલે વારે પોતાના ઘભરાટનો ખુલાસો નીચે મુજબ કર્યો.

"આયા," તે બોલી, "મેં આજ એક બહુ ભયંકર સ્વપ્નો દીઠોચ. એ મારો ખુવાબ એરચને લગતો છે. હું એક ઉંચા કીલ્લાને મથાળે જાણે ઉભી છું ને તે કીલ્લો જાણે કાબુલમાં આવેલો છે. ત્યાં ઉભી રહીને હું જાણે આસપાસનો સુંદર દેખાવ જોઉંચ. તેવો દેખાવ મેં કદીબી જોયો નથી. એવી રીતે હું તે તરફ ઉભી હતી કે સાંમેથી એકાએક જાણે ગેરદ ઉડી, ને તે ગેરદમાંથી મને રફતે રફતે એક લશકર મારી તરફ આવતું માલમ પડયું. એ આખાં લસ્કરની સરદારી, તું જાંણીને ઘણીજ અજબ થશે આયા, કે જાણે મારા એરચને આપવામાં આવી હતી. તે વખતે મેં એરચનો અસલ ચેહેરો આબેહુબ જોયો ને હું બહુ ખુશી થવા લાગી.

પણ તુરતજ જાણે મારી તરફથી એક બીજું લશકર તે લશકરની સામે થયું ને બંન્ને વચ્ચે સખ્ત ઝપાઝપી શરૂ થઇ અને તેના પરીણામ તરીકે એરચ દુશમનને હાથે કેદ પકડાયો. એરચને ત્યાર પછી લશકરના વડા સન્મુખ ઉભો કરવામાં આવ્યો અને તેણે તેને એક નાના વાહણમાં બેસાડી ભર દરયે છોડી દીધો. એરચે પોતાને મારી બખશવા માટે તે વડા અમલદારનાં ઘણાંબી કાલાવાલા કર્યા, પણ તે ફોકટ. તેનું વાહણ ભર દરયે ઘસડાયાજ કર્યું. આ ઉપરથી હું હેઠળ ઉતરીને મેં તે અમલદારને કાલાવાલા કર્યા ને એરચને એવી રીતની શીક્ષા શું કામ કરી હશે તેનું કારણ પુછ્યું. તેણે જણાવ્યું કે તે એક કાફર હતો માટે તેને તરીપાર કરવામાં આવ્યો હતો. પણ મેં તેને કહ્યું કે તે કાફર નહીં પણ એક પારસી હતો ત્યારે તેની નજર જાણે ઉંગડી કે શું તે તે બહુ ઘભરાયો, ને એરચની શોધે પોતાનાં માણસો મોકલ્યાં. પણ તેટલામાં તો મારી આંખ ઉંગડી ગઇ! અરે આયા, હમણાં એરચ કોણ જાણે ક્યાં હશે? ખરેખર, આ સ્વપ્નો ખરાબ આગાહી કરનારો માલમ પડેચ. અરે, હમણાં મને જો કોઇ એરચની શોધ કરી આપે તો કેવું સારૂં?"

શીરીનનો સ્વપ્નો જાણ્યા પછી આયા બોલી, "બાઇ, ખરેખર તારો સ્વપ્નો જોકે સારી આશા આપનારો માલુમ પડતો નથી, તોપણ એ તો પરવરદેગારનો જે હુકમ હશે તેજ થશે. મને જો હમણાં કાંઇ ખબર પડે કે એરચ કયાં છે તો અબ ઘડી હું તપાસે નીકળું. પણ એ તો બાઇ, તારાં કીસમત. માણસ ગમે એટલાં કાં નહીં ફાંફાં મારે તો-

પણ જે તેની સરજતમાં લેખીત તે થયા વના નહીં રહે. તમારે ધીરજ રાખવી જોઇયે, બાઇ, અને કોઇને ખાતર નહીં તો એરચને ખાતર તમારી તનદરોસ્તી બગાડવી નહીં જોઇયે."

"અરે પણ એરચ વગર મારી તનદરોસ્તીને શું આગ લગાડું? હા! આયા, આ મને જાણે એક જાતની શીક્ષા થાયચ ને તે મારા સીવાય બીજું કોણ ખમવા આવે? મેં ભુલ કીધી તેને માટે હવે મનેજ ખમવું પડેચ."

"બેટી, એને તમે ભુલ કેહો કે કસુર કેહો કે તમારે ગમે તે કેહો, પણ એટલું તો યાદ રાખજો કે પેહેલાંથી તે હમણાં સુધી બનેલી વીગત કાંઇજ નહીં પણ નસીબ દેવીના કોપનું પરીણાંમ છે. ક્રીસમતના સપાટામાં તમે સપડાયલાં છો, બાઇ, બીજું કાંઇ નહીં."

"પણ તેમાંથી ત્યારે હવે હું કયારે છુટશ?"

"તે વખતબી આવશે, બાઇ. તમે ખુદાપર ઇતબાર રાખો ને તેજ તમારૂં કામ આખરે સફળ કરશે."

"આયા!" શીરીન અંહીં અજબ જેવા સાદે બોલી ઉઠી, "ખરેખર, મારાં દુઃખમાં માત્ર એક તુંજ મને દીલાસો છે."

"બાઇ" તમે ફકર ના કરો. હું જ્યારેબી તમોને જોઉંચ ત્યારે એમ સમજુંચ કે એજ મારી બેટી."

"કંઇ નહીં આયા, હું ખુદાપર ઇતબાર રાખશ ને હવેથી સેવટ સુધી ધીરજ રાખશ. તું હવે જા, હું બી હવે ચાપાણી કરી લેઉ"

પ્રકરણ ૭૯ મું.

બાપ બેટી વચ્ચે નહીં ધારેલી સમજુતી.

એજ દીવસના અરસામાં રૂસતીમશાહ અને શીરીન જોડે બહુ અગતની વાત થઇ હતી, અને તેના પરીણામમાં શીરીનને તેમના તરફથી ઠીક સધ્યારો મળ્યો હતો.

શીરીન તે વખતે પોતાના ઓરડામાં બેઠી બેઠી પોતે જોયલા સ્વપ્ના પરજ વીચાર કરતી હતી તેવામાં રૂસતીમશાહ ત્યાં ઓચીંતાં આવી લાગ્યા.

'કેમ દીકરી" તેઓ આવતાંને વાર બોલ્યા, "શું વીચારમાં બેઠીચ? એમ વીચારમાંને વીચારમાં તારી તબીયતની ધુળધાની કરી નાંખી."

ત્યાર પછી રૂસતીમશાહ શીરીનની નજદીક સોફાપર બેઠા.

શીરીનના મનમાં આ વેળા ભય પેઠો કે રખે તેના બાવા વળી આગળીજ વાત કાહડીને તેને વધુ દુઃખી બનાવવા આવ્યા હોય. અને રૂસતીમશાહબી જાણે તેની એ ફીકર ચેતી ગયા હોય તેમ બોલ્યા.

"દીકરી તું નાહેકના સંતાપમાં મને નાખેચ. તારા વગર મારૂં બીજું કોણ છે? તું અગાઉની માફક મારી સાથે હેતથી વાતો કરતી નથી. શું મેં તુંને કાંઇ દુઃખ દીધુંચ? એવો જો કાંઈ ખ્યાલ તારા મનમાં હોય તો તે કાહડી નાખ. તારેથી તો મને કેટલો બધો સધ્યારો છે. અરે, અગાઉ મને એરચપર કેવી કેવી ઉમેદ હતી, પણ કોણ જાણે તેને સેતાને ભમાવ્યો કે શું, તે મન——"

અંહીં શીરીન એકાએક કાંઇ વચ્ચે બોલવા જતી હતી, પણ તેને કાંઇ યાદ આવવાથી તે એકદમ મુંગી રહી ગઇ, અને ફકત "બાવાજી" એટલોજ બોલ બોલીને અટકી ગઇ.

"બોલ દીકરી, તું અટકી કેમ ગઈ? તુંને મારીપર વીશવાસ નથી?"

"બાવાજી," શીરીન બોલી, "તમારી લાગણી દુઃખાવી હોય તો તે માટે મને માફ કરો. શું હું તમારીપરથી વીસવાસ ઉઠાડી મેળું? નહીં મને તેવી ધારતા ના. અરે, હું નીમકહરામ નથી. તેવું તમે વીચારતા ના." અને અંહીં શીરીનની આંખમાં આંસુ આવી ગયાં.

પણ રૂસતીમશાહ તેવો દેખાવ જોઇ શક્યા નહીં. તરતજ તેઓએ પોતાના પેટમાં ચાંપી અને અતી ઘણાં વાહલથી બોલ્યા.

"મારી વહાલી બેટી," તેં આજે મને કેવો સુખી કીધોચ પણુ જો દીકરી, તું હવે ડાહી થઇ જા. તારા મનમાં જેબી કાંઇ હોય તેનો ખુલાસો કરી દે. તારા મનમાં કાંઇબી ધાસ્તી હોય તે હવે દુર કર."

પોતાના પીતાને ઉપર મુજબ પ્રેમથી બોલતા સાંભળી શીરીનની લાગણીઓમાં કાંઇ અજબ જેવો ફેરફાર થઇ ગયો. તેની આગળી ધાસ્તી એકદમ દુર થઇ ગઇ, અને તે ખુશાલીમાં આવી બોલી ઉઠી.

"બાવાજી તમારા બોલવાથી મને કાંઇ જેવી તેવી ધીરજ મળી નથી. પણુ મારી એક અરજ છે તે તમે સાંભળો. તમે મને મારી મરજી વીરૂદ્ધ કોઇબી સાથે પરણાવવાની ફરજ પાડશો નહીં. બસ, મારી એટલીજ અરજ છે."

"કાંઇ નહીં, બેટી ખાતરી રાખ. મેં તુંને કોઇબી દીવસે ખોટી ફરજ પાડી નથી. હું તુંને શું કામ દુઃખી કરૂં ? લે, હવે હું તુંને ખાતરીપુર્વક કહુંચ કે જેની સાથે તારી મરજી નહીં હોશે તેની સાથે પરણાવવાની હું તુંને બોંહસ કરીશ નહીં. ચાલ દીકરી, હવે તારા મનમાંથી કોઇબી રીતની ફકર કહાડી નાખ જ્યાંસુધી હું હૈયાત છું ત્યાંસુધી હું તને દુઃખી બનવા દઇશ નહીં. તું કહે તો હું સોગન ખાવું."

"નહીં, નહીં, બાવાજી, નહી." શીરીન બોલી ઉઠી, "શું હું તમારી દીકરી તમારા બોલવાપર ભરૂશો નહી રાખું ? ખોદા તમોને મારા માંથાપર લાંબો વખત સલામત રાખે. પણુ જોઓ, બાવાજી, હું તમોને ફરીથી કહુંચ કે હું પેસી સાથે કદીબી પરણીશ નહીં."

"જેમ તારી મરજી. બસ મેં તુંને કહયું કેની તું ધભરા ના. હું તારી મરજી વીરૂદ્ધ થઇશ નહીં. રતનફુઇનેબી હવે હું સાફ ના કહીશ."

"બાવાજી, હવે મને કેવી ધીરજ આવોચ ! પણુ તમારો વીચાર એકાએક કેમ ફરી ગયો ? શું પેસી વીશે તમારી ખાતરી થઇ ?"

"શાંની ખાતરી, દીકરી ?" રૂસતીમશાહે અજાયબ થઇ પુછ્યું.

"નહીં, નહીં. એ તો એ ઉપરથી હું અનુમાન કરૂચ. કાંઇ નહીં, બાવાજી. પણુ તમે મને આજે ખરેખર સુખી બનાવીચ."

આ પ્રમાણે તે બન્ને વચ્ચે અસલ માફક એખલાસ પાછો શરૂ થયો.

પણુ તેમ થવાનું કારણ શું ?

પ્રકરણ ૮૦ મું.

ગનુ માળીની ઝુંપડી.

જે સબબને લીધે શીરીન અને તેના પીતા વચ્ચે અંતર પડયો હતો પણુ જે આપણે ઉપર જોઇ ગયાં તેમ સારાં ભાગ્યે દુર થયો હતો તેજ સબબ સર પેસી અને રતનફુઇ વચ્ચે જરાક બોલાચાલી થઇ હતી. રતનફુઇ તેનું એક નજીવું સરખું કામ પાર પાડી શકયાં નહીં તે માટે પેસીએ તેમને ઠપકો આપ્યો, અને શીરીન જેવી નબળી છોકરીથી ડરી જઇને તેઓ પાછાં હત્યાં તે માટે તે તેઓ પર બહુ ખીજવાયો. પેસીનું બીજું કેહેવું એમ હતું કે તેનો લાભ સાચવવાની જેવી જોઇયે તેવી સંભાળ તેઓએ લીધી ન હતી, અને તેઓએ સામા શીરીનની તરફેણમાં જઇ તેનો બગાડ કર્યો હતો.

હવે આ નગુણા છોકરાને રતનફુઇ જવાબ તે શું દયે ? જેને માટે તેઓ પોતાથી બનતું કરતાં હતાં અને જેનાં સુખને માટે તેમને ખરી કાળજી હતી તે તો તેમને આવા આવા સખુન કહી સંભળાવતો હતો.

રતનફુઇએ પોતાનો બચાવ કર્યો અને પેસીએ તેમની ઉપર જે તોહમત મેલ્યાં હતાં તેનો ખુલ્લે ખુલ્લો ઇનકાર કર્યો. પણુ તે લુચ્ચો મતલબી આદમી કાંઇ તેમને તાબે થાય ?

પણ વળી આવી રીતની બોલાચાલી થયા પછી અધુરામાં પુરૂં બન્યું એમ કે રતનપ્રુઇને રૂસતીમશાહ તરફથી ભડકવાનું કારણ મળ્યું. રૂસતીમશાહે પોતાની બેટીને આપેલી કબુલાત મુજબ રતનપ્રુઇને તાકીદ કરી કે તેઓએ શીરીનની આગળ પેસી વીશેની વાત કદીબી કાહડવી નહીં. તેઓએ વળી રતનપ્રુઇને વધારીને કહ્યું હતું કે શીરીન પેસી સાથે કદીબી અને કોઇ પણ સંજોગો વચ્ચે પરણી શકશે નહીં.

હવે આ ખબર રતનપ્રુઇને મળ્યા પછી જોઇ લો તેમનો મીજાજ! તેઓ તો પોતાના ભાન પરજ ઉખડયાં, અને સઘળો વાંક તેમનોજ હતો એમ ગુસ્સાભર બોલ્યાં. રૂસતીમશાહે તેમને ઠંડાં પાડવાની તજવીજ કરી પણ રતનપ્રુઇ કાંઇ સમજ્યાં નહીં એટલે આખરે રૂસતીમશાહે પોતાનો મીજાજ ખોહી દેવામાંજ ડાહપણભર્યું વીચાર્યું. અને ત્યારેજ રતનપ્રુઇ સમજ્યાં. પણ રતનપ્રુઇએ હવે બધાં જણ સાથે છીતાં શોધવા માંડયાં. જરાક જરાકમાં તેમને ઘરના ચાકર નફરો સાથે વીજોરૂં લાગતું, અને નજીવા સબબોને લીધે તેઓ તેઓની સાથે છેડતી શોધતાં. એક દીવસ બાગમાંનાં બહુ જુના માલીએ તેમના ઓરડામાં વખતસર ફુલો લાવી ન મેલ્યાં તે માટેજ તેઓએ તેની સાથે કજયો કરયો. પણ માલીનેબી કોણ જાણે તે વખત શું એક ઝનુન ચહડયું હોય તેમ તરતજ નાદીર હોલ છોડી ગયો. એવી રીતે માલીની જગ્યા ખાલી પડી. ત્યાર પછી વળી પેસીએ કાવલા બબરચી સાથે છીતું શોધી તેને નહસાડયો ને તેની જગ્યાએ કોઇ ફરંગીને ઘુસાડયો. માલીની જગ્યા પણ કાંઇ લાંબો વખત ખાલી રહી નહીં. તુરતજ બીજે અઠવાડયે એક ઉમરે પુગેલો શખસ માલીની નોકરીએ રહ્યો. આ માલી રતનપ્રુઇને ઘણોજ ગમતો હતો; કારણ કે ઘરમાંના સર્વે કરતાં તે તેમને વધારે માન આપતો હતો, અને તેમના કહ્યા સર ચાલતો હતો, અને વળી તેના ચેહેરાના દેખાવ પરથી સઘળાંને ઠીક રમુજ મળતી હતી; કેમકે તે એક હીન્દુ હતો અને વળી કોકણનો રેહેવાસી હતો છતાં દાહડી અને ડેબ્યા રાખતો હતો જે જોઇ સઘળાં જણ તેને ચસકેલમાં ખપાવતાં હતાં. તોપણ આ માલી જેનું નામ ગનુ હતું તે પોતાના કામમાં બહુ હુસ્યાર માલમ પડયો હતો. તે બહુ મેહેનતુ હતો અને સારો દીવસ કામમાં મશગુલ રેહેતો હતો. તે પોતાને ઉંચી વર્ણનો એક હીન્દુ જણાવતો હતો, અને પોતાના ઝુપડામાં બીજી જાતવાલાને દાખલ થવા દેતો નહીં.

આ ગનુ માલીના સારા નસીબે બાગમાંથી ફુલોનો સારો જથ્થો નીકળવા માંડયો એટલે તો તે સર્વેનો વધારે માનીતો થઇ પડયો. રતનપ્રુઇ તો તેની ઉપર એકદમ ખુશ થઇ ગયાં, ને સર અવસર તેને તેઓ નવાજતાં રહ્યાં.

એ નવો માલી આવ્યાથી શીરીનને પણ ઠીક ફાયદો માલમ પડયો. કારણકે તેને ઝાડપાનની પુરતી જતન લેતો જોઈ શીરીન બહુ ખુશી થતી હતી. તે હવે અવારનવાર માલીના ઝુંપડાંથી થોડેક દુરના એકાદ બાજત પર બેસી બાગમાંનો દેખાવ નેહાળતી તો વળી કોઇ વાર કાંઇ ચોપડી વાંચી પોતાનું મન રીજવતી હતી. જેવી શીરીન પોતાની તે માનીતી જગ્યાએ સહવારમાં આવી બેસ્તી કે માલી તરતજ સુગંધી ફુલનો એક સુંદર તુરો તેની નજદીક લાવી મેળતો જે શીરીન ખુશીથી સ્વીકારતી હતી. હવે ધીરે ધીરે, સીરીન માલીના ઝુંપડાં નજદીકનાં બાંકપર બેસવા લાગી અને માલી સાથે તેના ગામની સઘળી વાતો કરતી અને તેનાથી જાણવા જોગ વીગતની માહીતી મેળવી ઠીક રમુજ મેળવતી હતી.

અને થોડા વખતમાં આ ગનુ માલી પોતાની વાતોથી શીરીનનું ધ્યાન પોતા તરફ વધુ ને વધુ ખેંચવા લાગ્યો. તેની બોલવાની ઢપછપે શીરીનના નબળાં થઇ ગયલાં મન ઉપર ફાયદાકારક અસર ઉપજાવી. પોતાના કેહેવા મુજબ તેણે પોતાની આગળી જીંદગીમાં મેળવેલાં ઝાડપાલાને લગતાં જ્ઞાનને માટે તે બહુ મગરૂર હતો. તે પોતાને

એક ઘણું હુસ્યાર વૈદ તરીકે ઓળખાવતો હતો. તે દરદો ઉપર કારગત થતા સર્વે જાતના ઝાડપાળાના ઇલાજથી માહીતગાર હતો, અને આજ સુધીમાં તેણે તેના કેહેવા મુજબ ઘણા જણને કીંમતી મદદ કરી હતી, અને તેમાં લગભગ પંદર જણને તો તેણે સાંપનાં ઝેરથી મરતા મરતા બચાવ્યા હતા. એ એલમ તેને એક ગોસાંઇએ શીખવ્યો હતો જેણે શીખવતી વેળા એવી સરત તેની સાથે કરી હતી કે એ એલમમાંથી પૈસો પેદા ન કરવો પણ દુઃખીઓનું દુઃખ મફતમાં દફે કરવું અને માત્ર તેમના આશીરવાદ લેવા.

ગનુની આ વાતોથી શીરીનને તેના પર જબરો વીસવાસ બેઠો, અને તેણે પોતેજ કાંઈ પણ વીચાર કર્યા વગર એક દીવસ પોતાની રાજી ખુશીથી તેની પાસે કાંઈ શકતીની દવા માંગી. માલીએ શીરીનની હકીકત ત્યાર પછી સાંભળી અને તેની નાતવાન હાલત માટે તેને ઘણી દલગીરી ઉપજી. તેણે શીરીનને બાહાર બેસી રહેવા કહયું અને પોતે તુરતજ પોતાની ઝુંપડીમાં ગયો. થોડેવારે તે પાછો ફર્યો પણ પોતાના હાથમાં તે એક ગલાસ લઇને આવ્યો હતો જે તદન સાફ પાણી જેવી દવાથી ભરેલું હતું. તેણે તે ગલાસ માંહેલી દવા શીરીનને પીવા ફરમાવી જે તે કાંઇબી શક યા આનાકાની વગર ઝટ પી ગઇ, પણ ગનું શીરીનને ઘેર લઇ જવા કોઇ પણ રીતની દવા આપતો નહોતો. પણ પોતાની હાજરીમાંજ તે તેને પાતો હતો, એવું કહીને કે તે દવા તાજીતાજી બનાવીનેજ પીવામાં ફાયદો હતો. શીરીન ત્યાં રોજ આવતી હતી, અને ગનુંને હાથની દવા તે રોજ પીતી હતી. અને શીરીન તે વીશે કોઇનેબી કેહેતી ન હતી, પણ મુંગી મુંગી તે અજાણ્યા હીંદુને હાથની તેના કેહેવા મુજબની ઝાડપાલાની દવા પી જતી હતી. કેવી ભોલી છોકરી !

પ્રકરણ ૮૧ મું.

નવાબની શોધ. ધુરકા ધુરકી.

આ પ્રમાણે શીરીન દરરોજ સહવારે માલીને હાથની દવા છુપી રીતે પીતી હતી, અને પોતાની માનીતી જગ્યાએ બેસી વાંચતી હતી.

એક દીવસે સહવારે એજ પ્રમાણે માલીને હાથની દવા પીને રાબેતા મુજબ પોતાના બાંકપર તે જઇ બેઠી. પણ તે વખતે તે એકલી ન હતી. તેની સઘળી હીલચાલ એક બીજો શખસ અત્યાર અગાઉનો આવીને ત્યાં તપાસતો ઉભો હતો. તેણે ગનું માલીને પોતાની ઝુંપડીમાં જઇ ગલાસમાં કાંઇ નામી લાવી શીરીનને તે આપતાં દીઠો હતો અને શીરીનને પણ તેણે તે ગલાસ માહેલી દવા પી જતાં જોઇ હતી. તેણે એ ઉપરાંત બીજું પણ જોયું હતું. જ્યારે તે ભોલી છોકરી પોતાના માલીએ આપેલી દવા પી જતી ત્યારે તે માલી ઘણો ખુશી થતો દેખાતો હતો. આવો બનાવ ઓચીંતો તેની નજરે પડવાથી તે ઘણો અચરત થયો, અને શીરીન શું પીતી હશે તે બાબે તે વીચારમાં પડયો. શીરીન ઝુંપડી સુધી પાણી પીવા તો આવેજ નહીં, અથવા તો એક તદન નાના ગલાસમાં પાણી પીયેજ નહીં. અને વળી ગનું જેવો પોતાને ઉંચ વર્ણમાં ખપાવતો માલી જે ગલાસમાં શીરીને પોતે પાણી યા બીજું કાંઇ પીધું હોય તો તે ગલાસ જેમનું તેમ ધોયા વગર તે પાછું હાથમાં ધરી શકે નહીં.

આવા આવા વિચારો નવાબના મનમાં દાખલ થયા અને તેને ઘણીજ અકરવકર થવા માંડી. પણ થોડે વારે, તે પોતાની ભરાવાની જગ્યાએથી બહાર નીકળી જે બાંક ઉપર શીરીન બેઠી હતી તે તરફ ચાલી જઇ ગુપચુપ તેની બરાબર સામે જઈ ઉભો.

શીરીન આ જોઈ પેહેલાં તો ઘભરાઈ ગઈ, પણ જાણે કાંઇ બન્યું ન હોય તેમ તેની

તરફ જોઈ હસીને બોલી; "આવો નવાબ સાહેબ, કેમ છો? કાંઈ અમારા ગરીબના બાગમાં સહવારને પોહર ઉતરી પડયા."

"જરા ફરતો ફરતો આવી પુગો. લેકીન આપને કાંઈ અડચણ તો નથીની? આપ કાંઈ નીમાજના કામમાં મશગુલ હોવો તો ચાલી જાઊં." નવાબજાદો દેલાવરખાન બોલ્યો.

"નહીં, નહીં નવાબ સાહેબ, હું તો અહીં અમઠી બેઠીચ." શીરીન બોલી"

"આજ ઘણે દીવસે તમારી મુલાકાત થઈ, શીરીનબાઇ," નવાબ શીરીનનાં મોંહ સામું ટીકતો ટીકતો બોલ્યો.

"હા, નવાબ સાહેબ, ઘણે વખતે તમે બાગમાં માલમ પડયાં પણ વારૂં તમે મારા મોંહ સામું શું જોયા કરોચ?" શીરીને મનની કાંઇક ગુંચવણ વચ્ચે પુછયું.

"ઘભરાવો ના, શીરીન બેન" નવાબ શીરીનના ચેહેરા તરફ જોવાનું ચાલુ રાખતાંજ બોલ્યો, "હું તમારા ચેહેરાપરથી વાકેફ થાઉંચ કે આપે કાંઇ ઘણું દુઃખ ભોગવ્યુંચ ને તેથી—"

"નહી, નહી, એ વરી કોણે કહયું, નવાબ?" શીરીન વચ્ચે પુકારી ઉઠી.

"મને કેહેનાર કોઇબી નથી, લેકીન તમારો ચેહેરો મારી સાથે ગોફતેગો કરેચ" નવાબ હસીને બોલ્યો, "હું જાણુંચ કે તમારૂં દુઃખ મનનું છે, તે તનનું નથી. કોઇ શખસ તમારૂં દીલ ચોરી ગયો છે, પણ કંઇ નહીં, ખુદાનું ચાહવું છે તો તે તમારો આશક તમોને જલદીથી આવી મલશે."

નવાબને ઉપર મુજબ છુટથી અને લગાર મર્યાદાની હદ ઓળંગી જઇને બોલતો જોઇ શીરીન જરાક ગુસ્સે થઇ અને ઉશકેરાઇને બોલી ઉઠી.

"એ તમે આજે શું બોલોચ? નહીં, નહીં, નવાબ સાહેબ તમે ભુલ કરતા હશો. મારા મનમાં એવું કાંઇ છે નહીં એતો જ્યાં સુધી મારા બાવા સલા......"

"ધીરાં થાઓ શીરીનબાઇ" નવાબ શીરીનના બોલવની કાંઇબી દરકાર કર્યા વગર ઠંડે-પણે બોલ્યો, "તમારે જાણવું જોઇયે કે મેં એક એવો એલમ હાંસલ કીધોચ કે જેથી એક માણસનું મન હું પારખી શકુંછું. તમારા આશક એરચની વાતથી તમારા ચેહરાએ મને વાકેફ કર્યો છે, અને હું ધારૂંછું ત્યાં સુધી તમો તેનેજ લીધે દુઃખી છો. તમારો ચેહેરો દીવસે દીવસે ફીકકો પડતો જાયછે, માટે તમારી દવા હું ખુશીથી કરીશ."

પોતાના એરચનું નામ સાંભળી શીરીનને હીંમત આવી અને નવાબપર તેનો વીસવાસ બેઠો.

"નવાબ સાહેબ," તે બોલી, "મારા બાવાએ જયારે તમોને મારી વાતથી વાકેફ કર્યા છે ત્યારે તમારાથી હું કાંઇ પણ છુપાવા માંગતી નથી. તેટલામાટે, નવાબ સાહેબ મને કાંઇ એવી દવા આપો કે જેથી મને કાંઇ તાકાત આવે. હું વારંવાર સુસ્ત બની જાઉંચ. મને કાંઇ ચેન પડતું નથી. આખો દહાડો જાણે મને સુઈજ રેહવા ગમેચ. મારી ભુખ દીનપેરદીન કમી થતી જાયચ, મને બહાર કેઠે જવા આવવા ગમતું નથી, ને જરા જરામાં હું થાકી જાઉંચ,"

શીરીનને મોંહે તેની તબીયત વીશેનો આવો દુઃખભર્યો હેવાલ સાંભળ્યાથી નવાબજાદા દેલાવરખાન ઉપર જબરી અસર થયલી દેખાઇ. તે એકદમ દલગીર થઇ ગયલો માલુમ પડયો અને તેના મનમાં તે વખતે જાણે તરેહવાર જાતના ખ્યાલ આવતા હોય એમ તેની વીચારવંત ઢપ ઉપરથી લાગતું હતું, અને જેમ જેમ તેનું મન વીચારોના વમલમાં ગુંચવાતું ગયું તેમ તેમ તે વધારે ને વધારે દલગીર થતો માલમ પડયો. પણ શીરીન નવાબના ચેહેરાપરનો એ ફેરફાર પારખી ન શકી. તેના બોલ્યાથી નવાબ એકદમ ગમગીન બની ગયો તેથી તે અજબ થઇ, પણ તેનું કારણ તે સમજી શકી નહીં.

"ને નવાબ સાહેબ, મને હવે લાગેચ કે હું વધારે વખત જીવી શકીશ નહીં." શીરીને નવાબને ચુપ બેઠેલો જોઇ વધારયું હતું.

પણુ નવાબ શીરીનનાં ઉપલાં વાક્યથી પોતાની બેખબરીમાંથી જાણે એકદમ બીદાર થઇ ગયો, અને તેણે પોતાની અસલ ઢબ પાછી અખત્યાર કરી, અને જાણે કાંઇ બન્યુંજ ન હોય તેમ શીરીનના મોંહ સામું જોઇ બોલ્યો.

"શીરીન બેન, એવી ધાસ્તી નહીં કરો. ધીરજ ધરો હું એનો ઇલાજ કરીશ. પણુ વારૂ, ગનુ માલી એને વરે તમુંને જે દવા આપેચ તે તમે દાહડામાં કેટલી વખત પીયોચ ?"

આ સવાલ નવાબે એટલો તો ઓચીંતો પુછ્યો કે શીરીન તો તે સાંભળી તાબડતોબ ઘભરાઈ. આવા સવાલની તેણે નવાબ તરફથી સ્વપ્ને પણુ વકી રાખી ન હતી. ગનુ માલી પાસેથી જે દવા તે હરરોજ પીતી હતી તે વીશે હમણાં સુધી તો કોઇબી જાણુતું ન હતું. ત્યારે એ વીશે નવાબજાદાને કેમ ખબર પડી? પણુ શીરીને આ વખતે ડાહપણુ વાપરયું, અને નવાબને ખોટું કહી ઉડાવાની કોશેશ કરી નહીં. શીરીને તુરતજ સઘળી બીનાથી નવાબને વાકેફ કર્યો તે સાંભળી નવાબ એકદમ ગુસ્સે થઈ ગયો. એક અભણુ અને અજાણ્યા આદમીને હાથની દવા પીવા માટે તેણે શીરીનને ઠપકો આપ્યો, અને ફરીથી તે દવા નહીં પીવા બાબે તેણે તેને સખ્ત તાકીદ કરી.

શીરીનની પણુ નવાબના બોલવાથી શુદ્ધ ઉંઘડી હોય એમ દેખાયું. માલીપર તેણે આટલો બધો વીશવાસ મેળવો ન જોઇતો હતો. રખે તેની દવા પીધાથી તેને ફાયદાને બદલે ઓર કાંઇ ગેરફાયદો થાય તે બાબે તેને હવે ચીંતા લાગવા માંડી.

ત્યાર પછી થોડે વારે નવાબ શીરીનને ઘટતો દીલાસો દઈ તેનાથી છુટો પડયો પણુ જતાં જતાં તેની નજર ફરીથી ગનું માલીપર પડી અને તેને જોઇ તે મનસે બબડયો, "રખે એણે મારી વાત સાંભળી લીધી હોય, મને એની ઉપર વીસવાસ નથી આવતો. એ કાંઈ જયાં છે ત્યાં કોઇ ધુતારો માલમ પડેચ. શીરીનને દવા આપવાનું એને શું કામ? અને વળી શીરીનના કેહેવા મુજબ એની દવા શરૂ કર્યાને આજ સુધાં દસ દીવસ થયા. રખે એમાં કાંઇ દગો હોય! મને એની ઉપર શક જાયચ. એ કોઇ સાધારણુ માણુસ નથી લાગતો. ઠીક છે. મારે એની ઉપર બારીક નેગાહ રાખવી પડશે, અને તેવું જો મને કાંઇ માલમ પડશે તો પછી રૂસતીમશાહને કહીને એને અંહીંથી રૂખસદ અપાવવી પડશે."

પ્રકરણ ૮૨ મું.

ભેદમાં ભેદ !

ઉપલા બનાવ પછી શીરીનની હાલત વળી પાછી ફેરવાઇ ગઇ. તે પાછી હવે ઘરમાંજ ભરાઇ રેહેતી હતી. અને બાહર ફરહર કરવાનું એકદમ બંધ કર્યું હતું.

તે દીવસ પછી ફરીથી તે ગનુ માલીને યા નવાબને મળી ન હોતી. તે, અગાઉ આપણે જાણ્યે છીયે તેમ, ગનુ માલી સાથે વાતો કરતી હતી અને તેને હાથનો બનાવેલો ફુલનો સુંદર તુરો તે બાખુશી લેતી હતી; પણુ હવે તો તે તેની ઝુંપડીની આગળ જવાનેબી બીહતી હતી, અને તેની ઉપરથી વીસવાસ ઉઠાવી તેણે નવાબજાદા દેલાવરખાનપર ઇતબાર મેળી દીધો હતો !

આ પ્રમાણે શીરીન ત્રણુ દીવસ સુધી બાગમાં ગઇ નહીં, અને પેલી દવા પણુ તેણે પીધી નહીં પણુ ચોથે દીને તો તે સહવારથી "પારખ લૉડજ" માં જવાની હતી.

એ દીવસે જાંહગીરનાં લગ્ન નશરવાનજીની એકપુરી બેટી ગુલ કેડે થનાર હતાં. રૂસતીમશાહને પોતાના નાના કુટુંબ સહીત ત્યાં

જવાની ફરજ પડી હતી. પણ વાંચનાર પુછશે કે પેસી ગયો હતો કે ? પણ નહીં. તે ત્યાં શું નાંકે જાય ? તેણે કાંઈ ઘણુંાંજ અગત્યનાં કામનું બાંહનું કહાડી રૂસતીમશાહને ઉડાવ્યા હતા, જ્યારે ખરૂં કારણ આપણે સારીપેડે જાણયે છીયે તેમ તદન જુદુંજ હતું. મહાબ્લેશ્વર ખાતે હમાલને હાથ પકડાઈ જઇ જાંહગીર અને બીજાંઓ સન્મુખ ત્યાંથી અંતે તેને ફજેત થઇને પાછું ફરવું પડયું હતું તે બીના તો વાંચનારાંઓનાં ધ્યાનમાં હશે. ત્યારે હવે આવી શરમીંદગી હેઠળ તે દબાયેલો હોવાને લીધે જાંહગીરને બંગલે જવાનું તેને ઠીક લાગ્યું નહીં, તો જોકે રૂસમતીમશાહની શરમ ખાતર અને તેમના તરફના માનને લીધે જાંહગીરે તો તેને મોંઢે મોઢું ઇજન કર્યું હતું, અને તેમ કરીને જાંહગીરે તો ખરી રીતે જોતાં પોતાનો ગ્રહસ્થાઈ તરીકો જાળવી રાખ્યો હતો.

વળી એ કારણ ઉપરાંત પેસીને બીજું પણ એક ખીજવાટનું કારણ હતું. નશરવાનજીની દીકરી સાથે તો તે પોતેજ પરણવાની તૈયારીમાં હતો અને તેજ છોકરી એક તદન બીજા શખસ સાથે પરણી જાય એ તેના જોવા માટે શું થોડી ખીજવાટભરી બાબદ હતી ?

વળી તેને ખીજવાટનો એક ત્રીજો પણ સબબ હતો. ભલા ભલાઓ પોતાના પ્યારમાં ફાવી જઇ પોતાને મનગમતી પરણેતર મેળવી શકતા હતા ત્યારે તે પોતે તો આજે હજુ સુધી ખાલી આશામાં પડી રહયો હતો. તેને વધારે ખીજવાટ એટલામાટે લાગતો કે તેના મનમાં રમી રહેલી શીરીને પોતાની ઓંહસને વળગી રહી અંતે તેને દુઃખી કર્યો હતો અને તેમાં વળી રૂસતીમશાહની રતનફુઇને મળેલી છેલ્લી ચેતવણીથી તો તેની જરાક સરખી આશાબી ગુમ થઇ હતી. અને તેથી તેના દુઃખમાં ઓર વધારો થઇ પડયો હતો. જહાંગીરના લગ્નનો આજનો સુભ દીવસ તેને મનસે એક શ્રાપ સમાન થઇ પડયો. બીજાની ચહડતી તે જોઇ શકયો નહીં, અને નીરાશીનું બેહદ દુઃખ તો તેને લાગ્યુંજ હતું તેમાં હવે એ-દેખાઇતી આગ બળવાથી તેની હાલત ખરેજ દયાજણુક થઇ પડી. પોતાના કમભાગ્યપર તે વીલાપ કરવા લાગ્યો, અને એવી રીતે જાણે પોતાના પાપનો આ પેહેલો નતીજો મળેલો જોતો હતો.

પણ એ તો હવે જે થયું તે થયું. પેસી ગમે એટલો વીલાપ કરે તો તેનું વળવાનું શું ? બીજાંઓનાં દુઃખને ભોગે જે માણસ પોતા માટે જાથુકનું સુખ ભોગવવાની હલકી ઇચ્છા રાખતો હોય તેનો અંત આયંદે બેહદ પસતાવામાં અને અનંત વીલાપમાં આવે તો તે ખરેખર નીતી રીતીને લગતા ચીવટ કાનુન મુજબજ છે.

આપણે ઉપર જોઈ ગયાં તેમ રૂસતીમશાહ પણ જાંહગીરના લગ્નની ખુશાલીમાં ભાગ લેવા જનાર હતા. નવાબજાદા દેલાવરખાનને પણ જાંહગીરે ખાસ ઇજન કર્યું હતું, પણ તે પ્રસંગે તેનો બુરો મરજ ઉભરી આવવાને લીધે તે જઇ શકયો ન હતો.

એવી રીતે નાદીર હોલમાંથી સઘળાં પારખ લોડજમાં વીદાય થયાં હતાં. પેસી તે વખતે ઘરમાં ન હતો. તે દીવસે સહવારથી તે પોતાની કલબમાં ગયો હતો, અને તે તકનો લાભ લઇ નવાબજાદો બાગમાં મજેહ તરેહથી એકલો ફરવા લાગ્યો. તે વખતે તેના ચેહેરા ઉપરથી સાફ માલમ પડી આવતું કે તેના મનની હાલત બહુજ ગુંચવણભરી હતી, અને કાંઇ પણ રીતની મુશકેલીમાંથી છુટવાની તે કોશેશ કરતો હોય એમ દેખાતો હતો. એ પ્રમાણે, ફરતાં ફરતાં તે લગભગ ગનું માલીના ઝુપડાં સુધી આવી પોંહચ્યો તે બહુજ ધીમે પગલે ચાલતો હોવાને લીધે તેના પગલાંનો અવાજ બીલકુલ સંભળાતો હતો નહીં. ગનું માલીના ઝુપડાંનું બારણું અળગુંજ હતું, માટે નવાબજાદાએ અંદર નજર કરી તો તેણે ગનું માલીને ભોંય ઉપર બેઠેલો દીઠો. પણ તુરતજ નવાબજાદાએ જાણે ત્યાં જાણે શું એક ચોકાવનારી ચીજ દીઠી હોય તેમ તે

ઝુંપડીની આગળ અજબ થઇને એકદમ ઉભો રહી ગયો! તે અજબ થયો કે તે શું ગનુંજ માલી હતો? કારણ કે તેના દાહડી થેબ્યા તો તેની નજદીક જમીનપર પડેલા નવાબે દીઠા!

ખરેખર, હવે નવાબની ખાતરી થઈ કે આ કાંઈ એક બુઢો માલી ન હતો, પણ કોઇ બલતોજ વેશધારી પુરૂષ હતો. તે તો તેના દાહડી વગરના દેખાવ ઉપરથી એક જવાંમર્દ માલમ પડતો હતો. કાંઇ પણ ગડબડ વગર હવે નવાબ અંદર દાખલ થયો.

પણ નવાબને પોતાની સન્મુખ ઓચીંતો આવી ઉભેલો જોઈ ગનું માલી એટલો તો બીધો કે ધભરાટમા ને ધભરાટમાં તેનાથી બુમ વટીક પડાઇ ગઈ. પણ તુરતજ તેણે ધ્યાન ઠેકાણે રાખી નજદીક પડેલા દાહડી થેબ્યા પોતાના મોહપર તેની જગ્યાએ ગોઠવી દીધા.

આ જોઇ નવાબ હસ્યો અને તુરતજ બોલ્યો, "બસ કર, ગનુ દાદા, બસ કર, મેં તુને સાબુત પીછાણ્યોચ."

"અરે પણ મેંબી તુંને પેહેલાંથીજ ઓળખ્યો હું, ભેદી ઉસ્તાદ!" ગનું પોકારી ઉઠયો.

"હં?" નવાબ તેના ચેસ્તાં કરતાં બોલ્યો, "ત્યારે જોઉં, બોલ હું કોણછું?"

"તારૂં નામ તો મને ખબર નથી; પણ હું તુંને ઓળખુચ" "લે, ત્યારે હવે તારૂં નામ હું તુંને કેહું તે તો સાંભળ." એટલું બોલી નવાબે તેના કાન પર પડી કાંઇ ધીમે સાદે કહ્યું, અને તેજ પળે ગનું માલીને જાણે ચમક થઇ હોય યા તેના શરીરમાં વીજલીનો પ્રવાહ જાણે ઓચીંતો દાખલ કરવામાં આવ્યો હોય તેમ ચોંકીને તે એકદમ ઉભો થયો અને નવાબજાદાનો હાથ પોતાના હાથમાં મજબુતીથી પકડી તેની સામે તગર તગર જોવા લાગ્યો!

હવે ત્યારે આ બંન્નેમાંથી ખરેખર ભેદી માણુસ કોણ?

પ્રકરણ ૮૩ મું.

બ્રાનસન અને તેના સાથીની હદબાહર બહાદુરી.

Hope! when I mourn with sympathising mind,
The wrongs of fate, the woes of human kind,
Thy blissful omens bid my spirit see
The boundless fields of rapture yet to be.—*Campbell.*

હવે આપણે લાહોર ભણી પાછા ફર્યે, અને ત્યાં બનતા બનાવોની ખબર લઇએ. બે ઘોડેસ્વારને પુર ઝડપે ખુલ્લાં મેદાનમાં દોડતાં આપણે છોડી આવ્યા છીયે કે જેઓમાંના એકના હાથમાંથી નીશાણીનો રૂમાલ કમ ભાગ્યે ઉડી જવા પામ્યો હતો. પણ હજુર સુધી સામેથી કોઇનુંબી ધ્યાન તેઓ તરફ ખેંચાયું હોય એમ તેઓને લાગ્યું નહીં. બ્રાનસન હવે તદન નાસીપાસ થયેલો દેખાયો, તોપણુ તેના સાથીએ હજુરબી આશા અને હીંમત રાખી કોઈનું પણ ધ્યાન હર બાંહને ખેંચાય એવી મતલબે પોતાનો રૂમાલ ઉડારવાનું તેણે ચાલુંજ રાખ્યું.

પણ બ્રાનસને અચાણુક રીતે પોતાનાં ગજવામાં હાથ નાંખ્યો કે તે ચોંકયો! ગજવામાંથી તેને કાંઇ મળી આવ્યું! અને તે કહાડતાં વાર તે મનસે બડબડયો "અરે ખુદા, અગાઉથીજ મને એનું ધ્યાન આવત તો કેવું સારૂં!" તેણે તુરતજ તે ચીજ પોતાના ગજવામાંથી જાણે ખેંચીને બાહર કહાડી. તે એક નાની રીવોલવર હતી. તેણે એક પણ પળ ખોહયાવના તે ફોડી. અને આવા ખુલ્લાં તદન એકાંત મેદાનમાં એક મોટો અવાજ થયો, અને તેના પડધા આસપાસ સંભળાવા લાગ્યા.

પણ શું તે રીવોલ્વર કારગર નીવડી? શું તેનો અવાજ તે ટોલાંને સંભળાયો? શું તે

બન્ને ઘોડેસ્વારોની અઠાગ અને કીમતી મેહેનતને જસ મળ્યો? શું એરચ બેગુનાહ માર્યો જતો બચી જશે? યા શું એક નીર્દોશ જીવડો આ દુન્યાંમાંથી કમોતે ઉખડી ગયો? શું તેને ઈનસાફ નહીંજ મળ્યો? એક માણુસ કે જેણે આ દુન્યામાં કોઇને પણ જાણી જોઇને ઇજા કરી નથી તેની શું સઘળી ઉમેદો ધુળ બરાબર થઇ? આવા કેટલા નીર્દોશ જવાનો મળી આવશે કે જેઓ પોતાનું વચન પાળવા માટે પોતાના જીવની પણ દરકાર કરતા ન હશે? બહુજ થોડા, અફસોસ! બહુજ થોડા. પણ ત્યારે શું આ દુન્યામાં સચાઇને જસ નથી? અરે ખુદા! પાપી માણુસો ત્યારે આ દુન્યામાં કયાં સુધી ફાવ્યા કરશે? અને સાવચતને વળગી રેહનારાઓ કયા સુધી હેરાન થયા કરશે. પણ નાહી. ખુદાઇ લાકડીને અવાજ નથી' પાપીઓનું પાપ કાંઇ તેઓને કહીને ફુટતું નથી, તેમજ નીર્દોશોનું નીર્દોશપણું પણ બહુ ચમત્કારીક રીતે સાબેત થાય છે. હા, તે રીવોલવર કારગર લાગી ખરી. તે બન્ને જણુની મેહેનત સફળ નીવડી ખરી. જેવી તે ફોડવામાં આવી કે તેના અવાજથી તે ટોળાં માંહેલા માત્ર બે ભાગ્યવાન આદમીનું તે તરફ ધ્યાન ખેંચાયું. જેવા તેઓએ તે બન્ને ઘોડેસ્વારોને દુરથી દોડી આવતા જોયા તેવાજ તેઓ બુમ પાડી ઉઠયા, "સબુર કરો, સબુર કરો" અને લગભગ સઘળા લોક જાણે ઉશકેરાઈ ગયા હોય તેમ અજાણુ પણે આ શખસોની બુમ સાંભળી જાણે તેના પડઘા કરવા લાગ્યાં કે "સબુર કરો, સબુર કરો!"

ત્યાંનો વડો અમલદાર જે આ પળે એરચને ફાંસી દેવાનો હુકમ આપવાની પુર તૈયારીમાં હતો તે ઉપલી વીચીત્ર પ્રકારની બુમ સાંભળી પોતાનો હુકમ આપતો એકદમ અટકી ગયો અને તે બુમનું કારણુ શોધવા માટે તેણે તુરતજ લોકોનાં ટોલાં તરફ અજાયબીથી જોયું. પણ જે માણુસો અજાણુપણે બુમ પાડી ઉઠયા હતા તેઓ શું ખોલાસો કરે? શા માટે અને કેવી રીતે તેઓએ બુમ પાડી હતી તે માટે તેઓ પોતે હવે બેખબર બન્યા. આખાં ટોલાંને જાણે આથી ભારે ખેજાલત લાગી હોય તેમ તેઓએ તે બન્ને શખસો તરફ જોયું પણ તુરતજ તે બન્ને જણુ બાહર નીકળી આવ્યા અને કાંઇ પણ બોલ્યા વગર પેલા અમલદારને સામે જોવાની ઇસારત કરી. આટલું કરયા સીવાય તે વખતે તેઓ કાંઇ પણ બોલી શકયા નહીં, અને તે અમલદાર તેઓને મુંગા યા ઘેલા થઇ ગયલા સમજી હજુર તો તેઓ તરફથી પાછો ફરી પોતાનો અસલ હુકમ આપવા જતો હતો તેવામાં એક બીજો અવાજ સંભળાયો. આ અવાજ વધારે નજદીકથી આવ્યો હતો અને તે સારા નસીબે સઘળાંને આબાદ સંભળાયો અને હવે સઘળાં લોકોએ જાણે તેઓની અત્યાર સુધીની બે ખબરીમાંથી બીદાર થઇને સામેથી બે ઘોડેસ્વારોને પુર ઝડપથી તેઓ તરફ દોડતા આવતા દીઠા, અને સઘળું લોક આમતેમ વીખેરાઈ જઇ એકે અવાજે બુમ પાડી ઉઠયું, "પેગામચી! પેગામચી! સબર કરો! સબુર કરો!"

પેલો અમલદાર કે જેની આસ પાસ ઉલટમંદ લોક જેમ ગમે તેમ ફરી વળ્યાં હતાં તે હજુર સુધી કાંઇબી જોઇ શકયો નહીં એટલે ત્યાં મુકેલી એક ખુરશી ઉપર તે ચઢયો, અને બે ઘોડેસ્વારોને લગભગ નજદીક દોડી આવેલા તેણે દીઠા. અને તેમાં એક જણુને પોતાના હાથમાંનો રૂમાલ વટીક ઊડારતો તેણે દીઠો. તેણે તાબડતોબ એરચને ફાંસીના માચડા ઉપરથી ઉતારવાનો હુકમ આપ્યો, અને તે બે ઘોડેસ્વારો તરફ દોડયો. ઘોડેસ્વારો એટલાબધા તો થાકી ગયા હતા કે કાંઇબી બોલ્યા વગર તેઓમાંના એકે તે અમલદાર તરફ એક સીલ કીધેલો દસ્તાવેજ ફેંકયો, અને તરતજ તે બંન્ને જણુ પોતાના ઘોડા ઉપરથી હેઠળ ઊતરી જમીન ઉપર પડયા અને બેસુદ્ધ જેવા બની ગયા.

તે અમલદારે તુરતજ પેલું કાગળ જમીન ઉપરથી ઉલટભેર ઉપાડી લીધું અને તે ઉખેડી વાંચવા માંડયું. જેમ જેમ તે આ કા-

ગળ માંહેલું લખાણુ વાંચતો ગયો તેમ તેમ તેના મોંઢાં ઉપર ખુશાલીની લાગણીઓ એ-કદમ પ્રકટી નીકળી. તે વાંચી રહ્યા બાદ તે પોતાની અસલ જગ્યાએ આવી પુગ્યો અને એરચ તરફ ફરી ખુશાલ અવાજે તે બોલ્યો, "એરચ, તારાં નસીબે આજે જબરૂં જોર કીધું છે. આવો અસાધારણ બનાવ મેં મારી અત્યાર સુધીની જીંદગીમાં પેહેલ વેહ-લોજ દીઠો છે. પેલા બે શખસો જેઓને હું દીવાના સમજ્યો હતો તેઓનું ધ્યાન આ ઘોડેસ્વારો તરફ ખેંચાયું ન હતે, યા તેઓ એકો એક બુમ પાડી ઉઠયા ન હોતે તો તું પેલી જેહાંન પુગી પણુ ગયો હોત. પણુ હું ખુદાનો આભાર માનુંચ કે તેમ થવા પામ્યું નથી. લાહોરની અદાલતના વડા ન્યાયા-ધીસ તરફથી મને આ દસ્તાવેજ મારફતે લેખીત હુકમ મળ્યો છે કે જ્યાં સુધી મને તેના તરફથી બીજો હુકમ ન મળે ત્યાં સુધી તારી આ સજા મુલતવી રાખવી, અને હું મારાં ખરાં અંતકરણથી ઇચ્છુંચ કે આવી દુઃખ ભરી ફરજ મને ફરીથી બજાવવી પડે નહી."

જેટલી વાર સુધી તે વડો અમલદાર ઉપ-લું બોલ્યો તેટલીવાર લોકો બહુજ શાંત બન્યા હતાં અને તેનું બોલવું તેઓએ એક ચીતે સાંભળ્યું હતું. પણુ જેવું તેણે પોતાનું બોલ-વાનું પુરૂં કર્યું તેવુંજ લોક જાણે ખુશાલીથી દેવાનું બની જઇને હો હા કરવા લાગ્યું.

પણુ પેલા બે ઘોડેસ્વારો કે જેઓએ અમુલ્ય સેવા બજાવી હતી તેઓને તો તેઓ આવી ગડબડ વચ્ચે ભુલીજ ગયાં. પણુ બ્રાનસન બારીસતરને એક જણે ઓળખતાં ને વાર તરતજ સઘળાં જ્યાં તેઓ પડયા હતા ત્યાં દોડયા. તેઓને પાછા હુસ્યાર કર-વામાં આવ્યા અને લોકોએ તેઓને માટે ખુશાલીના હુરરે ના ત્રણુ વખત પોકાર કરી તેઓને બેહદ શાબાસીથી વધાવી લીધા.

પ્રકરણુ ૮૪ મું.

કીસમતની કરામત!

થોડા વારમાં તો આ વાત આખાં શેહેરમાં વીજલીક ઝડપે ફેલાઇ ગઇ. પણુ જ્યાં સુધી એ સંબંધી લોકોની પક્કિ ખાતરી થઇ નહીં ત્યાં સુધી તે તેઓએ માની નહીં. અને તે માને પણુ કયાંથી? કાંઇ એકદમ માની શકાય એવી આ વાત હતીજ નહીં. જેની સ્વપ્ને પણુ આશા નહીં તે બનીજ કેમ શકે? અને તે નહીં માનવાનું બીજું વજુદદાર કારણુ તો એ હતું કે એ બનાવ ઉપર તરેહવાર અટ-કળ અને નુકતેચીની થવા માંડી અને તે સંબંધી જાતજાતની અફવા લોકોમાં ફેલાઇ. એક જણુ બાહર નીકળીને આ વાત લોકોને ખરી તરીકે જણાવે કે તુરતજ કોઇ બીજો તેને તોડી પાડનારો નીકળેલોજ છે, કે જે વળી કાંઇ તેનાથી તદ્દન જુદીજ ખબર આપે. કોઇ કહે કે એરચે રસતામાં જતાં જતાં આપઘાત કર્યો, બીજો કહે કે માંથે લોહી ચહડી જવાથી તે મુવો, તો વળી કોઇ કહે કે તે બંધીખાનામાંથી ગેપ થઇ ગયો. કેટલાકોએ વળી આ વાત ઉડારી કે એરચના ખુબસુરત દેખાવ તરફ નેગાહ પોંહચાડી સ-રકારે તેની સજા માફ કરી તેને છોડી મેલ્યો, તો વળી કોઇએ વચ્ચે તાહુકો મેલ્યો કે તેની ઉપર દયા કરી તેને જન્મ દેશ નીકાળ કર્યો. તેમાં વળી કોઇ તો શું બુમ ઉડારે કે રાણી સરકારનો વેલાતથી તાર આવ્યો કે એરચની સજામાં ઘટાડો કરો. પણુ સૌમાં એક મીયાં ભાઇનો ગપાટો તો જબરો સપાટોજ. તેણે તો દાહડી પસવારતાં પસવારતાં સર્વેને એકજ બાજુએ નાંખ્યાં "કયા કહું યાર જાફર-

ખાન કે સા—બંધવેકુ સાત દફે સુલીયે ચઢ-ડાયા ઔર સાત બખત રસી તુટ ગઈ, ફીર આસમાની અવાજ આયા કે બસ કરો, નીર્દોશકુ બીગુનાહ નહીં મારો. ”

એવી રીતે થોડોક વખત તો એ વાત કોઇએ માની નહીં. પણ ત્યાર પછી ધીરે ધીરે ખરી વાત અંતે લોકોની જાણમાં આવવા પામી ત્યારે સર્વે કોઈ બ્રાનસન બારીસતરનાં ભારે વખાણ કરવા લાગ્યાં. બીજા દીવસના પત્ર મારફતે સત્તાવાર વીગતો લોકોની જાણમાં આવી. એક ચોક્કસ બારીકી એરચની તરફેણમાં બ્રાનસન બારીસતરને જણી આવવાથી તે એદવોકેત જનરલની સાથે વડા ન્યાયાધીસને જઈ મળ્યો હતો અને તે બારીકી તેણે તેને સમજાવી હતી અને વડા ન્યાયાધીસના મનમાં તે બાબદ ઉતરવાથી તેણે એરચની સજા માત્ર મુલતવી રાખવાનો હુકમ કાઢયો હતો. અને ત્યાર બાદ ઘટતે વખતે તેની તપાસ “ફુલ બેંચ” સન્મુખ ફરીથી ચલાવવાનું ઠેરવ્યામાં આવ્યું હતું

ધનજીશાહ લાહોરવાલા આ ખબર વાંચી ખુશાલ હૈડે વધુ ખબર મેળવવા બ્રાનસનને બંગલે પોતે ગયા. પણ બ્રાનસન તેમને મળ્યો નહીં એટલે તેઓ નીરાશ થઈ પાછા ફર્યા.

પણ તેઓની નીરાશી થોડા વારની હતી. જેવા તેઓ પોતાને બંગલે પાછાં ફર્યાં કે બ્રાનસન પોતેજ તેમને મળવા આવ્યો.

બ્રાનસનનો તે વખતનો હસ્તો ચેહેરો જોઇ સઘળાંને આશા આવી.

“કેમ ધનજીશાહ શેઠ, તમે તે ખુશ ખબર સાંભળી?” તેણે આવતાંને વાર પુછ્યું.

“હા. પણ પેહેલાં તો મે એ ખબરપર જરાકબી ભરૂશો મેલ્યો નહીં કે એ બનીજ કેમ શકે?”

“પણ હવે તો માની કેની?” બ્રાનસન હસીને બોલ્યો, “ખુશી થાવો મારા દોસ્ત, ખુશી થાઓ, કમનસીબ એરચનું નીર્દોશપણું સાબેત કરવાનો વખત નજદીક આવી પુગ્યો છે. ખરો ખુની કોણ છે તે મેં આખરે જાણ્યું છે.”

“પણ એરચ તો હવે એકદમ છુટી જશે કેની” ધનજીશાહે ઉલતભર પુછ્યું.

એની ફુલ બેંચ હજુર તપાસ થયા બાદ એ જરૂર છુટી જશે. સોમવારે એની તપાસ થવાની છે, અને તે વખતે મને પુર આશા છે કે, હું એનું નીર્દોશપણું સાબેત કરી શકીશ.

“ઠીક ત્યારે તો, બ્રાનસન ફતેહ કરો અને એરચને લઇનેજ અહી પણ પાછા ફરજો, બાતમે તો જબરા અઠંગ ઘોડેસ્વાર, જો.”

“અરે હું તો એમજ સમજુંચ” બ્રાનસન બોલ્યો, “કે અમુને ફરેસ્તાઓએ મદદ કરી. વીચાર કરતા હમણાં મને ખબર પણ પડતી નથી કે એટલી પુર ઝડપથી અમારા ઘોડા દોડયા કેમ હશે. તેટલા માટે મુખ્ય શાબાસી તો તેમુંગા પ્રાણીઓનેજ ઘટે છે, કે જેઓએ એરચને બચાવવા માટે કાંઇ જેવી તેવી સેવા બજાવેલી ન કેહેવાય, અને જેઓની મદદ વગર અમે કંઇબી કરી શકતે નહીં. પણ તમે માનશો ધનજીશાહ કે જ્યારે અમારા રૂમાલ ઉડારવાની લોકોનાં ટોલાંપર જરાકબી અસર થઈ નહી અને તેઓમાંથી કોઇનુંબી ધ્યાન ખેંચાયું નહીં ત્યારે અમે જાણે નીરાશીથી દેવાના સરીખા બની ગયા. પણ આખરે મને તદન નહીં ધારેલી રીતે તે રીવોલર મળી આવી. અને તેના અવાજથી જ્યારે ત્યાંના લોકોનું ધ્યાન ખેંચાયું ત્યારે અમારા મનમાં ધીરજ આવી. ખોદા એવો જીવસતોસતનો વખત ફરીથી ન બતાવે!”

“તે ગમે તે હોય પણ તમારાં નસીબમાં જસ લેવાનો તે હર બહાને લેવાશ. હું ઇચ્છુંચ કે હવે જલદીથી તમે તમારૂં કામ કરી પાછા ફરો, અને બારીસતર તરીકેની તમારી કીર્તીમાં વધારો કરો.”

પ્રકરણ ૮૫ મું.

હક ઇનસાફ.

લોકો હવે સોમવારની રાહ આતુરતાથી જોતાં હતા; કારણકે તે દીવસે લાહોરની અદાલતના વડા ન્યાયાધીસના પ્રમુખપણાં હેઠળ ભેગા મળી બીજા સઘળા ન્યાયાધીસો બ્રાનસન બારીસ્તરની એરચની તરફેણમાં જતી દલીલ સાંભળનાર હતા. તેટલા માટે તે દીવસે કાંઇ પણ નવું જુનું એરચનાં બાબમાં બનશે એવી પુર આશા લોકોને હતી.

અંતે સોમવારનો દીવસ આવી લાગ્યો અને કોર્ટનું દીવાનખાનું ઉલટમંદ તમાસગીરોથી ચીકાર ભરાઈ ગયું.

વડા જડજે તેમજ બીજા સઘળા ઉતરતા ન્યાયાધીસોએ કોર્ટમાં હાજરી આપી ત્યારે લોકોમાં ગંભીર ચુપકીદી ફેલાઈ.

વડા ન્યાયધીસના હુકમથી બ્રાનસને પોતાનો હેવાલ કોર્ટને નીચે મુજબ કહી સંભળાવ્યો:-

"મારાં કુલ એરચ નાદીરશાહને ખુન માટે ફાંસીની સજા કાયદા પુર્વક થયા પછી તે ગયા સનીવારે આંઠ વાગતે અમલમાં આવનાર હતી. પણ ચોકકસ સંજોગોને લીધે નામદાર વડા જડજને મળી મેં તે મુલતવી રાખીછે, અને હવે તે એકદમ રદ કરવાની કોર્ટને અરજ કરૂછું. પણ તેમ કરવા અગાઊ હું કોર્ટને કેટલીક જાણવા જોગ વીગત કહી સંભળાવીશ."

અને અત્રે બ્રાનસને પોતે ઘોડે સ્વાર થઇ સહવારે ફરવા જતી વખતે ઘોડાના વીચીત્ર ખવાસને લગતો જે અનુભવ મેળવ્યો હતો તે કોર્ટને કહી સંભળાવ્યો.

ત્યારપછી તેણે જોફરીના ઘોડાવાલાને શાક્ષી તરીકે રજુ કર્યો, જેણે પોતાની જુબાની નીચે પ્રમાણે આપી:—"પેહેલાં હું લાહોર શેહેરમાંથી હમણાંજ કેઠે ચાલી ગયલા રીચી પેનને ત્યાં નોકરીએ હતો. અને હમણાં હું જોફરી નામના સાહેબની નોકરીમાં છું. મારા આગળા શેઠ રીચીને ઘોડેસ્વારીનો બહુ શોખ હતો અને તે ઘણો ખરો મરનાર મુલતાંની સાથેજ વારે ઘડીએ જે જગ્યાએ ખુન થયું ત્યાં શેકાર કરવા જતો હતો. જે દીવસે સાંહજે ખુન થયું તે વખતે તે મરનાર મુલતાની સાથે શેકારે ગયો હતો. પણ તેની અગાઉ તેણે મારી પાસે તે મરનાર હીરામલ ઉપર એક ચીઠ્ઠી આપી મોકલ્યો હતો અને મોંહડે મોંહડું પણ કેહવાડયું હતું કે સાંહજે જરૂર મળવું. હું તે ચીઠ્ઠી લઈ હીરામળને આપી આવ્યો હતો અને તેનો જવાબ પણ સાથે લઈ આવી મારા શેઠને આપ્યો. હીરામળે ચીઠ્ઠી આપતી વેળા મને ફરમાવ્યું હતું કે તે મારા શેઠની ખાહેશ મુજબ જરૂર નેમેલે વખતે મેદાનમાં આવી પુગશે. ત્યારપછી મારો શેઠ તે ઘોડા ઉપર ફરીથી સ્વાર થઇ બાહર ગયો ન હતો પણ થોડા દીવસમાં તો તે પોતાનો સર સામાન વેચી અને પોતાનો ઘોડો પોતાના મીત્ર જોફરીને આપીને લાહોર શેહેર અચબુચ છોડી ગયો, અને ત્યારપછી હું મારા નવા શેઠની નોકરીમાં જોડાયો."

અત્રે શાક્ષીને રૂખસદ આપવામાં આવી.

"હવે હું તે ચોકકસ ચીઠીઓ કોર્તમાં રજુ કરીશ કે જેથી તમારી પુરેપુરી ખાતરી થશે કે ખુનવાલી સાંહજે રીચીપેન અને મરનાર મુલતાની સાથેજ હતા."

અત્રે બ્રાનસને નીચલાં બે કાગળો રજુ કર્યાં.'

તા૦ ૧૫ મી નવેમ્બર—૧૮—

મારા પ્યારા દોસ્ત હીરામલ,

ઘણાં દીવસ થયા આપણે શેકારે ગયા નથી માટે આજે મારી ખાહેશછે કે સાંહજે જરૂર જવું. તેટલા માટે, હું તુંને જણાવવાની રજા લઉં છું કે આજે સાંહજે તું જરૂર આપણી હંમેશની જગ્યાએ આવજે. જવાબ લખજે.

લી૦ રીચીપેન.

તા૰ ૧૫ મી નવેમબર—૧૮.

મારા પ્યારા રીચી,

તારા માણુસે તારી ચીઠ્ઠી મને હાથો હાથ પુગાડીછે. મારોબી તેવોજ વીચાર છે. તારી ખાહેશ મુજબ હું આજે સાંહજે જરૂર આવીશ.

લા૰ હીરામળ જેઠામલ.

આ ઉપરથી તમારી ખાતરી થઈ હોશે," ખાનસને ચલાવ્યું, "કે મરનાર હીરામળ અને લાહોર શેહેર છોડી ગયલો રીચી પેન એ બંને જણુ ખુનવાલી સાંહજે ખુન થયું તે જગ્યાએ સાથે મળ્યા હતા. વળી હમણા રીચી પેન લાહોંર છોડી ગયોછે તેનો ભેદી સબબ પણુ સમજી શકાતો નથી. એટલે સુધીની વીગત ઉપરથી તમો નામદારની ખાતરી થઇ હશે ખુન સાથે મારાં કુલને કશુંએ લાગતું વળગતું નથી. વળી ખુનવાલી જગ્યાએ મારાં કુલને કોઈએ ઊભેલો દીઠો નથી, જ્યારે રીચી પેન તે વેળા ત્યાં ઘણો ખરો હાજર હોવો જોઈયે એ બનવાજોગ છે. મારાં કુલને ગુનેહગાર ઠેરવવામાં આવ્યો છે તે માત્ર આસપાસની બીનાને આધારે છે. અને નહીં કે ખુન કરતાં તેને કોઇએ દીઠોછે યા તો તેમાં તેનો હાથ હતો એવી સીધી એક પણુ જુબાની પડી છે. તેટલા માટે મારાં કુલને થયલી ફાંસીની સજા રદ કરવાની તમે જરૂર જોશો. કારણુકે તેની તરફેણુમાં જતી આ બીના કાંઈ જેવી તેવી વજનદાર નથી."

અત્રે વડા જડજે બીજા સઘળા ન્યાયધીસ સાથે મસલહત ચલાવી, અને એરચની તરફેણુમાં જતી બીના ઉપર તેઓએ એક કલાક સુધી વીચાર ચલાવ્યો, અને ત્યાર બાદ તેને નીર્દોશ ઠેરવી છોડી મેળવાને હુકમ કર્યો.

પ્રકરણુ ૮૯ મું

લાહોરને છેલ્લી સલામ.

વાંચનારે અત્રે જાણુવું જોઇયેકે મુંબઇ ખાતે નવાબજાદા દેલાવરખાનનો હેવાલ આપણે શરૂ કર્યો હતો તે એરચને છોડી દીધા પછી શરૂ થયલો હતો. ટુંકમાં, આપણે લાહોર ખાતેની આ છેલ્લી કેટલીક વીગતો દર્શાવી છે તે નાદીર હોલ ખાતે બનતા બનાવોની આગમચની સમજવી.

એરચને છોડી મેલવાની ખબર પુર ઝડપે ચોમેર ફેલાઈ રહી. આ બનાવથી આખાં શેહેરમાં મોટી ખુશાળી પંથરાઇ રહી, અને અંતે એક નીર્દોષ જીવડાને ઇનસાફ મળ્યો અને તે ફાંસીજતો બચ્યો તે જોઇ લોકોને ભારે સંતોશ સાથે કાંઇ જેવો તેવો હરખ ઉપજ્યો નહીઃ પણુ જ્યારે ખરા ખુનીનું નામ બહાર પડ્યું ત્યારે તો તેઓની અજાયબીનો પાર ન રહયો. તેઓ પેહેલાં તો તે ઉપર ઈતબાર પણુ મેળી શક્યાં નહી. એકજ સ્વભાવના અને એક સરખી ઉમરના આ બન્ને માણુસ વચ્ચે અસલથીજ મીત્રા ચારીનો મજબુત ગાંઠ વળાયો હતો તેઓમાંથીજ એકજણુ બીજાનો ખુની નીકળે એ વાત માની કેમ શકાય વારૂ? પણુ જ્યારે લોકો રફતે રફતે ખરી વીગતથી વાકેફ થયાં ત્યારે રીચી પેનની ચાલ ઉપર તેઓને હદ વગરનો ધીક્કાર છુટયો.

એરચનો આગળો મુલતાની શેઠ જેઠામળ આ ખુશાબખતી ભરી ખબર સાંભળતાંને વાર એરચને મળવા પોતે તેનાં હોતેલમાં ગયો,. અને એરચ ઉપર ગુજરેલા ગેરઈનસાફ માટે તેણે પોતાનાં ખરાં અંતકરણુની દલગીરી જાહેર કરી; અને એરચને પેઢી ઉપરથી રૂખસદ આપવાના પોતે ભરેલાં ઉતાવળાં પગલાં માટે તે એટલો બધો તો હવે શરમાંયો કે એરચને એકવાર ફરીથી પોતાની પેઢીનો વડો મુનીમ બનાવવાનો તેણે પોતાનો વીચાર

જણાવ્યો. પણ એરચે તેની માંગણી ઉપકાર સહીત ના પાડી, અને પોતે ચોક્કસ સબબો સર લાહોર શેહેર તાબડતોબ છોડી મુંબાઈ ઉપડી જનાર હતો એમ જણાવ્યું. પણ જેઠામળે તેને ઘણી ઓંહસ કરી અને એટલે સુધી વધારયું કે હવે તેને રૂસતીમશાહની મુંબઇ ખાતેની પેઢીથી ડરવાનુ કાંઇબી કારણ હતું નહીં. તે પેઢીમાં જબરોં ઘોંટાલો વળ્યો હતો અને હમણાં સુધી માત્ર નામને ખાતર તે ચાલતી હતી. એરચ તો આ ખબર સાંભળી હેબતીજ ગયો અને કોઇ પણ રીતે રૂસતીમશાહને તેથી વાકેફગાર કરવાની પોતાની પવીત્ર ફરજ વિચારી તે કાંઇ વધુ બોલ્યોજ નહીં. અને જેઠામળ પણ તેનો આવો મક્કમ વિચાર જોઇ નીરાશ થઈ વીદાય થયો.

એરચ પોતે ધનજીશાહના કુટુંબને જઇ મળ્યો. તેઓ સઘળાં તેને જોઇને ઘણાજ ખુશી થયાં. એરચે ધનજીશાહની ઘણીજ ઉલતભર ખાહેશથી પોતાની આગળી કારકીર્દી વીશેનો ટુંક ખુલાસો કર્યો. તેણે કાંઈ સઘળી વીગતનું બારીકીથી બ્યાન કર્યું નહીં, પણ પોતે આટલી ઉમર સુધી કયાં રહ્યો હતો, કોણના આશરા હેઠળ ઉછરી મોટો થયો હતો, તે વીગેરે બીજી કેટલીક બાબદથી તેણે તેમને વાકેફ કર્યો. પણ તેને પોતાના પાળણહારનો આશરો શું સબબો સર અને કેવા સંજોગો વચ્ચે છોડવો પડયો હતો તે બીના તેણે છુપીજ રાખી. ચોક્કસ પંચાતીને લીધે તેને એવું પગલું ભરવું પડયું હતું એટલુંજ માત્ર તેણે તેમને જણાવ્યું. વળી તે પોતાના માબાપ યા ખાનદાન વીશે તેઓને કાંઇબી ખબર આપી શકયો નહીં. ત્યાર પછી એરચે પોતાનો લાહોર છોડી જવાનો મક્કમ વીચાર તેમને જણાવ્યો. પોતાના એક ઘણુંજ અગત્યનાં કામસર તેને મુંબઇ જવું પડતું હતું એમ તેણે તેઓને જ્યારે કહ્યું ત્યારે તે સાંભળી તેઓ બહુ દલગીર થયાં. પણ એરચ કાંઇ તેઓથી છુટો પડવા માટે થોડો દલગીર થયો નહીં. ધનજીશાહની અને તેમના કુટુંબની તેની ઉપરની અપાર મોહબત અને મેહેરબાની માટે તેણે તેમનો ભારે આભાર માન્યો, અને ત્યાર બાદ તે સઘળાંને મળીભેટી તેઓથી છુટો પડયો. અને બીજે દીને તો તે એકાએક લાહોર શેહેર છોડી ગયો. જતી વખતે તે ખાનસન પાસે પોતાના સર્વે કાગળ્યાં અને પોતાનો કીંમતી એવજ પોતા સાથે લઇ ગયો હતો. એરચને કોઇ પણ પ્રકારની મદદ આપવાની ખાનસને મોટી ખુશી દેખાડી હતી, અને તેનાં સર્વે દસ્તાવેજો, કાગળ્યાં વગરે તેણે એરચને પાછાં સ્વાધીન કર્યાં, કે જેની અંદર આપણે જાણ્યે છીયે તેમ એરચે પોતાની શીરીન પર બંદીખાનાંમાં બેસી લખેલો પત્ર પણ હતો, કે જે પત્ર જો શીરીનનાં વાંચવામાં આવતે તો તેની ઉપર કેવી માંઠી અસર થતે તે આપણે કલ્પી શકતાં નથી.

આ પ્રમાણે કમનસીબ એરચની લાહોર ખાતેની કારકીર્દી ખતમ થઇ. જે વીગ્ન તેને પેહેલવેહેલું લાહોર આવતી વખતે ગાડીમાં નડયું હતું તે જાણે તેની આડે હંમેશનું આવ્યા કીધું હતું અને જેને લીધે તેને આટલું આટલું ખમવું પડયું હતું. જેવા દુઃખી દીલે તે લાહોર ખાતે આવ્યો હતો તેવીજ હાલતે બલ્કે તેથીએ વધારે દુઃખી દીલે તે લાહોર છોડી જતો હતો; કારણકે આ વેળા તેનાં મનમાં એક ચોક્કસ પ્રકારની ફીકરે વાસો કર્યો હતો અને તેના સંબંધી તે બેહદ ચીંતાતુર બની રહયો હતો. લાહોર તે આવ્યો હતો તે માત્ર પોતાના ફાયદાને માટે પણ હવે તે મુંબઇ જતો હતો તે માત્ર એક ચોકકસ આદમીનો જીવ બચાવવા માટે. આ વેળા તેણે એક માહભારત કામ માંથે ઉઠાવ્યું હતું તેમાં તે પોતાના જીવને જોખમે પડયો હતો અને તેને જો કદાચ કમોતે મારયું જવું પડતે તો તે કામ આપણે જાણ્યે છીયે તેમ ભલો બારીસ્તર ખાનસન બજાવનાર હતો, એરચે પોતાની આ મુંબઇ ખાતેની મુસાફરી ઘટતે વખતે પુરી કરી, અને સારાં ભાગ્યે આ વેળા તેને કાંઇ પણ રીતની આપદામાં આવવું પડયું નહીં.

પ્રકરણ ૮૭ મું.

પેસીનો પેલો ભયંકર વીચાર.

હવે આપણે આપણી આ વાર્તાના નામચીન પેસી વીશે બે બોલ બોલીશું. એરચ ઉપર વેર લેવાની નીચ મતલબથી તેની સામે તેણે કાવત્રું ઉભું કર્યું હતું અને તેને લીધે એરચને પછી નાદીર હોલ છોડી જવો પડયો હતો તે વખતે તેની મુખ્ય નેમ તો શીરીનને હાથ કરી તેના બાપના પૈસા ઉપર ત્રાપ મારવાની હતી. પણ એરચના ગયા પછી તેણે જેમ જેમ શીરીનને જીતવાની કોશેશ કરવા માંડી તેમ તેમ તેણે પોતાની ભારે અજાયબી વચ્ચે શું જોયું!'. તેની અસલ મતલબ ઊંધી વળી ગઇ હતી. પૈસાની તેણે ગરજ હતી નહીં. શીરીનના પૈસા તેના ખ્યાલમાંથી એકદમ ખસી ગયા, અને તેને બદલે માત્ર એકજ વસ્તુ તેના મનમાં થેરો નાંખી પડી હતી, અને તે કાંઇજ નહીં પણ પ્યાર!

જે પ્યારને તે હસી કાહડતો હતો તેજ પ્યારે અંતે તેનો કબજો લીધો હતો તે તે વખતે માત્ર એકજ ઇચ્છા રાખી ફરતો હતો, અને આપણે જાણયે છીયે તેમ તે પોતાની ઇચ્છા પાર પાડવાના હેતુથી તેણે આજ સુધી કોશેશો કરી જોઇ હતી, પણ સઘળાંમાં તે હાર્યો હતો, અને તેણે પોતાના બેહદ ખીજ-વાટ વચ્ચે જોયું કે તે હવે પોતાની મત-લબમાં ફાવી શકનાર નથી.

અને જ્યારે તેની ખાતરી થઇ કે જે પ્યારને માટે તે આટલો બધો તલબગાર થઇ રહયો હતો, અને જે મેળવવા માટેનાં તેણે મારેલાં ફાંફાંથી તેનું કંઇબી વળનાર નથી ત્યારે તેણે પોતાની વળણ એકદમ ફેરવી નાંખી હતી. તેના પ્યારે ત્યાર પછી વળી કાંઇ નવું અને જુદુજ રૂપ પકડયું હતું. તે પ્યાર એકદમ ધીક્કારમાં ફેરવાઇ ગયો હતો.

પેસીએ દુ:ખી શીરીનને અગાઉ જે ધમકી આપી હતી તે અફસોસ, કે ખરી હતી. પેસીના પ્યારે કીનાનું રૂપ અખત્યાર કર્યું હતું. એરચ યા શીરીન એ બન્નેમાંથી કોઇનેબી દુ:ખી કરી પોતાના કીનાનો આતશ બુજાવવાનો તેણે નીશ્ચય કર્યો. અને અંતે એવા ખ્યાલમાં ને ખ્યાલમાં તેના મનમાં એક પાપી વીચાર પેઠો. તે બુરો વીચાર તો જ્યારે તેણે પેહેલીજ વખતે શીરીન તરફથી પોતાની નીશફળતા જાહેર થયલી જોઇ ત્યારનોજ તેના મનમાં ભમ્યા કરતો હતો. પણ અત્યાર સુધી તે તે વીચારને નક્કીપણે અમલમાં મેળી શકયો ન હતો. એરચને લીધે શીરીન તેના પ્યારનો અનાદર કરતી હતી એમ પેસી માનતો હતો. જો શીરીન એરચના પ્યારમાં પડી ન હોત તો જરૂર તે તેને મળી શકતે. આ ઉપરથી એરચ ઉપર પુરતો કીનો લેવાનો તેણે કસદ કર્યો, અને તેનું હથ્યાર નીર્દોશ શીરીનને બનાવવાનો ઠેરાવ તેણે પોતાના મનમાંજ પસાર કર્યો હતો. પણ તે કેવા ભોગે? અફસોસ કે શીરીનની જીંદગીનાજ ભોગે,

આવો બુરો વીચાર જ્યારથી તેના મનમાં દાખલ થયો ત્યારનો તે ઉશકેરાયલોજ ગયો હતો, અને માહબલેશ્વર ખાતેથીબી ફજેત થઇ પાછો ફર્યો હતો ત્યારે તેના ગુસ્સાનુ પુછવુંજ શું?

આ અને આજ વખતે તે ભયંકર વીચાર અમલમાં મેળવાની તૈયારી કરવાને તે ઉશકેરાયો હતો. તે વખતે તે માહબ્લેશ્વર છોડી કાંઇ એકદમ મુંબઇ ગયો ન હતો. પણ કલ્યાનથી ગાડી બદલી તે બીજે ઠેકાણે ગયો હતો. ટુંકમા વાંચનારે જાણવું કે તે વેળા તે લાહોર ગયો હતો.

એરચ પર વેર લેવાની શરૂઆતની તૈયારી તરીકે તેણે પોતાના મીત્ર બાબનની મદદ જ્યારે તે મુંબઇ ખાતે હતો ત્યારે માંગી હતી. બાબન પાસે તેને જે જોઇતું હતું તે માત્ર એક ઘણુંજ હુસ્યાર અને અનુભવી મુસલમાન હકીમની સલ્લાહ. બાબને પોતાની ઓળખાણ વાલા એક બુઢા હકીમ સાથે પેસીની મુલાકાત-

કરાવી આપી. પણ હકીમ સાથની વાતચીત ઉપરથી પેસીને માલમ પડયું કે તેની પાસે તેની મતલબને બરની કાંઇ પણ રીતની મદદ મળી શકનાર નથી તોપણ ચોક્કસ જગ્યાએથી એક ચોક્કસ સ્ત્રી પાસે એવી રીતની યાને પેસીને જોઇતી મદદ મલી શકશે એમ તે બુઢાએ વધાર્યું હતું. પણ તે ઠેકાણાની ભાલ આપવા માટે તે બુઢો એકજ સરતે તૈયાર થયો. તે સ્ત્રી કોઇ પણ રીતના અજાણ્યાં માણસને પોતાના મકાનમાં દાખલ કરતી નહીં હતી પણ ચોક્કસ માણસો કે જેઓ તેની અંગત પીછાણવાલાનુ ભલામણ પત્ર લાવ્યા હોય તેઓ ઉપરજ ઇતબાર મેળી તે કામ કરતી હતી. હવે તે સ્ત્રી તે બુઢા હકીમની સગપણની હતી, અને હકીમું કરવામાં તેના કરતાં વધારે કાબેલ અને ખબરદાર હતી, અને માત્ર તેનેજ દરેક રીતની ઝેરી તેમજ ઝેરને તોડનારી દવા કેમ બનાવવી તેનાં હુન્નરની માહીતી હતી. સેવટે તે હકીમે પેસીને જણાવ્યું હતું કે તે જો તેને એક સારી જેવી રકમની નવાજેશ કરે તો તુરતજ તે એક સરસ ભલામણ પત્ર તે સ્ત્રી ઉપર લખી આપે કે જેથી કરીને તેનું કામ તુરતા તુરત પાર પડે. પેસીતો હવે આવી ટકની શોધમાંજ હતો, અને તે વગર તો તેનું કામ આગળ ચાલેજ નહીં, માટે તેણે તે લાલચુ હકીમને એક સારી જેવી રકમ આપી અને તેની પાસેથી તે પોતાની મતલબને બરનું ભલામણ પત્ર તે સ્ત્રી ઉપર લખાવીને તે પોતાને સ્વાધીન લીધું. પણ તેતો આટલી વાત ચીત દરમ્યાન એમજ સમજતો હતો કે તે સ્ત્રી મુંબઇ ખાતેજ રેહેતી હશે. પણ જ્યારે તે બુઢઢા હકીમે તેને તેનું લાહોર ખાતેનું ઠેકાણું જણાવ્યું ત્યારે તે લગાર અજબ થયો અને લાગ જોઇને લાહોર ખાતે જવાનો તેણે વીચાર કર્યો હતો.

તેટલા માટે, તે ભલામણ પત્ર પોતાની સાથે લઇનેજ ફરતો હતો અને તેને પોતાના જીવની માફક સાચવતો હતો.

પણ તે પત્રનો ઉપયોગ કરવાની તેને ત્યાંર પછી જલદીથીજ ટક મળી ગઇ હતી. માહબ્લેશ્વર ખાતે તેની થયલી ફજયતીથી તેને જબરૂં અપમાન લાગ્યું હતું અને ત્યાંથી તે કલ્યાન થઇને લાહોર ગયો હતો.

પણ કીસમતમા બનવાનું તે કદી મીતે વારૂ? તેણે તો પોતાની બાજી બહુજ છુંપી રીતે અને અતી ઘણી બાહોશ યુકતીથી રચી હતી. પણ તેની તપાસ રાખનાર ભોગજોગે એક જણ નીકળી આવ્યો કે જેણે તેની બુરી નીસ્તા પારખી લઇ સેવટ સુધી તેની ઉપર બારીક નજર રાખી હતી અને ઠેઠ વેર જઇ પુગી તેનો ભયંકર ભેદ જાણી લીધો હતો. તે શખશ કોઇજ નહીં પણ એરચ હતો.

અને એરચે ખુનવાલી સાંહજે હોતેલની બારીએ ઉભો રહી જે શખસને રસતા ઉપરથી પસાર થઇ જતો દીઠો હતો અને જેને જોઇને તે ચોંકયો હતો અને મોટે સાદે ચોક્કસ શબ્દો બોલી પણ ઉઠયો હતો કે જે ચોક્કસ બોલો માટે તેને ખુનનાં વાંકમાં વટીક સપડાવું પડયું હતું, તે શખસ કપીણ કાવત્રાં ખોર પેસીજ હતો. અને તેને જોઇને એરચને ચોંકવાના સબબો શું થોડા હતા? શું એરચને દુઃખ દીધામાં તેણે કાંઇ બાકી રાખ્યું હતું? જેઠામલની પેઢી ઉપરથી કાહાડી મેળવામાં પણ તેનોજ મુખ્ય હાથ હતો એમ એરચતો તેજ વખતે ચેતી ગયો હતો, પણ તે વેળા તેણે જેઠામલને પોતાનો શક જણાવવાને વાજબી વીચારયું હતું નહીં.

ત્યારે આવાં માણસથી એરચ ચોંકે તેમાં કાંઇબી નવાઇ છે વારૂ? યા તે ઉશકેરાઇ જઇ મોટે સાદે બોલી વટીક ઉઠે તેમાં કાંઇબી અજબ જેવું હોઇ શકે? નહીં.

એરચ તેને જોઇને બુમ પાડી ઉઠયો તે તેના બાબમાં તદન ખુદરતી હતું.

તાબડતોબ કાંઇબી વખત ખોહયાવના એરચે તે ખુનપર ચહડેલા ખવીશની પુઠ પકડી હતી તે આપણે સારીપેઠે જાણયે છીયે. અને ત્યાર પછી તેણે કેવી કેવી ભયંકર વીગતો સાંભળી લીધી હતી તે વગેરે તે

અંધારી રાતને લગતી સઘલી ભયાનક વાતો આપણે અગાઉ જાણી ગયાં છીયે માટે તે ફરીથી યાદ કરવાની જરૂર રેહેતી નથી.

એવી રીતે જે શખસ ઉપર પેસી પોતાનો કીનો લેવા માંગતો હતો અને તે માટે એક નીર્દોશ અબળાને ધીમા ઝેરની અસરનો ભોગ કરવાનો વીચાર કરતો હતો તેજ શખસ તેની સઘળી ભેદ ભરી હીલચાલ તપાસતો હતો અને તેજ શખસે પોતાના જીવના જોખમે તેને તેમ કરતો અટકાવવાના ઉપાય વટીક લીધા હતા. પણ એ સઘળાંની પેસીને કયાંથી ખબર હોય ?

પણ વાંચનાર, આ કેવું અજબ જેવું અને નહીં ધારેલું સાંટક !

પ્રકરણ ૮૮ મું.

કાટેલ ઝેહેરનો ધીમો ઉપયોગ

લાહોરથી મુંબઇ આવ્યા પછી પેસી ઘણો બેચેન રેહેતો હતો. તેને એક અતી જોખમ ભર્યું પણ કર્પીન કામ બજાવવું હતું. પોતે જે કીમતી અને ઝેરી દવા છેક દુર દેશાવર સુધી જઇ રંજ ખેંચી લઇ આવ્યો હતો તેનો ઉપ્યોગ કરવાનો બદ વીચાર તેના મનમાં હવે ભમ્યા કરતો હતો અને તેને લીધે તે હમેશાં અંદર ખાનેથી ઉશકેરાયલીજ હાલતમાં રેહેતો હતો. પણ પોતાનો તે પાપી વીચાર એકદમ અમલમાં મેળી દેવાની તેની છાતી ચાલી નહીં. જે છોકરીને તે ભીતરનાં પ્યારથી ચાહતો હતો તેને તે હવે કેવી રીતે મારી શકે ? તેટલા માટે, હજુર સુધી થોડોકવાર થોભવાને તેણે વીચાર કર્યો હતો, અને લાગ ફાવતાં એકવાર ફરીથી શીરીનને મળી તેની પાસે સેવટનો જવાબ મેળવવાનો તેણે ઠેરાવ કર્યો હતો, અને તે પ્રમાણે તે આપણે ૭૩ પ્રકરણમાં જોઇ ગયાં તેમ, શીરીનને મળ્યો હતો. તે પ્રકરણમા તેઓ વચ્ચે થયલી અતી જુસ્સાદાર બોલાચાલી આપણે વાંચી ગયાં છીયે. પેસીએ જયારે જોયું હતું કે શીરીન પોતાના અસલ બોલને ચીવટપણે વળગી રહી હજુર સુધી તેને ચાહવાને બદલે સામી ધીકકારતી હતી ત્યારે બેહદ ગુસ્સે થઇ ગયો હતો, અને શીરીન ઉપર તે કોઇબી વખત સખ્ત કીનો લેશે એવા શબ્દો તે બોચર્યો હતો. પણ શીરીને તેની દરકાર ન કરતાં તેનો ભેદ કે જેથી તે પુરે પુરી માહીતગાર હતી તે રૂસતીમશાહની જાણમાં લાવવાની જયારે તેને ચેતવણી આપી હતી ત્યારે તે બહુ ગભરાયો હતો, અને તેના ભેદની ચાવી શીરીનનાં હાથમાં શીરવેસે આવવા પામી હશે તે માટે તે બેહદ અજબ થયો હતો, અને અંતે જયારે તેણે આશાનું એકે એક કીરણ તેના માર્ગમાંથી સદાનું ગુમ થઇ ગયેલું દીઠું હતું ત્યારે તે પોતાનો કીનો લેવા માટે એકદમ ઉશકેરાઇ ગયો હતો. તે વખતે, વાંચનારાંને યાદ હોવું જોઇયે, કે પેસીનાં મનમાં એક ભયંકર વીચાર દાખલ થયો હતો અને તેને અમલમાં મેળવાનો તેણે ઠેરાવ વટીક કર્યો હતો. પણ તે ભયંકર વીચાર શું હતો તે વીશે આપણે તે પ્રકરણમાં કશુંબી જાણતાં ન હતાં. પણ હવે આ જગ્યાએ આપણને જાણવું અવસ્યનું થઇ પડશે કે તે ભયંકર વીચાર કાંઇજ નહીં પણ શીરીનને પેલી ઝેરી ગોલીઓનો ભોગ બનાવવા બાબેનો હતો. શીરીન તરફથી જયારે તેને સેવટનો નીરાશ કરનારો જવાબ મળ્યો હતો ત્યારે તે પોતાના ખુની કામ માટે તલબગાર બની રહયો હતો. તે વખતે તેની સઘળી ધીરજની હદ આવી રહી હતી. પ્યારની જગ્યા ધીકકાર અને કીનાએ એકદમ લઇ લીધી હતી. અગાઉની માફક તે પાછો નફકરો અને બેદરકાર બની ગયો હતો.

તે હવે પાછો રૂસતીમશાહની દોલત ઉપર કુદી રહયો અને ફરી એકવાર પૈસાનેજ ચાહવા લાગ્યો. એક કોમલ સ્ત્રીએ તેના પ્યારનો અનાદર કર્યો હતો, તેને જબરી

નીરાશી આપી હતી, તેને લુચ્ચો અને કાવત્રાંબાજ તરીકે ઠેરાવ્યો હતો, અને તેને બદચાલનો કહી ધીક્કારથી પોતાની નજદીકથી હડસેલી કાહડી ભારે અપમાન અને ફજેતી વચ્ચે હડધુત કર્યો હતો. પેસી જેવા કસરેવજ અને ખુની માટે આ નામોશી કાંઇ જેવી તેવી ન હતી, અને તેટલા માટે તેની ખબર લેયા વગર તે તેને એમની એમ કાહડી નાંખે એ બનવા જોગ હતું નહીં.

તે કાટેલ ઝેરનો ઉપ્યોગ તેણે બહુજ છુપી રીતે ધીમે ધીમે કરવા માંડયો હતો, અને તેની ભયભીત અસર શીરીનના નાજુક બદનમાં બહુજ મજબુતીથી થતી જતી હતી. પેસી કાંઇ આ ઝેર હંમેશાં નીયમીતપણે શીરીનને આપતો નહતો, પણ કોઇ વાર તે વચમાં ઘણાંક દીવસ ગાળી કાહડતો હતો. શીરીનને થોડાક દીવસમાં નબળાઇ લાગુ પડી હતી. તેની તબીયત બીગડવા માંડી. તેની ભુખ મરી ગઇ હતી અને ઊંઘ તેને છોડી ગઇ હતી. તેમ થવાનું કારણ તે પોતે સમજી શકી નહીં, તેમજ તેના કુટુંબનો દાકતર પણ તે બાબે કશું મત આપી શકયો નહતો.

પણ આ નીર્દય શખ્સ પેસી શીરીનમાં આવો દુ:ખ ભર્યો ફેરફાર થતો જોઈ બહુ ખુશ થતો હતો. તેને મનથી આ બનાવ બહુ હરખાવનારો હતો, અને પોતાનું વેર આવું સંતોશ કારક રીતે વળતું જોઇ તે મનમાં મલકાવા લાગ્યો હતો, અને પેલી બુઢી સકીનાબુને હજારો હજાર દુવા દેતો હતો, કે જેની કીંમતી મદદ વગર તે પોતાનું આ કર્પીન કામ સફળ ઉતારી શકતે નહીં.

પણ તેનું આવું હરખાવાનું અને મલકાવાનું કાંઇ લાંબો વખત નીભ્યું નહીં. તેની મનની હાલતમાં એકાએક ચોકાવનારો ફેરફાર થવા માંડયો હતો. થોડાજ દીવસમાં તેણે જોઇ લીધું હતું કે તે અંદરખાનેથી સુખી ન હતો. જેના દુ:ખના બદલે જીંદગીના ભોગે જે સુખ તે હાંસલ કરવા માંગતો હતો તે શાંતીથી મળવાના સંભવ હવે તેને ઓછા દેખાવા લાગ્યા; કારણકે એક બારગી તેને સુખ મળેબી, તોપણ તે ભોગવવાને તે શકતીવાન બનશે કે કેમ તે માટે તેને હવે ભારે સંદેહ સાથે તેના મનમાં જબરી ચીંતા પેઠી. તેણે પોતાનું મન ઠેકાણે રાખવાની ઘણીબી કોશેશ કરી જોઇ, આવું બદ કામ કર્યાથી તો તેને સામો લાભ થવાનો છે એવું પોતાના જીવને સમજાવવાની તેણે ઘણીબી મેહેનત લીધી, અને બીજા બદ માણસો તેઓની ગમે તેવી અપવીત્ર અને પાપી મકસદમાં સેહેલાઇથી ફાવી જઇ કેવું નીરાંતે સુખ ભોગવે છે, અને કેવી શાંતીથી પોતાની જીંદગી ગુજારે છે એવું એવું બી ઘણુંક તેણે પોતાને સમજાવવાની તજવીજ કરીતો જોઇ પણ તેનું કાંઇ વળ્યું નહી; તે અંદરખાનેથી ઘભરાવા લાગ્યો હતો. તેનાં દુષ્ટ વીચારો તેઓના મોકલાવ્યા પ્રમાણે તેઓની ધારેલી જગ્યાએ જઇ પુગી, ત્યાં અઢક્યાં ખાઇને પાછા ફરી આવીને તેનેજ અહડતા હોય એમ તેને હવે લાગ્યું. તે જીવતાં માણસોની ધમકીથી બીહતો ન હતો તે હવે મુવેલાં માણસની ધમકીથી બીહવા લાગ્યો. ભુત અને પલીદના આકારો તેને હવે નજરે પડતા હતા અને રાત્રે અચાણક રીતે તેની ઊંઘમાં ખલલ કરી તેને હેબતાવી જતા હતા, અને તેણે અત્યાર સુધી કીધેલાં પાપોની જાણે તેને એક યાદ આપી જતાં હતાં કે જેથી તે એટલી બધી હદ સુધી ચોંકતો હતો અને એવોતો ઘભરાતો હતો કે કોઇ કોઇ વેળા તો મોટે સાદે બુમ વટીક પાડી ઉઠી સારાં ઘરને જાગૃત કરતો હતો. તેને મનસે તેની પછવાડે એક ભુત લાગો હતો કે જે તેની પાછળ હમેશાં ભમ્યા કરતો હતો અને વખતો વખત તેને બીધરાવ્યા કરતો હતો. આ ધખારો તેનાં મનમાંથી કેમે કરી બાહર નીકળતો ન હતો, અને તેની અસર તળે તે એવોતો મજબુતીથી દબાતો ચાલ્યો કે તેને બીધરાવનારો એ ખ્યાલ પોતાના મનમાંથી કેમ દુર કરવો તે તેને મુદદલ સુજ્યું નહીં. આ ખ્યાલ તેના મગજમાં

કેવી રીતે દાખલ થવા પામ્યો હશે તે તે બીલકુલ સમજી શકયો નહીં, પણ પોતાના અસંખ્ય પાપનું આ માત્ર સ્વભાવીક પરીણામ હતું એમ તો તેણે કલ્પ્યું એ નહીં. પણ તેને એવી રીતનો વીચાર આવેચ કયાંથી? તે એક પાપી માણુસ હતો અને પાપમાંજ તેણે પોતાની હમણાં સુધીની જીંદગી ગુજારી હતી, અને તે દરમ્યાન તેને સંગત પણ પાપીજ મળી હતી. તેના મલત્યા પણ તેના જેવા પાપીજ હતા, અને તેઓ પાપ તેજ દુન્યાં અને દુન્યાં એજ પાપ એવું સમજતા હતા, એટલે પોતે જે કામ આજ સુધી કરતો આવ્યો હતો તેમાં તે કોઈબી રીતે ખોટો હતો એમ તેની ખાત્રીજ કેમ થઇ શકે? ભુતનો વીચાર તેના મનમાં દાખલ થયો હતો તે પોતાની કર્ણીનો એક નતીજો હતો એમ તે જો કે હજુર સુધી સમજતો ન હતો તો પણ સદા સુધી તે એ બાબે અજાણ્યો રેહેશે એમ જો આપણે ન ધારયે તો તેમા આપણે કદાચ ભુલ કરતાં નહીં હોઇશું.

પણ હવે જ્યારે કશાંથીબી તે પોતાનું મન મારી ન શકયો એટલે તેણે પોતાની અસલની ભટકવાની ટેવો નવેસરથી શરૂ કરી. દારૂડયા ઓની સાથ તે અરધી અરધી રાત સુધી બાહર ફરવા લાગ્યો, જુગાર ખાનાની તેણે વખતે વખત મુલાકાત લેવા માંડી, કલબોમાં કલાકોના કલાક સુલી શરાબની ધુંઇમાં આવી જઈ પોતાના મતલબી મીત્રોની સાથે અફરાત ફરી કરતો હતો, અને એવી રીતે તે પોતાનો વખત વાંધા ભરી મોજ મજાહમાં ગાળતો હતો, અને તેમ કરીને પોંતાના મનમાં દાખલ થયલો ભુતનો ખ્યાલ દુર કરવાની તે કોશેશ કરતો હતો.

પણ તેની એ કોશેશથી શું તેને ફાયદો થયો? શું ભુત તેનો પીછો છોડી ગયો? શું તેના મનને કાંઇક શાંતી મળી? કલબો ભટકવાથી શું તેનો અંતકરણનો ધભરાટ નાહઠો? નહીં, નહીં, તેવું કશુંએ થયું નહીં. કારણ કે કોઇ કોઇ વાર રાત્રે બાર વાગતે ઘરે આવતો હતો, ત્યારે ભુત તેને રસ્તામાંજ ઘેરતો હતો અને ઘેર આવી જ્યારે તે ઉંઘવાની કોશેશ કરતો હતો ત્યારે પણ ભુત તેના માર્ગમાંને માર્ગમાં ઉભેલોજ દેખાતો હતો. કોઇ વેળા તો જ્યારે તે સુતો હતો અને તેની આંખ લાગવાને એક પળનો વીલંબ લાગતો નહીં તેટલામાં તો તેના ઓરડાની બારી કે જે સઘળી બંધ કરીનેજ તે સુતો હતો તેના એકાદ કાચ ઉપર ટકોરા પડતા હતા. પેસી જેટલો આવી રીતના ભેદી ખખડાટથી ન બીહતો તેટલો તે જ્યારે તે બારી ડંગાડી સામે કાંઇ જોતો હતો ત્યારે ચોંકતો હતો. તે વખતે તે શું જોતો હતો? તે અંધારામાં કોઇના આકારને બરાબર તેની સાથે ઉભેલો જોતો હતો અને તે આકારને પીછાણી તે એટલો બધો તો ચોંકતો કે તેનાં હોંસ ઉડી જતા હતા અને તે ગાફેલ જેવો બની જઇ તે જગ્યાએ એક પુતલાંની માફક સ્થીર ઉભોજ રહેતો! પણ તેની પીછાણ વાલો એ આકાર કોણનો હતો કે જેને જોઇને તે એટલી હદ સુધી ચોંકતો હતો? તે ઝોહરાને, પોતાની એક વખતની માંનીતી પેલી ખુબ સુરત મુસલમીન અબળાને જોઇને ચોંકતો હતો. તેનોજ આકાર તેની નજરે પડતો હતો. તે તેને કાંઇ નગ્ન હાલતમાં જોતો નહતો, પણ જે વખતે તેણે તેને પકડીને માહસાગરને સ્વાધીન કરી હતી તે વેળા તેના શરીર ઉપર જે પોશાક હતો તેજ પોશાક આબેહુબ તેના આંગ ઉપર જણાતો હતો. આવી રીતનો દેખાવ જોઇ તેને પોતાની આગળી કારકીરડી યાદ આવતી હતી અને તે જોઇ તે ઠર ઠર કાંપતો હતો. પણ આવો દેખાવ કાંઇ ઝાહઝો વાર રહેતો નહતો. હજુર તો તે બારી પાછી બંધ કરી દેવાની હીમંત કરે તે અગાઉ તો ઝોહરાનો આ આકાર એકાએક ગેપ થઇ જતો હતો. આ પ્રમાણે ઝોહરાનો ભુત તેને હમેશાં સંતાવતો હતો, અને તે સબબે તેનું મન હમેશાં અશાંત હાલતમાં રહેતું હતું. જો કોઇવાર જલદી ઘેર આવતાં તે બાહર બાગમાં ફરતો હતો યા બેસતો તો

આ આકાર એકાએક તેની બેહદકથી થોડેક દુર પણ બરાબર તેની સામે આવી ઊભો રહેતો, અને વળી કોઇ વેળા તો તેના હાથમાં એક બાળક પણ પેસીને દેખાતું હતું, અને વળી કાંઇક વખત તો આ આકાર પોતેજ એક લાલ રંગનો રૂમાલ પોતાની પાસથી બાહર કાઢી એક હાથે તે પોતાનાજ મોંઢાપર દાબી દેતો અને બીજે હાથે ઝટ એક ખંજર પકડી તે પોતાનીજ છાતીમાં ભોંકી દઈ ત્યાંથી એકદમ જાણે વીજલીક ઝડપે ગુમ થઇ જતો હતો.

આવી રીતના ભયાનક દેખાવોથી પેસીનું મન દીવસે દીવસે નબળું પડતું ગયું. તે હવે કોંઇનો સાધારણ ઓળો જોઇનેબી ચોકતો હતો, અને બીહતો ધ્રુજતો તે આમતેમ નજર કરતો હતો

પેસીને પોતાના પાપી કામથી હજુરબી હાથ ઉઠાવવાની આ એક ગંભીર ચેતવણી હતી. પણ તે સમજે કયાંથી ? તે તો પોતાનું કામ ધીમે ધીમે ચલાવતોજ જતો હતો, પણ તેની શજા તરીકે તેને આટલું બધું દુઃખ અને ભુતનાં ડર તેનું કાળજું ફોલી ખાતું હતું, તેથી તેના ઉપર કાંઇબી અસર થયલી દેખાઇ નહીં.

જે દીવસે જાંહગીર પારખના લગ્ન હતાં અને જેની ખુશાલીમાં રૂસતીમશાહ, રતનપુઇ અને શીરીન "પારખ લૉડેજ"માં ગયાં હતા તે દીવસે પેસી રાત્રે જરાક વેહેલો ઘેર આવ્યો હતો. અને પોતાનું મન વેરવા માટે તે જંગલવાડીમાં ગયો, અને ત્યાં એકાદ પથ્થર ઉપર તે દસેક મીનીટ વીચારમાંને વીચારમાં બેઠો હતો તેટલામાં ત્યાંથી એકાએક ઝોહરાના આકારે નીકળી આવી તેને બીધરાવ્યો. આ વેળા તે પેલા લાલ રૂમાલ અને ખંજરની રમત થતી જોઇ, એટલો તો બી હતો કે ધ્રારતીનો માર્યો અંતે તે ત્યાંથી એકદમ ઉઠી ઉભો થયો. અને પોતાની પાછળ એક નજર વટીક ફેંકયા વગર તે જીવ લઈ દોડયો અને થોડીક મીનીટમાં તો તે ઘરે આવી લાગ્યો, પણ ત્યાં દાખલ થતાંને વારજ તેને ખબર મળી કે રતનપુઇનો અતી માનીતો ગનું માલી નહીં જણાયલા સંજોગો વચ્ચે પોતાની ઝુંપડીમાંથી એકાએક ગુમ થઇ ગયો હતો!

પ્રકરણ ૮૯ મું.

ગનું માલી કયાં ગુમ થયો ?

અને ખરેખર ગનું માલી ગુમ થયો હતો. બીજી સહવારે તેની ઝુંપડીની બારીકીથી તપાસ ચલાવતાં તે તદનજ ખાલી પડેલી માલમ પડી હતી. તેનો કાંઈ સરસામાન વટીક ત્યાં હતો નહી, તે પણ જાણે તેની સાથે ગુમજ થઇ ગયો હતો. કોઈ પણ માણસે તેને બાહર જતાં દીઠો નહતો, ત્યારે તે પોતાનો સામાન ક્યારે અને કયાં કેવી રીતે લઈ ગયો હશે તે કોઇ સમજી શકયું નહીં. એક ચીઠરૂં વટીક ત્યાં પડેલું હતું નહીં કે જે ઉપરથી બી તેની કાંઇ ભાલ માલમ પડે. આ પ્રમાંણે તેના એકાએક ગુમ થઈ જવાનું કારણ કોઇબી શોધી કહાડી શકયું નહીં. નવાબજાદા દેલાવરખાનને પુછી જોતાં તેણે પણ એ બાબે પોતાનું અજાણપણું દેખાડયું અને ગનુંના ગુમ થઇ જવાથી તે ઘણોજ અજબ થયલો દેખાયો, અને તુરતજ રૂસતીમશાહને તેઓની તીજોરી અને બાજે કીંમતી અસબાબ તપાસી જોવાની તેણે સલાહ આપી, અને કાંઈ શક જેવું માલમ પડે તો તુરત પુલીસને ચેતાવવાની ભલામણ કરી. પણ રૂસતીમશાહને તે બાબે ચીંતા રાખવાનું કારણ મળ્યું નહીં. તેમનો સઘળો કીંમતી માલ તેમજ બીજા અગત્યનાં ઓચર્યાં અને દસ્તાવેજો તેઓની

અસલ જગ્યાએ તદ્દન સહીસલામત હાલતમાં હતાં.

પણ વાંચનાર ત્યારે ગનું માલી કયાં ગયો હતો અને શું સબબ સર તે રૂસતીમશાહની નોકરી એમ એકાએક છોડી ગયો હતો? પણ વાંચનારાને યાદ હોવુ જોઇયે કે આપણે તેને છેલ્લો નવાબજાદા દેલાવરખાંન સાથે પોતાના ઝુંપડામાં દીઠો હતો. નવાબે તેને પીછાણ્યો હતો, અને તેના કાનપર પડી તેનું નામ વટીક તેને કહ્યું હતું કે જે જોઈ ગનું માલી કેવો ચોંકયો હતો તે આપણે સારી પેઠે જાણ્યે છીયે. પણ ત્યારે શું તેના ગુમ થઈ જવા બાબે નવાબજાદાને કશી ખબરજ નહોતી? જે રાત્રે તે ગુમ થયલો માલમ પડયો તેજ સાંજે તો તે તેની સાથે હતો. ત્યારે તો ગનું માલીના ગુમ થઈ જવા બાબે થોડી ઘણીબી ખબર નવાબજાદાને હોવીજ જોઈયે એમ વાંચનાર ધારશે. અને હા વાંચનાર હતું પણ તેમજ. ગનું માલી વીશે નવાબજાદાને સઘળી ખબર હતી. તેણે તેનો ભેદ વટીક જાણ્યો હતો, અને તે જાણ્યા પછી તેણેજ તેને નાદીર હોલમાંથી નહસાડયો હતો! પણ પોતાની એક ચોક્કસ મતલબ જાળવવા માટે તેણે રૂસતીમશાહ નજદીક તે બાબેનું અજ્ઞાનપણું બતાવ્યું હતું.

પણે હવે નવાબજાદાએ ગનું માલીનો ભેદ કેમ જાણ્યો તેમજ નવાબજાદો પોતે કોણ હતો તે ગનુ માલીએ કેમ જાણ્યું તે બાબદ ઉપર આપણે હવે આવીયે.

ગનું પોતાનું નામ નવાબને મોંઢે બોલાયલું સાંભળીને ચોંકયો ત્યાર પછી નવાબે તુરતજ તેના હાથમાંથી પોતાનો હાથ છુટો કરી ઝુંપડીનું બારણું જે અત્યાર સુધી અળગું રહેલું હતું તે બંધ કરી દીધું. પણ પોતાને આ પ્રમાણે બંધ બારણે એક માલી જેવા શખસ સાથે જોઇ તે લગાર, શરમાયો હોય કે શું કે તુરતજ બારણું પાછું ઉંગાડવા જતો હતો, પણ વળી કાંઈ વીચાર કરી તેમ કરતો અટકયો અને બંધ બારણુંની પાસેજ પોતાની જગા લઇ તે આ ગનું માલી સામે બેઠો.

હવે આ વેળા ગનુંની હાલત કેવી હતી તે જાણવું જરૂરનું છે. તેની સામે બેઠેલા આ અજાણ શખસથી પોતાને ઓળખાઈ આવેલો જોઈ તે બહુ અચરત થયો. તેણે આ નવાબજાદા દેલાવરખાંનને અગાઉ કદીબી દીઠો નહતો ત્યારે તે તેને કેવી રીતે ઓળખી શકે, અને તેનું નામ વટીક પણ કેમ જાણી શકે. આ ગનું માલીના મનની મોટી મુશકેલી હતી અને તેમાંથી જે ગુંચવાડો ઉતપંન થયો તે થોડોક વાર સુધી તો તે દુર કરી શકયો નહી. પણ ગનુંએ વીચાર કર્યો કે કાં નહીં કોઈ પરાયા શખસે તેને ઓળખી કહાડી નવાબજાદાને તેની પાસે મોકલ્યો હોય? અને જો તેમજ હોય તો તે પરાયો માણસ પોતે તેની પાસે નહીં આવતાં આ પ્રમાણે બીજા શખસને ખબર કરી, તેને માલીની પાસે મોકલવામાં તેની શી મતલબ હોય વારૂ?

આટલું તો ચોક્કસ હતું કે માલી જેમ પોતાને ગનું તરીકે ઓળખાવતો હતો તેમ તે કાંઇ ખરી રીતે ગનું નહતો. તેનું નામ તો ગનું કરતાં જુદુંજ હતું. તે એક ભેદી પુરૂશ હતો. પણ જેમ નવાબજાદાને તે એક ભેદી પુરૂશ માલમ પડયો હતો તેજ પ્રમાણે માલી પોતે પણ નવાબજાદાને એક ભરમ ભર્યો માણસ સમજતો હતો. નવાબજાદાએ તેને ઓળખ્યો હતો પણ ગનુંએ નવાબજાદાને ઓળખ્યો નહીં અને એવી રીતે નવાબજાદો, તેને ઓળખ્યા પછી, શું કરવાં માંગતો તેની ધાસ્તીમાં તે આવી પડયો. તેની મુખ્ય ધાસ્તીતો આ હતી કે રખે તે નવાબ તેની આ પ્રમાણે અંહી છુપા વેશે આવવાની મતલબ પામી ગયો હોય? શીરીનને તેણે છેલ્લી દવા પાંચ દીવસની વાત ઉપર આપી હતી તે વખતે તેણે નવાબને બાગમાં ફરતો દીઠો હતો, અને તે વખતે તેને શીરીનને દવા પીતી જોઈ પણ હોય એવો શક માલીને તેજ વખતે લાગ્યો હતો ખરો, અને ત્યારપછી શીરીનની

હાજરી બંધ પડેલી જોઈ તે પોતાનો આ શક ખરો પણ માનવા લાગ્યો હતો, પણ હવે તો નવાબજાદાને પોતા સામે બેઠેલો જોઇ તેનો આ શક મજબુત થયો અને તે પકકે પાયે ખરો હતો યાને નવાબે શીરીનને તે દવા પીતાં જોઇજ હતી એમ તેણે હમણાં નક્કી પણે માન્યું. આટલા માટેજ તે બીહધો કે રખેને નવાબે તેની ખરી નેમ શોધી કહાડી હોય! તેટલા માટે નવાબની તેના ઝુંપડાંમાંની આ ભેદ ભરી મુલાકાટના પરીણામ બાબે ગનું બેહદ ચીંતાતુર બની રહયો હતો.

પણ નવાબજાદો તો ગનુંની સામે ઠંડેપણે પોતાની બેઠક લઈ તેના ચેહેરા સામે અજાયબીથી અને કાંઇક રમુજથી ટીકયા કરતો હતો.

ગનુએ હવે પોતાની ઠગબાજીને બાજુએ મેળી પોતાની બનાવતી દાંહડી થેપ્યા કાહડી નાંખ્યા અને નવાબ સામે જોઇ તે બોલ્યો "હયે નવાબ, તેં મને આખરે પીછાણ્યોચ ખરો, પણ બોલ હવે તું મારી સાથે કેવી રીતે વર્તવા માંગેચ? હું તારેથી જાણવા માંગુંચ કે તું અહીં શું મકસદ સર આવ્યોચ."

"તું પેહેલાંતો આ તારા દાહડી થેપ્યા પાછા તેની અસલ જગ્યાએ ગોથવી દે; કારણ કે વખત છે અંહીં કોઇ અચાંણુક આવી જશે તો તુંને આવી હાલતે બેઠેલો જોઇ તારૂં ભોપાલું ફુતીજતાં વાર નહીં લાગશે." નવાબજાદો ધીરજથી બોલ્યો.

આ સાંભળીને માલીને જરા હીંમત આવેલી દેખાઇ, અને નવાબ તેની સાથે નરમાશપણે કામ લેવા માંગતો હતો તે તેણે ઝટ જોઈ લીધું, અને તેથી ખુશી થઇને તેણે પોતાના બનાવટી વાળ પાછા પેહેર્યા અને વધુ વાર ચીંતામાં નરેહેતાં તેણે નવાબને તુરત પુછ્યું.

"હવે નવાબ, તું સાચું બોલ, તું દોસ્ત કે દુસ્મન તરીકે આવ્યોચ?"

"પહેલાં તારી પોતાની મતલબ જાણ્યા વગર હું કેમ બોલું?" નવાબે જવાબ દીધો, "આવે છુપે વેશે અંહીં શું કામ તું આવી લાગોચ? મને શું ખબર હોય કે તું અંહીં ખરાબ યા સારી મતલબથી આવ્યોચ તે?"

"જો નવાબ" તે માલી ધીરેથી બોલ્યો, "પેહેલાં તું મને તારૂં નામ જણાવ. માત્ર તું મને કાનમાં લાગીને કેહ. તે જાણીને હું કોઈ બીજાને જણાવીશ નહીં તેમજ તે અજાણપણે હું અંહીં પણ બોલી દઈશ નહીં."

"શું તું ખરૂં કહેચ?"

"અરે ખરૂં નહીતો શું કાંઈ મસ્કરી કરૂંચ? એ કાંઈ મસ્કેરીની વાત નથી. અને વળી હુંબી કાંઈ અંહીં બીનમતલબથી નથી આવ્યો. મેંબી મારે માથે એક ભયંકર જોખમનું કામ ઉપાડયું છે અને તું ખાતરીથી જાણજે કે જ્યાસુધી તું તારૂં નામ નીશાન મને બરાબર જણાવશે નહીં ત્યાંસુધી હુંબી તુંને એક હરફ કહીશ નહીં."

"પણ માંરૂં નામ નવાબજાદા દેલાવરખાંન છે, અને હું દખન હેદ્રાબાદનો વતની છું, તે સીવાય તું વધારે શું જાણવા માંગેચ?" નવાબે વાત ઉડાવવાની કોશેશ કરી.

"નહીં, નહીં. એ બધાં ખાલી ઢોંગ છે. તું બસ તારો હેવાલ મને જણાવ પછીજ તું મારે મોંઢેથી સઘળી વીગટ સાંભળશે." ગનું મકકમ મને બોલ્યો.

"ત્યારે તો લે, સાંભળ મારો આ ખુલાસો પણ સબર, પેહેલાં આ બારણું ઉગાડીને જોઇઆવ કે કોઈ બાહર આમતેમ જોતું તો ન હોય અથવા તો કોઈ ભરાઇને સાંભળતું તો નથી."

આ ઉપરથી ગનું માલીએ બારણું ખોલી બાહર જોયું તો તેની નજરે કોઇબી પડયું નહીં, અને આ પ્રમાણે પોતાની ખાતરી કરી બારણું તેણે પાછું બંધ કર્યું અને પોતાની અસલ જગ્યાએ આવી બેઠો.

નવાબે હવે બોલવા માંડયું. તેનો ખુલાસો હવે શરૂ થયો. ઘણુંાંજ ધીમા સાદે તે બોલતો હતો, અને ગનું માલી તે પુરતાં ધ્યાનથી સાંભળતો હતો.

આ ખુલાસો બહુ લાંબો હતો, અને જેમ જેમ માલી તે સાંભળતો ગયો તેમ તેમ તેના ચેહેરા ઉપર વીચીત્ર ફેરફાર થવા માંડયા! તે જુદી જુદી લાગણીઓ વચ્ચેથી પસાર થતો હતો. ઘડીકમાં તે દીલગીર થઈ જતો તો ઘડીકમાં તે ઉશકેરાઈ જતો. વળી કોઈ પળે તેના મોંહ ઉપર ધીક્કારની લાગણી પ્રકટી નીકળતી તો બીજીજ પળે તે ફેરવાઇ જઈ ખુશાલીનું રૂપ લેતી હતી. ઘડીકમાં તે પસ્તાવામાં પોતાના હાથ અફાળતો તો વળી ઘડીકમાં તેના ચેહેરા ઉપર આનંદ પથરાયલો માલુમ પડતો. ઘડીકમાં તે એકદમ ગુસ્સે થઇ જતો તો વળી એકાએક તે અચરતીથી દંગ થઈ જઇ પોતાની આંગલી દાંતમાં પકડતો. આવી લાગણીઓમાં પોતે લાંબો વખત સુધી વીંટલાયલોજ રહયો. ખુલાસો પુરો થયા પછી તેણે નવાબને ઉપરાસાપરી સવાલો કર્યા જેના જવાબથી તે સંતોષ પામ્યો હોય એમ દેખાયું.

હવે તે માલીની વારી આવી. તેણે પોતાનો ખુલાસો નવાબજાદાને કેહેવો શરૂ કર્યો. આ શખસનો ખુલાસો પણ લગાર લંબાન હતો અને તે સાંભળી ને નવાબજાદાના મનપર પણ કાંઇ જબરી અસર થયલી દેખાઇ અને તેના મનમાં પણ તરેહવાર જાતની લાગણીઓ ઉત્તપંન થતી દેખાઈ, અને તે પણ માલીના હેવાલથી અજબ થયો. કેટલેક વારે આ બીજો ભેદી હેવાલ પણ પુરો થયો.

બંન્ને જણે હવે એક મેકને પુરતી લીધે પીછાણી લીધા. બન્ને જણે ત્યાર બાદ લાંબો વખત સુધી કાંઇ મસલહત ચલાવી. તેઓ વચ્ચે કાંઇ સમજુતી થયલી દેખાઇ. ગનું માલીએ ત્યાર બાદ પોતાની પેટી ઉંગાડી ચોક્કસ ચીજો નવાબને હવાલે કરી. સમજુતીનું ટુંકમાંજ પરીણાંમ આવ્યું હતું. નવાબજાદાએ માલીને ઝુંપડું એકદમ છોડી જવાને સમજાવ્યો હતો જેમ કરવા પેહેલાંતો તે કાંઇક આનાકાનીથી પણ અંતે રાજી ખુશી થી તૈયાર થયો હતો, અને પોતાનું ઝુંપડું સદાનું છોડી તે ગુમ થઇ ગયો.

પણ તે કયાં ગયો તે નવાબજાદો જાણતો હતો. નવાબજાદાએજ તેને એક ચોક્કસ જગ્યાએ મોકલાવ્યો હતો અને ત્યાંથી તેને પાછો બોલાવવામાં ન આવે ત્યાં સુધી તેણે (માલીએ) ત્યાંજ રેહેવું એવી કબુલાટ પણ નવાબે તેની પાસેથી લીધી હતી.

ત્યાર બાદ નવાબે પોતાના માણસોને કામે લગાડી આખું ઝુંપડું ખાલી કરાવ્યું, અને તે માંહેલો સઘળો સરસામન પોતાનાં બંગલાનાં એકાદ ખુનામાં નખાવ્યો,

ગનું માલીના અચાણક ગુમ થઇ જવાનું કારણ ફકટ આજ હતું!

પ્રકરણ ૯૦ મુ.

પેસીના પાપનો સામતો સરવાળો.

પાંચ દીવસ સુધી શીરીને ગનું માલીને હાથની દવા પીધી ન હતી. તેવી રીતની મનાઈ તેને નવાબજાદાએ કરી હતી, અને પોતે તેને કાંઇ ચોક્કસ દવા પીવાની આપશે એમ તેણે વધારયું હતું.

તે પ્રમાણે, શીરીનનાં માંગવા મુજબની દવા નવાબ ગેજ શીરીનને આપતો હતો. શીરીન તે ચુપચુપ પી જતી હતી, અને અજબ જેવું છે કે તેથી તેને ફાયદો થતો ગયો, અને નવાબને માટે તેને વધારે ઉંચું માન બેઠું

અને થોડાક દીવસમાં તો શીરીન અજબ જેવી રીતે પાછી અસલના જેવી તનદરોસ્ત દેખાવા લાગી. તેની નબલાઈ દુર થતી માલમ પડી. અને રાત્રે ઉંઘ પણ તેને નીરાંતે આવવા માંડી, શીરીનના ચેહેરાનો આ ફેરફાર પેસીએ જોયો, અને તે જોઇ તે એટલો બધો તો ખીજવાયો કે તેનો પાર નહીં. તેણે પોતાની

ધારણામાં પોતાને ઠગાયલો ધાર્યો. તેની પાસનું પેલું ઝેર પુરૂં થયું હતું અને તેનું મન માનતું સેવટ નહીં આવેલું જોઈને તે સફીના ખુને હજારો હજાર ગાળો દેવા લાગ્યો. તેના ગુસ્સાનો પાર ન રહયો. પોતાની પાપી મતલબમાં આખરે પોતાની હાર થયલી જોઇ તે એકદમ નીરાશ બની ગયો.

એક દીવસ તે આ બાબદ ઉપર પોતાના ઓરડામાં બેસી ગંભીર વીચાર કરતો હતો. હજારો રંજ ખેંચી હજારો રૂપ્યા ખરચી તે દુર દેશાવરથી ઝેર ખરીડી લાવ્યો હતો અને તેમ કરી પોતાના કીનાનો ધગધગતો આતશ તે હોલવવા માંગતો હતો. પેહેલાં તો તેને તેમાં ફતેહ મળેલી દેખાઇ હતી. પણ પાસું એમ ઓચીંતું ફેરવાઇ કેમ ગયું તે તે સમજી શકયો નહીં. તે હવે સમજવા લાગ્યો કે કદાચ ખુદા તેને આવા કામમાં ફાવવા દેતો નહીં હશે. પણ તેણે પાછો નફતાઇથી વીચાર કર્યો કે "ખોદાને એમાં લાગે વળગે શું? મેં કાંઇ એ કામ વગર કારણે માંથે લીધું? શું મને ખીજવાતનું કારણ ઓછું મળ્યું? શું મને એક નાદાન છોકરીએ અપમાન કર્યું તે એમજ સાંખી જાઉં કે?" તેટલા માટે તે તે કામ કરવાને ખરો હતો એમ તેને પેહેલાં તો લાગ્યું. પણ પછીથી તેને પોતાનાં આગળાં સઘળાં પાપ ઉપરા સાપરી યાદ આવવા લાગ્યાં. અને વાંચનાર પેસીના પાપ કાંઇ થોડાં નથી. નશરવાનજી બેલાપટેલની નીરદોશ ગુલને તેણે કેવી લલચાવી હતી, તેના બાપને પોતાની જબાનદરાજીથી આંજી નાખી કેવો ભોલવ્યો હતો અને તે ભોલી છોકરીને એકલી નાટકશાળામાં પણ લઇ ગયો હતો અને છેલ્લે તેનાં હાથની માંગણી વટીક કરી હતી. પણ તેના પાપ આખરે પકડાઇ આવ્યાં, આપણી આ વારતાના એરચની ચમત્કારીક મદદથી નશરવાનજી તેની ખરી ચાલ ચલણુથી વાકેફ થયા હતા અને એવી રીતે તે તેમના ઘરમાંથી સદાનો દુર થયો હતો. પણ ત્યાર પછી તેણે વધુ પાપમાં પોતાના હાથ બોળ્યા હતા. પેલી કમબખ્ત રાત્રે તેણે શીરીનને કેવી યુકતીથી ભોલવી હતી અને એરચ એક બીજી સ્ત્રીનાં પ્યારમાં પડયો છે એમ કેવું સીફ્ત લગાડી કહ્યું હતું. અને વળી ત્યારપછી પોતાના પાપમાં વધારો કરવા તેણેજ પેલી મુસલમીન સ્ત્રીને શીરીનનાં કાન ભંભેરવા મોકલી હતી. પણ વળી એજ સ્ત્રીને તેણે ફસાવી હતી. એજ ઝોહરાને ભયંકર ખાડામાં ઉતારી પોતે ખસી ગયો હતો અને તે બીચારી તેની શોધમાં ફાંફાંજ મારતી હતી. પણ આખરે તે સ્ત્રી તેને એક ચોક્કસ રાત્રે ચર્ની રોદને દરયે કાંઠે મળી ગઇ હતી, પણ ત્યારપછીની બીજીજ રાત્રે તેને તેના બાળક સહીત માહસાગરમાં હોમાવી દઇ તેણે એક બીજું ભયંકર પાપ કર્યું હતું. અને તેટલાંથીબી ન ધરાતાં લાહોરની પેઢીવાલા પેલા જેઠામલને જે એક ચોકકસ કાગળ તેના જણાવ્યા પ્રમાણે રૂસતીમશાહ તરફથી મળ્યું હતું અને જેમાં કમનસીબ એરચની ચાલચલણનો હલકો ચીતાર આપવામાં આવ્યો હતો તે કાગળનાં લખનાર રૂસતીમશાહ નહીં પણ આ બદમાસ પેસીજ હતો. તેને આપણે બાબન સાથે ૫૦ માં પ્રકરણમાં કાંઇ મસલહત કરતો દીઠો હતો અને તે મસલહતનું પરીણામ તે બનાવટી કાગળજ હતું. આટલાં બધાં પાપ કર્યા છતાં તેને તેનાં ધારેલાં કામમાં ફતેહ ન મળી એટલે તે બહુજ છેડાયો. વધુ પાપ ઉપરથી હાથ ઉઠાવવાને બદલે તેણે તો ત્યાર પછી હદજ કરી. એરચપર કીનો લેવાની મતલબથી શીરીનને મારી નાખવાનો બદ કસદ તેણે કર્યો અને તે માટે તે કોઇબી રીતે તેનું માનીતું ઝેર લાહોરથી ખરીદી લાવ્યો હતો, અને જેના સારાં પરીણામ માટે તે રાહ જોતો હતો. પણ તેની આશા ફળી નહીં. તે પોતાની ધારણામાં ફાવ્યો નહીં એટલે બહુજ ચીરડાયો. પોતાના પાપનો હવે તેને ખ્યાલ આવવા માંડયો, અને તે સઘળાંની તેને આ સજા ભોગવવી પડતી હતી એમ તેને હવે લાગ્યું પણ તેમ થયાથી શું તેને ફાયદો થનાર હતો? શું હવે તે વધુ પાપ કરતો અટકશે? નહીં.

વાંચનાર, આ કાંઈ પેસીના પાપનો છેડો નથી. એટલાંથીજ પતતે તો ઠીકજ થતે પણ તેમ બનનાર નથી.

શીરીનને મારી નાંખવાની મતલબમાં પોતાને નીશફ્ફલતા મળેલી જોઇ તેણે હવે બાજી બદલી નાખી અને એક બીજા ભયંકર વીચારને પોતાના મનમાં દાખલ કર્યો કે જે ઉપર અમલ કર્યાથી કેવું પરીણામ નીપજે છે તે જાણવા માટે આપણને કાંઈ લાંબો વખત થોભવું પડશે નહીં,

---

પ્રકરણ ૮૯ મું.

એક કાગળ અને શીરીનની દીલગીરી.

શીરીનની તબીયત જોકે રફતે રફતે સુધરતી જતી હતી તોપણ તે પોતાના એરચની યાદ ભુલી નહીં ગઇ. એરચ વીશે કાંઇબી જાણવાની તેણે ઘણીબી આરઝુ દેખાડી હતી પણ તે કાંઇબી જાણી શકી નહીં. તે જાંહગીરને અવારનવાર પુછી જોતી હતી, પણ તેબી તેને શું કહે ? તે કાંઈબી ખુલાસો કરી શકયો નહીં. એરચ લાહોર છોડી કયાં ગયો હતો અને કયાં વસતો હતો તે વીશે તે કાંઇજ જાણતો ન હતો, અને તે માટે તે ઘણો અજબ થતો હતો. લાહોર ખાતે એરચે પોતાની નોકરી છોડી હતી તે વેળા તેણે જાંહગીરપર એક કાગળ લખ્યો હતો, પણ તે કાગળ છેલ્લોજ હતો. ત્યારબાદ જાંહગીરે એરચ વીશે કાંઇબી રીતની ખબર મેળવી નહોતી.

પણ એક દીવસે એક એરચને નામનાં એક ચોક્કસ કાગળે શીરીનને અને એરચને જેઓ ઓળખતાં હતાં તેઓ સઘળાંને ઘણાં ચોંકાવ્યાં. આ પત્ર ઉપર માત્ર "એરચ નાદીરશાહને મુંબઇ વાલકેશ્વર ખાતે પુગે" એટલું લખેલું હતું અને તે અઠડતું અઠડતું રૂસતીમશાહને મળ્યું હતું. તેની ઉપર લાહોરનો સ્ટાંપ હતો. આ કાગળને શું કરવું તેના વીચારમાં રૂસતીમશાહ પડયા હતા, પણ અંતે નવાબજાદો કે જે પણ તે વેળા નાદીર હોલમાં હાજર હતો તેની ખાહેશ ઉપરથી તે કાગળ ફોડવામાં આવ્યો. તે કોઇ નાજુક અબળાને હાથે લખાયલો માલમ પડતો હતો, અને જાંહગીર પારખ જે પણ તે વેળા ત્યાં હાજર હતો તેણે તે નીચે પ્રમાણે વાંચ્યો:—

લાહોર તા.——

વાહલા ભાઇ એરચ,

આએ કાગળ જોઈ તમે કદાચ અજબ થશો, પણ કોણ જાણે એ તમોને પુગે છે કે કેમ તે હું કહી શકતી નથી, અને જો તમોને એ વેળાસર પુગે તો જવાબની મેહેરબાની કરજોજી. આજે લગોલગ ત્રણ મહીના અમે લોક તમારાં કાગલની રાહ જોતાં બેઠાં છીયે, પણ અંતે જ્યારે એમ તમારી તરફથી કાંઇજ સાંભળતાં નથી ત્યારે બાવાજીની ફરમાસથી અને તેમના કેહેવા મુજબ હું આ કાગળ તમારી ઉપર લખું છું.

ખાનસન બારીસ્તરબી વેલાત સીધારયા છે, નહીં તો તેઓ તરફથીબી અમોને કાંઇ ખબર મળતે. તમારો કેસ જીત્યા પછી તેમને ઘણે ઠેકાણે રોકાવું પડયું હતું, અને તેઓ અમોને કેહેતા હતા કે તમારા કેસે તો તેમને ઘણોજ ફાયદો કરી આપ્યો. અરે ને પણ તમારો તે કેસ હજુર અમારા મનમાંથી ખીસતો નથી. શું તમારૂં મોટું મન ! શું તમો ભાઇની ધીરજ ? શું તમારી હીમત ? શું તમારૂં બુલંદ નસીબ ને શું ખાનસનની ચાલાકી ! જ્યારેબી વાતપરથી કાંઇ વાત નીકળે ત્યારે સેવટે આ એ તમારીજ વાત નીકળે. આએ કાગળ લખતાં મને કેવી ખુશાલી લાગેચ કે જેમ અમે લોક તમોને નીર્દોશ ધારતાં હતાં તેમજ

અંતે થયું ! પણ બાવાજી કહેચ કે જેવું તે વખતે તમારી ઉપર વીત્યું તેવું ખોદા કોઇ દુશમનનેબી નહીં દેખાડે તો સારૂં. ખરો ખુની હજુર પકડાયો નથી, પણ તેને પકડવાના વારંત આખી હીંદુસ્તાનમાં ફરી વળ્યાંચ. બ્રાનસન બારીસ્તર અને તેના સાથી એદવોકેટ જનરલ કે જે લોકોએ તમોને બચાવવા માટે પોતાના ઘોડા જાણે હવામાં છોડી દીધા હતા તેઓની હીંમતની કદર આપણી બ્રીતીશ રાજ્યકર્તાના હંમેશના ઇનસાફી ખવાસ મુજબ બહુજ લાયક રીતે બુજાઈ છે, અને તેઓની અથાગ સેવાની પીછાણ તરીકે નામદાર વડી સરકારે તેઓ બંન્નેને સી. આઇ. ઇ.નો અતી માનવંત ખેતાબ એનાયત કર્યો છે. અરે પણ બ્રાનસન પાસે જો તે વખતે પેલી રીવોલર નહીં હોતે તો કોણ જાણે તમારૂં શું થતે! તમે નાહેકના કમોતે માર્યા ગયા હતે અને તે પણ એક ખુની તરીકેની નામોસી વચ્ચે! હા, પણ હવે એ વહી ગયલા બનાવાની યાદ તાજી કરવામાં ફાયદો શું ?

આશા છે કે અમોને તમે કહી ગયા હતા તે અગતનું કામ તમે પાર પાડયું હશે, અને તમારાં મનની મુરાદ આખરે સફળ થઇ હશે, ને તમારા મુરબ્બી પાલનાર સાથે તમોને જે રીતની ગેરસમજુતી થઇ હતી તેનો અત્યાર અગાઉનો છોડો આવી ગયો હશે. તમારા વગર અંહી અમોને સોહવાતુ નથી તમારીથી બને તો અમોને થોડાક દહાડા જરૂર અંહીં મળી જજો. ઘરમાનાં સઘળાં જણ તમોને મળવા ઘણાં આતુર થઈ રહ્યાંચ, તેથી બની શકતી ફરસુદે જરૂર બા જરૂર લાહોર આવી જજો. પણ વરી હોતેલમાં ના ઉતરતા, હં. અમારે બંગલેજ પધારજો, નહીં તો બાવાજી તમો સાથે રીસે ભરાશે. પણ વખતે તમે તો મોટા લોક થઇને અમોને વીસરીબી ગયા હશો. પણ નહીં, મારે એમ લખવું નહીં જોઇયે. બાવાજી ફીકર કરેચ કે વખતે તમે ઘણી રોકાણમાં હશો કે રખે વરી કોઈ બીજાને મદદ કરવા જતાં નાહેકની પંચાતીમાં આવી ગયા હશો; સબબ કે, બા, તમારો જીવતો ઘણો ખતપત્યો. તમારા જેવા તો થોડાજ હશે કે જેમ બાવાજી કેહેચ તેમ ફાંસીની બી દરકાર નહીં કરે.

અમારી સઘળાંઓની ઘણીઘણી દુવા સલામ કબુલ કરી રાખજોજી અને ફરસુદે અમોને જરૂર મળી જજો. આશા છે કે તમે સુખાકારીમાં હશો.

લા૦ દુવાગીર

ગુલનાર ધનજીશાહ લાહોરવાલા.

તા.-ક.—આએ કાગળ પરબીડાંમાં બીડુંચ તો ખરી, પણ કોણ જાણે એ તમોને મળેચ કે નહીં. અને તમોને મળે તો જરૂર અમારી ઉપર જવાબ લખી વાળવાની એટલી તસદી લે જોજી. મોટો ઉપકાર થશેજી.

લા૦ **ગુ. ધ. લા.**

આ તે પત્ર હતો, અને તેમાં સમાવેલી ખુનના, મુકડમાની અને બારીસતરની અને બીજી ચોંકાવનારી બાબદોનો ભેદ કોઈ બી સમજી શકયું નહીં. સૌના મનમાં એ મોટી ગુંચવણ ઉભી થઇ અને બધાં વીચારમાં ગુપચુપ બેસી રહયાં, પણ અંતે નવાબજાદાએ ચુપકીડી તોડી.

"આ કાગળ ઉપરથી તમે શું ધાર્યું, રૂસતીમ શેઠ" તેણે રૂસતીમશાહ તરફ એક બારીક નજર ફેંકતાં પુછયું.

"હુંતો એવું અનુમાન કરૂંચ કે કદાચ એરચ આ ખુનના મુકદમામાં સપડાઇ ગયો હશે." રૂસતીમશાહે પોતાનો વીચાર જણાવ્યો.

"શું, બાવાજી, એરચ એક ખુની!? અરે, નહીં, નહીં એમ હોયજ નહીં." શીરીન એકદમ બોલી ઉઠી.

"હા, દીકરી, આ કાગળ ઉપરથી તો એમજ દીસે છે."

આ ઉપરથી નવાબ પોતાનો વીચાર જણાવતાં બોલ્યો, "કાગળ ઉપરથી તો એવો સાર માલમ પડે છે કે એરચ એ વાંક માટે

સપડાયો હશે ખરો, પણ કોણ જાણે કેવી રીતે છુટી જવા પામ્યો તે સમજી શકાતુ નથી. તોપણ આ વાતતો ખરી છે કે એ નીર્દોશ તરીકે સાબેત થઇ છુટી ગયો છે, ને કોઇ પારકાં આદમીનું ભલું કરવા જતાં એમ છટકાંમાં આવી ગયલો માલમ પડે છે."

આ પ્રમાણે તે કાગળ ઉપર નુકતેચીની થવા માંડી હતી, પણ એરચ ખુનના વાંક માટે કેવી રીતે સપડાઇ ગયો હતો તે કોઈબી શોધી કાહડી શકયું નહીં. પણ શીરીન આ કાગળથી બહુ દલગીર થઇ ગઇ. લાહોર છોડી એરચ કયાં ગયો હશે તે વીષે તે ભારે ફીકરમાં પડી, અને તેનો મેલાપ કરવા તે બહુજ આતુરતાથી તલબગાર થઇ રહી.

પ્રકરણ ૯૦ મું.

નાહુસભાગ અને નખોદ.

થોડાક દિવસના અરસામાં એક બહુજ કમભાગ્ય બનાવ રૂસતીમશાહ શેઠની પેઢીના સંબંધમાં બન્યો હતો. પેસીના પોતાના દહાડા હવે ભરાઇ ચુકયા હતા. તેની છેલ્લી નીશ્ફળતા પછી તેણે પોતાની ભારે નીરાશી વચ્ચે જોયું હતું કે તેની હવે વધુને વધુ પડતી આવતી જતી હતી. તેની સર્વેથી સરસ ઉમેદો ધુળ બરાબર મળી ગઇ હતી. તેની આશા આખરે ભંગ થઇ ગઇ હતી. એરચ તેમજ શીરીન ઉપર તે પોતાનો કીનો લઈ શકયો નહતો. શીરીનને પરણી રૂસતીમશાહની સંધી દોલત ઉપર ત્રાપ મારવાની તેની ધારણા ઉંધી વળી ગઇ હતી, અને પૈસાની તેને તંગી પડતાં રૂસતીમશાહની જાણ વગર તે પેઢી ઉપરથી જેમ ગમે તેમ નાણાં ઉપાડતો ગયો પણ તેનું મનતો અસલની માફક હમેશાં ઘેરાયલુ ને ઘેરાયલું રેહેતું હતું. પોતાના ઉચેત પડેલાં મનને રોકી રાખી શાંત કરી શકતો નહતો, અને હમણાં તો જો કે તે દેખાવે જેવો ને તેવો તંદરોસ્ત લાગતો હતો તોપણ તેના દીલમાં શું શું થતું હતું તે તો તે પોતેજ જાણતો હતો. અસલના જેવું તેનું હસવા બોલવાનું ગુમ થઇ ગયું હતું; એટલુંજ નહીં પણ તેને એક બીજુંબી તેનાથી નહીં અટકાવી શકાય એવું દુઃખ હતું. તે દર રાત્રે ખરાબ આગાહી કરનાર સ્વપ્નાથી ઘેરાતો હતો, અને ઝોહારા તેના ખ્યાલમાંથી હજીર સુધી ખસતી નહતી. ઝોહરાનો ભુત તેને હજુર સુધી હેરાન કરતો હતો, અને તેની જાગૃત હાલત વેળા તે અચાણક રીતે દેખાવ દેતો હતો. પેસી તેને દુર કરી શકતો નહતો તેમજ એવા ભયભીત દેખાવ જોઇ પણ શકતો નહતો. કોઇ વેળા ઝોહરા પોતાના બાળક સહીત તેની નજરે પડતી, તો કોઇ વખત તે પેસીને ચેતવણી આપતી હોય તેમ પોતાના હાથમાં ફાંસીના માચડાનો એક નાનો આકાર ઉપાડીને તેની સામે ધરતી. પેસી પોતાના પાપી અંતઃકરણ સાથે આવા દેખાવ કેમ સાંખી શકે? ખુદ સ્વપ્નાથી તો નહી પણ અરધી રાતે દેખાવ દેતા આવા ભયભીત આકારોથી તે હદ બાહર બીતો હતો. તેના મનમાં હવે મોટી ધાસ્તી પેઠી હતી. તેનું પાપી અંતઃકરણ હવે તેને દંખ્યાં કરતું હતું. તેનાં આગલાં કર્તુકો જે તેને એક પછી એક યાદ આવતાં તે તે કોઇબી રીતે ભુલી જઇ શકયો નહીં. અસંખ્ય કાવત્રાં રચી પોતાને સુખી થયલો જોવાની તેણે જે આશા રાખી હતી તે સદાની ગુમ થયલી જોઇને તેને હવે ઘણું લાગતું હતુ.

પણ શું તેને તેના પેલા લફંગા સાથી બાબન તરફથી કાંઇ સધ્યારો મળતો હતો? તેના આવા વખતમાં તે શું તેને ધીરજ આપતો હતો? ના, તે તો સામો પેસીનોજ વાંક કાહડતો હતો અને તેનેજ લીધે તે બગડી ગયો હતો એમ કહેતો હતો, ત્યારે પેસી તો તેની આવી રીતની નફતાઇથી બહુજ ચીરડાતો હતો અને એ બાબનની સોહબતમાં ફસી પડી તે આટલે સુધી દુન્યાંથી બાતેલ થઇ ગયો હતો એવો આરોપ તે તેની ઉપર મેળતો હતો.

આવી હાલતમાં તેઓ પડેલા હતા તેવામાં એક ખબરે તેમને ઘણુજ ચોંકાવ્યા. પેસી અને બાબનનું એક આગલું કર્મ ઉગાડું પડવાની અણીપર હતું. લગભગ બે વરસની વાત ઉપર પેસી અને બાબને સાથે મલી જઇ ખોટે નાંમે એક મારવાડી પાસેથી મોટી મોટી રકમો લઇ અવારનવાર ખર્ચ્યા કીધી હતી. પણ ભોગજોગે જ્યારે મારવાડીને ખરી વીગતની ખબર પડી ગઇ ત્યારે તે પોતે પોતાની રકમ માટે બહુ ધભરાયો, અને માગણીપર માગણી કરવા માંડી. આ ઉપરથી આ બન્ને જણને એક બુરો માર્ગ અખત્યાર કરવાની ફરજ પડી હતી. માતુંગે આવેલા એકાદ એકાંત બંગલામાં ઉપલા કમનસીબ માગનારને તેના પૈસા ચુકતે કરી આપવા માટે ચોક્કસ દીને તેઓએ બોલાવ્યો જ્યાં તેને નીર્દયપણે ઠાર કરી તેઓ સુખે ફરતા હતા.

હવે આ પાપ પકડાઇ આવવાની ચોક્કસ બાતમી તેઓને મલી હતી, અને તે ખબરે તેઓને બેહદ ચોંકાવ્યા હતા. પેસીની હાલત ખરેખર દયા ઉપજાવવા જોગ થઇ પડી. જે સખ્શે કોઇ બીજાં પર દયા કરી ન હતી તેને અંતે દયાની જરૂર પડી હતી. હવે તે એકદમ હારી ખાઇ ગયો હતો. આજ સુધી તે આબરૂ દરકારે ફરતો હતો, અને પાપ પકડાઇ આવવાની તેને આજ સુધી કાંઇજ ધાસ્તી ન હોતી. તે પોતાની આબરૂથી બહુ બીહતો હતો. લોકોમાં પોતે સારૂં માણસ છે, એવો દેખાવ કરતો હતો, અને તેની બદચાલ ખરી રીતે જાણનારા સિવાય બીજા કોઇબી તેના પાપ કેવાં હતાં તે બીલકુળ જાણતાં હતાં નહીં. એવી રીતે આજ સુધી તેણે પોતાનો ટેક જાલવી રાખ્યો હતો, અને લોકોમાં પોતાને એક સાધુ તરીકે ખપાવતો હતો. પણ આખરે હવે તેણે જોઇ લીધું કે હવે તે અસલ વખત વહી ગયો હતો. પોતાનું પાપ હવે તે છુપાવી શકશે નહીં એમ તેને લાગ્યું અને તે માટે તેને હવે પસતાવો થવા માડયો. પણ તે પસતાવો બહુ મોડો હતો. તેને અપાયલી તકનો તેણે સારો ઉપ્યોગ કર્યો ન હતો એટલે ગમે તેવા ભારે પસતાવાથી બી તેને સેહેજ બી ફાયદો થાય એમ ધારીજ ન શકાય.

હવે તે બાહર ફરહર પણ કરતો ન હતો. તેનો આગળો તુંદ બીજાજ નરમ પડી ગયો હતો. ધાસ્તી તેના દીલમાં પોતાનો ધામો નાંખીને પડી હતી, અને જો કોઇ કદાચ તેને પગે ચાલીને કેઠે જવું પડતું તો તે દર પળે પોતાની પાછળ ફરી ફરીને આસપાસ જોતો હતો કે રખે કોઇ છુપી પોલીસનો આસામી તેની પુઠે લાગો હોય.

પણ આવું તે કેટલા દીવસ સુધી ચાલે ? આવી હાલતમાં તે વધુવાર રીઝી શકયો નહીં. ફીકર ચીંતા કેવી હોય છે તેનું હવે તેને ભાન થયું. તેની ધીરજ હવે ઉઠી ગઇ. તેની નીંદ નાહસી ગઇ, અને ભુખ તેને છોડી ગઇ. તેને દીવસે નહીં શાંતી મળે કે નહીં રાત્રે કરાર મળે. સ્વપ્નામાં તેને ઝોહરાની ધાસ્તી, અને વળી તેની સાથે ફાંસીના નાના માચડા સાથે તે તેની સામે આવી ઉભી રહે તેની ધાસ્તી ! અને દીવસે તેની પુઠે લાગેલા કોઇ દીટેકતીવની ધાસ્તી અને કોર્ટમાં ભર લોકો વચ્ચે તેની રૂસવાઇ થવાની ધાસતી. આવી આવી ફીકર ચીંતામાં તેનો તંદરોસ્ત બાંધો ગગડી ગયો, તેનો ખુબસુરત ચેહેરો બગડી ગયો અને તેનો બાહદુર દેખાવ ઝુમી પડયો. અને રૂસતીમશાહ આ જોઇને, તેના ખરા કારણની ગેરહાજરીમાં તેની દુ:ખી હાલત માટે મનમાં બલાપો કરીને ચુપ રેહેતા.

પણ પેસીની આવી હાલત તેઓ લાંબો વખત જોવા પામ્યા નહીં. એકાએક પેસી બંગલામાંથી ગુમ થયલો માલમ પડયો. તેના ગુમ થઇ ગયા પછી ઘણાંક દીવસ પસાર થઇ ગયા પણ તેનો પતો લાગ્યો નહીં. જે પ્રમાણે ગનુંમાલી બંગલામાંથી ગુમ થઇ ગયો હતો, તેજ પ્રમાણે પેસી પણ એમ ગુમ થઇ ગયો હતો.

વાંચનારે જાણવું કે તે ધાસ્તીનો માર્યો

મુંબઇ છોડી ગયો હતો, અને કયાં ગયો તેની કોઇને ખબર પડી નહીં. પણુ તે કાંઇ એકલો ગયો ન હતો. બાબનને તો તેણે પેઢી ઉપર નોકરીએજ રાખ્યો હતો તે આપણે જાણ્યે છીયે. તેને પણુ તે પોતાની સાથે નહસાડી લઇ ગયો હતો. બાબન પણુ તેની આ નાહસભાગમાં તેનો ભાગ્યો થયો હતો. પણુ તેઓ બંન્ને જણુ કાંઇ ખાલી હાથે ગયા ન હતા. પણુ નાણાં સંબંધી જબરદસ્ત ઘોટાળો કરી તેઓથી લેવાય એટલું લઇ પેઢીને કરજમાં દુબાડી તેઓ વંજે માપી ગયા હતા!

અને આખરે એવી રીતે પેસીએ પોતાના બીજા ભયંકર વિચારને પુરેપુરી રીતે અમલમાં મેલ્યો હતો. પોતાની સઘળી આશા જ્યારે તેણે ગુમ થયલી દીઠી હતી, ત્યારે આપણે જોયું હતું કે એક બીજો ખરાબ વિચાર તેના ભેજામાં દાખલ થવા પામ્યો હતો. તે વીચાર રૂસતીમશાહની પેઢીને દુબાડી મારવાનો હતો. અને આખરે તે કરપીણે તે ઉપર બેધડક અમલ કરી પોતાના ભયંકર પાપોમાં એક બીજા અતી ભયંકર કાળા કર્મનો ઉમેરો કર્યો હતો.

બન્ને જણુના અચાણુક ગુમ થવાથી રૂસતીમશાહને શક ગયો, અને તેઓએ પોતાની પેઢીના ચોપડા તપાસવા માંડયા. પણુ તેમ કરતાં તેમના બારે ધભરાત વચ્ચે તેઓને શું માલમ પડયું? તેઓએ પોતાની અસંત અજાયબી તેમજ ફીકર વચ્ચે આ એકવારની સારા પાયા પર ચાલતી પોતાની બાપદાદાની પેઢીમાં નાણાં સંબંધી જબરો મોટો ઘોટાળો થયલો દીઠો. જેમ જેમ તેઓ હિસાબ તપાસતા ગયા તેમ તેમ તેઓને ગુંચવણુ વધારે ને વધારે માલમ પડી. બીજી મોટી મોટી પેઢીઓનું તેમને માથે કરજ ચહડેલું માલમ પડયું.

રૂસતીમશાહ તો આ ચોંકાવનારો મામલો જોઇ ધભરાઇજ ગયા બલ્કે કહો કે ફીકરથી હેબતાઇ ગયા! પેસી આ શું કરી ગયો હતો, તેની તેમને સમજ પડી નહીં. તેમની પેઢીનું નખ્ખોડ વાળવામાં તેની શું મકસદ હતી તે તેઓ શોધી કાહડી શકયા નહીં, અને તેને લીધે તેમના મનમાં મોટો ગુંચવાડો ઉભો થયો. તોપણુ, પેસીએ લુચ્ચાઇ વાપરી તેઓને નખ્ખોડ અને ખુહારીમાં લાવી મેલ્યા હતા તે તેઓએ ખુલ્લી રીતે જોઇ લીધું, અને તેની ઉપર વીશ્વાસ મેળી તેઓએ કેવું ભુલ ભર્યું પગલું ભરયું હતું તે માટે તેઓને અનહદ પસતાવો થવા માંડયો અને હવેજ તેઓ એરચને યાદ કરવા લાગ્યા.

લોકોમાં પોતાનું નામ અને આંત જાળવી રાખવા માટે તેઓએ ઘણી જબરી કોશેશ કરી, પણુ અફસોસ કે તેમ કરીને સઘળું દેવું ભરપઇ કરવા જતા તેમની સઘળી પુંજી તેમને ખોહવી પડી હતી, એટલુંજ નહીં પણુ પોતાનો બાપીકો બંગલો "નાદીર હોલ" વેચવાની પણુ તેમને દુઃખ દાયક ફરજ પડી હતી. પણુ સારા ભાગ્યે, આ બંગલો વેચવાની પારકાં લોકને ખબર પડી નહીં. તે બંગલો નવાબજાદા દેલાવરખાને રૂસતીમશાહ પાસેથી પોતે ખરીદી લીધો અને તેમાં એક ચોક્કસ નામને ભાડે રૂસતીમશાહને વસવાની તેણે છુટ મેળી. રૂસતીમશાહ નવાબજાદાની આવી ઉદારતા અને તેનો સખી ખવાસ જોઇ એટલા બધા તો ખુશી થઇ ગયા કે તેનો આ આભાર કઇ રીતે વાળવો તે તેઓ સમજી શકયા નહીં.

આ પ્રમાણે પેસીને લીધે રૂસતીમશાહની પડતી આવી હતી અને તે બનાવે તેમના મન ઉપર બહુ નુકસાનકારક અસર ઉપજાવી. તેમને પોતાને માટે તો કાંઇ ફીકર ન હતી, પણુ પોતાની એક પુરી બેટીને આ પ્રમાણે તદન ન ધારેલી રીતે લુટાઇ ગયલી જોઇને તેઓને ઘણુંજ લાગી આવતું હતું પણુ સમજુ શીરીન તેઓને ધટતો દીલાસો દેતી હતી, પણુ રૂસતીમશાહથી પોતાને લાગેલો આ કારી જખમ ભુલાઇ જવાતો ન હતો.

"હા શીરીન મારી વાહલી બેટી," તેઓ એક દીવસ એક બચ્ચાની માફક રડી પડી

પોતાની દીકરી આગળ બોલ્યા "અરે, મેં કોણુની ઉપર વીશ્વાસ મેળવ્યો ? હા, મારી દીકરી, મે તારાં ભવીસ્યનાં સુખનું નખ્ખોદ વાલ્યુંચ. હવે મારી પાસે ફાંઈજ નથી, અને જો આ નવાબજાદો નહીં હોતે તો આપણે કેદારના આ બંગલામાંથી રવરી પણ જતે."

"નહીં બવાજી, તમે એમ રડો ના" શીરીન તેમને હીંમત આપતાં બોલી, "ખોદા આપણો નીગેહબાન છે. મારે લીધે તમે શું કામ ફીકર કરોચ? મને તમે સારી જેવી કેળવણી આપી છે તો પછી બીહવાનું શું છે. ભરી ગુથીને, સીવી સાંધીને બી હું તમારૂં પુરૂં કરીશ. એમાં શું છે, ધંધો આબરૂથી કરવામાં કાંઇ એબ નથી."

"આફ્રીન છે તારી ઉપર, મારી પ્યારી બેટી પણ અફસોસ કે એક વખત મેં મારી બોહસને વળગી રહીને તુંને થોડી દીલગીર કીધી નથી! પણ તે છતાં તું તારા દુઃખી બાપને ચાહેચ તે જોઇ હું મારૂં અરધું દુઃખ ભુલી જાઉંચ."

"પણ બાવાજી, તેમ કરવાની મારી ફરજ છે. ચાલો હવે આપણે જરા નવાબજાદાને ત્યાં જઇયે કે આપણો જીવ જરા વેરાય."

પણ આખરે રૂસતીમશાહને પોતાની જુની પેઢી બંધ કરવાની નાખુશ ફરજ પડી અને તેમ કરતી વખતે તેઓએ એરચને યાદ કર્યો હતો અને તેજ જો હજુર સુધી તેમની પેઢી પર હોત તો તેમણી આવી દુર્દશા ન થાત એમ તેઓએ વિચાર્યુ હતું.

પ્રકરણ ૯૧ મું.

એક અજબ જેવો ભેદ આ પ્રકરણમાં ખુલેછે.

ઉપલા માઠા બનાવને ચાર મહિનાની મુદત વહી ગઇ પણ ત્યારબાદ એક બીજી નાખુશ ખબરે સર્વને દલગીર કર્યા.

નવાબજાદા દેલાવરખાનને ખઈનો રોગ ભારે જોર સાથે ઉભરી આવ્યો હતો. તેની તબીયત વધુ અને વધુ બગડવા લાગી, જો કે તે બાહરથી ખુશી દેખાતો હતો, તોપણ અંદરખાનેથી તેમ હતું નહીં. આટલી જવાન વયમાંજ તેનો ખુબસુરત ચેહેરો ફીકકો પડી ગયલો માલમ પડયો. તેની દેહ એકદમ લહટી પડી. આથી તેના સંબંધમાં આવેલાં સઘળાં જણ દલગીર થયાં, અને તે પોતાની અસલ તનદરોસ્તી પાછી મેળવે એવી દુવા માંગવા લાગ્યાં. પણ નવાબજાદા ખઈના રોગને વશ હતો એટલે તેમાંથી તે છુટે એવાં ચીન્હો માલમ પડતાં ન હોતાં; કારણ કે આ વેળા તે રોગે જબરો ઉભરો કર્યું હતો, અને તે આખરે તેનો જીવ લેવાને ચુકશે નહીં એમ ઘણુંઓએ દલગીરી સાથે ધાર્યું.

પણ આ નવાબજાદાની એક બોહસ બહુ વીચીત્ર પ્રકારની હતી અને તે તેને આવા વખતમાં ભારી પડી ગઇ. તેને અંગ્રેજી દાકતરપર એતબાર હતો નહીં. પોતાના વીશવાસુ એક દેશી હકીમ નામે અબદલ્લા સિવાય તે કોઈ બીજાને હાથની દવા લેવાને સાફ ના પાડતો હતો. અબદલ્લાના કહેવા મુજબ ખઈ ઉપરાંત એક ચોક્કસ બનાવે તેના મનપર જબરી અસર કરી હતી, કે જેથી તેનું જીગર ખવાઇ જતું હતું, અને તેથી કરીને વળી ખઈના બુરા રોગને તકવયત કરનારૂં સાંધન મળતું હતું અને તેમ થયાથી તેનું મ્હોત નજદીક આવી પુગવાનો સંભવ પુરે પુરો હતો.

એક રાત્રે નવાબને જબરી તાવ ચહડી આવી, અને ત્યાર પછી માત્ર બેજ દીવસમાં તેની માંદગીએ ભયંકર રૂપ પકડયું.

ત્યાર પછીના દીવસે નવાબજાદાએ સહવારે દસેક વાગતાને સુમારે રૂસતીમશાહ અને શીરીનને પોતાને બંગલે બોલાવી મંગાવ્યા. તેઓના આવ્યા પછી તુરતજ જાંહગીર પારખ પોતાની પરણેતર ગુલ અને પોતાની બેહેન

ગુલાં સાથે નવાબની ખેર આફેયત પુછવા આવી લાગ્યો.

"તમો સઘળાંને આ પ્રમાણે આવેલાં જોઈ હું ઘણો ખુશી થયો છું. પણ ચાલો જાંહગીર શેઠ, સારૂં થયું કે તમે હમણાં આવી લાગ્યા; કારણ કે હું મરૂં તે અગાઉ તમારી સન્મુખ એક લંબાન ખુલાસો કરવા માગુંછ, હું તમો પાંચ જણ સન્મુખ એક અજાયબ જેવો ભેદ ખુલ્લો કરીશ તે સાંભળીને તમોને મોટી અજાયબી લાગશે તો ખરી. હું હવે આ દુન્યામાં થોડા વારનો પહરોણો છું, પણ મને મરવાની ધાસ્તી નથી. મારી આટલી જીંદગી દરમ્યાન એક સિવાય મેં બીજાં પાપ કર્યાં નથી. તે એકજ પાપ મેં કર્યું છે. પણ તેનો મેં ત્યાર પછી પુરતો પસતાવો કર્યો છે, અને હજુર સુધી પણ હું ખુદા પાસે આજીજીથી માંગુચ કે તે મારો ગુનોહ તે મને માફ કરે. હવે મોતનો મને ડર નથી, અજલના ફરેસ્તાની મને ધાસ્તી નથી. ખુદાનો આએ દુનયામાં માત્ર એકજ ફટકો બસ છે તે ખરેખરી વાત છે. તે એક માણસને એક જ ફટકે નેહાલ કરે છે તો એકજ ફટકામાં તે તેને પાછો કંગાળ બનાવી દે છે. રાત્રે સુતી વખતે જે તવંગરૂ તે સહવારે ઉઠતી વખતે મુફલીસ, ને જે, દીવસે તડકામાં રસ્તે ભટકી ભટકી ને ભીખ માગે ને રાત્રે એક પડત છાપરામાં યા ઝાડ તળે આશરો શોધે, તે બીજે દીને એક બાદશાહી મેહેલમાં બેસી ત્યાં નચીંતે આરામ કરે. જે એક વખત પોતાને આખી દુન્યામાં એક સર્વેથી સુખી મર્દ ધારે તે બીજીજ પળે દુઃખી. આવી રીતનો ખુદાઇ ખેલ છે, ને તેના બનતા ઘણાંક દાખલા તમને ખબર હશે. આ હું જે તમોને કહું છું અને હવે પછી જે ખુલાસો કરીશ તે સઘળું મારા બાબમાં ખરેખરી રીતે બનવા પામ્યું છે. સાંભળો, આ રૂસતીમશાહ શેઠ સાથે એક દીવસે એમની બેટી શીરીન વીશે વાતપરથી વાત નીકળતાં એઓને મેં એક ચોકકસ ખબર આપી છે. તે ખબર હું કોણ છું તે વીશેની છે. માત્ર એટલુંજ એઓ જાણે છે. બોલો, ત્યારે રૂસ્તીમ શેઠ, ને ખબર કરો આ અજાણને કે હું કોણ છું" એટલુંજ બોલી નવાબજાદાએ રૂસતીમશાહ ભણી પોતાનું મોંહ કર્યું.

નવાબજાદાને ઉપર મુજબ ભરમ ભરેલી રીતે બોલતો સાંભળી સઘળા જણ અજાયબીથી ગરકાવ થઇ ગયાં. નવાબજાદો ત્યારે કોણ હતો? રૂસતીમશાહને તે વીશેની તેણે ખબર કરી હતી ત્યારે તેઓએ તે વાત આજ સુધી છુપી કાં રાખી હતી?

પણ સઘળાંઓની ભારે અજાયબી વચ્ચે રૂસતીમશાહજ બોલી ઉઠયા, "હું જાણુંચ કે નવાબજાદો કાંઈ ખરેખર નવાબજાદો નથી પણ તે સિવાય હું વધુ ભેદ જાણતો નથી. લેઓ ત્યારે સાંભળો અને અજબ થાઓ કે આ નવાબજાદો દેલાવરખાન એક મર્દ નહીં પણ મર્દના વેશમાં એક ઓરત છે!"

"શું નવાબજાદો એક ઓરત!" સઘળા સામતાં પુકારી ઉઠયાં.

"હા, હા, હું ખરેખર એક ઓરત છું!" એટલું બોલી તે કેહેવાતા નવાબજાદાએ પોતાના મોઢા ઉપર એક અછાત મારી બીજે હાથે પોતાના માથા ઉપર વીંતાળેલો દુપેતો ખેંચી કાહડી ઉઠીને બેઠો તો તેના ઓરડાનો દેખાવ કેવો થઇ રહયો? ત્યાં કેવી રીતની લાગણી પ્રસરી રહી? તેજ પળે બાંરણા નજદીક એક ખખડાત થયો, અને આખા ઓરડામાં જાણે વીજલીક અસર ફરી વળી હોય તેમ નવાબની એકાએક ફેરવાઇ ગયલી હાલત જોઇ દરેક જણ ચમકીને પાછળ હત્યાં અને ધભરાતના માર્યા પાછળ ફરી જોવા લાગ્યાં, અને લગભગ તેજ પળે જાંહગીર, શીરીન, અને ગુલાં નવાબજાદાને તેનાં ખરાં રંગરૂપમાં ઓળખી કાહડી એકે અવાજે સામતા બુમ પાડી ઉઠયાં. "ઝેઝરા!"

પણ વાંચનાર, આ એકાએક શું બની ગયું? જાંહગીર, ગુલાં, શીરીન કાંઇ સ્વપ્નો તો નહીં જોતાં હોય? યા તેઓ શું એકા-

એક ઘેલાં તો નહીં થઇ ગયા હોય ? ઝોહરા શું ને વાત શું ? ઝોહરા અહીં આવે ક્યાંથી ? પેલી ભયંકર ખીનમાંથી કાં નહીં તેનો ભુત આવીને ત્યાં સુતો હોય ? પણ નહીં. ઝોહરાને જો કે આપણે ખીનમાં ગબડી પડેલી દીઠી છે તોપણ તેઓ સામે એઠેલી આ સ્ત્રી ઝોહરાજ હતી. એક વખતે તે દરયામાંથી બચી હતી અને બીજી વખતે તે ખીનમાંથી બચી હતી. શું ઇશ્વરી કરામત !

પણ હજુર તો તેઓ "ઝોહરા" કરી બોલી રહીને પાછી પોતાની નજર ફેરવે તે અગાઉ તો તેઓએ ઓરડામાં એક બીજો અવાજ સાંભલ્યો "કોણ ? મારી ઝોહરા ?" આ અવાજ બારણાં આગળ જે ખખડાટ થયો હતો જ્યાંથી આવ્યો હતો. પણ તે અવાજ તેઓને કાંઇ અજાણો ન હતો. તે તો શીરીનની આયા હતી, સઘળાંની અજાયબી વચ્ચે તે ઓરડામાં ધસારાબંધ દાખલ થઇ.

આયાને આવી હાલતમાં એકાએક દાખલ થયલી જોઇ સર્વે જણ, ઝોહરા વટીક, બહુ અજાયબ થયાં. પણ તેજ પળે તે ઝોહરાના પલંગ નજદીક ધીમે ધીમે આવી પુગી, અને તેની તરફ થોડીક પળ પુર ધ્યાનથી જોયું, બાદ તુરતજ તેની લગભગ નજદીક જઇ પુગી તેના દાભા પગની વચલી આંગળી જોતાંને વાર તે એકદમ બુમ પાડી ઉઠી, "હા, એજ, એજ, એજ ઝોહરા અંતે મળી ખરી ! બાબણની બેન ઝોહરા તે——"

પણ અહીં શીરીને ઘભરાઇને એકદમ પુછ્યું "આયા, શું છે ?"

"બાઇ !" આયા ઝડપમાં એકદમ બોલી ઉઠી, "અરે, મને શું પુછોચ ? તમે શું આએ જોતાં નથી ? અરે મને કોઇ કહો કે શું હું ખુવાબમાં તો નથી ?"

"અરે પણ બોલ તો ખરી, તુંને થયુંચ શું ?" જાંહગીરની ધીરજ વધુવાર નહીં રેહેવાથી તે હવે બોલી ઉઠયો.

પણ આયાએ તેને સાંભળ્યો ન હોય યા તેના બોલવાની જાણે તેને દરકાર ન હોય તેમ તે પાછી ઉશકેરાઇને બોલી.

"શું, હવે તમે મારી અદેખાઇ નહીં કરશો ? અરે આએ તો મારી ખોહવાયલી પ્યારી બેટી ઝોહરા !"

હજુરતો આયા પુરેપુર બોલી ન રહે તેટલાંમાં ઝોહરા પોતાની નાતવાની છતાં એકદમ પલંગ ઉપરથી કુદી પડી આયાને વળગી પડી "મારી મા ઓલેખાં !"

પ્રકરણ ૯૨ મું.

ઝોહરાએ ખુલ્લો કરેલો ગુલાંનો ભેદ.

આહા ! આ લગભગ વીસ વરસે તે મા દીકરીના મેલાપનો દેખાવ ! રૂસતીમશાહ અને બીજાંઓ તો અચરતીથી દંગજ થઇ ગયાં અને થોડીક પળમાં તો તેવો દેખાવ જોઇ દરેકની આંખમાં ખુશાલીનાં આંસુ આવી ગયાં ! કોણે આશા રાખી હતી કે એક મુફ્લેસ આયાની દીકરી એક માલેતુંજાર નવાબ ! આ માતાને પોતાની વીસ વરસની વાત ઉપર ખોહવાયલી દીકરીને તવંગર થઈ આવેલી જોઇને કેવી ખુશાલી લાગી હશે !

પણ અફસોસ ! એ ખુશાલી કેટલા વારની ? શું એ એક અતી ઘાતકી મશકેરી ન કેહેવાય ? લાંબે વખતે થયલો આ મેલાપ હવે માત્ર થોડા વારનો હતો. કમનસીબ ઝોહરા આ દુન્યાંમાં માત્ર થોડાંજ વખતની પહરોણી હતી. તે કીરતારનો હુકમ આવી ચુકયો હતો અને તેને તાબે થયા તે ખુશી સાથે તૈયાર હતી. તેની મુખ્ય મતલબ પાર પડી હતી. જેને માટે તે ફાંફાં મારતી હતી તે આખરે તેને મળ્યું હતું.

થોડોક વાર સુધી તો આ બન્ને માદીકરી

એકમેકને વળગી રહયાં અને એક એકની આંધપર મોંથું નાંખી રડવા લાગ્યાં. આવો દેખાવ જોઇ રૂસતીમશાહે ત્યાંથી થોડોક વાર ખીસી જવાનું દરૂસ્ત વીચારી તેમ કરવાની બીજાઓને ઈશારત કરી, અને તુરતજ પોતે ઉઠયા. પણ ઝોહરાએ પોતાંની માથી તુરતજ છુટી પડી તેમ કરતાં તેઓ સઘળાંને અટકાવ્યાં.

"તમે શું કામ મને છોડી જાઓછો?" તે પલંગપર પાછી સુતાં બોલી, "મારો ખુલાસો તમારે સાંભળવો જોઇયે. હું નહીં ધારતી હતી કે મારી મા સાથે મારી એમ મુલાકાત થશે. મારે વીશે કેટલીક બાબદ શીરીન જાણેછે, અને કેટલીક જાંહગીરને પણ ખબર છે, પણ કમબખત ઝોહરાના કમનસીબ માં, તને તો કાંઇજ ખબર નથી, હે?

"હા, મારી બેટી હું તો કશુંબી જાણતી નથી પણ તું મને બધું કેહ, મારો બાબન કાંહ—"

"અરે મા, બાબનની તો વાતજ ન પુછતી. તે હેવાલ ઘણો દુઃખભર્યો છે." ઝોહરા વચ્ચે બોલી ઉઠી.

"કંઈ નહીં, મને બસ મારી દીકરી પાછી મળી એટલે મને પુરતી ધીરજ મળાય."

"અરે પણ મા, તું જાણીને દલગીર ના થતી કે આપણો આ મેલાપ પેહેલો તેમજ છેલ્લો છે."

"નહીં, નહીં, બેટી, ખોદા ખાતર એમ નહીં બોલ."

"નહીં, મારી મા, હું ખરેખરૂં કહુંચ, હું અહીં હવે થોડાજ દીવસની છું. દરયામાં હું રવરી નહીં, ખીણમાં ગબડી નહીં, પણ ખહીના બુરા રોગમાં હું સબરી. હું ખહીથી હેરાનછું. જોઇયે તો આ તારી બાઇ શીરીનને પુછ."

અરે, પણ એક મા પોતાની બેટીના મુખથી આવા સખુન કેમ સાંભળી શકી હશે? તે આએ કેમ ખમી શકી હશે? આ મેલાપથી થોડીક પળનું સુખ તો તેનું થયું પણ પછીથી તો જાવેદાનનું દુઃખ! બેહેતર કે આ દીકરી તેને નહીંજ મળી હતે! પણ કીસમત આગળ કોઇનું ચાલનાર છે?

ઝોહરાએ તરતજ પોતાનો હેવાલ શરૂ કર્યો. તેનો બાપ તેની માપર કેવાં કારણને લીધે ગુસ્સે થયો હતો તે સાંભળીને ઝુલેખાંને કેવું લાગ્યું હશે? પણ તે કરતાં વધુ દલગીરતો જ્યારે તેણે જાણ્યું કે તેના બેટાના માનીતા મીત્ર પેસીએ તેને ફસાવી હતી ત્યારેજ થઈ. અને તેને પોતાની બેટીના દુઃખનો અને ધીરજનો ખ્યાલ આવતો ગયો. આ સઘળો હેવાલ આપણને ખબર છે. તે આપણે ઝોહરાને મોંહડેજ માહબ્લેશ્વર ખાતે સાંભળ્યો હતો.

પણ ત્યાર પછી તુરતજ ઝોહરા શીરીન તરફ બોલી.

"શીરીન બેહન, ચર્નીરોડને દરયે કીનારે પેસી સાથે મારી રાતને વખતે ઓચીંતી મુલાકાત થઇ હતી તે તમને યાદ છે?"

"હા, ઝોહરા" શીરીને જવાબ દીધો, "માહબ્લેશ્વર ખાતે તું મને મળી ત્યારે તેં મને તે વાત કહેલી હતી ખરી."

વારૂં તે મારા હેવાલ દરમ્યાન મેં તમોને એક બાબદથી અજાણાં રાખ્યાં હતાં. પેસીને મેં જ્યારે તદનજ બેવફા નીવડેલો તે વખતે જોયો ત્યારે એક ચીજ મારાં ગજવામાંથી કાહડી મેં તેને બતાવી હતી અને તે જોઇ તે બહુ બીધો હતો, તે ચીજ શું હતી તે તમોને મેં તે વખતે કહેલું ન હતું. પણ હવે તમો સઘળાંની સંપુર્ણ ખાતરી કરવા માટે હું તે ચીજ તમોને બતાવીશ. જો કે, તેમ કર્યાથી મનેબી થોડી ઘણી નામોસીમાં આવવું પડશે, પણ ખરી વાત ખુલ્લી કર્યા વના મને ચાલતું નથી." એટલું બોલી ઝોહરાએ પોતાના તકીયા તળીયેથી એક સબી બાહર કાઢી અને તે શીરીનનાં હાથમાં આપી.

શીરીને તે ચીપી ચીપીને જોઈ, અને તરતજ તે રૂસતીમશાહને આપી, અને ત્યારબાદ બીજાં સઘળાંઓએ તે જોઈ અને ઘણાંજ અજબ થયાં.

તે ઝોહરાએ પેસીની સાથે ઉભી રહી પડાવેલી એક સબી હતી, કે જેની અંદર ઝોહરાએ પ્યારથી પોતાનો હાથ પેસીની ખાંધ ઉપર મેલ્યો હતો જ્યારે પેસીએ ઝોહરાની નાજુક કમર આસપાસ પોતાનો હાથ નાખ્યો હતો. પેસી પારસી પોશાકમાં હતો જ્યારે ઝોહરા મુસલમીન વેશમાં સજ થયલી હતી.

"રૂસતીમ શેઠ," ઝોહરા બોલી, "આ સબી દેખાડી જો કે મેં મારી પોતાની એબ ઉઘાડી પાડીછે, તોપણ પેસીની લુચ્ચાઈ બાબે હું તમારી એ ઉપરથી ખાતરી કરવા માંગુંચ. એ માણસે મને લલચાવી મને ખાડામાં ઉતારીને મનેજ ફસાવી, મનેજ પોતાની મતલબને બરના કાવતરાં કરવા શીરીન પાસે મોકલી હતી અને આયંદે મનેજ તે બેવફા નીવડયો હતો. ત્યારે શીરીન તેના જેવાને ધીક્કારવામાં કેટલી બધી વાજબી હતી તે બાબે તો તમારી હવે ખાતરી થઈ ચુકી હશે."

ઝોહરાના હેવાલ માંહેલો આ અજબ જેવો ખુલાસો સાંભળી સઘળાં જણ તાજુબ થયાં, અને હવે પછી તે વધુ ભેદ શું ખુલ્લો કરવા માંગતી હતી તે જાણવા માટે તેઓ અતીશય ખાહેશમંદ બની રહયાં.

"હવે હું એક બીજી ભેદ ભરેલી વાતનો ખુલાસો કરીશ, અને તે જાંહગીરની બેહેન ગુલાંને લગતીછે. સાંભળો જાંહગીર, તમારી બેનની કાંહણી તમોને ખબર છે? ઝોહરાએ સવાલ કર્યો.

"ગુલાંની કાંહણી? તે વળી શું?" એટલું બોલી શીરીને અજાયબીથી ગુલાં તરફ જોયું.

વાંચનારને અંહીં ફરીથી જણાવવાની જરૂર છે કે આપણે જાંહગીરની બેહેનને ગુલાં તરીકેજ ઓળખશું જ્યારે ખપ પડવે જાંહગીરની પરણેતર બેલાપટેલની ગુલને ગુલજ કહીશું.

"હા, શીરીન, ગુલાંની કાંહણી." ઝોહરા બોલી, "તમોને એ વાતની ખબર નથી. પણ હું તે તમોને એ ટુંકમાં કહી જાઉંચ."

એમ કહી ઝોહરાએ કાવસ વાહડયા ઉર્ફે બાબન અને ગુલાંનો હેવાલ કે જેથી ગુલાં એજ આપણી આ વાર્તાના કમબખત બેરચને વાકેફ કર્યો હતો (પ્રકરણ ૪૭ મું) તે સઘળાંને કહી સંભળાવ્યો.

ત્યાર પછી ઝોહરા જાંહગીર તરફ ફરીને બોલી, "વારૂ હવે જાંહગીર, તમો જાણોચ એ કાવસ વાહડયો કોણ તે? અરે તમે કદાચ માનશોબી નહીં ને મને હસી કાહડશો. ગુલાં બેહેન તો એમજ સમજે છે કે તે ખરેખર કાવસ વાહડયા નામે એક પારસીજ હતો પણ નહીં. અરે, જાંહગીર તમોને ખબર છે, પેલી સાંહજે માહબ્લેશ્વર ખાતે રસતા વચ્ચે બેઠેલો પેલો બુઢ્ઢેમીયાં કોણ? એ બુઢ્ઢેમીયાં તેજ કાવસ વાહડયો અને કાવસ વાડયો તે કોઇજ નહીં. પણ બાબન!"

વળી આ ભેદ સાંભળી સર્વે જણ અજાયબીથી ચોંક્યા, તેમાં ગુલાં તો સઘળાં કરતાં વધારે અજાયબ તેમજ ગાફેલ બની ગઇ. તે તો એમજ સમજતી હતી કે તેને ફસાવવાની કોશેશ કરનાર એક પારસીજ હતો, પણ હમણાં જ્યારે ઝોહરાને મોંઢે ખરી બીના તેણે જ્યારે સાંભળી ત્યારે તો તે બહુજ ઘભરાઇ ગઇ. તોપણ તે તેને હાથે ફસી ન હતી યા કાંઇ પણ રીતના ખાડામાં ઉતરી ન હતી તે વીચારે તેને પાછી ઠીક ધીરજ આપી.

ઝોહરા હવે ગુલ તરફ ફરીને બોલી, "જેમ તમોને પેસી તમારા બાવાના પૈસાની લાલચે ફસાવવા આવ્યો હતો તેજ પ્રમાણે બાબનબી ગુલાંના બાવાનીજ દોલતપર ત્રાપ મારવાની મકસદથી તેની સામે પ્યારનું ડોળ ઘાલતો હતો. અરે, રૂસતીમશાહ શેઠ, આવા બાહરના ભપકાપર અને ખુબસુરત ચેહેરાપર કેટલી બધી અમારા જેવી ભોલી અને બીન અનુભવી છોકરીઓ ફસી જતી હશે! તો પણ સારાં બાગ્યે, ગુલાં એ બાબનને હાથ ફસી નથી તે જાણીને મને કાંઇ જેવો તેવો સંતોસ ઉપજતો નથી.

સારબાદ ઝોહરાએ પોતે માહબ્લેશ્વર ખાતે બાબનની યુકતીના સંબંધી કેવો બાગ ભજી બતાવ્યો હતો તેનું વીગતવારે બ્યાન કર્યું, પણ તે આપણે અગાઉ જાણી ગયાં છીયે એટલે તે ફરી વર્ણવવાની જરૂર હોય નહીં.

પ્રકરણ ૯૩ મું.

ભયભીત રાત્રીનો ફાયદાકારક અનુભવ.

"ખીનમાં ગબડી પડયા પછી જ્યારે હું શુદ્ધીમાં આવી," ઝોહરા એ પોતાનો હેવાલ આગળ ચલાવતાં જણાવ્યું, "ત્યારે મારી આસપાસ અંધારૂં જોઇ હું બહુ ધભરાઇ. કોઇ અજાણી જગ્યાએ હું પડી હતી એમ મને લાગ્યું. મેં ત્યાંથી ઉઠવાની કોશેશ કરી પણ મારીથી ઉઠી શકાયું નહીં. મારી આસપાસની જમીનપર મોટા મોટા પથ્થરો મારા હાથને નડવા લાગ્યા. એક ઝાડને અઢેલીને પડેલી હોવું તેમ મને તે વખતે લાગ્યું, પણ ત્યાં હું કેવી રીતે આવી પડી હતી તે હું જાણી નહીં શકી. એવામાં એકાએક ઉઠવા જતાં જાણે હું ઉછલાઈ જતી હોવું એમ મને લાગ્યું. આ જોઈ હું બીધી અને સહવાર સુધી ખુદાનું નામ લઇને ત્યાંજ પડી રહી.

વાઘનો યા બીજો હરેક રીતનો દરેક ડર ત્યાં તેવે વખતે રાખવાનો હતો, તોપણ મને તેની દરકાર હતી નહીં. તોપણ તે બીહામણી રાત મેં તદન નીરાધાર હાલત વચ્ચે કેમ પુરી કીધી હશે તે વીશે મને હમણાંબી ઘણી અજાયબી લાગેચ. તાંહ પરી પરીને મે આગળા બનાવોની યાદ કર્યા કીધી, ને પછી મને મારી હાલતનું ધ્યાન આવતાં મેં વીચાર્યું કે ઘોડાએ ઠોકર ખાધા પછી હું આવી હાલતે આવી પડી હોઇશ. પણ ઝઝકળું થતાં જ્યારે સુરજના કીરણો મારી આસપાસ ફેંકાયાં ત્યારે મેં મારી અજાયબી વચ્ચે જોયું કે હું એક ખીનમાં ગબડી પડી હતી. હું ઘણીજ અજબ થઇ. ઉપરથી ગબરયાં ખાતી હું છેક તે ઝાડને આવી અઠડી પડી હોવસ એમ મને લાગ્યું. અને તેમ જો ન થતે યાને ઝાડ વચ્ચે આવવાને લીધે જો હું ગબરયાં ખાતી અટકી ગઇ ન હોત તો માંરૂં શું થાત ? અત્યારે હું કાંહ ગઇ હોતે ? મારો ભુકેભુકો થઇ ગયો હોતે ને હું તે ઉંડી ખીણમાંજ સદાની દટાયલી રેહેતે ! પણ નહીં. ખુદાએ મારી ઉપર અનેક વખત મેહેર કરી હતી. તેણેજ મારી ઉપર આ વખત પણ દયા કરીને મને મરવા દીધી નહીં. મારી હાલત ચેતી જઇને ત્યાંથી હું જેમ તેમ ઉઠી પણ મારૂં આંગ બહુ દુઃખતું હતું. મારૂં શરીર બહુ જોરથી ઝીંકાયું હતું તે કારણે મારામાં શકતી ન હતી.

અને હું ઉંચાઇથી ગબડેલી હોવાને લીધે તેની નીશાનીઓ મારાં શરીરપર જગેજગ રહી ગઈ હતી. હું હવે કયાં જાઉં તેના વીચારમાં ઉભી તેટલામાં આનીગમ તેની ગમ નજર કરતાં મને મારેથી થોડેક દુર એક સપાટ મેદાન જેવી જગ્યા દેખાઇ. ત્યાં જવાથી મને ઠીક આશાયસ મળશે એમ મને લાગ્યું અને તે ઉમેદથી હું પથ્થરો વચેથી ઉઠીને જેમ તેમ ઉભી થઇ, અને કાંઇક મુશકેલી ખમીને હું આખરે તે ધારેલી જગ્યાએ જઇ પુગી. તે જગ્યા ખરેખર બહુ સારી હતી, ત્યાં અડચણ જેવું કશુંએ હતું નહીં, અને તે જગ્યાએથી સીધી લીટીમાં એક રસ્તો આવેલો મને માલમ પડયો. મને લાગ્યું કે ત્યાંથી માણસો અવારનવાર અવતાં જતાં હોવાં જોઇયે. પણ તેવી કશીબી નીશાણી મને ત્યાં માલમ પડી નહીં. હું તે રસ્તે ચાલવા લાગી, પણ પાધરે રસ્તે પડવાને બદલે હું ખીનનાં ઉંડા ભાગમાં જતી હતી એમ મને લાગ્યું. તોપણ તેની દરકાર ન કરતાં હું આગળ ચાલ્યાજ કીધી. પણ ચાલતાં ચાલતાં આખરે હું ઠાકી ગઈ અને તેને લીધે મને આશાયશ લેવાની ફરજ પડી. ત્યાર પછી મેં પાછું શરૂ કર્યું, પણ થોડા વખતમાં તો તે રસ્તાનો છેડો આવ્યો. તેની આખેરીએ એક ઉંચો પહાડ મારી નજરે પડયો, અને તે એટલો તો ઉંચો હતો કે તે ઉપર કદીબી મારા જેવી એક ઓરતથી તો ચહડી શકાયજ નહીં. આગળ વધવાનો હવે બીજો માર્ગજ નહતો. એટલે પાછું ફરવા સીવાય

મારો છુટક નથી નહતો. મેં નીરાશીથી ઉપર જોયું તો મેં પોતાને ઘણીજ નીચાણ જગ્યાએ ગયલી દીઠી. આ પ્રમાણે અમથી મેહેન કર્યાથી હું થાકી ગયલી હોવાને લીધે નાઉમેદ થઇને એકાદ પથ્થરપર બેસી ગઈ. પણ બેસ્તાંને વારજ મારી અજાયબી વચ્ચે તે મને હીલતો માલમ પડયો. તે પથ્થર તપાસી જોતાં મને માલમ પડયું કે તે સીધો અને લીસો હતો. અને તે શા સબબથી ઢીલો હશે તે તપાસવાનો મેં વીચાર કરી તેની ઉપર હાથ થોકયો તો વળી તે આમ તેમ હીલવા માંડયો. આથી વધારે અજબ થઇને તે ઉંચકી જોવાની મેં કોશેશ કરી, અને તેની જગ્યાએથી મેં ઘણી મેહેનતે તે તેને ખસાડી બાજુએ મેલયો. પણ તુરતજ તેની નીચે ઉંધાઇઓથી ખવાઈ ગયલું એક પાત્યું મારી નજરે પડયું. મારી અજાયબી હવે વધતીજ ગઈ, ને તે પાત્યું એકદમ ખસેરી નાંખતા મેં શું જોયું? મારા પગ નજદીક એક ઉંડો ખારો એકાએક ઉગરી ગયલો મારી નજરે પડયો. વાંકુ વરીને જોતાં તે અંદરથી વધારે ને વધારે પોહરો થતો ગયો. હું હીંમત કરીને અંદર ઉતરી, તો તે ખાડાને તળીયેથી કેટલીક સીરીઓ આવેલી હતી જેની મારફતે હું અંદર ગઈ તો મને એક અંધારો રસ્તો માલમ પડયો. જ્યાંથી ચાલતાં મારા હાથને આડી ભીંત નરવા લાગી. આવી અંધારી જગ્યાએ વધુ વાર થોભવાનું દરૂસ્ત નહીં ધારીને હું એકદમ પાછી ફરવા જતી હતી, પણ તેમ કરતાં મને માર્ગમાં જોરથી એક ઠોકર લાગી, ને હું હેઠળ પડી ગઈ. હું થાકી ગયલી હોવાથી થોડીક મીનીત તો તાંહજ વીચારમાં ને વીચારમાં બેસી રહી. પછી જે જગ્યાએ મને ઠોકર લાગી હતી તેની ઉપર મારો હાથ ટેકાવી હું ઉઠવા ગઇ તો મારા ભારથી તે જગ્યાએ બેસી ગઇ અને કાંઇ ભાંગવાનો અવાજ મને સંભળાયો, ને તરતજ હું પાછી પડી ગઇ. મેં મારી આસપાસ હાથ ફેરવી જોયો તો મને તેજ પળે કાંઇ ઝળકતી ચીજો દેખાઈ. યા ખુદા, ત્યાં સઘળાં કીંમતી હીરા અને બીજો ગંજાવર ખજાનો પડેલો દીઠો. આ વાત હું કાંઈ જોડી નથી કાહડતી. એ ખરેખરી છે. પાહડોની અંદર ખજાના ને ખજાના દટાયલા હોયછે તે બીનાં તો તમે લોકબી જાણતાં હશો. ત્યારે મારી હકીકત તમને સહરાધાત ભરી યા ખોટી લાગશે નહીં. મેં તુરતજ તે પરવરદેગારનો ભારે આભાર માન્યો. શું ખોદાએ મને આ ખજાનો બખશવા અહી લાવી નાખી હતી? પણ તે લઇને હું શું કરૂં તેનો મને વીચાર આવ્યો. જ્યાં મારા મનનું સુખ નહીં ત્યાં એને લઇને હું કયાં જાઉં? પણ હવે હું તાંહ બેસીનેબી શું કરૂં? મને લાગ્યું કે આ એકાંત જગ્યાએથી બાહર ન નીકળતાં ત્યાંજ બેસી રહું તો કેવું સારૂં! મને ત્યાં શું અડચણ નડવાની છે? અરે પણ મને બીજીજ પળે વીચાર આવ્યો કે હું ખાઉં શું? શું હીરા ચાવીને પેટ ભરૂં? તેજ વખતે મને દુન્યાનો ખ્યાલ આવ્યો. આવી જગ્યાએ શુકી રોટલીના એક ટુકડા યા તો ગડળાં પાણીના એક ગોટ આગળ આ ખજાનો શી બીશાદમાં! તેની શું કીંમત થાય? આવી જગ્યાએ એક માણસ જાતે જઈ પડે ત્યારેજ તે ખુદાઇ બખશેશની ખરી પીછાણ કરી શકે. મેં એક જગ્યાએ ઇચ્છયું કે મારી સાથે મારી બેટી લૈલા હોત તો હું કેવી શેહેર ઘેર છોડીને આવી એકાંત જગ્યાએ આવી રેહેતે! પણ તેની પાછળ તરતજ એક બીજો વીચાર મારા ભેજામાં દાખલ થયો. તે શું વીચાર? ગમે તેબી કરીને મારો કીનો લેવો. મારા બાળકનો જીવ લેનાર ઘાતકી આસામીને જંપીને બેસવા ન દેવો પણ તેની પુઠે લાગી તેની દરેક ઉમેદ ઉંધી વાળવાનો મેં મક્કમ ઠરાવ કર્યો. આ એજ વીચારે મારાં શરીરમાં કૌવત બક્ષી મને ઉઠારી. આએ ખજાનોબી મને તેવા કામમાં કેવો ખપ લાગશે એમ વીચારી તે વખતે મારાથી લેવાયું તેટલું મેં લીધું. અને તે ઘણું હતું. ત્યારપછી તે રસ્તો બંધ કરી હું સીધે માર્ગે બાહર પડી અને ઉલતમાં ને ઉલતમાં ખરે રસ્તે આવી પુગી. ખીનમાં દાખલ થવાનો

માર્ગ ઝાડીઓથી એટલો બધોતો વીંટાયલો છે કે ત્યાં ખરેખર એક રસ્તો આવેલો છે એવી કોઇનેજ ખબર પડે.

ત્યારપછી મેં માહબ્લેશ્વર છોડયું, ને હું મુંબઇ આવી નવાબજાદા દેલાવરખાન તરીકે એકાદ હોતેલમાં ઉતરી, અને તુરતજ મેં મારા ખજાનાને રૂપાં નાણાંમાં ફેરવી નાંખ્યો. પણ મેં યુક્તી વાપરીને સઘળું એક ઠેકાણે વેચ્યું નહીં. કરોડપતી અને લખપતીઓને ત્યાં મેં મારો ખજાનો થોડો થોડો વેચ્યો ને તેની મને ઘણીજ મોટી કીંમત ઉપજી. તુરતજ તે ઉપજેલાં નાણાંમાંથી મેં મુંબઇની ઘણીક મીલકતો ખરીદી લીધી અને મારા ખપજોગું નાણું મારી પાસે રાખ્યું. ટુંકમાં તમોને કહું તો તે ખજાનાથી મને લગભગ ૧૦ લાખ રૂપ્યા મલ્યા છે. એક લાખ રૂપ્યા મારી પાસે રોકડા છે, અને બાકીના નવ લાખની મારી પાસે જુદી જુદી મીલકત છે કે જેમાંની છેલ્લી મીલકત તો રૂસતીમશાહનો નાદીર હોલ છે.

પ્રકરણ ૯૪ મું.

ઝોહરાએ પેસીપર કેવી રીતે કીનો લીધો?

મેં પેસીપર કીનો લેવાનું કામ હવે શરૂ કર્યું. નવાબજાદા દેલાવરખાન તરીકે મે વેશ ધારણ કર્યો અને તે કોઇબી પારખી શકયું નહીં. મેં મારૂં ધારેલું કામ માંથે લીધું અને રૂસતીમશાહનાંજ બંગલાની પાસે આવી વસવાની મને ટક મળી ગઈ, તેથી મને મારાં કામમાં ધારયા કરતાંબી વધારે ફાયદો થયોચ. મેં શીરીનની આયા તે મારી માને મારા વીશ્વાસમાં લીધી અને શીરીનને શાંનું દુઃખ હતું તે મેં ખાતરીપુરવક જાણી લીધું. પણ મને મારી અજાયબી વચ્ચે માલમ પડયું કે શીરીનને પેસી જેવાની સાથે પરણાવવાની રૂસતીમશાહ જેવાબી બોહસ પકડી બેઠા હતા. તે જોઇ હું બહુ ચીરડાઈ. શીરીનને તેના જેવા કર્પીણુને હાથ કદીબી નહીં જવા દેવાનો મેં ઠેરાવ કર્યો, અને રૂસતીમશાહને એવાં કામથી હાથ ઉઠાવવાને સમજાવવાની મેં ધારણા રાખી, અને સારાં ભાગ્યે તે ઉપર જલદીથીજ અમલ થઇ ગયો. શીરીન વીશેની એક દીવસ વાત નીકળતાં મેં જોઈ લીધું, કે તેમની સઘળી વળાણુ પેસી તરફજ હતી. મેં એકવાર વીચાર કર્યો કે રૂસતીમશાહ નજદીક હું કોણછું તે ખુલ્લું કરી દઇ તેમની ભુલ ભાંજું અને પેસીને ઉંગાડો પાડું. પણ બીજીજ પળે મને વીચાર આવ્યો કે તેમ કરતાં બાજી કદાચ બગડશે તેથી મેં એક સેહેલા ઉપાય ઉપર અમલ કર્યો. રૂસતીમશાહને મેં કાનપર પડી જેવું કહ્યું કે હું એક ઓરતછું તેવાજ તેઓ ચોંક્યા, અને તે વખતે મેં તેમને વળી એમ પણ કહ્યું હતું કે શીરીનને તેની મરજી મુજબ ચાલવા દેઓ. મારા બોલવાની તેમની ઉપર વીજલીક અસર થઈ, અને ત્યારબાદ તેઓએ પોતાની દીકરીને ફરીથી બોહસ કરી નહી તે જોઇને હું ઘણી ખુશી થઈ, અને મારૂં ધારેલું કામ એમ ધીમે ધીમે સફલ થતું જોઇને મને ભારે હરખ ઉપજ્યો.

ત્યાર પછી કેટલાક દીવસો વહી ગયા જે દરમ્યાન મને મારી મોટી અજાયબી વચ્ચે માલમ પડયું કે શીરીનની તબીયત દીવસો દીવસ લથડતી જતી હતી અને તેમ બનવાનું કારણ હું શોધી કાહડી શકી નહીં. હું દરરોજ વીચારમાં ને વીચારમાં તમારા બાગમાં ફર્યા કરતી હતી, અને તેમ કરતાં એક સહવારે મેં એક અજાયબ જેવો દેખાવ દીઠો. શીરીનને તે યાદ છે. મેં એને ગનું માલીના ઝુંપડાં નજદીકનાં એક બાંકપર બેઠેલી જોઇ, અને ત્યાર પછી મારી ભારે તાજુબી વચ્ચે શીરીને ગનું માલીના હાથમાંથી એક નાનું ગલાસ લીધું તેમાં પાણી

જેવી સાફ વસ્તુ ભરેલી માલમ પડી, અને તે શીરીન કાંઈપણ વીચાર કર્યા વગર એકદમ પી ગઇ એટલે મને વધુ તાજુબીની સાથે થોડોક ગુસ્સો પણ લગ્યો. શીરીન કેવી નભર વસ હતી કે તે એક તદન અજાણ્યા શખસને હાથની કાંઇ દવા પીતી હતી, પણ વળી શીરીનને તે ગલાસમાનું પાણી ખુશીથી પીતાં જોઈ તે માલી ઘણો હરખાયલો દેખાયો, અને તેમ થવાનો ભરમ હું સમજી શકી નહીં. તેજ વખતે પેહેલવેહેલાં મને તે માલીની દયાનતપર શક ગયો. મેં ધારયું કે શીરીનને વળી કાંઈ નવા ફાંદામાં ઉતારવાની આ બાજી રચાતી હતી. માલીના વેશમાં તે કાં નહીં પેસીનો દગારો મીત્ર તે મારો સગો ભાઈ બાબન હોય? આવા વીચારથી શીરીન વીશે મને ફીકર પેઠી, અને તેની જીંદગીની મને ધાસતી લાગી. પણ તેજ વખતે હું વખત ખોહયા વના, શીરીન સામે આવી ઉભી રહી, અને કેટલીક વાત કર્યા બાદ મેં માલી વીશેની વાત કાહડી, અને એક માલી જેવા શખસપર ભરૂશો મેળી તે કેટલી મોટી ભુલ કરતી હતી તે મેં તેને સમજાવ્યું. અને ફરીથી તે માલીને હાથની કાંઇબી દવા નહીં પીવા વીશે મેં તેને મનાઈ કરી કે જેમ કરવામાં હું ખરી હતી કે ખોટી હતી તે મને પાછળથી બહુ વખતસર માલમ પડયું હતું.

તે એમ કે જાંહગીર પારખના લગ્નને દીવસે જ્યારે નાદીર હૉલમાંથી સઘળાં બાહર ગયા હતાં તે ટકનો લાભ લઇ મેં ગનું માલી વીશે વધુ જાણવાજોગ ખબર મેળવવાનો ઠેરાવ કર્યો, અને તે મતલબથી હું બાગમાં આમતેમ ફરતી ફરતી લાગોલગ તેના ઝુંપડાં નજદીક આવી લાગી. ઝુંપડાનું બારણું અળગું હતું, અને અંદર માલી હતો કે નહી તે જોવા માટે મેં ત્યાં નજર કરી તો મેં શું જોયું? ગનું માલીને બદલે ત્યાં તો મેં કોઇ તદન ભલતાજ પુરૂશને બેઠેલો દીઠો. તેના દાહડી થોભ્યા જે બનાવટી હતા તે જમીનપર પડેલા મેં દીઠા. હું તે જોઇ ઘણીજ અજબ થઈ. મેં તેને તુરતજ ઓળખ્યો ને ઓળખતાને વાર જબરી ચોકી! અરે ત્યાં મેં શું જોયું? ગનું માલી શું ને વાત શું? તે તો મારી અતલગની પીછાણવાલો હતો. જેને માટે મેં કાવત્રાં કર્યા હતા, જેને દગાનો ભોગ બનાવવાની મેં પેસીને મદદ કરી હતી તેજ માણસ, તેજ કમનસીબ પુરૂશ ત્યાં બેઠો હતો. હવે તમે લોકો અટકળી નહીં શકો તે કોણ હતો? હા, પણ તે અગાઉ હુંજ તમોને કેહું. તે ગનું માલી, તે દાહડી થોભ્યા. વાલો બુઢઢો વેશ ધારી ભેદી પુરૂશ, તે શીરીન બાઈને દવા આપવાની હોંસ ધરાવનાર માણુસ, અરે તમે જાણીને ચોકતાં ના, કે તે નાદીર હોલમાંજ એક વખતનો રેહેનારો આદમી હતો, અને ત્યારે લેવો સાંભળો ને સાંભળીને જોઇયે તો ચોંકો અજબ થાઓ યા તાજુબીથી ગીરફતાર બનો કે તે શખસ કોઇજ નહીં પણ શીરીન બેનનો સાચ્ચો, અમીરી ખવાસનો અને વફાદાર આશક એરચ હતો!"

"શું એજ મારો એરચ?" શીરીન એક છલાંગ મારી બોલી ઉઠી, "યા ખુદા મારીપર રેહેમ કરી તેને મારી પાસે લાવી"—પણ શીરીન એટલું બોલતાં તો તરતજ જમીનપર એકાએક પટકાઈ ગઇ અને તુરતજ બેશુદ્ધ થઇ પડી!

આહા, શું તે ઓરડાનો દેખાવ! ઝોહરાના આ નહીં ધારેલા તદન અજબ જેવા ખુલાસાથી ત્યાં હજર રહેલા સઘળાં ચકીત થઇ ગયાં અને એકએકના મોંહ સામુ તગર તગર જોવા લાગ્યાં! તેઓ શીરીનની બેશુદ્ધી વટીક ભુલી ગયાં!

પ્રકરણ ૯૫ મું.

હદબાહર ખુશાલી!

અરે પણ વાંચનાર, શું આ ગનું માલી ખરેખર એરચ હતો? ત્યારે તે શું આખરે એક વેશધારીજ પુરૂશ હતો કે? પણ વખતે ઝોહરાએ ભુલ તો ન કરી હોય? તેણે પોતાની ભયભીત માંદગીને લીધે પોતાની શુદ્ધ તો ન ખોહી દીધી હોય? પણ નહીં. ઝોહરાએ ભુલ કરી નથી તેમજ તેણે પોતાની શુદ્ધએ ખોહી દીધી નથી. તેણે જે હેરત ઉપજાવનારો આ ભેદ ખુલ્લો કર્યો હતો તે તદન ખરેખરો હતો. ઝોહરા પોતાની પુરશુદ્ધીમાંજ સઘળું બોલી હતી અને હમણાં સુધી તે જે જે બોલી હતી તે ખરૂંજ હતું.

ખરેખર તે ગનુંમાલી એરચજ હતો. એક માલીનો વેશધારણ કરી તે નાદીરહૉલમાં દાખલ થવા પામ્યો હતો. જ્યાં તે એક શેઠ તરીકે ઉધરીને મોટો થયો હતો ત્યાં એક બાગબાનની નોકરીએ તે આવ્યો હતો. નાદીર હોલમાં આવે હાલે આવવામાં તેની શી મતલબ હતી તે આપણે જાણ્યે છીયે. ત્યાં તે એક જણનો જીવ બચાવવા આવ્યો હતો. તે પોતાની સાથે પેલી ઝેરના ઉતારની ગોલી લઇ આવ્યો હતો, અને તેનો ઉપ્યોગ પણ તેણે આપણે જાણ્યે છીયે તેમ ઠીક કર્યો હતો. દસ દીવસ લાગત તે શીરીનને એ ગોલી આપવામાં ફાવ્યો હતો; પણ આખરે જ્યારે એ ચાર દીવસ સુધી તેની હાજરી ઝુંપડા નજદીક નહીં જોઇને તે ધભરાયો હતો અને તે માટે કેવા ઉપાયો લેવા તેના વીચારમાં તે હતો તેટલામાં તો નવાબજાદા દેલાવરખાન સાથે તેની ઓચીંતી મુલાકાત થઇ ગઇ હતી તે આપણે સારી રવેસે જાણ્યે છીયે.

શીરીનને જ્યારે થોડીક મીનીટ પછી ફરીથી શુદ્ધીમાં લાવવામાં આવી ત્યારે તેણે પોતાની આસપાસસઘળાંને બેઠેલાં દીઠાં. તે હરનફાડ થઈ આસપાસ જોવા લાગી, અને ઝોહરા પર તેની નજર પડતાં તે તેની પાસે દોડી.

"અરે, ઝોહરા, ઝોહરા," તે આંખમાં આંસુ લાવીને બોલી, "તું મને કેહે કે મારો એરચ હમણાં ક્યાં છે. અરે નહીં તો તેના વગર હું હવે જીવી શકીશ નહીં. તું જાણેચ તે છતાં મને શું કામ કેહેતી નથી."

"શીરીન બેહેન તું નકામી ધભરાત કરી મેલેચ." ઝોહરા તેને દીલાસો દેતાં બહુ ધીમે અવાજે બોલી, "તું ફીકર ના કર. તારો એરચ હૈયાત છે. ને ખોદાનું ચાહવું છે તો તે તુંને આખરે આવી મળશે. પણ તેને ઓચીંતો જોઇને રખે તું હરખથી દેવાની બની જાય યા રખે તારા મનપર કાંઈ નુકસાંનકારક અસર થાય તેથી બીહને મેં એને અહીંથી નહસાડયોચ. પણ ધાસ્તી ના રાખ, તે સહીસલામત છે, તેના બાળને હવે કશી અળવળ પુગનાર નથી."

"અરે ઝોહરા, ઝોહરા," શીરીન બહુજ ઉશ્કેરાયલી હાલતે બોલી ઉઠી, "તારા સખુનથી મને કેવી ધીરજ મળીચ! તેં મને આશા આપીને કેવી સુખી બનાવીચ! અરે અરે, હું એ તારાં બીનસ્વાર્થી કામ માટે તારો આભાર કદી ભુલનાર નથી, તારા બોલવાથી મને ઉપજેલો આ હરખ હું મારી જીંદગીના છેડા તુલીક વીસરનાર નથી! યા ખોદા આખરે તેં મારી અરજ સાંભળી! આખરે તેં મારી—" પણ શીરીન વધુ બોલી શકી નહીં. તેનું હૈયું ખુશાલીથી છળાછળ ભરાઇ આવ્યું, અને તે ખુશાલીથી દીવાની બની જઇ રડવા લાગી, અને થોડીક પળમાં તો ભોંય પર એક ઘેલીની માફક ફસડાઇ પડી, અને સઘળાની અજાયબી અને ધભરાત વચ્ચે પાછી બેશુદ્ધ થઇ ગઇ.

રૂસતીમશાહે તેની હાલત ચેતી જઇ જલદીથીજ તેને શુદ્ધીમાં આણવાના ઉપાય લેવા માંડયા. પણ તેમના ભારે ધભરાત વચ્ચે શીરીનતો એક મુરડાની માફક પડી રહી! સ-

ધળાં જણુ આવો દેખાવ જોઇ ઘણુંાંજ ધભરાયાં, અને હવે શું કરવું તે તેઓ સમજી શકયા નહીં!

એક પળ પણ ખોહવામાં મોટી ધાસ્તી સમાયલી હતી! રખે શીરીનપર કાંઇ તેટલામાં માથી અસર થઇ જાય અને તેનું પરીણુંામ કાંઇ આફતમાં આવે તે માટે હવે ઝોહરા વટીક ધભરાવા લાગી. રૂસતીમશાહે કોલનવોતર સુંધાડયું, કાંડો સુંગાડયો, તેને હીળવી જોઇ, પણ શીરીન કેમે કરી ચું કે ચાં કરે નહીં. તે દુખથી ઘેરાએલો બાપ પોતાની એકપુરી દીકરીની આવી હાલત જોઇ એકદમ રડી પડયો! પણુ જાંહગીરે તેમને ધીરજ આપી, શીરીનનો દમ હજુર ચાલતો હતો તેટલામાં કોઇ હુસ્યાર ડાકટરને તેડી લાવવા તે પોતે બાહર ગયો. હા, તે પળેપળ ભયભીત હતી!

રૂસતીમશાહને ખરાબમાં ખરાબ ધાસતી રાખવાની હતી! ડાકટર આવી પુગે તેટલો વખત તેઓ હાથમાં કોલનવાતર લઇ શીરીનને સુંધાડતા બેઠા, પણ ગુલ, ગુલાં અને શીરીનની આયા તેની આસપાસ ફરી વળ્યાં અને શીરીનને તેની બેભાન હાલતમાં ઉંચકી બાજુના એક પલંગ પર હલવેથી સુવાડી!

ઝોહરા તો બીચારી આવો ગોંકાવનારો મામલો જોઇ હેબતાઇજ ગઇ! તેનું દુઃખ, તાવ સઘળું હવામાં ઉડી ગયું અને સાવજની માફક તે પોતાના પલંગપર ઉઠી બેઠી.

પણુ થોડીજ મીનીતમાં જાંહગીર તેના ઘરનાંજ ડાકટર વાહડયા સાથે ત્યાં આવી લાગ્યો. સઘળાંને હવે ધીરજ આવી. ડાકટરે એક પળ પણુ ખોહયા વના શીરીનનો હાથ પકડયો અને તરતજ સઘળાંની ખુશાલી વચ્ચે કહી દીધું કે ધાસ્તી રાખવાનું કાંઇબી કારણુ હતું નહીં. ત્યાર બાદ તેણે ચોક્કસ ઇલાજો અજમાવી શીરીનને તેની બેહોશ હાલતમાંથી હુસ્યાર કરી.

"અરે હું કાંહ છું? મારો એરચ કાંહ છે?"

"ધીરજ ધર, મારી દીકરી, ધીરજ ધર," રૂસતીમશાહ તેને પોતાના પેટમાં ચાંપતાં બોલ્યા, "તું એમ ઉસ્કેરાઇ ના જાની તો. જો, બા, તેં અમુને કેવાં ધભરાવી નાંખ્યા."

પણુ ડાકટરે તરતજ શીરીનને તે ઓરડામાંથી બાહર લઇ જવાની અગત્યતા બાએ રૂસતીમશાહનું ધ્યાન ખેંચ્યું, અને વધુ વાર જો તે ઓરડામાં હવે તે રેહેશે તો કાંઇ ખરાબ પરીણુંામ નીપજવાનો સંભવ હતો એમ તેણે ગંભીરાઇથી જણુાવ્યું. અને તેની સલ્લાહપર અમલ કરી રૂસતીમશાહ પોતે તેની આયા સાથે તેને લઇને પાસેનાજ પોતાનાં નાદીર હૉલમાં ઉતાવળે ચાલી ગયા.

પ્રકરણ ૯૬ મું.

એરચનું ભેદી કામ—ઝોહરાનો વધુ ખુલાસો.

શીરીન પાછી અસલની માફક હુસ્યાર બની હતી તે ખબર બીજે દીવસ જાણીને ઝોહરાને ઘણી મોટી ધીરજ વળી. રૂસતીમશાહના ગયા બાદ જાંહગીરે ઝોહરાને તેનો હેવાલ આગળ ચલાવવાની અરજ કરી હતી, પણ તે વેળા તે શીરીન બાબે ભારે ચીંતામાં હતી માટે પોતાનું ધ્યાન ઠેકાણે રાખી શકી ન હોતી અને તેટલા માટે કોઇ બીજા દીવસ ઉપર તે મુલતવી રાખવાનો પોતાનો વીચાર જણાવ્યો હતો.

પણુ તેમ કરવાની તેને બીજેજ દીવસે ટક મળી ગઇ હતી. રૂસતીમશાહ પોતેજ તેને બંગલે આવ્યા હતા અને શીરીન માટે હવે ફીકર રાખવાનું કાંઈ કારણુ હતું નહીં એમ ઝોહરાને જણુાવ્યું હતું, અને ત્યાર પછી તેનો હેવાલ આગળ ચલાવવાની તેઓએ તેને

ફરમાસ કરી પણ તે વખતે જાંહગીર, ગુલ, ગુલાં, એ લોકો ત્યાં હાજર ન હતાં એટલે તેમને પોતાને બંગલે બોલાવી મંગાવવાનું ઓહરાએ વાજબી વીચાર્યું હતું, અને તેઓના આવ્યા પછીજ તેણે પોતાનો રસીલો હેવાલ નીચે મુજબ આગળ ચલાવ્યો હતોઃ—

"ગનુ માલી મને ત્યાં એકાએક આવી પુગેલી જોઇને બહુ ચોંકયો હતો. તમે જાણો છો તેમ મેં ત્યાં નવાબજાદા દેલાવરખાન તરીકે દેખાવ દીધો હતો. મને ત્યાં જોઇને ગનુ માલી ઘણોજ ઘભરાયો અને જે બનાવટી દાહડી ચેમ્યા તેણે નભરવસપણે બાજુએ મેળ્યા હતા તે ઉતાવળમાં પાછો તેની અસલ જગ્યાએ ગોઠવવા મંડી ગયો. મેં ત્યાર પછી તેને ધીરજ આપી, અને તેની ભારે અજાયબી વચ્ચે મેં તે કોણ હતો તે તેના કાનપર પડી તેને જ્યારે કહ્યું ત્યારે તે ઘણોજ ચોંકયો, અને મેં તેનું નામ કેમ જાણ્યું તે માટે તે ઘણોજ અજબ રહયો. પણ મને તેણે ઓળખી નહીં, અને તેટલા માટે તેણે મારી ઓળખ માંગી. પણ મેં પેહેલે તેની પાસથી મને જોઇનો ખુલાસો માંગ્યો જે આપવાની તેણે સાફ ના પાડી અને હું જ્યાં સુધી કોણ છું તે બીના તેની સન્મુખ ખુલ્લી ન કરૂં ત્યાં સુધી એક હરફ વટીક પણ ન ઓચરવાનો તેણે પોતાનો મક્કમ ઠેરાવ જાહેર કર્યો. મેં જોયું કે તેનો ઠેરાવ ફરી શકવાનો નથી, અને તેટલા માટે મેંજ મારે વીશેનો ખુલાસો પેહેલે કરવાનું દુરસ્ત વીચારયું, અને એક વેશધારી પુરૂષ તરીકે ફરવાની મારી મકસદથી તેને વાકેફ કર્યો, અને બીજી કેટલીક હકીકત જે મેં તમોને અત્યાર અગાઉની કહી છે તે પણ મેં તેને કહી. ત્યાર બાદ તેણે પોતાની જબાન ખોલી અને પોતાની હકીકત કેહેવી શરૂ કરી. નાદીર હૉલમાં ગનુ માલીના વેશે એક બહુ જોખમ ભર્યું કામ બજાવવા તે આવ્યો હતો અને તેના તે કામથી તેણે મને જ્યારે વાકેફ કરી ત્યારે પેસીની હદ બાહર લુચ્ચાઇ અને અધમ કર્પીનપણાં બાબે મને મોટો ધીક્કાર છુટયો. એરચે ત્યાર પછી મને કહ્યું કે તે ઝેરના ઉતારની ગોલી પોતાની સાથે લાવ્યો હતો, અને આજ દસ દીન સુધી તેણે જે દવા શીરીનને પાઇ હતી તેમાં તે ગોલી સીવાય બીજું કાંઇ પણ નહતું. તેણે વધુ એમ કહ્યું કે લુચ્ચો પેસી શીરીનને પણ બહુંજ છુપી રીતે ઝેરી દવા આપતો હતો. પણ શીરીનને તેની ખબર પડતી ન હતી. પણ તેની અસર તરતજ તેની યાને એરચ પાસેની ગોલી લીધાથી તુટી જતી હતી. હવેજ મેં જાણ્યું કે શીરીન એક બહુજ કીંમતી દવા લેતી હતી પણ આજ પાંચ દીવસ થયાં મેં તેને તેમ કરતી નાહકની પણ તદન અજાણપણે અટકાવી હતી. પણ હું શું જાણું? હું જાણું કે શીરીન રખે કાંઇ જોખમ ખેડતી હોય, અને તેથી બીહનેજ મેં તેને તેમ કરતી અટકાવી હતી. પણ હવે મેં મારી ગંભીર ભુલ એકદમ જોઇ લીધી. એરચની દવા ચાલુ રાખવાની કેટલી બધી અગત હતી તે મારી સનમુખ ખુલ્લું થઇ ગયું. એરચને મેં તે વાત કહી. પાંચ દીવસ થયા શીરીન તેની દવા કાં ન લેતી હતી તેનું મેં તેને કારણ સમજાવ્યું અને મારી અજાણપણે થયલી ગંભીર ભુલને માટે મેં મારી અત્યંત દલગીરી જણાવી, અને તેનું આ પર્માર્થી કામ મેં પોતે માથે લેવાની મારી ખાહેશ દેખાડી. પણ પેહેલાં તો એરચે આનાકાની કરી અને મારી ઉપર ઝટ વીશવાસ મેળવાની ઇચ્છા બતાવી નહીં, તે જોઇ મેં તેને ખાતરી આપી અને શીરીનની જીંદગી અને તેની તનદરોસ્તી બાબે મને પોતાને કેટલી બધી કાળજી હતી તેમજ પેસી સાથનાં કાવતરામાં સામેલ થઇને મેં તેને કેટલી બધી દુઃખી કીધી હતી અને તેને માટે મને કેટલો બધો પસતાવો લાગતો હતો અને તેનો ખંગ વાળી આપવા અને શીરીનને પાછી તેની સુખી હાલતે લાવવા હું કેટલી બધી આતુર હતી તે બધું મેં જ્યારે તેને વીગતવારે સમજાવ્યું અને તેના વીશવાસને હું સેવટ સુધી લાયક નીવડીશ એમ

અસરકારક શબ્દોમાં મેં જ્યારે તેને કહ્યું ત્યારે તે અંતે પીગળ્યો. શીરીન તરફ મારી દીલસોઝી કેટલી બધી હદ બાહર હતી તેનો ખરેખરો ખ્યાલ હવે તેને આવ્યો હોય એમ દેખાયું અને તેથી હું કાંઇ થોડી ખુશી થઇ નહીં. તેણે મારી ઉપર વીશ્વાસ મેળવાની કબુલાત આપી અને પોતાની પાસની ગોલીઓ તેણે મને બાખુશી સ્વાધીન કરી અને પોતે મારી ખાહેશ મુજબ તે ઝુંપડુ છોડી જવા તૈયાર થયો. પણ મેં તેને કાંઇ એમનો એમ મોકલ્યો નહીં. મેં તેને નાણાંની પુરતી રીતે મદદ કરી અને એક સારાં હોતેલમાં તે હાલ તુરત રહે એવી જોગવાઇ કરી આપી. પંદર દીવસ સુધી એવી રીતે તે હોતેલમાં રહયો અને—"

"પણ મને પુછવા દેઓ ઝોહરા" રૂસતીમશાહ વચ્ચે બોલી ઉઠયા, "કે હમણાં ત્યારે એરચ છે કયાં? શું તે હજુર સુધી હોતેલમાંજ છે?"

"તમે ધીરજ ધરો, રૂસતીમ શેઠ" ઝોહરા હવે બહુજ ધીમે સાદે બોલી, "હવે હું તેજ ભાગ તરફ આવુંચ. એરચ પંદર દીવસ સુધી હોતેલમાં રહયો, પણ એક દીવસ જ્યારે હું તેને મળવા ગઇ ત્યારે તે હોતેલની જીંદગીથી કંતાળી ગયો હતો અને પોતાની શીરીનને મળવા બહુજ આતુર હતો એમ તેણે મને કહ્યું. પણ મેં તેને ધીરજ આપી, અને હજુર થોડાક દીવસ સુધી થોભવા જણાવ્યું. ત્યાર બાદ, હું શીરીનને ગોલી આપવાનું કામ ફતેહમંદીથી ચલાઉંચ કે નહીં તે વીશે તેણે મારી પાસેથી તેહકીક કરી અને મેં તેને ભારે ખુશાલી વચ્ચે કહ્યું કે પેસીનું કાંઈ બી વળતું નહતું અને શીરીન તો અસલની માફક કૌતમંદ થતી જતી હતી. તે સાંભળી તે ઘણોજ આનંદ પામ્યો, અને મારી મેહેનત માટે મને હજારો હજાર શાબાસી આપી. અને તમોએ જાણવું જોઇએ કે હું દરરોજ શીરીનને તે દવા આપતી હતી. શીરીને પોતે મારી પાસે કાંઇ તાકાત આપનારી દવા માગી હતી અને તેની ખાહેશ મુજબ હું જે દવા તેને આપતી હતી તે પેલી ઝેરના ઉતારની ગોલીજ હતી. શીરીન એ દવા રોજ મારી પાસેથી લેતી હતી અને તેથી તેની નાકૌતી નાબુદ થતી હતી એમ સંતોશથી અને કહેતી હતી. માત્ર પાંચ દીવસજ તે અમારી દવા વગર રહી હતી કે જે દરમ્યાન તેને લુચ્ચા પેસીની દવા સારાં ભાગ્યે મળી નહતી, અને જો મળી પણ હોત તો તેથી શીરીનને કાંઇ ઝાહઝું નુકશાન થતે નહીં.

મારી તે મુલાકાત દરમ્યાન મેં એરચને મુંબઈ શેહેર તેની તબીયતના સુધારા અર્થે છોડી જવાની ભલામણ કરી, કારણ કે તમારે જાણવું જોઇએ કે તે વખતે તેનો હાલ બહુજ લઠડી ગયો હતો. તેટલા માટે તે અસલના જેવો તાજો માજો થઇનેજ શીરીનને આવી મળે તો તેમાં બહુ મોટો ફાયદો હતો એમ મને લાગ્યું અને તેજ વખતે તેને મારી તેવી ખાહેશ બતાવી. પણ શીરીનથી કોઈ બી કારણસર હવે તો દુર નહીં થવું એમ જ્યારે તેણે મને જણાવ્યું ત્યારે હું લગાર દલગીર થઇ, અને તેની તબીયત સુધારવાની કેટલી બધી અગત હતી તે બાબે મેં તેનું ધ્યાન ખેંચીને જ્યારે સમજાવ્યું કે તેનો ગળાયલો હાલ જોઇને શીરીનનાં મનપર કેવી અસર થશે ત્યારેજ તે ચેત્યો અને બનતી ઉતાવળે મારી સલ્લાહપર અમલ કરવાની તેણે ખુશી દેખાડી તેથી મને પુર સંતોષ મળ્યો. અને તાબડતોબ વેલાત ઉપડી જવાની મેં તેને ભળામણ કરી. પણ તે સાંભળીને તે ઘણોજ અજબ થયો, અને ત્યાં સુધી તો તે આવી હાલત વચ્ચે નહીં જઇ શકશે એમ બોલ્યો પણ મેં તેને નાણાંની જોગવાઇ કરી આપવાની કબુલાત આપી પણ મારી એવી રીતની માંગણી સ્વીકારવાને તેણે ના પાડી પણ અંતે મારી ઓહસ આગળ તેનું ચાલ્યું નહીં, અને બીજેજ મેલે તે વેલાત ખાતે ઉપડી ગયો. ત્યાર પછી લગભગ ત્રણ મહીના પસાર થઇ જવા પામ્યાં છે, અને તે દરમ્યાન તેના અને મારા વચ્ચે થોડાક પત્ર વેહેવાર ચાલ્યો છે, અને હવે તમારે જાણવું કે તે હજુર સુધી વેલાતમાંજ છે અને હવે થોડા વખતમાં તે તમોને આવી મળશે."

પ્રકરણ ૯૭ મું.

ઝેરી ગોલીનો અજબ ભેદ.

બીજે દીવસ જે વેળા શીરીનબી હાજર હતી ત્યારે ઝોહરા પોતાનો હેવાલ આગળ ચલાવતાં બોલી, "હવે મારે કાંઇ ઘણું કહેવું નથી. ગઇ કાલે મેં તમોને કહ્યું તેમ એરચ હવે તદન સહીસલામત છે. અરે પણ રૂસતીમ શેઠ, એરચ કેવો આદમી છે? તે ખરો આશક, છેલ્લે સુધી વફાદાર, પોતાના વચનને સેવટ સુધી વળગી રેહનારો ઉમદા દીલ ધરાવનારો એક નમુનેદાર જવાન છે. હું બીજું શું કેહું! એ તો જે એના સંબંધમાં આવે તેજ જાણે. એણે, તમે જોયું તેમ તમારી શીરીનની જીંદગી બાબે ઘણું કર્યું છે. તે કામ માટે એણે મરવાની પણ દરકાર કરી નહીં, અને જો ચોક્કસ બનાવો ન બન્યા હોત તો આજે તો એ બીચારો કોણ જાણે કયાં હોતે. તે ઝેરના ઉતારની દવા લેવા માટે એરચને કેટલું ખમવું પડયું છે તેનો આટલાથીજ તમોને ખ્યાલ આવશે કે એક વખત તો તે એક પાપી આસામીની ખુની છરીનો ભોગ થતો સેહેજમાં બચી ગીગો કે જેના નાપાક ઘરમાં તેને પોતાનો પગ મેલવો પડયો હતો."

ઝોહરા અંહીં થોડોક વખત થોભી, તે હવે તદન નબળી પડી ગઇ હતી, અને તે બોલતી હતી તે પણ બહુજ ધીમેથી.

"પણ ઝોહરા, તેં અમોને તે હેવાલ કહયો નહીં. એરચને પેસીની લુચ્ચાઇની કેમ ખબર પડી તે તો અમે કાંઈ જાણતાં નથી." રૂસતીમશાહ ઝોહરાની ચુપકીડી દરમ્યાન બોલ્યા.

"હું હવે તેજ ભાગ તરફ આવુંચ કે જેની અંદર એરચને શું શું ખમવું પડયુંચ તેનું બ્યાન આવશે." ઝોહરા બોલી, અને થોડીક પળ થોભ્યા બાદ પાછું ચલાવ્યું.

"એક સાંહજે એરચ જયારે લાહોરખાતેના પોતાના હોટેલની બારીએ ઉભો હતો ત્યારે તેની નજર પેસીપર એકાએક પડી. લાહોર વેર તે લુચ્ચાને શું કામસર આવવું પડયું હશે તે એરચ પેહેલાં સમજી શકયો નહીં એટલે તેની પુઠ પકડવાનો ઠેરાવ કરીને હોટેલની બાહાર પડયો. ટુંકમાં એરચે પેસીની મતલબ જાણી લીધી. તેની પાપી મતલબ પોતાનાજ મામાની એક પુરી દીકરીને દુન્યાંથી દુર કરવાની જાણી એરચને ઘણું લાગ્યું અને તેની એવી મકસદમાં તેને નહીં ફાવવા દેવાનો તેણે મક્કમ વીચાર કર્યો. અને આખરે તેણે તેમ કર્યું છે. તમે કદાચ જાણતા હશો કે ચોક્કસ જાતની એવી ગોલીઓ આવેચ કે જે પાણીમાં નાખતાંજ વાર ઝટ પીગળી જાયચ, અને એક માણસને તે લાગત આપ્યાથી તે ધીરે ધીરે તવાતું જાયચ ને આખરે માર્ગ લાગેચ. તે વખતે દાકતરો પણ ખરો ભેદ પારખી નથી શકતા. હવે પેસીએ એવી ગોલી એક ચોક્કસ બુઢી પાસે મેળવી ખરી પણ તરતજ એરચે એક બીજી હીકમત વાપરી." અને અંહી ઝોહરાએ એરચે પેલી બુઢી સકીનાબુ પાસેથી ઝેરના ઉતારની બીજી ગોલીઓ કેવા જોખમો વચ્ચે મેળવી હતી તેનું વીસ્તારીને બ્યાન કર્યું. ત્યારબાદ તે પેલી ખુનવાલી બાબદ ઉપર આવી અને ચોક્કસ સંજોગો બનવાથી તેને (એરચને) શકપરથી કેવો પકડવામાં આવ્યો હતો, તે રાતનો ભરમ કોર્ટ સન્મુખ નહીં ખોલવાની તેણે કેવી ઓહંસ કરી હતી તે ઉપરાંત ખુનને લગતી સઘળી બારીકે બારીક વીગતથી તેણે સઘળાંઓને વાકેફ કર્યાં. કે જે ખબરોથી ગનુ માલી ઉરફે એરચે ઝોહરાને વાકેફ કરી હતી.

"ત્યારે એ એરચ નાદીરશાહ એજ કે?" રૂસતીમશાહ અજાયબીથી પુકારી ઉઠયા, "હું આજ કેટલાક દીવસ થયા બાહર ગામના પેપરોમાં ખુનના વાંક માટે એક પારસી સંડાવાયલો હતો એવું વાંચતો હતો ખરો પણ તેના નામપરથી મને જરાકબી શક ગયો નહીં કે તે એજ એરચ હોવો જોઇયે. અરે ખોદા, એ જો નીંદોશ માર્યો ગયો હોતે અને ત્યાર પછી એની બધી વાતો ખુલ્લી થઇ

હોતે તો મારી બેટીનું શું થતે તે હું કલ્પી-વટીક શકતો નથી. અરે પણ તેની સાથે મારૂંબી શું થતે? શું હું એરચને મુવેલો જોઇને સુખી રેહેતે? લુચ્ચા પેસીએ તેને તરેહવાર કાવતરાંનો ભોગ કર્યો અને અંતે મને પણ એ કર્પીન નહવારીને તો ગયો તે બધાં દુઃખ પછી શું હું તકી શકતે?"

"તમે ઉશકેરાઇ ના જાઓ, રૂસતીમ શેઠ." ઝોહરા બોલી, "એ બધો કીસમતનો કેહેર તમારા કુટુંબપર ઉતરયોચ પણ તે છતાંબી તમોને હવે ધાસ્તી રાખવાનું કારણ નથી. સબબ કે એરચ હવે સહી સલામત છે. તે નીર્દોશ માર્યો ગયો નથી. અને તેટલામાટે તમે કે તમારી દીકરી હવે દુઃખી થવાનાં નથી, જેમ શરીનબાઇની મેં ખાતરી કરી આપીચ કે લુચ્ચા પેસીએજ મને સમજાવીને તેની (શીરીનની) પાસે મોકલી હતી તેજ પ્રમાણે મેં એરચને પણ ખુલાસો કર્યો છે કે શીરીન એક સાવચેતીથી અને ટક સાંધીને રચેલાં કાવતરાનો ભોગ થઈ પડી હતી. તેને સંજોગો તેવાજ મળ્યા હતા, અને તેટલા દફીજ તે એરચપર શક લઇ ગઇ હતી, કે જેવો દાખલો શીરીનબાઇના બાબમાં કાંઈ નવો નથી. કારણ કે આખી સ્ત્રી જાતમાં એવી રીતની, વીચીત્ર કહોકે નુકસાનકારક કહો, ગમે તે કહો, પણ તેવી ખાસ્યત હંમેશાં મળી આવે છે. હવે એવી રીતે, હું મારા મનમાં થોડોક સધ્યારો લેવાની હીંમત કરૂંચ કે જે કાવતરામાં મેં ભાગ લીધો હતો તેનો બદલો બીજી રીતે વાળી આપવામાં હું ખુદાનીજ માત્ર મદદથી શકતીવાન થઇ છું. આશક માશુક વચ્ચેનો અંતર દુર કરયાની મારી કોશેશ અંતે સફળ નીવડી છે તે જોઇને મને મરતી વખતે કાંઇ જેવી તેવી ખુશાલી લાગતી નથી. હવે મારે એક અરજ તમો રૂસતીમ શેઠ પાસેથી ચાહવાની છે કે જે કબુલ કર્યાથી તમે મને બેહદ ઉપકારી કરશો."

"બોલ ઝોહરા, કાંઇ નહીં, જે હોય તે કહી દે" રૂસતીમશાહ બોલ્યા.

"હું તમો શેઠ પાસેથી એટલુંજ માંગી લઉછું કે જે પાપી કર્મ મેં મારી જીંદગી દરમ્યાન કર્યું છે અને જેનો પુરતો પસ્તાવો મેં કર્યો છે તે માટે તમોએ મને તમારી સંપુર્ણ માફી બખશવી. તે સીવાય હું તમારી પાસેથી બીજું કાંઇબી ચાહી શકતી નથી."

"અરે પણ તેં કાંઇ અમારી પર થોડો ઉપકાર કીધોચ કે વરી મારી માફી ચાહેચ? પણ લે, તે કરતાં જ્યારે તારી મરજીજ છે તો મારાં ખરાં અંતકરણથી હું તુને માફ કરૂં છું કે જોકે તે માટે તેં પુરતો કરતાંબી વધારે પસ્તાવો કર્યો છે."

"હવે હું સુખથીજ મરીશ." ઝોહરા આંખમાં આંસુ લાવીને બોલી, "મને શીરીનબાઇએ તો અત્યાર અગાઉની માફી બખશી છે, અને તેમાં તમે વધારો કીધાથી મને કાંઇ જેવી તેવી ખુશાલી લાગતી નથી. ખરેખર, હવે મને મોતનો દેવ ડરામણો લાગતો નથી. મરરવાની મને હવે જરાકબી ધાસ્તી નથી ખોદાને બાર જવા માટે હવે હું ખડે પગે તૈયાર છું. પણ તે અગાઉ હજુર તમારે થોડુંક જાણવાનું છે જે તમો સન્મુખ ખુલ્લું કર્યા પછીજ હું મરીશ." એટલું બોલી ઝોહરા જરાક દમ લેવા લાગી.

પ્રકરણ ૯૮ મું.

ફ્રાંસ ખાતે એરચે મેળવેલી એક પોતાને લાભકારક બાતમી.

છેલ્લા પ્રકરણમાં ઝોહરાને આપણે છોડી આવ્યાં તેની બરાબર પંદર દીવસ અગાઉ નીચલો બનાવ બન્યો હતો, જેનું બ્યાંન વાંચનારની વાકેફગારી માટે અહીં કર્યા પછી ઝોહરાનો હેવાલ અમે પુરો કરીશું.

મુંબઇ ખાતે જ્યારે નાખુશ અને દુઃખ

બધાં બનાવો બનતા હતા ત્યારે એરચ નભરવસપણે યુરોપમાં મુસાફરી કરતો હતો. તેના મુંબઇથી ઉપડી ગયાને લગભગ ચાર મહીના પસાર થઇ ગયા હતા. અને તેટલા માટે તે પોતાને સ્વદેશ પાછો ફરવાની પુર ઉલતમાં હતો, પણ ઝોહરાએ તેને હજુર સુધી અટકાવી રાખ્યો હતો. તો જોકે તે તો પોતાના દરેક પત્રમાં મુંબઈ આવવાની ઇચ્છા હમેશાં બતાવતો હતો, અને પોતાની પ્યારી શીરીનને મળવા માટે કેટલો બધો તલબગાર હતો તે તે જણાવતો હતો.

પેહેલવેહેલાં તો એરચે ઇંગલાંડ અને સ્કોટલેંડનીજ ભેટ લીધી હતી પણ ત્યાર બાદ તે બીજા દેશની મુસાફરીએ નીકળ્યો હતો. નાણાં સંબંધી ફીકર રાખવાનું કારણ તેને મુદલજ હતું નહી, કારણ કે તે તો તેની ઉપર નીયમસર રવાના કરવામાં આવતાં હતાં, અને તેટલા માટે તે એક તવંગર વેપારીના દીકરા તરીકે સઘળે ઠેકાણે પુર જાહોજલાલીથી ફરતો હતો. મુંબઇમાં બનતા બનાવોની તેને વખતો વખત ખબર મળતી રેહેતી હતી અને પેસીની પછવાડે એક ભુત પણ લાગ્યો હતો, તે ભુત કોણનો હતો, તેને શું કામ હેરાન કરતો હતો તેથી તે પુરતી રીતે વાકેફ થયો હતો. પેસી માટે હવે જો કે એરચને જરાક બી સારી લાગણી નહોતી તોપણ પેસીની આવી હાલત માટે તેને દયા ઉપજતી હતી.

એરચ હમણાં ફ્રાંસ ખાતે મુસાફરી કરતો હતો અને તે દરમ્યાન તે ત્યાંનાં એક જાણીતાં હોટેલમાં ઉતરયો હતો. હોટેલમાં તેને એક આબરૂદાર પારસીના કુટુંબ સાથે સારી મીત્રચારી બાઝી. જમશેદજી નાદીરશાહ નામના એકાદ પારસી વેપારીએ પોતાના નાના કુટુંબ સહીત એરચના આવ્યા બાદ થોડેજ દીવસે તે હોટેલમાં ઉતારો લીધો હતો. તેમનું કુટુંબ બહુજ નાનું હતું. તેઓ પોતે, તેઓના મીસીસ નામે ધનબાઈ અને તેઓની એક અતી નોજુવાન ખુબસુરત બેટી મીસ પરી ચેહેર મળીને તેમનું કુટુંબ બન્યું હતું. એરચને તેઓ સાથે થોડાજ દીવસમાં ઘાડો સંબંધ પડી ગયો અને એરચની રીતભાંત અને અદબઅદાથી તેઓ બહુ ખુશ થઈ ગયાં.

એક દીવસ એરચ હોટેલમાં જમશેદજીનાજ ઓરડામાં સઘળાં સાથે ખુશ ટોલટપ્પા કરતો બેઠો હતો તેવામાં ટપાલના સીપાઇએ તેને નામનું એક કાગળ તેને લાવી આપ્યું. એરચે તરતજ તે ઉખેડીને વાંચવા માંડયું. નવાબજાદા દેલાવરખાનની સહી સાથનું તે કાગળ હતું અને તેવાં કાગળ તો તેને દર મેલે મળતાં હતાં. પણ હમણાંના કાગળની બીના વાંચ્યાથી એરચના હોંસ ઉડી ગયલા દેખાયા. આ કાગળમાં તેણે એક અત્યંત નાખુશ ખબર વાંચી હોય એમ તેની દલગીરી પરથી સાફ માલમ પડી આવ્યું. એરચના મોંહડાં ઉપરનો આવો ફેરફાર જોઇ જમશેદજી તેમજ તેમના ધણીઆણી અને દીકરી બહુ અજબ થયાં, અને તેનું કારણ હજુર તો જમશેદજી પોતે પુછવા જતા હતા તેવામાં એરચજ પોતાના ધ્યાનમાં ને ધ્યાનમાં મોટે સાદે બોલી ઉઠયો.

"અરે હું કેવો કમબખત! મેં એમને કેમ નહીં ચેતાવ્યા? હું છતો મુંબઇ ગયો ને એ વાત તો ભુલીજ ગયો!"

"શુ છે, બા?" ધનબાઇએ અજબ થઇ પુછ્યું. પણ એરચ તો પોતાના દલગીરી ભર્યા વીચારમાં એટલી તો હદ સુધી રોકાઈ ગયલો દીસ્યો કે તેણે કાંઈ એ સવાલ સાંભળ્યો હોય એમ દેખાયું નહીં; કારણ કે તેનો જવાબ આપ્યા વના તે પાછો બોલવા લાગ્યો.

"અરે ખોદા, હું જાણતો હતો તે છતાં હું તે અટકાવી શકયો નહીં. અપાર મેહેરબાનીનો થોડોકબી બદલો વાળવાનો જ્યારે પ્રસંગ હતો તે મેં કમભાગ્યે ગુમાવી દીધો! કીસમત મારૂં કે મને તેમ સુજયું નહીં!"

"શું છે બા, જરા અમારી તરફ જોઇને બોલો તો ખરા કે છે શું? કાંઈ ખરાબ ખબર તો નથી?" ધનબાઇએ બીજીવાર એરચનું ધ્યાન વધારે સારી રીતે ખેંચાય એવી ઢબે પુછ્યું.

અને તેની એરચપર ઝટ અસર થયલી માલમ પડી કારણ કે તે પોતાની બેખબરીમાંથી બેદાર થયો હોય તેમ તેને પોતાની આસપાસ બેઠેલાંઓનું ભાન થયું, અને તે બોલ્યો,

"માફ કરજો હું, પણ આ કાગળમાંની ખબર વાંચીને હું ઘણોજ દલગીર થયોચ ને તેથી મને તમારા લોકનું તો જાણે ભાનજ નહીં રહ્યું."

"પણ ત્યારે તમે હવે કહો તો ખરાકે એ કાગળમાં એવું તે શું લખયુંચ કે જેથી તમે ભાનથી બેભાન વટીક થઈ ગયા." હવે પરીચેહર બોલી.

"તે હું તમોને કહું." એરચ બહુ નાખુશ ઢબે બોલ્યો, "મુંબઈની એકાદ સારી વેપારી પેઢી ભાંગી પડવાની મને આ કાગળ મારફતે ખબર પડી છે."

"કોણુની પેહેરી, બા?" ધનબાઇએ કાંઇક આતુરતાથી પુછ્યું.

"એક કોઈ મોટી પારસી વેપારી પેઢી."

"કોણુની? પારસીની? અરે, અરે" પરી ચેહેર દયા ખાતી ઢબે બોલી.

"તે કેમ, તારે મનસે તે પારસીની પેહેઢી તે કાંઇ ભાંગે નહીં કે, દીકરી?" જમશેદજીએ પુછ્યું.

"નહીંરે બાવાજી, એમ નહીં. પણ એ બીચારાનાં અટલગનાં સગાંવાહળાંઓને કેવું લાગતું હશે તેથી હું તો દલગીર થાઉંચ."

"પણ વારૂં બા, તમે હવે અમોને કેહેશો કે તે પેહેઢી ભાગી તેમાં તમે એટલા બધા દલગીર શાના થઇ ગયા?" જમશેદજીએ પુછ્યું.

"તેનું કારણુ એ કે તેમ જાણ્યાં છતાં હું અટકાવી શકયો નહીં, મને અગાઉથીજ કાંઇ એવી ખબર મળી હતી કે તે પેઢીમાં કેટલોક ઘોંટાળો ચાલતો હતો, તે છતાં હું નભરવસ રહ્યો અને બેફામ બન્યો."

"પણુ બા, ત્યારે તમોને એની સાથે કાંઇ લેણુદેણુ છે કે!" ધનબાઇએ પુછ્યું.

"તેવું તો કાંઇ નહીં." એરચ જવાબ આપતાં બોલ્યો, "પણુ એ પેઢીના શેઠ રૂસતીમશાહ સાથે મને અગાઉ ઘણો સંબંધ હતો."

"ત્યારે તો તે લોક તમારાં કાંઇ સગાં હોસે, કેમ?" પરી ચેહેરે ભારે આતુરતાથી પુછ્યું.

"નહીં, બેન પરીચેહેર, સગાં તો કોઈ નહી પણુ—" એરચ વધુ બોલતો અટકી ગયો જે જોઈ ધનબાઇએ એકદમ પુછ્યું.

"પણુ શું, બા?"

"નહી જે, રૂસતીમશાહને મારી સાથે ફકત ઓળખાણુ છે. હું એમને ત્યાં લાંબો વખત રહેલો હતો."

"પણુ વારૂ, એરચ બા, તમે એ રૂસતીશાહનું આખું નામ નહીં કહ્યું." જમશેદજી બોલ્યા.

"લેઓની હું તમોને કહું. રૂસતીમશાહ નાદીરશાહ હીરા—"

એરચને આગળ બોલતો અટકાવી જમશેદજી એકાએક બોલી ઉઠયા "કોણુની? એ તમે શું કહોચ?"

"રૂસતીમશાહ હીરામાણેકની." એરચ ફરીથી બોલ્યો.

"બાવાજી, એ એવણુ શું બોલેચ?" પરીચેહેર અજાયબીથી ગરકાવ થઇ જઇ બોલી.

એરચને હવે જોઇ લેતાં વાર ન લાગી કે આ લોક રૂસતીમશાહની કોઇ પીછાણુનાં હતાં.

"ત્યારે તમે લોક શું એ રૂસતીમશાહને ઓળખોછો?" એરચે પુછ્યું.

"હા. પણુ વારૂ, હમણાં એ રૂસતીમશાહ કયાં રહે છે?" ધનબાઇએ પુછ્યું.

"એઓ વાલેકેશ્વર નાદીર હૉલમાં રહે છે." સઘળાંની બેહદ અજાયબી વચ્ચે એરચ બોલ્યો.

"નાદીર હૉલ. રૂસતીમશાહ હીરામાણેક!" ધનબાઇ એકદમ બોલી ઉઠયાં.

"શું ત્યારે એવણુની પેઢી ડુબી?" જમશેદજી બોલ્યા.

"હા સાહેબ, પેઢીમાં એમની બેહેનનાં છોકરાને સઘળો કારભાર સોંપવામાં આવ્યો હતો, અને તેજ ઘોંટાળો વાળીને કેડે ચાલી ગીયો."

"શું એવણની બેનનોજ છોકરો ?" પરીચેહેરે પુછ્યું.

"ત્યારે તો હમણાં એ બીચારાને કેવું દુ:ખ લાગતું હશે."

"ત્યારે તો તમે ખરેખર એ લોકની ઓળખાણનાંજ લાગોછો. પણ અજબ છે કે તે મેં નહીં જાણ્યું."

"પણ તમે જાણો ક્યાંથી ? મને તો ચોક્કસ સબબોસર મારૂં બાપીકું ઘર છોડવાની ફરજ પડી હતી. હું મારા પીતાથી જુદો પડયો. નાદીર હૉલ તેજ મારૂં બાપીકું મકાનને રૂશતીમશાહ તે મારા સગા ભાઇ!" જમશેદજીએ તો હવે એરચને અચરત કરી મેલ્યો.

"શું તમે રૂસતીમશાહના ભાઇ ?"

"હા એરચ બા, રૂસતીમશાહજ મારો ભાઇ પણ તમે એટલા અજબ શાના થાઓચ ?"

"પણ આ પછીથી કાંઇ અમે સુખી નહીં થયાં જો." હવે ધનબાઇ બોલ્યાં, "પૈસા ટકાનું ગમે તેવુંબી સુખ અમોને મળ્યું તોપણ એક દુ:ખ અમારે મનથી હદ વગરનું થઈ પડયું. મારો પેહેલો બાળક છોકરો કોઇ ચોરી ગયું તે માટે અમે ઘણીબી તલાસ કરાવી પણ કાંઇ વળ્યું નહીં. પછી ખોદાની બખશેશથી અમારે ત્યાં આ અમારી લાડકી આવી. પણ આ ત્રણ વરસની વાત ઉપર અમોને ખબર મળી કે અમારૂં બાળક કોણ છીનવી લઈ ગયું હતું. તે એક ઓરત હતી. અને તેને જમશેદજીની સાથેજ પરણાવવાની હતી, પણ જમશેદજીએ તેનો હાથ કબુલ ન કર્યો એટલે તેણે મનમાં કપટ રાખ્યું હતું, અને તેનું વેર આવી રીતે લીધું હતું. મરતી વખતે તેણે અમોને બોલાવ્યાં ને પોતાના પાપનો ખુલ્લો એકરાર કર્યો ને અમારી માફી ચાહી. અમે આવી હાલત વચ્ચે શું કર્યે ? અમે તેને માફ કીધું; અને ત્યાર પછી થોડેક દીવસે તો તે મરણ પામી. તે વાતને લગભગ આજે બાવીસ વરસ થવા આયાંચ. હવે અમારાં બાળકને અમે ક્યાં શોધવા જઇએ ? પણ મને એટલી ચોકસ ખબર છે કે એ મારા કમનસીબ છોકરાના જમના હાથ ઉપર ખભાની જરા નીચે એક લાંબો કસબી બાળ છે, અને તે—"

"શું ? આ તો અજબ જેવો ખુલાસો, ત્યારે મારી સામે હું કોણને બેઠેલાં જોઉંચ ?" એરચ અજાયબીથી અકીત થઇ પુકારી ઉઠયો અને તુરતજ સઘળાંની ભારે અજાયબી વચ્ચે પોતાનો થોડોક પેહેરવેશ શરીરપરથી ઉતારી પોતાનો જમનો હાથ ઉગાડો કરી તેઓ સન્મુખ ધરીને ઉભો !

પ્રકરણ ૯૯ મું.

ઝોહરાના મરતી વખતનાં છેલ્લા શબ્દો, એરચ અને શીરીનનો લાંબે વખતે થયલો હરખભર્યો મેલાપ.

હવે આપણે ઝોહરા તરફ પાછાં ફર્યે. ૯૭ માં પ્રકરણને છેડે આપણે જોઇ આવ્યાં કે રૂસતીમશાહે તેને માફી બખશી હતી, અને તેથી તેના મનને પુરતી નીરાંત વળી હતી. પણ પોતે મરવા અગાઉ પોતાનો ખુલાસો પુરો કરવાની હતી તે પણ આપણે જાણ્યે છીયે.

"હવે હું પેશીની બાબદપર આવીશ." ઝોહરા બોલી, "તમારે જાણવું કે એ લુચ્ચા પર મેં મારો કીનો બહુજ મજબુતાઇથી લીધો છે. તેની સઘળી ઉમેદો ધુળ બરાબર મળી ગઇ છે, અને તેના પાપની તેને બહુજ લાયક શીક્ષા મળી છે. મેં તેને બહુજ દુ:ખી અને બેચેન બનાવી દીધો હતો, અને હું જ્યારે તમોને કહીશ કે એક ભુત થઇને હું તેની પુઠે લાગેલી ત્યારે તમે ઘણાં અજબ થશો. મેં તેને અવારનવાર બીહવાડવાનું ચાલુ રાખ્યું

હતું. જે પોષાકમાં તેણે મને પકડી જે દરયામાં હોમાવી દીધી હતી તેજ પોષાકમાં હું તેની સામે જઇને ઉભી રેહેતી. હું વખતો વખત તમારા બંગલાનાં કંમપાંઉડમાં રાતની વેળા છુપી રીતે દાખલ થતી હતી ને પેસીના ઓરડાની બારી આગળ ઉભી રેહેતી તો કોઇ વખત તેને બાગમાં સામે જઇ મળતી. કોઈ વખત હું મારા હાથમાં મારી બેટી લૈલા તરીકે એક બનાવટી આકારને ઓઢાડી પોઢાડી સાથે લઈ જતી હતી ને કોઇ વખત તો ફાંસીના માંચડાનો એક નાનો આકાર તેની સામે ધરીને તેને બીધરાવતી. તે તો મને દરયામાં મુવેલી ધારતો એટલે મને એક ભુત સીવાય બીજું શું લેખી શકે ? જેમ જેમ એ મારાથી અને મારા બનાવટી આકારોથી બીહતો હતો તેમ તેમ હું ઘણી ખુશી થતી હતી ને તેની સામે હસ્યા કરતી. તે એવી રીતે છેલ્લે છેલ્લે ઘણો દુઃખી થઇ ગયો હતો. અને જ્યારે મેં જોયું કે એ પુરતો દુઃખી થઇ ચુકોચ ત્યારે એને અહીંથી નહસાડવાનો વીચાર કરી તેને તે કરતાંબી વધારે દુઃખી કરવાનો ઠેરાવ કર્યો. એનો એક છુપો ભેદ મને ખબર હતો. મારા ભાઇ સાથે મળી જઇને એક મારવાડીને એણે માંટુગાની એકાદ એકાંત જગ્યામાં ઠાર કર્યો હતો અને તે વાત મને મારા ભાઇએ એક વાર અજાણપણે કહી દીધી હતી. હવે મેં પોતેજ એ લોકની ટોલીમાં જુઠી ખબર ફેલાવી કે તેઓના બે ચોક્કસ ગોઠયાનું ભોપાલું બાહર પડવાની તૈયારીમાં હતું. માટે તેઓએ હવે આ શેહેર છોડી જવામાંજ ડહાપણ વીચારવું. અને આએ ખબરની ધારેલીજ અસર થઇ. પેસીના ધભરાતનો પાર ન રહયો, તે બીહને બાહર આવજાવ ન કરતો હતો, ને તેમાં વરી રાતે હું તેને ફાંસીની યાદ આપી પુરો ભડકાવતી. પણ આવા ધભરાત વચ્ચે તે રહી શકયો નહીં, ટુંકમાં તે ભુતથી અને પોલીસની બીહકથી ધ્રુજીને આખરે મુંબઇ છોડી ગયો અને એવી રીતે મેં મારો કીનો પુરતી રીતે લીધો છે.

"શીરીન, હવે તુંને ધાસ્તી રાખવાનું કાંઇબી કારણ નથી. એરચ તારે માટે તદન સહીસલામત છે. મેં મારી જીંદગીમાં જે ભુલો કરીછે તે માટે હું પુરતી રીતે પસ્તાઇ છું. તેમાં વળી તમે લોકોએ મને ખરાં અંતઃકરણની માફી બખશીને મને તદન સુખી બનાવી છે. અરે પણ જુઓ કોઇ બાહર બારણું ઠોકેચ. કદાચ કોઇ આવ્યું હશે."

આ ઉપરથી જાંહગીર ઉઠયો ને બારણું ઉગાડવા ગયો, પણ બારણું ઉગાડતાંને વાર તે કોઇને ત્યાં ઉભેલું જોઈ ચોંકયો ! પણ બીજીજ પળે તે શખસને ભેટી પડયો અને તેને અંદર લઈ બારણું બંધ કર્યું.

"અરે પણ અમારી ઉપર કાંઈ કાગળ તો લખતે." જાંહગીર તે શખસને ઠપકો દેતાં બોલ્યો, અને ત્યાર પછી તેઓ ઓહરાના ઓરડામાં આવી લાગ્યા.

પણ અરે વાંચનાર, એ એકાએક શું થઈ ગયું ? તે શખસપર શીરીનની નજર પડતાંજ લાગલી તે પોતાની બેઠકપરથી ઉઠી તેની તરફ દોડી ગઈ, અને એક દેવાનીની માફક તેને વળગી પડી બોલી.

"હા, એ કોણ ? અરે એ તો મારો એરચ !"

રૂસતીમશાહ, ગુલ, ઓહરા, ગુલાં, વગેરે આ ચમત્કારીક દેખાવ જોઇ અજાયબીથી ગરકાવ થઈ ગયાં. એરચની હાજરીની આ વખતે કોઇએ વકી ન રાખી હતી અને આ તેણે વકીથી ઉલતો દેખાવ કરી સઘળાંને ખુશાલીથી દેવાના બનાવી દીધા હતાં.

"હા, મારી જાન, મારી દીલબર, મારી પ્યારી શીરીન, હુંજ, હુંજ, તારો એરચ તું ધભરા ના, હવે હું તારીથી છુટો પડીશ નહીં." એરચ સઘળાંના દેખતાં પોતાની પ્રીયાંને પેટમાં ચાંપતાં બોલ્યો.

"હા, મારા એરચ ! હું કેવી અભાગણી ! અરે ખોદા હું કેવી પાપી બની કે એના જેવાને મેં ગેરઇનસાફ કર્યો ? પણ કાંઇ નહીં ! અંતે તું મને વફાદારજ નીવડયો છે. અંતે

ખોદાએ મને નવાજી છે. પેસી જો કે અમોને પૈસેટકે ખોહાર કરીને મારી ગયો છે તોપણ તુંને ખોદાએ મારી આગળ પાછો લાવીને અમોને નેહાલ કરી નાખ્યા છે. હા, હા, હું તે વાત કેમ વીસરીસ! તારૂં નીર્દોશપણું સાંભળ્યા પછીનો મારો પસ્તાવો કેમ દુર કરીશ! હા, મારા એરચ, મને માફ કર, મને માફ કર. અરે પણ તું અહીં એકાએક કેમ આવી લાગ્યો? અરે પણ હા, તુંનેજ ખુનનાં વાંક સારૂં પકડેલો કે અરે ખોદા તુંને કાંઈ થતે તો હું શું કરતે? હું કહી નહી—"

પણ શીરીન અહીં અટકી ગઇ. તે ખુશાલીથી આકરી ધાભરી બની ગઈ.

"દીકરી, તું જરા ધીરી પડ. તે બધો ખુલાસો આપણે હવે એરચને પુછશું." રૂસતીમશાહે શીરીનની હાલત ચેતી જઇ બીહને કહ્યું.

"નહીં, નહીં, બાવાજી, તમે ફકર ના કરો. તમે બીહોના હવે હું બેશુદ્ધ નહીં થઈ જાઉં."

"દીકરી, તું તો ઘેલી છે હવે તું મુગી રહે તો સારૂં."

"નહીં બાવાજી. હું ઘેલી નથી. દાકતરોબી કેહેચ ને જાંહગીર, ગુલ ને બીજાંબી કેહેચ કે હું ઘેલી છેઊં પણ તેઓ સદંતર ખોટાં છે. હું તો જીવતી જાગતી હોંસમાં તમારી સામે છેઊં. ને હવે તો મને મારો એરચ મળ્યો એટલે કાંઈ ધાસતી નથી. અરે પણ હું ઘેલી કયારે થતે તે તમે જાણોચ? મારા મનની મુરાદ જો સફળ નહીં થતે તો હું ઘેલી જરૂર બની જતે એટલુંજ નહીં પણ કયારની માર્ગ પણ લાગી જતે."

"બસ કર, દીકરી હવે બસ કર."

"વારૂ બાવાજી જેમ તમારી મરજી."

પ્રકરણ ૧૦૦ મું.

સુખી સેવટ.

All now is vanished. Virtue sole survives
Immortal, never failing friend to man,
His guide to happiness on high— *Thomson.*

ત્યાર બાદ ઝોહરાની ખાહેશથી તેની મા તે શીરીનની આયાએ પોતાનો થોડોક ખુલાસો નીચે મુજબ કર્યો.

"તું જાણેચ તેમ હું હૈદરાબાદ પાછી ગઇ તો ખરી, પણ ત્યાં તો બધું જેમનું તેમ માલમ પડયું. તારો બાપ મને ત્યાં મળ્યો નહીં, એટલે મારી ભારે નીરાશી વચે ત્યાંથી હું ફરી, મુંબઇ રહી. મુંબઈ મારે અસલ મકાને આવી તો મેં શું સાંભળ્યું! મારો ખાર્વીંદ, બચ્ચાં છોકરાંને લઇને કેઠે જતો રહયો હતો! હવે હું એકલી આ દુન્યામાં શું કરૂં તેનો વીચાર કરવા લાગી. પણ અંતે મને આ શીરીનબાઇના મરનાર દયાળુ માને ત્યાં તેમની ખાસ દાસી તરીકે નોકરી મળી ગઇ પણ ત્યારપછી થોડા વખતમાં તો શીરીન અને એરચને પાછલ મેળી તે ચાલી ગઇ. અને ત્યારબાદ આ ભલા ખવાસના રૂસતીમ શેઠે મને કાંઇ હાંકી નહીં કહાડી, મને આ બચ્ચાંઓની બરદાસ્ત કરવા તેઓએ રાખી, અને આજની ઘડી સુધી હું ત્યાંજ રહીને મારી જીંદગીના છેડા સુધી ત્યાંજ રેહેવશ."

અત્રે આયાનો હેવાલ પુરો થયો અને તેના સીવાય સઘળાં ત્યાંથી વીદાય થયાં.

પણ બીજેજ દીવસે તેઓએ ઝોહરાના ગુજરવાની શોકજનક ખબર સાંભળી અને તે બુઢી મા તરફ સર્વે જણની મોટી દીલસોજી ખેંચાઇ.

મરણ બાદ થોડેક દીવસે ઝોહરાના હકીમ

પેલા અબદલ્લાએ તેનું વસીયતનામુ વાંચ્યું, અને રૂસતીમશાહ શીરીન અને એરચને તેથી અચરત કરી મેલ્યાં. તેવાં વસીયતનામાની તેઓએ બીલકુલ આશા રાખી નહોતી, રૂસતીમશાહનો રેહવાનો બંગલો નાદીર હૉલ જે ઝોહરાએ તેમની પાસેથી વેચાતો લીધો હતો તે પાછો તેમના નામ ઉપર તે કરતી ગઇ. રૂસતીમશાહ આથી બહુજ ખુશી થઇ ગયા, અને ઝોહરાના આવા અમીરી ખવાસની તારીફ તેઓ પુરતી રીતે કરી શકયા નહીં. તેમને પોતાના બંગલા પ્રત્યે અસલથીજ મુખ્ય ફીકર હતીજ. તેઓએ તે વેચ્યા બાદ ઝોહરાની હૈયાતી દરમ્યાન તો તેમાંજ રેહેતા હતા તોપણ તેના મરણ બાદ બંગલાનું શું થશે તે બાબે તેઓ વીચારમાં પડયા હતા. ઝોહરા તે કોઇ બીજાના નામપર કરે તો તે ધણી રખે તેમને બંગલામાંથી બાહર કહાડે તેની તેમને મુખ્ય ફીકર હતી. કારણ કે બંગલો બહુ ગંજાવર હતો, ને તેનું ભાડું આપીનેબી રેહેવાની તેમની તો હવે ગુંજાસ નહતી તે આપણે હવે સારી પેઠે જાણએ છીયે. પણ તેમની મોટી ખુશાલી વચ્ચે તેમની તે ફીકર ખોટી પડી. પણ તેઓ માટે ખુશાલી તો હજુર બાકી હતી, ઝોહરા પોતાના વસતનામામાં એરચને તેમજ શીરીનને ભુલી ગઇ નહતી. દરેકના નામપર તેણે બે લાખ રૂપ્યા કર્યા હતા, અને પોતાની માને તે લાખ રૂપ્યાની મીલકત આપી ગઇ હતી.

એવી રીતે જોતાં રૂસતીમશાહની પોતાની દીકરીને ભીખારી થયલી જોવાની ફીકર સમુળી દુર થઇ ગઇ હતી.

ત્યારબાદ બીજેજ દીવસે એરચે એક ચમતકારીક ભેદ ખોલી સઘળાંને હેરત કર્યાં. જમશેદજી નાદરશાહ હીરામાણેક નામે એક પારસી તેમના ધણીઆણી અને એકપુરી બેટી સહીત વોતસન હોતેલમાં આવી ઉતર્યા છે તે ખબર સાંભળી રૂસતીમશાહતો ચકીતજ થઇ ગયા. જમશેદ તો તેઓનો સગો ભાઇ! પણ રૂસતીમશાહે અને બીજાઓએ જ્યારે વધુ એમ જાણ્યું કે એરચ તેઓનોજ હકદાર છોકરો હતો ત્યારે તો રૂસતીમશાહે એરચને સદંતર દેવાનો ફેરાવ્યો. પણ જ્યારે તેઓ પોતાની બેટીને લઇને એરચ સાથે વોતસન હોતેલમાં ગયા ત્યારેજ સઘળા જોઇતા ખુલાસા સાથે તેમની ખાતરી થઇ. લાંબે વખતે પોતાના એકપુરા ભાઈ સાથની મુલાકાત થઇ તે માટે તેમને બેહદ હરખ છુટો. હોતેલમાંથી તુરતજ તેઓ તેને તેના કુટુંબ સાથ પોતાને બંગલે લઇ આવ્યા.

ત્યાર બાદ શીરીન અને એરચ વચ્ચે ખુલાસો થયો. તે કમબખત રાત્રે એરચ કયાં હતો તે વીગત જ્યારે શીરીને તેને મોંઢેથી સાંભળી ત્યારે તે બહુજ અજબ થઇ. પણ એરચે જ્યારે જાણ્યું કે ગુલના નામનો ઉપયોગ કરી પેસીએજ ખરેખર તેને ઉશકેરી મેલી હતી ત્યારે તો તેની અચરતીનો પાર ન રહયો. તેણે શું શોધી કાહડયું? તેને તુરતજ માલમ પડયું કે "ગુલ" અને "ગુલાં" આ બે એકસરખાં નામો એ ભેદભરેલી રીતે બંન્ને જણને ભોલવી, જુદે જુદે રસ્તે દોડાવી, એક મેકથી છુટાં પાડયાં હતાં. એરચને જો તે વખતે જરાકબી શક ગયો હતે કે શીરીન પેસીના ભમાવ્યા મુજબ જે ગુલાં વીશેનો ઇસારો કરતી હતી તે નશરવાનજી બેલાપતેલનીજ ગુલ હતી, અને નહીં કે તેના મનમાં તે વખતે ભમી રહેલી જાંહગીર પારખની બેન ગુલાં, તો તેણે તુરતજ શીરીન નજદીક પેસી અને બેલા પટેલની ગુલનો હેવાલ કહી દીધો હતે, અને તેમ થયાથી કોઇબી રીતની પંચાતી જન્મ પામતે નહીં. આ અજવાળું પડયું તેની અગાઉ એરચ તો એવાજ ખ્યાલમાં હતો કે તે કમબખત રાત્રે બનેલા ગમખાર બનાવની શીરીનને તુરતજ કેવી રીતે ખબર પડી હતી, કે જે વાતમાં એક આબરૂદાર કુટુંબનો ભેદ સમાયલો હોવાથી તે પોતાની માશુક નજદીક પણ આ ખુલ્લી કરી શકયો ન હતો.

પણ હવે સર્વે વાતનો છેડો આવ્યો હતો. જે બનવાનું હતું તે હવે બની ગયું હતું.

અંધારી અને બીહામણી રાત પસાર થઇ ગઇ હતી. અને સુંદર સહવારે સઘળે અજવાળું પાંથરી સઘળો ભેદ ખુલ્લો કર્યો હતો, અને જ્યારે એ ગેરસમજુતીનો છેડો આવ્યો ત્યારેજ "ગુલ" અને "ગુલાં"માં સમાયલા ભરમનો પડદો એરચની આંખ સનમુખ ખુલ્લો થઇ ગયો.

હવે આપણને કાંઇ ઝાઝું જાણવાનું રહ્યું નથી. એટલુંજ કે એક ધીરજવંત જવાનને તેની ધીરજનો બદલો મલ્યો હતો તેમજ એક કાવતરાંખોર કર્પીન તેને ઘટતે ફેજે પોંહચ્યો હતો. કમબખત ઝોહરાની કમનસીબ મા પોતાનું દુઃખ કાંઇ જાશુકનું ભુલી ન ગઇ, તો પણ તે ધીરજવંત હતી અને શીરીનનાં બચ્ચાંને રમાડવામાં પોતે થોડી ઘણી મોજ મેળવતી હતી.

પણ રતનફુઇ! હા. તે ભોલાં પણ નબળાં મનનાં બાઇ પોતે કરેલી કસુરો માટે બહુજ દલગીર થતાં હતાં, અને પોતાના બેઉ ભાઇના દીકરા દીકરીને સારા આશીરવાદ દઇને તેઓની પસંદગી મેળવવા પામ્યાં.

પણ ભલા અને પ્રમાણીક લાગણીના આઇ દોશાંને ભુલી ન જવા જોઇએ. એરચ અને શીરીનના લગનની વખતે તેઓની કેવી ખુશાલી! તે ખુઝોરગ બાઇને મોંદેના કેવા કેવા આશીરવાદ!

અરે પણ બાબણ અને પેરીનું શું થયું? તેઓ કયાં હતા? તેઓ શું કરતા હતા? શું તેઓ અંતે સુખી થયા? આ લોક કયાં ગયા તેની કોઇને ખબર નથી. હવે તો એવા નંગોને તેઓનાં કૌતુકનાંજ ફળ ચાખવા દો, કારણ કે હવે આપણને તેવાઓ સાથે કામ રહ્યું નથી.

સમાપ્ત.

કીસમતનો કેહેર અને ચમત્કારીક ભેદ!

યાને

વીસમી સદીની અદભુત સંસારીક અજાયબીઓથી ગુંચવાયલી ભેદ ભરમોથી ભરપુર એક અતી રસીલી પારસી ઓરીજીનલ વાર્તા.

———:o:———

રચનાર—A. D. K.

તમે ઘણીબી વાર્તા વાંચી હશે, પણ ઉપલી નોવેલબી એક વાર વાંચી જુઓ, અને તેમાં કેવા કેવા કાળા અને ચોંકાવનારા ભરમો અને ભપકાદાર પોશાક પેહેરી ફરનારની કેવી કેવી "છુપી વાતો"નો રંગીલો રસીલો હેવાલ આપવામાં આવ્યો છે તે બાબે તમારી ખાતરી કરો.

૧૦૦ પ્રકરણ, મહોટી રોયલ સાઇઝના લગભગ ૩૦૦ પાના, સુંદર બંધાઈ અને કીંમત માત્ર રૂ. ૧॥. પોસ્ટેજ વધુ. બાહર ગામના ગ્રાહકોને વેલ્યુ પેએબલથી પોંહચતી કરવામાં આવશે.

નીચલે ઠેકાણેથી એ પુસ્તક મળી શકશેઃ—

પ્રગટ કરનાર.—**મેહેર દાવરની કુ૦**

માપલા બીલડીંગ, બોરા બઝાર,

કોટ, **મુંબઇ.**

તેમજ જાણીતા બુકસેલરોને ત્યાંથી પણ મળી શકશે.
